જૈન ગૂર્જર કવિઓ.

ત્રીજો ભાગ

ખંડ ૧

(વિક્રમ ઓગણીસમા અને વીસમા શતકના તથા પૂર્વે નહિ પ્રકટેલા ગૂજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી.)

સંગ્રાહક અને સંપ્રયોજક.

મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ. એલ્ એલ્. બી.

ઍડવોકેટ, હાઇકૉર્ટ, **મુંબઈ.**

[જૈન ગૂર્જર કવિઓ—ના પ્રથમ અને બીજા ભાગના સંપ્રયોજક, જૈન ઐ. રાસમાળાના સંપાદક, સ્વામી વિવેકાનંદના પત્રોના અનુવાદક ઈત્યાદિ.]

વિ. સં. ૨૦૦૦. વીરાત્ ૨૪૭૦. ઈ. સ. ૧૯૪૪.

કિંમત પાંચ રૂપીઆ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં,
પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું.
સલાપોસ રોડ-**અમદાવાદ.**

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

પ્રકાશક
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ તરફથી
ડૉ. ચીમનલાલ ને. શ્રોફ
ચીફ સેક્રેટરી
૨૦, પાયધુની, **મુંબઈ.**

નિવેદન.

શ્રીમતી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના કાર્યાલય તરફથી આ ગ્રંથનો પ્રથમ ભાગ વિ. સં. ૧૯૮૨ માં પ્રકટ થયો. તેમાં આરંભમાં જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ ૩૨૦ પૃષ્ઠમાં પ્રસ્તાવનારૂપે પ્રકટ થયેલો છે, અને પછી વિક્રમ તેરમાથી સત્તરમા શતક સુધીના ૨૮૭ જૈન કવિઓ તથા તેમની કૃતિઓની વિસ્તૃત સૂચી આપેલી છે. ગ્રંથનો બીજો ભાગ સં. ૧૯૮૭ માં બહાર પડયો, તેમાં વિક્રમ અઢારમા શતકના નં. ૨૮૮ થી ૪૪૬ ના ૧૭૯ જૈન કવિઓ અને તેમની કૃતિઓની નોંધ કરેલી છે ને વિશેષમાં પરિશિષ્ટોમાં જૈનકથા-નામકોષ, ત્રણ ગચ્છો—નામે ખરતર, તપા અને અંચલ ગચ્છોની ગુરૂપટ્ટાવલીઓ, રાજાવલી અને આ ગ્રંથના પ્રથમ ભાગ સંબંધી ૨૧ અભિપ્રાયો આપેલા છે.

હવે આ ગ્રંથનો ત્રીજો ભાગ વિક્રમ બે હજારના વર્ષમાં બહાર પડે છે. તેમાં ઓગણીસમા અને વીસમા શતકના નં. ૪૬૭ થી ૬૧૫ સુધીના ૧૪૯ જૈન કવિઓ અને તેમની કૃતિઓની વિસ્તૃત સૂચી આપેલી છે. આ રીતે કુલ ૬૧૫ કવિઓ થયા; તે ઉપરાંત કવિનો નંબર વધીને ૯૮૭ થાય છે, (જુઓ પૃ. ૧૫૬૮). પૃ. ૧૫૭૧ થી પૃ. ૧૭૦૩ સુધીમાં ૭૫ ઉપરાંત ગદ્યકારો અને તેની ૮૫૦ ગદ્યકૃતિઓ જણાવેલ છે.

પૃ. ૧૭૦૪ થી ૧૭૩૨ માં **કવિઓની**, પૃ ૧૭૩૩ થી ૧૭૮૬ માં **પદ્યકૃતિઓની**, પૃ. ૧૭૮૭ થી ૧૭૮૯ માં **ગદ્યકારોની**, પૃ. ૧૭૯૦ થી ૧૭૯૯ માં **ગદ્યકૃતિઓની**, પૃ. ૧૭૯૯ થી ૧૮૦૩ માં **સ્થલસ્થાનાદિની**, પૃ. ૧૮૩૧ થી ૧૮૩૨ માં **રાજકર્તાઓની**, પૃ. ૧૮૩૩ થી ૨૦૮૨ માં **દેશીઓની** અને પૃ. ૨૦૮૩ થી ૨૧૦૪ માં **મોટી દેશીઓની અનુક્રમણિકાઓ** છે.

પરિશિષ્ટ ૧ જૈનેતર કવિઓ ૧૫મી સદીથી પૃ. ૨૧૦૫ થી ૨૨૦૩ માં; **પરિશિષ્ટ ૨ જૈન ગચ્છોની ગુરૂપટ્ટાવલીઓ,** પૃ. ૨૨૦૪ થી ૨૨૨૨ (૪) **લોંકાગચ્છ–સ્થાનકવાસી સંપ્રદાયની પટ્ટાવલી** પૃ. ૨૨૨૨ થી ૨૨૨૪ (૫) કડવાગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૨૪ થી ૨૨૩૩ (૬) **આગમિક** ગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૩૩ થી ૨૨૪૪ (૭) **પૂર્ણિમા** ગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૪૪ થી ૨૨૫૪ (૮) **પલ્લીવાલ** ગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૫૪ થી ૨૨૭૬ (૯) ઉપકેશ ગચ્છની **એક** પટ્ટાવલી તથા ૨૨૭૭ થી ૨૨૮૬ (૧૦) ઉપકેશ ગચ્છની બીજી પટ્ટાવલી, પૃ. ૨૨૮૭ થી ૨૨૯૭ (૧૧) **તપાગચ્છની** અન્ય પટ્ટાવલી–એમ **પટ્ટાવલીઓ** પૂરી થાય છે. પૃ ૨૨૯૮ થી ૨૩૩૪ માં '**જૈન સાહિત્યનો ઇતિહાસ**' એ ગ્રંથપરના આવેલા ૨૩ **અભિપ્રાયો** છે. પૃ. ૨૩૩૪ થી ૨૩૪૦ માં **જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨** ઉપરના **અભિપ્રાયો** છે. ૐ શાન્તિ :

તા. ૫–૭–૪૪. **મોહનલાલ દલીચંદ દેશાઈ.**

卐

જૈન ગૂર્જર કવિઓ.

ત્રીજો ભાગ.

વિક્રમ ઓગણીસમી સદી.

૪૬૭ ઉત્તમવિજય* [ત૦ સત્યવિજય સંતાનીય જિનવિજય (નં. ૪૫૬) શિ.]

(૯૪૪)+ સંયમશ્રેણી ગર્ભિત મહાવીર સ્તવ. સં. ૧૭૯૯ વૈ. શુ. ૩ સુરતમાં.

---

* અમદાવાદમાં શામળાપોળમાં રહેતા વણિક લાલચંદને ત્યાં ભાર્યા નામે માણેકથી જન્મ સં. ૧૭૬૦. નામ પુંજાશા. સં. ૧૭૭૮માં ખરતરગચ્છના અધ્યાત્મજ્ઞાની દેવચંદ્રજી (જુઓ નં. ૪૨૭) અમદાવાદ આવતાં તેમની પાસે ધાર્મિક તત્ત્વગ્રંથોનો અભ્યાસ કર્યો. પછી તેમની સાથે સુરતમાં પાટણથી આવીને રહેલા પ્રસિદ્ધ શાહ કચરા કીકાએ સમેતશિખરની યાત્રા કરવા જે સંઘ કાઢયો, તે સાથે પુંજાકુમાર ગયા. યાત્રા ત્યાંની કરી, પછી અનેક તીર્થોની યાત્રા કરી સુરત આવી ત્યાં સંઘને વિશેષાવશ્યક સૂત્ર વાંચી સંભળાવ્યું. આ પરથી જણાય છે કે શ્વેતાંબરોમાં પણ સંઘ પાસે અમુક સૂત્ર-વ્યાખ્યાન શ્રાવક કરી શકતા હતા. ત્યાંથી અમદાવાદ આવ્યા કે જ્યાં જ્ઞાનવિમલસૂરિના વંશજ યોગવિમલ ગણિ અને સત્યવિજય પન્યાસના વંશજ જિનવિજય પંન્યાસ હતા. પુંજાશા જિનવિજયજીનાં વ્યાખ્યાન શ્રવણ કરતા હતા, અને તેમની પાસે તેણે સં.

આદિ—

श्री वर्द्धमानं जिनं नत्वा, वर्द्धमानगुणास्पदं
स्वोपज्ञ संयमश्रेणी स्तवस्यार्थो वितन्यते. १

ઢાલ ૧ લી.

પ્રથમ ગોવાલતણે ભવેજી એ દેશી.

કેવલજ્ઞાન દિવાકરૂજી, સિદ્ધ બુદ્ધ સુખદાય,
આતમસંપદ ભોગવેજી, વર્દ્ધમાન જિનરાય,
ગુણોદધિ શાસનનાયક વીર, મેરૂ મહિધર ધીર. ગુણો. ૧

૧૭૯૬ વૈ શુ ૬ ને દિને દીક્ષા લીધી અને નામ ઉત્તમવિજય રાખ્યું ગુરૂશિષ્યે પ્રેમાપુરમાં ચોમાસું કર્યું ત્યાંથી સુરત આવ્યા. પછી ભટ્ટારક વિજયદયાસૂરિની આજ્ઞા લઈ પાદરા આવી ત્યાં ભગવતીસૂત્ર વાંચ્યું; અને શિષ્યને ગુરૂજીએ નંદીસૂત્ર શીખવ્યું. પછી જિનવિજયગુરૂ સં. ૧૭૯૯ શ્રાવણ શુ. ૧૦ દિને દિવંગત થયા પછી ખંભાત, પાટણ, અને ભાવનગર આવ્યા ત્યાં પોતાના પ્રથમ ગુરૂ અને ધર્મબોધક શ્રી દેવચંદ્રજીને બોલાવ્યા અને તેમની પાસે ભગવતી, પન્નવણા, અનુયોગદ્વાર આદિ સૂત્રો વાંચ્યાં અને પછી તે સર્વ આગળ વાંચવાની દેવચંદ્રજીએ આજ્ઞા આપી. તેટલામાં કચરા કીકા સુરતથી સિદ્ધાચલની યાત્રા માટે સંઘ લઈ ત્યાં આવ્યા, તેની સાથે પાલીતાણે ઉત્તમવિજયજી ગયા (સં. ૧૮૦૮). ત્યાંથી રાજનગર આવી બે ચોમાસાં કરી ભગવતી સૂત્ર સંઘ પાસે વાંચ્યું. ત્યાંથી સુરત ચોમાસું કર્યું પછી નવસારી, ખંભાત, અમદાવાદ, ભાવનગર, સિદ્ધાચલ, ગિરનાર વિહાર કરી નવાનગર ચોમાસું કર્યું. ત્યાંથી રાધનપુર, શંખેશ્વર, ગિરનાર-સિદ્ધક્ષેત્ર અને પુનઃ ભાવનગર આવ્યા. પછી ખંભાત, રાજનગર, દક્ષિણદેશ, સુરત, ચાંપાનેર, લીંબડી, ને પછી પાલીતાણે જઈ પ્રતિષ્ઠા કીધી. પછી પાટણ, રાધનપુર. ને ત્યાંથી તારાચંદ કચરાના સંઘ સાથે તારંગા, આબુ, શંખેશ્વરની યાત્રા કરી રાધનપુર આવ્યા. ત્યાંથી પાદરા, વડોદરા, ડભોઇ, પાટણ, પછી સુરત આવ્યા. ત્યાં ગુરૂભાઇ ખુશાલવિજય પંન્યાસ સાથે રહ્યા ને ચોમાસું કર્યું. નેત્રપીડા થઈ, ત્યાંથી રાજનગર આવ્યા ત્યાં સં. ૧૮૨૭ મહા શુદિ ૮ ને દિને ૬૭ વર્ષની વયે દેહ પડયો. ને હરિપુરામાં ગુરૂનો સ્થૂભ થયો.

અનુક્રમિ સંયમ ફરસતોજી, પામ્યો ક્ષાયક ભાવ,
સંયમશ્રેણી ફૂલડેજી, પૂજું પદ નિષ્પાવ. ગુણો. ૨
વાચક **જસવિજયે** રચ્યોજી, સંખેપે સજ્ઝાય,
વિસ્તરી જિનગુણ ગાવતાંજી, જીહા પાવન થાય. ગુણો. ૩

અંતે— ઢાલ ૪ થી.

રાગ ધન્યાશ્રી–કલસરૂપ.

ગાયો ગાયોરે, ભલે **વીર** જગતગુરૂ ગાયો.
સંયમશ્રેણી થાનક પટવિધ, ઠવણા યંત્ર બનાયો,
અહઠાણ પરૂપણ કરતાં, મનુજ જનમ ફલ પાયોરે. ભલે. ૧
શુદ્ધ નિરંજન અલખ અગોચર, એહિજ સાધ્ય સુહાયો,
જ્ઞાનક્રિયા અવલંબી ફરસો, અનુભવસિદ્ધિ ઉપાયોરે. ભલે. ૨

× × × ×

સંવત **નંદનિધિ મુનિચંદ્રે**, દેવ દયાકર પાયો,
પ્રથમ જિનેસર પારણ દિવસે, સ્તવના કલશ ચઢાયોરે. ભલે. ૩
વિજયદેવસૂરીસ પટોધર, **વિજયસિંહ** સવાયો,
સત્ય શિષ્યાધર **કપૂરવિજય** બૂધ, **ક્ષમાવિજય** પુણ્ય પાયોરે. ભલે. ૪

આનો અર્થ કવિ સ્વભાષામાં કરતાં પોતાની ગુરૂપરંપરા આપે છે કે–શ્રી વીરસ્વામિના પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામી પહેલા પટ્ટોધર થયા તિહાંથી આઠ પટ લગે 'નિગ્રંથ' બિરૂદધારી **૧**, નવમે **પાટે** સૂરિ મંત્ર કોટીવાર જપ્યા માટે 'કોટી' બિરૂદધારી **૨**, પન્નરમે પાટે ચંદ્રસૂરિ ચંદ્રવત્ ઘણા સૌમ્ય થયા માટે **ચંદ્રગચ્છ** કહેવાણો, ૩, સોલમે પાટે **સમંતભદ્રાચાર્ય** ઘણા નિમમ થયા વનવાસે રહ્યા માટે '**વનવાસી**' બિરૂદ થયું. ૪, છત્રીસમે પાટે **સર્વદેવસૂરિ** થયા વડતલે આચાર્ય પદ આપ્યું અને તેના શિષ્ય જે થયા તે વડશાખા-**ની** પેરે પરિવારિ વધ્યા તે વલી ઘણા ગુણે વધ્યા માટે **વડગચ્છ** કહેવાણા. ૫. ચુમ્માલીસમે આંબિલ વર્ધમાન તપ કીધા માટે

રાણાજીએ **તપા**બિરૂદ દીધો તિહાંથી **તપા** કહેવાણા ૬. અનુક્રમે બાસઠમેં પાટે આદેય નામધારીશ્રી **વિજયદેવ**સૂરિ, તત્પટ્ટ પ્રભાવક સવાઇ **વિજયસિંહ**સૂરિ, તેની સાચી ગ્રહણા આસેવના શિષ્યાધારી અર્થાત્ પંડિત **સત્યવિજય**ગણિ ગચ્છનાયકની આજ્ઞા માગી ક્રિયા ઉદ્ધાર કીધો. શ્રી **આનંદઘન** સાથે વનવાસ રહ્યા. અનેક તપ કીધા, અનુક્રમે વૃદ્ધાવસ્થા જાણીને અણહિલપુર પાટણમાં રહેતાં ધર્મોપદેશ દેતાં. તેમના શિષ્ય પંડિત **કપૂરવિજય** અને પંડિત કુશલવિજય થયા, તેમાં શ્રી **કપૂરવિજય** ગણિ તો અરિહંત પ્રતિમા પ્રતિષ્ઠાદિક અનેક ધર્મ-કાર્યકારી પ્રભાવક થયા. દેશ, નગર, પુર, પાટણે વિહાર કરતાં રહ્યા. તેમના શિષ્ય પંડિત વૃદ્ધવિજય ગણિ તથા પંડિત **ક્ષમાવિજય** ગણિ થયા તેમાં પંડિત **ક્ષમાવિજય** ગણિ તો દેશના આપવાના ગુણે કરી અનેક ભવ્ય જીવોને ઉપકારી પવિત્ર ચરણ-કમલધારી થયા.

સૂરતમાંહિ સૂરજમંડણ શ્રી **જિન**વિજય પસાયો,
વિજયદયાસૂરિરાજે જગપતિ, **ઉત્તમવિજય** મલ્હાયોરે. ભલે. ૧૧

અર્થઃ—શ્રી **સૂરત**બંદરે સૂર્યમંડણ પાર્શ્વનાથની સ્મૃતિ પ્રણતિ મહિમાએ તથા પંડિતશ્રી ક્ષમાવિજયગણિ શિષ્યરત્ન સંપ્રતિ વિદ્યમાન, ચિરંજીવી પરમોપકારી પંડિતશ્રી **જિન**વિજયગણિએ ઉદ્યમ કરી મને પ્રથમ અભ્યાસ કરાવ્યો તે જેમ માતાપિતા પુત્રને પ્રથમ પગ માંડવા તથા બોલવા શિખવે તેમ ગુર્વાદિકે મને ઉપકારી કીધો. એ શ્રી **તપા**ગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી વિજયદયાસૂરિશ્વરના રાજમાં જગત્પતિ જગત્પરમેશ્વર શ્રી **વીર**સ્વામીને મુનિ ઉત્તમવિજયે મલ્હાયો ગાયો સ્તવનાગોચર કીધો. એ સ્તવન અમચ્છરી ગીતાર્થ પુરૂષો તમે શોધજો ભણાવજો. ભણતાં ભણાવતાં સંયમશ્રેણિએ ભૂષિત થઇ સહેજાનંદ પામજો. ૧૧.

ઇતિ અનુયોગાચાર્ય પંડિત શ્રી ઉત્તમવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞ વિવરણ સહિત સંયમશ્રેણિ ગર્ભિતશ્રી મહાવીર સ્તવન સમાપ્તઃ

—પ્ર૦ શ્રી સત્યવિજય ગ્રંથમાલા નં. ૧ શેઠ બાલાભાઇ મૂલચંદ–રીચીરોડ, અમદાવાદ.

—મૂળ લે૦ રૂપચંદઃ । પત્ર ૫-૧૦ જશવિજયમુનિ સંગ્રહ નં. ૧૭૦.

(૯૪૫)+જિનવિજય નિર્વાણરાસ. (ઐ.) સં. ૧૭૯૯ આ. શુ. ૧૦ પછી.

આદિ—

કમલમુખી શ્રુતદેવતા, પૂરો મુજ મુખવાસ,
ગુણદાયક ગુરૂ ગાવતાં, હોય સફલ પ્રયાસ.

અંતે ઢાલ ૧૬ મી.

શ્રી ગુરૂરાજ કદીએ નવિ વીસરે, સાંભરે રાત નિશીદીસરે.

× × × ×

ખટકાયપાલક સુમતિદાયક પાપનિવારક જગ જયકરો,
સંવેગરંગી સજ્જનસંગી **જિનવિજય** ગુરૂ જય ગુણકરો.
માનવિજય ગુરૂ કહણથી રચ્યો ગુરૂ–નિર્વાણ એ,
સકલ શિષ્ય ઉત્સાહ **ઉત્તમવિજય** કોડી કલ્યાણ એ.

—(૧–૨) લિ. સં. ૧૮૧૫ પત્ર ૧૨ નં. ૨૮૮૨ અને પત્ર ૧૪ નં. ૩૦૯૫ લીં. (૩) પ્ર૦ મારી 'જૈન ઐતિહાસિક રાસમાળા' (કે જેમાં કવિનું ચરિત્ર તેના રાસ સાથે આપેલ છે). (૪) સં. ૧૮૬૩ ભાદ્રવા વદ ૪ સોમે ૧૪–૧૨ પાદરા નં. ૩૭૮.

(૯૪૬)+ અષ્ટપ્રકારી પૂજા સં. ૧૮૧૩.

આદિ— દોહા.

શ્રુતધર જસ સમરે સદા, **શ્રુતદેવી** સુખકાર.
પ્રણમી પદકજ તેહનાં, પભણું પૂજા પ્રકાર. ૧
અર્થ સુણી જિનમુખ થકી, સૂત્ર રચે ગણધાર,
તે આગમને અનુસરી, રચશ્યું અષ્ટપ્રકાર. ૨

નમણુ, વિલેપન, કુસુમની, ધૂપ, દીપ, મનોહાર,
અખંડઅક્ષત, નૈવેદ્યની, અષ્ટમી ફલ સુવિચાર. ૩
ભાવસ્તવનને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર,
કારણથી કારજ સધે, તિણે ધૂર પૂજા ઉદાર. ૪
પીઠ મનોહર થાપિને, અરિહંત પ્રતિમા સાર,
તાલ મૃદંગ વાજિત્રયુત, કરિયે હર્ષ અપાર. ૫
તીર્થોદક કુંભો ભરી, રત્ન પ્રમુખ શ્રીકાર,
અષ્ટ સહરસ અડજાતિના, અથવા કલશ ચ્યાર. ૬

અંતે— કળશ રાગ ધન્યાશ્રી.

ભાવો ભાવોરે ભવિ અષ્ટપ્રકાર ચિત્ત ભાવો.

× × × ×

સત્ય વચન ભાપક **સત્યવિજયો,** સંવેગી તસ દાવો,
કર્પૂરસમી ઉજ્જવલ જસ કીર્ત્તિ, **કર્પૂરવિજય** બુધ ધ્યાવોરે.
ભાવિ. ૪

તત્ત્વશશિ અડચંદ સંવત્સર, (૧૮૧૩) **ક્ષમાવિજય**
જિન ગાવો,
ઉત્તમ પદકજપૂજ કરંતાં, **ઉત્તમ** પદવી પાવોરે. ભાવિ. ૫

—(૧) પ્ર૦ વિવિધ પૂજાસંગ્રહ પૃ. ૪૫૦ થી ૪૬૦. (૨) ૮ **થી** **૧૦** પં. ૧૩ નવપદ પૂજા સાથે લખેલી પ્રત મારી પાસે છે. (૩) ૫-૧૧ દા. ૮૩ નં. ૧૭ હા.

(૯૪૭) ચોવીસી.

—લ. સં. ૧૮૪૦ પત્ર ૧૩૯ થી ૧૫૨ નં. ૨૭૮૨ લીં.

---

૪૬૭ ક ધર્મદાસ? (લોંકાગચ્છ મુલચંદજી શિ.)

(૯૪૮ ક) અઢાર પાપસ્થાનકની સઝાય. ૧૮ ઢાલ સં. ૧૮૦૦ ભા. વ. ૧૦ બુધે અમદાવાદમાં.

આદિ— દુહા.

પ્રથમ જિણેસર પાયકમલ, પ્રણમી બે કરજોડિ,
પાપ અઢારે વર્ણવું, શુણજ્યો આલસ મોડિ. ૧
મુજ ગુરૂ રૂષિ **મુલચંદજી**, તાસ સેવક **ધર્મદાસ**,
તે ગુરૂના પયપંકજ નમી, ભણસું મન ઉલ્હાસ. ૧

અંતે— કલશ.

દશે દષ્ટાંતે દોહિલો, આ માંનવ ભવ જાંણી કરી,
રસ આઠ છાંડી ધર્મવાડી માંહિ રમો આનંદ ધરી. ૧
અંજલી જલ જિમ આઉખું, ભરોસો પાણી તણો,
કાનકુંજર બાન સંઝયા, વીજલી અજુઆલો ઘણો. ૨
એહવું જાણી સુણો પ્રાણી, આવેતનચેં નવિ એહો, ?
સમકિત સહિત તપ શીયલ સંયમ દયા મારગ ધર્મવહો. ૩
ગુણરત્નસાગર ધર્મ આગર **કાંન** (?) ઇષ્ટ દાતાર એ,
ઋષિસ્વર **ધર્મદાસજી**, તસ પટોધર ઉદાર એ. ૪
ઋષિશ્રી **મુલચંદજી**, તસ સય ગોપાસકનો વડા, ?
બાલ **બ્રહ્મધર** નામે ધર્મવર જેને સુરનર આગલિ ખડા. ૫
તે ગુરૂના પરભાવથી, વલી આગમ અનુસારેં કરિ,
એ અષ્ટદશ પાતિક કહ્યાં તેહથી ચતુર નાસેં પરહરી. ૬
એ આગમથી કાંઇ આઘો પાછો, ઓછો અધિકો ભાષીઓ,
હાથ જોડી માંન મોડી મિચ્છામિ દુક્કડ મેં દીઓ.
સંવત **શત અઢાર વરસેં**, ભાદ્રવા વદિ દશમી દિને,
શહેર **અમદાવાદ** વાર બુધે, કરજોડી ઇણિપરે ભણે. ૮

—સંવત્ ૧૮૨૨ ના વર્ષે માગશિર વદિ ૧૦ વાર ગુરૌ લિખિતં ઋષિ **સોમ**ચંદઃ વાચનાર્થં બાઇ **અ**મૃતિ મુખેં જયણા કરી ભણજ્યો ગ્નાંનનું બહુમાંન્ય કરો; ૬—૧૩ રાજકોટ મોટા સંઘનો ભંડાર.

૪૬૭ ખ નિહાલચંદ [પાર્શ્વચંદગચ્છ હર્ષચંદ્ર શિ.]

(૯૪૮ ખ) બ્રહ્મબાવની (હિંદી) સં. ૧૮૦૧ કા. શુ. ૨. મક્ષુદાબાદમાં.

આદિ—

આદિ ઓંકાર આપ પરમેસર પરમજોતિ
અગમ અગોચર અલખરૂપ ગાયો હૈ.
દ્રવ્યતામૈ એક પૈં અનેક ભેદ પરજૈમૈ
જાકો જસ વાસ મત્ત બહૂંનમૈ છાયો હૈ.
ત્રિગુન ત્રિકાલ ભેવ તીનોં લોક તીન દેવ
અષ્ટ સિદ્ધિ નવો નિધિદાયક કહાયો હૈ.
અક્ષરકૈ રૂપમૈં સ્વરૂપ ભુઅલોક હૂંકૌ
ઐસો ઓંકાર **હર્ષચંદ** મુનિ ધ્યાયૌ હૈ.

અંતે—

સંવત **અઢારૈસૈ અધીક એક** કાતી માસ
પખ ઉજિયારૈ તિથિ દ્વિતીયા સુહાવની
પુરપૈં પ્રસિદ્ધ **મખસુદાબાદ બંગ** દેસ
જહાં જૈન ધર્મ્મ દયા પતિતકૌં પાવની
પાસચંદ ગચ્છ સ્વચ્છ વાચક **હરષચંદ**
કીરતેં પ્રસિદ્ધ જાકી સાધુ મન ભાવની
તાકે ચરણારવિંદ પુન્યતેં **નિહાલચંદ**
કીન્હી નિજ મતિતેં પુનીત **બ્રહ્મબાવની** ૫૧
હમપેં દયાલકૈં કે સજ્જન વિસાલ ચિત્ત
મેરી એક વીનતી પ્રમાંન કરિ લીજિયૌ
મેરી મતિહીનતાતેં કીન્હૌ બાલ ખ્યાલ ઇહ
અપની સુબુદ્ધિતેં સુધાર તુમ દીજિયૌ
પૌનકૈ સ્વભાવતેં પ્રસિદ્ધ કીજ્યૌ ઠોર ઠોર

પન્નગ સ્વભાવ એક ચિત્તમેં સુણીજિયૈ
અલિકે સ્વભાવતેં સુગંધ લીજ્યૈ અરથકી
હસકે સ્વભાવ હ્વૈકે ગુનકીં ગહીજિયૈ. ૫૨
—એક પ્રત પત્ર ૧ થી ૯ પં. ૧૧ મુનિ જશ.
—૫૨ પદ્ય અકારાનુક્રમમાં પ્ર. કાં.

---

૪૬૭ ગ (બ્રહ્મ) રૂપચંદ [પાર્શ્વચંદ્રગચ્છ અનુપચંદ શિ.]

(૯૪૮ ગ) લઘુબ્રહ્મબાવની (હિંદીમાં).

આદિ—

ૐકાર હે અપાર પારાવાર કોઉ ન પાવે
કછુયક સાર પાવે જોઇ નર ધ્યાવેગો
ગુણ ત્રય ઉપજત વિનસત થિર રહૈ
મિશ્રિત સુભાવમાંહિ સુદ્ધ કૈંસે આવેગો
અગમ અગોચર અનાદિ આદિ જાકી નહી
ઐસો ભેદ વચન વિલાસ કૈસેં પાવેગો
નય વિવહારરૂપ યાસૈ હૈ અનંતભેદ
બ્રહ્મરૂપ નિશ્ચૈ નય એક દ્રવ્ય થાવૈગો. ૧

અંતે—

હેતવંત દીપે સદા રાગ દોષ નાંહિ કદા
ઐસે ગુણવંતનકૌ મેરૌ પરનામ હૈ
ગ્યાતા નર હોઇ કોઊ મો પર કૃપાલ હોઊ
હંસકો સુભાવ વલી જે ગુણનકો ધામ હૈ
કછ દેશ ઉતપતિ જાતિ કુલ ભયો ગતિ
જિનગુણ ગાયો સરવંગ મેરો સાંમ હૈ
એહી **લઘુ બ્રહ્મબાવની** ગ્યાતા મન ભાવની
નામરૂપ ગાયો નહી ગુનહી સૌં કામ હૈ. ૫૨

લિંગાધાર સારપક્ષ શ્વેતાંબર કહ્યો દક્ષ
ધાર વિવહાર સ્યાદવાદ શુદ્ધ બ્રહ્મકી
તાહીમેં પ્રગટ ભયો પાસચંદસૂરિ જયો
થાપ્યો **પાસચંદ** ગચ્છ આસૈ જિનધર્મકી
તિનહુમે રૂચિવંત સાધક **અનુપચંદ**
સાધ સુસંવેગધારી શક્તિ સુખ સર્મ્મકી
જિનકી મહંત કીર્ત્તિ તાહીકો નિકટવૃર્ત્તિ
સીષ્ય બ્રહ્મરૂપ બૂઝી રીત બ્રહ્મ કર્મકી. ૫૩

ક્ષય પાવે ગ્યાંન જગ્ગ દેખે શુદ્ધ મોક્ષ મગ્ગ
ભગવાંન જિન જંન પછ ચોરરે
ચોરનકો સંગ છોર ફેરૂ નિજ જોગ જોર
પરપછ ડારિ ગહે મોર પછકોર રે
અન્ય ન સરૂપ ધાર પૂરબકો દેશ સાર
જિહાં વહે સદા સુર સરિતાકો જોર રે
ચિદાનંદ તાહી રૂપ જાહિમેં અનંત સુપ
બ્રહ્મરૂપ સ્વાદ પાયો કાહે કરૂ સોર રે. ૫૪

—ઇતિશ્રી લઘુ બ્રહ્મબાવની **બ્રહ્મ રૂપ** સંવેગીકૃત સંપૂર્ણમ્।
એકપ્રત પત્ર ૧૦ થી ૧૯ પં. ૧૧ મુનિ જશ૦

(નિહાલચંદે સં. ૧૮૦૧ માં બ્રહ્મબાવની રચી છે અને તેથી આને કર્ત્તાએ લઘુ બ્રહ્મબાવની કહી છે.)

(૯૪૮ ઘ) કેવલસત્તાવની સં. ૧૮૦૧ માઘ શુદ ૫.

આદિ— સવૈયા તેઇસા.

ૐકાર પૂરણ બ્રહ્મ પદારથ સકલ પદાર્થ કે સિર સ્વાંમી
વ્યાપકવિશ્વ પ્રકાશ સુતંતર જ્યોતિ સર્વ ઘટ અંતરજામી
સિદ્ધ એહી ગુરૂ ગોવિંદ હે અરૂ શિષ્ય એહી પર છાંહી અકામી
આપુ અકર્ત્તા પુન્યતા ભોગતા તાહિ વિલોકનમેં કેવલ નાંમિ. ૧

અંતે—

લિંગ અખંડિત સુમતિ સેત કંતાંબર સાકાર સિદ્ધિ સહાઇ
પાસશશિ સૂર સો દીપક તાહિકી જોત **અનૂપચંદ** કહાઇ
તાહીકો અંસ **બ્રહ્મ રૂપ** સંવેગી અરિહા ધ્યાંન કરે મન લાઇ
પંચ લઘુ અક્ષરે સિદ્ધ હું કારજ કેવલ સાત્રસરૂપ એ ભાઈ. ૫૫
ક્ષૈભાવ અસાર હુવૈ જબ સીઝૈ આગમ સાર સમયકો સારા
ત્રિપદી ભેદ અભેદ સમાવૈઇ પરમાતમ પદ પાવૈ ધારા
ચલી જાય શિવ મગ્ગકે સંમુખ નિરવિકલ્પ નિરૂપધિ તારા
વિમલા રસ રૂપૈં સિદ્ધિ પ્રગટૈ કેવલ સાદિ અનંત આચારા. ૫૬
સંવત સૈજુ **અષ્ટાદશ** જાનૌ ઉપર **એકોત્તર** વરસૈ વચી
માસ સુઉજ્જવલ **માઘ** સુપાંચૈં તા દિન વસંત રિતુ શુભ મચી
દરસ પરસ હુવો જબ જાંની **આદ** જિન છબિ સાસિત સચી
વાર સુભો મરિપં રેવતી શુભયોગે **કેવલસત્તાવની** રચી ૫૭
કાશી દેસ નયરી જાત્રા જુ આયે **વૃષભ** જિન કેરી
ભાવસું ભેટયો **સિદ્ધાચલ** તીરથ કર્મ કઠોર મિટી ભવફેરી
જૈ જગ પંડિત ભાવારથ વિચાર પઢે તિનકું વંદન મેરી
પૂરણ કૃપા હુવે સતગુરૂકી કેવલ સંપતિ આવહિં નેરી. ૫૮

—ઇતિ શ્રી **બ્રહ્મ રૂપ** સંવેગી વિરચિતં કેવલસત્તાવની સમાપ્તં.
ઉપલી પ્રત પત્ર ૨૦ થી ૨૬ પં. ૧૧ મુનિ જશ૦

---

૪૬૭ ઘ જયસાગર [ત. ન્યાયસાગર (નં. ૪૪૬) શિ.]
(૯૪૮ ચ) તીર્થમાલા ૫૫ કડી (ઐ) સં. ૧૮૦૧ આષાઢ વદ ૫
બુધ અમદાવાદના જમાલપુરવાડામાં.

આદિ— દૂહા.

સરસ્વતી માત નમી કહું, મુઝ મુખ કરો નિવાસ
તીરથના ગુણ ગાયવા, દેયો વચન વિલાસ. ૧

અરિહંત સિદ્ધ સદા નમું, આચારય ઉવઝાય
સાધુ સકલ નમતાં થકાં, દિન દિન મંગલિક થાય. ૨
ન્યાયસાગર પ્રભુ મુજ ગુરૂ, ગુરૂગુણનો ભંડાર
જય કહે ચરણકમલ નમી, કરસું તીરથમાલ. ૩

અંતે—

સંવત **અઢારએકમાં** રહિ **રાજનગર** ચોમાસ
જમાલપુરના પાડામાં મુઝ ઉપનો હરખ ઉલ્લાસ. ૫૦
કૃષ્ણપક્ષ આસાઢનો વલિ પાંચમ ને બુધવાર
તીરથમાલા પૂરિ કરી પાંમેવા ભવનો પાર. ૫૧
તપગચ્છમાંહી શિરોમણી શ્રી **ન્યાયસાગર** ગુરૂરાજ
ચરણસેવી **જય** ઇમ ભણેં, મુઝ સીધાં વંછિતકાજ
ભવિયણ તીરથયાત્રા તુમે કરો. ૫૨

કલશ.

જય **આદિ** જિનવર **શાંતિ** જિનવર **વીર** જિનવર **પાસ**જી
તીરથમાલા પૂરી કીધી પોહતી મુઝ મન આસજી. ૫૩
જમાલપુરના પાડા માંહિ ચારે ચતુર સુજાંણજી
પ્રહ ઉઠી પ્રભુચરણ નમતાં થાય જય કલ્યાંણજી. ૫૪
તપગચ્છમંડણ દુરીતખંડણ શ્રી **ન્યાયસાગર** પન્યાસજી
ચરણસેવી **જય** કહે મેં કીધો ગુણ અભ્યાસજી. ૫૫

---

૪૬૮ ઉદયસાગર (આં. કલ્યાણસાગરસૂરિ-વિદ્યાસાગર શિ.)

(૯૪૯)+ કલ્યાણસાગરસૂરિનો રાસ (ઐ.) સં. ૧૮૦૨ શ્રા. શુ. ૬ માંડવીમાં.

આદિ— દુહા.

પ્રણમી શ્રી જિન **પાસ**ને, ધરી મનમાં ગુરૂ ધ્યાન
સરસતી માત પસાયથી, કરશું ગુરૂ ગુણગાન. ૧

ગુરૂગુણ ગાવાથી થશે, ભવસાગરનો પાર
તે માટે કરૂં ભાવથી, ગુરૂગુણનો વિસ્તાર. ૨
અતિશય જેના અતિઘણા, જ્ઞાનતણો નહિ પાર,
કલ્યાણસાગર સુરિવરા, છે જગમાં નિરધાર. ૩
અંચલગચ્છ દીપાવતા, વિચર્યા દેશવિદેશ,
શુભ સંજમને ધારતા, દીયે ભવિ ઉપદેશ. ૪
ગચ્છાધિષ્ઠાયિક સુરિ, **મહાકાલી** ધરે નેહ,
ગુરૂજી પર બહુભાવથી, જાણીને ગુણગેહ. ૫
એવા તે ગુરૂરાયનો, રાસ રચું ઉલ્લાસ,
શ્રોતાજન સહુ સાંભલો, થાશે લીલ વિલાસ. ૬
જિનશાસન દીપાવવા, ધર્મકાર્ય હિતકાર,
જે જે કીધાં તેમણે, કરશું તસ વિસ્તાર. ૭

અંતે— ઢાલ ૫૨, કલશ.

ગાયા ગાયારે મેં આજ સૂરીશ્વર ગાયા,
કલ્યાણસાગરજી સૂરીશ્વરના, આજે મેં ગુણ ગાયા—
અંચલગછ ચોસઠમી પાટે, તેહ થયા સુરિરાયા,
મહા પ્રભાવિક અતિશયવંતા, જગમાં જેહ ગવાયારે— મેં૦ ૧
તસ પાટે શ્રી **અમરસાગરજી**, થયા સૂરીશ્વરરાયા,
શ્રવણ કરી જેના ઉપદેશો, ભવિજન અતિ હરખાયારે. મેં. ૨
તસ પાટે છે **વિદ્યાસાગરજી**, શોભે છે મુનિરાયા,
મુજ ગુરૂવર તે પંડિતગણમાં, શોભે અધિક સવાયારે. મેં. ૩
તસ પાટે છે **ઉદયસાગરજી**, પામ્યા સુગુરૂ પસાયા,
રચના તિણે એહ રાસની કીધી, મન હરખે ઉભરાયારે. મેં. ૪
સંવત **અઢારસો બેની** સાલે, શ્રાવણ સુદ છઠ પાયા,
એહ રાસ સંપૂર્ણ કરીને, સંઘની આગલ ગાયારે. મેં. ૫
માંડવી નગરે રહી ચોમાસું, રાસ એહ રચાયા;
સંભલાવી ભવિજનને કંઠે, મંગલમાલા હાયારે. મેં. ૬

ગાસે ભણસે એ ગુરૂવરના, જે કોઇ ગુણ સુખદાયા,
લેસે તે સુખસંપદ આંહી, પછી મુક્તિપદ પાયારે. મેં. ૭
ગુરૂગુણ ગાવાના આવેશે, જે કોઇ ઇહ દોષ પાયા,
કવિજન બુધજન ખમશે તે મુજ, કરી મુજ પર સુપસાયારે. મે. ૮
યાવત ચંદ્રદિવાકર જગમાં, રાસ એહ રસદાયા,
બુધજનમનને મંગલદાયી, થજો સદા ઇમ ધ્યાયારે. મે. ૯

—સંવત ૧૮૦૩ કાર્ત્તક સુદ બીજ માંડવી મધ્યે દેવશંકર રાજગરે લિ. પ્ર૦ સાહ ગેલાભાઇ તથા દેવજીભાઈ માણેક સં. ૧૯૮૧.

[ગૂ૦ ગદ્યમા (લઘુ) ક્ષેત્રસમાસ પર બાલા૦ તેમણે કર્યો છે તેની સં. ૧૮૫૬માં લખાયેલી પ્રત ૫૮ પત્રની નં. ૬૨૫ ની લીં. ભંડારમાં છે. વળી આ કવિએ સ્નાત્રપંચાશિકા નામનો ગ્રંથ સં. ૧૮૦૪ માં રચ્યો છે ને તેની લખ્યા સં. ૧૮૧૬ની પ્રત પત્ર ૩૧ શ્લો. ૧૩૦૦ની દાબડો ૪૦ નં. ૫૦ નં. ૧૩૫૮, અને સં. ૧૮૫૧માં લખાયેલી પત્ર ૩૩ ની નં. ૧૧૫૧ ની લીંબડી ભંડારમાં વિદ્યમાન છે. તેમજ પૂજાપંચાશિકા ગ્રંથ રચ્યો છે તેની ૩૩ પત્ર શ્લો. ૧૩૦૦ ની પ્રત તેજ દાબડામાં નં. ૫૯ માં છે.

---

૪૯૮ ક કલ્યાણસાગર સૂરિશિષ્ય (આ ઉપરના ઉદયસાગર હોવા સંભવિત છે.)

(૯૪૯ ક) સિદ્ધગિરિ સ્તુતિ.

આદિ— દુહા.

શ્રી **આદીશ્વર** અજર અમર, અવ્યાબાધ અહનીશ,
પરમાતમ પરમેસરૂ, પ્રણમુ પરમ મુનીશ. ૧
જય જય જગપતિ જ્ઞાન ભાસિત લોકાલોક,
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમત સુરાસુર થોક. ૨

શ્રી **સિદ્ધાચલ** મંડણો, **નાભી**નરેસર નંદ,
મિથ્યામતિ મત ભંજણો, ભવાંકુર દાકરચંદ. (?) ૩

અંતે— કલશ.

ઈમ તીર્થનાયક સ્તવન લાયક સંથુણ્યો શ્રી **સિદ્ધગિરિ**,
અઠોતરિસય ગાહ સ્તવનેં, પ્રેમભકતેં મન ધરી.
શ્રી **કલ્યાણસાગર** સૂરિશિષ્યેં, શુભ જગીસેં સુખ કરી,
પુણ્યમહોદય સકલમંગલ, વેલિ સુજસેં જયસિરિ. ૧૦૯
—૩-૧૮ મો. સેં. લા.

---

૪૬૮ ખ ભક્તિવિજય [ત. શુભવિજય-ગંગવિજય-નયવિજય શિ.]

(૯૪૯ ખ) સાધુવંદના સઝાય. કડી ૨૯ સં. ૧૮૦૩ ભાદ્ર. વ. ૧૧ રવિવાર.

આદિ—

વીરજિણેસર પ્રણમું પાય, વલિ **ગૌતમ** ગીરૂઆ ગુરૂરાય,
ઉત્તમ પુરૂષ હુઆ નરનાર, કરણીથી પામ્યા ભવપાર. ૧

અંતે—

ગર્ભાવાસ નાવેં તે વલી, ઇમ ભાષેં તે સુદ્ધ કેવલી,
અઢારત્રિલોતર ભાદ્રવા સાર, વદ ઇગ્યારસ ને દિતવાર. ૨૮
શુભવિજય વાચક મુનિરાય, **ગંગવિજય** નિત પ્રણમું પાય,
શ્રી **નયવિજય** વિબુધનો સિસ, **ભક્તિવિજય** પ્રણમુ નિસદિસ. ૨૯

—સંવત ૧૮૭૧ ના વર્ષ આસો સુદ ૫ દનેં સીકસ (શિષ્ય) પં. દોલતવિજય પદનાર્થ. ૨-૧૩ જશવિજય મુનિસંગ્રહઃ

(૯૪૯ ગ) રોહિણી તપ પર સ૦ ૩ ઢાળ સં. ૧૮૨૪ કાર્તિક વદ ૫ પાલણપુરમાં.

આદિ—

શ્રી **શંખેસ્વર** જિનપતિ. **વામા** માત મલ્હાર
પરતાપૂરણ પરવડો, સીવ રમણી દાતાર. ૧
કલિ કાલે દીપે પ્રબલ, પ્રભુતામેં પ્રતાપ
જાપ જપેં ભવિયણ સદા, ટાલેં ભવસંતાપ. ૨
રોહણી નાંમા તપ થકી, નાસેં દૂખ જંજાલ,
નિત નિત સંપત નવિ નવિ. પામે મંગલમાલ. ૩
વીર જિણેસર વિચરતા, **રાજગૃહી** ઉદ્યાન
આવ્યા તવ ગયો વંદના, શ્રી **શ્રેણિક** રાજાન. ૪
દેસના સૂણી રાજા કહે, એહ કહો મૂઝ વિચાર,
કિમ **રોહણીઇં** તપ કર્યો, કહો મૂઝ જગદાધાર. ૫

અંતે—

અઢાર ચોવીસા હો વરસેં **પાલણપુર** ચોમાસ,
કાતિ વદિ પાંચમ દિને શ્રી **નવપલ્લવ પાસ**.
તેહ તણા સુપસાયથી **રોહણી**ની સજ્ઝાય,
વાચક **શુભનય** સીસનો **ભક્તિ** નમેં નિત પાય.
–૨–૧૪ જૈ. એ. નં. ૧૨૭૧,

---

૪૬૯ મતિરત્ન (ખ૦ પ્રસિદ્ધ દેવચંદ્રજી નં. ૪૭૩ના શિષ્ય)

(૯૫૦)+ સિદ્ધાચલ તીર્થયાત્રા (ઐ.) સં. ૧૮૦૪

આદિ—

સરસાત સામિનેં પાય નમી, માગું વચનવિલાસ,
સંઘવી **સેત્રુંજા** ગિરિ તણો, ગાવા મન ઉલ્લાસ. ૧
નમું તે દેવિ **ચક્કેસરી**, **કવડ** જક્ષ ભલિ ભાંત
આદિસર નમતાં થકાં, મિલેં મુગતિ મહંત. ૨
વીર જિણેસરનેં નમું. **ગૌતમ** ગણધર સાર,
જીવ ઘણા પ્રતિબોધિનેં, ઊતાર્યા ભવ પાર. ૩

સુરતના કચરાશાએ સંઘ કાઢયો. ભાવનગર આવ્યા ત્યાં ભાવસિંહજી રાજ્ય કરતા હતા.

કારતિક વદિ તેરસિ દિને, સંઘ ચાલ્યો સુખકારીરે,
ત્રિણ દિવસ પાદર રહ્યા, સંઘવીની જાઉં બલિહારીરે. ૨–૧૦
ખરતર ગચ્છ દેવચંદજી, તે પિણ સંઘ માંહેં જાણુંરે
પંડિત માંહિ શિરોમણિ, તેહની દેશના ભલી વખાણુંરે. ૨–૧૬
શેત્રુંજો ભેટયો ધરી મન બહુ અતિમાનરે
રાજા **પૃથ્વીરાજજીરે,** કુંઅર શ્રી **નવઘન** નામ ૩–૧
વિધિ ઉપદેશક શ્રુતજલધિ, **દેવચંદ** ગુરૂરાય,
સંવેગી જિનમારગી, **ઉત્તમવિજય** સહાય. ૩–૩
એતલેં **ખંભાયત** થકીરે, ઓચ્છવસ્યું સુવિસિદ્ધ,
સંઘ કરી આવી મિલ્યો, **જીવણ**સાહ પ્રસિદ્ધ, ૩–૪
ઇમ અનેક સંઘવી બહુ મિળ્યા, કરવા જિનવર ઝાણ,
સૂરતિથી વિધિ પક્ષિ આવીયા, ઉદયસાગર સૂરિ ભાણ. ૪–૪
પાઠક **સુમતિ વિજય ત**પાગચ્છવરૂ, ઇમ યતિ વર્ગ અનેક
ચ્યારે વર્ગ મિલ્યા જિન ભેટવા, પ્રભુ ભગતિ જિન છેક. ૪–૫

અંતે કલશ.

તસ સંઘ યાત્રા સુવિધિ કરણી મન પ્રમોદેં આચરે
તસ તવન ગુંથ્યો **ખરતર** સંઘપતિ હેતેં આદરેં,
ઉવઝાયવર શ્રી **દીપચંદે** શિષ્ય ગુરૂ **દેવચન્દ**એ
તસ સિસ ગણિ **મતિરત્ન** ભાષેં સકલ સંઘ આણંદ એ. ૫–૩૧

(૧) પ્ર. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ. ૧૭૬ થી ૧૮૮.

(૨) ઇતિ શ્રી સિદ્ધાચલ મહિમા વર્ણનં સ્તવને સંપૂર્ણં લિખિતં સંવત ૧૮૦૫ વર્ષે વૈશાષા સિતૈકાદશ્યાં સકલપંડિતશિરોરત્ન પંડિત શ્રી ૫ શ્રી વિનીતવિજયગણિ તચ્ચરણભ્રમરાયમાન પં. દેવવિજયગણિના સંઘવી કજરા કીકા તસ્ય ભ્રાતા સં. ફત્તેચંદ સુત સં. ઝવેરચંદ પઠનાર્થં યાદશં પુસ્તકં દૃષ્ટ્વા તાદશં લિખિતં મયા, યદિ

શુદ્ધમશુદ્ધં વા મમ દોષો (ન દીયતે) ૦૧ – પત્ર ૧૦ – ૧૦ શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ વકીલ સુરત.

(આમાં સૂરતથી કચરાશાએ કાઢેલ સંઘનું વર્ણન છે, તેમાં રૂપચંદ કરીને ગૃહસ્થ પણ સંઘવી તરીકે જોડાયા હતા. ડુમસથી દરિયા માર્ગે વિદાય થઇ ભાવનગર બંદર ઉતર્યો. ત્યાં ભાવસિંહજી (કે જેમણે સં. ૧૭૭૯ ના વૈશાક શુદ ૩ ને દિને ભાવનગર વસાવ્યું હતું અને જેણે ૬૧ વર્ષ સુધી સ્વતંત્રપણે રાજ્ય કરી સં. ૧૮૨૦ માં સ્વર્ગવાસ કર્યો હતો.) રાજ્ય કરતા હતા. તેમણે ચાંચીઆને જેર કરી જકાત ઓછી કરી સમુદ્રને નિર્ભય અને વેપારીઓને આબાદ કર્યા હતા. ભાવનગરથી વરતેજ, કનાડ થઇ સંઘ પાલીતાણે આવ્યો હતો. આ સંઘમાં ભાવનગરથી (તપા ગચ્છના) પં. ઉત્તમવિજયજી સાથે ચાલ્યા હતા. તદુપરાંત કવિના ગુરૂ દેવચંદ્રજી, તપગચ્છીય સુમતિવિજય પણ સાથેજ હતા. આ કૃતિ રચ્યાનો સંવત કે યાત્રા કર્યાનો સંવત્ આમાં કવિએ આપેલ નથી–પણ કોઇ કવિયણ કૃત આ કવિના ગુરૂ પ્રસિદ્ધ અધ્યાત્મી દેવચંદ્રજીના સ્વર્ગવાસ પછી તેમના પર રચેલ તેના ચરિત્રરૂપે 'દેવવિલાસ' નામના રાસમાં જણાવ્યું છે કે 'સંવત **દશ અષ્ટાદશે**, કચરાસાહાજીઈ સંઘ, શ્રી શત્રુંજય તીર્થનો સાથે પધાર્યા દેવચંદ્ર; સાહ મોતીયા લાલચંદ, જાણીઇ જૈન મારગમેં પ્રવીણ, શ્રાવિકા અવલ તે ભક્તિમાં દાનેશ્વરીમાં નહીં ખીણ; સંઘમેં શ્રી દેવચંદ્રજી, અન્ય વ્યવહારીયા સાથ, શ્રી શત્રુંજય ગિરિ આવીયા, લેવા ધર્મનું પાથ; પ્રતિષ્ઠા જિનબિંબની ગુરૂજિઇ કીધી તત્ર, સાઠી **સહસ્ર** દ્રવ્ય ખરચીયો, ગુરૂ વચનેં તે યત્ર.' આ પરથી તો સં. ૧૮૧૦ માં આ બન્યું હતું પણ ખરો સંવત ૧૮૦૪ જણાય છે અને તે અરસામાં આ કૃતિ રચાઇ હોવી જોઇએ, કારણકે દેવચંદ્રજીએ પોતે સિદ્ધાચલ સ્તવનમાં સં. ૧૮૦૪ માં આ કચરા કીકાના સંઘનો ઉલ્લેખ કરેલ છે.)

૪૭૦ ક વિશુદ્ધવિમલ (વીરવિમલ શિ.)

(૯૫૧)+ વીશી સં. ૧૮૦૪ પાલણપુરમાં.

૧ સીમંધરજિન સ્ત૦ (નિંદરડી વેરણ હો રહી–દેશી.)

શ્રી **સીમં**ધર સાહિબા, સુણો સંપ્રતિ હો **ભ**રતક્ષેત્રની વાતકે,
અરિહા કેવલી કો નહીં, કેને કહીયે હો મનના અવદાતકે.
શ્રી **સીમં**ધર સાહિબા. ૧

× × × ×

કલશ.

જિનગુણમાળા ગાઉં રસાળા, રિદ્ધ કીરત શુભ શાળાજી,
વીરવિમલ ગુરૂ ગુણરસાળા, શુભ ગુણ મણીની માળાજી. ૧
જિનગુણ ગાયા આતમસુખ પાયા. હિયડે હરખ ન માયાજી,
શ્રી **વીરવિમલ** ગુરૂ ચરણ પસાયા, **વિશુદ્ધ** જિનગુણ ગાયાજી. ૨
સંવત **અઢાર ચાર** સુકરમાસે, તત્ત્વ શુભ ગુરૂ ખાસજી,
પાલણપુર પ્રણમિ **પાર્શ્વ**જિન, ગુણ ગાયા ઉલ્લાસજી. ૩

—પ્ર. ચોવીશીવીશી સંગ્રહ પૃ. ૬૩૯ થી ૬૫૨.

મૌન એકાદશી સ્ત૦ સં. ૧૭૮૦ ?

આદિ—

શાંતિકરણ શ્રી **શાં**તિજી, વિઘનહરણ શ્રી **પાસ**,
વાગ્દેવી વિદ્યા દિઇ, સમરૂં ધરી ઉલ્હાસ. ૧
જાદવકુલ સિરસેહરો, બ્રહ્મચારી ભગવંત,
શ્રી **ને**મિસર વંદિઇ, જેહનાં ગુણ અનંત. ૨

અંતે—

સંવત **સતર સીકા વરસે** તવન રચ્યું મન ખંતેજી,
જંત્ર અનુસારે જોઇ કીધી, બારે ગાથા મેં તંતેંજી. ૫
શ્રી **વીર**વિમલ સેવા કરતાં, ઋદ્ધિ કીરતિ બહુ પાયાજી,
વિશુદ્ધવિમલ કહેં સંગે પુરૂષોત્તમ ગુણ ગાયાજી. ૬

—૩-૧૩ મુનિ જશ૦

૪૭૦ ક **ચેતનવિજય** (ઋદ્ધિવિજય શિ૦)

(૯૫૧ ક) જંબૂચરિત (હિંદીમાં) સં. ૧૮૦૫ શ્રાવણ શુ. ૩ રવિ અજીમગંજમાં.

× × × ×

જંબૂ સુનો સાધ આચાર, જે નિગ્રંથ હોય અણગાર,
તે ચૌવીસ બોલ મન ધરેં, જીવ જીવ જગતેં ભવ તરે. ૪૩

અંતે—

વાચક પદ ધારક ભએ, **ઋદ્ધિવિજય** ગુરૂ દેવ,
તિનકે સિષ **ચેતનવિજય**, નહીં ગ્યાનકો ભેદ. ૧૭
શ્રી ગુરૂદેવ દયા કિયા, ઉપજી મનમેં ગ્યાન,
ભાષા **જંબૂચરિત્ર**કી, રચના રચી સુજાન. ૧૮
સંવત **અઢારે વા(પાં)ચને**, શ્રાવણકો હે માસ,
શુકલ તીન રવિવારકો, પૂરૈ ગ્રંથ વિલાસ. ૧૯
અંગદેશ ગંગા નિકટ, ગંજ **અજીમ** પવિત્ર,
શ્રી **ચિન્તામણિ પાસ** કો, દેવલ રચા વિચિત્ર. ૨૧
સતરે સિખર સુહાવનોં, ગુમટી ચ્વાર સુચંગ,
સોભે કલસ સુવર્ણકે, ઇકઇ સરૂપ અભંગ. ૨૨
ઊપર ચૌમુખ રાજતે, શ્રી **સીમંધર** દેવ,
ભાવ ભગતિ ચિત લાયકેં, સવ જન કરતેં સેવ. ૨૩

—ઇતિ શ્રી જંબૂચરિત્ર સંપૂર્ણ. ૩-૧૮ ગુ. નં. ૫-૨.

---

૪૭૦ ખ **જગજીવન** (લોંકાગચ્છ)

(૯૫૨ ખ) સંભવજિન સ્ત. સં. ૧૮૦૭ આસો.

આદિ—

સકલ સુરાસુર સેવિત શંકર કિંકર જસ નર રાયાજી,

અંતે—

સંવત **અઢારમુનિ** આસું માસેં, ગણી **જગજીવન** જયકારી.

સંભવ. ૭

ચીતલમાં સં. ૧૮૨૨ માં જગજીવન ગણી ચોમાસું રહ્યા એમ તેમના શિષ્ય મેઘરાજ જણાવે છે.

મલ્લી સ્ત૦ ૭ કડી સં. ૧૮૧૪.

આદિ—

મલ્લી જિણેસર સાહિબારે સિદ્ધ સાધ્ય કરણ જગસ્વામિરે જીરે.

અંતે—

સંવત **૧૮૧૪** નેં સમેરે લો, ગુણ ગાયા **મલ્લિ** જિણંદરે,
ગણિ **જગજીવન** ગુણ સ્તવેરે, દેવ આપો અધિક **આણં**દરે. ૭

ઋષભ સ્ત૦ સં. ૧૮૧૫ શ્રા૦ પોરબંદરમાં

આદિ—

વિમલ નયર **વ**નિતા વર વંદીએ.

અંતે—

પોરબંદર સંઘ કર સોહે, ગુરુ ભક્તિ કરે ભલ ભાવે,
સંવત **અઢાર સિદ્ધ** શ્રાવણ માસેં, **જગજીવન** ગુણ ગાવે. ૧૧

નેમ સ્ત૦ ૮ કડી સં. ૧૮૨૫. આસો

આદિ— મધુકર માધવનેં કહેજો-એ દેશી.

નેમીસ્વર જિનવર ગાઉં, આતમરમણ પૂરણ પાઉં.

અંતે—

સંવત **૧૮૨૫** સે વરસેં જિનગુણ સ્તવ્યા આસૂ માસેં
ગણિ **જગજીવન** ઉલ્લાસેરે. નેમિ. ૮

[આ કવિની ગુરૂપરંપરા એક કલ્પસૂત્રના બાલા૦ પરથી એમ જણાય છે કેઃ—રૂપ-જીવ—વરસિંહ—લઘુવરસિંહ—જસવંત—રૂપસિંહ—દામોદર—કર્મસિંહ—કેશવજી – તેજસિંહ—કાન્હજી— તુલસીદાસ – જગરૂપ શિષ્ય છે. અને તેના શિષ્ય મેઘરાજ (જુઓ નં. ૫૦૩ ખ.)

૪૭૧ જેમલ (લોંકા ગચ્છ)

(૯૫૧) સાધુવંદના સં. ૧૮૦૭ ઝાલોરમાં.

આદિ—

નમું અનંત ચોવીશી. **રિષભાદિક મહાવીર,**
આર્ય ક્ષેત્રમાં, ધાલી ધર્મની સીર. ૧
મહા અતુલ્ય બલિ નર, શૂરવીર ને ધીર,
તીર્થ પ્રવર્ત્તાવી, પહોત્યા ભવજલ તીર. ૨

અંતે—

એ જતિયો સતિયો શું, રાખો ઉજવલ ભાવ,
એમ કહે ઋષિ **જેમલજી,** એહજ તરણનો દાવ. ૧૧૦
સંવત **અઢારને** વરસ **સાતો** શિરદાર,
ગઢ **ઝાલોરમાં** એહ કહ્યો અધિકાર. ૧૧૧

—(૧) રો. એ. સો. મુંબઈ (૧) લિ. પુજ પ્રાગજી સં. ૧૮૬૫ કા. શુ. ૧૦ જેતપુરમાં ૬–૧૨ ધો. (૩) લિ. વિપ્ર શંકર મેવાસામાં સં. ૧૯૧૩ શ્રા. શુ. ૪ ભોમ ૬–૧૦ ધો. (૪) લિ. સં. ૧૯૧૭ પત્ર ૫ નં. ૧૮૮૪ લીં.

(૯૫૨) પરદેશી રાજાનો રાસ

આદિ— દુહા

રાયપસેણી સૂત્ર મધે, રાય **પ્રદેસીના** ભાવ,
સુરીયાભ દેવ ભરનૈ હુવો. ધરમ ભણી પ્રભાવ. ૧
આમલકંપા નયરી, સમોસર્યા **મહાવીર,**
સુરીયાભ દેવ તિહાં આવીયો, નાટક કરવા તીર. ૨

અંતે—

સૂત્ર વિરૂધ જે મૈ કહ્યો રે, અહીં અધકો ઓછો કોય,
રિષિ **જૈમલ** ઈસડી કહછરે, મિછામિ દુકકડ બોયોરે
ધન જિણ ધરમનઈ. ૧૨

—આશરે ૧૨૦૦ શ્લોક પ્રમાણ ૨૫-૧૭ ગુ. નં. ૧૩-૨૬
—સંવત ૧૯૭૨ ૩૪-૧૧ ગુ. નં. ૧૩-૨૭
(એક પ્રતમાં નીચે પ્રમાણે આદિ અને અંત છે:—)

(૯૫૨) પરદેશી રાજાનો રાસ ૨૨ ઢાલ (ગ્રંથાન ગ્રંથ ૬૫૦ શ્લોક)

આદિ— દુહા

અરિહંત સિદ્ધ વલિ આયરીયા, ઉવઝાય સઘલા સાધ
મુગતિ નગરના દાયકા, એ પાંચ પદ આરાધ. ૧
નમું **વીર** શાસન ધણી, ગણધર **ગૌ**તમ સ્વામી
માથે હાથ દેઇ કરી, સાર્યા ઘણાનાં કામ. ૨
સિધ **પ્રદેસી** રાયની, **રાયપ્રસેં**ણીમાંય
તિણ અણુસારે એ કહું, કિમહિક અર્થ પસાય. ૩
કિણ આડંબર આવીયો, કિમ વાંદ્યા **વર્ધ**માન
નાટક પાડયો કિણ વિધેં, તે સુણજ્યો કરી ધ્યાંન. ૪
આમલકંપા નગરી હુતી, બાગમેં હુતો અંબસાલ
તિહાં શ્રી **વીર** સમોસરા, વાણી સરસ રસાલ. ૫
શ્વેત રાજા પણ આવીયો, સેવ કરે ચિતલાય
બીજાઇ પણ નર બહુ, દરસણ દેખણ જાય. ૬
સુરીયાભ દેવ પણ આવીયો, વાંદ્યા **વીર** જિણંદ
દ્વાદશ પરસણ (પ્રશ્ન) પૂછીયા, પામ્યો મન આણંદ. ૭

અંતે ઢાલ ૨૨ મી પુન્ય સદા ફલે-દેશી

કેવલ ગ્નાન પામાં પછે રે, વિચરસે કેતલાએક કાલ
ઘણાં વરસ ઉપગારનેં, કેવલ પ્રગન્યા પાલ્યો રે
ધન્ય જિન ધર્મને

× × × ×

રાયપ્રસેણી સૂત્ર મેં રે, એ કહ્યો અધિકાર
ભણે ગુણે શ્રવણે સુણે રે, પામે ભવજલ પારો રે ધ૦ ૧૧

સૂત્ર વિરૂદ્ધ જે મેં કહો રે, અધીકો ઓછો કોય
રિખિ **જેમલે** કહિ જીસોરે, મિછામી દુકડં મોયો રે ધ૦ **૧૨**

—૨૪-૧૨ની પ્રત ઈતી પરદેશી રાજાનો રાસની ઢાલુ ૨૨ તથા અષાઢાભુતીનો ચોઢાલીઉ તથા સઝાઉ એ સમપુર્ણ. સંવત ૧૯૦૭ના ભાદરવા શુદ ૧૧ વાર સોમવારે શ્રી **ધાંધલપર** મધે લખો છે લખીતંગ સા **વાલજિ મુલજીએ** લખુ છે । તે સરવના ગરથાંગ્રંથ સિલોક ૭૭૫ છે. શ્રી કલ્યાણમસ્તુ શ્રી સુભમસ્તુ રાજકોટ મોટા સંઘનો ભંડાર. (આમાં આ રાસનાં પ્રથમ પત્ર ૨૦ છે)

(૯૫૨ક) અર્જુનમાલીની ઢાલ ૬. સં. ૧૮૨૦ કા. શુ. ૧૫

આદિ— દુહા

વર્દ્ધમાન જિનવર નમું, સકલ જીવાં સુખદાય
નામ દુખ દોહગ ટલે, ભુખ વારી જાય
અરજીન માલાગર તણો, કહેસુ ચિત વિશેષ
એક મનાં થઈ સાંભળો, છાંડી રાગને દ્વેષ. ૨

અંતે—

અંતગડ માહે કાઢો નિચોડી, તિણ અણુસારે રિષ **જેમલ** જોડી
અઢારસે ને **વીસ** માયા, કાતિ સુદ પુનમ સુભ દાય,

—લપંત્ર મેઘજી ૭-૧૦ ૬, ૧૬ નં. ૨૩ ઘોઘા ભં.

(૯૫૨ખ) અવંતિસુકુમાલ ચોઢાલીઉ ૧૮૨૫ આસો શુ. ૭ નાગોરમાં.

અંતે—

અંતગડ સૂત્ર માંહિ જિણજી ભાખીયા,
તિણુણુ સારે **જેમલજી** કહે. ૧૯
પચીસે આસૌજ માસ, સુદ સાતિમ દિનૈ,
નગર **નાગોર** ભાખીયો એ.

—પત્ર ૩ ગુ. વિ.

(૯૫૨ગ) દીવાલી સઝાય.

ભજન કરો ભગવાનનો, ગણધર **ગોતમ** સ્વામી,
તરણ તારણ જગ પ્રગટા, લ્યો નિત પૂનિત નામ,
દિવાળી દિન અવિયો.

× × × ×

અંગે ઉપાંગે છેદમેં જીવ દયા ઉપર તાંન,
તિણ સુરિય **જેમલ** કહે, ઇસી દીવાળી માન. દિવાળી દિન૦ ૪૩
—ગુ. વિ.

---

૪૭૨ રત્નવિજય (ત૦ હીરવિજયસૂરિ-કલ્યાણવિજય ઉ૦ -ધનવિજય પાઠક-કુંઅરવિજય ઉ૦-ગુણવિજય ગણિ-થીરવિજય-પુણ્યવિજય શિ.)

(૯૫૩) શુકરાજ ચોપઈ સં. ૧૮૦૮ આસો શુદ ૧૦ ગુરૂવારે. નૈયડમાં.

આદિ— દુહા

વંછિતપૂરણ છે સદા, શ્રી **રિસહેસર** દેવ,
ચિત ચોખે કરીને સદા. હું પ્રણમું નિતમેવ. ૧

(અથવા)

શ્રી **રીસહેસર** વિંનવું, પ્રણમું ચરણ ઉલાસ
કાંમિતદાયક તું સદા, અવિકારિ અવિનાસ. ૧
પ્રથમ તીર્થંકર તું જયો, બોધબીજ દાતાર,
યુગલા ધરમ નિવારવા, જાંણે ઉગ્યો દિનકાર. ૨
વર્ધમાન નાંમિં ભલો, ચોવિસમો જિનચંદ,
સંપ્રતિ સાસન જેહનો, પ્રણમું પરમાણંદ. ૩
પય પ્રણમી નિજ ગુરૂ તણા, માગું એક પસાય,
વરદાયક છે તું સદા. પ્રણમું હું ચિત લાય. ૪

પુંડરીક નાંમ આગેં હવું, લોકાંમાં વિખ્યાત,
ગુંણે કરીનેં નીપનું, **શત્રુંજય** અખ્યાત. ૫
શત્રુંજય તે કિંમ હવો, કસ્યો અછેં અધિકાર,
તે ઉપરિ તુંમે સાંભલો, **શુક** નૃપ ચરિત્ર ઉદાર. ૬
કુંણ તે **શુક** પ્રભુ કિહાં થયો, કુંણ ગાંમ કુંણ ઠાંમ,
હું કહું વિસ્તરપણેં, સહુ સુંણયો ગુંણ ધાંમ. ૭
વાત રસિક છેં એહની, વ્યકતા છેં ગુણવંત
વિચક્ષણ જો શ્રોતા હોઈ તો, ઉપજેં રસ અનંત. ૮

અંતે— ઢાલ ૬૫ મી વાધાજીરા ભાવનરી દેશી–રાગ ધન્યાસી

શ્રી **સુકરાય** ઋષી ગુંણ ગાયા, દિન દિન ચડતે' દીવાજ્નજી,
નિસૂંણો ભવિકા પરમ ગુંણાકર, વાજેં જસના જસવાજાજી. શ્રી. ૧
પુંડરગિર મહિમાથી એહનો, બહુ વિસ્તરીઉ જસ વાસજી,
જસ વિસ્તરતેં તીર્થતણો પણિ થયા નામ **શત્રુંજે** ઉલાસજી. શ્રી. ૨
સુંણયો શ્રોતા **શુક** કિહેં કાલે', પ્રગટયો પૂહવી જગીસજી,
અભિનંદન જિન **સુમતિ** વિચાલેં, થયો **શુક** નૃપ વિસવાવીસજી. ૩
જયો જયો એહની કરણી રૂડી, ભાગ્યબલિ સુપ્રવીણજી,
બાહ્ય અભ્યંતર ભેદ જે વિવિધ, તેહસું સદા લયલીણજી. શ્રી. ૪
તેહની કાર્યસિદ્ધિ ડનુસારે, નામ યથારથ એહનોજી,
આજ લગણ તે નિશ્ચલ છે ભવિ, **શત્રુંજય** નાંમ જેહનોજી. શ્રી. ૫
ઇણી પરે જે ભવિ ભાવ ધરીનેં, કરસ્યેં કૃત્ય જે કરણીજી,
તેહીજ સિદ્ધતા થોડેં કાલેં, હોસ્યેં એ ભવ ઉદ્ધરણીજી. શ્રી. ૫
જિમ **શુક** નૃપનેં બિહૂં પ્રકારેં, વેંરી વિલયેં ગયા જાંણોજી,
બાહ્ય વેંરી તો **ચંદ્રસેખરજી**, અભ્યંતર કરમ વખાંણોજી. શ્રી. ૭
એ બિહૂં વેંરી વીજસવાદ લહીનેં, પોહોતા શિવપુરવાસજી,
તિમ જેકોઈ ભવિજન આરાહસ્યેં, તે લહસ્યેં પદ અવિનાસજી. શ્રી. ૮
તપગછ ગયણ વિભાસણ દિનમણિ, શ્રી **હીરવિજય** સૂરી હીરોજી,
મહિમા જેહનો અતુલીબલ છેં. ભૂતલ માંહિ સનૂરોજી. શ્રી. ૯

સકલવાચક શિર મુગટ નગીનો, શ્રી **કલ્યાંણવિજય** બુધ સીસજી,
ધનવિજય પાઠક પ્રતીરૂપી, ગ્નાંન ગુંણે સુજગીસજી. શ્રી. ૧૦

તેહનો સિષ્ય પ્રભાવક રૂડા, શ્રી **કુંઅરવિજય** ઉવઝાયાજી,
તસ પદકમલ સેવન ભ્રમરોપમ, શ્રી **ગુણવિજય** ગણિરાયાજી શ્રી. ૧૧
તાસ સીસ તે જગમાં જાંણો, **ધીરવિજય** ગુરૂરાયાજી,
તસ પદ સેવક ગુંણગણ રસીઓ, શ્રી **પુન્યવિજય** સુસવાયાજી. શ્રી. ૧૨

એહ ગુરૂ ચરણ પ્રસાદ લહીનેં, સુંદર રાસ મેં ગાયોજી,
શ્રાદ્ધવિધિ માંહિથી નીરખી, રચના રચિનેં મેં સુણાયોજી. શ્રી. ૧૩
ચરિત્ર થકી કાંઈ અધિકો ઓછો, જે મુખથી કહેં વાંણોજી,
મીછામિ દુકડ સંઘની સાખેં, દેઉં છું સમઝુ જાંણોજી. શ્રી. ૧૪

શ્રી ગુરૂ **ધર્મ** સૂરીસ્વર સોહેં, તેજ પ્રતાપેં પ્રચંડોજી,
તેહના રાજ્યમાં સહૂ જન સૂખીયા, વરતેં જસવાદ અખંડોજી. શ્રી. ૧૫
ચંદ્રવસુ વ્યોમ રૂદ્ર વિચારેં, એ સંવત સંખ્યા આંણોજી,
આસો શુદિ દશમી ગુરૂવારેં, રાસ પૂરણ થયો જાણોજી. શ્રી. ૧૬
નૈયડમાંહેં નિરૂપમ સોહેં, વૈરાટ સમો **વારાહીજી**,
તિણ નયરેં ચોમાસો કીધો, **ધર્મ શાંતિ** જિન સહાઈજી. શ્રી. ૧૭

મંગલમાધા સુપરેં વરતી, ધરિ ધરિ હરખ સવાયાજી,
સંઘતણા આગ્રહથી કીધી, રચના રચી સુખદાયાજી. શ્રી. ૧૮
જિહાં લગેં મેરૂ મહીધર પ્રતપેં, જિહાં લગેં રહે ધ્રુ તારાજી,
તિહાં લગેં એ ચોપઈ ચિરં હોયો, વલી વ્યક્તા શ્રોતા સુખકારજી. ૧૯

બાલકની ક્રીડા મેં કીધી, મત કરજો મુઝ હાંસીજી,
જે કોઈ જાણો તે ઊધરજો, વાત સકલ વિમાસીજી. શ્રી. ૨૦
ઉત્તમના ગુંણ સુંપરેં ગાયા, નિસુંણો તુંમે ભવિ પ્રાણીજી,
ધર્મ કરેયો દુલહો જાંણી, માંનવનો ભવ ગુણખાંણીજી. શ્રી. ૨૧

પાંસઠે ઢાલે કરી રચીઓ, શ્રી **શુકરાય** ચરીત્રોજી,
રતન કહેં ઉપસમ રસનાહી, કરયો ભવિ કાયા પવિત્રોજી શ્રી. ૧૨

જે કોઈ ભણસેં સુંણસ્યેં તેહનેં. હોંસેં પરમાણંદાજી,
ઉત્તમ ગુંણ ગાતાંથી સહેંજેં, રીઝેં વંછીત સુખકંદાજી. શ્રી. ૨૩

(૧)-ઇતિશ્રી શત્રુંજય મહાત્મો પરિ શ્રી શુકરાજ નૃપરાસ સંપૂર્ણમ: ગ્રંથાગ્રંથ ૧૫૦૧ અકલ પંડિત સીરોમણિ પંડિત શ્રી ૫ થીરવિજય ગણિતત્ શિષ્ય પં. તત્ત્વવિજય ગણિ તત્ શિષ્ય ભાવવિજય ગણિ લીપીકૃતં શુભંભવતુ સંવત્ ૧૮૧૧ વર્ષે પોસ વદિ ૫ દિને શુક્રવાસરે વારાહી નગરે શ્રી શાંતિજીન પ્રશાદાત કલ્યાણમસ્તુ પત્ર ૪૬ પં. ૧૭ ભાવ; (૨) ચંચલ.

પ્રતિમા સ્થાપન ગર્ભિત પાર્શ્વજિનસ્ત.

—૧-૨ લિ. સં. ૧૯૧૦ પત્ર ૮ નં. ૨૨૨૯ અને પત્ર ૮ નં. ૧૮૨૪ લીં.

ચૈત્યવંદન સંગ્રહ

– લિ. સં. ૧૮૮૮ પત્ર ૪ પ્રત નં. ૨૧૩૩ લીં.–

[રત્નવિજય પહેલાએ સં. ૧૭૫૮ માં ચોવીસી રચ્યા છે]

---

૪૭૩ **માલ** [લોં. ખૂબચંદ સંતાનીય નાથાજી શિ.]

(૯૫૩ ક) અંજનાસુંદરી ચોપઈ લ. સં. ૧૮૦૯ પહેલાં

આદિ—

સરસતિ સામિણી પ્રણમીય, **ગોતમ** સ્વામિના પાય રે
અંજનાસુંદરીની કથા, નારીનર સુણહો મન લાય રે
શીલ ભવિયણ ભલે પાલીયે ૧

અંતે—

ધન ધન **અંજનાસુંદરી**, સુમિરો ચિત્તિ ત્રિકાલ રે
શીલ ભલો તિણિ પાલીઓ, જસુ ગાવે મુનિ **માલ** રે. ૧૫૪

–(૧) લિ. સં. ૧૮૦૯ ચૈત્ર શુદિ ૮ આદિતવાર ૪-૧૮ આગરા ભં. (૨) લિખ્યતં ગુણદાસ ઋષિ તત્ સિષ્યિ ગોપાલ ઋષિ

પઠનાર્થે બાઈ મલૂ કો જોગુ । સંવત્ ૧૯૦૯ વર્ષે માઘ વદિ ૭ રવિવાસરે પત્ર ૧૨ થી ૨૦ એક ચોપડી આકારે પ્રત નાથાલાલ પાલણપુરવાળા પાસેની.

(૯૫૩ ખ) આષાઢભૂતિનું ચોઢાલીઉં સં. ૧૮૧૦ આષાઢ શુ. ૨ ભુજમાં

આદિ— દુહા

વાણી અમૃત સારખી, આપો **સરસ્વતી** માય
નિજ ગુરૂ ચરણ નમી કરી, ગાસું મહામુનિરાય. ૧
લોભે કરી માયા રચી, તે **આષાઢો** જાણ
પડીને ચડીયો તે વલી, જો ગુરૂ માની આણ. ૨

અંતે— ઢાલ ૪થી કપુર હોવે અતિ ઉજલો—દેશી

આષાઢો ચક્રી થયોરે, સેના રચી સવી દાદ,
વિદ્યાબલે પરગટ કીયા રે, ચઉદ રતન ગહઘાટરે
પ્રાણી જુઓ જુઓ તપ પ્રભાવ. ૧

× × × ×

સંવત **નભ (અ)વની ગજમહીરે** આષાઢ સુદ બીજ સાર
ભુજનગરમાં ભાવસું રે, રચિયો એ અધિકાર રે. પ્રાણી૰ ૧૪
ગચ્છપતી શ્રી **માણેકચંદજીરે, લોંકા** ગચ્છ સિરદાર,
પુજ **નાથાજી** પસાયથી રે, **માલ** મુની હિતકારરે. પ્રાણી૰ ૧૫

—૨૪-૧૨ ની પ્રતમાં ૨૧ થી ૨૩ માં આ કૃતિ છે. પહેલાં જેમલ કૃત પરદેશી રાજાનો રાસ છે ને છેવટે એ સઝાય છે. ઇતી પરદેશી રાસની ઢાલુ ૨ તથા અષાઢાભુતીનો ચોઢાલીઉ તથા સઝાઉ એ સમપુર્ણ સંવત ૧૯૦૭ના ભાદરવા સુદ ૧૧ વાર સોમવારે શ્રી **ધાંધલપર** મધે લખો છે લખીતંગ સા **વાલજિ મુલજી**એ લખુ છે તે સરવના ગરથાંગ્રંથ સિલોક ૭૭૫ છે. શ્રી કલ્યાણમસ્તુ શ્રી સુભમસ્તુ રાજકોટ મોટા સંઘનો ભંડાર.

(૯૫૩ ગ) રાજમતિ સ૦ ૧૭ કડી. સં. ૧૮૨૨

ગોખમેં સખીયો સંઘાત, **રાજુલ** નિરખે હે

× × × ×

બિહુ મિલ્યા મુગત મઝાર, અવિહડ પ્રીતડી હે
બાંધી રે બેહા સૂખ છતેજી

એહવી સતીના ગુણગ્રાંમ, પૂજ્ય **નાઘાજી**નો રે
માલ વદે નિત્ય પ્રત્યેજી. ૧૬

અઢાર બાવીસે નરંદા કાર્તિક પુનમ હે
ગાઈ રે ઉલટ ધરીજી

શ્રી **લોકા** ગચ્છ મનુહાર, **મુનરા** િંદરમાંહે
શ્રાવક આગ્રહ કરીજી, ૧૭

(૯૫૩ ઘ) +એલાચીકુમાર-છઢાળીયું. સં. ૧૮૫૫ જેઠ અંજારમાં.

આદિ— દોહા

માત મયા કરો **સરસતી,** આપો અવિરલ વાણુ,
નિજ ગુરૂ ચરણુ નમું સદા, આણંદ હિત ચિત્ત આણુ. ૧
દાન શીયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર,
તેમાંહિ શિરસેહરો, ભાવ વડો સંસાર. ૨
ચારે જીવ તર્યાઅ છે, ભાવ થકી કહું તેહ,
એલાચી ગુણ ગાયતાં, પામીજેં શિવગેહ.

અંતે— ઢાલ ૬

× × × ×

સંવત **અઢાર પંચાવનેજી**રે, જેઠ માસ સુખકાર,
ષટ્ ઢાળે કરી ગાઇયોજીરે, રહી ચોમાસો **અંજાર.**
સુગુણ નર, ભાવ વડો સંસાર. ૨૦

શ્રી પૂજ્યશ્રી **ખૂબચંદજી**રે, તસ શાસન સુખદાય,
પૂજ્ય **નાથાજી** પસાયથીરે, **માલ** મુનિ ગુણ ગાય. સુ. ૨૧

+પ્ર૦ મુંબઈ જગદીશ્વર પ્રેસ. શીલાછાપ સં. ૧૯૯૩.

(૯૫૩ ઙ) +ઇષુકાર કમલાવતી છઢાલીઉં. સં. ૧૮૫૫ જે. વ. ૩ અંજારમાં.

—પ્ર૦ ૨૯૦-૨૯૭ સ. મા. ભી.

(૯૫૩ ચ) અંતરંગકરણી—(જીવ અને કરણીનો સંવાદ)-હિંદીમાં.

આદિ—

ગાવહિં કેઈ પ્રેમસ્યું હો, બિંદુલી મુરલી તાન,
કરની હઉં તઉ ગાયસ્યું હો, તુમ્હ સુણિયહુ ચતુર સુજાણ. ૧
કરની સુખ દાતાર કરની, કરની જગ આધાર કરની,
કરની લહિય પાર કરની, કરની દુત્તર તાર કરની. ૨
જીવહુ કરની આપ મહિ હો, દુહુહી માંડયઉ વાદ,
જાતિ વન ઉલા દેખિકિ, અરૂ પાલઈ હાર વિવાદ. ૩
જીઉ કહઈ હું પુરૂષ હું હો, પુરૂષ વડા સંસારિ,
કરની તેરઉ નામુ હઇ હો, કયા તું બપુરિ નારી. ૪

અંતે—

જીઉ પુરૂષ હૈ ઉદ્યમી હો, કરણી હઈ તસુ નારિ,
ભાગ્ય મિલઇ જઉ સાથિ તઉ હો, કાજ સરઈ સંસારિ. ૭૪
જે જગિ શુભ કરણી કરઇ, સુદૃઢ વચન પ્રતિપાલ;
સીમંધર સાખી સદા હો, પ્રણમઈ તિન્હ મુનિ **માલ**. ૭૫

(૯૫૪) ષટ બંધવનો (છ ભાઈનો) રાસ. સં. ૧૮૫૭ કાર્તિક માંડવીમાં.

આદિ— દૂહા.

તીર્થંકર બાવીસમા, જાદવ કુલમાંહિ ચંદ,
બાલ બ્રહ્મચારી સદા નમૂં, પ્રણમું **નેમ** જિણંદ. ૧
રાજેમતિ જેણે પરહરી, લીધો સંજમ ભાર,
કેવલ લહી પદ પામીઆ, તારે ભવી સંસાર. ૨

સાંભલજો ભવીજન તુમે, છે પિણ સૂત્રની શાખ,
સરસ ઘણો સંબંધ છે, મીઠો સાકર દ્રાખ. ૩
સહુ કોઇ સુખ ભોગવે, ગયો ન જાણે કાલ,
ઇણ અવસર પ્રભુ આવીયા, ટાલે મોહ જંજાલ. ૪

અંતે—

સવા એકવીસ ઢાલે કરી ગાયો, પ્રબંધ ઘણો અતિ મીઠોરે,
આધકો ઓછો મેં નથી ભાખ્યો, જે કાંઈ શાસ્ત્રમાં દીઠોરે. ૨૧
સંવત **અઢારસતાવના** વર્ષે પ્રકાસ્યો, કાતિ ચોમાસે સુખકારરે,
માંડવી બિંદર અતિઘણું સુંદર, **લોંકો**ગચ્છ શ્રીકારરે. ૨૨
ગચ્છપતિ **ખુબચંદજી** વિરાજે, તસ સાસન સુખદાયારે,
પુજ્ય **નાથાજી** તણા સુપસાયે, **માલ** મુનિ ગુણ ગાયારે. ૨૩

—ષટબંધવ–ગજસુકુમાલજી–કૃષ્ણ બલભદ્રજીના અધિકારની સવા એકવીસ ઢાલ–લિ. સં. ૧૮૮૧.

---

૪૭૪ વૃદ્ધિવિજય. (૩)

(૯૫૫) ચિત્રસેન પદ્માવતી રાસ સં. ૧૮૦૯ વૈ. શુ ૬ ભોમ. મધુમતિ (મહુવા)માં.

આદિ—

પચનામ પરગટ કર્યાં, **આદિસર** અરિહંત,
યુગલા ધર્મ નિવારીઓ, તે પ્રણમુ ભગવંત, ૧
સોલમ જિન પંચમ ચક્રી, જીવદયા પ્રતિપાલ,
પારેવો જિણિં રાખીઉ, આણી દયા વિશાલ ૨
રાજુલ વર શ્રી **નેમજી**, કરૂણાવંત ઉદાર,
પશુ છોડાવી ભાવસું, પોહતા મુગતિ મઝારિ. ૩
કમઠ ઉલંઠ હઠ ભંજણો, શ્રી **ગોડીચો પાસ**
તે પ્રણમું ત્રેવીસમો, આણી ભાવ ઉલ્લાસ. ૪

ત્રિભુવનનાયક **વીરજી**, જિન શાસન સિણગાર
વડ ઉપગારી પરમ ગુરૂ, સકલ જીવ હિતકાર ૫
હંસવાહિની માતજી, મુઝ મન કરજે વાસ,
સેવક પરિ કૃપા કરી, આપે વચન વિલાસ. ૬
વલી પ્રણમું શ્રી ગુરૂ તણા, પયપંકજ કરજોડિ,
ઉત્તમના ગુણ ગાવતાં, વરજો મુઝ મન કોડિ. ૭
શીલોપરિ અધિકાર કહું, સુંણજ્યો દેઈ કાંન,
શ્રોતાજન સુણતાં થકાં, ઉપજસ્યે બહુ તાન. ૮
ચિત્રસેન રાજા તણી, **પદ્માવતી** ઘરિ નારિ,
તાસ ચરિત સુપરિં કહું, શીલ તણેં અધિકાર. ૯

અંતે— ઢાલ.

ત્રીજો ખંડ—છેલ્લી ૧૦ મી ઢાલ રાગ ધન્યાસી
ગિરૂઆરે ગુણ તુમ તણા એ દેશી.

શીલેં દેવ દેવી વસિ થાઇ, શીલેં યશ વિસ્તારરે,
શીલેં દુષ્ટ જરા નાવેં પાસિં, શીલેં શિવપુર સારરે. શીલે. ૧
શીલેં વિષ અમૃત ઓડકાર, શીલેં નવ ભય ભાંજે
શીલેં વયર ઉપસમ હુઈ તતખિણ શીલેં રાજ્ય વિરાજેરે. શીલે. ૨
શીલ મહિમાઈ દેવ દેવી સર્વે નમેં પાય અરવિંદરે,
કહે સુધિયો જના ભવ્ય જીવને, ઇમ જાણી શીલ પાલો નરિંદરે. ૩
નામ લોક સુખ નૃસુખ દેવસુખ, શીલ પ્રભાવેં જાણીરે,
અનુક્રમિ પરમ પદ પામસેં તિણ જીવ કેવલનાણી વાણીરે સી, ૪
સંવત **અઢારનંદ** મિતિ વરસે, વૈશાષ શુદિ છઠિ દિવસે રેં,
કુંજવારિં એ પુરણ કીધો, **ચરિત્ર**થી રાસ ઉલ્લાસિં રે. ૫
તપગછનાયક બહુ સુખદાયક, શ્રી **વિજયક્ષમા સૂરી**રાયા રે,
તાસ પાટે શ્રી **વિજયદયા સૂરી**, ચિરંજીવી સવાયારે શી. ૬
તાસ પાટિ આચારિજ ચિરંજીવી, **વિજયધર્મ સૂરી** તસ રાજ્યેં,
સંઘ આગ્રહે મિં રચના કીધી, **મધુમતી** સંઘને સાહજ્યેરે. શી. ૭

તવગછ પંડિત ×× (અધૂરૂં. એક પૃષ્ઠ નથી. ભાવ. પા. ૨૬ પં. ૧૭.)

---

૪૭૫ મહાનંદ [લોં૦ રૂપ-જીવ-જગજીવન (૪૬૯ ગ)-ભીમસેન-મોટા શિ૦]

(૯૫૬) રૂપસેનરાસ સં. ૧૮૦૯ વૈ. શુ. ૭ સોમ.

આદિ— શ્રી ગુરૂભ્યો નમઃ। દૂહા.

શ્રી ઋષભાદિક નિત્ય નમું, ચોવિસે જિનરાજ,
સેવ્યાં સીવ સંપતિ મિલેં, સિઝેં સઘલા કાજ. ૧
ૐકાર આદેં રચ્યો, બાવન અક્ષર બીજ,
પ્રગટ કર્યો પરમારથેં, જ્ઞાન દૃષ્ટિ જિણ દિધ. ૨
સા સરસતિ પ્રણુમું સદા, સીદ્ધી બુદ્ધી દાતાર,
માત મયા કર મુઝ પ્રતેં, દે વાંણી વિસ્તાર. ૩
શ્રી ગુરૂ **ભીમ** તણા ચરણ, પ્રણમું મન ઉલ્લાસ,
જસ સીર ઉપર કર કરે, સો લહે લીલ વિલાસ. ૪
મમ ગુરૂ **મોટા** ઋષી તણા, પદ પ્રણમું હિતવંત,
ગુરૂપદ સેવ્યાં સંપજે, મંદમતિ મતીવંત. ૫
અંધકાર અજ્ઞાનના, જ્ઞાન સઘલાઈ સાર,
ફેરિ કિયા જગ દેખતાં, ધન્ય ગુરૂ ઉપગાર. ૬

यतः

विना गुरुभ्यो गुणनीरधिभ्यो जानाति धर्म्मं न विचक्षणोऽपि।
आकर्णदीर्घोज्वललोचनोऽपि दीपं विना पश्यति नांधकारे॥१

ધુરિ મંગલ જિનવર નમો, બીજે સરસતી માત,
ત્રીજે ગુરૂપદ ગુંણનિલો, ચોથો સંઘ સુજાત. ૭
માગું મતિ નિર્મ્મલ ભણી, પ્રેમેં કરી પ્રણામ,
સહુ મિલિ મુઝ આપજ્યો, કાવ્યકલા અભિરામ. ૮
પૂન્ય પ્રબંધે સાંભલો, રૂપસેન રાજાન,
તાસ ચરિત્ર કહેતાં સુણો, સભા સકલ દેઈ કાંન. ૯

વિબુધ કવિ વક્તા જિણે, વરણવ્યા તાસ વખાણ,
તો પિણ ગુણવંત ગુણકથન, થયો ચપલ ચિત્ત જાંણ. ૧૦

અંતે—

×સંવત **નિધિ નભ વસુ શશિ**, વૈશાખ માસ વખાણ્યો,
શુકલપક્ષે ચંદ્રજવારે સપ્તમી દિવસ સુજાણો. ૧૫
શ્રી જિનશાસનના ઉદ્દીપક, શ્રી **રૂપ જીવ** ઋષિરાયા,
શ્રી **લુંકા** ગચ્છના એ અધિપતિ, આચારય પદ પાયા. ૧૬
તાસ પરંપર પાટિ પ્રતપે, શ્રી **જગજીવન** ગણરાયા,
સોભાધિક ગુણ સાનંદકારી, સંઘ સકલ સુખદાયા. ૧૭
તસ શાસણમેં શોભાકારી, સ્થવિર મહત્પદ ધારી,
વિદ્વજ્જન મૌલી મણિધારી, **ભીમસેન** ગુણભારી. ૧૮
તસ પાટે જયવંતા વિચરે, સ્થવીર **સુજાણ** સુખકારી,
પ્રીય ગુણ ધારી પંડિત પ્રૌઢા, સાસણરી સિણગારી. ૧૯
તસ્યાનુજ ગુરૂભ્રાતા ગિરૂઆ, કવિયણ મુકુટ કહાયાજી,
કાવ્ય કલારસના ગુણદરિયા, **મોટા** ઋષિ મુનિરાયાજી. ૨૦
*તસ પદ પંકજને પરભાવેં, રાસ રચ્યો મન રંગેજી,
પંચ્યોતેર ઢાલે કરી પ્રગટો, કીધા અધિક ઉમંગેજી. ૨૧
પાલ્હણપુરનો સંઘ સુગ્યાની, વિનયાદિક ગુણધારી,
વિજ્ઞપ્તિ તેહની અવધારી, કહી કથા સુવિચારી. ૨૨
ગુરૂવાદિકના મુખથી નિસુણ્યો, ગાયો જિમ ગુણ જેહનોજી,
ઓછો અધિકો જે મેં આખ્યો, મિથ્યા દુષ્કૃત તેહનોજી. ૨૩
જિહાં લગ મેરૂ અચલ ધ્રૂતારી, મહીમંડલ જયકારીજી,
ગાવો તિહાં લગ ગ્રંથ ગુણીનો, નિસુણો નર ને નારીજી. ૨૪

× પાઠાંતર. સંવત **સર નભ વસુ સસિ** વર્ષે વૈશાખ માસ વખાણીરી.

* પાઠાંતર. તસ પદ પંકજ સેવા મધુકર, **મહાનંદ** મુની મનરંગેજી,
રસીક ભાવેં રચના કીધી, આંણી હલ્લટ અંગેજી શ્રી. ૨૧

+**મહાનંદ** મુનિવર ભાવે ભાખી, પંચોતરમી પ્યારીજી,
જે કોઈ ભણસ્યે ભાવે સુણસ્યે, વરસ્યે મુક્તિની નારીજી. ૨૫

કલસ.

ગુરૂ ગ્નાન દરિયો સુભર ભરીયો ચંચ ભરિ ભરિ ભાવથી,
ગુણ રૂપ ગાયો સુજસ પાયો શ્રુતિદેવિના સુપસાયથી.
એ રાસ રંગે મન ઉમંગે ભણે જે નર ભાવ એ,
મનકાંમના તસ સિદ્ધ થાયે, પરમ મંગલ પાવ એ.

—મુનિ મહાનંદેન વિરચિતો રૂપસેનરાસ સમાપ્ત. લિ. મુનિ મહાનંદેન સંવત્ ૧૮૧૦ વર્ષે આસાઢ સુદિ ૧૪ શનૌ શ્રી પ્રલ્હાદનપુરે દીવાણ શ્રી બહાદુરખાન રાજ્યે. સર્વ ગાથા ૨૦૧૯. ૭૫-૧૫ લા. નં. ૪૨૭. કવિની સ્વહસ્તલિખિત પ્રતિ.

(૨) શ્લોકઃ—**પ્રલ્હાદનપુરે** રમ્યે રાસો યં રચિતો મુદા,
પશ્ચાત્ખંડપ્રબંધેન **સૂર્યપુર્ય્યાં** સમુધૃત. ૧
વો(વ્યો)મ બાણ વસુશ્ચંદ્ર સંવત્સર મત શુભં,
નવમ્યાં શ્રાવણે શુદે લિખીતો લેખકૈ મુદા. ૨

શ્રી સંવત્ ૧૮૭૦ ના વર્ષે મૃગસીર વદિ ૧૪ દિને ભોમવાસરે શ્રી **પાટણ**નગરે શ્રી પંચાશ્વરાજી પ્રસાદેનઃ

શ્લોકઃ—રાસો યં લિખિતમસ્તિ નિજાત્મસુખહેતવે,
ગુરૂ રંગ પ્રસાદેન ઋષભવિજયો મુદા. ૧
મંગલં લેખકાનાં ચ વાચનાર્થે ચ મંગલં,
મંગલં સર્વ લોકાનાં ભૂમિ ભૂપતિ મંગલં. ૨

શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ. ૭૮-૧૫ જશવિજય મુનિનો સંગ્રહ.

+ બીજી પ્રતમાં આ ૨૫મી કડીને બદલે નીચેની બે કડીઓ છે.
પુન્યવતી એ પંચમે ખંડ ઢાલ બાવીસમી ભાખીજી,
આગેં ચરીત તણે અનુસારેં શુદ્ધમતી ગુરૂ સાખીજી. ૨૫
પંચ ખંડ મીલી પંચ્યાસી પૂરણ ઢાલ પ્રકાસીજી,
જે નર ભણસ્યેં ભાવે શુણસ્યેં લહસ્યેં સુખ અવિનાશીજી. ૨૬

[આ પ્રત મૂળ સં. ૧૮૫૦ ના શ્રાવણ શુદ નોમે લખાણી હતી તેના પરથી સં. ૧૮૭૦ માં લખાઈ છે એમ જણાય છે.]

(૯૫૬ ક) દશાર્ણભદ્ર સજઝાય. ઢાલબંધ. સં. ૧૮૩૨ ચોમાસું, સુરત.

આદિ—

વીર જિણેસર પદ નમી, શ્રી ગુરૂપદ ચિત્ત ધાર,
શ્રી શ્રુતદેવી સાનધે, ગાસ્યુ ગુણભંડાર. ૧
માન કરી કેઇ માંનવી, પડીઆ ઇણ સંસાર,
માન થકી મુક્તિ લહી, નૃપતિ **દશારણ** સાર. ૨

અંતે— કલસ

ઇમ માંન કરતાં મુગતિ પાંમે, પુન્યવંત જે પ્રાંણીયા,
નાંમ તેહના નિત્ય જાપીયે, **વીર** તેહ વખાણીયા.
શ્રી **લુંકા** ગછરાજ રાજે, **મેઘરાજ** મુનિરાજએ,
ગુણવંત ગુરૂઓ દયાદરિયો, સકલ સંઘ સિરતાજએ.
અષ્ટાદશ બત્રીસ વરષે, **સુરત** નયર ચોમાસ એ,
તસ્યાનુગ્રહ પાંમિ પ્રેમે, ભલી ભણી એ ભાસ એ.
મોટા રષિ મુંનિચરણસેવક, મુનિ **મહાનંદ** કહે મુદા,
રીધિ સીધિ આણુંદ આપો, સંઘને દિન દિન સદા.
—૪–૧૩ (મારી પાસે છે).

(૯૫૭) સનત્કુમારનો રાસ સં. ૧૮૩૯ વૈ. શુ. ૩ દીવમાં.

આદિ— દુહા

શ્રી શ્રુતદેવી શારદા, પ્રણમી શ્રી ગુરૂપાય,
ચક્રી **સનત**કુમારનો, સ્તવસુ ગુણ રાજાય. ૧
એક દિવસ શક્રેંદ્ર નિજ, સૌધર્મીય સભાજ,
સુર વંદે સેવી જતો, શોભે તે સુરરાજ. ૨

અંતે—

સુખ કારણ ભવિયણ સમરો નિત નવકાર—દેશી.

તપ દાન તણે બલ, આઠ કર્મ કરિ ત્યાગ,
શિવ રમણી વરસે, મુનિવર તે મહાભાગ. ૧
ભગવંતે ભાખ્યો, **ભગવતી** સૂત્રે ભાવ,
એમ **ઉત્તરાધ્યયને,** પેખો ચરિત્ર પ્રભાવ. ૨
ગુરૂ મુખથી સુણી એ, આખો એહ અધિકાર,
અધિકો ઓછો કોઈ લેજો એ સુકવિ સુધાર. ૩
લુંકા ગચ્છનાયક **મેઘરાજજી** એ મુનિરાજ,
તસ પાટે પ્રતપે આચારજ ઇતિ આજ. ૪
શ્રી ગુણ સૂરિ સોહે, **સોમચંદજી** સુખકાર,
રહી **દીવ** ચોમાસું, સંવત **શત અઢાર.** ૫
ઉગણચાલીસ વરસે, વૈશાખ માસ વખાણ,
ઉજલ પખવાડે અખાત્રીજ તિથિ જાંણ. ૬
દિવ બંદર શ્રાવક ધર્મી ને ધનવંત,
ગુરૂ પદ પંકજની સેવા કરે સતવંત, ૭
ગચ્છનાયક ગુરૂની પ્રવર સુઆજ્ઞા પાય,
સંઘ સુખ કરત હેતે પભણી એહ સજઝાય. ૮
ગરવા ગુણસાગર **મોટા** ઋષિ મુનિરાય,
તેહને પ્રતાપે **મહાનંદ** મુનિ ગુણ ગાય. ૯

કલશ.

શ્રી **સનત** ચક્રી ચારિત્ર લેઇ પાલો શુદ્ધ ભાવે ભલો,
તે સાધુના ગુણ સહજ ગાતાં નિજ આનંદ હોએ નિરમલો.
અઢારસૈ સત **ઇગુણચાલીસે** સમ્યક્ રચી સઝાય એ,
રસિક જે જિન ધર્મ રચિયા ગુણી નર ગુણ ગાય એ.
ભણે જે ગુણે ભાવ સેંતિ, આણી સુધી આસથા,
મહાનંદ આણંદ બોધ પામે, સકલ પદારથ શાશ્વતા.

—૧૨-૧૦ રાજકોટ મોટા સંઘનો ભંડાર.

(૯૫૮) +**નેમરાજૂલ બાર માસ** ૮૦ કડી સં. ૧૮૪૫ માહ શુ. ૮.

આદિ—

સમરીએ **શારદા** નામ સાચું, એહ વિના જાંણિઇ સર્વ કાચું,
જ્ઞાન વિજ્ઞાંન ને ધ્યાન આપે, મહેર લીલાલહેર અજ્ઞાંન કાપે. ૧
ગુરુચરણ નમિ માસ બારે તે ગાઉં, **નેમ રાજૂલને** ચિત્ત ધ્યાઉં,
જે પ્રભુ સત્ય સંપત્તિદાતા, એહ જિન ભૂષણ સહી જીગવાતાં. ૨
નેનના હેત શું તેહ જણાવે, માસ બારે કહી પ્રીઉ મનાવે,
માગશિર માસે તે મન ભાવે, **રાજૂલ નેમને** વેણ સુણાવે. ૩

અંતે—

નેમ રાજૂલ મેરે ગાઇયા, પાઇયા આનંદ આપ,
પરમેસર પદ ગાયતાં, જિવીજે વિરૂઆં પાપ. ૭૮
લોંકા ગછ બુધિ શિરોમણી, તિલક મુનિ ગુરુ તાસ,
દીવ બંદરમેં વિરચાયા, **મહાનંદ** મન ઉલાસ. ૭૯

દુહા.

વેદ પંડવ નેં મન આણો, **નેમ ચંદ** સંવત એહ વખાણો,
ઉદ્યોત અષ્ટમી માસ **માહ**, માર્ત્તંડ પૂરાંણ ઉમાહ. ૮૦

ઇતિ શ્રી નેમ રાજૂલ બાર માસો સંપૂર્ણઃ લિ. ઋ. **સંભૂ**રાંમ સં. ૧૮૫૨ શ્રાવણ શુ. ૧૩ મુંબાઈ મધ્યે. અનેક સ્તવનાદિ સંગ્રહ એ નામ આપેલી પ્રત નં. ૨૪૬ માંથી શ્રી મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનમંદિર વડોદરા. પ્ર૦ શ્રી આત્માનંદ શતાબ્દિ સ્મારક અંક. પૃ. ૧૭૬ થી ૧૮૩.

(૯૫૯) **ચોવીસી** દીવમાં.

આદિ— આદિજિન સ્ત૦

ચંદ્રપ્રભૂ જિન સાહિબારે એ દેશી.

આદેશર અવધારિયે રે પ્રભૂ વિનતડી અતિસાર,
પરમારથ પદનો ધણી રે પ્રભૂ આતમનો આધાર. આ૦ ૧

+ × × ×

સાહિબજી શિવપુર ધણીરે, પ્રભુ જગમંડન જિનરાજ,
મહાનંદ મૂંનિવર વિનવે રેં, પ્રભૂ આપો અવિચલ રાજ. આ૦ ૫

અંતે—

વીર સ્તવન. આમ પધારો રાજ લટકે પાવ ધરીજે–એ દેશી.

વીર જિણેસર વલિ વલિ વંદો, શાસનપતિ સુખકારી,
જ્ઞાનભંડાર ભવોદધિ તારી, ભવિયણને હિતકારી.

× × × ×

વીસ ચ્યાર જિનવર વિખ્યાતા, મુગટ મહી **વ**ધમાન,
મહાનંદ આનંદ પામ્યા પ્રભુજી, પૂરણ પદ પરધાંન. ૫
દીવ બંદર સૂર મંદિર સુંદર, સ્થિવર **ભીમ** ચોમાસ,
તાસ પસાયે વીનતી કીધી, આણી ભાવ ઉલાસ. ૬

—પત્ર ૭૮ થી ૮૨. પ્રત નં. ૨૪૬ અનેકસ્તવનાદિ સંગ્રહ મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનમંદિર, વડોદરા.

(૯૫૯ક) શીયલ સઝાય. સં. ૧૮૪૩ ભાવનગર ચોમાસું.

આદિ—શ્રી ગુરુચરણ નમી કરિં, ગાસૂં સીયલ સુવ્રત હો મીત,
અંતે—અઢારેં તેતાલીસમેં ભાવનગર ચોમાસ, હો મીત,
મહાનંદ મુનિવર રંગથી, કિધિ શિયલ સઝાય હો મીત. ૯

(૯૬૦) કલ્યાણક ચોવીસી. સં. ૧૮૪૯ આસો શુદ ૧૫ રવિ સૂરતમાં.

આદિ— દુહા.

સાસનપતિ ચોવીસના, પ્રેમે પ્રણમી પાય,
શાસનદેવી સાનિધિ, ગાવુ શ્રી જિનરાય. ૧
નયર નામ માતા પિતા, લંછન આયુ કાય,
કલ્યાંણક પક્ષ માસ તિથિ, કહેસું ગુરુ પસાય. ૨

અંતે— કલશ.

અષ્ટાદશ ઇગુણપંચાસ વરસે, આશ્વિન માસ અતિ ભલો,
પૂનિમ તિથિ ને વાર દિનકર, સ્તવ્યો મે ત્રિભુવનતિલો. ૧
સંઘ સીરોમણિ **લોકા** ગચ્છનો, સંઘ **સૂરત** સુવિનીત એ,
શ્રી પૂજ્ય શ્રી **સોમ**ચંદજીની, સેવા કરે શુભ ચિત્ત એ. ૨

સંઘ શ્રેષ્ટ શ્રી પૂજ્ય સાહિબ, વીનવ્યા વિનયે કરી,
કલ્યાણિક પંચ સકલ જિનના, વર્ણવા ગુણ વિસ્તરી. ૩
વિનતી પરમાંણ કરીને, આજ્ઞા આપી મમ ભણી,
જિનરાજ ગાયા હર્ષ પાયા, આસા ફલી મુઝ મન તણી. ૪
શ્રી **લોકા** ગચ્છ પ્રવર પંડિત, **મોટા** ઋષિ સુખકર સદા,
તસ પાદ પંકજ રસિક મધુકર, મુનિ **મહાનંદ** ગાવૈ મુદા. ૫
જિન કલ્યાંણિક સ્તવન રચના, મનપ્રમોદે મે કીયા,
નરનારી ભણસ્યૈ અને સુણસે, તાસ ઘરે સંપદ શ્રીયા. ૬

—ઇતિ શ્રી ચોવીસ જિન સ્તવન સંપૂર્ણ. સં. ૧૮૪૯ ના કાર્તિક વદિ ૧ ભોમે. લિ. ઋ. સંભૂરામ પત્ર ૩ થી ૧૩ અનેક સ્તવનાદિ સંગ્રહ પ્રત નં. ૨૪૬ મુક્તિ૦

આ અને જિનદેહ વર્ણ સ્તવન ધોરાજીના ભંડારની ૧૫ પત્રની પ્રત પંક્તિ ૧૨ વાળીમાં છે.

(૯૬૧) (નાની કૃતિઓ—સ્તવન, સઝાયાદિ સંવત્ વાળાં છે તે નીચે જણાવ્યાં છે:—)

વિનય સ્વા૦ ૯ કડી સં. ૧૮૦૯ પાલણપુરમાં.

આદિ—સદ્ગુરુ દે ઉપદેશના રે, ચેતો ચેતો નરનારિ,
ગ્નાંન ગ્રહો ગુરુ થકી રે, જ્યું પામો ભવ પાર હે.
સમઝો ભવિ પ્રાંણી.

અંતે—

પાલણપૂરમેં દીપતો રે, સંઘ સકલ સુવિનીત,
સુગુરુ તણા મુખથી ગ્રહે રે, પ્રવચન ભેદ પુનીતરે. ભાવિ૦ ૮
નિધિનભ વસુ શશિ વર્ષમે રે, શ્રી ગુરુ સુગુણ ચોમાસ.
પદપંકજ પ્રણમિ કરિ રે, કહે **મહાનંદ** ઉલ્લાસ રે. ભાવિ૦ ૯

આત્મશિક્ષા સ્વા૦ ૧૪ કડી સં. ૧૮૧૫ વડોદરા.

આસણુરા રે જોગી—એ દેશી.

હાં રે જાગો આતમ ગ્યાંની, એસી શીખ સુગુરુ ચિત માંની રે.

× × × ×

વટપદ્ર નયર સદા સુખકારિ, જિહાં સંઘ સકલ ધર્મધારી રે,
અષ્ટાદશ પનર મન ભાયા, ઇમ **મહાનંદ** મુની ગુણ ગાયારે. ૧૫

૨૪ જિનદેહ વરણ સ્ત૦ સં. ૧૮૩૯ દીવમાં. ૪ ઢાલમાં.

આદિ— ચંદ્રાયણા,

નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયા—દેશી.

પ્રણમી શ્રી અરિહંત, આણી મન આસતા,
સિદ્ધ નમું સુખકાર, સદા જગ સાસતા;
દેહ વર્ણિસ કે જિન ચોવીસના,
ધ્યાવો તેહવેં ધ્યાંન ભાવિક જન ઇક મના. ૧

અંતે—

નંદત્રય વસુચંદ્ર સંવત શુભ જાંણીયે,
દીવ બંદરનો સંઘ વડો વખાંણીયે;
સોમચંદજી આચાર્ય તણી સેવા કરે,
ધરિ ધર્મના ધ્યાંન, વાસૂ લખમી વરે. ૧૦
ગાયા શ્રી જિનરાજ વરણ ગુણે કરી,
મહાનંદ મુનિ મન રંગ હીયે ઉલટ ધરી;
ભણે ગુણે ભવી જેહ લહે સુખ સંપદા,
આરાધો ઇક ચિત્ત ટલે ભવ આપદા. ૧૧

પર્યુષણા પર્વ સ્વાધ્યાય. ૧૦ કડી સં. ૧૮૪૯ સુરત.

આદિ—શ્રી ગૌતમ ગુણધાંમી, પૂછે શ્રેણિક પદ સિરનાંમી રે.

અંતે—

અષ્ટાદસ ઉપર સંવત **ઉગણપંચાસ**,
શ્રી પૂજ્ય **સોમચંદજી**, **સૂરત** નયર ચોમાસ;
સંઘ સૂખકર સેવા, સાચવે વિવિધ પ્રકાર,
ખંતે કરી ખરચે, પુન્યેં દ્રવ્ય અપાર. ૮
ગછનાયક ગુરુની, પ્રવર સુઆજ્ઞા પાય,
મુનિ **માહાનંદ** રંગે, પભણી એહ સઝાય;

એ ભાવે ભણસેં સૂણસ્યે જે નરનારિ,
જિન ધર્મ પસાયે, સંઘ સકલ જયકારી. ૯

કલશ × ૧૦

જ્ઞાનપંચમી સ્વાધ્યાય—૪ ઢાલ સં. ૧૮૪૯ સુરત.

આદિ— દુહા.

શ્રી **ને**મીશ્વર જિન નમૂ, બ્રહ્મચારિ ભગવાન,
ઉજ્વલ પંચમી અવતર્યા, શ્રાવણ શુદની સ્વાતિ. ૧
જ્ઞાન પ્રકાસો જ્ઞાનનિધિ, ઉપગારિ ફલ આજ,
અજ્ઞાન તિમર મત ટાલવા, જપિયે તે જિનરાજ. ૨

અંતે—

અષ્ટાદશ શત ઉપરે, વર્ષ **ઉંગણપંચાસ,**
શ્રી પૂજ્યશ્રી **સોમચંદજી, સૂરતિ** નયર ચોમાસ. ૮
સંઘ સકલ સેવા કરેં, ગુરુની ભલ ભાવૈ,
નાડ લખમી વાવરેં, પદ સોભા પાવેં. ૯
આજ્ઞા પૂજ્ય પ્રસાદની, પ્રોય ભાવે પામી,
મહાનંદ મુની ગુણ ગ્યાંનના, ગાવે ગુણધાંમી. ૧૦

કલસ

સોભાગપંચમી સુભગ ભાવે, રાખેં વ્રત ગુણ રાશિ એ,
તસ સુમતિ જાગેં કુમતિ ભાગેં, લહે સુજસ સુપ્રકાશ એ. ૧૧
એ સજ્ઝાય સુણતાં ભાવે ભણતાં, મતિ થાયેં તસ નિરમલી,
આણંદના તે ઓઘી આવેં, તાપ સર્વ જાયૈ ટલી. ૧૨

—અનેક સ્તવનાદિ સંગ્રહ પ્રત નં. ૨૪૬ મુક્તિ૦ પત્ર ૧ થી ૨.

કલ્પસૂત્ર ટબો પત્ર ૧૮૭ લ. સં. ૧૮૩૪ વૈ. વ. ૫ શુક્રે વડોદરામાં

આદિ—

पुत्राः पंच मतिश्रुतावधिमनः कैवल्य संज्ञाविभो-
स्तन्मध्ये श्रुतनंदनो भगवता संस्थापितः स्वे पदे।

अंगोपांगमयः सपुस्तक गजा कारोहलब्धोदयः
सिद्धांताभिध भूपति गणधरामात्यश्चिरं नंदतात ॥१॥
प्रणम्य श्री महावीरं जिनशासननायकं ।
व्याख्यार्थं कल्पसूत्रस्य स्तबुकार्थं लिखाम्यहं ।

—ઇહાં ચોમાસું રહ્યા તે સાધુ મંગલીકને અર્થે કલ્પસૂત્ર સરિખું શ્રી પર્યુષણા નામે કલ્પ અધ્યયન તે પાંચ અથવા આઠ દિનમાંહે વાંચે । તિહાં કલ્પ તે સાધૂનો આચાર । તે દશ પ્રકારે જાણવો ।

અંતે—

ઇતિશ્રી કલ્પ સૂત્ર ટબાર્થ કથા સહિત સંપૂર્ણ । ગ્રંથાગ્રં સૂત્ર ૧૨૧૬ ॥ સર્વ ગ્રંથાગ્ર ૯૦૦૦ ॥ સંવત્ ૧૮૩૪ વર્ષે શાકે ૧૭૦૦ પ્ર. વૈશાખ વદિ ૫ શુક્રે । લિખિતં પૂજ્ય પ્રવર પંડિત વિદ્વજ્જન શિરોમણિઃ જિનશાસનોદ્દીપક સ્થવિર મહાંત શ્રી **ભી**મસેનજી તચ્છિષ્ય વિદ્વજ્જન મુકુટ મણિઃ પૂ૦ઋ૦શ્રી ૫ **મોટા**જી તદંતેવાસી શિષ્ય ઋષિણા **મહા**નંદેન લિપિચક્રે શ્રી વડોદરાનગરે । પઠનાર્થે શિષ્ય ઋ૦ ઋષભદાસ ॥ યાદશં પુસ્તકે દૃષ્ટં । તાદશં મયા લિખિતં વિદ્વદ્ભિર્યત્નેન શોધનીયં । જે કાંઇ અશુદ્ધ વિઘટિત શબ્દ લિખાંણો હોએ તેહનો મિચ્છામિદુક્કડં ॥ શ્રી કલ્યાણમસ્તુતરામ્ । ૧૮૭ પત્ર ગોંડલ ભંડારમાં (કવિની સ્વહસ્તલિખિત પ્રત)

---

૪૭૬ **લબ્ધિવિજય** (૩) ત. હીરવિજયસૂરિ–ધર્મવિજય–કુશલવિજય ને કમલવિજય–લક્ષ્મીવિજય–કેશરવિજય ને અમરવિજય શિ.)

(૯૬૨) + **હરિબલમચ્છી રાસ** સં. ૧૮૧૦ માહા શુ. ૨ મંગલ
વાવ્યબંદરના સીમાણામાં.

આદિ— દૂહા

પ્રથમ ધરાધવ જગધણી, પ્રથમ શ્રમણ પણિ એહ
પ્રથમ તિર્થંકર જગ જયો, પ્રથમ ગુરૂ પભણેહ. ૧

વિશ્વ સ્થિતિ કારક પ્રથમ, કારક વિશ્વ ઉદ્યોત,
ધારક અતિશય **આદિ** જિન, તારક ભવનિધિ પોત. ૨
લઘુ વય ઇચ્છા ઇક્ષુની, પારણુ દિન પણ તેહ
મિષ્ટ ઇષ્ટ જેહને સદા, **નાભિનંદન પ્રણમેહ.** ૩
સિદ્ધ વધૂના સંગમેં અછક છકયો દિનરાતિં
હું તસ પદપંકજ નમું, નિત ઉઠિ પરભાત. ૪
હંસાસન જે **સરસતિ**, વરસતી વચન વિલાસ
કાસમેર મુખ મંડણી, કવિજન પુરેં આસ. ૫
તે હું પ્રણમું **ભારતિ**, વારતી જડ અંધકાર,
મુઝ મન મંદિરમાં વસી, કરવા મુઝ ઉપગાર. ૬
માતા મુઝ મોટો કરો, દેયો વચન રસાલ,
રંગ રંગીલી જન સભા સાંભલે થઈ ઉજમાલ. ૭
જે હું ચાહું ચિત્તમાં, તે તું કરજે માત
વચનની રચના રસ દીઓ, વાધેં તુઝ આખ્યાત. ૮
ગુરૂ ज्ञाता માતા પિતા, ગુરૂથી અધિક ન કોય,
દેવ ધર્મ ગુરૂ ઓલખ્યા, બલિહારી ગુરૂ સોય. ૯
તે ગુરૂ ચરણ નમી કરિં, ભવિઅણુને હિતકાર
રાસ રચું **હરિબલ** તણો, પુણ્ય ઉપર આધકાર. ૧૦
પુણ્યેં વંછિત પામીઓ, પુણ્યે લહિ નવ નિધ્ય
પુણ્યેં મહિલા સંપજે, પુણ્યેં ઋદ્ધિ સમૃધ્ય. ૧૧
જીવ દયા પાલી જિણેં, તિણેં ઉપરાજ્યું પુણ્ય,
સુર નર તસ સાનિધિ કરેં, માંને તે દિન ધન્ય. ૧૨
જીવ દયા થકી પામીઓ, **હરિબલ** મછીરાય
તાસ સંબંધ સુણતાં થકાં, સઘલાં પાતિક જાય. ૧૩
રાસ સરસ સુણતાં થકાં, જે કોઈ કરસે વાત
તેહને તસ વલભ તણા, સમ દેઉં છું સાત. ૧૪
જિમ મૃગ નાદ લીણો થકો, નિસુણે થઈ એક રંગ
તિમ સુણજ્યો ભવિયણ તુમેં, આંણિ ચિત્ત અભંગ. ૧૫

અંતે— ઉલ્લાસ ૪ ઢાલ ૨૫ ધન્યાશ્રી

શ્રી મુનિચંદ્ર જે કેવલી પાસં, લે સંજમ ઉલ્લાસેંરે
કેવલીયેં પણ ઢીલ ન દીધી, જિનની શિક્ષા દીધીરે. ૧
સુણો ભવિયાં હરિબલ જે ઋષિરાયા. આંકણી.

× × × ×

જીવ દયાથી નવનિધિ લહિયેં, સઘલે સૂત્ર છે સાખીરે
હરિબલનું ચરિત્ર છે મ્હોટું, જુઓ **નિષિધમેં** ઝાંખીરે.
પા૦ જુઓ **વિચારસાર** ઝાંખીરે. ૧૩ સુ.
તે આધકાર મેં નયણે નિરખ્યો, જેહવો શાસ્ત્રમેં દીઠો રે
તેહવો મેં અધિકાર વખાણ્યો, દેશાયેં કરીને મીઠો રે. ૧૪ સુ.
લાટાપલ્લી પુરનો વાસી, **પૂનિમ** ગચ્છેં સોહેરે
પંડિત **નરસિંહ ધનજી** કેરો, તપ ગુણેં કરી મોહેરે. ૧૫ સુ.
તસ આગ્રહથી સયણાચારે, રાસ રચ્યો મેં રૂડોરે
વેધક રસિયા ધર્મી જનને, એ છે મધુનો પૂડો રે. ૧૬ સુ.
મેં તો કરી છે બાલકક્રીડા, હું શું જાણું જોડી રે
પંડિત હોય તે શુદ્ધ કરેજો, મત કોઈ નાખો વિખોડીરે. ૧૭ સુ.
રસનાને રસેં અધિકું ઓછું, જે મેં ભાખ્યું અભાખ્યુંરે
તે મિચ્છા દુક્કડ કર જોડી, દેઉં પંચ સમક્ષેંરે. ૧૮ સુ.
શુદ્ધ પરંપર **સોહમ** તખતેં, પ્રગટયા **હીરસૂરી**દેરે
તસ શિષ્ય **ધર્મવિજય** ક્રમધોરી, દીપે જ્યું શારદ ચંદોરે ૧૯ સુ.
તસ શિષ્ય પંડિત **ધનહર્ષ** જ્ઞાની, સુમતિ સદા ચિત્ત માનીરે
તસ શિષ્ય પંડિત **કુશલવિજય** કવિ, પ્રતિબોધ્યા અનુમાનીરે ૨૦ સુ.
તસ ભ્રાતા ગણિ **કમલ**વિજય શુભ, જ્ઞાન વિજ્ઞાનમેં લીનારે
તસ શિષ્ય પંડિત **લખમિવિજય** સુર, સંવેગરસમેં ભીનારે. ૨૧ સુ.
તસ શિષ્ય પંડિત દો ગુણ ગ્યાતા, **કેસર અમર** દો ભ્રાતારે
તસ પદકિંકર **લબ્ધિવિજય** કહે, ચાર ઉલ્લાસ વિખ્યાતારે. ૨૨ સુ.

શીલાંગરથ સંવત્સર **દશકે** ૧૮૧૦, મહા શુદિ બીજ ભૃગુવારેંરે
હરિબલના ગુણ જીવ દયા પર, ગાયા મેં એક તારેંરે ૨૩ સુ.
શ્રી **તપ** ગચ્છ નભ દિનમણિ સોહે, શ્રી **વિજયધર્મ** સૂરીશોરે
તસ ગણધરના રાજમાં રસિયો, ગાયો મચ્છિવિશેષોરે. ૨૪ સુ.
વાવ્ય બંદર શ્રી **અજિત**પ્રસાદેં, રહી **સીમાણા** વાસેંરે
રાણા શ્રી **ગજસિંહ**ને રાજ્યે, રાસ રચ્યો મેં ઉલ્લાસેંરે. ૨૫ સુ.
હરિબલના ગુણ સુણતાં પામે, જીવી સિદ્ધ સમાણીરે
ઢાલ પચવીશમી ચોથે ઉલ્લાસેં, **લબ્ધિ** કહે ગુણખાણીરે ૨૬ સુ.
ઢાલ ઓગણસાઠ સાતસેં દોહા, **હરિબલ ચરિત્ર**થી ભાંખ્યારે
સાડાત્રણ સહસ્ર શ્લોક એકાવન, ગ્રંથાગ્રંથ એ દાખ્યારે. ૨૭ સુ.
જ્ઞાતા ભુગતા દાતા સારૂ, સંબંધ રચ્યો મેં વારૂરે
હલુઆકર્મી જે હશે સાચા, માનશેં સઘલી એ વાચારે ૨૮ સુ.
ચઉવિહ સંઘને મંગલ હોજ્યો, દિન દિન લચ્છિમેં ભલજ્યોરે
હરિબલની પરેં સંપદ લહેજ્યો, **લબ્ધિ**ની વાચા ફલજ્યોરે ૨૯ સુ.

—(૧) પ્ર૦ ભી. મા. સં. ૧૯૪૫.

(૨) સંવત ૧૮૪૭ના વર્ષે માસોતમ માસેં શુભકારિ માસેં જ્યેષ્ટ માસે કૃષ્ણ પક્ષેં તિથૌ ૧૩ ગુરૂ વાસરે લિખિતં સકલ પંડિત શિરોમણિ પં. દોલતચંદ્રજી તત્ ભ્રાતા પં. પાનાચંદ્રજી તત્ શિષ્ય મુનિ કનકચંદ્ર લપિકૃતં પર ઉપગાર નિમિત્તં મુનિ રૂપચંદ્ર પઠનાર્થં. ૮૩–૧૫ દા. ૬ નં. ૪ ખેડા ભં.

(૩) પં૦ હંસરત્ન શિ. સહજરત્ન શિ. ગુલાબરત્ન શિ. ધર્મરત્ન લ૦ નટપુર ગ્રામે વાસ્તવ્યં સં. ૧૮૭૫ શાકે ૧૭૪૦ આસો વદી ૪ રવેઉ પ્રભાતે પરીપૂર્ણ ૬૩–૧૮ ખેડા ભં. ૩

(૪) સં. ૧૮૭૦ આષાડ શુદિ ૨ લિ. ઉપાધ્યાય ૧૦૦૬ શ્રી ઉદયરત્નજી ગણિવરાણાં શિ. પં. ઉત્તમરત્ન ગણિ–પં. જિનરત્નગણિ–પં. ક્ષમારત્ન ગણિ–પં. રાજરત્ન ગણી લઘુ શિ. મુનિ અનોપરત્નેન એટકપુર નગરે રસુલપરા શ્રી ઋષભ પ્રસાદાત્ ૭૩–૧૩ ખેડા. ભં. ૩.

(૫) મહોપા. દેવવિજયગણિ-શિષ્ય ઉ૦ ગુણવિજય શિ. અમૃતવિજયગણિ શિ. ભાવવિજયગણિ શિ. ભાણુવિજય શિ. કપૂરવિજય વાચનાર્થં સં. ૧૮૧૬ આસો શુ. ૭ ભૃગુવાસરે શ્રી વડાલી ગ્રામે. પં. પ્રેમવિજય શિ. સુબુદ્ધિવિજય શિ. રૂપવિજય લિ૦ ૮૦-૧૫ ઇડર ગોરજી ભં.

(૬) શ્રીમદાચાર્યાઃ શ્રી ૫ શ્રી વાલ્હચંદ્રજી તદંતેવાસી લિખિતં મુનિ લક્ષ્મીચંદ્રેણ શ્રી સિદ્ધપુરે સવત્ ૧૮૨૦ વર્ષે માર્ગશિર્ષ માસે અષ્ટમ્યાં તિથૌ ભૂસુતવાસરે ૪૧-૨૦ રાજકોટ મોટા સંઘનો ભંડાર.

(૭) લિ. સં. ૧૮૪૭ પત્ર ૮૫ નં. ૨૩૪૦ લીં.

(૯૬૨ક) જંબૂસ્વામિ શલોકો

—પત્ર ૩ નં. ૩૬૫૧ લીં.

---

૪૭૭ નેમવિજય (ત. હીરવિજયસૂરિ-શુભવિજય-ભાવવિજય-સિદ્ધવિજય-રૂપવિજય-કૃષ્ણવિજય-રંગવિજય શિ.)

(૯૬૩) થંભણો પારસનાથ, સેરીસો પાર્શ્વનાથ, સંખેસરો પાર્શ્વનાથ સ્તવન સં. ૧૮૧૧ ફા. સુ. ૧૩ સોમ.

આદિ— દુહા.

સરસતિનેં સમરૂં સદા, મહિર કરે મુઝ માય,
બલ ભવિયણ આપે વહી, દુનિયાંનેં આવે દાય. ૧
દીવાની પરેં દાખવે, જોતિ કરી જગમાય,
વાસ કરે મુઝ મુખ વલી, પુજીસ તોરા પાય. ૨
ગુંણ ગાવા ગિરૂયા તણા, ઉલટ અંગ ન માય,
તું મુઝ તુઠી તો ખરી, ઇચ્છયું સીધજ થાય. ૩
પ્રગટ દેવ પ્રથવીતલેં, પરતાપુરણ પાસ,
થંભ્યાં નીર જે થંભણે, વાસ્યાં નગરનિવાસ. ૪

સેરીસો સંખેસરો, નામેં **પારસનાથ**,
એ ત્રિહું એક સમેં હુયા, સુરનર સેવે સાથ. ૫
સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, પુજ્યા કરી પ્રાસાદ,
ત્યાંની વિણુ જાંણિં નહી, એહની ન લહેં આદિ. ૬
પરતો પુરે પાતાલનો, શેષ નાગ કરે સેવ,
પ્રતિમા ત્રિણ્યે પુર્વની, દરસણ કરાવે દેવ. ૭

અંતે— ૨૮મી ઢાલ રાગ ધન્યાસિરી.

વાધારા ભાવનરી દેશી.

પારસનાથ તણા ગુણ ગાઉં, કીરતિ જગમેં કીધી હે,
સસનેહી સુંદર સુગુરૂ વયણ ચિત્ત આંણીએ એ આંકણી.

× × × ×

સંવત **અઢાર ઈગ્યારોતરા** વરસે ફાગુંણ માસ સુદિ પખે હે,
વાર સોમ ને તિથિ તેરસ દિને, ગાયા ગુણ મેં સખે હે. ૮
શ્રી **હીરવિજય** સુરીસર પાટે, **સુભવિજય** કવિરાયા હે,
ભાવવિજય શિષ્ય તેહના ભણીઇ, **સીદ્ધવિજય** અધિક સવાયા હે. ૯
રૂપવિજય શિષ્ય તેહના રૂડા, **કૃષ્ણવિજય** શિષ્ય કહીઇ હે,
રંગવિજય રંગીલા જગમેં, વયણે તેહને વહીઇ હે. ૧૦
સર્વ સંખ્યાઈ ગાથા કહી છે, સાઢા ત્રિણસ્યેં માંન હે,
અઠાવીસમી ઢાલ એ ભાખી, **નેમવિજય** એક ધ્યાંન હે. સ૦ ૧૧

—પં. **નેમ** લખીતં.

(૯૬૪) ગોડી પાર્શ્વ સ્ત૦ (કાજલ મેઘાનું સ્ત., મેઘાશાનાં ઢાલીઆં.) ૧૬ ઢાલ. સં. ૧૮૧૭ ભાદ્ર. શુ. ૧૩ સોમે.

આદિ— દૂહા.

ભાવ ધરી ભજના કરૂ, આપે અવિચલ મત,
લઘુતાથી ગુરૂતા કરે, તું **સારદ સરસત્ત**. ૧

મુઝ ઉપર મયા ધરો, દેજો દોલત દાન,
ગુણ ગાઉં **ગોડી** તણા, ભવે ભવે ભગવાન. ૨

અંતે—

આજ ગાઉં **ગોડીપુર** ધણી શ્રી સંઘ કરે પસાય,
ચોમાસો કીધો ચૂપસૂં ગામ તે **મઇઆજલ** માંહ. ૪
શ્રી **હીરવિજય** સૂરીસરૂ, તસ **શુભવિજૈ** કવિ સીસ,
તેના **ભાવવિજય** કવિ દીપતા તેના **સિદ્ધ** નમું નસદીસ. ૫
તેના **રૂપવિજય** કવિરાયના તેના **કૃષ્ણ** નમું કરજોડ,
વલી **રંગવિજય** રંગે કરી હુંતો પ્રણુત કરૂં કરિ કોડ. ૬
સંવત **અઢાર સતલોતરે** ભાદ્રવા માસ ઉદાર,
તિથિ તેરસ ચંદ્રવાસરે, **નેમવિજયને** જયકાર. ૭

—ગેરીતા મધ્યે પં. **નેમવિજય** લષીતં.

(આ બંને સ્તવન પછી ચાર સઝાય છેઃ—

દાન પર સઝાય-પહલું અભયનું દાંન તેતો જીવદયા પર ધ્યાંન; સીલ પર સઝાય-હવે સુણજો નવવાડિ શીલની મન વચન કાયા વશ રાખીરે, તપ પર સઝાય-હાંરે પ્રહ ઉઠી દસ વિધિ કરવું તી તપ વખાંણજો, ભાવ પર સઝાય-બારે ભેદે ભાવીઇરે લાલા ભાવ આણી મનમાય.]—સંવત ૧૮૨૪ વર્ષે આસો વદિ ૯ વાર શુક્રે. (કવિની હસ્તલિખિત પ્રત) ૨૯-૧૪ ઇડર ગોરજી ભંડાર.

—(થંભણ-સેરીસા-શંખેશ્વર પાર્શ્વ સ્તવનની પ્રત)—ગાંમ પિલુચા ગ્રાંમાત્ શ્રી **શાંતિનાથ** પ્રસાદાત્ સંવત્ ૧૮૧૮ ના માગસુર વદ ૯ લેખિત્યં ॥ ૧૧-૧૮ (પ્રથમ પત્ર નથી) અનંત. નં. ૨.

—ગોડી પાર્શ્વ સ્ત૦ની પ્રત ૧૦-૯ દા. ૩૯ પ્રત નં. ૧૩ ડા. પાલણપુર.

—લિ. સં. ૧૮૬૪ પત્ર ૧૧ નં. ૨૮૯૨ લીં.

(૯૬૫) +ધર્મપરીક્ષાનો રાસ. સં. ૧૮૨૧ વૈ શુ. ૫ ગુરૂ, વિજાપુરમાં.

આદિ— દુહા.

પ્રથમ જિનેશ્વર પય નમું, વૃષભનું લાંછન જાસ,
મરૂદેવી નંદન **ઋષભ, નાભીરાય** કુલ તાસ. ૧
અઢાર વર્ષ આરા તણાં, સાગર કોડાકોડ,
ગયો ધર્મ વાલ્યો જિણે, તેહ નમું કરજોડ. ૨
આદિ ચારિત્ર આદરી, દીધો દ્વિધા ધર્મ,
મન વચ કાયા વશ કરી, છેદી આઠે કર્મ. ૩
શિવપુરના વાસી થયા, અજરામર સુખ ઠામ,
ચોવીસે તીર્થંકરા, તેહને કરૂં પ્રણામ. ૪
સમરૂ શ્રુતદેવી સદા, આપે વચન વિલાસ,
તુષ્ટમાન થાજો તમે, સફલ ફલે મુજ આશ. ૫
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ તુઠે ગમ હોય,
ગુરૂ કહીયે માતા પિતા, ગુરૂથી અધિક ન કોય. ૬
ભવિયણ ભાવે સાંભલો, ધરમાધરમ વિચાર,
દ્વેષબુદ્ધિ દૂરે કરી, પરીક્ષા કરજો સાર. ૭
ઉત્પત્તિ તેહની ઉચરૂં, ધર્મપરીક્ષા રાસ,
વાતો વિવિધ પ્રકારની, આણી હરખ ઉલ્લાસ. ૮
સાંભલતાં સુખ ઉપજે, મત નાવે મનમાંય,
સૌ જાણે સાચો ધરમ, ભાખ્યો તિમજ કહાય. ૯

અંતે— ખંડ ૯મો. ઢાલ ૭૦મી.

ઘર આવોજી આંબો મોરીયો—એ દેશી.

શ્રી જિનધર્મ આરાધીએ, કરી નિજ સમકિત શુદ્ધ,
ભવિ તપ જપ ક્રિયા કીધલી, લેખે પડે તે વિશુદ્ધ.
કંચન કસી કસી લીજીયે.

× × × ×

સંવત **અઢાર એકવીશમાં,** માસ **વૈ**શાખ સુદિ પક્ષ,
તીથિ પાંચમ ગુરૂવાસરે, ગાયા ગુણ મેં રૂપ. ૮
વિજાપુરમાં વિરાજતા, વૃદ્ધ તપા પક્ષે સનૂર,
ચંદ્રગચ્છમાં દીપતા, શ્રી જિનસાગર સૂરિ. ૯
તેહની સાંનિધિને લહી, ગાયો રાસ ઉલ્લાસ,
ઓછો અધિકો અક્ષર હોયે, શુદ્ધ કરજ્યો પંડિત તાસ. ૧૦
રાસ કર્યા કવિએ ઘણા, પણ **ધર્મપરીક્ષાનો રાસ,**
એહ સમોવડ કો નહિ, જેમાં અધિકાર છે ખાસ. ૧૧
સર્વ સંખ્યાએ ગ્રંથ કહ્યો, **પાંચહજાર** ઉપર **પાંચ,**
ઢાલો કહી નવ **ખંડની, એકસો ને દશ** વાંચ. ૧૨
શ્રી **હીરવિજય** સૂરિ તણો, **શુભવિજય** તસ શિષ્ય,
ભાવવિજય કવિ દીપતા, **સિદ્ધિ** નમું નિસદિસ. ૧૩
રૂપવિજય રંગે કરી, **કૃષ્ણ** નમું કરજોડ,
રંગવિજય ગુરૂ માહરા, મુજ પ્રણમ્યાનો કોડ. ૧૪
નવમો ખંડ પૂરો થયો, સાતે ઢાલે કરી સત્ય,
નેમવિજય કહે નિત્ય પ્રતે, રાખજો ધર્મશું ચિત્ત. ૧૫

—પ્ર૦ ભીમશી માણેક.

(૯૬૬) શ્રીપાળનો રાસ સં. ૧૮૨૪ પો૦ વ. ૬ રવિ. વીજાપુર પાસે ગેરીતામાં.

આદિ—

સકલ જિનેશ્વર સર્વદા, પરમેશ્વર પ્રણમેવ,
નાંમ સમરંતાં નિત્ય પ્રતેં, દરસણથી સુખ દેવ, ૧
સારદને સમરૂં સહી, સૂત્ર સિદ્ધાંતે સાર,
ગુંણ વખાંણ્યા ગણધરે, વહિલી કીધી વાર. ૨
ગુરૂથી પાંમેં ગુણ ઘણા, ગુરૂથી સવિ ગમ્ય થાય,
પહિલો પ્રણમું તે ભણી, વિવિધ વાતો વિગતાય. ૩

પ્રણમું પંચ પરમેશ્વરો, નામે નવનિધિ હોય,
રોગ સોગ સંકટ ટલે, સમરે જો સબ કોય. ૪
નામે નરનારી તર્યા, નવપદ નાંમે સિદ્ધ,
આંબિલ તપ આરાધતાં, **શ્રીપાલ** પાંમ્યો રીધ. ૫
કુણ દેસે કિહાં ઉપનો, સાંભલજો નરનાર,
સિદ્ધાંતની સાખે કરી, આણું જે અધિકાર. ૬
સાંભલતાં સુખ ઉપજે, સાંભલતાં હોઈ વૃધ,
સાંભલતાં ચિતમે સદા, બહોલી ઉપજે બુધ. ૭

અંતે—

ઢાલ ૪૫ રાગ ધન્યાસિરી.

રતનપાલ રિષી ચારિત્ર પાલે કુંમતિ કદાગ્રહ ટાલેજી—એ દેશી.

ભાખે જગગુરૂ સાંભલો ભવિકો, લહી માંનવ અવતારજી,
સિદ્ધચક્ર સેવો તપને કરજો, વંછિત ફલ દાતારજી. ૧
સિદ્ધચક્રને ભવિજન આરાધો, જો સિદ્ધક્ષેત્રને લાધોજી,
આંબિલ એકાસી કરો એહનાં, શિવપદનાં સુખ સાધોજી. ૨
શ્રેણિક દેસના સુણીને ઉઠયો, કીધો **વીર** વિહારજી,
પર ઉપગારી પ્રથવી પાવન, કરવા જગદાધારજી. ૩
સિંહ **રતનશેખર** સૂરીસરે, કૃત **શ્રીપાલચરિત્ર**જી,
ગાથા બંધ થકી મઇ આણ્યો, એ અધિકાર પવિત્રજી, ૪
તેહ થકી કાંઇ અધિકું ઓછું, કહિવાંણું હોઇ જેહજી,
હોજો ચતુર્વિધિ સંઘની સાખે, મિચ્છા દુક્કડ તેહજી. ૫
મે **શ્રીપાલ** નરેસર ગાયો, તે ગુરૂને સુપસાયજી,
ગુણવંતના ગુંણ ભણતાં ગણતાં, રિધિ વૃધિ સિધિ થાયજી. ૬
પ્રથવીમાંહિ પંડિત મોટા, કવિજન કેરા રાયાજી;
વક્તા વાંચીને થાસ્યો રાજી, તો મુઝ મન સવાયાજી. ૭
સંવત **અઢાર ચોત્રીસા** વરસે, પોસ માસ વદ જાણોજી,
છઠને દિવસ અને રવીવારે, પુરણ રાસ પરમાંણોજી. ૮

ગ્રંથાગ્રંથ અક્ષર ગણી કીધો, દોય સહસ્ર કરી સીધોજી,
લખેં લિખાવે સાધુ શ્રાવક, તે માટે ગણી દીધોજી. ૯
વિજાપુર પાસે છઇ ગામ, **ગેરીતો** જેહનો નાંમજી,
નેમનાથ સાંમી સુપસાઈ, રહ્યા ચોમાસો તે ઠાંમજી. ૧૦
સંઘની આગ્રહ કરીનેં કીધો, રાસ એહ રસીલોજી.
સાંભલસ્યેં નરનારી ભાવેં, તે પાંમસ્યેં સીવ ચીલોજી, ૧૧
વિનય વિવેકી શ્રાવક સઘલા, સાંભલી થાસ્યેં રાજીજી,
કવિતા જો સ્યાબાસી દેસ્યેં, તો જસની ગેડી વાજીજી. ૧૨
શ્રોતા જનો હાસી મ કરસ્યો, બુદ્ધિ મારી સારૂજી,
મિં તો કીધી બાલક ક્રીડા, તે માટેં તુમ વારૂંજી, ૧૩
પાતસાહ દલીપતી હુઓ, **અકબરશા** છે નાંમિજી,
તેડાવ્યા ગછનાયક ગિરૂયા, **તપા**ગછ મોટે ઠાંસેજી. ૧૪
શ્રી **હીરવિજય** સુરી આચારજ, **શુભવિજય** તસ સીસજી,
ભાવવિજય સિષ્ય તેહના ભણીઇ, **સિદ્ધિવિજય** જગીસજી. ૧૫
રૂપવિજય સિષ્ય તેહના રૂડા, **કૃષ્ણવિજય** સિષ્ય તેહનાજી,
રંગવિજય રંગીલા જગમેં, ગુંણ ગાઉં હું એહનાજી. ૧૬
પરતાલીસમી ઢાલ એ ભાખી, **નેમવિજય** રસાલજી,
રંગ વધાંમણાં ઘરોઘર નિત્યેં, હોજો મંગલમાલજી. ૧૭

—સં. ૧૮૩૨ આસો સુદિ ૮ દિને સોમવાસરે લિષીતં **નેમવિજય** વિસલનગર મધ્યે. ૪૫–૧૩ ઇડર ગોરજી ભંડાર નં. ૧૭૭ (કવિની હસ્તલિખિત પ્રત).

(૪૭૭ ક) વીર.

(૯૬૬ ક) રાજિમતિ નેમનાથ બાર માસ કડી ૩૭ સં. ૧૮૧૨ વૈ. શુ. ગુરુ.

આદિ—
આદેસર આદે કરીને, પ્રણમું જિનવર પાયાજી,
સરસ્વતીનેં ચરણે નમી વલી, ગિરુઆ **ગણપતિ**રાયા, અંતરજામીજી. ૧

કાર્ત્તિક માસેં કમલાકાંમી, પાંમી પરમાણુંદજી,
સજની રજની આજની રૂડી, નિરખેં નયણાનંદ-અંતર. ૨

અંતે—

નેમ રાજૂલ નારના ને, ગાયા બારે માસજી,
ભણે ગુણે જે કોઈ સાંભલે, તેહની સફલે મન આસ—અંતર. ૩૬
સંવત **અઢાર બારજ** વર્ષે, વૈશાખ શુદિ ગુરુવારોજી,
વીર મુનિની વિનતિ પ્રભુ, ભવસાગર પાર ઉતારો—અંતર. ૩૭

—લિ૦ ઋ૦ **સંભૂરાંમ** સં. ૧૮૫૨ શ્રાવણ શુ. ૧૩ **મુંબાઇ** મધ્યે પત્ર ૩૬ થી ૩૯ અનેક સ્તવનાદિ સંગ્રહ એ નામ આપેલી ૨૪૬ પત્રની પ્રત નં. ૨૪૬ શ્રી મુક્તિકમલ૦ વડોદરા.

---

૪૭૮ રામવિજય (ખ. શાંતિહર્ષ-જિનહર્ષ (નં. ૨૯૩)-સુખવર્ધન-દયાસિંહ શિ.)

(૯૬૭) ચિત્રસેન પદ્માવતિરાસ સ. ૧૮૧૪ પોશ શુ. ૧૦ બિકાનેરમાં.

આદિ—

શ્રી રિસહેસર પયકમલ, પણમિય ધરિ આણુંદ
દાન ધરમ ગુણ વરણવૂં, સુણો સભાનરવૃંદ. ૧
સુગતિ પંથ ચ્યારે અછે, દાન શીલ તપ ભાવ
વિણ જગગુરૂ પહીલો કીધો, દાન તણો પ્રભા(સ્તા)વ. ૨

અંતે—

ભવિયણ ! સાચૌ ઇક ધર્મ ભાઇ,
ભવ કંતાર ભમંતા જીવનેં એહિજ હોઇ સહાઇ—ભ૦
ધરમપદારથ સાર જગતમેં, જિહાં તિહાં ગ્યાનીએ ગાયૌ
તિણ ઊપરિ **ચિત્રસેણ** નરિંદનૌ, એ દ્રસટાંત સુણાયો—ભા૦ ૧
દાન સીલ તપ શુભ ફલદાયક, જૌ હુઇ ભાવ સમેલા,
શુભ પરિણામ વિના સહૂ નિરફલ, તીને ઈ એહ ઇકેલા—ભ૦ ૨

કરમતણો બંધ કરમ નિરજરા, એ સહૂ આતમ સારૈ
એ **ચિત્રસેણ** ચરિત્ર શ્રવણે સુણિ, એ પરમારથ ધારૈ—ભ૦ ૩
અઠારહસો ઊપરિ વરસૈ, **ચવદોતર** વહંત
પોસ માસ શુદિ દસમિતણૈ દિન, રાસ રચ્યૌ મન ખંતે—ભ૦ ૪
શ્રી **જિનલાભ** સૂરીસર રાજૈ, **ખરતર** ગચ્છ વડભાગી,
ખેમ સાખ શ્રી **શાંતિહરષ** સિષ, શ્રી **જિનહરષ** વૈરાગી—ભ૦ ૫
તાસ સીસ વાચક **સુખવરધન**, કલાનિધાંન કહાયાં,
તાસ સીસ વાણારસ પદધર, શ્રી **દયાસિંઘ** મુનિરાયા—ભ૦ ૬
તાસુ ચરણરજકણ સુપસાયૈ, **સરસતિ** સુનિજરિ પાઈ,
રામવિજૈ ઉવઝાય એ ચૌપાઇ, **વીકાનેર** વણાઈ—ભ૦ ૭
પંડિત ચતુર સાધુ જણ પેરણ, એ ઉદ્યમ ઉપજાયૌ,
એ સંબંધ સુણાવૌ ગાવૌ, લ્યૌ સોભાગ સવાયૌ—ભ૦ ૮

—(૧) સર્વગાથા ૪૯૫ ઇતિ શ્રી દાનધર્માનુમોદનાધિકારે ચિત્રસેન પદ્માવતી ચતુઃપદી સમાપ્તાઃ લિખિતા ચ શ્રી તોલીયાસર મધ્યે સંવત્ ૧૮૪૬ વર્ષે મિતી ફાગુણ સુદિ ૭ દિને આદીતવારે. જૈન શ્વે. કૉન્ફરન્સ (૨) સં. ૧૮૪૯ અજીમગંજ રાય ધનપતિસિંહ ભં૦ (Notices of Sanskrit Mss. Vol. 9) કલકત્તા (૩) સં. ૧૮૮૨ મિતિ પ્રથમ શ્રાવણ વદિ ૩ દિને લિખિતં ઋષિ ભારમલ્લ અર્કવાસરે નાગોર મધ્યે ૨૧-૧૫ ગુ૦ નં. ૧૩-૧૨ (૪) ૨૧-૧૬ વિ. ને. નં. ૪૫૯૭.

---

૪૭૯ રત્નવિજય (૩) [સત્યવિજય-કપૂરવિજય-ક્ષમાવિજય -જિનવિજય (નં. ૪૫૬)-ઉત્તમવિજય (નં. ૪૬૭) શિ.]

(૯૬૮) ચોવીસી સં. ૧૮૧૪ આસપાસ સુરતમાં

અંતે— કલશ.

સૂર્યમંડણ પાસ પસાયા, **સુરત** બિંદરમેં સુહાયારે
ત્રિકરણ યોગ મેં દ્રનેર કાયા, ચોવીસ પ્રભુ ગુણ ગાયારે

શ્રી **તપગછ** ઉદયાચલ ભાણ, શ્રી જિનસાસન સુપ્રમાંણરે
શ્રી **વિજયસિંહ** ગુરૂ સુજાંણ, **સત્યવિજય** ગુણખાંણરે. ૯
તાસ સીસ **કપુરવિજય** ગુણ દરીઆ, વૈરાગ ગુણેં જે ભરીઆરે
શ્રી **ખીમાવિજય** તે ગુંણથી ગરીયા, **જિનવિજય** ગુરૂ ગુણ
અનુસરીયારે ૧૦
જસ સુપસાય કુરીત ગમાયા, મંગલમાલા સુખ પાયા રે
શ્રી **ઉત્તમવિજય** ગુરૂ ચરણ પસાયા, સિષ્ય **રત્નવિજય**
ગુણ ગાયા રે ૧૧

—સંવત્ ૧૮૧૪ ના વર્ષે પોસ વદિ સપ્તમ દિને રવિવારે લિખીતં પં. શ્રી ઉત્તમવિજયગણી શિષ્ય પં. રત્નવિજયેન (કવિ પોતે) લિખાપિતં. ૧૭-૧૧ દા. ૩૯ પ્રત નં. ૫ ડા. પાલણપુર (પ્રથમ પત્ર નથી)..

---

૪૭૯ ક અમરવિજય

(૯૬૮ ક) સીમંધર સ્વામીસ્તવન સં. ૧૮૧૪
—પત્ર ૨ પ્રત નં. ૩૩૮૦ લીં.

૪૮૦ આલમચંદ [ખ. સમયસુંદર (નં. ૧૯૬) પરંપરામાં કાશીદાસ-ઠાકુરસિંહ-કુશલચંદ-આસકરણ શિ.]

(૯૬૯) મૌન એકાદશી ચોપાઇ સં. ૧૮૧૪ માહ શુ. ૫ રવિ. મકસુદાબાદમાં.

આદિ— દૂહા.

ચ્યાર તિર્થંકર સાસતા, વિહરમાન જિન વીસ,
ચોવીસેં જિનપય નમું, જગજીવન જગદીશ. ૧
વલિ **સરસતિને** વીનવું, સુણજ્યો એક અરદાસ,
શુભ મતિ દેજ્યો મુઝ ભણિ, જ્યૂં પૂરે મન આસ. ૨
એ સહૂને પ્રણમી કરી, સદગુરૂ પય પ્રણમેવ
શ્રી **મૌનેકાદશી** તણી, કહૂં કથા સંખેવ. ૩

અંતે—

ઢાલ ૧૩ મી. શાંતિ જિણ ભાંમણે જાઉં એ દેશી

ઇણપર સાધ તણા ગુણ ગાયા, ધ્યાંન ધરી સુખ પાયા એ ૧
એહવા સાધ ઉત્તમ મેં ગાયા.

સુવ્રત સાધ મોટા અણગારા, સહૂ ભણી હિતકારા એ ૨ એ.
ધ્યાંન એક નિરંજણ ધ્યાયા, પરમ મુગતિ સુખ પાયા એ. ૩ એ.
અંત સમૈ જિણવર સાંભલી, દૂષણ સગલા ટાલી એ. ૪
સાધ તણી કિરિયા સહૂ સાધી, પંચમ ગતિ જિણ લાધી એ. ૫
લાલચંદજી સાહ જાંણીતા, **સાંઉસુખ** ગોત્રેં કહીતા એ. ૬ એ.
તસુ પુત્ર **સુગાલચંદ** કહાવેં, જિનધર્મ અધિક સુહાવેં એ. ૭ એ.
દેવ તો માંને અરિહંત દેવા, મન સુદ્ધ કરેં નિત્ય સેવા એ. ૮
કેવલી-ભાષિત ધર્મ આરાહૈ, સુગુરૂનૈં વંદૈ ઉછાહે એ. ૯
જાંણ શ્રાવક એ **જેસલમેરા**, મર્મ લહૈ ધર્મ કેરા એ. ૧૦
તેહ તણે આગ્રહસું કીધા, સંબંધ એ અતિ સીધા એ. ૧૧
સંવત **અઢારચવદોતર** વરષેં, **માહ** માસ સુદિ હરષેં એ. ૧૨
વસંતપંચમિ આદિત્યવારા, પૂરણ થયા અધિકારા એ. ૧૩
મકસૂદાવાદ નગરનેં માંહે, ચોપઇ કીધી ઉછાહેં એ. ૧૪
જુગપરધાંન શ્રી **જિનચંદા**, તસુ શિષ્ય **સકલચંદા** એ. ૧૫
પાટક **સમયસુંદરજી** સાખાયેં, **કાસીદાસજી** કહાયા એ. ૧૬
તસુ સીસ **ઠાકુરસીજી** કહાવેં, વાચકપદ ધરાવેં એ. ૧૭
તસુ શિષ્ય વાચક **કુશલચંદા**, દેખ્યાં હોત આણંદા એ. ૧૮
આસકરણ તસુ અંતેવાસી, જગમેં સુજસ પ્રકાસી એ. ૧૯
તાસ પસાયેં રચ્યો અધિકારાં, જિમ ભાખ્યો શાસ્ત્ર મઝારા એ. ૨૦
એ સંબંધ જે ભણસ્યેં ગુણસ્યેં, તે અવિચલ પદ લહિસ્યે એ. ૨૧
રાગ ધન્યાસિરી તેરમી ઢાલ, ઇણપરિ ભાખી રસાલૂ એ. ૨૨
આલમચંદ કહે સુખ પાવો, મધુરસ્વરેં ગુણ ગાવો એ. ૨૩

—(૧) લિખિતં ઋષિ સાધુ અજિમગંજ મધ્યે સંવત ૧૮૭૮ મિતી સાવન વદી ૮ મી રવિવાર ॥શ્રી॥ ૧૨-૧૪ ગુ. નં. ૧૧-૬ (૨) ૧૨-૧૨ અનંત. ભં. નં. ૨.

(૯૭૦) સમકિતકૌમુદી ચતુષ્પદી સં. ૧૮૨૨ માગશર શુદિ ૪ મક્ષુદાબાદમાં.

અંતે—

સંવત **અઠારેસે બાવીસૈ** મિગસિર માસ જગીસેજી
શુકલ પખ્ય તીથ ચઉથ સુદિને સિદ્ધિ યૌગ મન હીંસેજી. ધણુ૦ ૯
એ સંબંધ રચ્યૌ સુખકારી મે માહરી મતી લારેજી
મકરસુદાબાદસું સહર મઝારે ભવીયણને ઉપગારેજી. ધણુ૦ ૧૦
યુગવર શ્રી **જિનચંદ** સૂરીંદા **ખરતર** ગચ્છ દિણંદાજી
રીહડ ગોત્ર પ્રસિદ્ધ કહંદા સદગુરૂ સુજસ લહંદાજી. ધણુ૦ ૧૧
પ્રથમ શિષ્ય તસુ મહાવેરાગી જિણ મમતા સહુ ત્યાગીજી
સકલચંદજી સકલ સોભાગી સમતા ચિત્તસું જાગીજી. ધણુ૦ ૧૨
તાસુ સીસ પરગટ જગમાંહિ સહૂ કોઈ ચિત્ત ચાહૈજી
પાઠક પદવીધર ઉછાહૈ **સમયસુંદરજી** કહાહૈજી. ધણુ૦ ૧૩
તાસુ પરંપરમેં સુવિચારી ભયે વાચક પદ ધારીજી
કુશલચંદજી બહૂ હિતકારી તાસુ સિષ્ય સુખકારીજી. ધણુ૦ ૧૪
સદગુરૂ **આસકરણજી** સુહાયા જગમેં સુજસ ઉપાયાજી
તાસુ શિષ્ય **આલમચંદ** કહાયા એ અધિકાર બણાયાજી. ધણુ૦ ૧૫
સાઉંસુખ ગોત્રે સુખદાઇ જિનધર્મસુ લય લાઇજી
જેસલમેર સાહ સવાઇ **સુગાલચંદ** કહાઇજી. ધણુ૦ ૧૬
તાસુ સીષ્ય **મૂલચંદ** સુખકારી જિન આજ્ઞા ચિત્ત ધારીજી
ચૌપઈ એહ કરાઇ સારી સુખદાય સુવિચારીજી. ધણુ૦ ૧૭

(૧) વિ. ધ. (૨) જેસ૦ (૩) સં. ૧૯૧૦ ચૈત્ર વદી ૧૨. ૧૨૬-૧૫ કોટ ઉપાશ્રય મુંબઇ.

૪૮૧ દેવરત્ન [લ. ત. લક્ષ્મીસાગરસૂરિ–ચંદ્રરત્ન–અભય-ભૂષણ–લાવણ્યભૂષણ–હર્ષકનક અને હર્ષલાવણ્ય–વિજય-ભૂષણ – વિવેકરત્ન – શ્રીરત્ન –જયરત્ન–રાજરત્ન–હેમરત્ન–વિનયરત્ન શિ.]

(૯૭૧) ગજસિંહકુમાર રાસ. સં. ૧૮૧૫ કા. શુ. વિદ્યુત્પુર (વીજાપુર ?)માં.

આદિ—

પ્રથમ ઇષ્ટપદેષ્ટ જે, પરમરૂપ પરમેષ્ટ,
અરૂણાદધિક જે જ્યોતિમય, સેવિ જસ ઉગરેષ્ટ. ૧
હરિતાંગી નિરગંગી પ્રભૂ, પસારિત કીર્ત્તિતરંગ,
પ્રણિતોહં તસ નમ્ર શિર, પાદ પદ્મ ચિત્ત રંગ. ૨
નત્વા સ્વયં પ્રભૂનાપ્તૃ તથા, ચકાંગાસની જેહ,
શબ્દનિધિ તારણુ ક્ષમ છે શેમુખીભૂત ગેહ. ૩
મૂઢ તાત મદલ ખંડવા, છે એ વિરોચન રૂપ,
કવિહૃદયસ્તલિ જ્ઞાનનું, પસર્યો વર્ચ અનૂપ. ૪
ગુરૂ ગુણુરત્ન સૂરાદ્રિ સમ, ભૂતપ્રજ્ઞા હૃદિ કોસ,
જ્ઞાનાક્ષિ જિણેં દાખવી, તનુ કીધો નિર્દોસ. ૫
અગમ્યાર્થલીલા વિજય, લહિ જસ જ્ઞાનનુ રત્ન,
નર નરપતિ તસ કિંકરા, દેવ કરે તસ યત્ન. ૬
તે ગુરૂ પ્રભૂતિએ ત્રિહું, મહત્વ જે ભાખ્યા તત્ત્વ,
દ્વૌ વોષ્માં યુત તજ્ઞતાં, તનુમન કૃત એકત્ર. ૭
સર્વજ્ઞ જેહસ્તાંબુપરિ, જે સિવસરણિ સાર્થ,
તિણિં ઉપદેસ્યાં જે ચતુઃ, દાનાદિક પદાર્થ. ૮
દાન પાંચ અભયાદિકેં, શીલ ભેદ નવ તેમ,
બાહ્યાભ્યંતર બાર તપ, ભાવન દ્વાદશ એમ. ૯
દાનથી સૂખ લછી હુઇ, ભાવથી મુક્તિ પ્રસંગ,
તપથી તિમજ નિર્વાણુપદ, પિણુ જો રહિ અભંગ. ૧૦

શીલથી ભય ટલિ સવિ મહા, યુદ્ધાદિક જે અષ્ટ,
શીલખડ્ગ જેહનિં કરિં, તેહથી કષ્ટ પનષ્ટ. ૧૧
શીલથી સંપદ બહૂ મિલિ, શીલથી નિર્મલ ગાત,
સિદ્ધકલ્પનાં સૂખ હુઇ, શીલથી યશ અવદાત. ૧૨
એ ગુણ ગાતા શુચિ તનુ, સાંભલતા શુચિ કન્ન,
વિઘન રહિત વિકથા તજી, સૂણજ્યો થિર કરી મન્ન. ૧૩
ઇહ ભવ પર ભવી શીલથી, લહી સૌખ્ય અપાર,
રાજ્ય ઋદ્ધિ સમૃદ્ધિ જિમ, જગિં **ગજસિંઘ** કુમાર. ૧૪
તેહ કુમર કિહાં હવુ, કવણ નગર કુણ દેશ,
કિમ બ્રહ્મ વ્રત પાલ્યુ તીણેં, કિમ લહ્યો ઋદ્ધિ વિશેષ. ૧૫

× × × ×

એ ગુરૂના સુપ્રસાદથી પ્રથમ ઉલ્લાસ એ કીધસ,
ઢાલ ચતુર્દશમી કહી, **દેવ**વચનિં સુપ્રસિદ્ધ. ૧૫

× × × ×

ઢાલ પુરી ઇમ નવમી કહીરે, પૂરો એ બીજો હુઓ ઉલ્લાસરે,
કહે **દેવરત્ન** ભવીકા પુન્યથીરે, લહે સુખ લક્ષ્મી
લીલ વિલાસરે.

અંતે—

હવે શ્રી **વીર** જિણંદ તસ રાજે, **સોહમ** ગણધર છાજે હે,
તસ પરિપાટીઈ **તપ**ગણ ઇંદ્ર, **લક્ષ્મીસાગર** સૂરીંદ્ર હે. ૪ સુ.
તેહને તખતેં પાટ ચૂઉપનમેં સુમતિસાધૂ સૂરી પ્રણમીહ,
તસ પાટે પણપન્નમેં સોહે, હેમવિમલ સૂરિ મોહે હે. ૫
એહથી આગેં પટાવલીમાંહે જોયો સંબંધ એ ત્યાંહિ હે,
ઇહાં તો **લઘૂ પોસાલ**માં આખ્યૂં, માહરી ક્રમાંગત દાખૂં હે. ૬
હવે શ્રી **લક્ષ્મિસાગર** સૂરિ તાસ, શિષ્ય વાચક પદ ખાસ હે,
ચંદ્રરત્ન પાઠક તસ સીષ્ય, **અભયભૂષણ** બુધઇસ હે. ૭

તાસ વિવેકી **લાવણ્યભૂષણ**, ટાલ્યું કુમતિનું દૂષણ હે,
તસ તખતેં હૂઆ દોય ગુરૂભ્રાતા, 'સતાર્થિ' બિરૂદ વિખ્યાતા હે. ૮
હર્ષકનક હર્ષલાવણ્ય એ બેય, સર્વાંગમેં પટુ તેય હે,
તસ શિષ્ય **વિજયભૂષણ** અભિરૂપ, તસ પાટેં અનુરૂપરે. ૯
વિવેકરત્ન પંડિત તસ સીસ, **શ્રીરત્ન** વિબુધ જગીસહે,
તસ વિનયી કોવિદ **જયરત્ન**, રાખે શુભમતિ યત્ન હે. ૧૦
તસ પાટે સર્વ શાસ્ત્ર પ્રમાંણી, **રાજરત્ન** વાચક નાંણિ હે,
તાસ શિષ્ય વાગ્મિજનમાં રાજે, **હેમરત્ન** બુધ છાજે હે. ૧૧
તસ પાટે **વિજયરત્ન** વિદ્યમાન, સંપ્રતિ સુરગુરૂ સમાન હે,
તાસ શિષ્ય **ભૂજિષ્ય** કહાયા, તિણે એ સુગુરૂ પસાયા હે. ૧૨
ભવી જીવને એ સંબંધ દેખાવ્યો, ચાતુરજન મન ભાવ્યો હે,
સંવત **તિથિ અષ્ટ ભૂ અબ્દ** જેહ, **નભ વસુ નૃપ** શાક એહ હે.૧૩
માસ બહુલ (કાર્તિક) જોખિણુ સિત પક્ષ, બ્રાહ્મિ સુત ધરત પ્રતક્ષહે,
તે દિવસેં પૂર્યો ઉલ્લાસ, સહુને લીલ વિલાસ હે. ૧૪
ઢાલ એકાવન ઉલાસેં ચારે, દૂહા ત્રિસત ઇગ્યાર હે,
ગાથા તિથિ સત બિહુતર થોક, સાર્ધ બિંશતિ શત શ્લોક હે. ૧૫
વિદ્યુત્પુર વાસ્તવ્ય એ કીધો, સાહિબથિ યશ લીધો હે,
શ્રમણસંઘને હોવો સુખદાઇ, દિન દિન અધિક બધાઈ હે. ૧૬
વટસાષા પરે વિસ્તરજ્યો, કોવિદ બુધ હિત ધરજોરે,
અવ્યક્તપણે કહ્યો ઓછો અધિકો, સક્ષર કરજ્યો તિનકો હે. ૧૭
ઇમ જાણિ જે બ્રહ્મવ્રત આરાધે, અતિ ઉજ્વલ પદ તે સાધે હે,
દેવ કહે હોએ મંગલમાલા, લહિ સૂખ લછિ રસાલા હે. ૧૮

(૧) ઇતિ શીલમાહાત્મ્યે દેવરત્નેન વિરચિતે ચતુર્થોલ્લાસ સંપૂર્ણઃ—સં. ૧૮૬૨ ના વર્ષે શ્રાવણ માસે કૃષ્ણપક્ષે પ્રતિપદા વાર ગુરૌ લિખિતા આમોદ મધ્યે ભટ્ટારક પુરંદર ભટ્ટારક શ્રી વિજયમાન સૂરીશ્વર તચ્છિષ્ય પં. શ્રી ૫ મહિમાવિજયજી તચ્છિષ્ય પં. શ્રી ૫ રૂપવિજયજી તચ્છિષ્ય પં. શ્રી ૫ પં. જીતવિજયજી તચ્છિષ્ય

ચિરજીવી પં. શ્રી ન્યાયવિજયજી તચ્છિષ્ય પં. શ્રી ૫ મેરૂવિજયજી ચિરંજીવી તચ્છિષ્ય મુનિ રામવિજયેન લિપિકૃતં અજીતનાથ પાર્શ્વ પ્રાસાદાત્ પત્ર ૫૪ દાબડો નં. ૬ સીનોર ભં.

(૨) સંવત્ ૧૮૯૪ ચૈત્ર શુદ ૩ વાર શનિ. ભટ્ટાર્ક રાજવિજય સૂરિ તત્ શિષ્ય રત્નવિજયસૂરિ તત્ શિષ્ય હીરરત્નસૂરિ તત્ શિષ્ય શ્રી જયરત્નસૂરિ તત્ શિષ્ય શ્રી ભાવરત્નસૂરિ તત્ શિષ્ય દાનરત્નસૂરિ તત્ શિષ્ય શ્રી કીર્તિરત્નસૂરિ તત્ શિષ્ય પં. મયારત્ન તત્ શિ. પં. સોભાગ્યરત્ન તત્ શિષ્ય પં. રાજેંદ્રરત્ન તત્ શિષ્ય મુનિ તેજરત્ન તત્ શિષ્ય મુ. ગુણરત્નજી શ્રી સૂર્યપૂર મધ્યે લખ્યો છે શ્રી સંતીનાથ ચરણે શ્રી શુભં ભવતુ લ૦ પરમચંદ જેઠા. કલ્યાણમસ્તુ શ્રી. ૫૩-૧૩ પો. ૪૦ નં. ૧૯૬. ઝીં.

(૩) ૩૭-૧૭ ગુ. વિ. (૪) ત્રીજો ઉલ્લાસ અધુરો ૩૯-૧૪ દે. લા. પુ. લાયબ્રેરી નં. ૩૪.

---

૪૮૨ મયાચંદ [લોંo કૃષ્ણદાસજી-લીલાધરજી શિ.]

(૯૭૨) ગજસિંહ રાજાનો રાસ. સં. ૧૮૧૫ ચૈ. વ૦ ૮ ગુરૂ, નવાનગરમાં.

આદિ— દૂહા.

શાંતિ જિનંદ સુખસંપદા,-કારી પરમ કૃપાલ,
વંદુ હિત કરિ હરખથી, દેજ્યે વયણ રસાલ. ૧
ચિંતામણિ સમ જાણીએ, શ્રી ગુરૂનો ઉપગાર,
તાસ પસાયેં હું રચું, શિયલ તણો ફલ સાર. ૨
સુખદા વરદા શારદા, વસિ મુઝ ચિત આગાર,
ગજસિંઘ રાય ચરિત્રનો, ભાખૂં સ્તોક વિસ્તાર. ૩
યથાયોગ નવરસતણો, સંક્ષેપે વિસ્તાર,
તે સુણજ્યો શ્રોતા તુમે, કવિજન વચન પ્રચાર. ૪

અંતે—

ઢાલ ૨૭. ધન ધન સંપ્રતિ સાચો રાજા એ દેશી.
ધન ધન રાય **ગજસિંઘ** ઋષીશ્વર જેણે આતમ વસ કીધોરે.

× × × ×

એકાવતારી મહાવિદેહ ક્ષેત્રે પામસ્યે ભવનો પારરે,
શિયલ સંબંધ ભણ્યો એ સારો, **નિ**શીથવૃત્તિ વિસ્તારરે. ધન. ૭
મહાગુણીના ગુણ મેં ગાયા, **નવાનગર** મઝારરે,
ઓછું અધિકું જે કહેવાણું, તસ મિછા દુકડ સારરે. ૮
મહા કઠિન બુધિ જે મોટી, તે મુઝથી નવિ થાયરે,
બાલકક્રીડા એ મેં કીધી, પિણ મુનિના ગુણ કહિવાયરે. ૯
જિમ તિમ હોય તો પિણ મુનિ ગુણને, ગાતાં દુઃખ જાય દુરરે,
મંગલમાલ હોય એ ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ સુખ પૂરરે. ૧૦
શ્રી **કૃષ્ણદાસજી** ઋષિવર મોટા, વિદ્યાતણા ભંડારરે,
લીલાધરજી તસુ સીસ કહીયે, ખિમાવંત અણગારરે. ૧૧
તસ સેવક મુનિ **મયાચંદ** પભણે, શ્રીગુરૂને પસાયરે,
સંવત **અઢારપનરોતરા** વરસે, ચૈત્ર માસ શુભ દાયરે. ૧૨
કૃષ્ણાષ્ટમી ગુરૂવારે ભાખ્યો, એ અધિકારરે,
સંઘ તણે આગ્રહ કરીને, રચ્યો સંબંધ ઉદારરે. ૧૩
ભણે ગુણે ગાવે જે ભાવે, શિયલ સંબંધ રસાલરે,
તે પ્રાણીને જય જય હોવે, જે ગાવે સતાવીસ ઢાલરે. ૧૪

—(૧) શ્રી ગુંડલ મધ્યે સં. ૧૮૫૨ વૈ. વ૦ ૧૩ શુક્ર લિ૦ ઋ૦ નેણસી અર્થે ૨૨–૧૬. રાજકોટ શ્રીપૂજ્ય અપાસરો. (૨) લિ. સં. ૧૯૫૦ પોસ વ૦ ૧૩ ખત્રી આંબા માડણ શ્રી કાલાવડવારાએ ૧૮–૧૬ ઘો૦ (૩) લિ. સં. ૧૯૫૦ પોસ સુદ ૮ રવિ વીરચંદજીએ ગોંડલ ગ્રામ દેવજી સ્વામી પ્રસાદાત્ ૧૬–૧૭ ઘો. (૪) લિ. સં. ૧૯૫૪ અસાડ શુદ ૪ ખત્રી વસરામ આંબાભાઇ ૧૭–૧૬ ઘો.

૪૮૨ ક. ભીમરાજ

શત્રુંજય ઉદ્ધાર રાસ સં. ૧૮૧૬

—વીકાનેર ભં. નાહટાજી.

---

૪૮૩ માણિક્યસાગર [ત. કલ્યાણસાગરસૂરિ ભ્રાતા ક્ષીરસાગર શિ૦]

(૯૭૩) +કલ્યાણસાગરસૂરિ રાસ (ઐ.) સં. ૧૮૧૭ ફા. વ. ૫ બુધ.

આદિ—

પ્રણમું પ્રેમેં **વીર**ના, પદપંકજ સુખદાય,
ગુરૂગણ કેરી સંકથા, કરવા મુજ અભિપ્રાય. ૧
શ્રુતદાયક ગુરૂરાજનો, પચ્ચુવયાર ન થાય,
બહુવિધ વિનય કરવાથકી, આગમ એમ સુણાય. ૨
ઉત્તમ કેરી વારતા, દુર્જનને ન સુહાય,
સજ્જન મન હરખે ઘણું, વકતા અવસર પાય. ૩
ગુણવંત નર વિરલા અછે, વિરલા રાગી તાસ,
વિરલા ગુણગણ પારખે, વિરલા ભાખે ભાસ. ૪
તપગચ્છ કેરો રાજીઓ, વિદ્યાપૂર સનૂર,
સોભાગી સિરસેહરો, **કલ્યાણસાગર** સૂરિ. ૫
કવણ દેશેં જનમિયા, કવણ તાય કુણ માય,
કુંણ પાસે સંયમ લહી, પુણ્ય મહોદય પાય. ૬
સુણજો શ્રાવક ભાવિયા, તે સવિ કહું વૃત્તાંત,
નિદ્રા વિકથા વારજ્યો, મન રાખી એકાંત. ૭

અંતે—

સંવત **અષ્ટાદશ સત્તર** વરસે ભલો, માસ ફાલ્ગુન તણો કૃષ્ણપક્ષ,
પંચમી ચૈત્ર બુધવાસરે ગુરૂગણી, ગાવતાં હરખીયા સભ્ય દક્ષ. ૭

વૃદ્ધ શ્રીજી તણા વૃદ્ધ જે સોદરા, મુનિપણો જે વલી સતીર્થ્ય ભાવે,
સારણા વારણાદિ કરે ગચ્છતણી, **પંન્યાસ** શ્રી **ક્ષીરસાગર** કહાવે. ૮
સિંહો મુનિ **વીર**ને વીર જેમ વેયાવચ્ચી, ગુરૂતણી ભક્તિમાં અધિક રસીઆ,
તેહ તણી ઊપમા પૂજ્યપદ સેવતાં, પામતા પૂજ્ય ચિતમાંહે વસીઆ. ૯
તાસ પદ સેવના પુન્યથી મેં લહી, જાસ સુદષ્ટિથી સુગુરૂ ગાયા,
માણિકયસાગર કહે ગાવતા ગુરૂ તણા, ઋદ્ધિ વર સિદ્ધ નવનિધિ પાયા. ૧૦
પ્રીતિથી જે નરનારિ ગુરૂગુણ સુણે, જપે નામ નિત ચિત્ત સાચે,
તાસ ઘર ગાજતી મદવતી ગજઘટા, અતુલ મંગલતણો મેહ માચે. ૧૧

—પ્ર૦ જૈન ઐ૦ ગૂર્જર કાવ્યસંચય પૃ. ૨૫૪-૨૬૪.

---

૪૮૩ ક **ભૂધર** [લોં. જસરાજ શિ.]

(૯૭૩ ક) અષ્ટ કર્મતપાવલી સ્વાધ્યાય સં. ૧૮૧૭ ગોંડલમાં.

આદિ—

વીર વાંદીરે પૂછે **ગોયમ** ગણહરૂ,
કમ્મ પયડિરે ખેરૂરે કિમ થાયે જગગરૂ.
તેહ દાખવોરે દાય ઉપાય કૃપા કરી,
પ્રભુ જંપેરે સુણ વચ્છ શ્રવણ શ્રુતે ધરી. ૧

(ઉથલો, ચાલિ, ઉથલો, ચાલિ એમ આવે છે.)

અંતે— કલશ.

ઇમ **વીર** વાંણી સુણો પ્રાંણી આંણી ચિત્ત ઉદાર એ,
એ તપ તણી શ્રેણી કહી કેણી **ગોંડલ** ગામ મુઝાર એ.
મુનિ એલ વસુ ચંદ્ર વર્ષે હર્ષે કૃત ચઉમાસ એ,
સુગુરૂવર **જસરાજ** અનુચર શિષ્ય **ભૂધર** ભાસ એ. ૨૧

—૧-૨૦ ગા. ભં.

(૯૭૩ ખ) ચિતચેતવણી ચોસઠી. સં. ૧૮૨૦ શ્રાવણ ગોંડલમાં.
આમાં પંચ પદના વર્ણનનો અધિકાર છે.

આદિ—

સુખકારણ ભવિયણ સમરો નિત્ય નવકાર,
જિનશાસન આગમ ચૌદે પૂરવસાર—એ દેશી.
પ્રવચને પંચપદનો સ્તવનાનો અધિકાર,
તે ઇહાં હૂં રે આખું ચિત્ત ચંતવણી એ સાર. ૧

અંતે—

ચિત ચંતવણી ચોસઠી પંચપદનો અધિકાર,
કહી **રામન** કેહેણે **ગુડલ** ગામ મુઝાર. ૬૩
શીલરથ નખ વર્ષે હર્ષે શ્રાવણ માસેં,
શ્રી ગુરૂ પરસાદેં કહી **ભૂધરેં** ઉલ્લાસેં. ૬૪

—ઇતિશ્રી પંચપદ વર્ણન અધિકાર ચિત્ત ચેતવણી ચોસઠી સમાપ્ત ૧૮૨૦ ના વર્ષે શાકે ૧૬૮૫ પ્રવર્ત્તમાને શ્રાવણ વદિ ૧૦ મી તિથૌ ગુરૂવાસરે । લષીતં પૂજ્ય । ઋષિશ્રી ૫ જસરાજજી તત્ શિષ્યર્ષિ **ભૂધરેણ** સ્વકૃત ચતચિંતવણી: ઋ। કર્મસી વાચનાર્થ લપીતં ઋ। **ભૂધર** ગોડલ ગ્રામેઃ શ્રીરસ્તુ. ૩—૧૭ ના. ભં.

---

૪૮૪ અમૃતસાગર (૨) (ત૦ ધર્મસાગર—શાંતિસાગર—શ્રુતસાગર—બુદ્ધિસાગર—હંસસાગર—વસંતસાગર—માણિક્યસાગર—દાનસાગર શિ.)

(૯૭૪) પુણ્યસાર રાસ. સં. ૧૮૧૭ પુણ્ય માસ શુ. ૫ રવિ. પાલણપુરમાં.

અંતે—

તપગચ્છ નંદન સુરતરૂ સરીખા, શ્રી **હીરવિજય** સૂરીરાયા,
પાઠકચક્રચૂડામણિ વંદુ, **ધરમસાગર** ગુરૂ પાયાજી. ૫

કલ્પ કીરણાવલી આદેં કીધાં, વાદી ગ્રંથ સમુદાયાજી,
કલિકાલેં જે બહુ શ્રુતધારી, જગ જસ પડહ વજાયાજી. ૬
વાચકવર શ્રી **શાંતિસાગર**, ભવિજન કૈરવચંદાજી,
વાચક શ્રી **શ્રુતસાગર** ગીરૂઆ, વંદુ ચરણ અરવિંદાજી. ૭
કલ્પકૌમુદી આદેં કીધા, મનિ સુવિહિત જનને કાજેજી,
ભવિજનને ઉપગાર કર્યાંથી, જગગુરૂ દુંદુભી વાજેજી. ૮
તસ પદ પદમ પરાગ મધુકર, **બુદ્ધિસાગર** ગુરૂરાયાજી,
હંસસાગર ગણી ગુંણધારી, પ્રણમું તેહના પાયાજી. ૯
વસંતસાગર ગુરૂ પય વંદો, પ્રહ ઉઠી આણંદોજી,
માંણીકયસાગર ગુરૂ પય વંદી, દોહગ દુખ નિકંદોજી. ૧૦
શ્રી **દાંનસાગર** ગુરૂ સુખદાયી, દિન દિન સુજસ સવાયાજી,
તેહનો બાલક **અમીયસાગર**, ઉત્તમનાં ગુણ ગાયાજી. ૧૧
વિબુદ્ધ ન હસજો બાલક્રીડાઇ, એ એકત્રીશેં ઢાલજી,
પુન્યસારનો રાસ એ ગાયો, ચરીત્ર વચન પરનાલેજી. ૧૨
પુન્યસારનો રાસ એ રચીયો, **ચંદ મુની ચંદ વસુ વર્ષેંજી**,
પુન્ય માશની પંચમી દિવસેં, તરણીજ વારેં હરષેંજી. ૧૩
પાલણપુરમેં ચોમાસું કરીને, ગાયો **પુંન્યચરીત્ર**જી,
શ્રવણ દેઇનેં શ્રોતા સાંભલસ્યેં, થાસ્યે તેહ પવિત્રજી. ૧૪
જે કોઇ ભણસ્યેં ગુણસ્યેં સુણસ્યેં, તસ ઘર મંગલમાલાજી,
દિન દિન વધતી વધતી થાસ્યેં, નીરમલ કીર્ત્તિ વિસાલાજી. ૧૫
અધિકું ઓછું જે કાંઇ ભાખ્યું, મીચ્છા દુક્કડ તેહજી,
ધ્રુ જીમ અચલ હોજ્યો જગમાંહે, **પુંન્યસાર** ગુણ એહજી. ૧૬

—સં. ૧૮૭૧ ના મા. વ. ૧૧ દિને ચંદ્રવાસરે શ્રી બસુનગર મધ્યે લિષીતં ઋષભવિજય ગ. એહ રાશની સર્વ ગાથા ૭૭૬. ૨૩–૧૬ ગુ. વિ. (આ ઋષભવિજયને કવિ તરીકે હવે પછી નં ૫૩૫ જુઓ.)

૪૮૫ પાસો પટેલ (લોં. ધર્મદાસ-મૂલચંદ-વના-જીવાનો શ્રાવક શિ.)

(૯૭૫) ભરત ચક્રવર્ત્તિનો રાસ. ૨૦ ઢાલ. સં. ૧૮૧૮ ચૈત્ર વદી ૦)) લીંબડીમાં.

આદિ— દુહા.

અરિ હણવે અરિહંતજી, તાસ કરી પ્રણામ,
સરસ્વતિ ચરણકમલ નમી, સમરૂં **ગોતમ** સામ. ૧
અધિપતિ જે ષટ ખંડનો, **ભરતેસર** ગુણવંત,
પઢમ ચક્રી જે હૂવા, કિધા ભવના અંત. ૨
ચઉ પુરૂષ કહ્યા **ઠાણાંગમેં**, તેમાં પઢમ પુરૂષ સિરદાર,
જે ઊગીનેં ઉગ્યા સહી, તસ ગુણ કહૂં વિસ્તાર. ૩

અંતે— કલશ.

શ્રી જિનવાણી શુદ્ધ જાણી આણી ઉછરંગ ભાવસું,
સૂત્ર **જંબૂદ્વિપ પન્નતિ** તેહ થકી ભાખે ઇસું. ૧
એ આગમથી આધું પાછું અધકું ઓછું ભાખીઉં,
હાથ જોડી માન મોડી મિછામી દુકડ મેં દિઉં. ૨
કાલચક્ર ફરે છે શિર નિત્ય ઘંટ તણી પરેં દલે,
બાલા બુઢા જોબનવંતા નિત મણધરની પરગલે. ૩
એવું જાંણી ચેતો પ્રાંણી સંસારમંડલથી ખસ્યા,
કાલથી ત્રાહા ગીયા નાઠા પાંચમી ગતિ માહે વસ્યા. ૪
ગણે ગરવા ભાવે નરવા વૈરાગ તપ ધનના ધણી,
રિખિ શ્રી **ધર્મદાસજી** જેની કીરતિ જેમ ચિંતામણી ૫
તસ પાટે સોભિત ગણે ઓપિત રિખિ શ્રી **મુલચંદજી**,
તસ પાટેં **વના જીવા** આજી, જેનેં આચારજ પદવી ભજી. ૬
તે ગુરૂના પ્રભાવથી એ સઝાય અલ્પબુધે કહી,
તે માહેથી કાંઇ ઓછું અધકું જાંણું અજાણું ઓલવું સહી. ૭

સંવત **અઢારા અઢારા** વરસે ચૈત્ર વદિ અમાવાસા સહી,
લીબડી મધ્યે પુરી કીધી **પાસે પટેલ** પોસામાં સહી. ૮

—ઇતિશ્રી ભરથ ચક્રવરતનો રાસ સંપૂર્ણ: સં. ૧૮૯૪ ના કારતીક સુદિ ૨ દિને લ. ઋ. રણછોડ દેવજી શ્રી **વેરાકુલ** મધ્યે. ૨૧-૧૩ રાજકોટ મોટા સંઘનો ભંડાર.

---

૪૮૬ મયારામ (ભોજક)

(૯૭૬) પ્રદ્યુમ્ન કુમારરાસ સં. ૧૮૧૮ ફાગણ શુદ ૬ સોમ વડનગરમાં

આદિ— વસ્તુ

આદ્ય સકત્ય આદ્ય સકત નમો **અંબાઈ**
વાઘ્રવાહની વરદાયની સરસ વયણ સારદા માત
ગુરૂ ગોત્રજ માતા પિત્યા, તુઝ પાએ પ્રણમું સુમતિદાતા
વચનવિલાસ **પદ્યુ**બંધ હરણ કહું કથા આણંદ
મયારામ મા **અંબિકા** પૂરે પરમાણંદ. ૧

અંતે—

ભાવતણા ગુણ એહવા જાણી—એ દેશી

સાંમ પ્રદુવન હુંસ ધરીનેં ભાવસું સંજમ લીધોજી
ઉત્તમ અરથ ને કુલ અજુઆલણ ઉગ્ર તપસ્યા કીધીજી ૧૧૨
ગઢ **ગિરનાર** ચઢીનેં સાથેં અંતે અણસણ કરીયાજી
કેવલ ગ્યાંન પાંમીનેં અંતે શિવ નારી વર વરીયાજી. ૧૧૩
વાંછા ઉત્યમ મોઢ **અમીચંદ** રાયચંદ સુત પ્રકાસેંજી
ભોજક ભાવ ધરી ગુંણ ગાતો, **વડનેંગર**માં વાસજી. ૧૧૪
શંત્રુજાઆતમમાં સુણીયેં વલી **હરીવંશ પુરાણે**જી
ગણતાં ભણતાં સુણતાં ભાવેં તસ ઘર સયલ નિધાંનજી ૧૧૫
શુદ્ધ બુદ્ધ સૂભ મત્ય સમ આવેં, **અંબા** માત પસાયજી
રીષભદેવ જિનજી મંગલીકે **મયારાંમ** ગુણ ગાયાજી. ૧૧૬

—ઇતિશ્રી પ્રદ્યુન્યકુમાર ચારીત્ર સંપૂર્ણમ્-સંવત્ ૧૯સેં ત્રીસના વર્ષે મ્રગસર સુદી દ્વાદશીનેં વાર રવીનેં દીન્ને શ્રી ડલસલપુર પાટણ મદ્ધે વાગૂલ પાડા મદ્ધેં શ્રી ઋષભદેવજી પ્રસાદાત્ત લિખીતં જગજીવન પાંનાચંદ સ્વ અર્થે ॥ શ્રી રસ્તુ...૨૦-૧૩ મુનિ જશવિજય સંગ્રહ (આ પ્રતમાં રચ્યા સંવત મૂકાયો નથી. રચ્યા સંવત ૧૮૧૮નો જે મૂક્યો છે તે લીંબડી ભંડારમાં એક પ્રત પરથી નોંધાયો હતો તેથી મૂક્યો છે.)

---

૪૮૭ સૌજન્યસુંદર (ઉ૦ રતિસુંદર-માન્યસુંદર શિ.)

(૯૭૭) દ્રુપદી ચરિત્ર સં. ૧૮૧૮ ભાદ્રવા શુદ ૮ ગુરૂ પીંપાડમાં.

આદિ— દૂહા

વર્દ્ધમાન સસિસમ વદન, ચંચલ ભવ્ય ચકોર
નિરખિત આનંદિત નયન, જસુ પ્રણમું કરજોડ. ૧
તાસુ શિષ્ય મેટણ તિમિર, વિદ્યા જુત વડવીર
વંદૂં પંકજ જુગ વિમલ, **ગોતમ** ગુણે ગંભીર. ૨
હંસગતી હંસવાહણી, હંસ સમુજ્વલ દેહ
કવીયણ મન ઉજ્જલકરણ, સદા વસો સસનેહ. ૩
મેટણ તમ અંધાર મદ, ગ્યાંન અંજન પરગાસ
લોચન ઉન્મીલિત કરે, વે ગુરૂ નમુ ઉલ્લાસ. ૪
દાન શીલ તપ ભાવ ધર્મ, શ્રી જિનભાષિત સાર
ચ્યાર પદારથ ચો ગતી, કાટણ તીક્ષણ કુદાર. ૫
ધર્મક્રિયા શુભ ભાવ ધર, સાધે કોઇ સુજાણ
દુસ્તર ભવજલદધિ તરી, વસે પદ નિરવાણ. ૬
પાત્ર ભણી નિરદયપણે, દ્યે અણગમતો દાન
નાગસિરી પર તે નિપટ, નિશ્ચે અશુભ નિદાન. ૭
કોડ પૂરવ કોઇ તપ કરે, લાલચ મનમેં લ્યાય
અશુભ નિયાણુ દૂષિત ઉદે, થિર માહા ક્રમ (કર્મ) થાય. ૮

સુક માલિકા સંયમ સમે, નિજ ભવ કીધ નિયાંણુ
તે **દ્રોપદીનો** ભવ તવૈ, હુઇ મુગત નીહાંણુ. ૯
એહ પ્રબંધ દાખું અમલ, જુગત **જ્ઞાતા** અંગ જાણુ
કવિયણ મુઝ કરૂણા કરી, વદજ્યો વચન પ્રમાણ. ૧૦
શ્રોતા પિણ સંબંધ એ, સાંભલજ્યો સુભ ભાવ
થિરતા પિણ મનશુદ્ધિથી, પ્રગટે ગ્યાંન પ્રભાવ. ૧૧

અંતે—

ઢાલ ૪૮ મી સુણ બહિની પ્રિઉડો પરદેશી

સોહમ સ્વાંમિ કૃપાકર ભાખે, સુણજો સૂત્રની સાખેજી
સિવ સુખ કેરી ધરે અભિલાખે, તે સંયમ રસ ચાખેજી
ધન ધન જગમે જે વ્રતધારી. ૧

× × × ×

જ્ઞાતાધ્યયનનો આસય આણી, કીધી કવિતા જાણુજી
સૂત્ર વચન જગમેં પરમાણી, તે નિશ્ચે ગુણ ખાણિજી. ૧૨
સંવત **સસિસિધસુક્ત અઢારૈ**, ભાદવ સુકલ મઝારૈજી,
અષ્ટમી દિવસ બૃહસ્પતિવારે, કવિતા રચિ સુખકારૈજી. ૧૩
ઉવએસ ગચ્છ પ્રભાકર છાજૈ, અભિનવ તેજ વિરાજૈજી,
શ્રી **સિદ્ધસૂર સૂરીસને** રાજૈ, કીરત દિનપ્રતિ ગાજૈજી. ૧૪
સુંદર સાખા જગહિતકારી, **રતિસુંદર** ગુણધારીજી
તસ પદ પંકજ આજ્ઞાકારી, **માન્યસુંદર** વ્રતધારીજી. ૧૫
તાસુ કૃપા કર ગ્યાન ઉજાલા, **સોજન્યસુંદર** સુવિલાસાજી
ચરિત રચ્યો તિણ સુંદર ઢાલા, સુણતાં મંગલમાલાજી. ૧૬
નગર **પીંપાડ** રહ્યા ચોમાસે, શ્રી સંઘ અધિક હુલાસૈજી
સાંભલતાં સુખસંપત થાસૈ, દિન પ્રતિ લીલ વિલાસૈજી. ૧૭

—ઇતિ દ્રુપદિચરિત્ર જ્ઞાતાધ્યયન ષોડશમોપરિકૃત સમાપ્ત સં. ૧૯૦૪ વર્ષે મિતી કાતી વદિ ૫ તિથૌ બ્હસ્પતિવારે શ્રી **લોહિયા-**વટ મધ્યે ચતુર્માસ કૃતં શ્રી બૃહત્ખરતર ગચ્છે જંગમ યુગપ્રધાન

ભટ્ટારક શ્રી **જિનમહેંદ્રસૂરિજી** શ્રી **જિનસૌભાગ્યસૂરિજી** દૈ। વિજૈ રાજ્યે । શ્રી **કીર્ત્તિરત્ન** સૂરિસાખાયાં ઉપાધ્યાયજી શ્રી ૧૦૮ શ્રી પુન્યહર્ષજી ગણિ તત્ શિષ્ય વાચનાચાર્ય શ્રી ૧૦૭ **શાંત(તિ)કુશલજી** ગણિ તત્ શિષ્ય ઉ. ૧૦૬ શ્રી **અમૃતપ્રભૂજી** ગણિ તત્ શિષ્ય વા૦ શ્રી ૧૦૫ શ્રી **નયસાગર** ગણિ તત શિષ્ય મુખ્ય પાઠક પ્રવરશ્રી ૧૦૪ શ્રી ઉ૦ શ્રી **જયસૌભાગ્યજી** ગણિ તત્ શિષ્ય વાચનાચાર્ય શ્રી ૧૦૩ શ્રી **માણિકયોદયજી** ગણિ તત્ શિષ્ય વાચનાચાર્ય શ્રી ૧૦૨ શ્રી **મુક્તિસિંધુરજી** ગણિ તત્ સિષ્ય પં. પ્ર. શ્રી ૧૦૧ શ્રી **સુખશીલજી** ગણિ તત્ શિષ્ય પડિત **રામચંદજી** લઘુ **ભ્રાતૃ** પંડિત કસતૂરચંદ લિષતાં પ્રતરિયં. ૫૫-૧૩ અનંત નં. ૨

---

૪૮૮ ફત્તેચંદ

(૯૭૮) પ્રીતિધર નૃપ ચોપાઇ સં. ૧૮૧૯

—માણેક૦

---

૪૮૯ પદ્મવિજય* [ત૦ સત્યવિજય–કપૂરવિજય–ક્ષમાવિ-

---

* અમદાવાદની શામળાપોળમાં રહેતા ગણેશ નામના શ્રીમાળી વણિકને ત્યાં ભાર્યા ઝમકુથી સં. ૧૭૯૨ના ભાદ્ર૦ શુ. ૨ ને દિને પાનાચંદ નામનો પુત્ર થયો. ૭ વર્ષની વયે માતા મરણ પામી. સં. ૧૮૦૫ ના મહા શુદિ ૫ ને દિને ઉત્તમવિજય પાસે રાજનગરમાંજ દીક્ષા લીધી નામ પદ્મવિજય સ્થાપિત કર્યું. પછી ગુરૂ પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો ને સુરતમાં સુવિધિવિજય પાસે શબ્દશાસ્ત્ર શિખ્યા ને કાવ્ય અલંકારાદિનો અભ્યાસ કર્યો. તારાચંદ સંઘવીની સહાયથી ન્યાયશાસ્ત્ર શરૂ કર્યું. પછી તપગચ્છના વિજયધર્મસૂરિ ભટ્ટારકે રાધનપુરમાં સં. ૧૮૧૦માં પદ્મવિજયજીને પંડિત પદ આપ્યું. ત્યાંથી સંઘ સાથે ગિરનાર, નવાનગર, શત્રુંજય ગયા પછી ભાવનગરમાં ચોમાસું કર્યું. સં. ૧૮૧૩ અને ૧૮૧૪ માં સુરત ચોમાસું કરી બુહરાનપુર પોતાના ગુરૂએ મોકલ્યા. ત્યાં ચોમાસું કરી દક્ષિણ દેશ જઈ બહરાણપુર આવી સ્થાનકવાસી સાથે વાદ કર્યો.

જય-જિનવિજય (નં. ૪૫૬)-ઉત્તમવિજય (નં. ૪૬૭) શિ૦]

સં. ૧૮૧૫-૧૬ ચોમાસાં ત્યાં કરી ખંભાત ચોમાસું કર્યું. પછી શત્રુંજય આવી રૂપચંદ ભીમના જિનપ્રાસાદમાં અનેક બિંબોની પ્રતિષ્ઠા કરાવી ઘોઘા જઇ ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરી. પાટણમાં ચોમાસું કરી સિદ્ધપુર, પાલણપુર એમ ફરી આબુની સંઘસહિત યાત્રા કરી, પછી રાધણપુર બે ચોમાસાં કરી સિદ્ધપુરમાં સં. ૧૮૨૧માં ચોમાસું કરી રાજનગર ને સુરત ગયા. સુરતના તારાચંદ સંઘવીને ૨૯૫ બિંબની પ્રતિષ્ઠા સિદ્ધાચળમાં કરવાની ઈચ્છા થઈ તે પદ્મવિજયજીએ પૂરી પાડી. પછી સમેતશિખર યાત્રા કરી મક્ષુદાબાદમાં પ્રતિષ્ઠા કરી. સં. ૧૮૨૫માં નવસારી ચોમાસું કરી ઉત્તમવિજયજી ગુરૂ સાથે રાજનગરમાં આવ્યા. ત્યાં ગુરૂ ૧૮૨૭માં દિવંગત થયા. પછી પોતે સં. ૧૮૩૦માં સાણંદ ચોમાસું કરી રાજનગરમાં ત્રણ ચોમાસાં કર્યાં. પછી વીસનગરમાં બે કર્યાં. પાટણ આવી ત્યાંથી પ્રેમચંદ લવજીએ સિદ્ધાચળનો સંઘ કાઢયો તેની સાથે સિદ્ધાચળ ગયા. સં. ૧૮૩૮ અને ૧૮૩૯ માં લીંબડી ચોમાસાં કર્યાં. અહીંથી વીસનગર અને સં. ૧૮૪૩માં રાધનપુરમાં ચોમાસું કર્યું. ત્યાંથી વીરમગામમાં ચૈત્યપ્રતિષ્ઠા કરી. તેજ વર્ષના જેઠ માસમાં રાધનપુરના દેવરાજ મસાલીએ ગોડીજીની યાત્રા માટે કાઢેલા સંઘ સાથે ગયા. સં. ૧૮૪૪ પાટણમાં માઘ વદ ૯ ગુરૂવારે બિંબપ્રતિષ્ઠા કરી. પછી રાધનપુર, પાટણ, પછી પાછા રાધનપુર બે ચોમાસાં કર્યાં. પછી પાટણ ને પછી રાધનપુરમાં સં. ૧૮૪૮માં ચોમાસું કરી ત્યાંથી વિમલાચલ જઈ લીંબડી થઈ સુરત આવી રાંદેર જઈ સ્થાનકવાસી સાથે વાદ કર્યો. ખંભાત આવી ફરી સિદ્ધાચળની યાત્રા કરી લીંબડી આવ્યા ત્યાં પણ સ્થાનકવાસી સાથે વાદ કર્યો, પછી હૃદયરામ દિવાને કાઢેલ ગોડીજીના સંઘ સાથે જોડાઇ યાત્રા કરી લીંબડી ચોમાસું કર્યું. પછી સં. ૧૮૫૩માં રાજનગર ચોમાસું કર્યું. અહીં શ્રીમાળી લક્ષ્મીચંદ શેઠે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ૧૮૫૪ મહા વદ ૫ સોમવારે કરાવી તેમાં ૪૭૨ જિનમૂર્ત્તિઓ અને ૪૯ સિદ્ધચક્રની પ્રતિષ્ઠા કરી. પછી રાજનગરના ઓસવાલ હર્ષચંદ સંઘવીએ મોટો સંઘ સિદ્ધાચલનો કાઢયો સં. ૧૮૫૭માં સમેતશિખરમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૧૮૫૮માં લીંબડી ચોમાસું કર્યું. ૧૮૫૯માં અમદાવાદ વૈ. શુ. ૭ ગુરૂવારે પ્રતિષ્ઠા કરી ત્યાં બે ચોમાસાં

(૯૭૯) અષ્ટપ્રકારી પૂજા સં. ૧૮૧૯ ધોધામાં

આદિ—

શ્રુતધર જસ સમરે સદા, **શ્રુતદેવી** સુખકાર,
પ્રણમી પદકજ તેહનાં, પભણું પૂજા પ્રકાર ૧
અર્થ સુણી જિનવર થકી, સૂત્ર રચેં ગણધાર
તે આગમને અનુસરી, રચશું અષ્ટ પ્રકાર. ૨
ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફલ સુવિચાર ૩

અંતે— કલશ રાગ ધન્યાશ્રી

ભાવો ભાવોરે ભવિ અષ્ટ પ્રકાર ચિત્ત ભાવો
અષ્ટ ભેદ જિનપૂજા કરતાં, અષ્ટ મહાસિદ્ધિ પાવોરે ભવિ. ૧
અષ્ટ કરમકો ઘાત કરીનેં, અષ્ટમ ગતિ તુમે પાવો
જિમ **ધનૌઘા**દિક પૂજા, એકેકથી પામ્યા શુદ્ધ સહાવોરે ભવિ. ૨
નિજ ગુણ ઋદ્ધિં તિરોભાવેં થઇ ગ્રહણ કરત પરભાવો
પ્રભુ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહેતાં, હોવત આવિરભાવોરે. ભવિ. ૩
સત્ય વચન ભાષક **સત્યવિજયો**, સંવેગી તસ દાવો
કપૂર સમી ઉજ્જવલ જસ કીર્ત્તિ, **કપૂરવિજય** બુધ ધ્યાવોરે. ૪
તત્ત્વ શશી અડ ચંદ્ર સંવત્સર, **ખિમાવિજય જિન** ગાવો
ઉત્તમ પદકજ પૂજ કરંતાં, ઉત્તમ પદવી પાવોરે, ભવિ. ૫

કરી પાટણ આવ્યા ત્યાં સં. ૧૮૬૨ના ચત્ર શુદ ૪ બુધને દિને સ્વર્ગવાસ કર્યો.

વિમલાચલ (પાલીતાણા)ની તેર વાર, ગિરનાર ત્રણ વાર, શંખેશ્વરની એકવીસ વાર, ગોડી પ્રભુની ત્રણ વાર, તારંગાજીની પાંચ વાર અને આબુજીની એક વાર યાત્રા કરી. કવિ હતા. ૫૫૦૦૦ નવા શ્લોક રચ્યા છે.

તેમણે શ્રીમદ્ યશોવિજયજીના સવાત્રણસો ગાથાના શ્રી સીમંધર જિન વિજ્ઞપ્તિરૂપ સ્તવન પર સં. ૧૮૩૦માં અને તેમનાજ વીરની હુંડી રૂપેના સ્તવન ઉપર સં. ૧૮૪૯ વસંત પંચમીને બુધવારે રાધનપુરમાં ગૂજરાતી ભાષામાં બાલાવબોધો રચ્યા છે.

—(૧) ઇતિ પંડિત શ્રી **પદ્મવિજયજી** કૃત અષ્ટપ્રકારી પૂજા સમાપ્તમ. સર્વ ઢાલ ૧૬ ગાથા ૭૬ શ્લોક ૧૨૫ આસરે છે લિ. પં. ચૂનીલાલ પત્ર ૮ની પ્રતમાં પહેલાં ૪ પત્રમાં આ છે ને પછી દેવચંદજી (? જ્ઞાન ઉદ્યોત) કૃત એકવીશપ્રકારી પૂજા છે. અનંત૦ નં. (૨ થી ૪) નં. ૧૮૪૨, ૨૧૫૭ અને ૨૪૩૧ લીં.

(૯૮૦) +નેમિનાથ રાસ ૧૮૨૦ દિવાલી રાધનપુરમાં.

આદિ—

ઉદધિ સુતા સુત સુન કરે, તે વાહન હોઇ જાસ,
તસ પુત્રી સમરૂં સદા, પુરો મુઝ મુખ વાસ,
તુઝને સહુ સમરે સદા, તાહરા ગુણ વિખ્યાત,
તુઝ વિણ શિવપદ નવિ લહે, તિણે સમરૂં તુઝ માત ૨

અંતે—

ઢાલ હમચીની.

વર્દ્ધમાન જિનશાસનનાયક તસ ગણધર અગ્યાર,
તેહમાં **સોહમ** પંચમા ગણધર હુઆ પ્રથમ પટ ધારરે. હમચડી. ૧
અનુક્રમે **જંબુ** પ્રમુખ બહુ પટધર **ચૌઆલીસમેં** પાટ,
શ્રી **જગચંદ્ર** સૂરીવર જિણેં રોપ્યા ધર્મના ધારરે. ૨
વર્ધમાનતપથી જસ રાંણેં **તપા** બિરૂદ તે દીધું,
છઠું નામ એ ગુણથી પામ્યા, જગ જનમાંહિ પ્રસિધુરે. ૩
દેવેન્દ્ર સુરી પ્રમુખ ક્રમેં આવ્યા **આણંદવિમલ** સૂરીંદ,
જિણેં કિરિયા ઉદ્ધાર તે કીધો, કુમતિમાં જેમ દિણંદારે. ૪
વિજયદાન સૂરી તસ પટધર **હીર**વિજય સૂરીરાયા,
અકબરસાહિં જાસ વયણથી, પડહ અમારિ બજાયા. ૫
તાસ પાટિ **વિજેસેન** સૂરીસર બિરૂદ સવાઇ પામ્યા,
તાસ પાટિ **વિજયદેવ** સૂરિવર નરનારી જસ નામ્યારે. ૬
વિજયસિંહ સૂરિ તસ પાટે જ્ઞાનવંત ગુણરાગી,
તાસ સીષ્ય સમુદાયમાં જાણે **સત્યવિજય** સૌભાગી. ૭

આચારયની આણા પામી કર્યો ક્રિયા ઉદ્ધાર,
ગામ નયર પુર પાટણ માંહિ યશશોભા વિસ્તાર. ૮
કપૂરસમી કીરતિ જસ ઉજવલ **કપૂરવિજય** પંન્યાસ,
પંડિત પ્રવર ઘણું ગુણવંતા જસ સૌભાગ્ય વિલાસ. ૯
તાસ પટ્ટે ભદ્રક ઉપગારી **ખિમાવિજય** પન્યાસ,
સાંભરે પૂરવ મુનિવર મોહટા મુદ્રા દેખી જાસ. ૧૦
દેશના જેહની **નંદીષેણ** પેરે, ઉદ્ધત પણિ ઉદ્ધરીયા,
જિહાં જિહાં વિચર્યા તિહાં તિહાં તાર્યા, જે સમતાના દરિયા. ૧૧
તાસ શીસ સમુદાયમાં પંડિત **જિનવિજય** ગુરૂરાય,
લક્ષણ લક્ષિત શિક્ષિત બહુજન નરનારી ગુણ ગાય. ૧૨
ભદ્રક ઉપગારી તસ પાટે હિત શિખામણ દાઇ,
ઉત્તમવિજય ગુરૂ શુભ ગુણધર ભવિજન ધર્મ સખાઇ. ૧૩
પયડી પંચસંગ્રહ મુખ ગ્રંથા તેહમાં ઘણું પ્રધાન,
બહુ સિદ્ધાંત જિણે અવગાહ્યાં ખિમાવંત અસમાન. ૧૪
ગગન નયન ગજ ચંદ્ર સંવચ્છર દીવાલી દિન જાણો,
શુભ મુહુરતમાં ગુરૂકિરપાથી રાસ ચઢયો સુપ્રમાણો. ૧૫
ઢાલ ઉગણપચાસ પ્રથમખંડ બીજે બાવન ભાખી,
ત્રીજે ત્રીસ ચોથે છત્રીસ સવિ સરવાલે દાખી. ૧૬
એકસો ને અગણોત્તર ઢાલે એહ રાસ મેં કીધો,
રત્નવિજયગણિ કહણથી માહરો મનહ મનોરથ સીધો. ૧૭
તે ગુરૂ **ઉત્તમવિજય** કૃપાથી **પદ્મવિજય** તસ સીસે,
નિજ પરના ઉપગારને હેતે ભાખ્યો વીસવાવીસે. ૧૮
રાધનપુર વરમાંહિ વિરાજે ચૈત્ય ઘણા મનોહાર,
દેવવિમાન પરેં જે દીપે ઉજવલ ચંદ્ર અનુહાર. ૧૯
દાની ધ્યાની જ્ઞાની રૂડા ભાગ્યવંત શુભ નામ,
શ્રાવક શ્રદ્ધાવંત તણા જિહાં, દીસે બહુલાં ધામ. ૨૦

તે **રાધનપુર** રહી ચોમાસું કીધો એ અભ્યાસ,
વિજયધર્મ સૂરીશ્વર રાજ્યે વાધ્યો અતિ ઉલ્લાસ. ૨૧
જિહાં લગે ગ્રહગણ તારા પ્રથવી ચંદ્ર સૂરજ પરકાસ,
તિહાં લગે એહ રાસ થિર હોજ્યો જયજયકાર વિલાસ. ૨૨
નેમચરિત્ર એ સુણસેં લખસેં વાંચસેં ભાગ્યવિશાલ,
અનુક્રમેં શાશ્વત પદ તે લહેસ્યેં હોસ્યેં મંગલમાલ. ૨૩

(૧) પ્રથમખંડ ૧૬૭૫ દ્વિતીયખંડ ૧૭૦૧ તૃતીયખંડ ૧૧૩૨ ચતુર્ણાં મિલને સર્વ ગાથા ૫૫૦૩ સં. ૧૮૪૭ શાકે ૧૭૧૩ પ્ર૦ જ્યેષ્ટ માસે શુકલ પક્ષે ૧૧ એકાદશી તિથૌ રવિવાસરે લિ૦ લિંબ-પૂરે મધ્યે ૩૦૨–૧૧ દા. ૨૫ લીં. હાલનો નં. ૨૧૮૫.

(૨) સં. ૧૮૩૬ માઘ માસે શુકલપક્ષે પ્રતિપદા રવિવાસરે લિ૦ પાટણનગરે વ્યાસ તુલજારામ સુત સાકરરામ સ્વહસ્તે. ૨૭૯–૧૨ લીં. હાલનો નં. ૩૨૭૪ (૩-૪) પત્ર ૧૫૨ અને ૧૫૨ નં. ૯ અને ૧૦ દા. ૪૦ દે.

(૯૮૧) +ઉત્તમવિજય નિર્વાણ રાસ. (એ) સં. ૧૮૨૮ પો. શુ. ૭ રવિ.

આદિ—

વનજ–વદન વાગેશ્વરી, પુસ્તક દાહિણ પાંણ,
સમરૂં સાચી **સરસતી,** કરવા ગુરૂનિર્વાંણ. ૧

અંતે— ઢાલ ૧૩મી પછી કલશ.

ગુરૂ ગણી સવાયા સુજસ સવાયા મનુઅ ભવફલ લીધ એ,
સહુ સજ્જન પ્રાણી હર્ષ આણી ગાવજ્યો ઇણ વિધ એ.
સંવત **અઢાર અઠાવીસે** પોષ રૂડો માસ એ,
સાતિમ દિને સૂર્યવારે, પોહોતી સફલ આશ એ.
ગુરૂભાઈ કેરી પ્રેરણાથી કીધો એહ અભ્યાસ એ,
કહે **પદ્મ** માહરે હોજ્યો શુભ નિત નિત લીલ વિલાસ એ.

(૧-૨) સં. ૧૮૩૦ નં. ૩૦૧૮, અને નં. ૩૦૯૬ લીં.

(૩-૪) પત્ર ૧૮, ૯ નં. ૧૪૯-૧૫૦ દા. ૪૫ ડે૦

(૫) પ્ર૦ મારી જૈન ઐ. રાસમાળા ભાગ ૧.

સંવત્ ૧૮૩૭માં પોતે અમદાવાદના સંઘ સાથે સંઘવી મોદી પ્રેમચંદ સહિત શત્રુંજયની યાત્રા કીધી હતી તે ઐતિહાસિક બીના પૂરી પાડનારૂં સ્તવન કવિએ સિદ્ધાચલપર રચ્યું છે.

(૯૮૨) મહાવીરસ્ત. (ષટ્પર્વી મહિમાધિકાર ગર્ભિત) સં. ૧૮૩૦ ફા. શુ. ૧૩ સાણંદમાં.

આદિ—

શ્રી ગુરૂપદ પંકજ નમીરે, ભાખૂં પર્વ વિચાર,
આગમ ચરિત્રને પ્રકરણેરે, ભાખ્યો જેમ પ્રકારોરે,
ભવિયણ સાંભલો નિદ્રા વિકથા ટાલીરે મુકી આંમલો. ૧
ચરમ જિણંદ ચોવીસમોરે, **રાજગ્રહી** ઉદ્યાંન,
ગોતમ ઉદ્દેસી કહેરે, જિનપતિ શ્રી **વર્દ્ધમાનોરે** ભ. ૨
પખમાં ષટ તિથી પાલિયેરે. આરંભાદિક ત્યાગ,
માસમાં ષટપરવિ તથારે, પોસહ કેરો લાગરે. ભ. ૩
દુવિધ ધરમ આરાધવારે, બીજ તે અતિ મનોહાર,
પંચમી નાંણ આરાધવારે, આઠમ કર્મખયકારરે. ભ. ૪
ઈગ્યારસી ચૌદસી તથારે, અંગ પૂર્વનેં કાજ,
આરાધી શુભ ધર્મને, પામો અવિચલ રાજરે. ભ. ૫
ધનેશ્વર પ્રમુખે થયારે, પર્વ આરાધ્યારે એહ,
પામ્યા અવ્યાબાધનેરે, નિજ ગુણ રિદ્ધિ વરેહરે. ભ. ૬
ગૌતમ પૂછે **વીરને**રે, કહો તેહનો અધિકાર,
સાંભલી પર્વ આરાધવારે, આદર હોય અપારરે. ભ. ૭

અંતે— ઢાલ ૮ ગિરૂઆરે ગુંણ તૂમ તણા-એ દેશી.

ઉજમણાં એ તપ તણા, કરો તિથિ પરિમાણ,
ઉપગરણારે રત્નત્રયી સાધન તણાં, ભવિ ભવસાયર તરણારે. ઉ. ૧

જો પણ સહૂ દિન સાધવા, તોપણ તેહની અણુસકતેરે,
પરવ તિથિ આરાધીનેં તુમે ઉજમજ્યો બહૂ ભકતેરે. ઉ. ૨
શ્રાદ્ધવિધિ વર ગ્રંથમાં, ભલો દાખ્યો એ અવદાતોરે,
ભગવતિ ને **મહાનિશીથ**માં, કહ્યો તિથિ અધિકાર વિખ્યાતોરે. ઉ. ૩
તપગછ ગગનાંગણ રવિ, શ્રી **વિજયસિંહ** ગણધારરે,
અંતેવાસી તેહના શ્રી **સત્યવિજય** સુખકારોરે. ઉ. ૪
કપૂરવિજય વર તેહના, વર **ખિમાવિજય** પન્નાસોહે,
જિનવિજયો જગમાં જયો, શિષ્ય **ઉત્તમવિજય**નેં ખાસોરે. ઉ. ૫
તસ પદચરણ ભમર સમો, રહી **સાણંદ** ચઉમાસેરે,
અઢાર ત્રીસ સંવત્સરે, સુદિ તેરસ ફાગુણ માસરે. ઉ. ૬
પદ્મવિજય ભકતેં કરી શ્રી **વિજયધર્મસૂરી** રાજ્યેરે,
વર્દ્ધમાન જિન ગાઇયા, શ્રી **અમીઝરા** પ્રભુ સાજ્યેરે. ઉ. ૭

કલસ.

પર્વતિથિ આરાધો સુકૃત સાધો લાધો ભવ સફલો કરો,
સંવેગસંગી તત્વરંગી **ઉત્તમવિજય** ગુણકરો;
તસ સીસ નામે સુગુણ કામે **પદ્મવિજયે** આદર્યો,
શુભ એહ આદર ભવિ સુહાગર નામ પટપરવી ધર્યો. ૮

(૧) ૩ પત્ર પ્ર. કા. નં. ૬૧૫.

(૨) લ. સં. ૧૯૨૯ ભાદરવા શુદ ૨ દિવસે લિખિતં ભોજક તલસી ફત્તેચંદ શ્રી રાધનપુર મધ્યે. ૭-૧૦ ના. ભં.

(૩) હસ્તાક્ષર અયાચી જેશંકર મૂલજી જ્ઞાતે શ્રીમાલી બ્રાહ્મણ। સ્વસ્થાન પાટણ ધીવટામધ્યે પાનસ્યાંમજીના પાડામાં ॥ સંવત ૧૯૩૭ અષાડ માસે શુકલપક્ષે તિથૌ ૬ મંદવાસરે સમાપ્ત ॥ શુભં ભવતુ ॥ શ્રી ॥ ૭-૧૨ જશવિજય મુનિસંગ્રહ નં. ૧૦૮.

(૪) પત્ર ૧૬ થી ૧૯ નં. ૧૮૪૨ લીં.

૨૪ જિનનાં કલ્યાણક સ્ત૦ સં. ૧૮૩૭ મહા વદ ૨ શનિ **પાટણ**

આદિ દૂહા.

પ્રણમી જિન ચોવીસને કહું કલ્યાણક તાસ
માસ અમાવાસ્યા તણી રીધ ધરી સુવિલાસ ૧
જેહના નામ સ્મરણ થકી નાસે ભવ ભવ પાપ
તિણે કલ્યાંણક દિને કીજે પ્રભુનો જાપ. ૨

અંતે—કલ્યાણક દિન ગાઇએ ભવિ હર્ષ ધરિ બહુ માનોરે.

× × × ×

ઇમ અનંત ચોવીસી ધારિઇ તો અનંત કલ્યાંણક થાયેંરે
ઉજમણુય કીજીઇ ધરી ભક્ત સકત નિરમાયોરે ૩ ક૦
સંવત **અઢારસાંત્રીસ** ૧૮૩૭ના માહ વદ બીજને શનીવારોરે
સોભન જોગેં સોભન થયું પ્રભુ ગાયા હર્ષ અપારોરે. ૪ ક૦
પાટણ ચોમાસું રહી લહી **જિન ઉત્તમ** સુપસાયારે
પદ્મવિજય પૂણ્યેં કરી ઇમ થુણીઆ શ્રી જિનરાયારે. ૫ ક૦

—(૧) સં. ૧૯૨૧ ચૈ૦ ૯ ભોમે લખીતંગ ભોજક ઠાકોર **નરભેરામ અમુલખ** પઠનાર્થં બા. **દીવાલી પાટણ** મધ્યે વાસ્તવ્યં। ૪-૧૨ મુનિ જશ૦ (૨) સં. ૧૯૨૧ શ્રાવણ સુદ ૫ ગુરૂવાર લખીતં ભોજક ઠાકોર **નરભેરામ અમુલખ** ૪-૧૩ નં. ૪૩ મુનિ જશ૦

(૩-૪) નં. ૧૮૬૨ પત્ર ૨૯ થી ૩૧, અને નં. ૨૧૫૭ પત્ર ૫૪ થી ૫૮ લીં. (૫) ૩-૧૪ આ. ક.

પંચકલ્યાણક મહોત્સવ સ્ત૦ સં. ૧૮૩૭.

—નં. ૨૧૫૭ પત્ર ૫૮ થી ૬૧ લીં.

(૯૮૩) **+નવપદપૂજા** સં. ૧૮૩૮ માહ વદિ ૨ ગુરૂ લીંબડી.

આદિ

શ્રુતદાયક શ્રુતદેવતા, વંદું જિન ચોવીસ
ગુણ સિદ્ધચક્રના ગાયતાં, જગમાં હોય જગીસ. ૧

અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધાંમ,
દંશણ નાણ ચરણ વલી, તપ ગુણ માહિં ઉદ્દામ. ૨
ઈમ નવ પદ ભક્તિ કરી, આરાધો નિતમેવ
જેહથી ભવદુખ ઉપશમેં, પામેં શિવ સ્વયમેવ. ૩
તે નવ પદ કાંઈ વર્ણવું, ધરતો ભાવ ઉલ્લાસ
ગુણી ગુણ ગણ ગાતાં થકાં, લહીઇ જ્ઞાન પ્રકાસ. ૪
પ્રતિષ્ઠાકલ્પેં કહી, નવ પદ પૂજા સાર
તિણેં નવ પદ પૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર. ૫

અંતે— રાગ ધન્યાસીરિ

આ જમ્મારેં ત્રિભુવન સાહિબ તુઠો અનુભવ અમૃત વુઠો
ગુણી અનુજાઇ ચિંતના કરતાં કિસ્યુંઅ કરેં મોહ રૂઠો
ભવિ પ્રાણી હો ! આજ ૧
એ નવ પદનું ધ્યાન ધરંતાં નવ નિધિરિદ્ધિ ઘરેં આવે
નિયાણાનો ત્યાગ કરીનેં નવ ક્ષાયક પદ પાવેં. ૨ ભવિ૦
વિજયસિંહ સુસીસ અનોપમ ગીતારથ ગુણરાગી
સત્યવિજય તસ સીસ વિબુધવર **કપૂરવિજય** વડભાગી. ૩
તાસ સીસ શ્રી **ખિમાવિજય** વર, **જિનવિજય** પન્યાસ,
શ્રી ગુરૂ **ઉત્તમવિજય** સુસીસો, શાસ્ત્ર અભ્યાસ વિલાસ. ૪
ગજ વન્હિ મદ ચંદ સંવત્સર માહ વદિ બીજ ગુરૂવારો
રહી ચોમાસૂં **લીંબડી** નગરેં, ઉદ્યમ એહ ઉદારો. ૫ ભવિ૦
તપ ગછ વિજયધર્મ સૂરી રાજ્યેં, **શાંતિ** જિણંદ પસાયો
તે ઉત્તમ ગુરૂ ક્રમકજ અતિસમ, **પદ્મવિજય** ગુણ ગાયો. ૬ ભવિ૦

—(૧) સં. ૧૮૮૭નો એક ચોપડો મુનિ જશ૦ (૨–૭) નં. ૧૭૮૦, ૧૮૪૨, ૨૧૫૭. લિ. સં. ૧૮૮૬ નં. ૨૧૬૩, ૨૪૩૧ ને ૨૮૦૫ લીં. (૮–૧૨) પત્ર ૫, ૭, ૧૬, અને ૧૨, નં. ૨૧૩ થી ૨૧૬ દા. ૪૫ ડે.

(૯૮૪) **+સમરાદિત્યકેવલીનો રાસ** સં. ૧૮૪૧ કા૦ વ. ૫છી. વીસનગર.

આદિ— દુહા

સ્વસ્તિ શ્રી વર **સારદા**, કુંદ ચંદ સમકાય
કમલમુખી ને કમલકર, પ્રણમું તેહના પાય. ૧

જગચૂડામણિ જગજયો, જગ કેવલ દિનરાજ
રીષભ ગતિ ગતિ રાજની, **આદિદેવ** નમું આજ. ૨

શમન સમન નેં શ્રમણ જે, સમઝો વલી સમાન
સમણ પદે ચઉ અતિશયા, વંદુ શ્રી **વર્દ્ધમાન**. ૩

પરિસહ સહતા જે પ્રભુ, સંખ્યા પણિ તસ શેસ,
કેવલજ્ઞાન દિવાકરૂ, નમું **અજિતા**દિ દિનેશ. ૪

ગૌતમ પમુહ ગણહરા, સૂરિ નમું સુજગીસ
અનુક્રમે જિણથી આવીઓ, શ્રુત એ વિસવાવીસ. ૫

સુરવર અલિ શ્રેણિ મિલી, કુસુમ વુઠિ સુર કીધ
તીર્થપ્રવર્ત્તન સમય તે, ભદ્ર કરો ભવ સિદ્ધ. ૬

ગુણદાયક શ્રુત આગલા, વંદુ ગુરૂ ગુણવંત
જિણેં વચનેં કરી જાણિઈ, તત્ત્વાતત્ત્વ મહંત. ૭

સમરાદિત્ય સુસાધુનો, ચરિત્ર અછં સુવિચિત્ર
હરિભદ્ર સૂરેં ભાખીઓ, વચન વિચાર પવિત્ર ૮

અલ્પ નિદાન ઉદયેં અતિ, બહુ સંબંધ બનાવ
સુણતાં સુખ ઉપજાવસ્યેં, જેહથી સભા જમાવ. ૯

નવ ખંડે કરી નિરમલો, રાસ રચ્યું સુખકાર
સત્તર ભવ સોહામણા, કહું વિચિત્ર પ્રકાર. ૧૦

અપરાધી નર ઉપરિ, કરિએ નહી કાંય ક્રોધ
તિણેં એ **સમરાદિત્યતણું**, ચરિત્ર સુણો શુભબોધ. ૧૧

અંતે— કલશ

તપ ગચ્છ નંદન સુરતરૂ પ્રગટયા—એદેશી.

શાસનનાયક શિવવધૂલાયક, **વર્દ્ધમાન** જિનચંદાજી
પંચમ ગણધર **સોહમ** પટધર, **જંબૂ** તાસ મુણિંદાજી. ૮૦૧
પ્રભવા પટધર પૂરવધારી, **શય્યંભવ** સૂરીંદાજી
મનક પિતા જે પુત્રનેં અરથેં, **દશવૈકાલિક** કરંદાજી. ૮૦૨
જશોભદ્રસૂરિ તસ પટધર, પૂરવ ચૌદ ભણિંદાજી
સંભૂતિવિજય ને **ભદ્રબાહુ** ગુરૂ એકજ પાટ ગણીંદાજી. ૮૦૩
થૂલિભદ્ર જે સાતમા પટધર, પૂરવ ચૌદ ધરિંદાજી
બ્રહ્મચારી શિરસેહર ભણિએ, **કોશા** પ્રતિબોધંદાજી. ૮૦૪
આર્યમહાગિરિ આર્યસુહસ્તિ, દશ પૂરવ ધરેંદાજી
અવંતીસુકમાલ બૂઝવ્યો, તિમ **સંપ્રતિ** નરિંદાજી. ૮૦૫
આઠ પટ લગેં ઇણિપરેં પહેલું, **નિગ્રંથ** નામ કહંદાજી
સુસ્થિત સુપ્રતિબુદ્ધ એહ બેઉં, પટધર એક સુખકંદાજી ૬
કોડિવાર સૂરિમંત્ર જપ્યો તિણેં, **કૌટિક** ગણ થપંદાજી,
શ્રી **ઇંદ્રદિન્નસૂરિ** તસ પટધર, શ્રી **દિન્નસૂરિ** હવંદાજી. ૭
પન્નરમેં પટ શ્રી **ચંદ્રસૂરિ**, **ચંદ્રગચ્છા** થયા નામજી,
ત્રીજું એ પરસીધું જગમાં, **સામંતભદ્ર** તસ ઠામજી. ૮
વનવાસી ચોથું થયું અભિધા, તસ પટ ગુણમણિ ધામજી,
શ્રી **વૃદ્ધદેવ** સૂરિ પરસિદ્ધા, પટધર તસ અભિરામજી. ૯
શ્રી **પ્રદ્યોતનસૂરિ** ૧૮ વિરાજે, **માનદેવસૂરિ** છાજેજી,
તસ પટ **માનતુંગ** આચારય, ઉદ્યોતક અતિ બ્રાજેજી. ૧૧
વીરસૂરિ એકવીસમેં પટ્ટે, **જયદેવસૂરિ** બાવીસજી,
દેવાણંદ વલી **વિક્રમસૂરિ** શ્રી **નરસિંહ** સૂરીસજી. ૧૨
પટ છવીસમેં **સમુદ્ર** સૂરિવર, **માનદેવસૂરિ** તાસજી,
વિબુધપ્રભસૂરિ તસ પાટે, શ્રી **જયાનંદ** સુવાસજી. ૧૩

ત્રીસમેં પાટે **રવિપ્રભ**સૂરિ, શ્રી **યશોદેવ**સૂરિ જાસજી (૩૧),
પ્રદ્યુમ્ન સૂરિ બત્રીસમેં પાટે, **માનદેવ** તસ ખાસજી. ૧૪
વિમલચંદ ને ઉદ્યોતન સૂરિ, તેહ પાંત્રીસમેં ઠાણોજી,
વડતલેં આઠ સૂરિપદ દીધાં, તિહાંથી વડગચ્છ જાણોજી. ૧૫
પાંચમું નામ એ પાટ છત્રીસમેં, **સર્વદેવ** સૂરીસોજી,
સાડત્રીસમેં પાટે **દેવ**સૂરિ, **સર્વદેવ** અડત્રીસજી. ૧૬
બિહું ગુરૂભાઇ હવે એકપાટે, **જસોભદ્ર** શ્રી **નેમિચંદ**જી,
તેહુને પાટે **મુનિચંદ્ર**સૂરિ, નિર્મલ કીર્તિચંદજી. ૧૭
અજિતદેવ સૂરિ તસ પટધારી, **વિજયસિંહ**સૂરિ નમિઇજી,
સોમપ્રભસૂરિ **મણિરત્ન**સૂરિ નમતાં પાપ નિગમેજી. ૧૮
એ દોય પાટેં ચૌઆલીસમેં, શ્રી **જગચ્ચંદ્ર**સૂરિ દીવોજી,
કરી ક્રિયા ઉદ્ધાર દીપાવ્યો, મારગ તે ચિરંજીવોજી. ૧૯
આઘાટ પુરે જિણે દિગપટ જીત્યા, રાણા સભા હજૂરજી,
હીરલા નામ દીધું તિહાં રાણેં, તપ કીધા જિણેં પૂરજી. ૨૦
જાવજીવ આંબિલ તપ કીધો, બિરૂદ **'તપા'** તિહાં પાયુંજી,
તપગછ નામ છહું એહ ગુણથી, નાંહી કદાગ્રહેં આયુંજી. ૨૧
દેવેંદ્ર સૂરિ પટોધર તેહના, પ્રકરણ જિણેં બહુ કીધાંજી,
ધર્મઘોષ સૂરીસર તેહના, વિદ્યામંત્ર પ્રસીધાંજી. ૨૨
સોમપ્રભ સૂરિ સડતાલીસમેં પાટેં અતિ વૈરાગીજી,
સોમતિલકસૂરિ ૪૮ **દેવસુંદર**સૂરિ ૪૯ જસ પંચ શિષ્ય સોભાગીજી.
સોમસુંદરસૂરિં તેહના પટોધર, **મુનિસુંદર** તસ પાટેજી,
એકસો આઠ હાથનો કાગલ, લિખિ મોકલ્યો ગુરૂ માટેજી. ૨૪
'કાલી સરસ્વતી' જે કહેવાતા **સંતિકર** જિણેં કીધુંજી
પાટવી તેહના **રત્નશેખર**સૂરિ બાવનમેં પરસીધુંજી. ૨૫
લક્ષ્**મીસાગર**સૂરિ **સુમતિસાધુ**સૂરિ **હેમવિમલ** પણપન્નજી,
આનંદવિમલ સૂરિ છપન્નમેં, પાટે તેહ નિષ્પન્નજી. ૨૬

બહુ મારગ લોપાણો જાણી, ક્રિયાશિથિલ થયા પ્રાણીજી,
સંવત **પનર બ્યાસીઇં** કીધો ક્રિયા ઉદ્ધાર મન આણીજી. ૨૭
બહુ શ્રેષ્ટિ સુત શત જિણેં દીખ્યા, સ્યાં સ્યાં કીજે વખાંણજી,
તસ પટ્ટે **વિજયદાન**સૂરિઇ કરી, પરતિષ્ઠા બહુ ઠાંણજી. ૨૮
ઇમ સત્તાવન પાટ વખાણ્યા, શેષ પાટ હવે કહિઇજી,
પદ્મવિજય કહેં પૂરવસૂરિના, ગુણ ગાતાં સુખ લહિઈજી. ૨૯

દેશી હમચડી.

અઠાવનમેં પાટે, હૂઆ **વીજયહીર** સૂરિ રાયા
મેઘજી આચારય પ્રતિબોધી **લુંપક** મત છોડાયારે. હમચડી ૩૦
અઠાવીસ સંજતસ્યું દીક્ષા લીધી જે ગુરૂ પાસે
પાત સાહ **અકબર** પ્રતિબોધ્યો, જીવ અમારિ પ્રકાસેરે. ૮૩૧
સીરોહી નડુલાઈ પાટણ રાજનગર ખંભાતિ,
જિણેં બહુ બિંબપ્રતિષ્ઠા કીધી ઠામિ ઠામિ વિખ્યાત. ૩૨
વિજયસેનસૂરી તસ પાટે, પાતસાહનેં આગેં,
ષટ દરિસણમાં જયસિરિ જેહનેં, વરી સ્વયંવરા રાગેરે. ૩૩
'સવાઈ ગુરૂ' બિરૂદ લહ્યા તવ ગીતારથ ગુણરાગી,
તસ પાટિ **વિજયદેવ** સૂરીસર કીરતિ ચિહું દિશ જાગી. ૩૪
વિજયપ્રભ સુરી તસ પટ્ટે સોભાગી સિરદાર,
વિજયરત્ન સૂરિ પાટે તેહને **વિજયક્ષમા** સૂરિ સારરે. ૩૫
ચોસઠિમેં પાટે વલી હૂઆ **વિજયદયા** સૂરિરાય,
વિજયધર્મ સૂરિ જસ રાજ્યેં **પ્રારંભ રાસનો થાયરે.** ૩૬
અઢાર એકતાલેં કાતિ વદિમાં સ્વર્ગે તેહ સિધાયા,
તસ પટ્ટે શ્રી **જિનેંદ્ર** સૂરીશ્વર પુણ્યે પદવી પાયારે. ૩૭
શ્રી **વિજયદેવ** સૂરીસ પટોધર શ્રી **વિજયસિંહ** સૂરીશ,
સંવત **સોલ એકાશીઆ વર્ષે** સૂરિ પદ સુજગીસરે. ૩૮
રાણો **જગસિંહ** જિણેં પ્રતિબોધ્યો જસ કીરતિ જગ વ્યાપી,
જેહની પરિષદ બહુ ગીતારથ કીધા આદર આપી. ૩૯

વરસ અઠાવીસ આચારયપદ યુવરાજ્યેં જે પાલી,
રાજનગરમાં સ્વર્ગ પધાર્યા દુખદોહગ સવિ ટાલી. ૪૧
તેહના સીસ સમુહમાં સોહે **સત્યવિજય** પન્યાસ,
આચારય ગુરૂ આણા પામી કર્યો ક્રિયા અભ્યાસ. ૪૨
કપૂરવિજય પન્યાસ તેહના **ખિમાવિજય** તસ જાણો,
નંદીષેણ પરિ દેશના જેહની, કરે ભવિ વ્રત પચખાણોરે. ૪૩
ભંગી જંગી બહુ પ્રતિબોધ્યા સોભાગી સિરદાર,
તસ **જિનવિજય** પન્યાસ કહાયા કરતા બહુ ઉપગાર. ૪૪
ગીતારથ સજ્જન ઘણું સુંદર, લક્ષણ લક્ષિત દેહ,
જેહની મુદ્રા દેખી પૂરવ, મુનિવર સાંભરે તેહ. ૪૫
તાસ શીસ સમુદાયમાં જાણો **ઉત્તમવિજય** પન્યાસ,
જ્ઞાની ધ્યાની ને નહિ માની, દશ દિશ કીરતિ જાસ. ૪૬
પયડી પંચસંગ્રહ મુખ ગ્રંથા, જાણેં તસ આમ્નાય,
ભદ્રક ઉપગારી મુઝ મોહટા, શાંત દાંત ગુણરાય. ૪૭
મુઝ સરિખા પથ્થર નવ પલ્લવ, કીધા અતિ હિત આણી,
સ્યો સ્યો કહું ઉપગાર ગુરૂનો વાણી જાસ પ્રમાણીરે. ૪૮
વીસલનયર વિરાજેં રૂડું જિહાં જિન ચૈત્ય છે દોય,
જિહાં અતિભક્તિવંતા બહુ શ્રાવક પ્રભુપૂજા ઘણી હોય. ૪૯
તે ગુરૂ **ઉત્તમવિજય** પસાયેં **પદ્મવિજય** લઘુ શીસેં,
વીસલનગર ચોમાસ રહીનેં ભાખ્યો વિસવાવીસેંરે. ૫૦
જિહાં લગે ગ્રહગણ તારા મેરૂ ચંદ્ર સૂરજ પરકાશ,
તિહાં લગેં એહ રાસ થિર હોયો જયજયકાર વિલાસરે. ૫૧
સમરાદિત્ય રાસ એ ભણસ્યેં લિખિસ્યેં ભાગ્યવિશાલ,
તેહ મહોદય પદવી લહેંસ્યેં હોસ્યેં મંગલમાલરે હમચડી. ૮૫૨

—(૧) ઇતિ સંવિગ્નપક્ષીય પંડિતપ્રવર શ્રીમદુત્તમવિજયગણિ-શિષ્ય પં. પદ્મવિજય વિરચિતે શ્રી સમરાદિત્ય-ચરિત્રે પ્રાકૃતપ્રબંધે

સમરાદિત્યગિરિસેનયોઃ નવમનરભવઃ સમાપ્તઃ-ગ્રંથાગ્ર ૯૦૦૦. ૨૨૦-૧૫ દા. ૨૬ લીં. હાલનો નં. ૨૮૭૦.

—(૨) સંવત્ ૧૮૪૪ વર્ષે માઘ માસે શુકલપક્ષે દ્વિતીયા ભૃગુવાસરે લિખ્યતં પાટણ નગરે વ્યાસ તુલજારામ સુત સાકરરામેણ. ૨૪૧-૧૩ દા. ૭૮ નં. ૧ હા. (૩-૪) પત્ર ૨૧૦ અને ૨૫૨ નં. ૫ ને ૬ દા. ૪૦ ડે. (૫) પ્ર. ભીમશી માણેક.

(૯૮૫) સિદ્ધાચલ નવાણૂ યાત્રા પૂજા. (નવાણુ પ્રકારી પૂજા) સં. ૧૮૫૧.

—(૧) સંવત ૧૮૮૧ વર્ષે આસાઢ માસ શુકલપક્ષે એકાદશી તિથૌ રવિવાસરે લિખ્યિતં મુનિ વીરચંદ્ર શ્રી પાલણપુરે શુશ્રાવક પુન્ય પ્રભાવક દેવગુરૂરાગી પુન્યવંત વરીઆલ માનચંદ પુત્ર જીવરાજડર્થે લ૦ ૯-૯ દા. ૩૯ નં. ૮૭ ડા. પાલણ. (૨) નં. ૨૮૦૫ પત્ર ૧૧૩ થી ૧૧૯ લીં. (૩) પત્ર ૯૩ થી ૯૭ નં. ૧૮૪૨ લીં.

(૯૮૬) મદનધનદેવ રાસ. સં. ૧૮૫૭ શ્રા. શુ. ૫ રવિ. રાજનગરમાં.

આદિ

વિહરમાન પ્રભુ રાજતા, વંદુ જિનવર વીસ,
પદકજ પ્રણમું **પાસના**, જેહની ચઢતી જગીસ. ૧
ગુણદાયક ગુણસ્યું ભર્યા, પ્રણમું ગુરૂના પાય,
ભમતાં જે ભવસાયરે, પ્રવહણ સમ પરખાય. ૨
જગમાં બંધન દો કહ્યા, રાગ તથા વલી દ્વેષ,
તેહમાં પણ રાગ જ વડું, તેહથી દોષ અશેષ. ૩
સુખઇચ્છક સહુ જીવ છે, સુખ નવિ ઓલખે કોય,
જિહાં આત્મીય સુખ નીપજે, તે શિવમંદિર હોય. ૪
દુર્બુદ્ધિ સુખભ્રાંતિથી, રમે વિષયમાં લીન,
ન ગમે સજ્જન પુરૂષને, જાસ સુકૃત મતિ પીન. ૫

તેહ વિષય સાધન અછે, મુખ્ય થકી વર નારિ,
તેતો ક્રૂર કુટીલ કહી, સાપણી પરે નિરધાર. ૬

અંતે ઢાલ ૧૯ મી.

× × × ×

ઓગણીશે ઢાલે કરીરે લાલા, સંપૂરણ થયો રાસ
સંજમ રંગ લાગોરે,
મુનિ પાંડવ ગજ ચંદ્રમા રે લાલા, વરસ તે શ્રાવણ માસ. ૨૧
પંચમી ઉજ્વલ પક્ષનીરે લાલા, સૂર્યવાર સુપ્રસિદ્ધ સં.
રાજનગર માંહે રહ્યા રે લાલા, એહ મનોરથ સિદ્ધ સં. ૨૨
તપગચ્છ ગયણ દિનેસરૂ રે લાલા, **વિજયદેવ** સૂરિરાય સં.
વિનયવંત તસ પાટવીરે લાલા, **વિજયસિંહ** સૂરિ થાય. ૨૩
પંડિત રત્ન શિરોમણી રે લાલા, કીધો ક્રિયા ઉદ્ધાર,
શિષ્ય તાસ **સત્યવિજયજી** રે લાલા, શુભ કિરિયા આચાર. ૨૪
તાસ **કપુરવિજય** કવી રે લાલા, **ખિમાવિજય** તસ સીસ,
ખિમા ગુણે કરી સોહીઇ રે લાલા, નહી જસ રાગ રીસ. ૨૫
પંડિત શિર ચૂડામણી રે લા. લક્ષણ લક્ષિત અંગ,
શ્રી **જિનવિજય** સોભાગીયારે લા. તેહના સીસ સુચંગ. ૨૭
તસ આસન સોહાગરૂ રે લા. જાણે જૈન સિદ્ધાંત,
શ્રી ગુરૂ **ઉત્તમવિજયજી** રે લા. વૈરાગી એકાંત. ૨૮
તસ પદપદ્મ ભ્રમર સમો રે લા. **પદ્મવિજય** વર નાંમ,
ગુરૂકૃપાથી કીધલો રે લા. એહ રાસ અભિરામ. ૨૯
પંચમા **સુમતિ** જિણેસરૂ રે લા. તેહના ચરિત્ર મઝાર,
વળી શ્રી **જયાનંદ** ચરિત્રમાં રે લા. ભાખ્યો એ અધિકાર. ૩૦
શ્રીમંધર સ્વામી તથા રે લા. તિમ વલી **ભાભા પાસ,**
સાનિધે સંપૂરણ થયો રે લા. **મદન ને ધનદેવ** રાસ. ૩૧
જે ભણસ્યે ગુંણસ્યે વલી રે લા. વાંચસ્યે પૂન્યવિશાલ
તે સઘલાં સુખ અનુભવી રે લાલા, લહસ્યે મંગલમાલ
સંજમ રંગ લાગોરે. ૩૨

—(૧) પાટણનગરે સં. ૧૮૬૯ કા. શુ. ૧૨ દિને ચંદ્રવાસરે સર્વગાથા ૪૬૨ છે. ૧૯–૧૪ વિ. ધ. (૨) સર્વગાથા ૪૫૯ લિ૦ ખુશાલવિજયેન. ૨૭–૧૦ લીં. હાલનો નં. ૩૦૫૬. (૩) પાનાં ૨૧. પ્રે. ૨. (૪) લિખિતં શ્રી સકલ પંડિત શિરોમણી પં. શ્રી. ૧૦૮ શ્રી કૃષ્ણવિજયગણિ તત્ શિષ્ય પંડિતોત્તમ શ્રી ૧૦૫ શ્રી પં. શ્રી રંગવિજયગણિ તત્ શિષ્ય ચરણસેવી શ્રી ઋષભવિજય ગણી લપીકૃતં સ્વવાંચનાય શ્રીપત્તનનગરે ચાતુર્માસ કૃતં સંવત્ ૧૮૬૮ ના માસોત્તમ માસે આસો માસે વદિ પક્ષે ત્રયોદશી તિથૌ ભોમવાસરે. પત્ર ૧૭ ગાથામાન ૪૫૯ પ્ર. કા. વડો. નં. ૩૧૦. (૫) સં. ૧૮૯૨ આસો સુદ ૧૫. ૨૩–૧૩ દા. ૩૬ ડા. પાલણ. (૬) સંવત ૧૯૩૧ ના ભાદરવા વદિ ૮ બુધે લ. વકીલ વરજલાલ વેણીદાસ શ્રી ખેડા ગ્રાંમે શ્રી ભિડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્, શુભંભવતુ, કલ્યાંણમસ્તુ. ૧૪–૧૭ દા. ૮ નં. ૯૫ ખેડા ભં,

(૯૮૭)+ જયાનંદ કેવળી રાસ. સં. ૧૮૫૮ પો. શુ. ૧૧ લીંબડીમાં.

આદિ

પ્રથમ પ્રથમ પ્રણમું પ્રભુ, સોહે અંસે જાસ,
કુંતલ કનક કલસ સિરેં, નીલકમલ મનુ ન્યાસ. ૧

સિદ્ધારથ સુત તિવિહસ્યું, વંદુ તિવિહા **વીર,**
જનક **સિદ્ધારથ** દુવિહ જિન, ધરણીધર પદ ધીર. ૨

કલ્યાણકે જસ સુર કરે, અવની કલ્પ અવિશેષ,
તે સુગુણાવર તો સવે, જયવંતા જિન શેષ. ૩

માન પરે પદ માંડવા, સાસ્ત્ર માર્ગ સમઝાય,
સીસું પરે કવિને શીખવે, પ્રણમું **સરસતિ** પાય. ૪

ગુરૂ ઉત્તમ ગુણગણ ભર્યા, મુઝ ઉપગાર મહંત,
પ્રણમું પદકજ પ્રેમસ્યું, આંણી હર્ષ અત્યંત. ૫

શ્રી **જયાનંદ** સોભાગીયા, કેવલ લક્ષ્મીકંત,
ધર્મ દુવિધ આરાધીને, શિવ સુખ જે સાધંત. ૬
ભવ્ય પ્રતિબોધન ભણી, ચરિત્ર ભણું સુવિચાર,
નવખંડે કરી નિર્મલો, રચસ્યું રાસ ઉદાર. ૭
પ્રિયા સહિત પૂરવ ભવેં, સમક્રીત નેં વલી સીલ,
દાંન ધરમ વલી દાખવૂં, લહે જિમ લક્ષમી લીલ. ૮
ચમત્કારકારી ચરિત્ર, સુણતાં હોસ્યેં સ્વાદ,
દુખ દોહગ દુરેં જસ્યેં, વિકથા મુકી વાદ. ૯

અંતે કલશ. રાગ ધન્યાશ્રીના દેશી

તપગચ્છપતિશ્રી **જગતચંદ્ર**સૂરિ ચૌઆલીસમેં પાટેજી,
જાવ જીવ જિણે આંબિલ કીધાં, **તપ**ગચ્છ તેહજ માટેજી. ૧
તસ પટે શ્રી**દેવેંદ્ર**સૂરિ ગીતારથ ઉપગારીજી,
બેંતાલીસમેં **ધર્મઘોષ**સૂરિ તાર્યા બહુ નરનારીજી. ૨
સોમપ્રભસૂરિ તસ પટ્ટરાજે, સડતાલીસમેં ઠામેજી,
સોમતિલકસૂરિ અડતાલિસમેં, પાટે ગુણગણધામજી. ૩
તસ પટ્ટે શ્રી **દેવસુંદર**સૂરિ ગુણવંતા ગુણરાગીજી,
સોમસુંદરસૂરિ પાટ પચાસમેં, ક્રિયાવંત વૈરાગીજી. ૪
મુનિસુંદરસૂરિ એકાવનમેં, પાટે ગુણગણ દરિયાજી,
સહસ્રવિધાની બાલપણાથી, તાર્યા જિહાં વિચરિયાજી. ૫
અધ્યાત્મકલ્પદ્રુમ નામે, **સાંતિકર** જિણે કીધૂંજી,
એકસો આઠ હાથનો કાગળ, લિખિને ગુરૂને દીધુંજી. ૬
એકસો આઠ વર્તુલિકાના રવ, ભિન્ન ભિન્ન ઓળખિયાજી,
ઉપદેશરત્નાકર જિણે કિધો, વાદિ ગોકુલસાંઢ લખિયાજી. ૭
ઇત્યાદિક બહુ ગ્રંથના કર્તા, શ્રી **જયાનંદ ચરિત્ર**જી,
જિણે કીધું નાના રસ સંયુત, બહુ વૈરાગ્ય પવિત્રજી. ૮
તેહ ચરિત્રથી રાસ રચ્યો મેં, ઓછો અધિક લિખાયોજી,
તે મુઝ મિચ્છા દુક્કડ હોજ્યો, પાપ રતિ ન રખાયોજી. ૯

તસ પટે **રત્નશેખર**સૂરિ, જે અતિશય ગુણવંતાજી,
લક્ષ્મીસાગરસૂરિ ત્રેપનમેં, પાટે જે મહમંતાજી. ૧૦
સુમતિસાધુસૂરિ પાટ ચોપનમેં, **હેમવિમલ**સૂરિ જાણોજી,
આણંદવિમલસૂરિ છપ્પનમેં, પાટે ગુણ મણિ ખાણિજી. ૧૧
જિણેં કિરિયા ઉદ્ધાર કરીને, કુમત વૃંદ બહુ કાપ્યો,
વિજયદાનસૂરિ તસ પટધર, બહુ પ્રતિષ્ટા સહ થાપ્યોજી. ૧૨
તસ પાટે શ્રી **હીરવિજય**સૂરિ, પાતસાહ દિયો માનજી,
વિજયસેનસૂરિ તસ પટધર, ગ્રંથતણું બહુ જ્ઞાનજી. ૧૩
તસ પટે શ્રી **વિજયદેવ**સૂરિ. પાટ સાઠિમેં જાણુંજી,
વિજયપ્રભસૂરિ તસ પાટે, એકસઠિમેં મન આણુંજી. ૧૪
વિજયરત્ન સૂરિ તસ પટધર, શ્રી **વિજયક્ષમા**સૂરીંદજી,
વિજયદયાસૂરિ ચોસઠમેં, પાટે જેમ દિણંદજી. ૧૫
વિજયધર્મસૂરિ તસ પાટે, પુણ્યવંત વડભાગીજી,
વિજયજિનેંદ્રસૂરિ છાસઠિમેં, પાટેં અધિક સોભાગીજી. ૧૬
વિદ્યમાન વર તેજ સુઆણા, તેહને રાજ્યે કીધોજી,
રાસ એ સુંદર મુજ મતિ સમ, મનહ મનોરથ સીધોજી. ૧૭
સંવત **અઢાર અઠાવન** વરસે, **લીંબડી** રહી ચોમાસજી,
પોશ શુદિ એકાદશી દિવસે, કીધો એ અભ્યાસજી. ૧૮
અલ્પ બુદ્ધિ અસમંજસ ભાખ્યું, તે સજ્જન શોધાજ્યોજી,
ખળ બુદ્ધિ જે દૂષણ દાખે, તે નવિ મનમાં લાજ્યોજી. ૧૯
નવ ખંડે કરી નવ નવ રચના, નવ રસમયી નિર્ધારજી.
સંઘ આગ્રહથી પૂરણ કીધો, હુઓ જયજયકારજી. ૨૦
શ્રી **વિજયદેવ** સૂરિશ પટોધર, **વિજયસિંહ** ગણરાયાજી,
તાસ સીસ શ્રી **સત્યવિજય** બુધ, પંડિત જન સોહાયાજી. ૨૧
કપૂરવિજય તસ સીસ સોભાગી, **ખિમાવિજય** તસ સીસજી,
પંડિત પ્રવર સુલક્ષણ લક્ષિત, **જિનવિજય** સુજગીસજી, ૨૨

તાસ સીસ સમુદાયમાં ઉત્તમ, **ઉત્તમવિજય** મુણંદાજી,
સમતાવંત ને શ્રુતઅભ્યાસી, ભરિયા ગુણગણવૃંદાજી. ૨૩
તસ પદ પદ્મ શિલીમુખ સરખો, **પદ્મવિજય** અભિધાનજી,
એહ રાસની રચના કીધી, મુનિગુણને બહુ માનજી. ૨૪
જિહાં લગે રવિ શશિ દ્વિપ ને સાગર, જિહાં લગે મેરૂ ગિરીંદાજી,
તિહાં લગે એહ રાસ થિર હોજ્યો, વાંચજો ભવિજનવૃંદાજી. ૨૫
સાઢા સાઠ સહસને ઉપરે, શ્લોક અગ્યાર ગણાયાજી,
ઢાલ બિસેં દોય કલસે કીધો, **શાંતિ પાસ** સુપસાયાજી. ૨૬
ભણસે ગણશે જે ભવિ પ્રાણી, લહેશે લક્ષ્મિ વિશાલાજી,
અનુક્રમે શાશ્વત પદવી પામી, વરશે મંગલમાલાજી. ૨૭

—ઇતિ શ્રીમદુત્તમવિજયગણિ વિનેયેન પં. પદ્મવિજયગણી વિરચિતે શ્રી શ્રી જયાનંદ રાજર્ષિ કેવલી ચરિત્રે પ્રાકૃત પ્રબંધે શ્રી જયાનંદ રાજેંદ્ર દીક્ષા કેવલજ્ઞાનાદિ વ્યાવર્ણનો નવમો ખંડ સમાપ્ત. પ્ર૦ ભી.મા.

(૨) લિષિતં રાધનપુરે । સંવત ૧૮૬૧ વર્ષે કાર્તિક સુદ ૮ દિનેં વાર શનૌ ॥ શ્રી શાંતિનાથ પ્રસાદાત્ ૨૨૦–૧૫ દા૦ ૩૩ નં. ૧૫૬. ઝીં. (૩) સંવત્ ૧૮૬૨ વર્ષે પૌસ વદિ ૭ મંદવાસરે લિખતંગ પાટણનગરે વ્યાસઃ તુલજારામ સુત સાકરરામેણ શુભં ॥ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી પ્રસાદાત્ ॥ કલ્યાણમસ્તુ ૨૮૫–૧૩ દા૦ ૩૫ નં. ૧૬૦. ઝીં. (૪) સંવત્ ૧૮૬૮ વર્ષે જ્યેષ્ટ સુદ ૨ દિને વાર શનૌ શ્રી પંચાસર પાર્શ્વનાથ પ્રસાદાત્ લિખિતં પત્તનનગરે ૨૮૧–૧૨ દા. ૭૯ નં. ૨૪ હા.

(૫) સં. ૧૮૬૯ વર્ષે વૈશાખ સુદ પાંચમ દિનેં લ. પં. ધર્મચંદ્ર ગ. પં. સીવચંદ્ર ગ. પં. ઉત્તમસતક વાંચનાર્થે ૨૧૦–૧૬ પોથી નં. ૧૨૪ મો. સુરત. સં. ૧૮૮૦ પત્ર ૨ થી ૨૦૦ નં. ૨૪૩૦ લીં. (૬) લિ૦ સં. ૧૮૮૫ માઘ વદિ ૨ કર્મવાટયાં કવિવાસરે શ્રી રાયદેશે શ્રી ઇડરગઢે તપા ગચ્છીય ભ૦ હીરવિજય સૂરીશ્વરસ્યોપા-

ધ્યાયાન્વયે પં. દેવવિજય શિ. દર્શનવિજય શિ. પ્રેમવિજય શિ. રૂપવિજય શિ. રાજવિજય શિ. કુશલવિજયેન લિ. ૨૨૦–૧૫ ઇડર ગોરજી ભંડાર. (૭) પત્ર ૨૬૪ દા. ૪૦ નં. ૭ ડે.; (૮) પત્ર ૨૬૩ દા. ૪૦ નં. ૮ ડે. (૯) પં. શ્રીપ્રતાપવિજયગણિ શિ.પં. વિવેકવિજયગણિ તત્ ભ્રાતૃ પં.ભાંણવિજયગણિ લખિતં સોઝંતરા ગ્રામ મધ્યે શ્રી શાંતિનાથજી પ્રસાદાત ૨૭૧–૧૧ દા.૨૫ લીં.(૧૦) સં. ૧૯૩૩ના પ્રવર્ત્તમાને કાર્તિક માસે કૃષ્ણ પક્ષે તિથૌ એકાદશી ૧૧ મંદવાસરે સમાપ્ત. હસ્તાક્ષર અયાચી જેસંકર મૂલજી જ્ઞાતે શ્રીમાલી બ્રાહ્મણ સ્વસ્થાન સિદ્ધપુર પાટણ. ઘી ચકિટા મધ્યે માંનશ્યામજીના પાડામાં. ૨૪૯–૧૩ મો. સેં. લા.(૧૧) સંવત્ ૧૯૩૦ ના વરષે પૌસ વદિ ૧૩ શુક્રવાસરે શ્રી ખેડા મધ્યે શ્રી **ભીડભંજન અમીઝરાજી પાર્શ્વનાથ** પ્રસાદાત્ ૧૭૮–૧૮ દા. ૬ નં. ૧ ખેડા ભં. (૧૨) લિ. સં. ૧૮૮૦ પત્ર ૨ થી ૨૦૦ નં. ૨૪૩૦ લીં.

હવે સ્તવન સઝાયાદિ જોઇશું.

(૯૮૮) + ચોવીસી એ.

(૧) વિ. સં. ૧૯૩૬ કા. શુ ૧૨ આ.ક. (૨–૩) નં. ૧૮૪૨; લિ. સં. ૧૮૪૦ નં. ૨૭૮૨ લીં. (૪–૫) પત્ર ૧૮ અને ૯ નં. ૧૫૧–૧૫૨ દા. ૪૫ ડે. (૬) પ્ર૦ ચોવીસી વીસી સંગ્રહ પૃ. ૨૨૪–૨૫૬

+ ચોમાસીનાં દેવવંદન.

(૧–૪) નં. ૧૯૪૪, ૨૦૨૩, ૨૪૯૮, ૨૯૧૪ લીં.

(૫) પ્ર. દેવવંદનમાળા.

વીરજિનસ્ત. ૨૪ દંડક ગર્ભિત.

આદિ દેશી સુરતી મહિનાની.

પ્રણમી સરસતી ભગવતી, તિમ જિનવર ચોવીસ,
ગૌતમ પ્રમુખ સૂરિ તથા, ગુરુ ઉત્તમ સુજગીસ.

અંતે

ઉત્તમવિજય ગુરૂતણી, સાહ્યે કહેવાય,
ભાવનગરમાં **વીર**ના, **પદ્મવિજય** ગુણ ગાય. ૮૯

(૧) ૫–૧૬ આ. ક. (૨) ૬–૧૧ મો. સેં. લા. (૩) નં. ૧૮૪૨ લીં. (૪) પત્ર ૭ નં. ૪૭ દા. ૪૫ ડે.

ખંભાત ચૈત્યપાટી સ્ત. (ઐ.)

(૧–૨) નં. ૧૮૪૨ અને ૨૧૫૭ લીં.

સમકીત પચીસી સ્ત. સં. ૧૮૧૨ આસો શુદ ૨ ભાવનગરમાં.

આદિ દૂહા.

વંદુ **વીર** જિણંદને. સમરૂ **સરસતિ** માત,
પંકજન પ્રણમું ગુરૂતણા, કહેવા સમકિત વાત. ૧
જિમ સરૂપ સમકિત તણો, ભાખ્યો **વીર**જિણંદ,
તિમ ભાખું ગુરૂ સાહ્યથી, પાંમું પરમાણંદ. ૨
સ્વામિ અનાદિ અનંત જે, ચિહું ગતિ એહ સંસાર,
મોહાદિક ગુરૂ સ્થિતિ કથી, ભમે અનંતી વાર. ૩
યથાપ્રવૃત્તિ કરણેં કરી, આવેં ગંઠી દેશ,
પલ્લ ઉપલ દૃષ્ટાંતથી, યથાપ્રવૃત્તિ સુણો લેશ. ૪

અંતે

વાચક **જસવિજયે** એ પરપંચ, કીધો જેહ સઝાયોરે,
તિણેં વિસ્તાર ન આંણ્યો એહમાં, તે કહતાં બહુ થાય રે. ૬૧
એહ તવન સદ્દહિને ભણતાં, સમકિત નિરમલ થાય રે,
વીર જિનેશ્વર સ્તવના કરતાં, મુઝ મન હર્ષ સવાયરે. ૬૨
ભાવનગર ચૌમાસ રહીનેં, **વીર** જિણંદ મલ્હાયોરે,
ચંદ કુમુદ મદ રાજા વર્ષે, શિત આસો બીજ ગાયોરે. ૬૩
એહવી ચર્ચા જેહ કરેં તસ, થાઇ નિર્મલ બુદ્ધિરે.
એહ પ્રયાસથી ફલ મુઝ હોયો, સમકિત રત્નની શુદ્ધિ રે. ૬૪

વિજયદેવ સૂરિસ પટોધર, **વિજયસિંહ** ગણધારો રે
તાસ શિષ્ય પંડિત આચારી, **સત્યવિજય** સુખકારો રે. ૬૫
કપુરવિજય મુનિ **ખિમાવિજય** ગણિ, ખિમાતણો ભંડારોરે
શિષ્ય **જિનવિજય** વેરાગિ, **ઉત્તમવિજય** શ્રીકારોરે. ૬૬
વિજયધર્મ સૂરીશ્વર રાજ્યેં, પ્રથમ જિણંદ ઉપાશીરે,
ઉદ્યમ **પારેખ કાન્હા** કહણથી, **ઘોઘા** બંદિર વાસીરે. ૬૭
તે ઉત્તમ ગુરૂથી શ્રુત ગ્રાહી, ગુણવંતા વૈરાગીરે
તાસ કૃપાથી **પદ્મવિજય** કહેં, શુભ મતિ માહરી જાગીરે. ૬૮

આ પછી સમકિતનું સ્વરૂપ ગદ્ય ભાષામાં લખ્યું છે.

—પ્રવર પંડિત શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી પં. રૂપસાગરજી મહારાજ ગ. તત્ । શિષ્ય મુનિ અભયસાગર લિપિકૃતાં । સંવત્ ૧૯૩૯ શા વર્ષે ફાલ્ગુણ માસે શુકલપક્ષે પૂર્ણિમા દિનેં ॥ શ્રી અણહિલ્લપટ્ટણ નયરેં ॥ ૫–૧૨ જશવિજય મુનિસંગ્રહ નં. ૧૮૦ (૨) પત્ર ૨૪ થી ૨૭ નં. ૧૮૪૨ લીં.

સિદ્ધચક્ર સ્ત૦ તથા સિદ્ધાચલાદ્યનેક તીર્થ સ્ત૦ સંગ્રહ તથા સિદ્ધચક્રાદિ નમસ્કાર સંગ્રહ

—પત્ર ૭૧ થી ૭૬ તથા ૮૧ થી ૮૭ નં. ૧૮૪૨ લીં.

+ **સિદ્ધદંડિકા સ્તવન.** સં. ૧૮૧૪ સુરતમાં

અંતે

ક્ષમાવિજય જિન પાસ પ્રભાવે, ગુરૂ **ઉત્તમ** સુખદાયા,
સંવત **શત અષ્ટાદશ ચૌદે,** હર્ષ કલ્લોલ ભરાયારે. ૩૭
વિજયધર્મ સૂરીશ્વર રાજ્યે, **સુરત** ચોમાસું ઠાયા,
સીસ **ઉત્તમ** ગુરૂ કેરો ગાવે, **પદ્મવિજય** જિનરાયારે. ૩૮

(૧–૨) પત્ર ૨૭ થી ૨૮ નં. ૧૮૪૨ તથા પત્ર ૪૯થી ૫૧ નં. ૨૧૫૭ લીં. (૩) સં. ૧૮૮૪ વર્ષે કાતિ વદનિ ૯ તિથૌ સોમવાસરે. લી.

પંચકલ્યાણક સ્ત૦ (શક ૧૬૮૨ સં. ૧૮૧૭)

અંતે કલશ.

એહ પિણ કલ્યાંણક સુગુણથાંનક પાંમીએ આરાધતા.
શાકે સોળ બાસીયા વરષેં ઉત્તમ હર્ષિં વાધતાં,
સાહ **નાગજી** કેહણથીએ, સાધારણ જિન ગાઈયારે,
ખીમાવિજય જિન ઉત્તમ નામેં **પદ્મ**વિજય ધ્યાઈયા.

(૧) પત્ર ૬૨ થી ૬૪ નં. ૨૧૫૭ લીં. (૨) લિ. ૧૮૪૩ ફા. વ. ૮. ૩-૧૪ આ. ક.

પંચકલ્યાણક માસાદિ ગર્ભિત સ્ત૦

—નં. ૧૮૪૨ પત્ર ૩૨ થી ૩૪ લીં.

સપ્તતિશત જિન નામ ગર્ભિત પટ સ્ત. પત્ર ૧૪ થી ૧૬ નં. ૧૮૪૨ લીં.

સ્તવનાવલિ પત્ર ૪૨, ૫, ૩, ૧૨ નં. ૪૨ થી ૪૫દા ૫૪ કે.

પ્રકીર્ણ સ્તવનો-આબુજી સ્ત. પાલણપુરનો સંઘ ગયો હતો સં. ૧૮૧૮ ચૈત્ર વદ ૨; સિદ્ધાચલ સ્ત. સં. ૧૮૪૯ ફા. સુ. ૮; +સીમંધર સ્ત. સુણો ચંદાજી; જૈ. પ્ર. ૫, જાત્રા નવાણુ કરીએ શેત્રુંજગિરિ જૈ. પ્ર. ૩૦૭, ૬૦, નેમિજિનાદિ સ્તુતિ સંગ્રહ નં ૧૮૪૨ પત્ર ૯૦ થી ૯૩ લીં., સહસ્ત્રફણા પાર્શ્વ સ્ત. પત્ર ૨ નં. ૩૧૧૧ લીં.

સઝાયો-+વણઝારાની-નરભવ નગર સોહામણું વગેરે.

ગહુંલી અને સ્તવનાદિકની પોથી ૧૦-૧૪ આ. ક.

ગહુંલી સંગ્રહ-હરીઆલીઓ પત્ર ૭૬ થી ૮૧ નં. ૧૮૪૨ લીં.

ગદ્ય ગ્રંથો.

૧ યશોવિજય કૃત સીમંધરના ૩૫૦ ગાથાના સ્તવન પર બાલાવબોધ સં. ૧૮૩૦

તસ્ય ક્રમકજે **પદ્મવિજયો** ભ્રમરોપમઃ ।
નભાગ્નિ વસુચંદ્રેબ્દે ૧૮૩૦ તેનેદં વાર્ત્તિકં કૃતં ॥

—(૧) સં. ૧૮૩૬ માર્ગશિર્ષ સિતે પક્ષે દ્વિતીયા તિથૌ ગુરૂવાસરે શ્રી સીમંધર વિનતી લિખિ રાજનગર માંહિ જેસીથી તેંસી લિખિ વાંકા હમારા નાંહિ ૧૪૦ પત્ર દા. ૧૭ વી. ઉ. અમદાવાદ (૨) પં. શ્રી ૫ ખુસ્યાલવિજય ગણિ શિ....વિજય લિ. સંવત ૧૮૪૨ વર્ષે ફાગુણ વદિ ૨ ગુરૌ ૧૦૩ પત્ર (પ્રથમનાં ૪૨ પત્ર નથી) ઘોઘા ભં. અથવા અનંત. (૩) સં. ૧૮૫૯ પત્ર ૮૦ નં. ૨૮૬૮ લીં. (૪) સં. ૧૮૯૩ વર્ષે પોસમાસે કૃષ્ણપક્ષે તૃતીયાયાં તીથૌ સોમવાસરે લષતં ત્રવાડી ભાંણજી સુંદરજી શ્રી પાદલી(પ્ત)પુર મધ્યે ૧૨૮ પત્ર પુ. મં. (૫) પત્ર ૧૧૯ નં. ૧૧ દા. ૪૪ ડે.

૨ ગૌતમ કુલક બા૦ સં. ૧૮૪૬ વસંતપંચમી બુધ.

ગૌતમકુલક એ પ્રાકૃતમાં છે તેના પર સં. ૧૮૪૬ (રાગ વેદ તથા નાગચંદ્ર) વસંતપંચમી બુધવારે ગૂજરાતી બાલાવબોધ રચ્યો છે. આની પ્રત સં. ૧૮૮૨ના વૈશાખ વદ ૩ બુધવાસરે ઘોઘા બંદિરમાં નવ ખંડ **પાર્શ્વનાથ** પ્રસાદથી લખાયેલી પત્ર ૨૦૭ની છે. નં. ૩૩૪ (૫) લીં.

૩ યશોવિજય કૃત મહાવીર સ્ત૦ પર બાલાવબોધ. સં. ૧૮૪૯ વસંતપંચમી રાધનપુરમાં.

સૂરિ વિજયદેવાખ્ય સ્તપાગચ્છાધિનાયક
વિખ્યાતસ્ત્રિજગત્યાસીત્ વિદ્યયા ગુરૂસન્નિભઃ ૧
તસ્ય પટ્ટોદયાદ્રૌ શ્રી વિજયસિંહ સૂરિ રાટ્
આદિત્ય ઇવ તેજસ્વી સિંહવચ્ચ પરાક્રમી. ૨

સત્યાદિવિજયસ્તસ્યાંતેવાસી સત્યભાષકઃ
ક્રિયોદ્ધારઃ કૃતો યેન, પ્રાપ્યાનુજ્ઞાં ગુરોરપિ. ૩
વિનેયસ્તસ્ય કર્પૂરવિજયઃ સાત્વિકઃ સુધીઃ
કીર્ત્તિ કર્પૂરવત્ યસ્ય પ્રાપ્ત સર્વત્ર વિશ્રુતા. ૪
ક્ષમાદિ ગુણસંદર્ભઃ **ક્ષમાવિજય** ઇત્યભૂત્
તસ્ય શિષ્યો વિનીતાત્મા શિષ્યાનેકસમન્વિતઃ ૫
શબ્દશાસ્ત્રાદિશાસ્ત્રાણાં વેત્તા શિષ્યગણાન્વિતઃ
જિનાદિવિજયો ધ્યાંન (?) સ્તસ્ય શિષ્યઃ સુરૂપભાક્ ૭
કર્મપ્રકૃતિ પ્રભૃતિ શાસ્ત્રતત્ત્વવિચારવિદ્,
ઉત્તમવિજયસ્તસ્ય શિષ્યોભૂદ્ ભૂરિશિષ્યકઃ ૮
તસ્ય પાદયુગાંભોજ ભૃંગ તુલેન ચાણુના
પદ્મવિજય શિષ્યેણ સ્વપરાનુગ્રહાય વૈ. ૮
નંદો વેદ સ્તથા નાગશ્ચંદ્રા વીતિ ચ વત્સરે ૧૮૪૯
વસંતપંચમી દ્રસ્ત્રે વિક્રમા બુધવાસરે. ૯
મયા **વીર**સ્તવસ્યાયં કૃતો બાલાવબોધકઃ
ગુરૂપ્રસાદતો સમ્યગ્ ગંભીરસ્યાલ્પ બુદ્ધિના. ત્રિભિર્વિશેષકં ૧૦
શ્રી વિજય જિનેંદ્રાખ્ય સૂરેઃ રાજ્યે કૃતોદ્યમઃ
સ્થિત્વાજ્ઞં પ્રાપ્ય તસ્યે વ **રાજધન્યપુરે** વરે. ૧૧
યત્કિંચિદ્ વિતથં પ્રોક્તં મતિમાંદ્યાદજાનતા
તત્સર્વં ધીધનૈઃ શોધ્યં વિધાય મયિ સત્કૃપાં. ૧૨
વીરસ્ય શાસનં યાવત્ વર્ત્તતે વિશ્વદીપકં
તાવદ્ બાલાવબોધોઽયં તિષ્ઠતુ શુદ્ધવાસનઃ ૧૩

—(૧) ઇતિ શ્રી વીરજિન સ્તુતિ ગર્ભિત ઢુંઢક મત નિરાકરણ રૂપા વીર સ્તુતિ સમાપ્તા. ગ્રંથાગ્રંથ ૮૩૮ અક્ષર ૮ । સર્વ થઇ બાલાવબોધે ગ્રંથાગ્રંથ ૩૧૧૭ અક્ષર ૨૨; સૂત્ર ગ્રંથાગ્રંથ ૨૨૮ અક્ષર ૫ ॥ ઉભયોર્મિલને ગ્રંથાગ્રંથ ૩૩૬૪ અક્ષર ૨૭ સકલ પંડિત શિરામણી પંડિત શ્રી. ૧૦૮ શ્રી સંવિગ્નપક્ષીય પં. ઉત્તમવિજયજી તચ્છીષ્ય

પં.**પદ્મવિજય** ગણી હુંડીનું સ્તવન બાલાવબોધ કૃતં પરોપકારાય કૃતં ॥ ઇતિ સંપુર્ણ ॥ સંવત્ ૧૮૯૮ પૌષ માસે કૃષ્ણપક્ષે તિથૌ પંચમી ચંદ્રવાસરે ॥ ભટ્ટાર્ક શ્રી ૧૦૮ **મુક્તીરત્ન** સુરીજી તત્ સીષ્ય પં. શ્રી પં. **દેવેંદ્રરત્નજી** તત્ સીષ્ય પાયરજરેણુ સેવક આજ્ઞાકારી લ. પં. **વીવેકરત્નેન** શ્રી **વસંતપુર** નયરે શ્રી **આદી** જિન પ્રસાદે સ્વપરોપકારાર્થે । શુભં ભવતુ. ૮૮ પત્ર. દાબડો નં. ૬ પ્રત નં. ૮ ખેડા ભંડાર.
(૨) આ. ક. (૩) લ. સં. ૧૯૧૪ પત્ર ૮૭ નં. ૨૮૦૬ લીં.

(૪) ગૌતમપૃચ્છા બા૦ સં. ૧૮૮૪

—લિ. સં. ૧૮૮૯ પત્ર ૩૨૩ તેમાં ૧૧૧ કથા છે શ્લોકમાન ૧૧૦૦૦ દા. ૩૩ નં. ૨ હવેનો નં. ૬૨૬ લીં.

(૫) સંયમશ્રેણિ સ્ત. પર સ્તબક

—પત્ર ૧૨ નં. ૨૪૯૯ લીં.

---

૪૯૦ કમલવિજય (ત. વિજયપ્રભસૂરિ–લાભવિજય શિ૦)

(૯૮૯) ચંદ્રલેખા રાસ સં. ૧૮૨૦ કાર્તિક શુદ ૫ વીસનગરમાં

આદિ

સકલ સિધિ કારક સદા, સમરૂં હું શુભકામ,
ચઉવીસેં જિનવર ચરણિ, પ્રતિદિન કરૂં પ્રણામ. ૧
પુંડરીક **ગાયમ** પમુહ, ગણહર ગુણગણ ગંગ,
પ્રેહ ઉઠીનિ પ્રણમાઇ, ચઉદસિં બાવન ચંગ. ૨
સારદ સમરૂં મનશુદ્ધિં, માંગું મીઠી વાણિ,
આછી મતિ મુઝ આપતાં, માત મ રાખિસ કાંણિ. ૩
આપ્ર પ્રસન્ન જે ઊપરિ, ભૂતલિ તે ભાગ્યંવત
કાલિદાસાદિક તણી, ઉપમ કવિ પામંત. ૪
શ્રી ગુરૂ પદ યુગ સુગતસ્યું, વલિ વંદુ બહુ બહુવાર
ઓસિકલ બહુ એહના, ગ્યાન દાન દાતાર. ૫
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ રાજા ગુરૂ ધ્યાંન,
પથ કુપંથ ગુરૂ વિના, ગુરૂ જુગ માંહિ પ્રધાન. ૬

ભોજન રસ ઘૃત ઘોલ વિણુ, હેમ વિના જિમ હા(ઘા)ટ,
ગુણુહ વિના જિમ ગોરડી, ગુરૂ વિના તિમ વાટ. ૭
કજ્જલ વિણુ લોઅણુ જિસ્યાં, જિસ્યો બ્રાહ્મણુ વિણુ વેદ,
તિમ તત્ત્વાદિક ગુરૂ વિના, કોઇ ન બૂઝે ભેદ. ૮
માત પિતાથી ગુરૂ તણો, અધિકો જ ઉપગાર
ભવસાગર ભમતાં થકાં, તારણુ તરે' નિરધાર. ૯
દેવ ગુરૂ ધર્મ દયા સહિત, શુદ્ધ સમકિત સુખકાર
ગુરૂ સમીપૈ એ ઉપરિ, સરસ સુણો અધિકાર. ૧૦
સુમકિત ઉપરિ એ સહી, કહિસું કથા પ્રબંધ,
ચંદ્રલેખા સતી તણો, સુણયો સહુ સંબંધ. ૧૧

અંતે—

ઢાલ ૨૨મી રાગ ધન્યાસી

ચંદ્રલેખા સતી ચતુર શિરોમણિ, તાસ તણા નમું પાયાજી
નામે નિર્મલ શુચિ હુવૈ કાયા, ઉલસૈ અંગ રોમાયાજી. ચં. ૧
ચરમ **સિદ્ધાચલ** જઇને સિવકમલા વરી વારૂજી,
ઇણિ ગિરૈ સિદ્ધ અનંતા સિદ્ધા, **સિદ્ધખેત્ર** તિણિ નાંમ વારૂજી. ૨
સમકિતની ષટ ભાવન ખંતિ, ભાવસ્યૈ જે ભવિ કોઇજી
મહા સતિ પરિં મહિમાનિધિ, હુઆ નૈ વલિ હોવૈજી. ચં. ૩
નયન ગગન કુનિ ઇંદુ સંવત એહ સુજાંણજી
બહુલ માસ સૌભાગ્યપંચમી દિનૈ, ચૌપઇ ચઢી પ્રમાણજી. ચં. ૪
તપ ગછ નભોમણિ સરિખો, શ્રી **વિજેદેવ** ગુણ દરિઓજી
તસ પટ્ટ સોભક શ્રી **વિજયપ્રભ**સૂરિ પ્રતપો પુન્યૈ પરિવરિઓ. ૫
સકલ સુધા મૈ વિમલ મતિ જેહની, વિજય જગિ જસકારિજી
શ્રી **લાભવિજય** બુધવર ગુરૂ કેરો, લહિ સુપસાય સુખકારિજી. ૬
હર્ષ સહિત કવિ **કમલવિજય** કહે, સતી ચરિત્ર સુવિચારિજી
જે નર ભાવૈ ભણસ્યૈ ગુણસ્યૈ, સુણસૈ તે લહસ્યે સુખ શ્રીકારજી. ચં. ૭

શ્રી **વિસલનગર** વિખ્યાત વિસેષૈ, તિહાં શ્રાવક શ્રાવિકાવારજી
દેવ ગુરૂ ધર્મ તણા બહુ રાગી, વિનય વિવેક વિચારિજી. ચં. ૮
શ્રી **ઋષભદેવ વીર** પ્રભુ વંદિ, તે પુજૈ ચિત્ત ચંગેજી
તિણૈ નયરઇ ચોમાસું રહિ સુખઇ, એ રાસ રચ્યો મન રંગેજી. ૯
—૨૩-૧૨ ખેડા ભં. ૩

---

૪૯૧ ઉદયકમલ [ખ૦ જિનચંદ્રસૂરિ—ક્ષમાસમુદ્ર—ભાવકીર્ત્તિ—રત્નકુશલ શી૦]

(૯૯૭) વિજયશેઠ વિજયા શેઠાણી ચોપઇ ૧૧ ઢાલ
સં. ૧૮૨૦ જેઠ શુદ ૧૨ સોમ કમાલપુરમાં—

આદિ દૂહા

શ્રી જિનરાજ નમી કરી, ગ્યાંન વિમલ દાતાર,
વિઘનવિડારણ સુખકરણ, પરદૂખ કાટણહાર ૧
સરસ વચનદાયક નમું, **સરસતિ** દેવ સુમાત,
જાકે વંદત પાંમીયૈ, ગ્યાંન તણાં અવદાત. ૨
પાંચ વરતમેં શીલવ્રત, ઉત્તમ હૈ હિતકાર
વિજય શેઠ **વિજયા** વલી, પાયા શિવ સુખ સાર. ૩
તાંકો હું તુછ બુદ્ધિસૈં, કહિસ્યું કુછ સુવિચાર
સાંભલિજ્યો તુમ ભવિક જન, મેરી મતિ આણુસાર. ૪

અંતે ઢાલ ૧૧ રાગ ધન્યાસિરી
ઇમ ધન્નો ધણને પરચાવઇ—એ દેશી

દંપતિ ઇણ વિધ ચારિત્ર પાલી, દૂષણ સગલા ટાલીરે
ચ્યારે ઘાતીયાં કર્મ પ્રજાલી, નિજ આતમ અજુઆલી. દં. ૧
નિરમલ કેવલગ્યાંન સુપાઇ, મુક્તિવધૂ મન લાઇ,
મહા મોહ રાજાકું હરાઇ, આઠે કરમે જરાઇ રે દં. ૨
નિરાબાધ સુખ પાયા જિણને, સીલહી પાલ્યો તિણનૈરે
ઇમ ભવિજન કુમતી કરો મિણને, સેવો મન ધરિ જિણનૈરે. દં. ૩

શ્રી **ખરતર** ગચ્છ મહિમાધારી, સબ ગચ્છમેં ગુણધારીરે
જંગમ જુગપરધાન સુવિચારી, '**ભટ્ટારક**' પદ ધારીરે. દં. ૪
શ્રી **જિનચંદ**સૂરિ ગચ્છધારી, દુરગતિ જિણ નિવારીરે
તાકે શિષ્ય 'વાચક' પદ ધારી, શ્રી **ક્ષમાસમુદ્ર** ગણિ ધારીરે દં. ૫
તાકે શિષ્ય મહાસુખકારી, વાચક વર હિતકારી રે
શ્રી **ભાવકીર્ત્તિ** ગણિ દુખકે હારિ, તાકે શિષ્ય પુન્યધારીરે, દં. ૬
પાઠક વર શ્રી જગમેં નામી, **રતનકુશલ** ગણિ સ્વામી રે
તાકો શિષ્ય સુવરપથગામી, **ઉદયકમલ** મુનિ નાંમીરે. દં. ૭
તિણને મનસુધ ચોપઇ ગાઇ, લાગૈ સુણત સુહાઇરે
સેવક નિજ ગુણકમલ બરાઇ, તસુ પઢણેં હેત બનાઇરે. દં. ૮
સંવત **અઢારસેં ઇકિવીસે** જેઠ શુકલ સુભ માસૈરે,
દ્વાદશિ તિથિ દેખત મન હીસૈ, સોમવાર શુભ દીસૈરે. દં. ૯
વિજય શેઠ **વિજયા** શેઠાંણી, તાકી એ કહી કહાંણીરે.
શીલ પાલો તુમ ભવિજન જાણી, ભણિજ્યો ચરિયા સુહાંણીરે. દં. ૧૦
જો કો અરથ કહ્યો મેં ખોટો, સિદ્ધ સાખ સોં મોટો રે
મિચ્છા દુક્કડ હોજ્યો ભલોટો, દીજે કરમકાં ઓટોરે. દં. ૧૧
ઇગ્યારમી ઢાલ ભવિક જન ભણિજ્યો, નિજ પાતકવન લુણજ્યોરે
ગાંવ **કમાલપુરેમેં** થુણિજ્યો, તજ પરમાદ ગુણિજ્યોરે. દં. ૧૨

—ઇતિ શીલાધિકારે વિજયશેઠ વિજયા શેઠાણી ચઉપઇ સમાપતં. (આમાં મારવાડી ગુજરાતી મિશ્રિત છે.) એક નાનો ગુટકો મુનિ જશ૦

---

૪૯૨ વાન [શ્રાવક. જ્ઞાનવિમલ સૂરિ સંતાનીય વિબુધવિમલસૂરિશિ.]

(૯૯૧) + **વિબુધવિમલ સૂરિરાસ**. (ઐ,) સં. ૧૮૨૦ શ્રાવણ શુદ ૧૩ બુરહાનપુરમાં.

આદિ—

પરણમું **પાસ** જિણંદનાં, ચરણ કમલ સુખદાય
વીરશાસન મુની ગાયસું, વંછીત પુરે માય. ૧
વીર શાસન મુનિ બહુ હૂઆ, કે'તાં ના આવે પાર,
આ કાલે મુનિ જે હૂઆ, કેસું અલ્પ વિચાર ૨
શું શું કરણી તેણે કરી, શું શું કર્યા ઉપગાર
ચિત્ત દેઇને સાંભલો, ધારો હૃદય મઝાર. ૩
તિન કારણ તું **સરસતી**, દીજે વચન વિલાસ,
લખમીવિમલ ગુરૂ ગાયસું, પૂરે મનની આસ.

અંતે—

વીરશાસન મુનિરાજ ગાય કે, સુખ લીજીએ હો લાલ
વિબુધ સેવક કહે **વાંન** કે, શિવ સુખ દીજીએ હો લાલ ૮

દૂહા.

વિબુધવિમલસૂરી ગાઇઆ, ગાયા રંગ રસાલ,
વીરશાસન મુનિ ગાવસેં તસદાર મંગલ માલ.

ઢાલ ૧૩ ગીરૂઆરે ગુણ તુમતણા—એ દેશી.

વિબુધ વિમલસૂરી ગાઇઆ, ગુણ ગાતાં સંપતિ **થાય** રે,
રીધ સીધ નવનિધ ઘરૂ, વંદતાં પાપ પલાયરે વિ. ૧

×

અહીં પાટપરંપરા આવે છે ને છેવટે જણાવે છે કેઃ—
વિજયપ્રભસૂરી તસ પાટેં **જ્ઞાનવિમલ**સૂરી રાજેરે, વિ. ૮
સૌભાગ્યસાગરસૂરી તસ પાટે, **સુમતિસાગર**સૂરિ છાજેરે.
તસ પાટેં હવે ગાઉં **વિબુધવિમલ**સૂરી રાજેરે. વિ. ૯
નિર્મલ કરણી નિર્મલ વાંણી, દેખીને સુખ પાયારે
શ્રાવક દાસ તુમારો સામી, તુમ ચરણેં ચિત્ત લાયારે. વિ. ૧૦
સંવત **અઢારસેં વીસ**ના વરસે **મહિમાવિમલ** સૂરી આયારે
શ્રાવણ શુદ તેરસને દીને, **બુરહાંણપુર** નગરમાં ગાયારે વિ. ૧૧

વીરશાસન મુનિ જે ગાએ, તસ ઘરેં સર્વ સુખ આવેરે,
મંગલમાલા ઝાકઝમાલા, અજરામર સુખ થાવેરે વિ. ૧૨

કલશ

વીર જિનવર સયલ સુખકર **ગૌતમ** ગણહર ગાઈએ
તુમ સુણો હો ભવીઆં ચિત્ત આણી નામ નવનિધિ પાઈએ;
નામી લીજેં સેવ કીજેં તનમન કીજેં વારીયાં
વિબુધવિમલસૂરી સેવક કહેં સીવરમણી કરે ઉવારીઆં.

—પ્ર૦ જ૦ ઐ૦ ગૂર્જરકાવ્ય સંચય.

---

૪૯૩ સુમતિપ્રભ સૂરિ (સુંદર) [વડગચ્છ જિનપ્રભસૂરિ —સુખપ્રભસૂરિ શિ.]

(૯૯૨) **ચોવીશી** સં. ૧૮૨૧ કા૦ શુ. ૫ અમદાવાદમાં
આદિ અથ સુંદર કૃત ચોવીસી લિખ્યતે।

ઢાલ રાજહંસ મોતી ચુગે એ દેસી

આદીસર અવધારીયે દાસ તણી અરદાસ **રીષભ**જી
આસ નિરાસ ન કીજીયે, લીજીયે જગ જસવાસ **રીષભ**જી. ૧ આ.

× × × ×

જાણી સેવક જગધણી આપો અવિચલ વાસ, રી.
તરણ તારણ પ્રભૂ તારીયે, દાખે **સુંદર** દાસ, રી. ૫ આ.

અંતે ઢાલ ૨૫ મી

આદર જીવ ક્ષમા ગુણ આદર એ દેશી

એહવારે જિન ચઉવીસે નમતાં, હુવૈ કોડ કલ્યાણજી
સય સગલાઈ ભાજી જાવૈ, અરિહંત માંની આંણજી. ૧ એ.

×

રાજનગર ચોમાસ રહીને, એ મૈ કીધી જોડજી
કવિયણનૈ હું અરજ કરૂં છું, મત કાઢીજો ખોડજી. ૫
કાલાવાલા જે મેં કીધા, લેખૈ આયા તેહજી
મોટારા ગુણ કરતાં મુખથી, ઉવેખૈ કુણ એહજી. ૬

થુણતાં શ્રી જિનવરની કીરત, વાધૈ જગ જસવાસજી,
લૂખો તેહી વિણ તર ધારી, ખંડ લગસથી પાસજી. ૭
સંવત **અઢાર ઇકવીસા**માંહે, ઉતમ કાતી માસજી
સોભાગ્યપાંચમ પરવ તણો દિન, ગાયા ગુણ ઉલાસજી. ૮
શ્રી **વડ** ગચ્છ તણા પટોધર, શ્રી **જિનપ્રભ** સૂરીંદજી,
તાસ પાટ **સુખપ્રભ** સૂરિસર, તેજે જિમ દિણંદજી ૯
તાસ પસાય **સુમતપ્રભુ** સુરે, ગાયા જિન ચોવીસજી,
ભણતાં ગુણતાં સુણતાં ભવિજનને, હોવે શીયલ જગીસજી. ૧૦

—ઇતિ શ્રી ચતુર્વિંશતિકા સંપૂર્ણ ૮–૧૪ અનંત નં. ૨

---

૪૯૪ ગુલાલ (ગુજરાતી ગછ નગરાજ–પુન્યવિમલ–કેસર શિ૦)

(૯૯૩) તેજસાર કુમાર ચોપઈ. સં. ૧૮૨૧ શ્રાવણ શુ. ૮ રવિ નૌવામાં.

અંતે—

ગછ **ગુજરાતી** સહુ જિન જાંણે, શ્રી પૂજ્ય શ્રી **નગ** રાજ્ય વષાંણે
પંચ મહાવ્રતના અનુરાગી, ગચ્છનાયક છૈ સબલ સોભાગી. ૧૨
પુન્યવિમલ ઋષિ મહામુનિ રાઇ, તેહના શિષ્ય **કેસર** સુખદાઇ,
જ્યાંકી જોડ કલા છૈ ભારી, તસુ શિષ્ય **ગુલાલ** કહૈ સુવિચારી.૧૩
સંવત **અઠાર અનૈ ઇકવીસૈ**, શ્રાવણ સુદિ અઠિમ રવિ દીસૈ
ચોપઈ જોડી ગાંવ **નૌવામૈ**, ભણતાં ગુણતાં બહુ સુખ પામૈ. ૧૫

—ચેનસાગરજી ભં. ઉદયપુર.

---

૪૯૫ દેવવિજય (કીર્ત્તિવિમલ?) [ત૦ વિનીતવિજય (નં. ૩૬૯) શિ૦]

(૯૯૪) અષ્ટપ્રકારી પૂજા સં. ૧૮૨૧ આસો શુદ ૩ શુક્ર. પાદરામાં

આદિ— દુહા

અજર અમર અકલંક જે અગમ્ય રૂપ અનંત
અલખ અગોચર નિત નમું જે પરમ પ્રભુતાવંત. ૧
શ્રી **સં**ભવ જિન ગુણનિધિ ત્રિભુવન જન હિતકાર,
તેહના પદ પ્રણમી કરી, કહસ્યું અષ્ટ પ્રકાર. ૨
પ્રથમ નવણપૂજા કરો, બીજી ચંદન સાર,
ત્રીજી કુસુમ વલી ધૂપની, પંચમી દીપ મનોહાર. ૩
અક્ષત ફલ નૈવેદ્યની, પૂજા અતિહિં ઉદાર,
જે ભવિયણ નિત નિત કરે તે પામેં ભવ પાર. ૪

અંતે—

અનુક્રમે અષ્ટ કરમ હણીએ, અષ્ટમી ગતિ લહો સાર,
સા **નાન્હા** સુત સુંદરૂએ, વિનયાદિક ગુણવંત,
સા **જીવણ**ના કહણથી કીઓ અભ્યાસ એ સંત. ૩
સકલ પંડિત શિરશેહરોએ, શ્રી **વિનીતવિજય** ગુરૂરાય,
તાસ ચરણ સેવા થકીએ, **દેવનાં** વંછિત થાય. ૪
શશિ નયણ ગજ વિધુ વરૂએ, નામ સંવછર જાણ
તૃતીયા સિત આસો તણીએ, સુક્કર વાર પ્રમાણ ૫
પાદરા નગર વિરાજતા એ, શ્રી **શંભવ** સુખકાર
તાસ પસાયથી એ રચી એ પૂજા અષ્ટ પ્રકાર. ૬

કલશ

ઈયિ જગત સ્વામિ મોહ વામી મોક્ષ ગામી સુખકરૂ
પ્રભુ અકલ અમલ અખંડ નિર્મલ ભવ્ય મિથ્યા તમ હરૂ
દેવાધિદેવા ચરણ સેવા નિત્ય મેવા આપીઇ
નિજ દાસ જાંણી દયા આંણી આપ સમોવડિ થાપીઇ.

काव्यं

इतिजिनवरवृंदं शुद्धभावेन **कीर्त्ति-**
विमलमिह जगत्यां पूजयंत्यष्टधा ये

निजकलिमलहेतो कर्मणां तं विघाय
परमगुणमयं ते यांति मोक्षं हि वीराः ९

આ છેલ્લા શ્લોકમાં કીર્તિવિમલ એવું નામ આવે છે.

(૧) સં. ૧૮૨૭ વર્ષે જ્યેષ્ટ શુદિ ૪ શનાવિતિ મંગલ શ્રી સૂરતિ મધ્યે લિ૦ મુ. ભાગ્યેન. ૫-૧૧ દા. ૨૦ નં. ૪ સીમંધર ભં. સુરત.

(૨) સંવત્ ૧૮૫૧ના વર્ષે માહા શુદિ ૧ દિને લષીતં મુની મોતીવીજે. શ્રીપાટણ નગરે પોલીએ ઉપાસરે ૫-૧૦ જયવિજય મુનિ સંગ્રહ.

(૩) સંવત્ ૧૮૪૪ વર્ષે માગસીર્ષ સુદ ૬ વાર શની લષીતં ભગવાંનદાસ. ૫-૧૨ મુનિ જશ૦, એક ચોપડો મુનિ જશ.

(૪) સં. ૧૮૮૧ આસાઢ વદિ ૨ ભોમે ૪-૧૩ વીજાપુર જૈન-જ્ઞાનમંદિર પ્રત નં. ૨૯૮.

ગદ્ય ગ્રંથ.

અતિચાર મોટા—શ્રાવકના પ્રતિક્રમણના-ગૂજરાતી ગદ્યમાં. સં. ૧૮૨૨

—ઇતિ શ્રાદ્ધવિધિ સંપૂર્ણ શ્રાદ્ધ અતિચાર સમાપ્તં ॥ સંવત્ ૧૮૨૨ વર્ષે વૈસાષ વદિ ૬ દિને । સકલ પંડિત શિરોમણિ પંન્યાસ શ્રી ૫ રત્નવિજેજી ગણિ ઉપદેશાત્ ॥ પં. ગુલાલચંદ મુનિના લિખિતં । શ્રી રાજનગર મધ્યે સુશ્રાવિકા પુન્યપ્રભાવિકા દેવગુરૂ તણી ભક્તિકારકા બાઇ ઇછી પઠનાર્થં । ઇદિં પુસ્તકં ॥ શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત શુંભ ભવતુ લેખક પાઠકયો ॥૧॥ શ્રી. ૧૨-૧૦ પ્રત નં. ૨૪૬૧ શ્રી મુક્તિ. વડોદરા

---

૪૯૬ સુજ્ઞાનસાગર (ત. ચરિત્રસાગર–સુંદરસાગર–મેઘસાગર–શ્યામસાગર શિ૦)

(૯૯૫) ઢાલ મંજરી અથવા રામરાસ (ઢાલસાગર) સં. ૧૮૨૨ માગશર શુ. ૧૨ રવિ. ઉદયપુરમાં.

આદિ— દુહા.

મંગલ સહજાનંદ સુખ, ચિદાનંદ નિજ ધામ
અહનિશિ ઇકતા તેહની, કરણ હરણ દુખગ્રામ. ૧
નમિએ **આદિ** જિનેસરૂ, મિથ્યા તિમિર દિનેશ;
આધિ વ્યાધિ ભંજન દુરતિ, ઋદ્ધિ સિદ્ધિ દિયણ સુદેશ. ૨
ભવ ભ્રમ તપતિ નિવારણો અભિનવ પુષ્કર મેહ,
શાંતિ જિનેશ્વર ચરણ કજ, મન ધરીએ અણરેહ. ૩
યાદવ વંશ નભોમણી, **રાજુલ** પ્રાણ આધાર,
ફરસ્યાં પદ યુગ તેહના, તરીએ ભવોદધિ પાર. ૪
પાર્શ્વ નામ મહિમાનિલો, વિષ ભય ગંજણ સૂર
સેવ્યાં સુરતરૂ સારિખો, કાટણ કષ્ટ ક્રૂર. ૫
શાસનનાયક **વીર** જિન, વીર તપોનિધિ વીર,
નમો નમો તસ પદકમલ, અરિ જડ ખોદણસીર. ૬
ગણધર **ગૌતમ** આદિ સહુ, દ્વાદશાંગ કરતાર
પ્રણમું તેહના પાદયુગ, જ્ઞાનકલા ભંડાર. ૭
જિનમુખ કમલ નિવાસિની, સમરૂં **સરસતિ** દેવિ
મિથ્યા તિમિર વિનાશ કરિ, જ્ઞાનકલા પ્રગટેવિ ૮
સુકવિ **ધનેશ્વર** સૂરિ ધુરિ, **હેમાચાર્ય** સુસૂરિ,
ઇત્યાદિક કમનીય મુનિ, વંદોં ગુણનિધિ ભૂરિ. ૯
સુગુરૂ વચન અંજન નયન, કરિ ભેદ્યો મિથ્યાત
નિજ ગુરૂ કો ઉપગાર ગુણ, કરણ કવણ વિખ્યાત. ૧૦
દેવ ધર્મકો મૂલ ગુણ, કૃપા નિજરિ ગુરૂરાય,
કોટ ખાંતિ કે નીરનેં, દીધો ગંગ મિલાય. ૧૧
શ્યામ હરણ જગ શ્યામતા, સાગર ગુણહ ગહીર,
યાકેં વંદત ચરણ યુગ, મિટ ગઇ તપ સરીર. ૧૨
ધર્મ ચતુર્વિધ જિન તણો, જાણ્યો જાસ પ્રસિદ્ધિ
જ્ઞાનારાધનતેં જગે, આપણ સહજ સમાધિ. ૧૩

જ્ઞાનારાધન કરણકો, બહુ વિધિ હે ઉપચાર
મહાપુરૂષકે ચરિત્રમેં, લાધે સકલ વિચાર. ૧૪
જા જાકું જૈસી રૂચેં, તે સોહી ગુણજ્ઞાન
નવરસ સહિત પિછાણીએ, આગમ તત્ત્વ પ્રધાન ૧૫
અષ્ટમ નારાયણ તણી, કથા કહણકી પ્રીતિ,
ભવજલ તરણ જિહાજકે, ઇહ જિન વચન પ્રતીતિ, ૧૬
કુણ કુણ નૃપ ઇણ વંશમેં, કરિ કરિ ઉત્તમ કાજ,
તરિ સંસાર પયોનિધિ, બેઠે ધર્મ જિહાજ. ૧૭
કેઇ દાની શીલધર, કે તપ ભાવ વિશુદ્ધ,
કે શ્રાવક કે સંયમી, સુણિ લહીએ પ્રતિબુધ. ૧૮
એહવા વંશ વિશુદ્ધ નૃપ, તિણકી કથા વિશાલ,
કહણ થયો ષડ ખંડ કરી, મોહન રાસ રસાલ, ૧૯
વિષ્ણુ નહુવૈ પ્રતિવિષ્ણુ વિણિ, એ આગમ ઉપદેશ,
કહીએ તિણથી ધુરિ કથા, ઉત્પતિ લંક નરેશ. ૨૦
શ્રોતા નિર અંતર સુણે, વક્તા વચન વિલાસ
દેશ કાલ સમ દાખિવ્યા, કવિ ગુણ કલા પ્રકાસ. ૨૧
કથા તજિ સંકલેશ પદ, નિદ્રા કષ્ટ નિવારિ,
સાવધાન થઇ સાંભલો, નિપુણ સહુ નરનારિ. ૨૨

અંતે—ઢાલ. વધાવાની. તથા ભેટયો રે ગિરિ રાજીયો. એ દેશી.

રઘુ વંશ્યાંનો રાજવી, ભોગવિ વસુધા ભાર,
જસ ગાયો મેં જેહનો સહી, પાયોરે તિણિ ભવનો પાર. ૧
જાચોરે જગિ જેહનો, સુખ સાચોરે ભણતાં લહી સારકિ
મેં તો ગાયોરે ઉત્તમ આચારકે-જાચો રે. આંકણી.

× × × ×

ગગન ખચર અવગાહતાં પહુચેં કિણ વિધિ પારિ,
અલ્પ બુદ્ધિ આરંભિયો, સુકવિ ન હસસ્યોરે મુઝ સભાઇ
મઝારિકે. જાં૦ ૧૪

ગિરૂવો **તપ** ગચ્છ ગાજતો, પંચમિ કાલિ પ્રસિદ્ધ
શ્રી **વિજયધર્મ** સૂરીશની, આણા પાલ કરે જાણો અવિરૂદ્ધકે ૧૫
પંડિત જગતી પરવડા, મહિમાવંત મહંત,
શ્રી ગુરૂ **ચારિત્રસાગરૂ**, તસ સેવ કરે સુકલ્યાણ કહંત કે. ૧૬
તસ પદપંકજ ભમરજો, **સુંદરસાગર** સાધ
સીસ નાસહ જસ સોભતા, **મેઘસાગર** રે ગુણવંત અગાધ. ૧૭
પંડિત તસ સેવકપણે, શીલ વિમલ ગુણસાર,
શ્રી ગુરૂ **શ્યામસાગર** તણો, એતો મુઝનેરે તેહનો ઉપગાર ૧૮
વૈરાગ્યે મુઝ મન વસ્યો, આદરી તસ આદેશ,
યમ સંવેગ હિયે ધર્યો, પખ સાચોરે જિન વચન પ્રવેશ. ૧૯
મોહ પરિગ્રહ મૂકીયો, આગમ શિરિ ધરિ આણ,
વસુધા ઇણપરિ વિચરતા, **ઉદયાપુરિ** રે આવ્યા ગુણઠાંણ. ૨૦
ચોમાસો કીધો તિહાં, શ્રાવક ભક્તિ સનેહ,
ધર્મધ્યાન ચિત્ત ધારવા, ઇમ ભાખ્યોરે શ્રાવક મિલિ એહ. ૨૧
જિન આણા શિર જેહને, શ્રદ્ધા સહિત સધીર,
નયનરામ તબ ઇમ ચવ્યો, વિસ્તારે ભાખ્યોરે જિન **વીર**. ૨૨
રામચરિત્ર સુહામણો, પ્રાકૃત ઢાલ પ્રધાન
સુણવાની મન સાસહી, ઇમ કીજેરે મૂકી અભિમાન. ૨૩
સેઠ **કપુર** તદા સહી, એ કહી વાત અનૂપ,
સૂર પર્યે તબ **નાંનજી**, ચિત્તમાંહેરે ધારી અતિ ચૂંપ. ૨૪
સેહર **ઉદયપુર**ને સહી સાંધ કહી સનમાંનિ,
વિનય કરી ઇમિ વીનવ્યો, એ રચના રચી એ સુખખાંનિ. ૨૫
કર્યો ગ્રંથ આગ્રહ કરી, ધર્મ ધ્યાન મનિ ધારી,
પદ અર્થાદિક પેખિને, સહુ લીજયોરે વર સુકવિ સમારિ ૨૬
શાક **અઢારાસય** સહી, **વિક્રમથી બાવીસ**
શિત મૃગશિરની બારસેં આણંદ યોગેરે રવિવાર જગીશ ૨૭
શીતલનાથ સહાયથી ગ્રંથ થયો ગુણગેહ
સમપ્યો **મેણસરી** કરે, અર્થે વાચણરે **દેવશ્રી** એહકે ૨૮

ઉનમત્ત પદ ઉત્સૂત્રનો, કથન થયો હુઇ કોય,
મુઝને મિચ્છામિ દુક્કડં સહી થાજ્યોરે ત્રિહું કરણે સોય ૨૯
સત્તરમી ઢાલે સહૂ, ષષ્ટમ ખંડિ સુખાંતિ,
કહી **સુજ્ઞાનસાગર** કથા ભણતાં ભાગેરે વિભ્રમની ભ્રાંતિ. ૩૦

કલસ

રઘુવંશ ગાયો સુજસ પાયો પરમતત્ત્વ પ્રકાશણો
દુખદોષ પૂરો ગયો દૂરો વિમલ જ્ઞાન વિકાશણો
જગિ લીલ જાગે ઋદ્ધિરાગે અમર પદવી આદરે
રત્નત્રયી સુ **સુજ્ઞાનસાગર** મુક્તિ રમણી તે વરે. ૩૧

ચોપાઈ

ખંડ મિશ્ર આસ્વાદિત ખીર, શ્રોતા પામે પુષ્ટ શરીર
પૂરણખંડ ષષ્ટમ પરસાદ, મહિમા દૃઢ આગમમર્યાદ.

(૧) સર્વ ગાથા ૫૨૩. ઇતિશ્રી સુજ્ઞાનસાગર વિરચિતાયાં ઢાલ-મંજર્યાં પિતૃભ્યાં સહાયોડધ્યાપુર્યાં લવણાંકુશપ્રવેશ: ૧ સીતાગ્નિ સ્પર્શ શીલ ગુણ વૃદ્ધિ યશો વિસ્તૃત પ્રવર્યાગ્રહણ: ૨ મુનિ જય-ભૂષણોપદેશ સીતારામ લક્ષ્મણ દશાસ્ય પૂર્વભવ વર્ણન ૩ મંદાકિની ચંદ્રમુખી પાણીગ્રહણે લક્ષ્મણાત્મજશ્રીધરાદિ સંયમાપ્તિ ૪ હનુમત્ પ્રવર્જિત રામ સંભોગ પ્રસંશનામ રાગ મનમાયા કુર્વણ લક્ષ્મણા-વસાન રામવિયોગોદયત્રિદશપ્રબોધિત મુનિવૃત્તિ ગ્રહણ ૫ રામા-ટવ્યાગમના વધ્યાપ્તિ: ૬ કોટિશિલાયાં સીતેંદ્રાનુકૂલોપસર્ગકરણ કેવલાપ્ત્યાગત ભવ નિર્ણય: ૭ સીતેંદ્ર નરક હરિ પ્રતિહર ચંબૂક પ્રતિબોધન રામનિર્વાણ ગમનો નામઃ ષષ્ટમઃ રાંસ ખંડ સપૂર્ણ ઇતિશ્રી ઢાલમંજરી ૧૮૧-૧૭ નં. ૨૧૫૨ લીં૦

(૨) સંવત્ ૧૮૫૨ વર્ષે શાકે ૧૭૧૭ પ્રવર્ત્તમાને હેમંતઋતૌ કાર્ત્તિક સુદિ ૯ ભ્રુગૂવાસરે લખીતં ભટ્ટાર્કશ્રી ભાવરત્નસૂરી તત્ શિ. મહો પં. શ્રી શાંતિરત્નજી તત્ શિ. પં. શ્રી હસ્તીરત્નજી તત્ શિષ્ય

પં. કનકરત્નજી તત્ શિષ્ય પં. શ્રી સુબ્ધિરત્નજી તત્ શિષ્ય પં. શ્રી ધર્મરત્નજી તત્ શિષ્ય મુનિ હર્ષરત્ન લખીતં. ૧૬૮-૧૭ દા. ૩૪ નં. ૧૫૭ ઝીં.

(૯૯૫ ક) અધ્યાત્મનયેન ચતુર્વિંશતિ જિનસ્ત૦

આદિ— (બાહુડિ નૈ બાહુડિ ગોપીચંદ રાજા એ દેશી)

સમરસ સાહિબ આદિ જિનેંદા, મેટણ હૈ ભવ ફંદારે,
શુદ્ધ નયાતમ અમૃત કંદા, પવર પ્રતાપ દિણેંદારે. સમ. ૧

અંતે— (જાડો લાગે પેમકો—એ દેશી)

કાચી ધાત કલંકજ્યું પ્રભુ, નિપજૈ ગુણ પરકાસજી,
પ્યારો લાગેજી સાહિબો,
ગુણ સહુ જાણિ **સુજ્ઞાનકો** પ્રભુ,
સફલ ફલી સહુ આસજી, પ્યારો લાગેજી સાહિબો. ૭

[સારૂં કાવ્ય છે. લિ. સં. ૧૮૪૯ અગણ વદિ ૨ બેગમ મધ્યે ૧૧-૧૪ આ. ક.]

---

(૪૯૭) શોભાચંદ

(૯૯૬) શુકરાજ ચોપઈ સં. ૧૮૨૨.

—વિદ્યા૦

---

(૩૯૫) જ્ઞાનઉદ્યોત [ત૦ પુણ્યસાગર-જ્ઞાનસાગર શિ.]

(૭૯૫) + ૨૧ પ્રકારી પૂજા સં. ૧૮૨૩

—પત્ર ૮ની પ્રતમાં પ્રથમનાં ૪ પત્રમાં પદ્મવિજયકૃત અષ્ટ. પ્રકારી પૂજા છે ને પછી આ છે કે જેમાં પ્રથમ દેવચંદ્રકૃત એમ જણાવ્યું છે; પરંતુ સમયવિરોધથી દેવચંદ્ર રચિત નથી જણાતી. કર્તા જ્ઞાનઉદ્યોત લાગે છે. અનંત નં. ૨.

(આની રચ્યા સાલ સં. ૧૭૪૩ જૈન ગૂર્જર કવિઓ ભાગ બીજા પૃ. ૩૬૪ પર જણાવી હતી તે ભૂલ છે, તેથી પુનઃ આને અત્ર મૂળના નંબર સહિત મૂકેલ છે.)

(૭૯૬) + અષ્ટપ્રકારી પૂજા (વિધિ) સં. ૧૮૨૩ (જુઓ જૈ. ગૂ. ક. ભાગ ૨ પૃ. ૩૬૫)

આદિ ગદ્યમાં–પછી દૂહા

શુચિ સુગંધવર કુસુમ યુત જલસૂં શ્રી જિનરાય
ભાવ શુદ્ધ પૂજન ભવ કપાય પંકમલ જાઈ. ૧

અંતે કલસ દોહા

એસે અષ્ટ પકારકી, પૂજા કરત પ્રધાંન
ભવિજન અમૃત ધર્મ ભજ, પાવૈ પદ કલ્યાણ. ૧

ઢાલ

ઈમ અડવિધ પૂજા જિનપૂજા, વિરચૈ જે થિર ચિત્ત
માનવ ભવ સફલો કરૈ, વાધૈ સમકિત વિત્ત. ૧
અગણિત ગુણ મણિ આગર નાગર વંદિત પાય
શ્રુતધારી ઉપગારી શ્રી **ગ્યાંનસાર** ઉવઝાય. ૨
તાસ ચરણકજ સેવક, મધુકર પર લયલીન
શ્રી જિનપૂજા ગાઈ જિનવાણી રસ પીન. ૩
સંવત ગુણ યુગ અચલ ઇંદુ
હરષ ભર ગાઈયૈ શ્રી જિનેંદુ
તાસ ફલ સુકૃત શ્રી સકલ પ્રાંણી
લહો **ગ્યાંનઉદ્યોત** ધન શિવ નિશાંની. ૧

શ્લોક

ઇતિ જિનવર વૃંદં ભક્તિતઃ પૂજયંતિ
સકલ ગુણનિધાનં **દેવચંદ્રં** સ્તુવંતિ
પ્રતિ દિવસ મનંત તત્ત્વ મુદ્રાચયંતિ
પરમ સહજરૂપં મોક્ષ સૌખ્યં શ્રિયંતિ. ૧

—ઇતિ અષ્ટ પ્રકારી પૂજા સંપૂર્ણમિદં ॥ સં. ૧૮૫૮ વર્ષે મિ. ચૈત્ર સુદ ૫ દિને પત્ર ૫ (તેમાં પહેલાં ૩ માં સિદ્ધચક્ર પૂજા વિધિ છે ને પછી આ છે)-૧૯ અનંત નં. ૨ 'શ્રીમદ્ દેવચંદ્રજી' એ પુસ્તકમાં તેની એક કૃતિ તરીકે છપાયેલ છે. પ્રકાશક અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.

(૯૯૭) આરાધના ૩૨ દ્વાર નો રાસ

આદિ

શાસનનાયક જિન નમી આરાહણા પડાગ
દ્વાર બત્રીસ અતિ દેશથી કહું વિધિ શિવસુખ માગ. ૧
કોટી પૂર વલગેં પડવડું, ચરણ ધરેં મુનિરાય
અંત આરાધન વિણ મરેં તો આરાધક ન કહાય. ૨
હીન મુનિ પિણ એહનેં, ગ્રહેં આરાધક થાય,
તિણેં અવશ્ય શિવ અર્થિનેં, ઉપાદેય કહવાય. ૩
સંલેખન તિમ૧ પારિખુંર૨ નિર્જ્ઝામક૩ જોગત્ત૪
અગીતાર્થ૫ અસંવેગી તિમ ૬ નિર્જ્જર ગુણ સંપન્ન ૭. ૪
ઠાણ ૮ વસતિ ૯ સંથાર તિમ ૧૦, ચરિમ તહા દવ્વ ઠાણ ૧૧
પાન સમાધિનેં ૧૨ ગણપતિ, ગણ નિસર્ગ વિહાણ ૧૩. ૫
ચૈત્યવંદન ૧૪ આલોચના ૧૫, વ્રત ૧૬ ચઉસરણ ૧૭ ઉચ્ચાર
દુકૃત નિંદા ૧૮ સુકૃતની, અનુમોદન ૧૯ ચિત્તધાર. ૬
જીવ ૨૦ સયણ ૨૧ તહ સંઘનેં ૨૨ જિનવર પમુહનેં ૨૩ ખામિ
આસાતન પડિક્કમણ ૨૪ તિમ, કાઉસગ્ગ ૨૫ સુભ ઠામિ. ૭
શક્રસ્તવ ૨૬ તજિ પાપનાં, ઠાણ ૨૭ અણુસણ મણ આણિ ૨૮
શિક્ષા ૨૯ કવચ ૩૦ નવકારનું ૩૧ આરાધનફલ ૩૨ જાણિ ૮
નામ એ બત્રીસ દ્વારનાં ધારો ચિત્ત મઝાર
હવેં પ્રત્યેકેં એહનો, કિંચિત્ કહું વિસ્તાર. ૯

—૧૨ પત્રની અધૂરી પ્રત તિલકવિજય ભં. મહુવા પોથી નં. ૧૧

ગદ્યકૃતિ.

બાર વ્રતની ટીપ (ગદ્ય) સં. ૧૮૨૬ માગ૦ શુ. ૫ ગુરૂ, પટણા.

આદિ—

શ્રી ગુરુભ્યો નમઃ । મહોપાધ્યાય શ્રી જ્ઞાનસાગર ગણી ચરણ કમલેભ્યો નમઃ ॥ સંવત્ ૧૮૨૬ વર્ષે શાકે ૧૬૯૨ પ્રવર્ત્તમાને શ્રી માઘ શુદિ દિનેં શ્રી પાડલીપુર વાસ્તવ્ય બાબૂજી શ્રી હેમચંદજીને અપના મનુષ્ય ભવ સફલ કરેકું શ્રી જીનોક્ત સિદ્ધાંત શૈલિ પ્રમાણે શ્રી સમ્યકત્વ મૂલ બારે વ્રતકી ધારણા કીની × × ×

(બધું ગદ્યમાં છે. દેવગુરૂ ધમર્તત્ત્વ, સમકીત ને ૧૨ વ્રત.)

અંતે—

—ઇતિ સમ્યકત્વ મૂલ બાર વ્રત વિવરણ એસી વિગત માફક દોષ મિટાયકેં વ્રત પાલે સો પરમ કલ્યાણમાલા વરે.

શત અઠારે ઉપરી, વીતે વર્ષ **છવીસ**
મગસીર શુદિ પંચમી ગુરૂ, પૂરણ ભઈ જગીશ. ૧
સુરસરિતાકે તટવસેં, **પાડલીપુર** શુભ થાન
જિહા **સુદર્શન** સાધુવર, પાયા કેવલજ્ઞાંન. ૨
બ્રહ્મચારી સિરસેહરો, **થુલીભદ્ર** ગુણધાંમ
જિણે **કોશ્યા** પ્રતિબુઝવી, જિણે પુરે રાખ્યું નાંમ ૩
તિણ પુરે સાહ સીરોમણી, **સોમચંદ** અભિધાન,
દાતા ભોક્તા શુભમતિ, ચાતુરજન પરધાન. ૪
તસુ સુત ભદ્રક વ્રતરુચિ, ધર્મે દૃઢ મતિવાન
હેમચંદ નામે નિપુણ, હાટક સમ ગુણવાન. ૫
ધર્મકથા સુણીતે ભઈ, વ્રત રુચિ તબ કહે સાહ
લિખ દીજે વ્રતકી વીગતિ, વિસ્તરસેં હમ ચાહ. ૬
સમકિત યું વ્રત બારકી, વિગતિ કુંનિ અતિચાર,
વૃદ્ધ પરંપર શાસ્ત્ર બહુ, લખિ કિનો વિસ્તાર. ૭
આગમ જલધિ અપાર હે, મુઝ મતિ નોકા તુછ
કો નીવહે ભાંદો નહિં, પકરે ભેડી પુછ ૮

આગે બહુ શ્રુતકે લીએં, વિરતિ વિશેષ...
વાકું લિખ ભાષા લિખું, ઉનમે કો ન વિશેષ. ૯
તો ભી તસુ આશય અગમ, જોવી ન પાએ અશુદ્ધ
લિખિઉ મિછા દુકડં, સાખી ગુરુ જિનબુદ્ધ ૧૦

અલ્પમતિ અજ્ઞાન હું, જાણું ન બહુત રહસ્ય
કૃપા કરી મો પરી કૃતિં, કરજ્યો શુદ્ધ અવસ્ય. ૧૧
વિગતિ એહ વત બારકી, લિખિ યથામતિ યોગ,
વ્રતરુચિ વિવિધ અભ્યાસ કરી, કરજ્યો તસુ પરિભોગ. ૧૨
કાલ અનંત અનંતમય, જો પુગ્ગલ પરિયટ્ટ
સો ભિ અનંતાનંત ગયે, જનમ મરણ સંઘટ. ૧૩
પરમ રિપુ પ્રમાદ હૈ, તસુ જયકરણ ઉપાય
વિધિયુત માનવ ભવ લહ્યો, તો ભિ ન ચેતો કાંય? ૧૪

ભૂલેં ભવ જો એહ તુમ, બહુરી ન આવે હત્થ,
તો ચેતો ચિતમેં ચતુર, નિસુણી શ્રુત પરમત્થ. ૧૫
સુવિહિત સૂરિ શિરોમણિ, નાગરવંદિત પાય,
શ્રી પુણ્યસાગર સૂરિ ઇતિ, **તપ** ગછપતિ સુખદાય ૧૬

તસુ આણા શિર ધારતાં, વારતાં વિષય કષાય
શ્રુતધારી ઉપગારી બહુ, **શ્રી જ્ઞાનસાગર** ઉવઝાય ૧૭
તાસુ શિષ્ય પુરવતણાં, તીરથ ભેટણ કાંજ
કીધ પ્રયાણ શુભ દિન ઘડિ, શુભ શકુનેં શુભસાજ ૧૮

તીરથ ફરસત આવીયાં, **પટણા** નયર સુઠાય,
પરમાનંદ ભયો વંદતાં, સેઠ મુનિસર પાય. ૧૯
દિન કેતાંઇક તિહાં રહી, લિખ્યો સુવ્રત વિસાર,
વજ્રોત્કીર્ણ મણીસુત પરી, બહુશ્રુત કે ઉપગાર. ૨૦
ઇહવિધિ જો વ્રત ધારસ્યેં, વારસે વિષય કષાય
વિલસે **જ્ઞાનઉદ્યોત**મય, આનંદઘન સુખદાય. ૨૧

—ઇતિશ્રી સમ્યકત્વ મૂલ બારો વ્રત વિચાર પદ્ધતિ સંપૂર્ણ ॥ શ્રીરસ્તુ ॥ સં. ૧૯૨૯ ના આશુ શુદિ ૨ લિ૦ રીષ મોતીચંદ ડુગરસી ગ્રંથાગ્રંથ ૭૨૩૦ ॥ પત્ર ૧૮૨-૯ પોથી નં. ૧૧ જિનદત્ત ભં. મુંબઈ.

---

૪૯૮ દર્શનસાગર [અં. ઉદયસાગર સૂરિ શિષ્ય]

(૯૯૮) +આદિનાથજીનો રાસ સં. ૧૮૨૪ મહા શુ. ૧૩ રવિ. સુરતમાં.

આદિ દોહા

સ્વસ્તિશ્રી શોભા સૂમતિ, દાયક શ્રી ભગવાન
વંદુ **ગોડી પાસ** જિન, કેવલજ્ઞાન નિધાન. ૧
શાસનનાયક સમરિયે, **વર્દ્ધમાન** જિનચંદ
ગૌતમાદિ ગણધર નમું, સાચો સુરતરૂ કંદ. ૨
વલી પ્રણમું શ્રુતદેવતા, જ્ઞાનસયલભંડાર
મોહ તિમિર નિવારિણી, કલિયુગ પરમાધાર. ૩
અંચલગચ્છે અધિપતિ, **ઉદયસાગર** સૂરીંદ,
પદપંકજ તે ગુરૂ તણા, પ્રણમું પરમાણંદ. ૪
સદગુરૂના સુપસાયથી, દાનતણે અધિકાર,
આદિનાથ જિનવર તણો, રાસ રચું સુવિચાર.

અંતે

હેમાચારજકૃત **આદિ**તણુંએ, ચરિતતણે અનુસારતો,
એહ સંબંધ કહ્યો એ. ૨૮
આચારજ **વિનયચંદ્ર** કૃત એ, **આદિનાથ ચરિત્ર** તો,
તે જોઇ કરીએ. ૨૯
શેત્રુંજા મહાતમમાં વલીએ, **ઉપદેશ ચિંતામણિ વૃત્તિ** તો,
ચિહું ગ્રંથ સાખથીએ. ૩૦

ચોકસ કરી નિજ મતિ થકીએ, એ આણ્યો સંબંધતો,
સદ્‌ગુરૂ સાંનિધેં એ. ૩૧
ષટ ખંડે કરી એ રચ્યોએ, **આદિજિણંદનો** રાસતો,
સાંભલો હરખથી એ. ૩૨
સાંભલતાં સુખસંપદાએ, રાજઋદ્ધિ પરિવાર તો,
નવનિધિ સંપજે એ. ૩૩
અનુક્રમેં મોક્ષના સુખપ્રતેં એ, લહે ચેતનરાય તો,
જે સુણે ભાવથી એ. ૩૪
છઠ્ઠે ખંડે પાંત્રીસમી એ, ઢાલ કહી શ્રીકારતો,
ઉવઝાય **દર્શને**એ. ૩૫

દૂહા

હવે શ્રી સુવિહિત ગચ્છનાં, બિરૂદ થયાં ષટ જેહ,
સોહમથી નિગ્રંથ પદ, સાધૂ માહાત્મ્ય કહેહ. ૧
એકાદશમા પટ્ટધર, **સુસ્થિત સુપ્રતિબદ્ધ**,
તે આચારજથી થયું, **કોડિ** ગચ્છ સુપ્રસિદ્ધ. ૨
એ બીજું લહ્યું બિરૂદ તસ, સૂરિમંત્રનો જાપ
કોડિવાર ગણ્યો તેહથી, જગમાં એ પડી છાપ. ૩
વયર સ્વામી દશ પૂર્વધર, પન્નરમા પટધાર,
વયરી શાખા વિસ્તરી, તેહ થકી શ્રીકાર ૪
ચંદ્રસૂરિ ગુરૂ સતરમા, શીતલ ચંદ્ર સમાન,
તેહથી હૂઉ **ચંદ્ર**કુલ, સંતતિનું અભિધાન. ૫
છત્રીસમી માટે થયા, **સર્વદેવ** સૂરીંદ,
તેહને વડતલે સૂરિપદ, ગુરૂએં દીધ આણંદ. ૬
તિણ કારણ તે ગુરૂ થકી, વડગચ્છ થયું નામ,
તૃતીય બિરૂદ લહ્યું ઇણીપરેં, સુવિહિત ગણેં અભિરામ. ૭
સાંખ્યસૂરિ તસ પટ્ટધર, મુખ્ય શિષ્ય ગુણધામ,
શંખેશ્વર પ્રભુ ભેટવા, ગયા **સંખેસર** ગામ. ૮

જિન વંદીને તેહ ગુરૂ, રહ્યા તસ ચોમાસ,
સંખેસર ગચ્છ થાપના, કીધી તવ સુવિલાસ. ૯
ચોથું બિરદ થયું તદા, જગમાંહિં વિખ્યાત,
એક મુખેં કેતા કહું, સુવિહિતના અવદાત. ૧૦
શ્રી પ્રભાનંદસૂરિને, ઉપદેશેં બહુ ભવ્ય,
સંઘ પ્રતિષ્ટા કારણે, ખરચે અતિ ઘણાં દ્રવ્ય ૧૧
નાણાં ખરચ્યાં અતિઘણાં, તેહથી **નાણક** ગચ્છ,
પ્રગટયું પંચમ બિરૂદ તવ, ગંગાજલ પરેં સ્વચ્છ. ૧૨
આરજરક્ષિત સૂરિવર, છેંતાલીસમે પાટ
બહુ શ્રુતધારી ઉગ્ર તપ, જાણે મોક્ષની વાટ. ૧૩
શુદ્ધક્રિયાધારક ગુરૂ, પહોતા **ચાંપાનેર,**
માસખમણ **પાવાચલેં**, રહ્યા અચલ જિમ મેર. ૧૪
શુદ્ધ અશન ન મલે તદા, અનશન ઇચ્છે સૂરિ,
તપેં રીઝી સુરી **કાલિકા,** આવી આણંદ પૂરી. ૧૫
કહે આરજ તુજથી ઘણો, હોશે ધર્મ ઉદ્યોત
મ કરો અનશન સૂરિજી, તું તો ભવાર્ણવ પોત ૧૬
જસોધન ભણસાલી ઘરે, મલસે એષણીક અન્ન,
પારણું કરી ભવિ જીવને, કહેજો સુવિધિ વચન્ન ૧૭
વિધિપક્ષ ગચ્છની સ્થાપના, કરજો શ્રી ગણધાર
અધિષ્ઠાયિકા અમે થઇ, કરશું સાંનિધ સાર. ૧૮
એહ બિરૂદ છટ્ઠું થયું, સુવિહિતનું સુખદાય,
અંચલ ગચ્છ અભિધાન તે, **કુમર** નરીંદથી થાય. ૧૯

ઢાલ ૩૬ મી રાગ છન્યાસી

દીઠો દીઠોરે વામાકો નંદન દીઠો—એ દેશી

પાયો પાયોરે ભલે મેં જિનશાસન પાયો
સ્યાદવાદ અનંત નયાત્મક, આગમ મુજ મન ભાયોરે
ભલે મેં એ જિનશાસન પાયો. ૧

ધનધન **વિધિપક્ષ** ગચ્છપરંપરા, **આર્યરક્ષિત** સૂરિરાય,
ક્રિયા ઉદ્ધારેં શોભા બઢાઇ, નિરમોહી નિરમાયરે. ૨
શ્રી જયસિંહસૂરિ તસ પાટે, તે પણ તસ પ્રતિરૂપ,
વાદ કરી **દિગપટ**ને જીત્યા, પ્રતિબોધ્યો **જયસિંહ** ભૂપરે ૩
સાત કોડી ગ્રંથ મુખેં જેહને', કીધા શ્રાવકવૃંદ
તસ પાટેં **ધર્મઘોષ** સૂરીશ્વર, જસ નમે બહૂ નરઇંદરે ૪
શતપદી ગ્રંથતણા જે કરતા, નિરમાયી નિસ્સંગ,
ભવિજનબોધક આતમશોધક, શ્રુતરંગી શુભ સંગરે. ૫
તસ પટ્ટેં ઉદયાચલ દિનકર, શ્રીગુરૂ **મહેંદ્રસિંહ**
સૂરિ શિરોમણિ **સિંહપ્રભ** ગુરૂજી, તાસપટ્ટે **અજિતસિંહજી**. ૬
શ્રી **દેવેન્દ્રસિંહ** સૂરીશ્વર, **શ્રી ધર્મપ્રભ** સૂરીંદ
સિંહતિલક ગુરૂ ગચ્છપતિ સોહતા, **મહેંદ્રપ્રભ** મુનીંદરે. ૭
ગણનાયક **મેરતુંગ** સૂરીશ્વર, જસ મહિમા અત્યંત,
નાગર વાણીયા શ્રાવક કીધા, પ્રણમત સુર મુનિ સંતરે ૮
તસ પદ ગયણાંગણ શશિ સરિખા, સૂરિશ્રી **જયકીર્તિ**
શ્રી જયકેસરસૂરિ સુખાકર, અદ્ભુત ધર્મની મૂર્તિરે. ૯
શ્રી **સિદ્ધાંતસાગર** મુનિપતિ, જાણે જૈન સિદ્ધાંત,
ભાવસાગર ગુરૂ ભવતારણ ભણી, અદભૂત નાવ મહંતરે. ૧૦
જ્ઞાનાદિક ગુણમણિ રોહણ સમ, **ગુણનિધાન** ગુરૂરાજ,
મહાવ્રત પાલી નિજ અજુઆલી, સાર્યાં આતમકાજરે. ૧૧
તસ પટ ઉદયાચલ વાસરમણિ, **ધરમમૂરતિ** સૂરીંદ,
ક્રિયા ઉદ્ધાર કરી ચારિત્ર ચિત્ત ધરી, જીત્યા વાદીના વૃંદરે. ૧૨
થોકે થોકે જન તસ ગુણ ગાવે, આજ લગેં વિખ્યાત,
શ્રી **કલ્યાણસાગર** સૂરીશ્વર, બુધ્ધેં સરસ્વતિ સાક્ષાતરે. ૧૩
તસ પટ ગગને ચંદ્ર સુધાશ્રવી, **અમરસાગર** સૂરિરાય,
અભિનવ જાણે સુરપતિ સરિખા, સહુ જનને સુખદાયરે. ૧૪

તસ પટ અંબુજ વિકસન ભાસ્કર, શ્રી **વિદ્યાસાગર** સૂરિ,
ગચ્છનાયક ગુણ અલંકૃત ગાત્ર, કહેતાં વાધે નૂરરે. ૧૫
તસ પાટે સંપ્રતિ સમયમાં, મુજ ગુરૂ પરમ સોહાય,
શ્રી **ઉદયસાગર** સૂરિ રાજે ગચ્છમાં, જસ પ્રતાપ સવાયરે. ૧૬
આગમ નિગમને જાણે જે ગુરૂ, જૈન ન્યાય લહે જેહ,
લક્ષણ સાહિત્ય અલંકૃત છંદના, પારં લહ્યા ગુણગેહરે. ૧૭
તસ પદ પંકજ મધુકર સરીખા, આચારજ ઉવઝાય,
કીર્ત્તિસાગર સૂરિ **દર્શનસાગર**, ગુરૂભાઇ કહાયરે. ૧૮
ઉવઝાયે રાસની રચના કીધી, ચરિત્રતણે અનુસાર,
સદ્‌ગુરૂ સાંનિધે પૂરો હૂઓ, સુણતાં જય જયકારરે. ૧૯
રચનાવશે જે ન્યૂનાધિક ભણ્યું, પ્રભુ મારગથી વિરૂદ્ધ,
તે સહૂ ચઉવિહ સંઘની સાખે, મિચ્છા દુક્કડ શુદ્ધરે. ૨૦
સંવત વેદ **નયન ગજ વસુધા** (૧૮૨૪), સુદિ તેરસ મહામાસ,
રવિવારે પ્રીતિજોગમાં સુંદર, પૂરણ કીધ એ રાસરે. ૨૧
સૂરત શહેરે શ્રી ગુરૂ મેહરે, વડા ચહુટા મઝાર,
ભાઈસાજીને ઉપાસરે રહીને, રાસ રચ્યો શ્રીકારરે. ૨૨
કપૂરસંઘા વંશવિભૂષણ, શાહ **ખુશાલચંદ** સાર,
ઉપાસરા ધર્મશાલા પ્રમુખ શુભ, કાજ કરે મનોહારરે. ૨૩
તિમ વલી **પોરવાડ** જ્ઞાતે સોહંતા, મહેતા શ્રી **નિહાલચંદ**,
ગચ્છરાગી ગુરૂ ભકતે સૂરા, જિનધર્મે મતિ અમંદરે. ૨૪
મોહનદાસના વંશમાં દીવો, **ભૂષણદાસ** ચિરંજીવ,
અતિ આડંબરે પ્રતિષ્ટા કીધી, ગચ્છરાગી અતીવરે. ૨૫
વ્રતધારી ગુરૂરાગી અતિઘણા, **ગલાલશાહ** શ્રીકાર,
તસ સુત **સકલચંદ** રૂડો, જિનધરમી સુખકારરે. ૨૬
આગમગચ્છે શ્રી **સિંહરતન** સૂરિ, તસ શિષ્ય શ્રી **હેમચંદ**,
તેહતણે વલી સંઘ આગ્રહથી, એ રાસ રચ્યો સુખકંદરે. ૨૭

ચઉવિહ સંઘતણાં મન રીઝીયાં, સાંભલી એહ સંબંધ,
આદરજો ભવિ રાસ સાંભલવું, એ ઉપશમ અનુબંધરે. ૨૮
છઠ્ઠે ખંડ ઢાલ છત્રીસમી, આચાર્યગુણ સમાન,
સુણતાં ભણતાં પાતિક નાસે, મંગલ લહે પ્રધાનરે. ૨૯
ભલે મેં એ જિનશાસન પાયો.

—સર્વ ઢાલ ૧૬૭, સર્વગાથા ૬૦૮૮ શ્લોક ૮૧૩૭. પ્ર૦ સોમચંદ ધારસી અંજાર (હીરાલાલ હંસરાજ, જામનગર, પાસે).

---

૪૯૯ ક્ષેમહર્ષ.

(૯૯૯) +ચંદન મલયાગિરિની ચોપાઈ. લ. સં. ૧૮૨૫ પહેલાં.

આદિ— દોહા.

જિણવર ચઉવીસેં નમી, વલી વિશેષ જિન **વીર**,
વર્ત્તમાન શાસન ધણી, પ્રણમું સાહસધીર. ૧
પુંડરીક ગૌત્તમ પ્રમુખ, પ્રણમું સવિ ગણધાર,
ચઉદસેં બાવન ચતુર, લબ્ધિતણા ભંડાર. ૨
સરસ વચન રસ વરસતી, વીણા પુસ્તક ધાર,
ભકતેં પ્રણમું **ભારતિ**, હંસગમનિ હિતકાર. ૩
શીલ અધિક સંસારમાં, જિણવર ભાંખે એમ,
અવર ત્રણ હુંતિ અધિક, મેરૂ તણીપરેં જેમ. ૪
તિણેં હવે શીલ સરાહસું, **ચંદનની** પરેં ચંગ,
સતિયાં માંહે શિરોમણી, **મલિયાગિરિ** મનરંગ. ૫
કિણે દીપેં પુરવર કિણેં, કિણીપરેં સંબંધ એહ,
થયો તિકો હવે મૂલથી, માંડીને કહીયેં તેહ. ૬

અંતે—

બારમી ઢાળમાં એ કહીજી, પૂરવ ભવ તણી વાત,
ક્ષેમહર્ષ કહે હવે સુણોજી, સંયમ લીયે જેણે ભાંત.
× × × ×

ઢાલ ૧૩ મી. દાન કહઈ જગિ હું વડો-દેશી.

આડંબર અધિકે કરી, હવે આવી ગુરૂને પાસેરે,

× × × ×

ચંદનને મલયાગિરિ પરે, શીલ પાલો જિમ સુખ થાવેરે,

ઇહ ભવે ટલે આપદા, પરભવે શિવસુખ ફલ પાવેરે. ૧૦

(૧) આરજ્યાજી શ્રી શ્રી માહાસત્યાજી શ્રી શ્રી ફુલાજી કી તત સીષણી આરજ્યા ચનાજી લીષતં કોટાકા રામપુરા મધ્યે ૨૧-૧૪ અનંત.

(૨) ભા. (૩) પ્ર૦ સવાઇભાઇ રાયચંદ અમદાવાદ.

---

૫૦૦ રઘુપતિ (ખ. વિદ્યાનિધાન શિ૦)

(૧૦૦૦) સુભદ્રા ચોપઈ. સં. ૧૮૨૫ ફા૦ વ. ૪ સોઝીમાં.

આદિ— દુહા.

આદિકરણ **આદીસરૂ**, સાંતિકરણ **શાંતીસ**,
નેમનાથ પારસ પ્રભૂ, **વર્દ્ધમાંન** સુજગીસ. ૧

ધરમ પ્રકાસિક **આદિ** જિન, દયા નિવાસક **શાંતિ**,
બ્રહ્મચારિ ચૂડામણી, **નેમનાથ** ભગવંત. ૨

મહિમા નવપદમંત્રની, નિસતારણ જગવાસ,
તિરિ ગતિસું સુરગતિ દઇ, પરતિખ જિનવર **પાસ**. ૩

ગરભમાંહિ વધતાં વધ્યો, માતપિતારો માન,
જનમ્યા **મેરૂ** ધૂજાડીયો, યું **મહાવીર પ્રધમાંન.** ૪

પાંચ નામ જગમેં પ્રસિદ્ધ, દાયક રિદ્ધ દયાલ,
પાંચાંમેં પરમેસરૂ, યું નાલિક વચન નિહાલિ. ૫

અંતે—

ઇણ ઇલમેં અખીયાત ઉવારી, **સોઝી** નગરી સારીજી,
નિરખ કરી કહો નર નૈ નારી, થાશે રૂપ વલ્લભ બલિહારીજી. ૪

સંવત અઢારૈ પચવીસૈ હીયડો ફાગે હીસૈજી,
દિનકરસુત ને ચોથી સુદીસૈ, સિદ્ધ જોગે સુજગીસેજી. ૫

શ્રી **જિનલાભ** સુરીંદ વિરાજે ગિરૂઆ ગણધર ગણેશજી,
દીપે દિન દિન તેજ દિવાજે, છતિ મતિ.... ૬
તોલીયાસર ચૌમાસ પધાયા, શ્રી સંઘ....
દેખી કવીયણ દિલ સુખ પાયા, ગુણ.... ૭
નગરપતી મોહિત મતિ જાકી, સરધા કરન કહીકીજી,
આખૈ નહી કોઇ વચન અલીકી, નિસદિન રહિત નિજીકીજી. ૮
શાખા **જિનસુખસૂરિ** સવાઇ, પાઠકપદ પ્રભુતાઇજી,
વિદ્યાનિધાંન સદા વરદાઇ, શ્રી **રૂઘપત્તિ** સહાઇજી. ૯
દાંન દયા આસતિ મતિ આંણી, સમકિતની સહિ જાંણીજી,
(પાઠાંતર-**દીપચંદ્ર** આગ્રહ મનઆંણી, અરૂ સિક્ષાને સહિજાંણીજી,)
કીજૈ શ્રી ગુરૂ વચન સુહાણી, પ્રતિબોધન ભવ્ય પ્રાંણીજી. ૧૦
સુકવી સીયલ તણાં સંભાલાં, એ થઇ પચવીસ ઢાલાંજી,
વિનયી શ્રાવક મુનિ વેધાલાં, સુણતાં રંગ રસાલાંજી. ૧૧

—(૧) સુભદ્રા ચરિત્રે શ્રી વીરદર્સન દીક્ષામહોછવ મોક્ષગમણ સુભદ્રા સતી ચૌપઇ સમાતં. મહો. શ્રી રૂઘપત્તિ ગણિલિ. પં. પ્ર. મહિપાલજીગણિ પં. શિષ્ય સિરદારા, ચિરં ફતૈચંદ વાચનાર્થં. ૨૧–૧૭ પો. ૧૮ વડાચૌ. ઉ૦ સુરત.

—(૨) સંવત્ ૧૭(?)૩૩ નિતિ આસુ કૃષ્ણદશમી શ્રી બાહડમેર નગરે શ્રી બૃહત્ ખરતરગણે ક્ષેમકીર્ત્તિ સંતાનીય વણારસજી શ્રી જયસારજી ગણિ તત્ શિષ્ય પં. અમરચંદ શિષ્ય પં. રૂપચંદ વાચનાર્થે ।। આશરે ૬૦૦ શ્લોક પ્રમાણ ૧૯–૧૫ ગુ૦ નં. ૫૫–૧૦.

---

૫૦૧ કવિયણ.

(૧૦૦૧) +દેવવિલાસ (ઐ) સં. ૧૮૨૫ આસો સુદ ૮ રવિવાર.

આદિ—

સુકૃત પ્રેમરાજીવને, પ્રોલ્લાસન ચિદ્ હંસ,
તે તેમ રિદયે અક્ષતા, **આદિનાથ** અવતંસ. ૧

કુરૂદેશેં કરૂણાનિધિ, ઉત્પન્ન શ્રી જિન **શાન્તિ**,
શાંતિ થઇ સવિ જનપદે, કાર્ત્તસ્વર જસ કાન્તિ. ૨
બ્રહ્મચારી ચૂડામણિ, યોગીશ્વરમેં ચંદ,
તારક **રાજુલ** નારિનો, પ્રણમું **નેમ** જિણંદ. ૩
યશનામિક કૃત્ય તાહરૂં, પુરીસાદાણી બિરૂદ,
વામાકુલ વડભાગીયો, **પારસનાથ** મરદ. ૪
જિનશાસનનો ભૂપતિ, **વર્દ્ધમાન** જિનભાણુ,
દૂખમ પંચમ આરકે, સકલ પ્રવર્તે આણ. ૫
પંચ પરમેષ્ઠિ જિનવરા, પ્રણમુ હું ત્રિણ કાળ,
અન્ય એકોનવિંશતિ જિના, જસ પ્રણમું સુવિશાળ. ૬
સરસતી વરસતી સુખકજે, **માઘ** કવિને સાધ્ય,
કાલિદાસ મૂરખ પ્રતેં, કીયો કવિ કીધ પદ્ય. ૭
મલ્લવાદી તુજ સાંનિધે, જીત્યા બૌદ્ધ અનેક,
તુજ દરિસણે પદ લબ્ધિવની, ઉત્પન્ન થઇ વિવેક. ૮
તિમ માતાના સાહાય્યથી, ગાજી મર્દ **દેવચંદ્ર**,
દેવવિલાસ રચ્યું ભલું, **ખરતર** ગચ્છે દિણંદ. ૯
કોઇ દેવાણુપ્રિય કહે, એ સ્તવના કરે કિમ,
સ્યા ગુણ જોઈ વરણવે, સ્યું બોલે જિમ તિમ. ૧૦
પંચમ કાળે **દેવચં**દના, ગુણ દાખિવનેં યત્ર,
યથાર્થપણે મુજ પ્રતેં, તો સત્ય માનુ અત્ર. ૧૧
સાંભલિ મૂઢ શિરોમણિ, અછતા ગુણ કહે જેહ,
પ્રસંસ જિમ કોવિદ કરે, ગુણ કહું સાંભલિ તેહ. ૧૨
પંચમકાલે **દેવચંદ્રજી**, **ગંધહસ્તિ** જે તુલ્ય,
પ્રભાવક શ્રી **વીરનો**, થયો અધુના બહુમૂલ્ય. ૧૩
રત્નાકર સિંધુ સદશ, ચતુર્વિધ સંઘ જિન ભૂપ,
કહી ગયા તે સત્ય છે, સાંભલ તાસ સરૂપ. ૧૪

અંતે—

કવિયણે **દેવવિલાસ** કીધો, મન હર્ષિત ઉલ્લસ્યોરે. ૩૦
કીધો **દેવવિલાસ** શુભદિનેરે, જય પતાકા વિસ્તરીરે. ૩૧
સંવત **અઢાર પચીસ** આસો સુદિ રે, અષ્ટમી રવિવાર રચ્યોરે.
સ્તોકમેં **દેવવિલાસ** કીધોરે, કિંચિત્ ગુણ ગ્રહીને સંસ્તવ્યોરે. ૩૩
બહોલો છે અધિકાર જોતાંરે, ગ્રંથ થાયે મોટો ઘણોરે. ૩૪
ભણસ્યે **દેવવિલાસ** સાંભલેરે, તસ ઘરે કમલા વિસ્તરેરે. ૩૫

કલસ

શ્રી **વીર** જિનવર **સોહમ** ગણધર **જંબુ** મુનિવર **અનુક્રમે**
ખરતરગચ્છ ઉદ્યોતકારક, શ્રી **જિનદત્ત** સૂરયોપમે.
તાસ પાટ **જિનકુશલ** સૂરિ, **જિનચંદ્ર** સૂરિ તસ પટે
યુગપ્રધાનનો બિરૂદ જેહનો, નામથી દુઃકૃત કટે. ૧
ગચ્છ સ્તંભક ઉપાધ્યાયજી, **પુણ્યપ્રધાન** પ્રધાનતા,
સુમતિધારી **સુમતિ** પાઠક, **સાધુરંગ** વાચક ભૃતા,
શ્રી **રાજસાગર** ઉપાધ્યાયજી, **જ્ઞાનધર્મ** પાઠક થયા
સુકૃતી **દીપચંદ** પાઠક, **દેવચંદ્ર** પાઠક જય જયા. ૨
મનરૂપ વાચક **વિજયચંદજી**, પાઠકનો પદ ભાગ્યતા,
મનરૂપ પદકજ મેરૂ ગિરિવર, **રાયચંદ** રવિ ઉદ્દગતા,
સુજ્ઞાનતાયેં વિનયવંતે, બુદ્ધિ યુક્તિ સુરગુરૂ
ચંદ્ર સૂર ધ્રુ તાર તારક, રહો અવિચલ જયકરૂ. ૩

—આચાર્ય બુદ્ધિસાગરજીએ પ્રકટ કરાવેલી. સં. ૧૯૮૧માં.

(આ રાસનો સાર જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ માં દેવચંદ્ર નં. ૪૨૭ની નીચે પૃ. ૪૭૩ થી ૪૭૭ પર આપેલ છે તે જુઓ.)

૫૦૧૬ રત્નવિજય (૩) (ત૦ માણેકવિજય શિ૦)

(૧૦૦૧૬) સિદ્ધચક્ર સ્ત૦ યાને **નવપદ સ્ત૦ સં. ૧૮૨૫**
વસંત માસ.

આદિ— કંથ તમાકુ પરિહરો એ દેશી.

શ્રી સદ્ગુરૂ સુપસાયથી, આરાધું **સિદ્ધચક્ર**,
એહ મહિમા છે અતિ ઘણો, સુરમાં મોટો શક્ર, મોરા લાલ
શ્રી **સિદ્ધચક્ર** સેવિયે. ૧

અંતે—

સંવત ૧૮૨૫નો, વસંત માસ વખાંણ, મો૦
સકલ પંડિત સિરોમણી, **માંણકવિજે** ગુરૂરાય, મો. ૧૩ શ્રી.
તાસ શિસ અનુભવે કરી, કર્યો નવપદ મહિમાય, મો૦
સ્તવતાં બહુ સુખ પાંમાયે, **રત્નવિજે** ગુણ ગાય. મો૦ ૧૪ શ્રી.

—મારી પાસે છે.

---

૫૦૨ દેવીદાસ (પાર્શ્વચંદ્ર સૂરિ સંતાનીય)

(૧૦૦૨) રાજસિંહ કુમાર ચોપઈ. (રાજસ્થાનીમાં) સં. ૧૮૨૭
કા. શુ. ૫ ભોમ મેડતામાં

આદિ— દોહરા

પરમ દેવ પ્રણમી કરી, **વર્દ્ધમાંન** ભગવાન,
પરમેષ્ટી નવકારનો, ફલ કરહુ બખાણ. ૧
ઇહ લોકે જે પામિયાં, પરલોકે ફલ જેહ,
લાભ હુવૈ સો બરણઉં, કથા ધરી તિમ નેહ. ૨
ઇહ લોકૈ નવકારથી, **શિવકુમાર** જિમ જાંન,
ફૂલ માલ બીજી ભણી, તીજી બીજોરા ઠાંણ ૩
પરલોકે ચંડ પિંગલે, જપિયો શ્રી નવકાર,
કુંડક યક્ષ ચોથી ભણી, કથા પાંચ ફલ સાર, ૪
ઇહલોકૈ પરલોક બલિ, **રાજસિંહ** કુમાર,
કથા થકી સહૂ જાંણજ્યો, સુન લેજ્યો સુવિચાર. ૫

અંતે— કલશ.

ગચ્છ નિરમલરે, સૂરી શ્રી પાસચંદ્રનો,
તસ ગુણ પિણરે, ભાખે પ્રોહિત ઇદ્રનો,
સિષ અનુક્રમરે આઠ થયા તિન વારહિ
તિન અવસરરે મતિ ઉપજી સુખકારહિ. ૬૦
કરી સુખસું નવમ થાનક સિષ ભાખે એ સહી,
ઋષ દેવીચંદ બોલી ઢાલ દશમી ગહગહી
નગર મેડતા ઠાંમ મોટો અઠારસે સત બીસમે
માસ કાત્તિક શુકલ પંચમી ભોંમ બાર કર નિરગમે ૬૧

—ઇતિ નવકાર ફલ વિષે રા. કુ. ચો. સંપૂર્ણ સં. ૧૮૩૫ અગનમ શ્રી અગહન સુ. ૪ સોમવારે. ૨૩ શ્રાવક રામચંદ્ર ભાઇ-ચોકી પતની ય શ્રશ્રાવિકા ગુજાજો બાઇ દત્તં. ૧૫. ૧૩ ઘો.

---

૫૦૩ વિજયલક્ષ્મીસૂરિ× [ત. વિજયસૌભાગ્ય સૂરિના પટ્ટધર]

(૧૦૦૩) જ્ઞાન દર્શન ચારિત્ર સંવાદ રૂપ વીર સ્ત. સં. ૧૮૧૭

આદિ— દૂહા.

શ્રી ઇંદ્રાદિક ભાવથી પ્રણમે જગગુરૂ પાય
તે પ્રભુ વીર જિણંદને નમતાં અતિસુખ થાય. ૧

× તપગચ્છમાં હીરવિજયસૂરિના વિજયસેનસૂરિ પટ્ટધર થયા તેના પટ્ટે ત્રણ સૂરિ-આચાર્યો થયા:—વિજયદેવસૂરિ, વિજયતિલકસૂરિ અને રાજસાગરસૂરિ, તે પૈકી વિજયતિલકસૂરિના પટ્ટધર વિજયાનંદ સૂરિના પટ્ટે ત્રણ સૂરિ થયા:-વિજયસૌભાગ્યસૂરિ વિજયરાજસૂરિ અને રત્નવિજયસૂરિ, વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય અને પટ્ટધર વિજયલક્ષ્મીસૂરિ થયા. તેમણે સંસ્કૃતમાં ઉપદેશપ્રાસાદ વૃત્તિસહિત સં. ૧૮૪૩ કાર્તિક શુદ ૫ ગુરૂને દિને રચી પૂર્ણ કર્યો છે. વિજયાનંદસૂરિ માટે જુઓ મારી જૈન ઐતિહાસિક રાસમાળા-ભાગ ૧ લો તથા જૈન ગૂર્જરકવિઓ ભાગ ૨ પૃ. ૭૫૨

જ્ઞાન દર્શન ચરિત્રનોં, કહું પરસૂ પર **સંવાદ**
ત્રિકયોગેં સિદ્ધિ હોઇ, એહવો પ્રવચન વાદ.

× × × ×

ઢાલ ૮ મી

શ્રી **મહાવીર**ના ગુણ ગાવો, સંશય મનના મિટાવો રે.
મુક્તાફલના થાલ ભરીને પ્રભુજીનાં જ્ઞાન વધાવો રે—શ્રી. ૧
આ સમયે શ્રુતજ્ઞાની મહોટા, શુદ્ધ સ્વરૂપ સમજાવે રે,
જ્ઞાનીનો જો વિનય ન સેવે, તો અતિચારતા થાવે રે—શ્રી, ૨
આવશ્યકાદિક ગ્રંથથી જોઇ, રચના કરી મનોહારો રે
હીનાદિક નિજ બુદ્ધે કહેવાયું, તે શ્રુતધર સુધારો રે—શ્રી. ૩
મુનિ કર સિદ્ધિ વદનને વરસે, આઠમ સુદિ ભલે ભાવે રે
ત્રણસે ત્રીસ કલ્યાણુક એ દિન, ત્રીશ ચોવીશીના **થાવે** રે—શ્રી. ૩
પહેલાં પાંચ જિણંદ **નમિ નેમિ, સુવિધ પાસ સુપાસ રે,**
એ દશ જિનના અગીઆર કલ્યાણુક, એ દિવસે થયા ખાસ રે—શ્રી. ૪
અડ સિદ્ધિ બુદ્ધિદાયક, એ દિને, સ્તવન રચ્યું પ્રમાણો રે.
ભણશે ગણશે જેહ સાંભલશે, તસ ઘર કોડિ કલ્યાણો રે—શ્રી. ૫

અંતે— કલશ.

ઇમિ **વીર** જિનવર પ્રમુખ કેરાં અઢી લાખ ઉદાર એ
જિનબિંબ થાપિ સુયશ લીધો **દાંન** સૂરી સુખકાર એ
તસ પાટ પરંપર **ત**પા ગચ્છે, **સોભાગ્ય** સૂરી ગણધાર એ
તસ સીસ **લક્ષ્મી** સૂરી પભણેં, સંઘનેં જયકારએ.

—(૧) ઇતિ જ્ઞાનાદિ નય ગર્ભિત શ્રીમદ્ વીરજિન સ્તવનં સા. રૂપચંદ પઠનાર્થં, ૭-૧૦ દા. ૭ નં. ૮૬ ખેડા ભં.

(૨) સંવત ૧૮૯૦ આષાઢ વદિ ૧૪ દિને શ્રી મેડતાનગરે પ્ર. કા.

(૩) પ્ર. સજ્જન સન્મિત્ર પૃ. ૩૧૭ થી ૩૨૩.

(૧૦૦૪) ષટ્ અષ્ટાન્હિક (છ અઠાઈનું) સ્તવન. સં. ૧૮૩૪ **ચૈત્ર શુ. ૧૫**

આદિ— શ્રી સારદાય નમઃ દૂહા.

શ્રી સ્યાદ્‌વાદ સુધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ,
પરમ પંચ પરમેષ્ટિમાં, તાસુ ચરણુ સુખકંદ. ૧
ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધ ઇસાનમાં તેહ,
થયા લોકોત્તર સત્ત્વથી, તે સર્વે જિન ગેહ. ૨
પંચ વરણુ અરીહા પ્રભુ, પંચ કલ્યાણક ધ્યેય,
ષટ્ અઠાઈ સ્તવના રચૂં, પ્રણુમી અનંત ગુણગેહ. ૩

અંતે—

આઠ કર્મ અડ પોષને એ, અડવિધ પદ પરમાદ,
પરિહરી આઠ કારણુ ભજીએ, આઠ પ્રભાવક વાદ. ૪
ગુજર દલા દેસમાં એ, **અકબર**સા શુલતાન, હે૦
હીરજી ગુરૂના વયણુથી, અમારી પડહ વિતાંન. હ. ૫
સેનસૂરી તપગચ્છમણિ એ, **તિલક આણુંદ** મૂર્ણીદ, હ૦
રાજ માંન ઋદ્ધિ લહે, એ **સૌભાગ્ય લક્ષ્મી** સુરીંદ.
હરષ ધરી સેવીએ રે. ૬
સેવો સેવો પર્વ મહેંદ, પૂજીત પદ અરિ વૃંદ,
પૂણ્ય પર્વ સુખ કંદ, પ્રગટે પર્માનંદ, કહે ઇમિ **લક્ષ્મી** સૂરંદ હ. ૭

કલશ.

ઇમ **પાર્શ્વ** પ્રભુનો પસાય પામી, નામી અઠાઈ ગુણ કહ્યા,
ભવી જીવ સાધો નિત આરાધો, આત્મધર્મે ઉમહ્યા,
સંવત **જિન અતિશય** ૩૪ **વસુ** ૮ **શશિ** ૧ ચૈત્રી પુન્યમેં ધ્યાઇયા,
સોભાગ્ય સૂરિ સિસ **લક્ષ્મી** સૂરિ બહુ સંઘ મંગલ પાઇયા. ૭

(૧) ૩-૧૩ આ. ક. લખીતંગ ઠાકાર નરભેરામ અમુલખ સંવત ૧૯૩૧ વરષ વૈશાખ સુદી ૧ દીને લખ્યા ૧૪-૧૩ નં.૧૪૭ જશા૦

વીસ સ્થાનક પૂજા સ્ત. ૧૮૪૫ વિજયાદશમી શંખેસર.

અંતે કલશ.

ઇમિ વીસ સ્થાનિક સ્તવન કુસુમેં પુજીઓ **શંખેસરો**,
સંવત **સમિતિ વેદ વસુ શશિ** વિજયદશમી મનોહરો;

તપગચ્છ વિજયાનંદ પટધર શ્રી વિજયસૌભાગ્ય સૂરીશ્વરો,
શ્રી વિજયલક્ષ્મીસૂરિ પભણે સયલ સંઘ જયકરો.

(૧) પ્ર. કા. (૨) મુ. વૃદ્ધિવિજય વાચનાર્થે સૂરતિ બંદિરે, સં. ૧૮૪૫ના આસો શુદિ ૧૫ વાર રવૌ ૧૦-૧૧ પો. નં. ૭ તિલકવિજય ભં. મહુવા (૩) સંવત ૧૮૭૨ ના મહા વદિ ૬ દીને લખ્યું છે જિ। પ્રથમ પ્રહરે લ. રામવિજેં ઈલોલ ૯-૧૩ ગો. ના. (૪) સં. ૧૯૦૩ તથા ૪ ના ચૈત્ર સુદ પુનીમ ને વાર ભોમે દીને લખી છે ૨૯-૧૧ દા. ૧૬ નં. ૮ ઘોઘા ભં. (૫) સં. ૧૯૧૬ આસો પહેલા શુદી ૧૪ દને લ. કપાશી ડાઆ લાટકચંદ વીરપુર નગરે ૯-૧૨ વીરમગામ લાયબ્રેરી (૬-૯) ચાર પ્રતો લીં.

(૧૦૦૫) +ચોવીશી.

—પ્ર. ચોવીશી વીશી સંગ્રહ.

(૧૦૦૬) +જ્ઞાનપંચમી દેવવંદન.

—(૧) પ્ર. દેવવંદનમાળા (૨-૧૦) લિ. સં. ૧૮૬૦, ૧૮૭૪, ૧૮૭૬, ૧૮૭૯, ૧૯૦૮ તેમજ સાલ વગરની એમ નવ પ્રતો લીં. ભંડારમાં છે.

સઝાયો—+રોહિણી સ. (સઝાયમાળા બી. મા. પૃ. ૩૯૫), ભગવતી સઝાય ૧-૯ આ. ક., મૃગાપુત્ર સઝાય, જ્ઞાનપંચમી સઝાય લ. સં. ૧૮૬૦ લીં.

૫૦૩ક વિષ્ણુ (જૈનેતર લાગે છે.)

(૧૦૦૬ક) ચંદરાજાના દુહા સં. ૧૮૨૮ ફા. વ. ૧૩ ભોમ ભુજમાં
(વિવિધ છંદમાં હીંદીમાં.)

આદિ— દુહા.

અલખ નીરંજન એક તું, દેત સુબચન દાત
સરસતિકો સમરન કરૂં, રચૌં ચંદકી બાત. ૧

ગનપતિ શુભ દીજે સુગુન, બાંની સરસ વિવેક,
ચંદરાયકિ ચોજ સૌં, રચૌ જુ બાત બિસેક. ૨
જૈન ધર્મ કે ગ્રંથ મૌં, કથા સુચોપઇ જાત
બિસન સોઇ ભાષા કરી, ચંદરાયકી બાત. ૩

અંતે—

કચ્છદેસ શુભ નામ ભુજ, તપેગો હોડ જ્યું રાય,
* આ સ્તવનમાં સં. ૧૮૪૯માં ફાગણ સુદિ ૫ શુક્રવારે ભરૂચમાં સવાઈચંદ ખુશાલચંદે શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવેલી તે પ્રસંગને લઈને પ્રતિષ્ઠાની સર્વ વિધિ બતાવી છે.

(૧૦૩૧) પાર્શ્વનાથ વિવાહલો. સં. ૧૮૬૦ આસો શુદ ૧૩, ભરૂચમાં.

આદિ—

સ્વસ્તિ શ્રી દાયક સદા, **પાસ** પ્રભૂ જિમ ચંદ,
પ્રણમું પદજુગ તેહનાં, જગજનનયણાનંદ. ૧
અશ્વસેન કુલ દિનમણી, **વામા** રાણી નંદ,
ગાસ્યું તસ વિવાહલો, મંગલ રૂપ અમંદ. ૨
વર્ધમાન સૂરીસરે, **આચાર દિનકર** ગ્રંથ,
રચિયો તસ અનુસારથી, રચસ્યું ઇહાં પ્રબંધ. ૩
સારદ સાર દયા કરી, દેજે વચન વિલાસ,
તુઝ સુપસાયેં માહરી, સફલ ફલે સહૂ આસ. ૪
આઠ ભેદ વિવાહના, શાસ્ત્રેં ભાખ્યા જેહ,
નામ માત્રથી વરણવું, તે સુણજો સસનેહ. ૫

અંતે— ઢાલ ૧૮મી. જીરે સ્વામી સમોસર્યા.

× × × ×

પાસ પ્રભુ વીવાહલો, ભણસ્યેં સુણસ્યેં જેહરે,
ટલસ્યે વિરહદુખ તેહાં, ઇછિત લહેસ્યેં તેહરે. ૭
સંવત **અઢાર ને સાઠની**, ધંનતેરસ દિન ખાસરે,
ભૃગુપુર ચોમાસું રહી, કીધો એ અભ્યાસરે. ૮
શ્રી **વિજયદેવ** સૂરીતણા, **લબ્ધિવિજય** વડભાગીરે,
તેહના **રત્નવિજય** ગણી, જિનમતના અનુરાગીરે. ૯
માનવિજય ગણી તેહના, **વિવેકવિજય** તસ સીસરે,
અમૃતવિજય છે તેહના, જેહની સબલ જગીસરે. ૧૦
તસ પદકમલ ભમર સમો, **રંગવિજય** કહે રંગેરે.
પાસ પ્રભુ ગુણ ગાઇયા, ઉલ્લટ આણી અંગેરે. ૧૧

—(૧) ૧૫-૧૨. લા. નં. ૪૯૫. (૨) મુની રૂપવિજય લખીતં ૮-૧૮ (પહેલું પત્ર નથી) પ્રત નં. ૨૩૮૦ શ્રી મુક્તિ.

વડોદરા. (૩) સંવત્ ૧૮૯૭ના વર્ષે વૈસાખ માસે શુક્લ પક્ષે તિથૌ ૧૩ દિને ગુરૂવાસરે લી. પં. રત્નવિજયગણી લપીકૃત્વાં ભૃગુપુર મધ્યે શ્રી મુનિસુવ્રત પ્રસાદાત્ ૧૩-૧૫ દા. ૭ નં. ૭૦ ખેડા ભં.

(૧૦૩૨) સદયવચ્છ સાવલિંગાનો રાસ.

(અમરવિજય મહારાજના ભંડારમાં છે. સીનોર.)

---

૫૧૬ ક્ષમાકલ્યાણ (ખ. જિનલાભસૂરિ-અમૃતધર્મ શિ.)

(૧૦૩૩) + સ્થૂલભદ્ર સઝાય સં. ૧૮૪૮.

ચોવીસ જિનનમસ્કાર-ચોવીસી. સં. ૧૮૫૬ જેઠ શુદિ ૧૩ દક્ષિણ નાગપુરમાં.

આદિ— ઋષભજિન નમસ્કાર

જય જય જિનવર **આદિદેવ**, તિહુઅણ જણ તાત,
શ્રી **મરૂદેવા નાભિનંદ**, સોવન સમ ગાત. ૧

× × × ×

દસ હજાર મુનિ સાથસૂં, એ તપ ચઉદ્દસમ જાંણ,
પ્રભુ સીધા **અષ્ટાપદે**, કરો સંઘ કલ્યાણ. ૫

અંતે— વીરનમસ્કાર.

જય જય શ્રી જિન **વર્દ્ધમાંન**, સોવન સમ વાન,
સિંહ લંછન **સિદ્ધાર્થ**રાય, **ત્રિસલા** સુત ભાંન. ૧

× × × ×

એકાકી **પાવાપુરીએ**, છઠ ભત્ત સુહ ઝાંણ,
પ્રભુ પહુતા **અમૃત** પદે, કરો સંઘ **કલ્યાણ**. ૬

(આ પ્રમાણે ૨૪ નમસ્કાર કર્યા પછી અંતઃ-).

ઋષભાદિક ચોવીસ દેવ, જિનરાજ પ્રધાન,
માતપિતા લાંછન વરણ, શ્રમણાદિ વિધાન. ૧
સય **અઢાર છપ્પન** સમે, સુદિ જેઠ પિછાણ,
દક્ષિણ દેશે **નાગપુર**, તિથિ તેરસ જાણ. ૨

શ્રી જિનભક્તિ પસાયથી, ઇમ વરણવ્યા સુજાણ,
વાચક અમૃતધર્મ ગણિ, સીસ ક્ષમાકલ્યાણ.　　૩

—(૧) પ્ર. કા. (૨) પત્ર ૧૭૮ થી ૧૮૬ ચોપડો પ્રત નં. ૨૪૭૨ શ્રી મુક્તિ૰ વડોદરા.

(૧૦૩૩૬) જયતિહુઅણસ્તોત્ર ભાષા. ૪૧ કડી મહિમાપુરમાં.

આદિ—　　દોહા

પરમ પુરૂષ પરમેશિતા, પરમાનંદ નિધાંન,
પુરસદાંણી પાસ જિન, વંદું પરમ પ્રધાન.

અંતે—

મહિમાપુર મંડન જિનરાય, સુવિધિનાથ પ્રભુકે સુપસાય,
શ્રી જિનચંદ્રસૂરિ મુનિરાજ, ધર્મરાજ્ય જયવંત સમાજ.　　૩૯
બંગ દેશ સોભિત સુઓત, ઓશ વંશ કાતેલા ગોત,
સોભાચંદ સુત ગુજરમલ્લ, ભ્રાતા તનસુખરાય નિસલ્લ.　　૪૦
તિનકે આગ્રહસેં જુ નવીન, જયતિહુઅનકી ભાષા કીન,
વાચક અમૃતધર્મ ગનીસ, સીસ ક્ષમાકલ્યાન જગીસ.　　૪૧

—પત્ર ૭૨ થી ૭૫ ચોપડો પ્રત નં. ૨૪૭૨ શ્રીમુક્તિ. વડોદરા.

અઈમત્તારિષિ સજ્ઝાય. ૩ ઢાલ—કુલ ૨૭ કડી.

ગદ્ય કૃતિઓ.

[૧ **શ્રાવક વિધિ સંગ્રહ-પ્રકાશ.** ગદ્ય ભાષામાં સં. ૧૮૩૮. તેમણે પાક્ષિકાદિ પડિકમણ વિધિ ગદ્યમાં ભાષામાં ઉતારી છે. ને છેવટે દોહા આપ્યા છે કે—

શ્રી જિનચંદ સુરિંદ નિતુ, રાજત ગચ્છ-રાજાન,
વાચક અમૃતધર્મગણિ, સીસ ક્ષમાકલ્યાણ.　　૧
સય અઢાર અડતીસ, જેસલમેરૂ સુથાન,
શ્રાવક વિધિ સંગ્રહ કીયો, મૂલ ગ્રંથ અનુમાન.　　૨
કમલાદિમ સુંદર સુમના, કીધ સહાય પ્રધાન,
જો કુનિ હોય અસુદ્ધ ઇહાં, સો સોધીયો સુજાન,　　૩

—સંવત ૧૮૪૭ વર્ષે પ્રથમ આસાઢ વદિ ૧, રવૌ લિખતા પં. રૂપચંદ, પં. ન્યાનચંદ, પં. લાલચંદ, શ્રી સુરતિ બિંદરે ઓસવાલ મહિલા મધે. ભાઇદાસ નેમીને ધમ્મર્શાલા મધ્યે. શુભં ભવતુ. ૧૨–૧૭ પ્ર. કા. નં. ૩૫૭.

—શ્રી જિનપ્રભસૂરિકૃત વિધિપ્રપા ૧, ખરતર મંડલાચાર્ય તરૂણપ્રભસૂરિકૃત ષડાવશ્યક બાલાવબોધ ૨, સામાચારી શતક ૩, વંદારૂ વૃત્તિં ૪, પ્રવચન સારોદ્ધારવૃત્તિં ૫, આચારદિનકરં ૬, શ્રીજિનપતિસૂરિ સામાચારીપત્રં ૭, શિવનિધાનોપાધ્યાયકૃત લઘુવિધિપ્રપાદિ ૮, ગ્રંથાશ્ચ વિલોકય અયં વિધિપ્રકાશો નિર્મિતઃ ઇતિશ્રી શ્રાવક વિધિપ્રકાશઃ પરિપૂર્ણતામગમત્–પં. જ્ઞાનસૌભાગ્ય મુનિના સ્વહેતવે નાગપુરમધ્યે લિપીચક્રે. રો. એ. સો. મુંબઈ.

૨. **પ્રશ્નોત્તર સાર્ધશતક.** ભાષાગદ્યમાં સં. ૧૮૫૩ વૈ. વ.

—ઇતિશ્રી વાચનાચાર્ય શ્રીમદમૃતધર્મ ગણિ વિનેયવાચક **ક્ષમાકલ્યાણ** ગણિ વિનિર્મિત **પ્રશ્નોત્તર** સાર્દ્ધશતકસ્ય સૂચામાત્ર ભાષાયામુત્તરાર્દ્ધમ ॥ શ્રી ॥

નિષ્પન્નમાનન્દમયૈ ર્જિનાદ્યૈઃ
સમાશ્રિમૈઃ શુદ્ધપદૈરવક્રમ્
હ્રીંકાર દીપ્રં શ્રિતસર્વશક્રં
શ્રી સિદ્ધચક્રં શરણં મમાસ્તુ. ૧

દોહા

સય અઢાર તેપન સમૈ, વદિ વૈશાખ સુમાસ,
બુધવાર સંપૂરન રચ્યો, **વીકાનેર** સુવાસ. ૧
આર્યા ઉત્તમ ધર્મરૂચિ, પુત્રી સમ સુવિનીત,
નામ **ખુસ્યાલશ્રી** નિમિત, યહ કીનો ધરિ ચીત. ૨
ભણસાલી સંઘજી વધૂ, **મોતૂ** નામ ઉદાર,
તાકો કુન આગ્રહ ભયો, **જેસલમેર** મઝાર. ૩

—ઇતિ વાચક ક્ષમાકલ્યાણ ગણિકૃત સંક્ષિપ્ત ભાષામય પ્રશ્નોત્તર સાર્દ્ધશતકમ્ ॥ લેખક પાઠકયો । શ્રીરસ્તુ ॥ કલ્યાણ મસ્તુ । શુભં ભવતુ શ્રી જિનધર્મ પ્રસાદાત્ ॥ પત્ર ૨૮૮ થી ૩૨૨ ચોપડો પ્રત નં. ૨૪૭૨ શ્રી મુક્તિ. વડોદરા.]

[એમણે સાદી ગમ્ય સંસ્કૃતમાં ખરતર ગચ્છની પટ્ટાવલી, રચી તે પ્રસિદ્ધ છે. તેમજ સં. ૧૮૨૮ માં તર્કસંગ્રહ ફક્કિકા સુરતમાં, સં. ૧૮૪૭માં સુકતમુક્તાવલી વૃત્તિ મકસુદાબાદમાં, અક્ષય તૃતીયાખ્યાનક પર ટીકા, અષ્ટાન્હિકા વ્યાખ્યાન, સં. ૧૮૫૦માં વીકાનેરમાં જીવવિચાર વૃત્તિ, સં. ૧૮૬૦માં શોભન માસે જેસલમેરમાં મેરૂત્રયોદશી વ્યાખ્યાન, સં. ૧૮૬૦ ફા. વ. ૧૧ માં વીકાનેરમાં જ્ઞાનપંચમીકથા (લીં.), પૌષદશમી કથા (લીં.), મૌન એકાદશી કથા (લીં.) રચેલ છે. વળી જિનલાભસૂરિએ સંસ્કૃતમાં રચેલ આત્મપ્રબોધ ગ્રંથને શોધ્યો છે.]

---

૫૧૭ ફત્તેંદ્રસાગર [ત. વિનીતસાગર–તેના પાંચ ધીરસાગર, ભોજસાગર, સૂરસાગર, રતનસાગર અને જયવંતાસાગર–તેમાંથી ધીરસાગરના શિ.]

(૧૦૩૪) અષ્ટપ્રકારીપૂજા રાસ. સં. ૧૮૫૦ ભાદ્ર૦ વ૦ ૮ (શ્રાવણ વદ ૮ કૃષ્ણાષ્ટમી). આરંભ બગડી નગરમાં–સંપૂર્ણ બેનાતટમાં.

આદિ—

શ્રી **આદિ** જિણંદ પદાંબુજે, મન મધુકરસમ લીન,
આગમ ગુણ સૌરભ્ય ભર, આદર કરિ લયલીન. ૧
જિનવરનો સમ છે અધિક, તારે ભવજલપાર,
આપ તર્યા પર તારવા, શક્તિ અછે જસ સાર. ૨
એહવા શ્રી જિનરાજના, ચરણ નમું નિતમેવ,
ભાવ ધરી આણંદસું, ઇંદ્ર કરે જસ સેવ. ૩
ભાવેં પ્રણમું **ભારતી**, વરદાતા સુવિલાસ,
બાવન અક્ષર કોશ જસ, પાર ન પામે તાસ. ૪

ગુરૂ દરીયો ભરીયો ગુણે, તરીયો કિણવિધ જાય,
તસ પદપંકજ સેવતાં, લબ્ધ ચરણ પદ પાય. ૫
દોય ભેદ છે ધર્મના, સાધુ શ્રાવક જાણ,
પંચ મહાવ્રત બારવ્રત, શાસ્ત્રમાંહે પરિમાણ. ૬
તેમાંહિ શ્રાવકતણી, કરણી પૂજા નિત્ત,
ભાવશુદ્ધ જિનરાજની, સંખ્યા ત્રિક ઇક ચિત્ત. ૭
સવિશેષે પૂજાતણો, ઇહાં ભણું અધિકાર,
સત્તરભેદ અષ્ટોત્તરી, અષ્ટ પ્રકારી સાર. ૮
વિજયચંદ ચરિત્રમાં, પૂજાનો અધિકાર,
કુણ કુણ પૂજાથી તર્યા, ઊતરીયા ભવપાર. ૯
જિણ જિણ ઇક પૂજા કરી, ભવજલનિધિ નિસ્તાર,
કહસ્યું નામ તસ જૂજૂયા, શાસ્ત્ર તણે અનુસાર. ૧૦
સાંભલજ્યો થિર ચિત્ત કરી, રાસ ભણું સુખદાય,
શ્રોતાજન તુમે મતકરો, બધિર ગીતનો ન્યાય. ૧૧

× × × ×

ચરિત્ર પીઠિકા પહલી ઢાલ, પભણી **ફત્તેંદ્રસાગર** સુવિશાલ,
શ્રોતાજન સાંભલો ચિત લાય, નિત નિત તીર્થતણા ગુણ ગાય. ૧૧

અંતે—

અષ્ટપ્રકારી પૂજા તણો, રાસ રચ્યો સુવિશાલ,
ભણસે ગુણસ્યૈ શુભ મને, તસ ઘર મંગલમાલ.

(ઢાલ ૭) રાગ ધન્યાસિરી.

તપગચ્છનાયક સકલ વિભાસ, શ્રી **વિજયદયા** સૂરિરાયાજી,
તસ પાટ પ્રભાકર ગુણનો આગર, **વિજયધર્મ** સૂરિરાયાજી. ૧
તસ પાટે દીપક અષ્ટમદ જીપક, **વિજયજિનેંદ્ર** સૂરીંદાજી,
વર્ત્તમાન **જિનેંદ્રને** વારે, **તપગચ્છ**પતિ રાજિંદાજી. ૨
તપ ગચ્છમાંહિ સકલ વિબુધવર, **વિનીતસાગર** ગુરૂરાયાજી,
ગુણવંતમાંહે પુન્યપ્રતાપી, ભવિજનને મન ભાયાજી. ૩

તસ પુન્ય પ્રતાપે તેહનેં પ્રગટયા, શિષ્ય પંચ ગુણધારીજી,
ધીર ભોજ સૂર રતન જયવંતા, સાગરે સાખા ધારીજી. ૪
તેહમાંહે મુખ્ય શિષ્ય ખિમા ગુંણુ **ધીરસાગર** ગુરૂરાયાજી,
તસ ભ્રાતા શ્રી **ભોજસાગર** ગણિ, વાચક પદવી પાયાજી. ૫
તસ તણી મહિમા છે જગમાંહે, દેસપતિ સહૂ જાંણેજી,
ન્યાય તર્કના અધિક વિલાસી, પંડિતમાંહે વખાંણેજી. ૬
મુખ્ય શિષ્ય શ્રી **ધીરસાગરનો,** ચરણસેવી સુવિનીતોજી,
પટધારી **ફત્તેંદ્રમહોદધિ,** ગચ્છમાંહિ વદીતોજી. ૭
તેણે રાસ એ રચવા માંડયો, **બગડી** નગર મઝારોજી,
અષ્ટપ્રકાર પૂજા ફલ મહિમા, ભવિજન મહિમાં ધારોજી. ૮
પૂરણ કીધો **વેનાતટમાં,** સકલ જીવ હિતકારીજી,
એહ સુણીનેં પૂજસી ત્રિણનૈ, ત્રિણ્ય કાલ દિલ ધારીજી. ૯
ઇહ ભવ પરભવ પૂજ્યાં જિનનેં, પામસી મંગલમાલાજી,
શુદ્ધ પ્રણાંમે જિનવર પૂજ્યાં, પાંમે મોક્ષ વિસાલાજી. ૧૦
દિન દિન અધિકી લિખમી તસ ઘર, હોસી ઝાકઝમાલાજી,
જે એ રાસનેં ભણસી ગુણસી, તસ ઘર મંગલમાલાજી. ૧૧
સંવત **અઢાર પચાસા વરષે** ભાદ્રવ માસ વિશેષૈજી,
વદિ પખવાડે અષ્ટમી દિવસૈ, ગોવિંદ જન્મવિશેષૈજી. ૧૨
ગુરૂવારે એ રાસ રચ્યો છે, સકલ જીવ હિતકારીજી,
જે કોઇ પંડિત વાચનૈ કરજ્યો, ખોટ દૂરે શ્રુતધારીજી. ૧૩
મ્હેતો માહરી મતિ અણુસારે, **વિજયચરિત્રમાં** જોઇજી,
રાસ રચ્યો એ પૂજા કેરો, અડવિધ મનમાં વિલોઇજી. ૧૪
સમકિત સંઘનૈ એ હિતકારી, હોજ્યો મંગલમાલાજી,
સંઘ ચતુર્વિધનેં નિત હોસી, મંગલ અધિક રસાલાજી. ૧૫

ઇતિ શ્રી વિજયચંદ કેવલી પ્રરૂપિતે તત્સુત હરચંદ રાજ્ઞિ પવિત્રશ્રુતે પૂજાષ્ટકે જલકુંભ પૂજાધિકારે વિપ્રસુતા સોમશિરિ પ્રબંધો-ઽયમષ્ટમોધિકારઃ ૮.

કલશ.

કેવલી શ્રી વિજયચંદે અષ્ટપૂજા વર્ણવી,
હરચંદ રાજા સુણી સુદ્ધે કરી પુજા અભિનવી,
જિનરાજ દેહરે ત્રિણ્યકાલે ભાવના ભાવે વલી,
ઇહ રાસમાંહે કહી ફત્તેંદ્રે પૂજજ્યો ભવિ મન રલી.

—સં. ૧૯૧૮ ફાગણ સુદિ ૭ ચંદ્રવારે લિ૦ પં. વૃદ્ધિસુંદરેણ મુનિના શ્રીમદુપકેશગચ્છે. ૬૭-૧૫ ભ૦

---

૫૧૮ લખમીવિજય [ત૦ પદ્મવિજય ? શિષ્ય]

(૧૦૩૫) ઢુંઢિયા ઉત્પત્તિ સં. ૧૮૫૧ પછી.

આદિ—

સમરૂં સાચી શારદા, ઢુંઢકના કહું ઢાલ,
ઉત્પતિ ભાખું આદિથી રમણિક વાત રસાલ. ૧
સંવત પનરનવ સમેં લુંકો લહિયો નામ,

× × × ×

લખમસી નામેં એકદા રે મિલિયો એહનો સાથ,
ઉતપતિ સાંભલજો રે.

× × × ×

એકસો સાઠ વરસ ગયેં રે એ ગછમાં હવે ભાલ,
જીવ ઋષિ **રૂપ** ઋષિ નામથી રે ઉપના કાલસરૂપ.

× × × ×

એહવી વાત જાણી કરી **આનંદવિમલ** ગણધાર,
સંવત **પન્નર છયા(બ્યા)સીમેં** કર્યો ક્રિયા ઉદ્ધાર.

× × × ×

સંવત **સોલ એકાણુઆ** વરસનેં અવસર પ્રાય,
એહમાંથી વલિ ઊઠીયા, મિથ્યામતિઅ લુકાય.

હરીદાસ નેં **ધરમસી** ત્રીજો **લહુજી** નામ,
નામ ધરાવી '**ઢૂંઢિયા**' અવલૂં કીધૂં આમ.

× × × ×

ધરમસી નામ ધર્યું તિણેં હવેં મોટા જબ થાય,
મિલિયા **લુંકાના** યતિ લિયેં દીક્ષા ચિત લાય.

× × × ×

હવે **ધરમસી** પહેલો ઢૂંઢિયો **હરિદાસ** બીજાનું નામ,
ત્રીજો **લહુજી** મલ્યો..., સહુયેં...કર્યાં કામ.

× × × ×

સંવત **અઢાર છેહડેં** એહવે ઊપનો એક,
અજરામર નામજ ધર્યું પિણિ...વિવેક.

× × × ×

ફિરતો ફિરતો **ભાવનગરમાં** સંવત **અઢાર છેંતાલેજી**,
સેષેં કાલેં આવિ રહિયો, **ઢૂંઢિયા** કેરેં આલેં.

× × × ×

નામ **ખુશાલવિજય** સંવેગી સાથે માંડયો વાદજી.

× × × ×

હવેં **અઢાર એકાવના** વરખેં **સૂરત** રહ્યો ચોમાસજી,
તિહાં પિણ..........

× × × ×

ઈમ કરતાં ઉતર્યું ચોમાસું **રાનેર**માંહે આવેજી,
તિહાં પિણ મનમાં તિમહિજ માહલે, રાગડા કરિ કરિ ગાવે.
સંઘ આગ્રહથી રાનેર આવ્યા, **પદ્મવિજય** પન્યાસજી,
ચર્ચાવાદ કરેવા સારૂ, હવેં બોલાવ્યો તાસજી.

× × × ×

ઇમ કહી રાંનેર માંહેથી ચાલ્યો તે...
તિણું એહની સંગતિ નવિ કીજે, જિમ નવિ પડિયેં પાસેંજી,
લખમીવિજય કહે જો સંગ કરસ્યો તો નિજ સમકિત જાસ્યે.
—૪-૧૫ પુ૦ મં.

---

૫૧૯ રાજરત્ન [ત૦ ઉદયરત્ન (નં. ૪૦૪)–ઉત્તમરત્ન–જિનરત્ન–ક્ષમારત્ન શિ૦]

(૧૦૩૬) ઉત્તમકુમારનો રાસ સં. ૧૮૫૨ આસો શુદ ૨ બુધ ખેડામાં

આદિ— દૂહા

સરસ્વતી ભગવતી સારદા, સમરૂં સદ્‌ગુરૂ નાંમ
ચરણ જુગલ નમું નાંમથી, ભાવ ધરી અભીરામ. ૧
ગુરૂ તારણ ગુરૂ દેવતા, ગુરૂ દીપક સમ જ્યોત,
માત પીતા બંધવ ગુરૂ, ગ્યાંન રવી ઉદ્યોત. ૨
ગુરૂ ઉપમ અવનીતલે, જોતાં ન મલે જોડ
પસુ મુરખ પંડિત કરે, પુરે મનના કોડ. ૩
મુઝ ગુરૂ ગીરૂયા ગુણ બહુ, મહીયલ મહિમાવંત,
આસ પુરે અસારૂં ઇ, **હીરરત્ન** સુરી સંત. ૪
જાસ પીતા **જસવીરજી**, માત **ખીમાદે** નાંમ,
નંદન **હીર** હીઈ ધરૂં, સુધ મનેં સુંભ કામ. ૫
સરસ વચન દ્યો **સારદા**, સાંમિની થઇ સુપ્રસન્ન,
સુણતા સકલ સંસારમાં, મોહે ભવિક જન મન્ન. ૬
જડ ટાલી તેં જગતમાં, કીધા કવીઅણ કોડ,
તે માટે ત્રિપુરી તનેં, પ્રણુતિ કરૂં કરજોડ. ૭
જગતજનની તું સહી, તુઝથી હરિ હર બ્રહ્મ.
સાધેં જે સુધેં મનેં, તે પાંમે પદ પરિબ્રહ્મ. ૮

મંત્ર જંત્ર તંત્રહ ઘણા, તે સવી તાહરા ભેદ,
હર હરી બ્રહ્મા સુર સવે, ઈમ વખાંણે વેદ. ૯

—કડી ૧૨ સુધી સરસ્વતીની, પછી પંચ તીરથ-૧ આદિદેવ, ૨ શાંતિનાથ, ૩ નેમનાથ, ૪ પાર્શ્વનાથ, ૫ મહાવીરની ૩૩ કડી સુધીમાં, પંચપરમેષ્ટીની ૩૪ મી કડીમાં સ્તુતિ કરી છે.

ધરણીધર **પદ્માવતી**, સાસનદેવ પસાય,
ઉલટે **ઉત્તમકુમરનો**, રાસ રચું સુખદાય. ૩૫
સુપાત્ર દાનના જોગથી, પાંમ્યો સુખ ભરપુર,
પુન્ય દાન ઉત્તમ કથા, સાંભલતાં દુખ દૂર. ૩૭
પુન્યે પામે પ્રાણીઓ, પરભવ ઉત્તમ ઠાંમ,
આ ભવ જસ બહુલો લહે, દાતા જુકતા નાંમ. ૩૮
સંબંધ **ઉત્તમકુમરનો**, સાંભલજ્યો નરનાર,
એક મનેં એકાસનેં, કહું તેહનો અધિકાર. ૩૯

અંતે— ઢાલ ૨૭ રાગ ધન્યાસી.

બુધ્ય અકલ મતિ ગ્નાન શક્તિથી, જોઅ્ય કલા આદરીઇરે
અરીહંત મારગ ઉત્તમના ગુણ ગાતાં ભવજલ તરીઇરે. ૧

× × × ×

તપગચ્છ માંહે **રાજવજે** સુરી, **રત્ન** સુરી સુખ ખાંણોરે,
પાટ પટોધર પુન્યપ્રતાપી, **હીરરતન** સુરી જાંણોરે. ૬
તાસ પરંપરા વંસે દીદારૂ, **ઉદયરતન** ઉવઝાયારે,
'પન્યાસ' પદ ધારી લઘુ ભ્રાતા, **હંસરતન** કહેવાયારે. ૭
વાચક **ઉદયના** સીસ સોભાગી, **ઉત્તમરત્ન** સુખદાઇરે,
જયવંતા જસવંત જગતમાં, **જિનરતન** સવાઇરે. ૮
તાસ સીષ્ય મુની સાધ શિરોમણી, **ક્ષમારત્ન** સુખકારીરે,
તાસ અનુચર કહે નિપુણને, જોજો ભેદ વિચારીરે. ૯
સંવત્ **અઢારસયેં બાવન** આસો શુદ બીજને વાર બુધેરે,
રાસ રચ્યો **ખેટક પુર** માંહે, સાંભલજ્યો મન સુધેરે. ૧૦

વેત્રવતી નદી કંઠે દીદાર, **રસુલપરામાં** ગવાયારે
રીષભ શાંતિ ભીડભંજન સાહેબ, ત્યાં મેં કલશ ચઢાયારે. ૧૧
અધિકું ઓછું કહેવાયું હોય જે મુઝ અજ્ઞાન પાખેંરે.
મીછામી દુકડ હોજ્યાં મુઝનેં સંઘ ચતુરવિધ સાખેંરે. ૧૨
.... ગ્રંથ તણી એ લહેજ્યોરે.
પર્વત મેરૂ રવી સસી પ્રતપે ત્યાં લગેં એ થીર રહેજ્યોરે ૧૩
ઢાલ સત્તાવીસમી સહુ શ્રોતા સાંભલીને સદ્દવહીઇરે
રાજરતન કહે પુરણ પદવી જિનવર વચને લહીઇરે. ૧૪

—સંવત ૧૮૫ (૭!) ડસ્વીને સુદ ૩ લખીતં. ખેડા ગાંમ મધ્યે રસુલપરામાં શ્રી ઋષભદેવ પ્રસાદાત્ વાત્રોકત્રટેં વાસ સ્યાત. ૨૧-૧૪ ખેડા ભં. ૩.

---

૫૨૦ લબ્ધિ [લોંકા ગચ્છ સોમચંદ્ર સૂરિ-ગંગ-કલ્યાણ-લવજી શિષ્ય]

(૧૦૩૭) +નેમીશ્વર ભગવાનના ચંદ્રાવલા ૨૯૫. સં. ૧૮૫૨ ફા. શુ. ૨ ગુરૂ ચોરવાડમાં.

આદિ—

સરસતી સરસ વચન દ્યો મુજને, પ્રેમેં કરી પસાય
શ્રી **નેમીસરના** ગુણ ગાવા, મુજ મન ઉલટ થાય
મુજ મન ઉલટ થાય તે કહેવા, શ્રોતાજનને સાંભલવા જેહવા,
મંગલકારી હોજો સહુને, **સરસતી** સરસ વચન દ્યો મુજને. ૧
લબ્ધિ કહે મંગલકારી, આવ્યો માધનો માસ
નરનારી મનમાંહે હરખે, ધરતી ધણું ઉલ્લાસ.
ધરતી ધણું ઉલ્લાસ તે અંગે મદવંતી મતવાલી રંગે,
માંહોમાંહે ઉમંગ શું ભારી, **લબ્ધિ** કહે મહા મંગલકારી. ૧૧૫

અંતે—

સોરઠ દેશ તણી સીમાએં, ગામ નામ **ચોરવાડ**,
રાજ કરે **બાબી** કુલ બાહાદૂર **હામદખાં ઓનાડ**

હામદખાં ઓનાડ પ્રતાપી, દેગ તેગ જસ કિરતી વ્યાપી
ગઢ **ગિરનાર** તીર્થ છે જિહાંએ, **સોરઠ** દેશ તણી સીમાએં.૨૯૩
રાજે શ્રી **લોંકા** ગચ્છરાયે, **સોમચંદ્ર** સૂરિ જાણુ,
કોવિદ **ગંગ** મુનિ કવિ કેરો, પંડિત મુનિ **કલ્યાણ**
પંડિત મુનિ **કલ્યાણ** સવાઇ, મહા મુનિ ગીતારથ માંહિ,
તાસ મુનિ **લવજી** ગુરૂતાયેં, રાજેશ્રી **લોંકા** ગચ્છ રાયે. ૨૯૪
સંવત **અઢારબાવના** વર્ષે ફાગુણ શુદિની બીજ,
વાર ગુરૂ **લવજી** સુપસાયેં **લબ્ધિ** વદે મન રીજ.
લબ્ધિ વદે મન રીજથી વાણી, શ્રી **નેમીશ્વર**ની જાન વખાણી,
નરનારી જય બોલો હરખેં, સંવત **અઢાર બાવના** વરખેં. ૨૯૫
—પ્ર૦ સં. ૧૯૪૧માં મુંબઈમાં ન્હા. રૂ. રાણીનાના યુનિયન પ્રેસમાં.

---

૫૨૧ આણંદવિજય [ત૦ રત્નવિજય–રામવિજય–ઉત્તમ-વિજય શિ.]

(૧૦૩૮) ઉદાયી રાજર્ષિ ચોપઇ સં. ૧૮૫૫ પહેલાં શ્રી વિજય-જિનેંદ્ર સૂરિના વારામાં

આદિ— દૂહા

શ્રી જિન **પારસ** શાસનેં, શ્રી **મહાવીર** જિનંદ,
નમતાં દોઉ જિન નવા. વચન રસાયણ વૃંદ ૧
તારણ ભવિજન શાસ્વતા, મોક્ષ ભવનકે રાજ,
સૂધે મન ધ્યાવો સહી, ક્રમે સુધારે કાજ. ૨
સારદ વચનામૃત દીયે, ધ્યાન ધર્યાં સુધ ધીય,
બુદ્ધિ વિમલવર દાયકા, વિદ્યારસ દે પ્રીય. ૩
સારદ વાણિ સહાયથી, હોત વિમલ સુધ બુધ્ય,
ગ્રંથાંતે આદૈ ગણા, સરસ દીયેં સર શુધ્ય. ૪
ગુરૂ વંદણ કીજે ગુહિર, ગુણ નહિ આવત પાર,
નયણ કીયા નિર્મલ દોઉ, એ ગુરૂનો ઉપગાર. ૫

ગુરૂ વિન ઘોર અંધાર હૈ, ગુરૂ વિણુ હૈ મતિહીણ,
તિણુ કારણુ ગુરૂ વંદના, શુભ અક્ષર દિયાં વીન ૬
ત્રિહુ સંબોધન એક હું, રચના ગ્રંથ હુ ગ્યાન,
ગ્યાંન ઉદાયન ચરિત્રકો, શુભ વિધ કરૂં વખાણુ. ૭

પ્રથમ ખંડને અંતે

ઇમ નૃપ સંવર તત્ત્વને સંગ્રહીરે હિવ આગલિ સુણુજયો અધિકારરે,
પંડિત **રત્નવિજય** રત્ન જિસારે, તસુ શિષ્ય **રામવિજય** શુધ સારરે.
તાસુ શિષ્ય સૂરજ જ્યું ગ્યાનનારે, ભરિયા દરિયા કરિ ઉપગારરે,
એ ગુણુ ગુરૂરાયા જગ દીપીયારે, **ઉત્તમવિજય** નામેં નિસતારરે,
તસુ શિષ્ય પદપંકજરેણુ સમોરે, **આનંદવિજયેં** કવિ પદ લેયરે,
મુહતા સુરતરામને કારણેંરે, રચિયો પ્રથમ ખંડ શુભ ભેયરે. જિ.૨૧

ઇતિ શ્રી ઉદાયન રાજા પ્રબંધે શ્રી ઉત્તરાધ્યયનાધિકારે ઉદાયન પ્રતિબોધ જિન માર્ગેણુ આગતો યં પ્રથમ ખંડ પ્રબંધ.

બીજા ખંડને અંતે

ઇણુ વિધ ચિતધર ચાલતારે, મહા મુનિ અણુગાર,
સુરતરાંમરેં કારણેંરે, એ રચનારે કીધી મિષ્ટ ઉદાર.
કરણી યામેં જાંણુસીરે, લહસી જો નર ભાવ,
સુબુધ લગ્યો નિસ્તરેરે, (મનુષ્ય) ભવનારે પૂજંતા ડાવરે. ૧૫
પંડિત **રત્નવિજૈ** તણોરે, **રામવિજય** રસ રૂપ,
તસુ શિષ્ય **ઉત્તમવિજય** જયોરે, તસુ રીઝેંરે પૃથવીના ભૂપ. ૧૬
તસુ શિષ્ય દાસા મનિ ધરીરે, **આનંદવિજય** રાગ,
કીધી રચના કવિપદેરે, જો વાંચે રે અતિ સુણીયાં સુહાગ. ૧૭

અંતે—

સુરતરામ મુંહતાનેં કારણુ, કીધી રચના કરણીરે,
ગ્યાન ઉદય હોવે ઇણુ માંહે, મોક્ષ ભુવનની નિસરણીરે. ધ. ૧૯
વડ તપ ગચ્છ શ્રાવક ધન ભારી, માંનુ ધર્મ અવતારીરે ધ.
તપ ગચ્છ મહિમા બહુવિધ કરવા, ધર્મ રસાયણુ ધારીરે ધ. ૨૦

વારે શ્રી વર્દ્ધમાન જિનંદને, પટ્ટ જિનેંદ્રહ સૂરીરે,
રામ ઉત્તમ આણુંદ ગુણુ ગાયા, દિન દિન તેજ સવાયારે, ધ. ૨૧
કો કવિ વાંચન ખોડ મ કાઢો, ગુણુ સિવના સિર ચાઢોરે,
રિધ સિધ મંગલ સિધ ઘરોઘર, વધતે સુજસ સવાઇરે. ધ. ૨૨
આનંદ જયપદ લાભે સારા, એ રસ ગ્રંથ વિસ્તારારે, ધ.
હિત ધર ગાયો રાસ રસાલા, ફલસી મંગલમાલારે. ધ. ૨૩

—ઇતિશ્રી ઉત્તરાધ્યયનાધિકારે ઉદાયન મોક્ષગમણુ અભીચ સુગતિબંધણુ ઇત્યાદિક વર્ણનો તૃતીય ખંડ વર્ણનં. સંવત ૧૮૫૫ વર્ષે શાકે ૧૭૨૦ પ્રવર્ત્તમાને ફાલ્ગુણુ વદિ ૧૧ લિષતં પં. આણુંદવિજય સ્વબુદ્ધી કૃયતે મુંહતા શ્રી સુરતરાંમજી વાચન અર્થે કૃયતે. શુભં ભવતુ, શ્રીયં કલ્યાણુમસ્તુ શ્રી અજમેર નગરે શ્રેયં ભદ્રં ભૂયાત્.

પ૨૨ રૂપચંદ [ગૂજરાતી લોંકા ગચ્છ મેઘરાજ–સિંઘરાજ–ગુરૂદાસ–માનસિંઘ–પ્રેમકૃષ્ણુ શિ.]

(૧૦૩૯) શ્રીપાલ ચોપઈ સં. ૧૮૫૬ ફાગણુ વદિ ૭ રવિ, મકસૂદાબાદ અજીમગંજમાં.

આદિ— દોહા

પ્રથમ નમું ગુરૂચરણકૂં, પાયો ગ્યાન અંકૂર,
જસુ પ્રસાદ ઉપગારથી, સુખ પાવૈ ભરપૂર. ૧
ગુરૂ દરિયો ભરિયો ગુણે, તરિયો કિણુ વિધિ જાય,
તાસ તણા પરસાદથી, મલે મન ધી ઉઠી આય. ૨
કૃપા કરિ ગુરૂનેં દિયો, નિર્મલ ગ્યાન ઉછાહ,
મિથ્યા માર્ગ કુમાર્ગતેં, દીનો સમકિત રાહ. ૩

અંતે— ઢાલ ૧૪ગી રાગ ધન્યાસિરી

(સુણિ બહની પિઉડો પરદેશી ॥ તથા હૂં મતવાલી સાજના એહની.)
વીર જિણુંદ કહે સુણિ શ્રેણિક, અચરજ તૂં મન જાણેંજી,
નવપદ મહિમા અધિકી કહિયે, તો સંદેહ કિમ આણેંજી. વીર. ૧
× × × ×

ઇમ **શ્રી**પાલચરિત્ર ગુણુ ગાયા, શ્રોતા મનહિ સુહાયા જી,
સંવત **અઠારા છપન** કહવાયા, **ફાગુણ** માસ સવાયાજી. **વીર. ૧૩**
કૃષ્ણુ સપ્તમી અતિ હિતકારી, **સૂર્ય**વાર જયકારી જી,
પૂરણ કીધી અતિ સુખકારી, સુણતાં આણંદકારી જી. **વીર. ૧૪**
લૌંકાગછ ગુજર્જર ગુણપૂરા, ચૌરાસી ગછમાંહેં સૂરા જી,
શ્રી **જયરાજ્ય** સૂરિ ગુણપૂરા, અજ્ઞાન કિયો ચકચૂરાજી. **વીર. ૧૫**
તિનકે સ્થિવર **સિંઘરાજ** ગુરૂરાજઇ, તસ પાટઇ **ગુરૂદાસ** છાજઇ જી,
તસ પાટઇ **માનસિંઘ** ગુરૂ ગાજઇ, પ્રેમ મુની ગુરૂ સાજઇ જી. **વીર. ૧૬**
કૃષ્ણુ મુની તસુ સીસ સુહાયા, ઉણિમ (?) જ્ઞાન સવાયા જી.
અંગ દેશ દેશાંમેં સવાયા, **મકસૂદાબાદ** સહર ઋષદાયા જી. **વીર. ૧૭**
અજીમગંજ ચોમાસા કીના, **ગંગા** નિકટ મન ભીના જી,
લોંકાગછ તિહાં પોંસાલ ચીના, જિમ મુદડીમાંહિ નગીનાજી. **વીર. ૧૮**
રૂપ મુની તસ સીસ કહાયા, જિન એ ચરિત્ર બનાયા (જી)
બાલક ક્રીડા જેમ મેં કીધી, ગુરૂનો એહ પસાયા જી. **વીર. ૧૯**
કોઇ ભવિ એ ચરિત્ર સુણિનેં, મુઝ હાંસી મત કરજ્યોજી,
અધિકો ઓછો પદ જો હોવેં, તે સજ્જન સુધ ધરજ્યો જી. **વીર. ૨૦**
જે મેં ગિરૂવાના ગુણગાયા, એહિ લાભ મુઝ મોટો જી,
હૂસેં જોકો મુઝ કવિતાઇ, તો પિણુ નથી કોઈ તોટો જી. **વીર. ૨૧**
તૂહા મુઝનેં **વીર** જિનંદા, તૂહા ગુરૂ ઉપગારી જી,
સરસતી માતા કિરપા કીધી, જિન એ પાર ઉતારી જી. **વીર. ૨૨**
મેઘ સજલ જિમ કરેં ધરણીતલ, રાજેં પ્રજા સુખકારી જી,
હૂં અગ્યાની કિમપિ ન જાનૂં, ઇમહીજ કરી મુઝ સારીજી. **વીર. ૨૩**
જે નર એહનેં ભણુસ્યેં ગુણુસ્યેં, તસ ઘર મંગલમાલા જી,
દિન દિન બધતી બધતી થાસ્યેં, નિર્મલ કીર્ત્તિ વિસાલા જી. **વીર. ૨૪**
જ્ઞાનાવરણી કર્મકે ઉદયસું, અધિકો ઓછો મેં કહિયોજી,
પુનઃ પુનઃ મિચ્છામદુક્કડ દેઉં, સંઘ સમક્ષેં રહિયોજી. **વીર. ૨૫**
સુપાર્શ્વનાથ નિર્વાણનેં દિવસેં, ધ્રુવયોગેં મન હરસેંજી,
ધ્રુવ જિમ અવિચલ રહો ધરણીતલ,એહ ચરિત્ર સુખ કરસ્યેંજી.**વીર. ૨૬**

ઇકતાલીસમી ઢાલ વખાણો, રૂપ મુની હિતકારીજી,
સુણે સુણાવે રહે સુખકારી, લહે મંગલ જયકારીજી. વીર. ૨૭

—ઇતિશ્રી સિદ્ધચક્ર મહિમાપર શ્રીપાલ ભૂપાલ ચરિત્ર સંપૂર્ણ સંવત ૧૮૫૬ ફાગુણ શુકલ સપ્તમી શનિવારે। શુભં ભૂયાત્-લગભગ ૧૨૦૦ શ્લોક પ્રમાણ ૪૭-૧૩ ગુ. નં. ૧૨-૨. (હવે નં. ૧૨૫ બંડલ નં. ૧૫) કર્ત્તાની સ્વહસ્ત લિખિત જણાય છે કારણ કે રચ્યા મિતિ અને લખ્યા મિતિ એક છે.

(૧૦૪૦) **ધર્મપરીક્ષાનો રાસ** સં. ૧૮૬૦ માગ૦ શુદ ૫ શનિ, અજીમગંજમાં.

(૧૦૪૧) **પંચેંદ્રીની ચોપઇ** સં. ૧૮૭૩ વૈશાખ શુદિ ૮ રવિ, મકસૂદાબાદમાં.

આદિ—

શ્રી જિનવદન નિવાસિની, વંદૂ **સારદ**માય,
કવિજનકૂં સાંનિધિ કરે, કવિતા પૂરણ થાય. ૧
નમૂં પંચ પરમેષ્ટિકૂં, વંછિત સુખદાતાર,
સેવ્યા ઇહ પરભવ મિલે, ઋદ્ધિ ઘણે વિસ્તાર. ૨

અંતે—

સંવત **અઢારા તિહુત્તર** કહિયે, શુકલ વૈશાખ જુ લહિયે રે
સૂર્યવાર આઠમ તિથિ સહિયે, વિજય જોગ શુભ પઇયેરે. ૯
ગુજરાતી લોંકા ગચ્છ ગાજે, વરતે શ્રી **જયરાજ** રે,
તિનકે સાથ **પ્રેમ**મુનિ સાજે, કૃષ્ણ મુની સુખ કાજે રે. ૧૦
બંગદેસ દેસામે નવીનો, **મકસૂદાબાદ** નગીનો રે.
રાજ **ફિરંગ** તણો તિહાં ચીનો, અમલ ચેન સુખ લીનોરે. ૧૧
પંચેંદ્રીનો ચરિત્ર રસાલ, કીનો અધિક વિસાલરે,
રૂપ ઋષિ એ તેરમી ઢાલ, થઇ પૂરણ મંગલમાલરે. ૧૨

—૨૦૦ લગભગ શ્લોક પ્રમાણ ૮-૧૨ નં. ૧૨-૫. ગુ૦

(૧૦૪૨) **રૂપસેન ચોપઈ** સં. ૧૮૭૮ શ્રાવણ શુદિ ૪ ગુરૂ, મકસૂદાબાદ અજીમગંજમાં.

આદિ— દૂહા

શ્રી પંચ પરમેષ્ઠિકું, નમિયેં મનવચકાય,
જેહને નામ પ્રતાપથી, મન વંછિત ફલ થાય. ૧
ગુરૂ ઉપગારી જગતમેં, વંદૂં તેહનાં પાય,
જ્ઞાન નયન પરગટ કિયા, મારગ દિયા બતાય. ૨

અંતે—

ગૂજરાતી **લૌંકા** ગચ્છ ભલા, પક્ષ કહ્યા ધન રાજોરે,
સોહમ સ્વામી પરંપરા, ગચ્છપતિ શ્રી **મેઘરાજો**રે. ૬
થેવર શ્રી **સિદ્ધરાજજી**, થેવર શ્રી **ગુરૂદાસો**રે,
થેવર શ્રી **માંનસિંઘજી**, **પ્રેમ** ઋષિ ગુણવાસોરે. ૭
બંગદેશ માંહે ભલો, **મકસૂદાબાદ અજીમગંજ** જાનોરે,
ગુજરાતી લૌંકા ગચ્છ તણી, તીહાં પોસાલ પ્રમાંનોરે. ૮
સંવત્ **અઠારા અઠ્ઠત્તરે**, **શ્રાવણ** સુદિ **ચોથ** ગુરૂવારરે,
ઋષિશ્રી **કૃષ્ણજી** કૃપા થકી, એહ રચ્યૌ અધિકારોરે. ૯
અધિકો ઓછો પદ હુવૈ તે, પંડિત શુદ્ધ ધરિજ્યોરે,
મુઝ કવિતાઈ દોષનેં, હાંસી કોઈ મતિ કરિજ્યોરે. ૧૦
જ્ઞાનાવરણી કર્મ થકી, ભૂલચૂક જે હોઇરે,
મિચ્છામિ દુક્કડ મેં દિઓં, સંઘ આગલ ઇહાં જોઇરે. ૧૧
એહ ચરિત્ર સૂણી કરી, કોઈકિ નેમ કરીજોજી,
રૂપસેન જિમ સુખ લહ્યા, તિમ શિવરમણી વરીજોજી. ૧૨
શ્રી જિનધર્મ પ્રસાદથી એહ સુગમ કરી ઢાલરે,
જિનવાંણી મુઝ મન વસી, પાલો નેમ રસાલરે. ૧૩
ચૌતીસ અતિશય પ્રભુ તણી, તિમ એ ચૌતીસ ઢાલરે,
રૂપ ઋષી કહેં હોઇજ્યો, શ્રી સંઘ મંગલમાલરે. ૧૪

—(૧) આશરે ૭૦૦ વર્ષ કે પ્રમાણ ૧૩–૧૯ નં. ૧૨–૪. ગુ.
(૨) સંવત્ ૧૮૭૮. ૩૦–૧૪ નં. ૧૨–૧૮. ગુ.

(૧૦૪૩) **અંબડ રાસ.** સં. ૧૮૮૦ જેઠ શુ. ૧૦ બુધ મકસુદાબાદ અજીમગંજમાં.

આદિ—

શ્રી જિનવર ચૌવિસમા, વંદું **વીર** જિનંદ,
જેહનો સાસન આજલગ, દિપે તેજ દિણંદ. ૧
અપને ગુરૂકે પય નમું, નમું **સારદા** માય,
કવિજનકું સાનિધિ કરેં, કવિતા સુગમ કરાય. ૨
ધર્મથકી સુખ સંપદા, ધર્મ થકી જસ હોય,
કલ્પદ્રુમ ચિંતામણી, એ સમ અવર ન કોય. ૩
ધર્મ થકી નવનિધિ લહે, ઋદ્ધિ અનેક પ્રકાર,
ધર્મ ઉપર સહુ સાંભલો, **અંબડ**નો અધિકાર. ૪

અંતે—

લુંકા ગછ **ગુજરાતિ** સોહેં, ગછપતિ **મેઘરાજ** મન મોહેરે,
સિંઘરાજ થિવિર ગુણલોહે, **માનસિંઘ** સુપ સોહેરે. ૯૦૮
થિવર **ગુરૂદાસ** અને **પ્રેમચંદ**, **કૃષ્ણ**ઋષી ગુણવૃંદરે,
મકસુદાબાદ શહર આનંદે, **અજિમગંજ** કહંદરે. ૯૦૯
સંવત **અઠારે અસિ કેરે** વરષે, જેઠ સુદિ દશમી સરષેરે,
બુધવાર દિન શુભ એ પરષેરે, કિધિ એ મનકે હરષેરે. ૯૧૦
આઠે ખંડે ચોપાઇ કીધી, અષ્ટ સિધિ તસ લિધિરે,
સિદ્ધિતણા ગુણ આઠ પ્રસિદ્ધા, મહિમા અધિકી કીધિરે. ૯૧૧
ઋષિ **રૂપચંદ** કહે વડભાગી, સાંભલતાં મતિ જાગીરે,
શ્રીજિન ધર્મના જે છે રાગી, પ્રતિતણાસું લાગીરે. ૯૧૨
એહ ચરિત્ર સુણી ગુણ લિજ્જો, મુઝ હાંસિ મત કીજ્જોજી,
ઓછો અધિકો પદ હોવે જો, સો સુજન સુધો કીજ્જોજી. ૯૧૩
દેવ કૃત જિણના ગુણ ગાયા, સમકિત દઢહિ કએયોજી,
અંબડ તિપરી સહૂ સુખ પાયા, દિપે તેજ સવાયારે. ૯૧૪
અધિકો ઓછો અક્ષર કાજે, સંઘ આગલ માંન મોડિરે,
મિચ્છામિ દુક્કડ **દેઓ વલિ વલિ, સંઘ આગલ** કર જોડિરે. ૯૧૫

પંચપર ઢાલે કરીએ રસાલ, સુણતાં અતિહિ વિસાલરે,
ગાવતાં હોવે મન ખુસીયાલ, હોઇજો મંગલમાલરે. ૯૧૬

—ઇતિ અષ્ટમ અંબડ ચરિત્રે અષ્ટમ ખંડ સંપૂર્ણ. સંવત ૧૯૨૦ ના માસોત્તમ માસે શુકલપક્ષે તીથૌ પંચમી ચંદ્રવાસરે લિ. ગંગાદાસેન દોસી ગોકા સપા વાસ્તે લિખ્યો છે. ૩૯–૧૩ પાલણપુર ભં.

(આમાં જે અંબડનું ચરિત્ર છે તે વીર પ્રભુના શિષ્ય અંબડ નહિ, પણ વિક્રમરાયના સમયમાં મૂકેલા ગોરખયોગિનીના વચનથી સિદ્ધ થયેલ ક્ષત્રિય અંબડનું ચરિત્ર છે. વિક્રમરાજાનાં પરાક્રમ–પંચદંડ વગેરેની અદ્‌ભુત કથાઓ છે. આ અમ્બડ સંબંધી સંસ્કૃત ગદ્યપદ્યમાં **अम्बड** चरित्रं મુનિરત્ન સૂરિએ રચ્યું છે.)

---

૫૨૩ માનવિજય (૪) (ત. વિજયરાજસૂરિ–દાનવિજય–વૃદ્ધિવિજય–કપૂરવિજય શિ.)

(૧૦૪૪) રાજસિંહ કુમારરાસ સં. ૧૮૫૭ ફા. શુ. ૨ પિંડપુરમાં (વિજયલક્ષ્મીસૂરિ રાજ્યમાં).

આદિ—

શ્રી જિન ચોવીસે નમું, વિહરમાન વલિ વીસ,
પ્રેમ ધરિનેં પ્રણમતાં, પુહચે સયલ જગીસ. ૧
ભવિજન કમલ વિકાસવા, અભિનવ રવિ સુખકાર,
ભવજલમાંહિં નિમજ્જતા, જિનજી જગદાધાર. ૨
પરમાતમ રૂપી પ્રભુ, ભજે સિદ્ધ જગભાંણ,
આચારિજ ઉવજ્ઝાય તિમ, સાધુ સકલ ગુણ ખાંણ. ૩
એહ પંચપરમેષ્ટિ ભણિ, પ્રણમુ મન ધરી નેહ,
નવનિધિ આપે સદા, પહિલો મંગલ એહ. ૪
ચરણાંબુજ સારદ તણા, નમીયેં ધરીનેં ખંત,
જગદંબે તુઝ નામથી, જીતનીસાંણ વજંત. ૫

કાશ્મીર વિખ્યાત જગ, તિહાં માતાનો ધામ,
બીજો **લઘુમરૂદેશમાં, અજારી** જગ નાંમ. ૬
હંસ યાન સોહે ભલો, વીણા પુસ્તક હાથ,
કવિજનનેં બુદ્ધિદાઈની, તું સવિ જગની આથ. ૭
મન સુદ્ધે પ્રણમી કરી, માગું વચન રસાલ,
નિર્મલ બુદ્ધિ આપજ્યો, હું છું તુમસો બાલ. ૮
યદુવંસે જે ઉદ્ભવ્યો, જે તે તરણી જેમ,
શિશુ બ્રહ્મચારિ સદા, નમો નમો **રિઠનેમ.** ૯
શઠ જ્ઞાંન જાંણે નહી, જે લવલેસહ માત્ર,
પ્રતિબોધી ગુરૂ તેહનેં, પ્રવીણ કરેં ગુણપાત્ર. ૧૦
સદ્ગુરૂ પ્રણમું ભાવસ્યું, જ્ઞાન પ્રદીપ દાતાર,
કુમતાંધારો ફેડવા, અરૂણ રૂપ અવતાર. ૧૧
શીલોપરિ જે વર્ણવું, **ગજસિંહ કુમર** ચરીત્ર,
ઉત્તમના ગુણ ગાવતાં, હોવેં જનમ પવિત્ર. ૧૨
શ્રી ગુરૂ કેરે પસાઉલેં, રાસ રચ્યું ધરિ નેહ,
નિંદ્રા વિકથા પરિહરી, શ્રોતા સુણજ્યો તેહ. ૧૩

અંતે—

વડ તપ ગચ્છપતિ **વિજયાણંદસૂરી,** શ્રી **વિજેહીર** સવાયાજી,
શુદ્ધાચાર ક્રિયાના પાલક, ભવિયણનેં મન ભાયાજી. ૧૨
તાસ પટ્ટોધર ગ્યાન પ્રભાકર, શ્રી **વિજયરાજ** સૂરિંદાજી,
ભવિ કૈરવવન વિકસિત કરવા, જેહવાં સારદ ચંદાજી. ૧૩
તેહના વિનય મંડલિ મંડણ, **દાનવિજય** ઉવઝાયાજી,
જિણ ષટદર્શન વાદ કરિનેં, વાદી વૃંદ હઠાયાજી. ૧૪
તાસ શિષ્યવર **વૃદ્ધિવિજય** કવિ, મુનિગણ મહિં મહંતજી,
તસ પદ પંકજ ભમરતણિ પરેં, લબ્ધ પ્રતિષ્ઠાવંતજી. ૧૫
પંડિત **કપૂરવિજય** ગુરૂરાયા, પામી તાસ પસાયાજી,
ચ્યારે ઉલ્લાસેં ચોસઠ ઢાલેં, **માનવિજય** ગુણ ગાયાજી. ૧૬

સંવત **રામ બાણ ધૃતિ વર્ષે**, મુઝ મતિને અનુસારૂજી,
ફાગુણ સિત દ્વિતિયાને દિવસે, રાસ રચ્યો એ વારૂજી. ૧૭
એ મુનિરાજ તણા ગુણ ગાયા, **વિજયલક્ષ્મી** સૂરીરાજ્યેજી,
જે શ્રુતસાગર ગુણ મણિ આગર, ગંગજ્યું કીરત ગાજેજી. ૧૮
પિંડપુરે ચોમાસ રહીને, સંઘ વચન સંકેતેજી,
એહ સંબંધની રચના કીધી, શિષ્ય **પ્રતાપ**ને હેતેંજી. ૧૯
જે એક ચિત્તે મુનિ ગુણ સુણસ્યેં, થાસ્યેં જનમ પવિત્રજી,
ધ્રુજ્યું અચલ હોયલ ઉપર, એ **ગજસિંહ ચરિત્રજી**. ગા૦ ૨૦
એ ઉત્તમ ગુણ ભણતાં થુણતાં, વિઘન થાયે વિસરાલજી,
તે બહુ લીલા લહેરી પાંમસ્યેં, લહસ્યેં ઋદ્ધિ વિશાલજી. ગા. ૨૧

કલશ

તપ ગછ નાયક ગ્યાંનદાયક શ્રી **વિજેલક્ષ્મી** સૂરીશ્વરૂ,
સુવિહીતચારી બ્રંભધારી, ભમર તમહર દિનકરૂ.
વિબુધ **કપૂરવિજય** સેવક **માંન** કહેં યશ મહમહેં,
ગજસિંહ પરે જે શીલ પામેં, કીર્ત્તિ કમલા તે લહે. ૧

—(૧) ગજસિંહ કુમર રાસ કૃતેરયં શ્રી **માન** કવિ । લિખિતં સં. ૧૮૫૭ પોસ સુદિ ૫ તિથૌ શ્રી પિંડપુરે લિ. શ્રી વર્દ્ધમાંન પ્રસાદાત લિખિતં પ્રતાપવિજયેન આત્માર્થે. ગુ. વિ. અથવા પ્ર. કા. (૨) ઋ. શ્રી ૫ શ્રી શ્રી ઋષરાંમજી જી ઋ. ઉગરચંદજી સ. ઋ. ગુમાંનચંદ સંવત ૧૮૭૮ માગસીર સુદ ૧૧ દને બુધવાસરે લં. ઋ. ઉગરચંદ ગ્રાંમ બીલીમોરા મધ્યે. પોથી પ્યાયારી પ્રાણથી, હર હીયડા કો હાર, જીવ જતન કરી રાખજો, પોથી ચેતી પ્યયાર. લં. ઋ. ઉગરચંદજી. ૭૦–૧૪ અનંત. (૩) પં. ભોજવિમલ શિ. મેઘવિમલ શિ. સુંદરવિમલ શિ. કનકવિમલ શિ. કૃષ્ણવિમલ શિ. પ્રેમવિમલ ભ્રાતૃ. મુ. રૂપવિમલ લપીકૃતા સં. ૧૮૭૪ જેષ્ટ શુ. ૨ શુક્ર શ્રી ભાદ્રજણ નયરે શ્રીપાર્શ્વનાથ પ્રસાદાત્ ૬૮–૧૫ ખેડા ભં. ૩.

(૧૦૪૫) માનતુંગ માનવતી રાસ.

—ભ૦

પર૪ પ્રેમ (૨) (લોં. કેસવ–નરસિંગ શિ.)

(૧૦૪૬) હરિચંદ રાજા ચોપાઈ સં. ૧૮૫૮ માગ. વ. ૯ રવિ જોધાંણો ગઢ (જોધપુર)માં ભીમસેન નૃપતિ રાજ્યે.

—લીં૦

પર૫ દીપવિજય (૨) (ત૦ પ્રેમવિજય અને રત્નવિજય શિ.)

(૧૦૪૬ક)+ રોહિણી સ્તવન. સં. ૧૮૫૯ ભાદ્ર. શુ. ખંભાતમાં

હાંરે માંહરે **વાસપૂજ્યનો** નંદ **મઘવા** નાંમજો
રાણી તેહની **કમલા** પંકજલોયણીરે લો.

× × × ×

કલસ

સંવત **અઢાર ઉગણસાઠિનો** એ, ઉજ્વલ ભાદ્રવ માસ, નમો.
દીપવિજયે તપ ગાઇઓએ કરી **ખંભાત** ચોમાસ. નમો. ૭
વાસુપૂજ્ય જગપૂજ્ય સાહિબ તાસ તીર્થે એ થયા,
ચ્યાર પુત્રી નેં આઠ પુત્રથી દંપતી મુગતેં ગયા.
તપ ગચ્છ **વિજેજિણંદ** પટ્ટધર **વિજયદેવેન્દ્ર** સૂરીસરૂ,
તાસ રાજ્યેં તવન કીધૂં સયલ સંઘ સુહંકરૂ,
સકલ પંડિત પ્રવર ભૂષણ **પ્રેમ રત્ન** ગુરૂ ધ્યાઇયા
કવિ **દીપવિજયે** પુણ્ય હેતેં **રોહિણી** ગુણ ગાઇયા.

—(૧) પ્ર. જૈન પ્રબોધ (૨) સં. ૧૮૭૬ બીજો જ્યેષ્ઠ શુદિ ૨ સોમ ૪–૧૨ આ. ક, (૩) પત્ર ૩ નં. ૩૪૮૭ લીં. (૪) લિ. સં. ૧૯૨૯ પોસ સુદ ૫ દિને શુક્રે જાલોર નયરે આચારજ દલીચંદ વા. ભેરચંદ ૩–૧૩ મારી પાસે.

(૧૦૪૬ ખ) કેશરીયાજી લાવણી-ઋષભદેવ સ્ત. સં. ૧૮૭૫
—પત્ર ૪ દા. ૪૧ નં. ૧૧૯ ડા. પાલણપુર.

(૧૦૪૭) સોહમકુલ પટ્ટાવલી રાસ (ઐ.) સં. ૧૮૭૭ સુરતમાં.

આદિ— શ્રી વરદાઇ દુહા

સ્વસ્તિ શ્રી **ત્રિશલા** સુતન, **વરધમાંન** જિનરાજ,
મહાવીર વલિ **વીરજી**, તિર્થંકર સામ્રાજ. ૧
ચોથો આરો થાકતેં, વરસ પંચ્યોતર માંન,
માસ તીન ઉપર તદા, થયા **વીર** ભગવાન. ૨
કલિયુગ સંવત જાંણિઇ, નૃપતિ યુધિષ્ટિર ભાંન,
સંવત **અછવિસેંહે** સમે, થયા **વીર** ભગવાન. ૩
ત્રિસ વરસ ગૃહવાસમેં, બાર વરસ મુનિ ધ્યાંન,
છદ્મસ્થાવસ્થા રહી, પાયો કેવલગ્યાંન. ૪
ગૌતમ આદિં ગણધરા, પ્રતિબોધ્યા અગિઆર,
અંતરમુહુરતમાં રચી, દ્વાદસંગી સુવિચાર. ૫
રાજગૃહી ગુણસેલ વન, નવ ગણધર ભગવાન,
ગચ્છ ભલાવી **સોહમ**નેં, પોહોતા મુક્તિ સુથાન. ૬
શ્રી **સોહમ** સ્વામી તણેં, પાટ પટોધર સૂર,
આપ આપણા ગચ્છમેં, વરતેં છેં નિજ નૂર. ૭
આગેં ગચ્છ ઘણા હુતા, સમયે વરતેં જેહ,
જે જે સમયેં નિકલ્યા, વરણવ કરસ્યું તેહ. ૮
વિસ્તારી વરણવ કરૂં, **પટ્ટાવલી** પ્રમાંણ,
ચરિત્ર પ્રભાવક ગ્રંથથી, **દુપસહ યંત્ર** પ્રમાણ. ૯
શ્રોતા જો સમઝૂ હસ્યૈં, તો કરસ્યૈં કવી વખાંણ,
મૂરખમતી કદાગ્રહી, કરસ્યૈં ક્રોધ અજાંણ. ૧૦
સુરતવાસી ગુણતિલો, **કલા શ્રીપત** જસ નામ,
તસુ સુત શ્રી **વ્રજલાલ** સા, ગુણ ગણનો વિસરામ. ૧૧
તસ સુત **અનોપચંદ** સા, જિન સાસનમાં થંભ,
તેહનેં સુણવા કારણેં, વરણું સૂરી અદંભ. ૧૨

અંતે રાગ ધન્યાશ્રી

તુઠો તુઠોરે મુઝ સાહેબ જગનો તૂઠો એ દેશી.
તુઠો તુઠોરે મુઝ અનુભવ સાહિબ તૂઠો,
સોહમ કુલનો રાસ કરંતાં, જ્ઞાંન અમૃત રસ વૂઠોરે.
મુઝ સાહેબ અનુભવ તૂઠો. ૧
દોય હજારને ચ્યાર સુરીસર, પેહેલા ઉદયમેં વીસ,
બીજા ઉદયમેં ત્રેવીસ સૂરી, ત્રીજે અઠાંણુ જગીસરે. મુ. ૨
તે અઠાંણુમેં સંપ્રતિ વંદો, એકાદસમો સૂરી,
સરવાલે ચોપન સુરિ પ્રગટયા, એકાવતારી સનૂર રે. ૩
સુરત બંદિર સેહેર નિવાસી, **પોરવાડ** કુલ સણગાર,
કલા શ્રીપત શ્રાવક જિનધર્મિ, પ્રભુ આંણા સિરધારીરે. ૪
સાહ **વધુ** સુત **વ્રજલાલ** સાહજી, તસ સુત જિન ગુણ ધારી,
અનોપચંદ સાહ આગ્રહથી કીધો, એહ પ્રબંધ વિચારીરે. ૫
મુનીસુંદર સૂરિ કૃત **પટ્ટાવલી**, **ધરમસાગર** ઉવઝાય,
દુપ્પસહ યંત્ર દેવેંદ્ર સૂરી કૃત, **પ્રભાવક ચરિત્ર** કહાયરે. ૬
કલ્પસૂત્ર થેરાવલી દેખો, પરંપરાગત જાંણ,
ગુરૂ મુખ બહુ પંડિત જન સુણિયા, પ્રાચીન સૂરી વખાંણુરે. ૭
ચ્યાર ગ્રંથ અનુસારે કીધો, એહ પ્રબંધ સવાઈ,
સોહમકુલ પટ્ટાવલી ગાતાં મંગલ ગીત વધાઇરે. ૮
એકેંદ્રિયાદિપચંદ્રી દુહવ્યા, હાસ્ય તણે રસ જાંણ,
જ્ઞાંન-દેવ-દ્રવ્ય ભક્ષણ કીધાં, ભાગ્યાં વ્રત પચખાંણુરે. ૯
ગુણી આચારજ વાચક મુનિના, અવરણવાદ કહાયા,
શ્રાવક શ્રાવિકા જિન ધર્મિં, તેહના મર્મ બતાયારે. ૧૦
નહી અણુવ્રત નહી મહાવ્રત મોમેં, નહી ગુણ સીલ સંતોસ,
આંનક પાપ અઢારે સેવ્યાં, આતમ કીધો પોસરે, ૧૧
જિન આગમ પ્રરૂપણ કરતાં, નિજ મતિ અધિક સુનાયા,
ઉત્સુત્ર ભાષણ પાતિક મોટો, જાણીને હઠ લ્યાયારે. ૧૨

કવેસર બિરદ ધરાવી જગમેં, બહુ નૃપ સભ્ય વખાંણ્યા,
ભુજબલ ફોજ સંગ્રામ વખાંણ્યા, આતમદોષ ન જાંણ્યારે. ૧૩
મેં આ ભવમેં તપ નહી કીધા, નહિ વ્રત નહિ પચખાંણ,
મુનિ મારગની નહી આચરણા, નહિ કાંઈ સુકૃત કમાંણીરે. ૧૪
આતમ તારણ દોષ નિવારણ શ્રી **સોહમકુલ** ગાયો,
જીભ પવિત્ર કરી સુરિ સ્તવનાથી, ભવ ભવ સુકૃત કમાયોરે. ૧૫
સોહમકુલ ને સંઘની સાખેં એ સહુ પાપ પલાઉં
ત્રિકરણ સુદ્ધેં મિછાદુકડ, ભવભીરૂ કહેવાઉંરે. ૧૬
શ્રી **સોહમ કુલરત્ન પટ્ટાવલી,** એહ રાસનું નામ
એહમેં **રત્નસુરીશ્વર** ગાયા, **સોહમ**પટધર સ્વાંમરે. ૧૭
વીર જગતગુરૂ સાસન અવિચલ, વરસ એકવીસહજાર,
ભગવતી સુત્રમેં ગજગતિ સરખો, વરતસ્યેં જયજયકાર. ૧૮
તિહાં લગ એહ રાસ જયવંતો, વલિ રહો સસિ નભ સૂર,
મેરૂ મહિધર લગ જયવંતો, એ પુસ્તક વડનૂર રે. ૧૯
સંવત **અઢાર સતોતર** વરસે, સક **સતરસેંહેં બેહેંતાલ,**
શ્રી **સૂરતબંદિરમેં** ગાઇ, **સોહમ** કુલ ગણ માલ રે. ૨૦
પ્રેમ રત્ન ગુરૂરાજ પસાઇ. **સોહમ**પટધર ગાયા,
મન ઇછિત લીલા સહુ પ્રગટે, **દીપવિજય** કવિરાયા રે. ૨૧

(૧) ઇતિ શ્રી **પાગવાટ** જ્ઞાતિય સા કલા શ્રીપત કુલોત્પન્ન શાહ અનોપચંદ વ્રજલાલ આગ્રહાત્ શ્રી વિજયાણંદસૂરીગછે સકલ પંડિત પ્રવર પં. પ્રેમવિજય ગ. પં. રત્નવિજયગણિના શિષ્ય પં. દીપવિજય કવિરાજબહાદૂરેણ વિરચિતાયા શ્રી સોહમ કુલ રત્ન પટ્ટાવલી રાસ પ્રાકૃત પ્રબંધે જ્ઞાનસાગરસૂરી પ્રમુખ પંચસૂરી મુનિ-હત્યાપાતકી પ્રતિબોધન, ધન્ના પોરવાડ કૃત રાણપુર પ્રાસાદે ચ્યાર-સૂરી આગમન, સંતિકર સ્તોત્ર નિષ્પન્ન, દીવાલી કલ્પકર્ત્તા પ્રમુખ ચ્યાર સૂરી, લહુડી પોસાલ, કમલકલસા, કત્તપરા, વીજામતી, કડુઆમતી, પાર્શ્વચંદ્રસૂરી, લુંકા પ્રમુખ ગચ્છભેદ, હેમવિમલસૂરી ક્રિયા

ઉદ્ધાર, રાજવિજયસૂરી વર્ણન, પાલણપુર પલ્લવિયાજી ઉત્પત્તિ, અકબ્બર સાહ પૂર્વ ભવ, હીરસૂરી દિલ્લિગમન, સાહીમિલન, ડાંમરસર ચડીજીભજીજીયાદિ હિંસામોચન, સાહી રાજ્ય પર્યંત ૫૮ ફુરમાના ગુરૂ દક્ષણા, પુજનકરણ, જગતગુરૂબિરૂદ પ્રાપણ, હીરસેન ઉભયવરણન, શ્રી દેવસૂરી શ્રી વિજયાનંદસૂરી ઉભયગછ નામ ધારણ, શ્રી વિજયાનંદસૂરી શ્રી દેવસૂરીજી ઉભય પટોધર મિલન, ઉભયગચ્છ વરનન, સેઠ સાંતિદાસ કૃત સાગરગછ નિષ્પન્ન, શ્રી લક્ષ્મીસૂરીજી પ્રમુખ ચોવીસ સૂરી વર્ણન-કવેસર સમસ્ત સૂરી સમક્ષે પાપ આલોયણાદિ પ્રમુખ વર્ણનો નામ ચતુર્થોલ્લાસ. ૪ સંવત **૧૮૭૭ વર્ષે** શાકે ૧૭૪૨ પ્રવર્ત્તમાને માસાનાં ઉત્તમે માસે શ્રી વૈશાષ માસે ધવલપક્ષે ત્રયોદસી ચંદ્રવાસરે લિખિતં પં૦ દીપવિજય કવિરાજ બહાદરેણ શ્રી મુમાઇ બંદરે શ્રી સાંતિનાથ પ્રસાદાત્ ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૨૦૦૦. ૬૦-૧૪ શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી પાસે. (૨) સંવત ૧૮૭૭ શાકે ૧૮૪૨ પ્રવર્ત્તમાને માસોત્તમ માસે સુભકારી વૈશાષ માસે સિતેતરપક્ષે ૨ તિથૌ લિ. પં. દીપવિજય કવિરાજ બહાદેરણ ગ્રંથાગ્રંથ ૨૦૦૦. ૬૧-૧૩ શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી પાસે. (૩) ૫૭-૧૩ પોથી નં. ૧૩ વડાચૌટા, ઉ૦ સુરત. (૪) શાકે ૧૭૮૪ દુંદુભિનામ સંવત્સરે માર્ગશીર્ષ માસે ૬ ભૃગુવાસરે. રો. એ. સો. મુંબઈ. (૫) ૧૮૭૭ માં બનાવી અને ૧૮૭૮ માં લખી. પૃષ્ટ સંખ્યા ૧ આણંદગણુ શાખા ૬૧. ૨ દેવગણુ શાખા ૫૮. પૃ. ૫૩ સુધીનો એક ભાગ છે. ૫૪ થી બન્ને ભાગ આણુંદ અને દેવનો જૂદો પડે છે અને બન્નેની ટુંક હકીકત પણ જુદી જુદી બતાવી છે. (તપગચ્છ ભ. વિજયરાજ સૂરિ-પં. ઉદયવિજય-પ્રાગ્વાટગચ્છે-ઉદ્યોતવિજય-મોહનવિજય શિ.) સકલ પંડીત પં. કસ્તૂરવિજય તત સીષ્ય પં. દેવેન્દ્રવિજય વીજયઆણુંદસૂરિગચ્છે તત્ શિષ્ય જાલમવિજયવાચનાર્થં સં. ૧૮૭૮ મીતી ચૈત્ર વદ ૭ સેહર પૂર્ણા પેઠ શુક્રવાર લખીતં પં૦ ધનવિજય ચંદ્રગચ્છા ૬૧-૧૫ યતિ નેમચંદ ઉર્ફે નેમ-

વિજયજી રતલામ પાસે. (૬) સંવત ૧૯૨૫ના વર્ષે માહા વદી ૦)) ગુરૂવાશરે લખ્યો છે ૫૮-૧૭ દા. ૮ નં. ૧૧૨ ખેડા ભં.

(૧૦૪૭ક) પાર્શ્વનાથના પાંચ વધાવા. સં ૧૮૭૯.

(૧) દા. ૪૧ નં. ૬૦ પત્ર ૫ પાલણપુર ડાયરા ભં. કવિની સ્વહસ્તલિખિત. (૨) લ. સં. ૧૮૮૦ પત્ર ૩ નં. ૧૯૩૯ લીં.

(૧૦૪૭ખ)+ કાવી તીર્થ વર્ણન. (ઐ.) ૩ ઢાલ સં. ૧૮૮૬.

આદિ—

અવિનાસીની સેજડીઇ રંગ લાગો માહરી સજની એ દેશી.

ઋષભજિણંદ ને **ધરમ** પ્રભુના, પ્રેમેં પ્રણમું પાયજી,
કાવી તીરથમાંહે બિરાજે, જગજીવન જિનરાય, સાંભલ સજની. ૧

અંતે—

સંવત **અઢારસે હૈ છયાસીયે**, વિ૦ ગાયા તીરથરાજ, ગુ૦
ઋષભ ધરમ જિનરાજજી, વિ૦ **દીપવિજય** કવિરાજ, ગુ૦ ૬

(૧) પ્ર૦ પ્રા૦ તી. સં. પૃ. ૧૭૧-૧૭૩ (૨) કવિના હસ્તાક્ષરમાં ૨-૧૪ નં. ૧૦૭. પાદરા.

(૧૦૪૮) અડસઠ આગમની અષ્ટપ્રકારી પૂજા. ૧૮૮૬ જંબૂસર.

આદિ—

(પ્રથમ વિધિ ગદ્યમાં આપી છે) દૂહા.

પ્રવચન પરમેશ્વર પ્રભુ, શ્રુત પરમેશ્વર ભાંણુ,
સંઘ તિરથ પરમેશ્વરૂ, સિદ્ધ સમોવડ ભાંણુ. ૧
તે શ્રુત તે પ્રવચન પ્રભુ, તે આગમ સિદ્ધાંત,
દ્વાદશ અંગતે જગગુરૂ, તીરથ સંઘ કહંત. ૨

અંતે—

કલસ—રાગ ધન્યાસિરિ-ગિરૂઆરે, ગુણ તુમ્હતણા-એ દેશી.

જય જય જય જય આગમ સાહેબ, જય જય પ્રવચન દેવા રે,
ઇહ ભવ પરભવ ભવભવ તાહરી, હોજ્યો અનુભવ સેવારે. જ. ૧
કરમ રહિત પ્રભુ સિદ્ધ પરમેશ્વર, સરખી જોડ છે તાહરી રે,
સમવસરણમાં જિનપતિ વંદે, નમો તિથ્થસ્સ સંભારી રે. જ. ૨

તપગચ્છપતિ વિજયાનંદ સૂરિ, પટધર સૂરિ છાજે રે,
સમુદ્ર સૂરી નેં **ધનેશ્વર** સૂરિ, સંપ્રતિ તેહને રાજે રે. જ. ૩
ગુજ્જર દેસેં **જંબૂસર** બંદર, સંઘ છે જિનગુણ રાગી રે,
ભગવતિ સૂત્રની વાંચણા સુણતાં, આગમ શુભમતિ જાગીરે. જ. ૪
સંઘ આગ્રહથી આગમ પૂજા, કીધી અષ્ટ પ્રકારી રે,
સંવત **અઢારસેંહે છયાસી વરસે ૧૮૮૬**, આગમની બલિહારીરે.
જ. ૫
પ્રેમ ગુરૂ ગુરૂ **રત્નપસાઇ, દીપવિજય** કવિરાજે રે,
અડસઠિ આગમ પૂજા કીધી, સુલભ બોધી કાજે રે. જ. ૬

આગમની આરતી.

જય આગમ જય પ્રવચન, ત્રિભુવન ઉપગારી ત્રિ૦
× × × ×
દીપવિજય કવિરાજા, શ્રુત ત્રિભુવન માજા શ્રુ૦
નમો તિથ્થસ્સ કહી પ્રણમેં, તીર્થંપતિ રાજા. તી૦

--લિ૦ સ્થંભતીર્થે શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રસાદાત્--લિ. પં. રૂપચંદ્રેણ આત્માર્થં. ૭-૧૩ વિ. ધ.

(૧૦૪૯) નંદીસર મહોત્સવ પૂજા. સં. ૧૮૮૯ સૂરત.

રાગ ધન્યાસી.

ગાયા ગાયારે મે જિનપતિ ગાયા, સાસય જિનવરરાયારે,
જીવાભિગમ તણે અધિકારે, સઘલા ભાવ બનાયારે. ૧
સંવત **અઢાર નવ્યાસી** વરસે, **સૂરતસંઘ** સવાયારે,
નંદીસરનો મોહોચ્છવ કીધો તે કારણ જિન ધ્યાયારે. ૨
બાવન જિનાલય તપને કારણ પરતખ સુરતરૂ રાયારે,
તંદુલ...કંકુ પીલી સોવન ફૂલે વધાયારે. ૩
તપગછ પતિ **વિજયાનંદ**સૂરિ, **લક્ષ્મીસૂરી** ગચ્છરાયારે,
તાસ પરંપર પટધર રાજે, અમૃત ધન વરસાયારે. ૪
જીભ પવિત્ર કરી જિન ગાતાં સુકૃત લાભ કમાયારે,
ભક્તિસાગર ગણિવચન સંકેતે એ ઉપગાર કરાયારે. ૫

ખંભ નયરનો સંઘ જિનભક્તિ, **રૂપચંદ જેઠા** કહાયારે,
તસ સુત **ગુલાબચંદ** ગુણ ગિરૂઓ, પૂજા ગુણ ગવરાયા. ૬
પ્રેમ રત્ન ગુરૂરાજ પસાયે, જ્ઞાન પદારથ પાયારે,
દીપવિજય કવિરાજ સદાયે, મંગલમાલ સવાયારે ગાયા. ૭

—શ્રી દાન સૂરીશ્વર વૃદ્ધપટધર શ્રીરાજવિજય સૂરી સંઘાષ્ટકે શ્રી વિજયાનંદ સૂરીપક્ષે પં. દીપવિજય કવિરાજેન વિરચિતા. સં. ૧૮૯૧ ચૈત્ર માસે શુકલપક્ષે પૂર્ણિમાસ્યાયાં તિથૌ સોમવાસરે શ્રી કચ્છદેશે શ્રી ભુજનગર મધ્યે વાસ્તવ્યં ત્રવાડી ભાણજી સુંદરજી શ્રી લીંબડી મધ્યે લખ્યું છે. ૧૦-૧૪ નં. ૨૧૪૪ લીં૦ ૧૧-૧૪ લીં.

(૧૦૫૦)+સૂરતકી ગજજલ. (હિંદીમાં ઐ૦)સં. ૧૮૭૭ માગશર વ.

આદિ—

શ્રી ગુરૂ**પ્રેમ** પ્રતાપથે, ઉગતિ ઉપાઇ **અવલ્લ,**
વરનું **સૂરત** સેહેરકી, અભિનવ ખુબ ગજ્જલ. ૧

અથ ગજ્જલ.

સારદ ચરન ચિત લાઇક બુદ્ધિ દેત મહમાઇક,
ગજ્જલ ખુબ અનુસર તુક, **સૂરત** સેહેરકું બરતુક. ૧
સૂરત સેહેરે સુથાનાક બંદિર દીપતા દાનાક,
ભાખું આદિસેં ઉતપત્ત, સુણિઇ ગુનિજનાઇ કંચિત. ૨

× × × ×

અંત—

કરકેં કૃપા **તપગચ્છ**ભાન, આના સેહેર અપનો જાન,
જાણી સંઘ અપનો ખાસ, આના પૂજ્યજી ચોમાસ. ૮૧
સતોતર સેવતાં **અઢાર,** મગસિર માસ દ્વિતીયાં સાર,
વરન્યો **દીપ**શ્રી કવિરાજ, **સૂરત** સેહેરકો સામ્રાજ. ૮૨

કલસ–છપ્પય.

બંદિર **સૂરત** સેહેર, તા બરનન ઇહ કીનો,
સબ સેહેરા સિરતાજ, **સૂરત** સેહેર નગીનો.

તીકો **સૂરત** સેંહેર, લખ કોસાં લગ ચાવો,
દેખનકી જસ હૌંસ, સો દેખનપેં આવો.
શ્રી ગછપતિ મહરાજકું, ચિત્રલેખ લિખતે લીઉ,
દીપવિજય કવિરાજને ઇહ **સૂરત** સેહેંર બરનન કિઉ.

—ઇતિશ્રી પં. દીપવિજય કવિરાજ બહાદરેણ વિરચિતાયા સૂરતકી ગજ્જલ. સૂરતકી ગજ્જલ ૮૩ ગાથાકી, ખંભાતકી ૧૦૩ ગાથાકી ગજ્જલ, જંબૂસરકી ગજ્જલ ૮૫ ગાથાકી ગજ્જલ, ઉદે-પુરકી ગજ્જલ ૧૨૭ ગાથાકી ગજ્જલ—એ પાંચ ગજ્જલ બનાઇ હે. સં. ૧૮૭૭ શાકે ૧૭૪૨ પ્રવર્ત્તમાને માગસિર સુદિ ૫ રવિ-વાસરે. લિ. પં. દીપવિજય કવિરાજ બહાદરેણ. ૫-૧૪ વિ. ધ.

(૨) પ્ર. જૈનયુગ પુ. ૪ અં. ૩-૪ પૃ. ૧૪૩ થી ૧૪૬.

(૧૦૫૧-૩) ખંભાતકી ગજ્જલ, જંબૂસરની ગજ્જલ, ઉદેપુરકી ગજ્જલ (ઐ.)

(૧૦૫૩ક) વધાવા પાંચ (મહાવીરના પંચકલ્યાણકના પાંચ વધાવા)

આદિ— હું તો મોહી રે નંદના લાલ મોરલીનેં તાને, તથા
મારે દીવાલી થઈ આજ જિનમુખ જોવાને—એ દેશી.
વંદી જગજનની બ્રહ્માણી, દાતા અવિચલ વાણી રે,
કલ્યાણક પ્રભુના ગુણ ખાણી, શુણસ્યૂં ઉલટ આંણી રે.
એહને સેવોને પ્રભૂ શાસનનો સૂલતાંન—એહને૦

× × × ×

દીપવિજય કહે પહેલો વધાવો, ગાવે સુર ઇંદ્રાણી. ૯

(દેશી. ૨ શ્રાવણ વરસેં રે સ્વામી, ૩ વેણમાં વાસો રે વીઠલ વારૂં તુંમને, ૪ વાંકા વાંકા રે સ્યૂં રે હીંડો છો, એવડાં સ્યાં છે ગુમાનજી, તથા અવિનાશીની સેજડીઇ રંગ લાગો માહરી સજની રે, ૫ આદિ જિનેસર વિનતિ અમારી-)

અંતે—
ઇમ પ્રભૂ **વીર** તણાં કલ્યાણ પાવેં ભવવૃદ્ધિનાવ વાલા
શ્રી **વિજયલક્ષ્મી** શુરીશ્વર રાજે, ગાયા મેં શુભભાવ. વાલા

શ્રી જિન ગણધર આંણુ રંગી, **કપુરચંદ** વિશરામ, વાલા
તસ આગ્રહથી હરખિત ચિત્તે, **ખંભાત** નયર સુઠામ. વાલા. ૧૦
પંડિત શ્રી ગુરૂ **પ્રેમ** પસાઈ, ગાયા તીરથરાજ, વાલા૦
દીપવિજય કહે મુજને હોજ્જો, તીરથ ફલ મહારાજ, વાલા ૧૧

—(૧) સંવત્ ૧૯૨૬ ના વર્ષે કાર્તિક વદિ ૧૪ દિને લ૦ શ્રી પાટણ નયરે શ્રી ભાભા પાર્શ્વનાથ પ્રસાદેન ૪-૧૩ જશવિજય મુનિ સંગ્રહ નં. ૧૪૬. (૨) સં. ૧૯૩૬ ફા. શુ. ૬ બુધ લિ૦ ભોજક હરગોવન ગામ વીસનગર વાલા. ૪-૧૪ કોટ. મુંબઈ પોથી ૪૩. (૩) પઠનાર્થં બાઈ પાટણ વાલિ જડાબ અર્થે લિખાપિતા ॥ ૭-૯ પ્રત નં. ૨૪૪૧ શ્રી મુક્તિ. વડોદરા. (૪) ૪-૧૧ શ્રી મુક્તિ. વડોદરા. (૫) સં. ૧૯૫૯ વૈ. વ. ૩ ચંદ્રે ૫-૧૧ નં. ૪૭. પાદરા.

(૧૦૫૩ખ) માણિભદ્ર છંદ.

સરસ વચન દ્યો **શારદા**, કવિયણ કેરી માય,
તુઝ પસાય બહુ હુઆ, ધરણિ ઉપર કવિરાય. ૧
× × × ×

કલસ.

માણિભદ્ર માહારાજ મેં સંથુણ્યો તુઝનેં,
અષ્ટ સિદ્ધ નવનિધ વંછિત દેજ્યો મુઝનેં;
વાંન હે ગજરાજ, તા ઉપર બેઠા સોહેં,
મગરવાડ નગરે સદૈવ દાણવ મન મોહે.
મેં ગાયો ભકતેં કરી, ઇચ્છા પૂરજ્યો મન તણી,
દીપવિજય ઇમ ઉચ્ચરે, સો લછી દેજ્યો અતિ ઘણી.

—શ્રી પં કપૂરવિજયજીગણી । તત્ શીસ્યઃ મું. **રાજવિજે** તસ્ય ભ્રાત્ મું. **મોતિવિજયજી** (તસ્ય ભ્રાતૃ વિવેકવિજયજી) શ્રી રસ્તુ. ૨-૧૧ (આમાં પ્રથમ પાને માણીભદ્રજીનું ચિત્ર છે.) પ્રત નં. ૨૪૦૯ શ્રી મુક્તિ. વડોદરા.

(૧૦૫૩ગ) ચંદનો ગુણાવલિ પર કાગળ. ૩૨ કડી (સ્વસ્તિ શ્રી મરૂદેવીનાજી, પુત્રને કરૂં પ્રણામ).

૫૨૬ વીરવિજય* (૨) [ત. સત્યવિજય-કપૂરવિજય-ક્ષમાવિજય-જશવિજય-શુભવિજય શિ.]

* વીરવિજય—રાજનગરમાં શાંતિદાસના પાડામાં ધીકાંટા આગળ રહેતા જદ્રોસર નામે વિપ્રને તેની ભાર્યા વિજયાથી કેશવ નામનો કુમાર થયો. તેને રલીયાત નામે સ્ત્રી પરણાવી. માતાજી એક વખત કેશવને પરગામ જઈ ઘેર આવતાં ઠપકો આપ્યો તેથી કેશવે પાસેના રોચકા નામના ગામે જઈ રાજનગર ન જવાનો નિશ્ચય કર્યો. ભાળ કરતાં માતા ત્યાં આવી. પછી ત્યાં માતાનું કારજ કરી કેશવ પાલીતાણે આવતાં માંદો પડયો. ગુરૂ શુભવિજયે રોગનો નાશ કર્યો અને પછી ખંભાત તરફ જતાં વચમાં પાનસર ગામે ખંભાતના સંઘને બોલાવી ગુરૂએ દીક્ષા સં. ૧૮૪૮ ના કાર્ત્તિકમાં આપી નામ વીરવિજય રાખ્યું. પછી તેમણે શાસ્ત્રાભ્યાસ કર્યો. અન્ય ગુરૂભાઇઓ નામે ધીરવિજય ને ભાણવિજય હતા. વીરવિજયે સં. ૧૮૫૮માં સ્થૂલિભદ્ર શીયલ વેલ અને અષ્ટપૂજા રચી. પછી ગુરૂ સાથે અમદાવાદ આવ્યા. ત્યાંથી વટપદ્ર (વડોદરા) ગયા ત્યાં તેને ગુરૂએ યોગ વહેરાવી પન્યાસપદ આપ્યું. ગુરૂ સં. ૧૮૬૦ના ફાગણ શુદ ૧૨ ને દિને સ્વર્ગસ્થ થયા. વીરવિજયજીએ વિહાર કર્યો. લીંબડી, વઢવાણ, અને સુરત આવ્યા. ત્યાં ટોપીવાળો (અંગ્રેજ) હતો. જતિ સાથે તીથિનો કજીયો થયો. વીરવિજયે તીથિનો શાસ્ત્ર વિચાર જણાવતાં ટોપીવાળો ખુશી થયો ને તેને સુરતમાં ખુશીથી રહેવા દીધા.પછી રાજનગરમાં આવી સંઘે પોષધશાળા કરાવરાવી, તેમાં રહ્યા. સં. ૧૮૭૦માં કુમતિ (સ્થાનકવાસી) સાથે કજીયો થયો. સરકારમાં વાત ગઈ. ભુજથી આણંદશેખરજી, રાજનગરમાંના ખુશાલવિજય ને માનવિજય, ખેડેથી દલિચંદજી અને સાથે લબ્ધિવિજય એમ બધા ભેગા થયા. દરબારમાં બધા ગયા ને ત્યાં વીરવિજયે પૂછેલા સવાલોના જવાબો આપ્યા. ઢૂંઢિયા સાધુ જેઠા ઋષિ અને નરસી ઋષિ પ્રતિમાસિદ્ધિ શાસ્ત્રપ્રમાણથી કરી ન શકયા. અમદાવાદના ઓસવાલ પ્રસિદ્ધ શેઠ હઠિસિંઘે સં. ૧૮૯૩ ના મહા વદ ૧૧ ને દિને અંજનશલાકા કરાવી. મુંબઇવાળા મોતીશા શેઠે સિદ્ધાચલ પર ટુંક કરાવી. પાંચહજાર પ્રતિમા સ્થાપી. ઉક્ત હઠિસિંગ શેઠે મોટો જિનપ્રાસાદ અમદાવાદમાં કરાવવા માંડયો. પ્રતિષ્ઠા કરાવી મંદિરમાં મૂર્ત્તિ

(૧૦૫૪)+ **સુરસુંદરી રાસ.** સં. ૧૮૫૭ શ્રાવણ સુદ ૪ ગુરૂ. રાજનગર (અમદાવાદ)માં.

આદિ—

સકલ ગુણાગર **પાસજી, શંખેશ્વર** અભિરામ,
મનવંછિત સુખ સંપજે, નિત સમરંતાં નામ. ૧
ઇષ્ટ મનોરથ પૂરતિ, ચૂરતિ અલિક વિઘન્ન,
કવિજન જનની **ભારતી**, વારતિ અલિક વચન્ન. ૨
કાસમીર પ્રતિવાસિની, સોલ નાંમ જસ શુદ્ધ,
જે ભવિ નિત સમરણ કરે, તસ હુઇ નિરમલ બુદ્ધિ. ૩
ભારતિ સરસતિ સારદા, હંસ ગામિની જેહ,
વિદુષા માત કુમારિકા, વાગેસરી શુચિ દેહ. ૪
બ્રાહ્મસુતા ત્રિપુરા કહી, વાણી શ્રી વરદાય,
વિશ્વવિખ્યાતા તુ સહી, ધ્રુવવાંણી શ્રુતદાય. ૫
ભાષા ગૌરી જાણીઈ, ઈત્યાદિક જસ નાંમ,
પ્રણમું હું નિત પ્રેમસ્યું, જે ગુણ સુખનું ધામ. ૬
ત્રિભુવન માતા શારદા, તુમ ઉપગાર મહંત,
સિદ્ધ અનંતા તે થયા, તુઝથી શિવવધુ કંત. ૭
સાનિધ કરજ્યો માતજી, દેજ્યો વચન વિલાસ,
પ્રથમ ઉદ્યમ મેં માંડિઓ, જિમ હુઇ અધિક ઉલ્લાસ. ૮
સુરસુંદરી શીયલેં સતી, સતીયામાં સુપ્રકાસ,
તાસ રાસ રચતાં થકાં, મુઝ મુખ કરજ્યો વાસ. ૯

પધરાવવાની હોંશ પૂરી ન થઇ ને શેઠ સ્વર્ગસ્થ થયા. એટલે તેમની ભાર્યા પ્રસિદ્ધ હરકુંઅર શેઠાણીએ પ્રભુને પધરાવ્યા. વીરવિજયે અંજનશલાકા કરી. દીનાનાથ જોશીને પાસે રાખી સં. ૧૯૦૩ માહા વદ ૧૧ નું શુભ મુહૂર્ત્ત શોધી તે મંદિરમાં પ્રભુને પધરાવ્યા. વીરવિજયજી સં. ૧૯૦૮ના ભાદરવા વદ ૩ ગુરૂને દિને સ્વર્ગસ્થ થયા. તેની પાટે તેમના શિષ્ય રંગવિજયને વિજયાદશમીએ બેસાડયા. તે શિષ્યના રચેલા રાસમાંથી આ સાર લીધો છે.

બુદ્ધિ મંદ છે માહરે, પણ તુમ ભક્તિ સમેત,
કોકિલ જે મધુરવ કરે, આમ્ર સમંજરી હેત. ૧૦

અંતે— ઢાલ ઉત્સરપિણી અવસરપિણી–એ દેશી.

તપગચ્છ કાનન કલ્પતરૂપમ, **હીરવિજય** સુરીરાયાજી,
હિંસક **અકબર** જસ ઉવએસેં, જીવ અમાર પલાયાજી. ૧
તાસ પટ્ટ પૂર્વાચલ સવિતા, **વિજયસેન** ગુણધારીજી,
વિજયદેવ સૂરિ સૂરિમંત્રે, તેજ પ્રતાપ ઉદારીજી. ૨
મિથ્યાત્વી–ગજસિંહ સમાના, **વિજયસિંહ** સૂરિંદાજી,
જિનસાસન જયકાર સૂરીસર, ભવિકજવિકસિતચંદાજી. ૩
તાસ સીસ વૈરાગ્ય વિલેપિત, સત્યવચન ગુણગેહાજી,
સત્યવિજય જયમાલ જાતવર, લક્ષણ લક્ષિત દેહાજી. ૪
કપૂર સમુજ્જવલ જસ તનુ શોભિત, **કપૂરવિજય** નિરીહોજી,
નાંણ વિન્નાંણ પ્રમાંણ અલંકૃત, વાદિ મતંગજસિંહોજી. ૫
તાસ શીસ શશિ સમ શીતલતા, ક્ષમા ગુણ ભંડારોજી,
સંવેગી ગીતારથ સારથ, **ક્ષમાવિજય** જયકારોજી. ૬
સંત પ્રસંત વિમલ જસવંતા, ક્ષાંત્યાદિક ગુણવંતાજી,
ભવ્ય વનજવિકસિત સવિતા સમ, શ્રી **જસવિજય** મહંતાજી. ૭
તાસ શિષ વૈરાગી ત્યાગી, રાગી શ્રુત સૌભાગીજી,
ઉત્તમ સંગી પરિણત રંગી, શુભ કીરતિ જસ જાગીજી. ૮
પંડિત સુગુણ સનેહી સુખકર, અહનિસ જે અપમાઇજી,
શુભ શુભ કાર્ય કરણમતિ ગતિવર, શ્રી **શુભવિજય** સવાઇજી. ૯
તાસ ચરણ સુપસાય લહીનેં, વયણ વિલાસહ કીધોજી,
પરભૃત મંજરી આસ્ય પ્રવેશન, મધુરવહેતુ પ્રસિધોજી. ૧૦
મુનિ શર હસ્તિ શશિ સંવત્સર નમિ **શંખેસર પાસોજી**,
શ્રાવણ શુદિ ગુરૂવાર ચતુર્થિ, **રાજનગર** ચોમાસોજી. ૧૧
રાસ તણી રચના એ કીધી, ભવિયણને હિત હેતેંજી,
બાવન ઢાલ રસાલ મનોહર, વયણ સુયુક્તિ ઉપેતેંજી. ૧૨

એક સહસ શત પંચ ઉપર વલી, ચઉરાસી અધિકેરીજી,
ગાથા રાસની સકલ ઢાલની, સંખ્યા એહ ભલેરીજી. ૧૩
અધિકો ઓછો અક્ષરપદ અણજાણપણે જે ભાખ્યોજી,
તે મુજ મિચ્છાદુક્કડ હોજ્યો, સંઘ સકલની સાખ્યોજી. ૧૪
દોય સહસ શતદ્વય એકસત્તરી, શ્લોકની સંખ્યા જાણોજી.
મૂલ સૂતરની સંખ્યા ભાખી, બત્રીસ વર્ણ પ્રમાણોજી. ૧૫
પંડિત જન મત કરસ્યો હાંસિ, મંદમતિ મુઝ દેખીજી,
વીરવિજય કહેં કંચન કસિઈ, કરો કવિ શુદ્ધ ગવેષીજી. ૧૬
જે નર ભણસ્યે સૂણસ્યેં તસ ઘર, નવનિધ ઋદ્ધ વિશાલાજી,
કુંજર શિર સિંધુરે શોભિત, તસ ઘર ઝાકઝમાલાજી. ૧૭
જિહાં શ્રવણ સફલ તે કરસ્યેં, વરસ્યેં મંગલિક માલાજી,
સુરસુખ અનુક્રમિ કંઠ ઠવેં તસ, શિવસુંદરી વરમાલાજી. ૧૮

કલશ.

સુરસુંદરીનો રાસ રસાલ, શ્રોતાને ઘર મંગલમાલ,
તિણે કારણ સુણી આદર કરો, **વીર** કહે જય લીલા વરો. ૧

—(૧) ચાર ખંડમાં ૯૨-૧૩ મો. સે. લા.; (૨) લ. સં. ૧૮૬૨ પત્ર ૮૩ નં. ૨૨૭૮ લીં. (૩) લખિતં ।। મુનિ અમૃતવિજયેન પરોપકારે ।। ૬૩-૧૩ દાબડો ૧૯ પોથી ૪ વીરવિજયજી ઉપાસરો ઠે. ભઠીની પોળ અમદાવાદ. (૪) પ્રકાશિત શિલાછાપમાં–લપિકૃત્યં ફતેવિજેંજી શ્રી રાજનગરે વાસ્તવ્યં. ઉમેદરામ હરગોવનદાશેં છપાવ્યો અમદાવાદ મધ્યે ભદરની હદમાં છગન નથુની દૂકાંનમાં હરીલાલ તૂલશીરાંમના છાપખાંનામાં છાપ્યો. સંવત્ ૧૯૧૭ સને ૧૮૬૧.

(૧૦૫૪) +અષ્ટપ્રકારી પૂજા સં. ૧૮૫૮ ભાદ્રપદ શુ. ૧૨ ગુરુ, રાજનગરમાં.

આદિ— પ્રથમ જલપૂજા–દોહા.

સરસ વચન રસ વરસતી, **બ્રંહ્મી** પ્રણમી જેહ,
ભગવઇ ધુર વસુધાસુતેં, હું પણ પ્રણમું તેહ. ૧

શ્રી **શંખેશ્વર** શિર નમી, પભણું પૂજા વિચાર,
અંગાદિક ત્રિક પૂજના, ઉત્તર અષ્ટપ્રકાર. ૨
ન્હવણ, વિલેવણ, કુસુમની, જિનપુર ધૂપ, પ્રદીપ,
અક્ષત, નૈવેદ્ય, ફળતણી, કરો જિનરાજ સમીપ. ૩

અંતે— કલશ–રાગ ધન્યાશ્રી.

ઇણ વિધ અષ્ટપ્રકારી પૂજા, કરશે તસ નિત્ય સુખશાતા,
સિદ્ધિ બુદ્ધિ દિઠ્ઠિ અડ ભવિજન, પામી અડ પવયણ માતા.
હરિપરેં ભક્તિ કરો પ્રભુ કેરી. ૧
રાગ દ્વેષ ટાળી જિન પૂજત, અષ્ટમી ગતિ અનુક્રમે લહે,
અષ્ટકર્મ સમતાયેં બાળી, નીલતરૂ વનહિમ દહે. હરિ. ૨
તપગચ્છ શ્રી **વિજયસિંહ** સૂરીશ્વર, **સત્યવિજય** પન્યાસ વરો,
કપૂર સમુજ્જવલ **ખિમાવિજય જસવિજય** સદા સૌભાગ્ય
કરો. હરિ. ૩
તાસ શિષ્ય **શુભવિજય** સોભાગી, તસ અનુમતિ જિનરાય સહી,
ગાવત હર્ષકલ્લોલ ભરાયા, **રાજનગર** ચોમાસ રહી. હરિ. ૪
સંવત **અઢારઅઠ્ઠાવન** વરસે, ભાદ્રપદ સિતપક્ષ ભલો,
દ્વાદશી દિન ગુરૂવાર મનોહર, એ અભ્યાસ ભયો સફલો. હરિ. ૫
સુરગુરૂ પણ ન શકે કરિ વર્ણન, જિન થુણિયા મેં મંદમતિ,
જલધિમાન કહે જયમ બાળક, નિજશકતેં પંખી વદતી. હરિ. ૬
શક્તિવિના પણ તેમ પ્રભુ ગાયા, ગુણમાલા ભવિ કંઠ ધરો,
વીરવિજય કહે સંઘ સકલ ભવિ, જઈ શિવમંદિર લીલ વરો.
હરિ. ૭

(૧–૨)—પત્ર ૫ નં. ૨૩૪૨, પત્ર ૮૫ થી ૯૨ નં. ૨૮૦૫ લીં. (૩) પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ પૃ. ૫૧ થા ૬૭.

(૧૦૫૬) +નેમિનાથ વિવાહલો–નેમિનાથ વિવાહ ગરબો.
સં. ૧૮૬૦ પોષ વદ ૮ અમદાવાદમાં.

આદિ— કહે કમલા ગોપાલ પ્રતેં રે-એ દેશી.

સરસતિ ચરણ સરોજ રમિ રે, શ્રી **શંખેશ્વર** પાય નમિ રે,
નેમવિવાહ તે રંગેં ગાસ્યું, જિમ **નમિનાથેં** પુર્વ પ્રકાસ્યું. ૧
નેમ નગીના આવો ઘડિ રે, મિત્ર કહેં ઇમ પાય પડિ રે,
રમતાં આયુધશાલાઈ આવ્યા, ચક્રગદા લેઇ શંખ વજાયા. નેમ ન૦ ૨

અંતે— ઢાલ ૨૨ ગરબેં તેલ બલેં ઘી પૂરો રે લાલા,

મેં ઇમ નાથ નિરંજન ગાયા લાલ, પ્રભુ દિલ ધારી રે.
મલિ જિમ ગોપીઇં હુલરાવ્યા લાલ, પ્રભુ૦
પરણ્યા નહિ પણ પ્રીતડી પાલિ લાલ, પ્રભુ૦
અંતે વરીયા સિવ-લટકાલિ લાલ, પ્રભુ૦ ૧
તપ ગણ ગયણ દીણંદ સમાનો લાલ, પ્રભુ૦
શ્રી **વિજેસિંહ** સૂરીસ નિધાનો લાલ, પ્રભુ૦
શિષ્ય **સત્યવિજય** ગુણગેહા લાલ, પ્રભુ૦
તસ **કપૂર ખેમાવિજય** સુસ્નેહ, લાલ, પ્રભુ૦ ૨
સેવક **જસવિજયો** જયવંતા લાલ, પ્રભુ૦
પંડિત શ્રી **શુભવિજય** મહંતા લાલ, પ્રભુ૦
તસ શિષ્યેં **ગરબિ દેશિ માંહે** લાલ, પ્રભુ૦
ગાયો **નેમવિવાહ** ઉછાહેં લાલ, પ્રભુ૦ ૩
નભ ભોજન ગજ ચંદ્રને વર્ષે લાલ, પ્રભુ૦
પોસ તણી વદિ આઠિમ દિવસેં લાલ, પ્રભુ૦
રાજનગરમાં શ્રાવક સોભેં લાલ, પ્રભુ૦
ગુરૂ ઉપદેશેં કુમતિ થોભેં લાલ. પ્રભુ૦ ૪
વંશ **શ્રીમાલી અમીચંદ** નંદ લાલ, પ્રભુ૦
ઘરે પૂજિ જિન ગુરૂ નિત વંદેં લાલ, પ્રભુ૦
સા. **પ્રેમચંદ** કહણ ઉજમાલેં લાલ, પ્રભુ૦
બાવીસમો જિન બાવિંસ ઢાલેં લાલ. પ્રભુ૦ ૫

થુણિયા **વીરવિજય** જયકારી લાલ, પ્રભુ૦
સુણસ્યે ગાસ્યે જે નરનારિ લાલ, પ્રભુ૦
તસ ઘર મંગલમાલ રસાલા લાલ, પ્રભુ૦
વિમલા કમલા ઝાકઝમાલા લાલ. પ્રભુ૦ ૬

—(૧) ઢાલ ૨૨ ઇતિ શ્રી નેમનાથ વિવાહ ગરબો સંપૂર્ણઃ- શ્લોક ૧૫૧ ઢાલ ૨૨ ગ્રંથાગ્રંથ ૨૫૦ ॥ સંવત્ ૧૮૮૮ ના વર્ષે માર્ગશિર વદિ ૧૦ મી દિને લપીકૃતં ॥ ડુંગરજિ સરસપર મધ્યે રહિને લિષી છે એ પ્રત્ય ॥ શુભંભવતુ ॥ શ્રી ॥ ૯-૧૩ દાબડો ૧૮ પોથી નં. ૨ વીરવિજય ભંડાર–ભઠીની પોળ, અમદાવાદ. (૨) શ્રી નેમીસર ભગવાનનો વિવાહલો એ નામથી શિલાલેખમાં છપાયો છે. પૃ. ૩૪. ત્યારપછી પૃ. ૪૬ સુધી જીવવિજયકૃત પૃથિવીચંદ અને ગુણસાગરની સઝાય છે ને પછીના બે પૃષ્ઠમાં મણિચંદ કૃત આત્મહિત સઝાય છાપેલી છે. (૩) ૯-૧૩ વિજાપુર જૈન જ્ઞાનમંદિર. (૪) લ. સં. ૧૮૮૪ પત્ર ૧૧ નં. ૧૮૫૦ લીં. (૫) સં. ૧૯૦૦ ચૈત્ર વદિ ૫ રવે. લ. તેલી ધનજી પાનાચંદે લખ્યૂં છે. ૧૦-૧૩ દા. ૩૯ નં. ૮૬ ડા. પાલણપુર. (૬) શ્રી દમણ બંદરે શ્રી ઋષભદેવજી પ્રસાદાત્ શ્રી ચકેશ્વરી માત પસાય સાલ ૧૮૯૪ ના વઇશાખ વદી ૧૪ દિને લપીકૃત્યં પં. ગૌતમવિજે ગણી. ૧૨-૧૨ નં. ૩૦. પાદરા.

(૧૦૫૭) +શુભવેલી. (ઐ) સં. ૧૮૬૦ ચૈ. શુ. ૧૧ રાજનગરમાં

(આમાં પોતાના ગુરૂ શુભવિજયનું વૃત્તાંત છે. તેના સાર માટે જુઓ જૈનયુગ પુ. ૪ પૃ. ૧૩૧) થોડી પ્રત અમદાવાદ વીરવિજય અપાસરાવાળાએ છપાવી છે.

(૧૦૫૮)+ સ્થૂલિભદ્રજીની શીયલવેલ. સં. ૧૮૬૨ પોશ શુદિ ૧૨ ગુરૂવાર રાજનગરમાં.

આદિ—

સયલ સુહંકર **પાસજી, શંખેશ્વર,** સરદાર,
શંખેશ્વર કેશવ જરા, હરત કરત ઉપકાર. ૧

અંતે—

ગાયો **ગૌતમ** ગોત્ર મુણિંદ, રસ વૈરાગ્ય ઘણો આયો રે,
મુનિવર તારકમાં એ ચંદ, થૂણીયો **લાછલદે** જાયો રે. ૧
ચોરાશીમી ચોવીશીયે એક, મુનિ **સ્થૂલિભદ્ર** સમ થાશે રે,
તાસ પટંતર વ્રતની ટેક, ગુણી જન જિન મુખથી ગાશે રે. ૨
તપગચ્છમાં કેશરીયો સિંહ, **સિંહ** સૂરિ શ્રુત જળ દરિયા રે,
સત્યવિજય સંવેગ નિરીહ, **કપુર** સમ ઉજ્જવલ ભરિયા રે. ૩
ખીમાવિજય વસી ઉપશાંત, **સુયશવિજય** અંતેવાસી રે,
પંડીત શ્રી **શુભવિજય** મહંત, જગ જિનમત થીરતાવાસી રે. ૪
તાસ વિનેયે એ અધિકાર, શાસ્ત્રતણી શાખે ધ્યાયો રે,
સહસ અઢાર શીલાંગના ધાર, ઢાલ અઢાર કરી ગાયો રે. ૫
અઢારસેં બાસઠે શુદિ પોષ, બારશ ગુરૂવારે ધ્યાઇ રે,
રાજનગર મુનિવર નિર્દોષ, શિયલવેલી પ્રેમે ગાઇ રે. ૬
ધર્મ ઉત્સવ સમે ગાશે જેહ, નરનારી સુણશે ભણશે રે,
કહે કવિ **વીરવિજય** નિત્ય તેહ, શુચિ વિમળા કમળા વરશે રે. ૭

—(૧) શ્રી વૈરાગ્યદીપક મદનજીપકાનેકગુણજનિતોદ્ભવભાવજલ રેલિરંતઃકૃતા. શીયલવેલિઃ શ્રી સ્થૂલિભદ્રસ્ય સમાપ્તા. પ્ર. કા. (૨) સં. ૧૯૦૯ ચૈત્ર વ. ૮ સોમ લિ. ભોજક વસંતરામ વટપદ્ર નગરે ૧૭–૯ દા. ૪૭ નં. ૧૮ પાલણપુર. (૩) પત્ર ૯ નં. ૨૪૨૭ લીં; (૪) પત્ર ૫ થી ૧૧ નં. ૨૪૯૫ લીં. (૫) સર્વ ગાથા ૧૯૧ શ્લોક સંખ્યા ૨૪૬ સર્વ ઢાલ ૧૮ છે. સંવત્ ૧૮૭૨ વર્ષે માહા વદિ ૧૧ દને લષિતં શુક્રવારે ॥ પં. ધનવિજય ગ. તત્ શિષ્ય મોતિવિજેએન ૧૩–૧૧ દા. ૧૮ પોથી ૨ વીરવિજય ઉપાસરા ભં. ભઠીની પોળ અમદાવાદ. (૬) સં. ૧૮૭૯ કાર્તિક સુદ ૧૦ વારવૈ લખ્યા છે. શ્રી લીંબડી મધ્યે ૧૦–૧૪ દા. ૩૯ પ્રત નં. ૪૪ ડા. પાલણ. (૭) સં. ૧૮૬૮ વર્ષે આશો શુદિની ૧ દને લખ્યું છે. પઠનાર્થે. ૧૧–૧૨ વિ. ને. નં. ૪૬૦૬. (૮) સં. ૧૮૮૧ વર્ષે ॥

સંવત્ અઢારે છક્યાસીયે, સીયલ વેલડી જાન,
કેકિંદા નગરી વિષૈ, પૂરણ કીયો મન આંન. ૧
ભાદ્ર પક્ષ જો કૃષ્ણહી, પહિલે પ્રતિપદા જાન,
વાર જો મંગલ જાનહી, દયાચંદ મન આંન. ૨

(૯) ૧૩-૧૧ ગુ. નં. ૧૩-૧૬. (૧૦) પ્ર. સ. મા. ભી. પૃ. ૫૨.

(૧૦૫૯) +દશાર્ણભદ્રની સજ્ઝાય. ૫ ઢાળની સં. ૧૮૬૩ મેરૂ તેરસ ગુરૂ. લીંબડીમાં.

આદિ—

પંકજ ભૂતનયા નમી, **શુભ** ગુરૂ ચરણ પસાય,
વિશદ **દશારણભદ્રજી**, થુણસું મહામુનિરાય. ૧
માને માનવ દુઃખ લહે, ચરણ કરણ ગુણ ફોક,
આઠ શિખર આડાં વલે, નાવે વિમલાલોક. ૨
અહો માને મુનીવર હુઆ, છંડી રાજ્ય સમૃદ્ધ,
શક્રેંદન વંદન કરે, માન તજી સ્તવ કીધ. ૩

અંતે—

ગુરૂ **ખિમાવિજય** જસ **શુભવિજય** તસ મોહના વારૂજી,
વન્હિ રસ દંતી તિમ હિમકંતી વત્સરે તારૂજી. ૧૩
મેરૂતેરસ વાસર સાધુ સુહંકર મોહના વારૂજી,
ગુરૂવારે ધ્યાયા એ મુનિરાયા નામથી તારૂજી.
ભવતાપ હરજો મંગલ હોજો મોહના વારૂજી,
કવિ **વીરવિજયને ઉત્તરાધ્યયનેથી** કહ્યા તારૂજી. ૧૪

કલશ.

કૃતમાન વ્રત શિવદાન જ્ઞાન દશાર્ણભદ્ર મુનિસરૂ,
લિંબડી પુર **પોરવાડ**વંશી, સકલ સંઘ સુહાકરૂ.
જેઠાસુત જયરાય વોહોરા પઠન હેતે સંભવી,
શુભવિજય પંડિત ચરણ સેવક **વીર** કહે ભવદુઃખ હરી.

—(૧) પ્ર૦ જિનગુણ સ્તવનાવલી. સત્યવિજય ગ્રંથમાલા નં. ૮

પ્રકાશક બાલાભાઈ મૂળચંદ અમદાવાદ. (૨) શ્રી ભુજપુર મધ્યે લિપીકૃતં પ-૧૧ નં. ૪૬૧ મ. જૈ. વિ. (૩) સસ્તબક પત્ર ૫ નં. ૨૧૭૫ લીં.

(૧૦૬૦) **કોણિક રાજા ભક્તિગર્ભિત વીર સ્ત-કોણિકનું સામઈયું.** સં. ૧૮૬૪ દેવદિવાલી લીંબડીમાં.

આદિ— અથ સાહમઇયું લિખ્યતે.

દુહા.

વિમલવચન રસ વરસતી, **સરસતી** પ્રણમી પાય,
પુરિસાદાણી **પાસજી, સંખેશ્વર** સુપસાય. ૧
શ્રી **શુભવિજય** વિજય કુરૂ, સદ્દગુરૂ ચરણ પસાય,
સાહમઇયું તિમ વરણવું, જિમ કર્યું **કોણિક** રાય. ૨
સાંહમઇયા જિનનાં કર્યા, **શ્રેણિક** પ્રમુખ નરેસ,
સુત્ર સુત્રેં તસ સાખિ છે, જહાં **કોણિક** વિશેષ. ૩
આચારાંગ ઉપાંગ જે, સૂત્ર **ઉવાઈ** મોઝાર,
છે વર્ણવ વિસ્તારથી, પણ કહું લેસ વિચાર. ૪
સાંભલતાં સુખ શ્રવણ લે, હઇડે રાગ ઉદ્દામ,
સુમતિ ચાલસ્યેં મલપતા, કુમતિ ચલેં મુખ શ્યામ. ૫
જિમ જિન સાહમઇયું કર્યું, તિમ કરવું મુનિરાય,
જે દેખી ભદ્રક ભવી, પૂર્વ પ્રતીત ઠરાય. ૬
પ્રભુ પ્રણુમ્યા તિણેં પ્રાણીઇ, પ્રણમે જેહ મુણીંદ,
આણાધર મુનિ હેલિયા, તિણેં નવી માન્યા જિણંદ. ૭
તે માટે ગુણવંતનાં, કરજ્યો ભવિ બહુમાન,
હવે સુણજ્યો **કોણિક**તણી, **ચંપા**નયરી પ્રધાન. ૮

અંતે— ઢાલ ૧૧ સર્વ ૨૦૧. રાગ ધન્યાશ્રી.

તુઠો તુઠો રે દેશીઃ—

ગાયો ગાયોરે, **મહાવીર** જિનેશ્વર ગાયો.
સમકિત વ્રત નિર્મલ એમ કરજો, ભવિ કમલી નિર્માયો,
નવ જણે અરિહંત ભક્તિ નિપાયો, જિનપદ **વીર** પસાયોરે-મહાવીર જિનેશ્વર.

પ્રભુ સામૈયું કરંત **દશાર્ણ**, **ભદ્ર** તે કેવલ પાયો,
નેમિ મુનિ નમતાં નિપજાવ્યું, પ્રભુપદ **કૃષ્ણ** કહાયોરે. મ૦ ૨
ભાવસ્તવ **રાવણ** જિનભક્તિ, નાટિક રંગ ભરાયો,
તંતિકું જોડત ભવતતિ તોડત, ચૌદમે ભવ જિનરાયોરે. મ૦ ૩
તિમ ભવિ ભાવ ધરી બલ વીર્ય, ફોરવતાં શિવ જાયો,
જિનશાસન ઉદ્યોત કરે જયો, જિમ જગ **કોણિક** રાયોરે. મ. ૪
આવંતીમાં દ્રહ સમ સૂરિવર, તે સરિખા ઉવજ્ઝાયો,
મેઢી સમાન ગીતારથ જેણે, જિનશાસન દીપાયોરે. મ. ૫
સાહમ્મહછયું કરજો ભવિ તેહનું, આણી હર્ષ સવાયો,
વિજયજિનેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ આધિકાર બનાયોરે. મ. ૬
તપ ગચ્છ નાયક **સિંહ** સૂરીશ્વર, કુમતિ મતંગ હઠાયો,
તાસ શિષ્ય શ્રી **સત્યવિજય** બુધ, **કપૂરવિજય** ગુરૂરાયોરે. મ. ૭
ક્ષમાવિજય ગુરૂ શિષ્ય નગીનો, શ્રી **જશવિજય** સુહાયો,
પંડિત શ્રી **શુભવિજય** સુગુરૂ મુજ, પામી તાસ પસાયોરે. મ. ૮
વોહરા ડોસા સુત **જેઠા** નંદન, **લીંબડી** નયર રહાયો
કુમતિને શિર ગ્રહ કેતુ કહાયો, શાસન જૈન દીપાયોરે. મ. ૯
વોહરા જયરાજ ભાઈને કારણ, સામ્હઇયું વિરચાયો,
સૂત્ર વચન ફુલમાલા ગુંથી, **જયરાજ** કંઠ ઠવાયોરે. મ. ૧૦
વેદ રસ વસુ ચંદ સંવત્સર ૧૮૬૪, દેવદિવાલીએ ધ્યાયો.
વીરવિજય જિન **શાંતિ** પસાયે, સંઘને શાંતિ કરાયોરે. મ. ૧૧

—(૧) ઇતિ શ્રી કોણીક રાજભક્તિ ગર્ભિત વીરજિન નમનાભિગમનોત્સવ સમાપ્તઃ ઢાલ ૧૧ સર્વ ૨૧૨ ગ્રંથાગ્રંથ ૨૫૮ સં. ૧૮૬૪ માગસીર વદિ ૭ દિને લીપી કૃતઃ (૨) સંવત ૧૮૮૧ વરષે માગશર વદ ૮ સોમે લખતં ચિરંજીવી જેઠા. (૩) સંવત ૧૮૭૨ ના આશુ વ. ૧૧ ૧૦–૧૨ દા. ૨૦ નં. ૭૬ સી. સુરત. (૪) ૧૩–૧૧ નવી પ્રત દાબડો ૧૮ પોથી ૨. વીરવિજય ઉ. ભં. ભઠીની પોળ **અમદાવાદ.** (૫) સં. ૧૮૭૧ વર્ષે શ્રા. સુ. ૫ ગુરૂ ૧૦–૧૩ **જૈનાનંદ**

પુ. સુરત નં. ૩૩૪૯ (૬) ઢાલ ૧૧ સર્વગાથા ૨૧૨ ગ્રંથાગ્રંથ ૨૭૦ । સં. ૧૮૮૬ વર્ષે વૈશાષ વદિ ૨ દિને ચંદ્ર વાસરે શ્રી વિજાપૂરે ૯–૧૪ વિજાપુર જૈન જ્ઞાનમંદિર પ્રત નં. ૬૩૨. (૭) પત્ર ૧૧ નં. ૨૧૮૪ લીં.

(૧૦૬૧) ત્રિક ચતુર્માસ દેવવંદન વિધિ–ચોમાસી દેવવંદન વિધિ સહિત સં. ૧૮૬૫ આષાઢ શુકલ પ્રતિપદિ (ચાતુર્માસની ચૌદશને દિવસે વાંદવાના દેવો. એમાં ૨૪ ચૈત્યવંદન, ૫ સ્તવન, ૫ સ્તુતિનાં જોડાં ને ૫ તીર્થનાં સ્તવનો છે.)

આદિ—

પ્રથમ ઈરિયાવહિ પછે ખમાસમણ દેઇ, ઇછા કારેણ સંદિસહ ભગવન । ચૈત્યવંદન કરૂં

શ્રી **શંખેશ્વર** ઇશ્વરં, પ્રણમી ત્રિકરણ યોગ,
દેવ નમન ચઉમાસિઇ, કરસ્યું વિધિ સંયોગ. ૧

અંતે— સમેત શિખર સ્તવન. ભમરા ભૂધર સ્યેં નાવ્યા એ દેશી.

નામ સુણત શીતલ શ્રવણાં, જસ દર્શને શીતલ નયણાં,
સ્તવન કરત શીતલ વયણાંરે. ૧

× × × ×

દર્શને **જસ** દર્શન વરીઇ, લહી **શુભ** સુખ મુખડાં હરીઇ,
વીરવિજય શિવ મંદીરીઇરે. ૧૩

—(૧) ઇતિ શ્રી સત્સંવિજ્ઞ સુજ્ઞ પ્રાજ્ઞ તંત્રજ્ઞ તપ ગણે સ્થિત પં. શ્રી ૧૦૮ પં. ક્ષમાવિજય ગ. શિષ્ય પં. જસવિજય ગ૦ શિષ્ય પં. શ્રી શુભવિજય ગણિ શિષ્યેણ વિરચિતાબ્દ **૧૮૬૫ આષાઢ શુકલ પ્રતિપદિ વસ્રે**, ત્રિક ચતુર્માસિક દેવવંદન વિધિ પરિપૂર્ણાં. સંવત ૧૮૭૨ના કાર્તિકાર્જુન ત્રયો ૧૩ દશી ભોમે લિ. પં. નીત્યવિજય ગ. પં. શ્રી જિનસત્કેન શ્રી સૂરતિ બિંદરે, ગોપીપુરા મધ્યે. શ્રી શંખેશ્વર પાર્શ્વ પ્રસાદાત ૧૮–૧૧ દા. ૨૦–૫૧ સી. સુ. (૨) શ્રીમત્સંવિજ્ઞ સુજ્ઞ પ્રાજ્ઞાતજ્ઞ તપ ગણે સ્થિત ॥ પાં ૧૦ ૮ । પં ।

ક્ષમાવિજય ગણી શિષ્ય । પં । જસવિજય ગ. શિષ્ય પાં શ્રી શુભવીજય ગણી શિષ્યેણુ વિર્ચિતા ૧૮૬૨ ॥ ચતુર્માસિક દેવવંદન વીધી સંપૂર્ણ ॥ ૨૦-૧૨ (ગજીયાણીવાળા શા. જકાભાઈ ધરમચંદ પતાસા પોળ અમદાવાદ પાસે) (૩) સંવત્ ૧૯૪૧ માગસર વદ ૯ લિષિત્તં. જેઠાલા । ૧૭-૧૨ દા. ૧૮ પો. ૨ વીરવિજય ઉ. ભઠી પોળ અમદાવાદ. (૪) સકલ પંડિત સિરોમણિ સ્વયંવેગ રંગરસિક યોગાચાર્ય પન્યાસજી શ્રી ૧૦૫ શ્રી શ્રી કુસલવિજયજી તત્ શિષ્ય પંન્યાસજી શ્રી ૧૦૫ શ્રી શ્રી જીતવિજયજી તત્ શિષ્ય પં. શ્રી ૧૦૧ શ્રી શ્રી વિજયજી । તત્ શિષ્ય મુની શ્રી ૫ શ્રી શ્રી જયવિજયજી તત્ અપત્ય મુની હર્ષવિજયેન લિખાપિતં સિષ્ય પ્રેમવિજયાર્થ ॥ લિપિકૃતં પુષ્કરણા ज्ञाति ઓડા સુખદત્તેન ॥ કલ્યાણમસ્તુ. ૧૭-૧૧ દા. ૧૮પોથી ૪ વીરવિજયઉ૦ ભઠી પોળ અમદાવાદ. (૫) પત્ર ૧૫ નં. ૧૯૬૦ લીં.

(૧૦૬૨) અક્ષયનિધિ તપ સ્તવન. સં. ૧૮૭૧ શ્રાવણ સુરત ચોમાસું

આદિ— દૂહા

શ્રી **શંખેશ્વર** શિર નમી, કહું તપ ફલ સુવિચાર,
અક્ષયનિધિ તપ ભાખિયો, **પ્રવચન સાર ઉદ્ધાર.** ૧
તપ તપતા અરિહા પ્રભુ, કેવલનાંણનેં હેત,
નાણ લદ્ધિ તપ તજિ કિયો, શિવ રમણી સંકેત. ૨
તિમ સુંદરી પરેં તપ કરો, અખયનિધિ ગુણવાંન,
શ્રુતકેવલીઇ જે રચ્યો, **કલ્પ સૂત્ર** બહુમાંન. ૩

અંતે— ઢાલ ૫ કોઈ લો પર્વત ધુંધલો રે લો એ દેશી.

વીર જિનેશ્વર ગુણનિલોરે લો, એ ભાખ્યો અધિકારરે, સુગુણ નર
વરતેં સાસન જેહનુ રે લો, એકવીસ વરસ હજારરે. સુ. ૧
જિહા સફલ જિન ગુણ થુણી રે લો, દીહા સફલ પ્રભુ ધ્યાંનરે. સુ.
જન્મ સફલ પ્રભુ દરિસણે રે લો, વાંણીઈ સફલા કાંનરે, સુ. ૨
તાસ પરંપર પાટવી રે લો, શ્રી **વિજેંસિંહ** સુરીસરે, સુ.
સત્યવિજય બુધ તેહના રે લો, **કપુરવિજય** કવિ સીસ રે, સુ. ૩

ખિમાવિજય ગુરૂ તેહનારે લો, શ્રી **જસવિજય** પંન્યાસરે, સુ.
શ્રી **શુભવિજય** સુગુરૂ નમી રે લો, **સુરત** રહિય ચઉમાસરે. ૪
ચંદ્ર મુનિ વસુ હિમકરૂ રેલો ૧૮૭૧ વરસેં શ્રાવણુ માસરે.
શ્રી **શુભ વીરને** શાસને રે લો, હોજ્યો જ્ઞાનપ્રકાશરે સુ. ૫

કલશ

એ પંચ ઢાલ રસાલ ભગતિં પંચ જ્ઞાંન આરાધવા,
કામ પ્રમાદ કિરિયા પંચ છેદી પંચમી ગતિ સાધવા.
નભ કૃષ્ણુ પંચમી તવન રચિઉં અખયનિધિ કે કારણે,
શુભવીર જ્ઞાંને દેવ સુંદરી નાચવા ઘર બારણે. ૫૧

—(૧) ૫-૯ જશવિજય મુનિ સંગ્રહ નં. ૧૨૫ (૨) વીર-વિજય સ્તવનાવલી પાનાં ૪૯-૫૩ વીરવિજય ઉ. અમદાવાદ. (૩) વિધિસહિત લિ. સં. ૧૯૪૫ પત્ર ૪ નં. ૩૪૫૧ લીં. (૪) ૭-૧૩ નં. ૭૪ પાદરા.

(૧૦૬૩) + ચોસઠ પ્રકારી પૂજા સં. ૧૮૭૪ અક્ષયતૃતિયા રાજનગરમાં

આદિ— પ્રથમ જલ પૂજા. દોહા.

શ્રી **શંખેશ્વર** સાહિબો સમરી **સરસતિ** માય
શ્રી **શુભવિજય** સુગુરૂ નમી, કહું તપ ફળ સુખદાય. ૧

(આઠ કર્મ પૈકી દરેક પર આઠ આઠ પૂજા છે એટલે કુલ ૬૪ પૂજા)

અંતે— કલશ રાગ ધન્યાશ્રી તુઠો તૂઠોરે એ દેશી
ગાયો ગાયોરે, **મહા**વીર જિનેશ્વર ગાયો,
વિજયજિનેંદ્ર સૂરીશ્વર રાજ્યે, **તપ** ગચ્છ કેરો રાયો,
ખુશાલવિજય માનવિજય વિબુધના, આગ્રહથી વિરચાયોરે. મ. ૬
વડ **ઓશવાલ ગુમાનચંદ** સુત, શાસનરાગ સવાયો,
ગુરૂ ભકિત શા **ભવાનચંદ** નિત્ય, અનુમોદન ફળ પાયોરે. મ. ૭
મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એક ઠાયો,
કરણુ કરાવણુ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયોરે. મ. ૮

શ્રી **વિજયસિંહ** સૂરીશ્વર કેરા, **સત્યવિજય** બુધ ગાયો,
ક**પૂરવિજય** તસ **ખિમાવિજય જસ-વિજય** પરંપર ધ્યાયોરે.
પંડિત શ્રી **શુભવિજય** સુગુરૂ મુજ, પામી તાસ પસાયો,
તાસ શિષ્ય **ધીરવિજય** સલૂણા, આગમરાગ સવાયોરે. મ. ૧૦
તસ લઘુબાંધવ **રાજનગરમેં**, મિથ્યાત્વ પુંજ જલાયો,
પંડિત **વીરવિજય** કવિ રચના, સંઘ સકળ સુખદાયોરે. મ. ૧૧
પહેલો ઉત્સવ **રાજનગરમેં**, સંઘ મળી સુખદાયો,
કરતા જેમ નંદીસર દેવા, પૂરણ હર્ષ સવાયોરે મ. ૧૨

કલશ.

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી.
હમ રાજતે જગ ગાજતે દિન અખયતૃતિયા આજથેં,
શુભવીર વિક્રમ **વેદ મુનિ વસુ ચંદ્ર** વર્ષ વિરાજતે. ૧

—(૧) લિ. સં. ૧૮૮૧ પત્ર ૩૦ નં. ૧૭૭૧, લીં. (૨) પ્ર૦ વિવિધ પૂજાસંગ્રહ પૃ. ૧૨૨ થી ૨૧૭.

(૧૦૬૫) +પીસ્તાલીસ આગમગર્ભિત અષ્ટપ્રકારી પૂજા-૪૫ આગમની પૂજા. સં. ૧૮૮૧ માગશર શુ. ૧૧ (મૌન એકાદશી) રાજનગરમાં.

આદિ— પ્રથમ જલપૂજા-દોહા.

શ્રી શંખેશ્વર પાસજી, સાહેબ સુગુણગરિષ્ઠ,
શુભ ગુરૂ ચરણ પસાયથી, શ્રુતનિધિ નજરે દીઠ. ૧
શાસનનાયક વંદિયે, **ત્રિશલા**માત-મલ્હાર,
જસ મુખથી ત્રિપદી લહી, સૂત્ર રચે ગણધાર. ૨
સુધર્મા ગણધરતણી, રચના વરતે સોય,
દ્વાદશ અંગ થકી અધિક, સૂત્ર નહીં જગ કોય. ૩
આગે આગમ બહુ હતાં, અર્થવિદિત જગદીશ,
કાલવશે સંપ્રતિ રહ્યાં, આગમ પિસ્તાલીશ. ૪

અંતે— કલશ.

ગાયો ગાયોરે, **મહાવીર** જિનેશ્વર ગાયો,
આગમ વાણી અમિય સરોવર, ઝીલત રોગ ઘટાયો.
મિથ્યાત મેલ ઉતારી શિરપર, આણામુકુટ ધરાયોરે. મહા. ૧
તપાગચ્છ શ્રી **સિંહસૂરિ**ના, **સત્યવિજય** બુધ ગાયો,
કપૂરવિજય શિષ્ય **ખિમાવિજય** તસ, **જસવિજયો**
મુનિરાયોરે, મહા. ૨
તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શ્રી **શુભવિજય** સવાયો,
તાસ શિષ્ય શ્રી **વીરવિજય** કવિ, એ અધિકાર બનાયોરે.
મહા. ૩
રાજનગરમેં રહિય ચોમાસું, અજ્ઞાન હિમ હરાયો,
સૂત્ર અર્થ પિસ્તાલીશ આગમ, સંઘ સુણી હરખાયોરે. મહા. ૪
અઢારસેં એકાશી માગશિર, મૌન એકાદશી ધ્યાયો,
શ્રી **શુભવીર** જિનેશ્વર આગમ, સંઘને તિલક કરાયોરે. મહા. ૫

—(૧) પ્ર. વિવિધપૂજા સંગ્રહ પૃ. ૬૮ થી ૮૩. (૨) લિ. સં. ૧૮૮૧ પત્ર ૭ નં. ૧૯૮૮ લીં. (૩) લી. સાધુ ગોવિંદા ૮–૧૨ જશવિજયમુનિ સંગ્રહ નં. ૧૦૦. (૪) સંવત્ ૧૯૦૨ મિ૦ ૧૦–૧૦ ગો. ના. નં. ૨૩૬.

(૧૦૬૫) +નવાણું પ્રકારી પૂજા. (શત્રુંજય મહિમા ગર્ભિત)
સં. ૧૮૮૪ ચૈત્ર શુદ ૧૫ પાલીતાણામાં.

આદિ— દૂહા.

શ્રી **સંખેસ્વર પાસજી**, પ્રણમી **શુભ** ગુરૂ પાય,
વિમલાચલ ગુણ ગાઇશું, સમરી **શારદ** માય. ૧
પ્રાઇ એ ગિરિ સાસ્વતો, મહિમાનો નહિ પાર,
પ્રથમ જિણંદ સમોસર્યા, પુરવ નવાણુ વાર. ૨
અઢીય દ્વિપમાં એ સમો, તિરથ નહિ ફલદાય,
કલિયુગ કલ્પતરૂ લહિ, મુક્તાફલશું વધાય. ૩

જાત્રા નવાંણુ જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ,
પુજા નવાંણુ પ્રકારની, રચતાં અવિચલ ધામ. ૪
નવ કલસેં અભિષેક તવ, ઈમ એકાદસિ વાર,
પૂજાદિક શ્રીફલ પ્રમુખ, ઇમ નવાણું પ્રકાર. ૫

અંતે— કલશ રાગ ધન્યાસરી.

ગાયો ગાયો રે, **વિમલાચલ** તિરથ ગાયો,
પર્વતમાં જિમ મેરૂ મહિધર, મુનિમંડલ જિનરાયો,
તરૂગણમાં જિમ કલ્પતરૂવર, તિમ એ તિરથ સવાયોરે. વિ. ૧
જાત્રા નવાંણુ અમે ઇહાં કીધી, રંગતરંગ ભરાયો,
તિરથ ગુણ મુગતાફલમાલા, સંઘનેં કંઠે ઠવાયોરે. વિ. ૨
શેઠ **હેમાભાઈ** હુકમ લહિનેં, **પાલિતાંણા** સિર ઠાયો,
મોતીચંદ મલુકચંદ રાજેં, સંઘ સકલ હરખાયોરે. વિ. ૩
તપગચ્છ સિંહ સૂરીસર કેરા, **સત્યવિજય** સત્ય પાયો,
કપૂરવિજય ગુરૂ **ખિમાવિજય** તસ, **જસવિજયો**
મુનિરાયોરે. વિ. ૪
શ્રી **શુભવિજય** સુગુરૂ સુપસાઇ, શ્રુતચિંતામણિ પાયો,
વિજયદેવેન્દ્ર સૂરીશ્વર રાજ્યે, પૂજા અધિકાર રચાયોરે. વિ. ૫
પૂજા નવાણું પ્રકારી રચાવો, ગાવો એ ગિરિરાયો,
વિધિયોગે ફળ પૂરણ પ્રગટે, તવ હઠવાદ હઠાયોરે. વિ. ૬
વેદ વસુ ગજ ચંદ્ર (૧૮૮૪) સંવત્સર, ચૈત્રી પૂનમ દિન ધ્યાયો,
પંડિત **વીરવિજય** પ્રભુ ધ્યાનેં, આતમ આપ ઠરાયોરે. વિ. ૭

—(૧) લખિતંગ ભોજક પ્રેમચંદ જેઠાચંદ રહેવાસી શ્રી પાટડિનગર વાસ્તવ્યં સંવત ૧૯૧૪ ના માઘ વદ ૧૧ મંગલવાસરે શ્રી પાલિતાંણા નગરે લખાવિતંગ સાહશ્રી ૫ સા કાઇયા લખાણિ વાંચનાર્થે શ્રી નવાંણુ જાત્રા કરવા શ્રી સિદ્ધાચલજિઈ આવ્યા હતા તાહરેં જણ ૩૪ શ્રી કછમધેથિ આવ્યા હતા તેનેં અર્થે લખ્યું છે. જે વાંચે તેનેં શ્રી જિનાય નમા છેઇ શ્રી સિદ્ધાચલ તિર્થનગરે શ્રી આદના

શ્લોક ૧૭૫. પત્ર ૬-૧૪ જૈ. એ. ઇ. નં. ૧૧૯૬. (૨) પ્ર૦ શિલાછાપમાં પ્રસિદ્ધ સં. ૧૯૧૯. (૩) પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ પૃ. ૮૪ થી ૧૦૦. (૪) લ૦ સં. ૧૮૮૬ માં સાત ૭ પત્રાંતર્ગત નં. ૨૪૩૨ લીં. (૫) લખીતં મુની હરષવિજય પં. દોલત સત્કેન પત્ર ૫ વીરમગામ લાયબ્રેરી.

(૧૦૬૬) +**બારવ્રતની પૂજા**. સં. ૧૮૮૭ દિવાળી રાજનગરમાં.

સમકિતારોપણે પ્રથમ જલપૂજા, દોહા.

સુખકર **શંખેશ્વર** પ્રભુ, પ્રણમી **શુભ** ગુરૂ પાય,
શાસનનાયક ગાયશું, **વર્દ્ધમાન** જિનરાય. ૧

× × × ×

કલશ ધન્યાશ્રી.

ગાયો ગાયોરે, **મહાવીર** જિનેશ્વર ગાયો,

× × × ×

તપગચ્છ શ્રી **વિજયસિંહ**સૂરિના, **સત્યવિજય** સત્ય પાયો,
કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, મુનિરાયોરે. ૩
શ્રી **શુભવિજય** સુગુરૂ સુપસાયે, શ્રુતચિંતામણિ પાયો,
વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર રચાયોરે. ૪
કષ્ટ નિવારે વંછિત સારે, મધુરે કંઠ મલ્હાયો,
રાજનગરમાં પૂજા ભણાવી, ઘર ઘર ઉત્સવ થાયો રે. ૫
મુનિ વસુ નાગ શશિ સંવત્સર, દીવાળી દિન ગાયો,
પંડિત **વીરવિજય** પ્રભુધ્યાને, જગ જસપડહ વજાયોરે. ૬

—(૧) પ્ર. વિવિધપૂજાસંગ્રહ પૃ. ૧૦૧ થી ૧૨૨. (૨) સંવત ૧૯૨૦ ના પોસ શુદ ૪ લ૦ વ્યા. નાગર ।। સા૦ ગલાબચંદ બેચરદાસ લખાવુ છે શ્રી રાજકોટ મોકલવા સારૂ. ૮-૧૪ (મારી પાસે) (૩) પત્ર ૯ નં. ૨૩૪૧ લીં.

(૧૦૬૭) ભાયખલા (મુંબાપુરીસ્થ) ઋષભચૈત્ય સ્તવન. (ઐ.)
સં. ૧૮૮૮ આષાઢ શુદ ૧૫.

આદિ— શ્રાવણ વરસેરે સ્વામી એ દેશી.

સુખકર સાહેબ રે પામી, પ્રથમ રાય **વનિતાનો** સ્વામી,
કંચનવરણીરે કાયા, લાગી મનમોહન સાથે માયા. ૧

× × × ×

અહનિશ દેવ રહે અનુચરમાં, **ઋષભદેવ** શ્રી **રાજનગરમાં**
ચિંતે દેવા રે મનમાં, વસિએ ક્રીડાકારણ વનમાં,
ભૂતલ ભમતાં રે દીઠો, **મુમુઈ** બિંદર બાગ ગરિઠો. ૭

× × × ×

શેઠ **અમીચંદ સાકરચંદ**, તસ કુલદીપક **મોતીચંદ**,
શ્રી **શુભવીર** સુખે નિત્ય સુતા, સુપનેં સુર સંદેશા દેતા. ૯

× × × ×

આદેશ્વર પધરાવવારે લો, કરે મનોરથ નવનવારે,
મુહુરત શુદ્ધ પ્રકાસીએરે લો, **અઢારસેં પંચાસિઇં**રે
માગસર શુદિ ષષ્ઠિ તણું રે લો, **શુક્રવારે** સોહામણુંરે.
શુભવીર પ્રભૂ તણી રેલો, વાટિ જૂએ શેઠજી ઘણી રે.

(અમદાવાદથી ભરૂચ, ને ત્યાંથી સુરત આવી મુંબઇ આવ્યા. સામૈયું થયું. મોતીશાહના પુત્ર ખીમચંદ અશ્વપર ચડયા હતા. પરોણા તરીકે મૂર્ત્તિ પધરાવી. મુહુર્ત્ત કઢાવી કંકોતરી મોકલી. મોતીશાહે પાલીતાણામાં ધર્મશાલા કરાવી. ત્યાં કુંતાસર ખાડો પુરાવી તે પર દેહરાં કરાવવાનો વિચાર કર્યો હતો. ત્યાંથી તેમજ મરૂધર, સુરત, અમદાવાદના શ્રાવક મુંબઇમાં નિમંત્ર્યા.

મોટા ઉત્સવપૂર્વક મુહુર્ત્તને દિને મૂર્ત્તિ પધરાવી. જમણી બાજુ ગભારામાં સીમંધર સ્વામીની અને ડાબી બાજુએ સંભવજિનની પ્રતિમા પધરાવી. બીજી ચાર સારી પ્રતિમા અને ઘણી ધાતુની પ્રતિમા હતી. એ દેહરીમાં ગોમુખ ને ચકકેસરી દેવી મૂકયાં.)

અંતે—

તપગચ્છ કેરા સણગારિજી, **વિજેસિંહસૂરિ** ગણધારિજી
તસ **સત્યવિજય** ગુણખીનાજી, **કપૂરવિજય** શિષ તેનાજી શા૦ ૮

ખિમાવિજય ખિમા ભંડારજી, શ્રી **જસવિજય** અણગારજી
પંડિત **શુભવિજય** જગીસજી, કહે **વીરવિજય** લઘુ સીસજી શા૦ ૯
વિજયદેવેંદ્ર સૂરીસજી, રાખ્યા **મુમઈ** ચઉમાસજી
વસુ નાગ વસુ શશિ વરસેંજી, આસાઢી પુંનિમ દિવસેજી શા૦ ૧૦
મેં રચિઓ એ ગુણ દીવોજી, સેઠ **મોતીશા** ચિરંજીવોજી
ગુણી ગાતાં બહુ ફલ પાવેજી, **શુભ વીર** વચન રસ ગાવેંજી શા૦ ૧૧

—(૧) સર્વગાથા ૮૧. પત્ર ૬-૧૧. દા. ૧૮ પોથી ૪ વીરવિજય ઉપાસરા ભં. અમદાવાદ. (૨) લષીતં પં. ગોતમવીજે પં. ગ્નાનવીજેજી દમણ બંધેર ચોમાસું રહી લષું છે. સા. ૧૮૯૨ ૬-૧૧ નં. ૧૦૧. પાદરા

(૧૦૬૮) +પંચકલ્યાણક પૂજા સં. ૧૮૮૯ અક્ષયત્રીજ.

ચ્યવન કલ્યાણકે પ્રથમ પુષ્પપૂજા. દોહા

શ્રી **શંખેશ્વર** સાહિબો, સુરતરૂ સમ અવદાત
પુરિસાદાણી **પાસજી**, ષટદર્શન વિખ્યાત. ૧

× × × ×

કલશ

ગાયો ગાયોરે, **શંખેશ્વર** સાહેબ ગાયો,
યાદવ લોકની જરા નિવારી, જિનજી જગત ગવાયો
પંચકલ્યાણક ઉત્સવ કરતાં, અમ ઘર રંગ વધાયોરે. શંખે. ૧
તપ ગચ્છ શ્રી **સિંહસૂરિના**, **સત્યવિજય** બુધ દાયો,
કપૂરવિજય ગુરૂ **ખિમાવિજય** તસ, **જશવિજયો** મુનિરાયોરે
તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો,
શ્રી **શુભવિજય** સુગુરૂ પસાયે, જયકમલા જગ પાયોરે. શંખે. ૩
રાજનગરમાં રહી ચોમાસું, કુમતિ કુતર્ક હઠાયો,
વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયોરે. શંખે. ૪
અઢારસેં નેવ્યાશી અક્ષયત્રીજ, અક્ષત પુણ્ય ઉપાયો,
પંડિત **વીરવિજય પદ્માવતી**, વાંછિત દાય સવાયોરે. શંખે. ૫

(૧) પ્ર૦ વિવિધ પૂજા સંગ્રહ પૃ. ૩૩ થી ૫૦ (૨) સં. ૧૯૧૦ લષીતં પં. હરષવીજે ગામ સંખેસર મધ્યે પં. દોલવતવીજે સત્કેઃ ૭ પત્ર વીરમગામ લાયબ્રેરી (૩) લષાવિતં ગુરૂભક્તિકારક। સાહા રૂપચંદ ખેચરના સૂત પોતાના આત્માર્થે પઠનાર્થં આ પરત લષાવિ છે ।। સંવત ૧૯૧૭ના વરષે અસાઢ માસે શુકલ પક્ષે તીથૌ તૃતીયાયાં ગુરૂવાસરે । લિપિકૃતં બાવા બાલગિરજી । શ્રી રાજનગર મધ્યે ।। નવી દાણાપીઠ મધ્યે નવા કોઠાને પછવાડે જમલપુરના રાજમારગથી ડાવા હાથ ઉપર અનઘડ બાવાના આષાડામાં આ પરત લષી છે ।। ૮-૧૧ (ગજીયાણીવાળા શા. જકાભાઇ ધરમચંદ પતાસાની પોળ અમદાવાદ પાસે) (૪) લિ. સં. ૧૯૨૪ પત્ર ૫ નં. ૨૭૮૬ લીં.

(૧૦૬૯) +અંજનશલાકા સ્તવન. (મોતીશાનાં ઢાળીયાં)
૭ ઢાલ. (ઐ.) સં. ૧૮૯૩.

આદિ— ઢાલ ૧ સુહંકર સિદ્ધાચલ શેરી એ દેશી.

ઉઠી પ્રભાતે પ્રભુને નમીઈ, જઇ **વિમલાચલ** વીસમીઇ,
અંતર્ધ્યાન રસે રમિઈ, **વિમલગિરિ** રંગ રસે સેવો,
ત્રિભોવન તીરથ નહિ એવો, **વિમલગિરિ** રંગ રસે સેવો. ૧

× × × ×

શેઠ **મોતીશા** ધન રાસે, પૂરે દીન દુખી આસે, વળી **કલકત્તા મદ્રાસે.**
દરિયામાંહી ઝાઝ ઘણાં, **ચીન** દેશ **વીલાયત** સુણ્યાં, શેઠ **મોતીશા**
નામ તણાં. વિ૦
કુંવરપદે **ખીમચંદ** ભાઈ, ઇંદ્ર જયંત સ્યું ઠકુરાઇ, પૂરણ પરભવશું
કમાઇ, વિ૦
સિદ્ધગિરી ઉપર ટૂંક ઘણી, શેઠ **મોતીશાને** હુંશ ઘણી,
શ્રી **શુભવીર** વચન સુણી. વિ૦

ઢાલ ૨
સાંભલરે તું સજની મોરી, રજની૦ એ દેશી.

સંવત **અઢારસે અઢયાસી** માહે, **સિદ્ધગિરિ** શિખર વિચાલેજી,

કુતાસરનો ખાડો મોટો, શેઠજી નયણે નિહાલે મનને મોજેજીરે,
અંતર નયણ નિહાલે. ૧
ભવ ગર્ત્તા-પૂરણને હેતે ખાત મુહૂરત તિહાં કીધુંજીરે.

[પછી ખાડ પૂરાવી. તે ઉપર જૈન ટુંક બંધાવી મધ્યમાં વિશાલ ચૈત્ય બંધાવ્યું. ઋષભદેવ પુંડરિક પ્રમુખની ત્રણસો પ્રતિમા નવી ભરાવી. આ અંજનશલાકા વગેરેમાં નવ લાખ પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચાણા. મોતીશાના પ્રધાન-મુનીમ દમણવાસી અમરચંદ-ખીમચંદ એ બે ભાઇઓએ પણ ત્યાં દેહરૂં બંધાવી ધર્મનાથ આદિ પ્રતિમા ભરાવી, કલ્યાણજી કાનજીના પુત્ર દીપચંદે પણ મોતીશાનો હુકમ લઇ ત્યાં એક ટુંક કરાવી.

તાણુઆમાં મહુરત લીધું અંજનશલાકા કેરૂંજીરે,
શ્રી **શુભવીર** જિનેશ્વર ભગતેં, ઉલ્લસિત ચિત્ત ભલેરૂં. મન. ૧૧

મોતીશા મૃત્યુ પહેલાં પુત્ર ખીમચંદને સંઘ લઇ પ્રતિષ્ઠા કરાવવાની ભલામણ કરતા ગયા અને

ભાદરવો બાહુવા તણોરે **સુદ પડવે ને રવિવાર**
મુહુરત લઈ સધારીયારે કાંઈ શેઠજી સ્વર્ગ મોઝાર.

પછી માગશર શુદ ત્રીજે કંકોત્રી દેશેદેશમાં મોકલી પોશ શુદ સાતમે સંઘ ખીમચંદભાઇએ કાઢયો. રાજનગરના હીમાભાઇ આદિ એક હજાર મોટા નાના સંઘવી ભેગા થયા. સવાલાખ માણસ થયું. મોતીશાના પત્ની દીવાળીબાઇ સ્વર્ગસ્થ થયા, મુહુર્ત્ત અંજનશલાકાનું મહા શુદ દશમ બુધવારનું લીધું. તપા ખરતર અને સાગર એ ત્રણેના સૂરિઓને લઇ પોશ વદ દશમે જલજાત્રા કરી. છેવટે મહા શુદ ૧૦ બુધવારે અંજનશલાકા કરી. ને ઋષભ જિણંદને મોતીશાની ટુંકમાં માહા વદ ૨ ને દિને ખીમચંદ શેઠે સ્થપાવ્યા. વિમળવસી, ખરતરવસી, છીપાવસી, પેમાવસી એ ચાર વસી-વસહિ હતી તેમાં પાંચમી મોતી-વસી થઈ. વળી છઠી વખતવસી ને સાતમી બાલાવસી. અને વળી સાકરચંદ પ્રેમચંદની પાસેની ટુંક થઇ.]

સઘ–માલ સુદિ ફાગણે મ. **બુધ બીજ** ઉત્સવ થાય.
આ યુગમાં આ વારતા મ. કંઈ પરછો નવિ દેવાય. મ.
તાલધ્વજાદિક તીરથે મ૦ વંદી વલિયા નિજ ગેહ મન૦
પુણ્ય કરીને અવતર્યા મન૦ આગલ પુણ્ય બાંધે એહ મ૦ ૧૧
તીરથ રૂપ એ સંઘ છે મ૦ **ભગવતિ** સૂત્રે એ પાઠ મ૦
ગુણવંતાના ગુણ મેં સુણ્યા મ૦ આ સંઘનો દેખિ ઠાઠ મ૦
ખીમાવિજય જસ ગુરૂ તણા મ૦ શ્રી **શુભવિજય** મુનિરાજ મ૦
પ્રભુસેં મગન સદા સુખી મ૦ કહે **વીરવિજય** મહારાજ મ૦ ૧૩

(૧) અંજનશલાકા સ્તવનં લ. સં. ૧૯૬૬ ॥ ૯–૯ દા. ૧૮ પો. ૪ વીરવિજય ઉ૦ ભટ્ટીની પોળ અમદાવાદ. (૨) ૭–૧૧ જૈનાનંદ પુ. સુરત નં. ૩૩૪૪ (૩) લપીતં બારોટ સાંમલદાસ પ્રેહેલાદજી સંવત ૧૯ બારના વરષે ફાગણ વદ ૧૦ દને સંપૂર્ણ ૬–૧૧ વીરમગામ લાયબ્રેરી.

(૧૦૭૦) +ધમ્મિલકુમાર રાસ. સં. ૧૮૯૬ શ્રાવણ શુ. ૩ રાજનગર.

આદિ—

સકલશાસ્ત્રમહોદધિપારગં, શમરસૈકસુધારસસાગરં
સુખકરં શુભવૈજય નામકં, મનસિ મંત્રમિમં પ્રજપામ્યહમ્ ૧
કમલભૂતનયામભિનમ્યતાં, કવિજનેષ્ટમનોરથદાયિનીં
રસિકપ્રાકૃતબંધકથામિમાં, વિરચયામિ વ્રતોદયહેતવે. ૨

દૂહા

શ્રી **શંખેશ્વર પાસજી**, જે જગમાં વિખ્યાત,
સમરી અમરી પરવરી, સૂરી **પદ્માવતિ** માત. ૩
વિજયવતી વિજયાભિધા, માયથી અધિક સનેહ,
નિત્ય રહે હૃદયાંતરે વીર્યભૂત મુઝ દેહ. ૪
નામ પકારાદિક સુણી, પૂરણ પ્રગટે પ્રીત,
મુઝ **પદ્માવતિ** નાંમની, શંકાશંકિત ચિત્ત. ૫
તેહ તણા સુપસાયથી, રચના રચસ્યું સાર,
વસુદેવ હીંડયે કહ્યો, સુંદર જે અધિકાર. ૬

વીર જિણંદ સમોસર્યા, **ગુણશિલ** ચૈત્ય મઝાર,
બારેં પરષદ આગલેં, ભાખેં વ્રત આચાર. ૭
સમકિતવંતને મુગતિનો, મારગ દોય પ્રકાર,
દેશ વિરતિ શ્રાવક તણો, સર્વ વિરતિ અણગાર. ૮
ચરણ રથેં ધોરી બિહું, દોરી બહુશ્રુત હાથ,
જ્ઞાની નર જો આગુઓ, તો સવિ સુખિઓ સાથ. ૯
માર્ગ ગમન સાધન વિધિ, સદગુરૂ વચન પ્રમાંણ,
ઉચ્છરંગનેં અપવાદથી, બિહુ ભેદે પચખાંણ, ૧૦
આસી નિરાસી ભાવથી, તપ કીધો ફલવંત,
સ્યાદવાદ સિદ્ધાંતમાં, સાચો નહિ એકાંત. ૧૧
આશી ભાવેં તપ કર્યો, આંબિલનો ષટમાસ,
આ ભવમાં **ધમ્મિલકુંઅર**, પામ્યો ઋદ્ધિ વિલાસ. ૧૨
પ્રેમે પુછે પરષદા, કુણ **ધમ્મિલકુમાર**,
જગતગુરૂ કરૂણાનિધિ, ઉપદેશેં અધિકાર. ૧૩

× × × ×

અંતે—

તપગચ્છ કાનન કલ્પતરૂપમ, **વિજયદેવ** સૂરિરાયાજી.
નામ દશોદિશ જેહનું ચાવું, ગુણીજન વૃંદે ગવાયાજી,
વિજયસિંહ સૂરિ તસ પટધર, કુમતિ મત્તંગજ સિંહોજી,
તાસ શિષ્ય સુરપદવિલાયક, લક્ષણલક્ષિત દેહોજી. ૧
સંઘ ચતુર્વિધ દેશવિદેશી, મલિયા તિહાં સંકેતેંજી,
વિવિધ મહોત્સવ કરતા દેખી, નિજ સુરિપદને હેતેંજી.
પ્રાયે શિથિલપણું બહુ દેખી, ચિત્ત વૈરાગેં વાસીજી,
સૂરિવર આગેં વિનય વિરાગેં, મનની વાત પ્રકાશીજી. ૨
સૂરી પદવી નવિ લેવી સ્વામી, કરશું કિરિયા ઉદ્ધારજી,
કહે સૂરી આ ગાદી છે તુમ શિર, તુમ વશ સહુ અણગારજી,
એમ કહી સ્વર્ગ સધાવ્યા સૂરિવર, સંઘને વાત સુણાવીજી,
સત્યવિજય પંન્યાસની આણા, મુનિગણમાં વરતાવીજી. ૩

સંઘની સાથેં તેણે નિજ હાથેં, **વિજયપ્રભ** સુરિ થાપીજી,
ગચ્છનિષ્ઠાએ ઉગ્ર વિહારી, સંવેગતા ગુણ વ્યાપીજી;
રંગિત ચેલ લહી જગ વંદે, ચૈત્ય ધજાઓ લક્ષીજી,
સૂરિ પાઠક રહે સન્મુખ ઉભા, વાચક **જસ** તસ પક્ષીજી. ૪
મુનિ સંવેગી ગૃહી નિર્વેદી, ત્રીજો સંવેગપાખીજી,
શિવમારગ એ ત્રણે કહીએ, ઈહાં સિદ્ધાંત છે સાખીજી;
આર્યસુહસ્તિ સૂરી જેમ વંદે, **આર્યમહાગિરિ** દેખીજી,
દો તિન પાટ રહી મરજાદા, પણ કલિજુગતા વિશેષીજી. ૫
ગૃથિલ જલાસી જનતાપાસી, નૃપ મંત્રી પણ ભળીયાજી;
સત્યવિજય ગુરૂ શિષ્ય બહુશ્રુત, **કપૂરવિજય** મતિ બળીયાજી,
તાસ શિષ્ય શ્રી **ખિમાવિજય** બુધ, વિદ્યા શકિત વિશાળીજી,
જાસ પસાયેં જગતમેં ચાવો, **કપૂરચંદ ભણશાળીજી**. ૬
તાસ શિષ્ય **સુજસવિજય** બુધ, તાસ શિષ્ય ગુણવંતાજી,
શ્રી **શુભવિજય** વિજય જસ નામેં, જે મહીમાંહે મહંતાજી;
પંડિત **વીરવિજય** તસ શિષ્યેં, રચના રચી સુરસાળજી,
ધમ્મિલ ચરિત ઘૃત સ્તત વીખર્યા, મેહેલી કરી ફૂલમાળજી. ૭
વિજયદેવેંદ્ર સૂરીસર રાજ્યે, દવી ભવીકંઠ પ્રસિદ્ધિજી,
રાજનગરમાં રહીય ચોમાસું, રાસની રચના કીધીજી,
સંવત **અઢારસેં** છન્નું વરસેં, શ્રાવણ ઉજળી તીજેં રે,
આ ભવમાં પચખાણ તણું ફળ, વરણવી જયું મન રીઝે રે. ૮
ત્રણ હજાર ને ષટશત ઉપર, શ્લોકની સંખ્યા ધારોજી,
દશ પરીક્ષક નર જો સુણશે, તો શ્રમ સફળ અમારોજી,
જે ભાવેં એ ભણશે ગણશે, શ્રવણ ધરી સાંભળશેંજી,
શ્રદ્ધાભાસન તત્ત્વરમણરસ, સિંચત વ્રતતરૂ ફળશેજી. ૯
દેહ નિરામય સ્નેહી સુખાશ્રય, અશન સુધામય કરશેજી,
મંદરીએ પગ પગ ઝળકંતી, ચપળા કમળા ઠરશેજી,
પુત્ર પવિત્ર કલત્ર વિચિત્રા, નેત્રાનંદે વિચરશેજી,
વાજી રાજી વિરાજિત બંધુર, સિંધુર ચઢી સંચરશેજી. ૧૦

રતન મહેલમેં સેહેલ કરશે, સજ્જન સુભટ પરિવરશેજી,
જિનગુરૂ ગીત ગ્રાન નૃત શાળા, મંગળિક માળા વરશેજી,
ભવ તરશે હરશે સવિ પાતક, સ્નાતક પદ અનુસરશેજી,
સુખભર શિવસુંદર વરમાળા, વિમળા કંઠે ધરશેજી. ૧૧

(૧–૨) સંવત ૧૮૯૮ ના વર્ષે વૈશાખ માસેં શુકલપક્ષે તથૌ ૮ અષ્ટમી. ધમ્મિલ કુમાર રાસ સંપૂર્ણ. લષિતં લાલજી શ્રી રાજનગર મધ્યેં શ્રી સંખેશ્વરજીપ્રસાદ શ્રી મંગલમાલા સંપજે. ૯૧–૧૬. મો. સેં. લા. બીજી પ્રત. ૯૪–૧૪ મો. સેં. લા. (૩) સર્વ ઢાલ ૭૨ કલશ ૨ સર્વાગ્ર શ્લોક સંખ્યા ૩૬૦૦ સં. ૧૯૦૪ શુ. ૯ ગુરૂ. શ્રી ગૌત્રકા મધ્યે સુમતિનાથ પ્રસાદાત્ લ૦ લાલવિજયગણિ પં. રૂપ સત્કેન—૮૫–૧૭ (ચા૦). (૪) સંવત ૧૯૧૩ આસાઢ સૂદ ૩ લ. । લાલજી સેસપૂર મધ્યે । પં. રંગવિજય વિરસ્તકેન પોતાની છે. ૧૨૨–૧૪ દાબડો ૧૯ પોથી ૨ વીરવિજયજી ઉપાસરો–ભઠીની પોળ, અમદાવાદ. (૫) સર્વ ઢાલ ૭૨ કલશ ૨ સર્વાગ્રે શ્લોક સંખ્યા ૩૬૦૦ લષિતં લાલજી રાજનગરે સં. ૧૮૯૬ કાર્ત્તક વદ ૫ ॥ ૨૪૮૮ ॥ પત્ર ૧૧૩–૧૪ વિજાપુર જૈન ગ્રાનમંદિર પ્રત નં. ૬૦૦. (૬) પ્ર. ભીમશી માણેક. ગુજરાતી પ્રિ. પ્રે. મુંબાઈ સં. ૧૯૪૨.

(૧૦૭૦ક) હિત શિખામણ સ્વાધ્યાય. સં. ૧૮૯૮–પત્ર ૫ નં. ૧૯૦૮ લીં.

(૧૦૭૦ખ) મહાવીરના ૨૭ ભવનું સ્તવન. સં. ૧૯૦૧ શ્રાવણ પૂર્ણિમા.

આદિ— દુહા.

શ્રી **શુભવિજય** સુગુરૂ નમિ, નમિ **પદમાવતિ** માય,
ભવ સત્યાવીસ વરણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામ્યે જીવને, ભવ ગણુતિ ગણાય,
જો વલિ સંસારે ભમે, તોપણ મુગતિ જાય. ૨
વીર જિણેસર સાહિબો, ભમિઉ કાલ અનંત,
પણ સમકિત પામ્યા પછિ, અંતે થયા અરિહંત. ૩

અંત—

મોટાનો જે આસરો રે, તેહથી પામીઇ લીલ વિલાસ,
દ્રવ્ય ભાવ શત્રુ હણિ રે, શ્રી **શુભ વીર** સદા સુખવાસ રે. ૧૧

કલસ.

ઉગણિસ **એકે** વરસ છેકે **પૂર્ણિમા શ્રાવણ** વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક **વર્દ્ધમાન** જિણેસરો;
સંવેગ રંગ તરંગ ઝીલે **જસવિજય** સમતાધરો,
શ્રી **શુભવિજય** પંડિત ચરણસેવક **વીરવિજય** જય કરો. ૧

—(૧) ઇતિ શ્રી વિરજિન ૨૭ ભવવર્ણન સ્તવન સંપૂર્ણમ્, હસ્તાક્ષર **ઓઝા મણીશંકર** હરીનંદ । ગ્રંથાગ્રંથ ૭૨ ૭૪ ।। સંવત ૧૯૫૮ જેષ્ટ સુદ ૮ શનીવાસરે સમાપ્તં. શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ ૩-૧૨ જશ. (૨) પત્ર ૪ થી ૫ નં. ૨૨૦૫ લીં.

(૧૦૭૧)+ ચંદ્રશેખર રાસ. સં. ૧૯૦૨ વિજયાદશમી રાજનગરમાં.

આદિ—

પહેલાં દ્રુતવિલંબિત છંદમાં ચાર સંસ્કૃત શ્લોક છે પછી

દોહા.

શ્રી **સંખેશ્વર પાસજી**, નામથી વિઘ્ન પળાય,
પ્રિયમેલક પરમેશ્વરૂ, નમિ **પદ્માવતી** માય. ૫
ઇષ્ટ દેવ સમરણ કરી, વ્રત ફળનો અધિકાર,
જિમ શ્રુતસાગરે વર્ણવ્યો, તિમ કહુ પર ઉપગાર. ૬
કોસંબીપુરી પરિસરે, સમવસર્યા જિન **વીર**,
રતનગઢેં દેઇ દેશના, ધ્વનિ જળધર ગંભીર. ૭
દુવિધ ધરમ શિવસાધનેં, સર્વ વિરતિ અણગાર,
દેશવિરતિ સુખ પંથ છે, શ્રાવકનાં વ્રત બાર. ૮
અતિથિવિભાગ ચરમ વ્રતેં, દિયે શ્રાવક મુનિ દાન,
ઉચિતાદિક બહુ ભેદમાં, અભય સુપાત્ર પ્રધાન. ૯
આસંસાઇ રહિત થકો, વિકસિત રોમ વદન,
ભક્તિવશે મુનિદાનથી, પરભવ સુખ સંપન્ન. ૧૦

ન્યાયોપાર્જન ધન થકી, અશન વસન અણુમાર,
સુર સુખ ભોગવી તે નરા, શિવસુંદરી ભરતાર. ૧૧
શાલિભદ્ર આદે ઘણા, તરિયા ઇણે સંસાર,
વળિ અચરિજ ચરિતે હુઆ, **ચંદ્રશેખર** નૃપ સાર. ૧૨
પ્રેમે પૂછે પરષદા, તે કુણ રાજકુમાર,
જગતગુરૂ તવ ઉપદિશે, સુંદર તસ અધિકાર.

અંતે—

(ધમ્મિલ કુમારરાસની પ્રશસ્તિ છે તે પ્રમાણે. જાણવા જેવો ફેર નીચે આપ્યો છે.)

પંડિત **વીરવિજય** તસ શિષ્યે, ચિત્તની વૃત્તિ ઉલ્લાસેજી,
ચંદ્રશેખર નૃપ ગુણ મણિમાલા, ગુંથી છે આ રાસેજી. ૭
સંવત **ઓગણીશ સયદોય** વરષે, વિજયાદશમ પ્રસિદ્ધિજી,
રાજનગરમાં રહીય ચોમાસું, રાસની રચના કીધીજી;
વિજયદેવેન્દ્ર સૂરિ સામ્રાજ્યે, ભાખ્યો વ્રત આચારોજી.
દક્ષ પરીક્ષક નર જો સુણશ્યે, તો શ્રમ સફળ અમારોજી. ૮
જીમ સોહમપતિ ઇંદ્રને નંદન નામે રાય જયંતાજી,
તિમ રાજેશરી શેઠ **હેમાભાઇ**, તસ નંદન ગુણવંતાજી,
છે યુવરાજ પદે પદ લાયક, પ્રેમાભાઇ બિરાજેજી,
રાસ તણી મેં રચના કીધી, તેહને સુણવા કાજેજી. ૯

× × × ×

(૧) પ્ર. શા. સવાઇભાઇ રાયચંદ તથા શેઠ કેશવલાલ જેએચંદ સં. ૧૯૫૪ અમદાવાદ સમશેર બહાદુર પ્રેસ. (૨) સર્વ ઢાલ ૫૭ કલશ ૨ સર્વાગ્રંથ શ્લોક સંખ્યા પ્રમાણઃ ૨૯૯૧. લખિતં જેઠાલાલજી સં. ૧૯૯૪ વ૦ ચૈત્ર સુદ ૮૩-૧૫ દાબડો ૧૯ પોથી ૧. વીરવિજય ઉપાસરો ઠે. ભઠીનીપોળ અમદાવાદ.

(૧૦૭૨)+ હઠીસિંહની અંજનશલાકાનાં ઢાળીયાં. હઠીસિંઘના સંઘનું વર્ણન ૬ ઢાળમાં (ઐ.) સં. ૧૯૦૩.

આદિ— વિવેકી વિમલાચલ વસીયે—એ દેશી.

વિનય વિવેકી લોક તણા, **ગુર્જર** દેશે ગામ ઘણાં,
ભવિક ભક્તિ કરે ભેલા, **તારણ** તીરથના મેલા. ૧
ગુણી ગુણ ગુણવંતના ગાવો,
જિમ સુખસંપદ નિત્ય પાવો. ગુણી૦ આંકણી.

× × × × ×

રાજનગર અમદાવાદે એક શત જિનવર પ્રાસાદે,

× × × × ×

તિણે શત ચૈત્ય યુક્ત છાજે, **કંપની બાહાદરને** રાજ્યે.

× × × × ×

નગરશેઠ **હેમાભાઈ** થયા, **પ્રેમાભાઈ** પુણ્ય જયંત જયા.
બીજા **હઠીસિંહ કેશરી** નંદા, તપે વસુધાયે રવિચંદા. ગુણી. ૯
વડ **ઓસવાલ** નાતિ શિરે, વિશ્વમાંહે બહુ કીર્ત્તિ વરે,
હઠીસિંહ સંઘવી થઈ સુમના, **સિદ્ધાચલ ગિરનાર** તણા,
સાહામી વત્સલ યાત્રા બહુલી, આપકમાણી કરે સફલી. ગુણી. ૧૧
અષ્ટમ દ્વીપ જિનાલયની, મસલત શેઠની સાથે બની,
હઠીસિંહ હઇયડે હોંશ ઘણી, શ્રી **શુભવીર** વચન સુણી. ગુણી. ૧૨

ઢાલ ૨. સાંભલ રે તું સજની મોરી—એ દેશી.

રાજનગર ઊત્તર દરવાજે, વાજે મંગલ તૂરજી રે,
સંવત **ઓગણીશ** સઇકે માધવ,ઊજ્જવલ પક્ષ સનૂરે, મનને મોજેંજીરે.
શેઠની વાડી સન્મુખ દક્ષિણ, બાગ **હઠીસિંહ** કેરોજી રે.
કદલી અશોક કુસુમ ચુવ ચંપક. તરૂવર કેરો ઘેરો. મન૦ ૨
તે માંહે વર મુહૂર્ત્ત લગને, ખાતનું મુહૂર્ત્ત કીધુંજી રે,
શિલ્પી કડીયા બ્રાહ્મણ લોકને, વંછિત ધન તિહાં દીધું. મન૦ ૩

(અહીં શિલ્પી પ્રતિમા ઘડતા ને મંદિરનું ચણતર કડીઆ ચણુતા હતા. હઠીસિંહને બે સ્ત્રીઓ–રૂકિમણી અને હરકુંઅર નામની હતી. મંદિર પાસે બંગલો કરાવ્યો. મંદિરમાં ભૂલચૂકની શંકા પડી,

એટલે ઘેર આવ્યા. નંદીસર બાવન જિનાલય જોઇને સ્વર્ગવાસ પામ્યા. 'ઓગણીશ એક શ્રાવણ શુદિ પંચમી ચિતિ સ્વર્ગ સધાવે.' છેલ્લે હરકુંઅર શેઠાણીને ભલામણ કરી ગયા કે હેમાભાઇની સલાહ લઇ ધન ખર્ચી ચૈત્ય પૂર્ણ કરી ગુરૂને પૂછી અંજનશલાકા કરવી. પ્રેમાભાઇની બંધુ તરીકે સલાહ લેજો. પુત્ર મગનચંદ ચિરંજીવી રહો. હરકુંઅર શેઠાણી ચૈત્ય પર સંભાળ રાખતા ને ધન ખરચતા. હઠીભાઇના ભાણેજ પાનાચંદ સરૂપચંદ મામીના વચને રહેતા. હેમાભાઇની સલાહથી બાવન જિનાલય ચાર માલ ને ત્રણ શિખરનું કરાવી તેમજ સુંદર પ્રતિમાઓ ભરાવી અંજનશલાકા કરી.

ઓગણીસસેં ત્રીજે વરસેં માહા વદિ પંચમીને દિવસેં,
અંજનશિલાકા કેરૂં, લીધું મુહૂર્ત્ત શેઠેં ભલેરૂં રે.

કંકોતરી દેશેદેશ મોકલી. સવા લાખ માણુસ જમા થયું. મહા શુદ છઠને દિને વરઘોડો થયો. ધર્મનાથની મુખ્ય પ્રતિમાનું સ્નાન કરાવવાનો વરઘોડો થયો પછી કુંભ સ્થાપના થઇ. સાતમે રાત્રિ ઉત્સવ કર્યો, આઠમે પૂજા કરી, નોમેં વરઘોડો, દશમેં મંત્રોચ્ચાર કરી અંજનશલાકા કરી.)

અંતે

ઉંચે શ્વાસેં મંત્ર ઊચ્ચારે રે, દશમેં પંચમી શીતવારે રે. ૬
થિર લગન નવાંસ તે બલીયેં રે, કરે અંજન સોવન શલીયેં રે,
પલ પાંચ ઘડી ચૌદ વેલા રે, જ્યોતિ પ્રગટી જાકજમાલારે. ૭
બહુ ઊત્સવ ઠાઠ વિશેષેં રે, અગીયારશેં મંદિર બેસેરે,
કલ્યાણક પંચ પ્રસિધ્ધો રે, **હરકુંઅરે** જગ જસ લીધોરે. ૮
શ્રી **શાંતિસાગર** સૂરિરાયારે, આદેં ચઊ ગણપતિ આયારે,
વલી સાતસયા અણગાર રે, પહેરામણીયો વિસ્તાર રે. ૯
ખરચ્યા રૂપૈયા લખ આઠરે, સજ્જન કરતાં ગુણ પાઠરે,
દુર્જન દોષ ઊપાડે રે, તેતો પયમાં પૂરા કાડે રે. ૧૦
આંબલીનો કાતરો ખાટોરે, વિષ ભરીયો વીંછી કાંટોરે,
શ્વાન પૂછ ને દુર્જન રસનારે, ચાર વાંકા વિધાતા ઘટનારે. ૧૧

દશ પૂરવધર **વયર** સ્વામીરે, વાર એકવીશ પડિમા વિસામીરે,
દેવેં **જાવડશા** હરી લીધેરે, પૂરવી થઈને શું કીધેરે. ૧૨
જિનવાણી અમૃત તોલેરે, પાખંડી અવગુણ બોલેરે,
ચોર બલતો દેખી ચંદેરે, કરપી દાતાને નિંદેરે. ૧૩
ધરેં કાગ કદા ન ઊડાડેરે, નિંદે તસ જેહ જમાડેરે,
માંદી પડી નારી રાંક રે, ધરે કંચુકે દરજી વાંક રે. ૧૪
હોંશ ભાજી ને ન મલે નાણુંરે, કરડકણું ને ઘોડું કાણુંરે,
દુર્જન વાતો કહું કેતીરે, કરે કર્પણી કષ્ટેં ખેતી રે. ૧૫
કષ્ટેં કરી દ્રવ્ય કમાવેરે, જિન મારગ ખેત્રેં વાવે રે,
જે સજ્જન તસ ગુણ ગાવેરે, શોભે મુખ તંબોલ ચાવેરે. ૧૬
પ્યાજ લસણ ખેતર દુરગંધી રે, જાય કેતકી વાડી સુગંધીરે,
સુરભી વાસેં રહે તાજા રે, **શુભવીરવિજય** મહારાજારે. ૧૭

—(૧) પત્ર ૪ નં. ૧૭૬૬ લીં. (૨) પ્ર૦ સં. ૧૯૪૦ જગદીશ્વર છાપખાનામાં મુંબઈ શિક્ષા છાપમાં. (૩) ૮-૧૦ માં. (૪) ૬-૧૧. તાજી નવી પ્રત દા. ૧૮ પો. ૪ વીરવિજય ઉ. ભઠીપોળ અમદાવાદ.

(૧૦૭૩) સિદ્ધાચલ ગિરનાર સંઘ સ્તવન (ઐ૦) સં. ૧૯૦૫ માહ શુ. ૧૫ બુધ (અમદાવાદના શેઠ પ્રેમાભાઇના સંઘનું વર્ણન છે).

આદિ— કાર્ત્તિકે કૃષ્ણ ચાલ્યા કાલીએ એ દેશી.

વિમલગિરિ ધ્યાંન વિમલ ધરીએ,
તપ જપ કરી પાતિક હરીએ,
તરીએ નૌ સમ ભવદરીએ—વિમલ૦ ૧

× × × ×

સોરઠ ગુજર દેરાસરે, શેઠની પદવી જેહ ધરે
વર તે **હેમાભાઇ** શક્ર પરેં-૧૨ વિમલ૦
કંકુ શેઠાંણી સચિઅંસા, તસ નંદન ચંદન હંસા,
કુલમેં **પ્રેમાભાઈ** અવતંસા-૧૩ વિમલ૦

આપકમાંણી કરૂં સફલી, જાત્રા કરૂં પાલી છહ'રી',
ધારી લખી બહૂ કંકોતરી-૧૪ વિમલ૦
શેઠેં મુહૂરત સહી કરિએ, કાર્તિક વદ એકાદસીએં,
શેઠ **પ્રેમાભાઈ** સંઘવીએ-૧૫ વિમલ૦
તિલક વધાવેં **ઉજમભાઈ**, કુલમેં સવાઇ હજ્યો ભાઈ,
આસીસે સજ્જન વિકસાઇ,-૧૬ વિમલ૦
ઢાલ ૨ વાલ્હા તમે તો કયાના દાંણીજો, નવ રંગ ચૂનડી તાણી
જો—એ દેશી

× × × ×

ઇમ મોટા ઓછવ થાવે જો, પુર બાહિર સહુ આવે' જો,
મેરૂ વનમાં જીમ જંબૂ જો, દીધા ડેરા તંબૂ જો. ૧૫
દિન ત્રણેં સંઘ મેલાવે જો, **સરખેજ** ગામે આવે જો,
શુભવીર પ્રભુને નાંમે જો, શેઠજી સંઘવી સાંમે જો. ૧૬

ઢાલ ૩ તમે વસુદેવ દેવકીના જાયાજી,
લાલજી લાડકા—એ દેશી.

ઇહાં બીજું મુકામ કરીનેજી, તીરથ ગુણ વસિયા,
ચંદ્ર પ્રભુ ચરણ નમીનેજી, શાસનના રસિયા,
ત્રીજું મુંકાંમ **માંરઇયેજી,** તિહાં **વિમલ** જિણેસર નમિએજી.
ત્રણ ચાર કોસ નીત ચાલેજી, ગામ **બાવલેં ઋષભ** નિહાલે,
કોઠ ગાંમે છઠું મુંકાંમજી, **આદિદેવ** કરી પ્રણામજી.
ધંધુકે દસમ વિસામેંજી, **મરૂદેવા** સુત સિર નામેંજી,

× × × ×

તેરમું મુંકાંમ સોહાવેજી, **બરવાલા** ગાંમે આવેજી,

(ત્યાં મૌન એકાદશી કરી. શ્રી પદ્મપ્રભને પૂજ્યા. હેમાભાઇ મનસુખભાઇ, બંને શોભતા હતા. ઉજમબાઇ, બહેન રૂખમિણી, મોતીકુંવર હતા. તેના મુલચંદ મગન પુત્રો હતા, એમ બહોળું હેમાભાઇનું કુટુંબ. સાથે બે દેરાસર હતાં.)

સંઘ સાથે શેઠ સીધાવ્યાજી, **પછેગાંમ** સતરમેં આવ્યાજી,
તિહાં પન્નરમા જિનચંદેજી, સંઘવીણ **ઉજલીવહુ** વંદેજી,
દિન અઢારમેં **ઉંવરાળેજી**, બીજા જિન **અજીત** નિહાલેજી,
વદ ત્રીજે **પાલીતાંણેજી**, ઉતરીયાં હર્ષ ભરાણેજી,
એકવીસ ગિરિનાંમ જગીસજી, **શુભવીર** મુકાંમ એકવીસજી.

ઢાલ ૪ માહરો સસરો આવ્યા સાસુ સોતા,
મારે નાયો નણદીનો વીર, મહાજગ માંડિયો–એ દેશી.

તંબુના ડેરા દીધા, **પ્રેમાભાઈ** શેઠ સંઘવી.
પાલીતાણે શેઠ પ્રતાપથી, કીયો રાજ્ય હુકમ સુગરીદ,
મોતીચંદ મલુકચંદ હરખતા, જાણે અમ ઘર આવ્યા શેઠ.

× × × ×

અનુક્રમે **વિમલવસી** આવીયા, **ચકેસરીસું** સંકેત,
જઇ **ઋષભદેવ** ચરણે નમ્યા, કરી ભેટ કનકનો હાર.

× × × ×

ઉતરીયા કરે નિત્યેં જાતરા, સંઘ માણસ સાત હજાર.
માગસર વદી તેરસ ઓછવેં, માલ પધરાવી જિનગેહ,
સંઘવચ્છલ ગુરૂ પધરામણી, **શુભવીર** વચનરચું નેહ. ૧૪

ઢાલ ૫ કલસ રાગ ધન્યાસરી, ગાયો ગૌતમ ગોત્ર મુણીંદ–એ દેશી.

× × × ×

સંવત **ઓગણીસ સઇકે પંચ**, વર્ષે હર્ષ તણે ટાંણેરે,
ગુણી ગુણ ગાતાં ગુણની શ્રેણ, ધુર અંગે જ્ઞાની જાંણેરે,
ધ્યાપક ધ્યેય ને ધ્યાંન સમાજ, અન્વય વ્યતિરેકે કરીરે,
શ્રી **શુભ વીરવિજય** મહારાજ, અનુભવ લીલા વિસ્તરીરે.

ઢાલ ૬ આવ્યો રૂડો વસંત વાલ્હા ઘેર આવોરે–એ દેશી.

× × × ×

ઉજ્જલગિરિ વંદી ઉજલ પરિણામેરે, **નેમિ** નમન મન ધાર,

× × × ×

પોસની ઉજલ પંચમીરે, પંચમી ટુંક વિચાર.
સિદ્ધગિરિ ભેટયા તે સમરંતા ચાલેરે, માલ્હેં લહિ જિનનામ,
અમરેલી અમરાવતીરે, નગરેં કિયો વિશરામ.
રાજા સનમુષ આવિયારે, શેઠને કરત પ્રણામ,
સંઘ સહિત ઇમ પંથ ચલંતાં, પહોતા **જીરણગઢ** ઠાંમ,
નેમનાથ ગિરનાર ગિરિ ચઢી ભેટયારે, મેટયા દુખ સંઘાત,
અવર જિનાલય વંદિનેરે, નમતા **અંબા** માત.
પાંચમી ટુંકે જિન તણાંરે, પગલાં પૂજન જાત,
મિથ્યાતી કહે **દત્ત** ગુરૂરે, પણ છે સાચી વાત.

× × × ×

સંઘ જમણ સેહસાવન જાત્રા કરતાંરે, વીત્યા વત્સર આઠ,
વદિ પાંચમ **મહાવીર** નમીરે, ચાલ્યા મંગલપાઠ,
નવાનગર નીશાન ઝગ્યાંરે, સાહમિયેં બહુ ઠાઠ.
ભક્તિ ભરે નિત્ય ચૈત્ય નમેંરે, એક વિહુણાં આઠ. ૮
જાંમ રાય **રણમલ્લજી** નિજ દરબારેરે, તેડી દીએ અલંકાર,
પ્રેમાભાઇનેં તિલક કરીરે, અશ્વેં ન કિમ બોલનાર. ૯
પાલખી આપી વરસ પ્રતેરે, ખરચમાં રૂકમ હજાર,
સાતસેં જણની રસોઇ દીએંરે, દશ દિન ભક્તિ ઉદાર. ૧૦
ભૂષણ વસ્ત્રેં કુટુંબ સોહાવી વધાવ્યારે, આવ્યા **વાંકાનેર** શહેર,
સાંહમીવચ્છલ જિન ચૈત્ય નમીરે, દેવગુરૂની મહેર. ૧૧

× × × ×

તપગચ્છ **એમાવિજય** ગુરૂના **જસવિજયો**રે **શુભવિજય** શ્રુતધાર
સંવત **ઓગણીસ પાંચના**રે, માઘી પુનમ બુધવાર.
પંડિત **વીરવિજય** તણીરે, વાંણી અમૃત ધાર,
ઉચ્છવ રંગ વધામણાંરે, શેઠ તણે દરબાર. ૧૨

ઢાલ ૭. કલશ રાગ ધન્યાસિરિ
ગીરૂઆરે ગુણ તુમતણા એ દેશી.

× × × ×

દક્ષ સભાફલ પાંમસ્યેં, હોય તીરથ ભક્તિ વિશાલારે,
શ્રી **શુભવીર**નેં શાસનેં નિત્ય હોજો મંગલિક માલારે. ૭
ગિરિ ગુણ માલા મન રમેં.

—૯-૯ દા૦ ૧૮ પોથી નં. ૨ વીરવિજય ઉપાસરો ભઠીની પોળ અમદાવાદ.

(૧૦૬૪) સંઘવણ હરકુંઅર સિદ્ધક્ષેત્ર સ્તવન. (ઐ૦) સં. ૧૯૦૮

આદિ—

વિમલગિરિ વિમલવસી સેરી, અમૃત ધરવાલે ઘેરી,
વિષની વેલડીયો વંખેરી, ૧
નમો નમો નાથ નિરંજનને, નિરંજન જ્ઞાન અનંત ધને.

× × × ×

ગુરૂ મુખ સાંભલિ દિલ ઉલસે, **રાજનગરમાં** નિત્ય વસે,
ઓસવાલ વંસ ગુરૂ વિકસેં. ૫ નમો૦
હઠિસિંહ કેસરિશિંહ તણિ, રમણિ રમણિક રૂપેં ભણિ,
નાંમે **હરકુંયર** સેઠાંણિ. ૬ નમો૦
ઉમાભાઈ રૂપચંદ હૂકમધરા, નાંહના **ઉમાભાઈ** છે ચતુરા,
એ દોય મસલત માંહે ખરા. ૭ નમો૦
લલુભાઇ ભાંણેજ એ સઘલા, નણંદિ **ઉજમબાઈ** નેહધરા,
ઉમાભાઇ સાથેં વિચ્યારવરા. ૮ નમો૦
સંઘવિ પદની હુંસ ઘણી, **સિદ્ધગિરિ સોરઠ** દેસતણી,
ધન ખરચીજે પૂણ્ય ભણી. ૯ નમો૦
ગામ ગામ લખિ કંકોતરિ, સંઘ મેલવિઉ પ્રેમ ધરિ,
મુહૂરત લિધું હર્ષભરિ. ૧૦ નમો૦
માક્ષર વદિ તેરસ સઅરે, દોય **ઉમાભાઇ** અગ્રસિરે,
હાથે સેઠાણિ તિલક કરે. ૧૧ નમો૦
સ્વરગથકિ મુલે લાધા, ડેરા તંબુ ખડા કિધા,
શ્રી શુભવીર વયણ સિદ્ધા. ૧૨ નમો૦

સં. ૧૯૦૮ ના માગશર વદ ૧૩ ને દિને સંઘ નીકળી નીચે પ્રમાણે મુકામ કર્યાઃ—

(૧) મોરઇયા ગામે પોશ શુદ તીજે, (૨) બાવલા ગામમાં, (૩) કોઠ, (૪) હડાલા, (૫) ધંધુકા, (૬) પોલાસ, (૭) રતનપુરી, (૮) ઉમરાલા નોમ દિને, (૯) આકોલાલી દશમે, (૧૦) પાલીતાણે એકાદશીએ. પછી યાત્રા કરી. પોશ વદ નોમે સંઘજમણ ને અગ્યારસે ગિરનાર તરફ પ્રયાણ. પ્રતાપસિંહ રાજાએ શેઠાણીની પોતાને ત્યાં પધરામણી કરી. સંઘે (૧) ઘેટી (૨) ગારિયાધર (૩) સેલડી (૪) અમરેલી (૫) જેતપુર (૬) જૂનાગઢ મહા શુદ પાંચમે ગિરનાર ચડયા. બારસને સોમવારે ચાલ્યા. ધોરાજી વદી પડવે આવી નવાનગર આવ્યા. પછી મોરબી, વઢવાણ, લીંબડી, ધોલેરાબંદર, ધોલકા, ને રાજનગર ફાગણ શુદ ૬ ગુરૂએ આવ્યા.

અંતે— કલશ.

ઉગણીસ આઠે બહુ ઠાઠે વરસ સુંદર જાંણીએ,
એ સંઘ રચના વર વિલોકિ, પૂરવ સંઘ વખાણીએ.
બહૂ વાવર્યૂં ધન પુન્યક્ષેત્રે **હરકુંયર** શેઠાણિએ,
ફલ આતમ સાખેં ગ્નાનિ પંડિત **વીરવિજયની** વાણીએ.

—પત્ર ૭-૯ દા. ૧૮ પોથી ૪ વી. ઉ. અમદાવાદ.

(૧૦૭૫) સ્તવન સઝાયાદિ નાની કૃતિઓ.

[આ કવિએ સ્તવનો, સઝાય, ગુંહલી આદિ નાની કૃતિઓ એટલી બધી રચેલ છે કે તે દરેકના આદિ અને અંત આવતાં ઘણો વિસ્તાર થઇ જાય. તે પૈકી કેટલીકનો સંગ્રહ અમદાવાદની ભઠી પોળમાં આવેલા તેમનાજ નામથી ઓળખાતા એટલે વીરવિજય ઉપાશ્રયમાં દા. ૧૮ પોથી નં. ૨ થી ૭૫ પત્રની પ્રતિમાં કરવામાં આવ્યો છે તેનાં નામજ અત્ર જણાવીશું.]

૧ જિન પંચત્રિંશત્ વાણી ગુણ નામાથ ગર્ભિત સ્ત૦ ૬૬ કડી સં. ૧૮૫૭, ૨ સીમંધર જિન સ્ત૦ ૧૨ કડી, ૩ દીવાળી સ્ત૦ ૬

કડી, ૪ દીવાલી સ્ત૦ ૬ કડી, ૫ સિદ્ધચક્ર સ્ત૦ ૧૧ કડી, ૬ સિદ્ધ-ચક્ર સ્ત૦ ૧૦ કડી, ૭ ઋષભદેવ સ્ત૦ ૫ કડી, ૮ સિદ્ધચક્ર ગુંહલી ૧૨ કડી, ૯ સાધારણ આંગી વર્ણન સ્ત૦ ૫ કડી, ૧૦ સીમંધર સ્ત૦ ૮ કડી, ૧૧ ભાભાપાર્શ્વ સ્ત૦ ૬ કડી, ૧૨ ગોડીપાર્શ્વ સ્ત૦ ૧૦ કડી, ૧૩ અઠાણુ બોલ સ્ત૦ સં. ૧૮૫૫ પાર્શ્વ જન્મ દિવસે, ૧૪ વીર સ્ત૦ ૫ કડી, ૧૫ પીસ્તાલીસ આગમ સ્ત૦ ૧૫ કડી, ૧૬-૧૭ દશ શ્રાવક સ. ૯, ૯ કડી, ૧૮ ભગવતી સૂત્ર ગુંહલી ૭ કડી, ૧૯ ગુંહલી. કડી ૯ રાજનગરમાં સં. ૧૮૫૮, ૨૦ શાંતિજિન સ્ત૦ ૯ કડી, ૨૧ ચૌદસોબાવન ગણેશ ચૈત્યવંદન ૬ કડી, ૨૨ વીશ સ્થાનક સ્તુતિ ૪ કડી, ૨૩ અઠાવીશ લબ્ધિ ગુંહલી ૯ કડી, ૨૪ ચોત્રીશ અતિશયાન્વિત સીમંધર સ્ત૦ બે ઢાળ, ૨૫ પર્યુષણ ગુંહલી ૯ કડી, ૨૬ સીમંધર સ્તુતિ ૪ કડી, ૨૭ સુવિધિ સ્ત૦ ૪ કડી અને ૧૧ કડી, ૨૮ સઝાય ૧૧ કડી (સહજાનંદી રે આતમા), ૨૯ પાર્શ્વનાથ સ્ત૦ ૬ કડી, ૩૦ સંભવ સ્ત૦ ૫ કડી, ૩૧ સુમતિ સ્ત૦ ૭ કડી, ૩૨ વૈરાગ્ય સ્વાધ્યાય ૬ કડી (સુણ સોદાગર), ૩૩ મુહપતીના પચાસ બોલ સઝાય, ૩૪ સાધારણ ખ્યાલ સ્ત૦ ૩ કડી, ૩૫ ગોડી પાર્શ્વ લાવણી ૭ કડી, ૩૬ નેમિગીત ૩ કડી, ૩૭ નેમીશ્વર ગીત ૭ કડી, ૩૮-૪૦ ગુંહલી ૯ કડી, ૫ કડી, ૬ કડી, ૪૧ સિદ્ધગિરિ સ્ત૦ ૧૧ કડી, ૪૨ નેમીશ્વર ગીત ૯ કડી, ૪૩ આરતિ ૯ કડી, ૪૪ સમકિત સ્વાધ્યાય ૧૧ કડી, ૪૫ સિદ્ધ સ્ત૦ ૫ કડી, ૪૬ નેમનાથ સ્ત૦ ૭ કડી, ૪૭ નવાણુ જાત્રાનું સ્ત૦ ૧૫ કડી, ૪૮ શંખેશ્વર સ્ત. ૧૧ કડી સં. ૧૮૭૮ ફા. વ. ૧૩, ૪૯ સિદ્ધા-ચલ ચૈત્યવંદન ૭ કડી, ૫૦ વસંતોત્સવે વીર સ્ત. ૧૪ કડી, ૫૧ શ્રી રાગણાંકિતં ૬૨૬ અક્ષરાત્મકં કાવ્યં (સં.) ૫૨ નેમીશ્વર સ્ત. ૮ કડી, ૫૩ લાવણી ૫ કડી, ૫૪ નેમનાથ સ્ત. ૯ કડી, ૫૫ ઋષભ સ્ત. ૭ કડી, ૫૬ આમલકી ક્રીડા સ્ત. ૯ કડી, ૫૭ પૂજા અવસરે પ્રથમ સ્તુતિરૂપ દૂહા ૧૦ (જલ ભરી સંપુટ પત્રમાં), ૫૮ સ્થૂલિભદ્ર

નાટક ૩ કડી, ૫૯ વયર સ્વામી ફુલડાં ૮ કડી, ૬૦ હરીઆલી ૯ કડી, ૬૧ શંખેશ્વર પાર્શ્વ સ્ત. ૯ કડી, ૬૨ અક્ષયતપ નિધિ સ્ત. સં. ૧૮૭૧ શ્રાવણ (ઉપર આવી ગયું), ૬૩ અક્ષય નિધિ તપ ખમાસમણ વિધિ દૂહા વીસ, ૬૪ સિદ્ધાચલ ખમાસમણ દૂહા ૨૧, ૬૫–૬૬ ગુંહલી ૮ કડીને ૭ કડી ૬૭ શંખેશ્વર પાર્શ્વ સ્ત. ૭ કડી, ૬૮ વીર સ્ત. ૧૦ કડી, ૬૯ સિદ્ધાચલ સ્ત. ૯ કડી, ૭૦ સામાયક સઝાય ૯ કડી, ૭૧ નેમિનાથ રાજમતી બાર માસ ૧૮ કડી (સખિ તોરણ આઇ કંત) ૭૨ +હિત શિક્ષા છત્રીસી ૩૬ કડી, ૭૩+ છપ્પન દિક્કુમરી રાસ ૨ ઢાળ, (અંજનશલાકા સ્તવનની ૯ પાનાંની પ્રત છેવટે છપાયેલ છે સં. ૧૯૬૬–દા. ૧૮ પો. ૪ વીરવિજય ઉ.), ૭૪–૭૫ ગુંહલી ૬ કડી ૫ કડી, ૭૬ સર્વાર્થસિદ્ધ સ્તવ ગર્ભિત ઋષભ સ્ત. ૧૨ કડી, ૭૭ વાસુપૂજ્ય સ્ત. ૭ કડી, ૭૮ સિદ્ધાચલ સ્ત. ૧૨ કડી, ૭૯ પાર્શ્વનાથ સ્ત. ૯ કડી, ૮૦ જયંતી પ્રશ્ન ગુંહલી ૯ કડી, ૮૧ નેમિનાથ સ્ત. ૯ કડી, ૮૨ સમોસરણ સ્ત. ૧૫ કડી (એક વાર વચ્છદેશ આવજો), ૮૩ ગુંહલી ૬ કડી, ૮૪ વિમલ સ્ત. ૮ કડી, ૮૫ નેમિ સ્ત. ૯ કડી, ૮૬ બાવન જિનાલય ચૈત્યવંદન ૩ કડી, ૮૭+ રહનેમી સઝાય ૧૩ કડી, ૮૮ પજુસણ ચૈત્યવંદન ૯ કડી.

સીમંધર સ્વામી આદિનેક સ્તવન સ્વાધ્યાય પત્ર ૬ થી ૨૦ નં. ૧૯૫૮ લીં.

શેત્રુંજય તીર્થ ૨૧ નામના દૂહા તથા ગુંહલીઓ પ્રત નં. ૨૩૯૩ શ્રી મુક્તિકમલ મોહન જ્ઞાનભં. વડોદરા; તથા ગુંહલી સંગ્રહ ૬–૧૪ આ. ક.

કેટલીક સઝાયો, સ્તવનો વગેરે છપાયેલ છે તે માટે જુઓ ભીમશી માણેકની સઝાયમાળા પૃ. ૫૨, ૫૪, ૬૮, ૧૩૫; જૈન કાવ્યસાર, જૈન પ્રબોધ પૃ. ૮૯, ૧૦૨, ૩૫૨, ૩૯૦, ૪૪૩, ૪૪૪.

૫૨૭ રામચંદ્ર (૨) (લો. લોંકાશા-રૂપો-જીવરાજ-વરસિંગ ....સંતાની લખમીચંદ શિ.)

(૧૦૭૬)+ તેજસારનો રાસ. સં. ૧૮૬૦ ભાદરવા શુ. ૫ નૌતનપુરમાં-નવાનગરમાં.

આદિ—

સ્વસ્તિ શ્રી ચંદ ગુરૂ પ્રતે, પ્રતે, પ્રેમે કરીય પ્રણામ,
બુદ્ધિ વૃદ્ધિ હું કીધ, જેહથી પામ્યો ધરમ સુધામ. ૧
જિણથી જિણવર ઓળખ્યા, રિખભાદિક ચોવીસ,
અતીત અનાગતને નમું, વિહરમાન વલી વીસ. ૨

અંતે— ઢાલ ૧૦૯ મી.

× × × ×

કાલાપિણ બાળા, **વીર** તણા પટોધાર,
ભસ્મ ગ્રહ ઉતાર્યો, પછર આવ્યા વિસ (૧૫૨૦) સાર, ૧૫
લોંકાશા લહિયો, લખતાં તે સૂત્ર સિદ્ધાંત,
દયા ધર્મ દીઠો તજવી તે હિંસા એકાંત. ૧૬
મુનિ મુખથી ન ભાખે, હિંસા વચન લગાર,
પૂર્વ પશ્ચાત દોષ ટાળે, બેતાળીસ દોસ અણગાર. ૧૭
જિન પડિમાને પૂજે, આશ્રવ લાગે અનેક,
કમળાપ્રભાચાર્ય ભમિયો તે ભવ અછેક. ૧૮
એમ જાણીને **લોંકે** દયા ધર્મ દીપાયો,
ગુજરાતે લોંકા ગિરવો તે ગચ્છપતિ પાયો. ૧૯
રૂપો ઋષિ પ્રથમ, શ્રી પુજ વડા ગુણવંત,
જીવરાજ પટોધર, દયા ગુણે દીપંત. ૨૦
વળી વકરે પામ્યો, ભસ્મગ્રહ તીજે પાટ,
વરસિંઘ કુંડ કમાણા, તિણે કીધો ગચ્છ ફાટ. ૨૧
કુંઅરજી પાટે બેઠા, **વરસંઘ** પક્ષ હુઇ દુજી,
કુંઅરજી પાટ **શ્રીમલ, મોરબી** જેણે પ્રતિબૂજી. ૨૨

શ્રીમાળી ઓલાણી નોતનપુરના વાસી,
જેમ જેમ તજી નારી, લિધો તે સંજમ ઉલાસી. ૨૩
રતનાગર ગણીવર, **કેસવ** તણારે પાટે,
સાતમા ગણી **શિવજી**, વંદ્યાથી ટળે ઉચાટ. ૨૪
દસમે તે પાટે, શ્રીપુજ શ્રી **ભાગચંદ**,
પરિગ્રહના ત્યાગી, વંદ્યાથી હોય આનંદ. ૨૫
શિવજી પાટે સિંધ સમો **સિંઘરાજ**,
સુખમલ સુરિસ્વર, સાર્યો તે આતમકાજ. ૨૬
તાસ શિષ્ય પટધારિ, વિદ્યા તણોરે ભંડાર,
બાળચંદ ગછનાયકા, તેના શિષ્ય વંદુ ચાર. ૨૭
લક્ષ્મીચંદ મુનિ મોટા, સાધુ ગુણેથી સંપન્ન,
વિજેચંદ જગનાથજી, માણિકચંદ ઉપર મન. ૨૮
તેહને ભણાવી ગણાવી, ગણિવર પદ લઇ દિધો,
આગેવાન થઈને, વડ ભ્રાતા જસ લીધો. ૨૯
માણિકચંદની પાટે **ખુબચંદ** તેરમો પાટ,
જગતચંદ વિરાજે, વિદ્યમાન ધયઘાટ. ૩૦
લખમીચંદ ગુરૂ ગિરૂવા, સુબુદ્ધિ તણારે દાતાર.
વિપ્રશ્રી **ગોહણ** જ્ઞાતી, ક્ષમા તણારે ભંડાર. ૩૧
જોતિષ વૈદક જાણે પિણ ન કરે પાપ પરસંગ,
અત્રિસ સુત્રની સાથે, જેહને તે પુરણ રંગ. ૩૨
તેણે કૃપા મુજ કીધી, શિષ્ય કરી સમકિત દીધો,
જૈન મારગ માંહે, મુજને તે પ્રવિણ કીધો. ૩૩
ભવોભવ મુજ સેવા, એહજ ગુરૂજીની હોજ્યો,
ગુરૂજી કૃપા કરીને, મુજને જ્ઞાન ગુણ દેજો. ૩૪
એહ ગુરૂજીને પ્રતાપે, રચના રાસની કીધી,
પૂર્વે ચોપાઇ હુતી તે **કરમસી ભુધરાણીએ** દીધી. ૩૫
તેહ તણે અનુસારે, કીધો એ ચરિત્ર રસાલ,
કોઇક અધકો કે ઓછો, વચન ભાખ્યો હોવે આલ. ૩૬

તેહ મિછામિ દુકડ હોજ્યો તે શ્રી સંઘ સાખે,
નોતનપુર **મેં** વંચાસી, સંવત **અઢારસો** **સાઠ**. ૩૭
ભાદરવા શુદ પાંચ સ્વાત સતિ સિદ્ધિ જોગ,
ભવિ ભણુસે ને ગણુસે, તેહની હોય તે કાયા નિરોગ. ૩૮
એ ભણતાં ને સુણતાં, સફળ ફળ્યો સંઘ આસ,
શ્રી જિન સાસનમાં નિત્ય હોજો લીલ વિલાસ. ૩૯
નોકરવાલીને ઉપર, જિમ તે શોભતો મેર,
તેમ **તેજસાર** રાસે, શોભતી ઢાલ તેણી પેર. ૪૦
લખમીચંદ ગુરૂ કેરા ચરણ કમળનો હું દાસ,
ગુરૂ કૃપા લહિને કિધો એ ગ્રંથ પ્રકાસ. ૪૧

કલશ

ઇમ **નવેનગર** શ્રી સંઘ સુખકર, **લોંકા**ગછ લાયક ઘણો,
દયા ધર્મ ધારે આશ્રય ટાળે શોભતો સાસન જિન તણો,
નોતનપુરમાં સહુ કોઇ જાણે, **લક્ષ્મિચંદ** ગુરૂ ગુણ ઘણા,
સુધ ભાવસ્યું જેણે સેવા કીધી, નહી તસ ઘર કોઈ મણા.
તેહ ગુરૂ તણી કૃપાથી, શિષ્ય **રામચંદ** રંગે કરી,
ભવિ ભણસે ગુણસે જેહ સુણસે, તે તો રિધિ સિધિ વંછિત વરે.

—પ્રકાશક મોતીચંદ કેવલચંદજી વાંકાનેરવાલા સં. ૧૯૫૬. (સને ૧૯૦૦)

---

૫૨૮. રૂપવિજય. [ત૦ પદ્મવિજય (નં. ૪૮૯) શિ.]

(૧૦૭૭) ગુણસેન કેવલીરાસ. સં. ૧૮૬૧ કાર્તક વદ ૭ મંગળ રાજનગરમાં.

આદિ—

સકલ સિદ્ધિ દાયક સદા, **શંખેશ્વર** પ્રભુ **પાસ**,
પ્રણમું પદકજ પ્રેમથી, આણી મન ઉલ્લાસ. ૧

શારદ વિધુ વદની સદા, પ્રણમું **શારદ** પાય,
બ્રહ્મસુતા વાગ્ધેશ્વરી, સમર્યા જ્ઞાન સુહાય. ૨

અંતે— (ઢાલ. રાગ ધન્યાસી.)

ગાયો ગાયો રે, મેં **ગુણસેન** કેવલી ગાયો.

× × × ×

સાપ સિંહ વ્યાઘ્રાદિકના ભવ, પામે ક્રોધ પસાયો,
હાંરે ધર્મરત્ન તે દુર્લભ જેહથી, પાપ પલાયો રે. મેં૦ ૬
સમતાવંત મહંત મુનીસર, પામ્યા સાશ્વત ઠાયો,
તેહના પદપંકજ નિત નમીઇ પામીઇં સુમતા રાયો રે. મેં૦ ૭
તપગચ્છ ગયણ દિણંદ સમોવડિ, **વિજયદેવ**સૂરિ રાયો,
તાસ પાટ પૂર્વાચલ દિનકર, **વિજયસિંહ**સૂરિ ઠાયો રે. મેં૦ ૮
તાસ સીસ શ્રી **સત્યવિજય** ગણી. સંવેગ રંગે સવાયો,
ક્રીયા ઉદ્ધાર કરી તિણે સુંદર, સાસન સોહ ચઢાયો રે. મેં૦ ૯
સીસ **કપૂરવિજય** ગણી તેહના, પંડિતરત્ન કહાયો,
સીસ તાસ શ્રી **ખેમાવિજય** ગણી, ગુણમણી રોહણ ઠાયો રે. મેં૦ ૧૦
શબ્દાલંકૃતિ નાટિક છંદે, જૈનાગમમાં સવાયો,
શ્રી **જિનવિજય**ગણિ શિષ્ય તેહના, પંડિતરાજ કહાયો રે. મેં૦ ૧૧
ઉત્તમવિજયગણી તસ વિનયી. વૈરાગ રંગે રંગાયો,
તસ પાટે પ્રતપે છે સંપ્રતિ, જ્ઞાન ધ્યાન જિણે પાયો રે. મેં૦ ૧૨
પંડિત **પદ્મવિજય** ગુરૂરાજે, જિણે બહુ શાસ્ત્ર નિપાયો,
સુરગુરૂ પણ પ્રતિભા જસ દેખી, લાજ્યો સ્વરગ જઇ ઠાયોરે. મેં૦ ૧૩
તસ પદ પદ્મ ભ્રમર સમ સેવક, **રૂપવિજય** કહેવાયો,
ગુણસેન રાસની રચના કીધી, મનુજ જનમ ફલ પાયોરે. મેં૦ ૧૪
સંવત **ચંદ્ર રિતુ ગજચંદ્રે**, શ્રી જિનરાજ પસાયો,
રાજનગર ચોમાસું રહીને, રાસ એ રમ્ય નિપાયો રે. મેં૦ ૧૫
કાર્તિક વદિ સાતિમ ભ્રગુવારે, ભાષા છંદે લખાયો,
જે નર ભણસ્યે ગણસ્યે તેહને, થાસ્યે સુખ સહાયો રે. મેં૦ ૧૬

—(૧) ઇતિ શ્રી સકલ પંડિત ચક્રવાલ ચૂડામણી શ્રીમત્પ્રવર પંડિતાધીરાજ શ્રી પદ્મવિજયગણીનાં પાદારવિંદસ્વાદનૈકરસિકેન પં. રૂપવિજયગણિના રચીતે શ્રીમદ્ ગુણસેન કેવલી ચરીત્રે પ્રાકૃત પ્રબંધે ગુણસેન કેવલી મોક્ષગમન પર્યંત ચરીત્ર સમાપ્તં. ઇતિ શ્રી ગુણસેન કેવલીરાસઃ સંવત ૧૮૬૮ ના કાર્ત્તિક વદિ ૧૩ બુધવારે. પં. શ્રી ૫ હીરવિજયગણી વાચનાર્થં. શ્રી પાર્શ્વનાથજી પ્રસાદાત્ શ્રી કલ્યાણમસ્તુ. પત્ર ૭૮ પં. ૧૩ આ. ક. (૨) સં. ૧૮૬૧ કાર્તિક વદિ ૭ ભ્રગુવાસરે પં. પ્રતાપવિજય ગણિ તત્ શિષ્ય પં. વવેકવિજયગણિ તત્ ભ્રાત પં. ભાણવિજય લખિતં. સાગરગચ્છ. ૬૪–૧૩ દા. ૪૧. નં. ૩૩ **ન** ડે.

(૧૦૭૮)+ પદ્મવિજય નિર્વાણરાસ. (અ.) સં. ૧૮૬૨ વૈ. શુ. ૩ પાટણમાં.

આદિ—

શારદ વિધુવદની સદા, પ્રણમું **શારદ** પાય,
સરસ વચન રસ પામિયે, જપતાં જાડ્યતા જાય. ૧

અંતે— ઢાલ ૧૨ મી.

ગિરૂઆ ગુણ ગુરૂજી તણા મુજ સાંભરે હિયડલા માંહે રે.

× × × ×

કલશ.

ગુરૂરાજ ગાયા સુજસ પાયા, દુખ ગમાયા દૂર એ.
નયન ઋતુ ગજ ચંદ વરસે, પામી આનંદ પૂર એ.
ગણી **રૂપવિજયે** રાધ માસે, અક્ષય તૃતિયા દિન એ.
નિર્વાણ રચના રચી સુંદર, સુણતાં સંઘ પ્રસન્ન એ.

—(૧) પ્ર૦ જૈ૦ એ૦ રાસમાળા ભા. ૧. (આનો સાર નં. ૪૮૯ પદ્મવિજયમાં આપ્યો છે.) (૨) પ્રત નં. ૨૧૭૨ પત્ર ૧૫ **લીં.**

(૧૦૭૯) અષ્ટપ્રકારી પૂજા. સં. ૧૮૭૯.

—પ્રત નં. ૧૮૪૯ પત્ર નં. ૬ થી ૯ લીં.

(૧૦૮૦)+ વીશ સ્થાનક પૂજા. સં. ૧૮૮૩ ભાદ્ર. શુ. ૧૧.

આદિ— દોહા.

સુરપતિ શ્રીપતિ નરપતિ, ગુણતતિ જસ નિત ગાય,
પુરિસાદાણી **પાસજી, શંખેશ્વર**પુરરાય. ૧
સકલ સમીહિત પૂરવા, સુરતરૂ સમ સોહાય,
પ્રણમી પદ યુગ તેહના, ભક્તિભાવ ચિત્ત લાય. ૨
સમકિતધારી જીવને, જિનપદ પ્રાપ્તિ હેત,
વિશ સ્થાનક પૂજા રચું, પામી શાસ્ત્ર-સંકેત. ૩

અંતે— ઢાલ ૨૧ (ધણું જીવ તું જીવ જિનરાજ જીવો ધણું એ દેશી.)
સકળ મંગળ તણી વેલી વિસ્તારણી, વિશ સ્થાનક તણી સરસ પૂજા,
શ્રી **વિજયસિંહ** સૂરીશ **તપ** ગણપતિ, શિષ્ય તસ **સત્યવિજયા**ભિધાણો.
કપુર ખીમાદિ જિન ઉત્તમ શબ્દથી, **વિજયપદે** શિષ્ય સંતાન જાણો. સ૦ ૪
તત્ત્વ ગજ દિગ્ગજ ચંદ્ર વરસે ભલી, શુકલ એકાદશી ભદ્ર માસે,
સકલ સુખસદ્મગુરૂ **પદ્મવિજયાં**તિષત, **રૂપવિજયા**ભિધો વાણી ભાષે. સ૦ ૫

કલશ.

એમ સકલ મંગલ શ્રેણિદાતા, **પાર્શ્વ** શ્રી **શંખેશ્વરો,**
વર ભક્તિ દાવે શુદ્ધ ભાવે, સંથુણ્યો અલવેસરો.
સંવેગમાર્ગી તત્ત્વરાગી, **પદ્મવિજય** મુણીશરો,
તસ શિષ્ય ભાખે શાસ્ત્ર સાખે, **રૂપવિજય** સુહંકરો.
—પ્ર૦ વિવિધ પૂજા સંગ્રહ પૃ. ૫૦૫ થી ૫૩૯.

(૧૦૮૧) +સ્નાત્ર પૂજા. ત૦ વિજયજિનેંદ્ર સૂરિના રાજ્યમાં—એટલે સં. ૧૮૮૪ પહેલાં.

આદિ— આર્યા.

मुक्तालंकार विकारसारं सौम्यत्वकांतिकमनीयं ।
सहज निजरूप निर्जित जगतत्रयं पातु जिनबिंबं ॥

× × × ×

દુહા.

સયલ સુરાસુર નરવરા, જસુ વાણી લયલીણ,
સો પરમાતમ અતિશયી, ઠવે સિંહાસણ પિણ.

અંતે— ઢાળ.

દશ વૈમાનિક વીસ ભવણવઇ, બત્રીસ વ્યંતરરાજા,
સામાનિક તાયતિંસ પરષદા, લોકપાલ ચઉ તાજા.

× × × ×

તપાગચ્છનાયક ગુણલાયક, **વિજયજિણંદ** સૂરિ નામ,
તસ રાજ્યે જિન-જનમ-મહોચ્છવ, ગાયો ગુણ અભિરામ.
સંવેગરંગ સુરંગી સદ્ગુરૂ, **સત્યવિજય** મહારાજ,
શિષ્ય **કર્પૂર ક્ષમા જિન ઉત્તમ,-વિજય** પદે વધિ લાજ. ૬
શ્રી ગુરૂ **પદ્મવિજય**-પદસેવી, **રૂપવિજય** કહે એમ,
શ્રી જિનજન્મમહોત્સવ ગાસ્યે, તેહને સઘળે ખેમ.
પુણ્યમહોદય કમલા વિમલા, હોસ્યે ઝાકઝમાલ,
ઋદ્ધિ સિદ્ધિ નવનિધિ તે, લહસ્યે નિત્ય મંગલમાલ. ૭

રાગ પ્રભાતી દેશી.

એમ પૂજા જિનરાજની, સમકિત રૂચિવંત,
કરતાં નિર્મળ ભાવસ્યું, લહો જ્ઞાન અનંત. ૧

× × × ×

પ્રભુપદ **પદ્મ**ની પૂજના, **રૂપ** કહે કરે જેહ,
અખય અનોપમ સંપદા, નિજ નિજ પામે તેહ. ૪

—(૧) પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ પૃ. ૪૬૧ થી ૪૭૩. (૨) લિ. સં. ૧૮૭૯ પ્રત નં. ૧૮૪૯ પત્ર ૧ થી ૬ લીં.

(૧૦૮૨) +પીસ્તાલીસ આગમ પૂજા. સં. ૧૮૮૫ આશો શુ. ૩

આદિ— દોહા-આચારાંગ સૂત્ર પૂજા.

ભવિકજીવ હિતકારિણી, સ્યાદ્વાદ જસ વાણી,
તે પરમાતમ પ્રણમીયે, વિમલ અનંત ગુણખાણી. ૧

જિનમુખ પદ્મદ્રહ થકી, પ્રગટી ત્રિપદી ગંગ,
મુનિ માહણ ઝીલે સદા, અર્થ પીયે ગ્રહી ચંગ. ૨
મિથ્યા તમ-ભર ટાળવા, જિનવર અભિનવ સૂર,
તસ ગોભર શ્રુત પૂજીને, પામો સમકિત નૂર. ૩

અંતે— કલશ-ધન્યાશ્રી.

ગાયા ગાયારે, **પણયાલીશ આગમ** ગાયા,
જિનવરભાષિત ગણધરગુંફિત, મુનિવર કંઠ મલાયારે. પણ૦ ૧

× × × ×

શ્રી **વિજયદેવ** સૂરીશ્વર પટધર, **વિજયસિંહ** સૂરિરાયા,
સત્યવિજય તસ શિષ્ય મનોહર, સંવેગમારગ ધ્યાયારે. પણ૦ ૪
કપુર ખિમા જિન ઉત્તમ નામથી, 'વિજય'પદે સોહાયા,
શ્રી ગુરૂ **પદ્મવિજય** પદપંકજ, નમતાં નવનિધિ પાયારે. પણ૦ ૫
બાણ નાગ ગજ ચંદ્ર સંવત્સર, આસો માસ સુહાયા,
ત્રીજે સવિતાસુત વારે ભલા, કંઠે ગીત મલાયારે. પણ૦ ૬
તપગચ્છ વિજયદિણેંદ્ર સૂરીશ્વર, રાજે સુજસ સુહાયા,
રૂપવિજય કહે આગમપૂજા, કરતાં સવી સુખ પાયારે. પણ૦ ૭

—(૧) પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ પૃ. ૫૪૦ થી ૫૮૮. (૨) સંવત્ ૧૮૮૬ ના વર્ષ માસોતમાસે શુકલપક્ષે ૧૩ તિથૌ બુધવાસરે લી૦ પં. રત્નવિજય ગ૦ લપીકૃત્વં શ્રી પંચાસરાજી પ્રસાદાત્ શ્રી પાટણ નગરે-શ્રી વિજયદિનેંદ્ર સૂરીશ્વરજી રાજ્યે. ૧૮-૧૫ પુ. મં.

(૧૦૮૩) + પંચજ્ઞાનની પૂજા. સં. ૧૮૮૭ નેમિકલ્યાણક દિવસે.

આદિ— પ્રથમ મતિજ્ઞાન પૂજા પ્રારંભ-દોહા.

સકલ કુશલ કમલાવલી, ભાસક ભાણુ સમાન,
શ્રી શંખેશ્વર પાસના, ચરણ નમી ધરી ધ્યાન. ૧
કરમતિમિર-ભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સુર,
જ્ઞાની જ્ઞાનબળે લહે, સ્વપર સ્વભાવ પડુર. ૨

શ્રદ્ધા મૂળ ક્રિયા કહી, તેહનું મૂળ તે જ્ઞાન,
તેહથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એકતાન. ૩
અસંખ્ય ભેદ કિરીયા તણા, ભાખ્યા શ્રી અરિહંત,
જ્ઞાનમૂલ સફલા સવે, પંચભેદ તસ તંત. ૪
મઈ સુઅ ઉહિ મણપજ્જવા, પંચમ **કેવળ** જાણ,
પૂજા કરતાં તેહની, લહીએ પંચમ નાણ. ૫
જાણે કેવળે કેવળી, શ્રુતથી કરે વખાણ,
ચઉ મુંગા શ્રુત બોલતું, ભાખે ત્રિભુવન ભાણ. ૬
પંચ જ્ઞાન અનુક્રમે લહી, જેહ થયા અરિહંત,
અષ્ટપ્રકારે પૂજતાં, લહીએ જ્ઞાન અનંત. ૭

અંતે— ઢાળ ૧૧ મી કલશ—રાગ ધન્યાશ્રી.

પૂજો પૂજોરે, ભવિ પંચજ્ઞાન નિત પૂજો,
પંચજ્ઞાન પૂજન સમઘટમાં, ઓર ન સાધન દૂજોરે. ભવિ. ૧
મઇ સુઅ ઉહિ ને મનઃપર્યવ, કેવળ પંચમ જાણો,
અડાવીશ ચઉદસ પટ્ દુગ ઇગ, ભેદ પ્રમાણ વખાણોરે. ભવિ. ૨
જ્ઞાન આરાધન સિદ્ધિનું, સાધિ કર્મ ખપાયા,
કેવલકમળા પામી અનંતી, સિદ્ધિએ સિદ્ધ સુહાયારે. ભવિ. ૩
જ્ઞાન જ્ઞાનીની સેવા કરતાં, ચિરસંચિત અઘ જાય,
પૂણ્ય મહોદય કમળા વિમળા, ઘટમાં પરગટ થાયરે. ભવિ. ૪
શ્રી **વિજયદેવ** સૂરીશ્વર પાટે, **વિજયસિંહ** સૂરિ રાયા,
તાસ શિષ્ય શ્રી **સત્યવિજય** ગણિ, સંવેગ મારગ ધ્યાયારે. ભવિ. ૫
શિષ્ય **કપૂર ખિમા જિન ઉત્તમ,-વિજય** પદે સોહાયા,
શ્રી ગુરૂ **પદ્મવિજય**પદ પંકજ, નમતાં શ્રુત બહુ પાયારે. ભવિ. ૬
ઋષિ ગજ દિગ્ગજ ચંદ સંવત્સરે, જ્ઞાનભગતિ મન લાયા,
નેમીશ્વર કલ્યાણક દિવસે, પંચજ્ઞાન ગુણ ગાયારે. ભવિ. ૭
તપગચ્છ **વિજયજિણંદ સૂરિશ્વર**, દીપે તેજ સવાયા,
તસ રાજ્યે ભવિજન હિતકાજે, **રૂપવિજે** ગુણ ગાયારે. ભવિ. ૮

—(૧) પ્ર૦ વિવિધપૂજાસંગ્રહ પૃ. ૪૯૨ થી ૫૦૪. (૨-૩) પ્રત નં. ૧૭૯૯ પત્ર ૬ અને પ્રત નં. ૧૯૨૭ પત્ર ૬ લીં.

(૧૦૮૪) + પંચકલ્યાણક પૂજા. સં. ૧૮૮૯ માહ શુ. ૧૫
સિદ્ધાચળે. પાલીતાણામાં.

આદિ— પ્રથમ શ્રી ચ્યવન કલ્યાણક.

અમરનિકર નિત જેહના, ભક્તિ રસે ભરપૂર,
પદપંકજ પૂજા કરી, કરે કર્મ ચકચૂર. ૧
ઉક્કોસય સત્તરિસયા, જિનવર જગસિણગાર,
પ્રણમી ગાસ્યું તેહના, પંચકલ્યાણક સાર. ૨
ચવન જનમ વ્રત કેવળી, મોક્ષ તે પંચમ જાણ,
પ્રેમે પૂજા ભવિ કરી, લહો કલ્યાણ કલ્યાણ. ૩
ધન તે ગામ નગર પુરી, ધન્ય તેહ નરનાર.
જિહાં કલ્યાણક જિન તણાં, ધન્ય તેહના અવતાર. ૪
હરિ જિન કલ્યાણક કરી, જાઇ નંદિસર ઠામ,
અઠ્ઠાઈ મહિમા કરી, જાયે નિજ નિજ ધામ. ૫
તિણ વિધ સાવય શ્રાવિકા, સમકિતી અણુવ્રતી ખાસ,
પુજા કરી જિનરાજની, તોડે કર્મના પાસ. ૬
અડ નવ સત્તર પ્રકારથી, જિન પૂજન કરી સાર,
જિન પદ પામિ જુગતથી, લહો ભવિ ભવ જળ પાર. ૭

અંતે— કળસ. રાગ ધન્યાશ્રી

ગાયા ગાયારે, જિનરાજ ભગતિ રસે ગાયા.
અકલ અસંગ અનંત અરૂપી, પૂર્ણાનંદ પદ પાયા,
ધ્યેય ધ્યાન એકતાને, આતમ અભેદે ઠાયારે. જિ. ૧
સમકિતધારી અણુવ્રતકારી, શુચિ શ્રદ્ધા મન લાયા,
પારંગત પદ પૂજન કારણ, ભગતે ચિત્ત ભરાયારે. જિ. ૨
તદ્દગત ચિત્ત સૂત્ર અનુસારે, ભાવની વૃદ્ધિ સોભાયા,
જે જિનરાજ ભગતિ કરેંગે, તસ ઘર સુજસ સવાયા. જિ. ૩

તપગચ્છ વિજયદેવસૂરિ પાટે, **વિજયસિંહ** સૂરિરાયા,
સત્યવિજય તસ શિષ્ય મનોહર, સંવેગ મારગ ધ્યાયારે. જિ. ૪
કપૂર ક્ષમા જિન ઉત્તમ નામે, દિન દિન સુજસ સવાયા,
શ્રી ગુરૂ **પદ્મવિજય** પદ પંકજ, નમતાં દુરિત ગમાયારે. જિ. ૫
નંદ દિશા ગજ ચંદ વર્ષે, મધુ સુદિ પુનમે ધ્યાયા,
શ્રી **સિદ્ધાચળ** તીરથ ફરસી, રૂપવિજય ગુણ ગાયારે. જિ. ૬

—(૧) પ્ર. વિવિધ પુજા સંગ્રહ પૃ. ૪૭૪ થી ૪૯૧. (૨) લિ. સં. ૧૯૦૪ પ્રત નં ૧૮૦૦ પત્ર ૮ લીં. (૩) લી. સાધૂ ગોવિં(દ)દાસઃ-૯-૧૦ જશવિજય મુનિ સંગ્રહ નં ૧૦૩.

(૧૦૮૫) વિમલ મંત્રી રાસ. (ઐ.) સં. ૧૯૦૦ અસાડ શુદ ૧૩ રવિ.

આદિ— દૂહા.

ચિદાનંદ પરમાતમા, શુદ્ધ સ્વરૂપ સુજ્ઞાન,
નમો વિશ્વનાયક સદા, સિદ્ધ શુદ્ધ ભગવાન. ૧
ચિદાનંદ ચિદ્રૂપ પ્રભુ, ચિદ્‌મૂર્ત્તિ નમું દેવ,
પરમ બ્રહ્મ પરમાતમા, કિજે તેહની સેવ. ૨
મરકતમણિ સમ દેહ જસ, ફણિપતિ સેવિત જેહ,
સકલ સિદ્ધિ નાયક નમુ, **પાસ શંખેશ્વર** તેહ. ૩
પ્રણમું **વીર** જિણંદના, પદ જુગ પ્રેમેં આજ,
વરતે શાસન જેહનું, જયવંતુ સુભ્રાજ. ૪
ઋષભાદિક જિનરાજને, પ્રણમિ ચઢતે ભાવ,
સારદ વિધુવદની વલી, શારદ શુદ્ધ સ્વભાવ. ૫
ફણિ મણિ કિરણની શ્રેણિઇ, સોભીત જેહની દેહ,
પૂરો વંછિત માહરા, **પઉમાવઈ** સવિ તેહ. ૬
અંબાપરં પદ માંડવા, શિખવજે સુખકાર,
કવિજનને તે અંબિકા, આપો વચન રસ સાર. ૭
પ્રણમુ પદકજ ગુરૂ તણા, ગ્યાનામૃત જલધાર,
જેહથી સવિ સંપત્તિ મલે, પસરે જસ વિસ્તાર. ૮

ગુણનિધિ સજ્જન લોકને, પ્રણમિ ચઢતે પ્રેમ,
રાસ રચું સોહામણો, **વિમલ પ્રધાન**નો એમ. ૯
કુણ પ્રધાન **વિમલા** હુઓ, કુંણ ઠાંણે કુંણ દેસ,
કુંણ ખ્યાતિ છે તેહની, કહો સવિ તેહ અશેષ. ૧૦
કહે કવિયણ તુમે સાંભળો, **વિમલ** તણો અધિકાર,
નિદ્રા વિકથા પરિહરો, આલસ દુર નિવારિ. ૧૧

અંત— રાગ ધન્યાશ્રી.

ગાવો ગાવો રે, ભવિ તીરથના ગુણ ગાવો
પાવો પાવો રે પરમાનંદ પદ પાવો. એ ટેક.
સિદ્ધાચલ ગિરનાર મનોહર **અર્બુદ** ને **વૈભાર**,
સમતશિખર તીરથ પ્રભુ સિદ્ધા વિસે જગત આધાર રે.
—ભવિ તીરથના ગુણ ગાવો.

× × × ×

તપગચ્છ ગગનનભોમણિ પ્રગટયો શ્રી **વિજયદેવ**મુનીસ,
તાસ પાટ ઉદયાચલ દિનમણિ શ્રી **વિજેસિંઘ** સૂરીસ. ૧૦
જ્ઞાન ધ્યાન તપ સંયમધોરી સંવેગરંગ સુરંગી,
શ્રી ગુરૂ **સત્યવિજય** તસ પટ્ટધર યોગાચાર્ય પદ સંગી રે. ૧૧
કપુરવિજયગણિ શિષ્ય તેહના કપુરોજ્જવલ જસ ધારી,
તાસ શિષ્ય શ્રી **ખેમાવિજય**ગણિ જ્ઞાન ક્રિયા અધિકારી રે. ૧૨
વાદિ મત્તંગજ ભેદન હરિસમ, શ્રી **જિનવિજય** મુનીસ,
તાસ શિષ્ય આગમરસવેદિ **ઉત્તમવિજય** સુશીષ્ય રે. ૧૩
સદાલંકૃતિ નાય કાવ્યરસ પિંગલ નાટિકા ગ્રંથ,
જૈનાગમ સિદ્ધાંતના વેદિ વર્ત્તે સદા મુનિ પંથ રે. ૧૪
મહાભાષ્ય તત્ત્વારથ સંમતિ કમ્મપયડી સુપહાણ,
શિષ્ય અનેકના પાઠ પ્રણમું, ધરૂં નિત તેહનૂં ઝાણ રે. ૧૫
શ્રી પદ્મગુરૂ **પદ્મવિજય** પદ પંકજ મધુકર મહાવ્રત ધારિ,
રૂપવિજય શ્રી **વિમલચરિત્ર**થી રાસ રચ્યો સુવિચારી રે. ૧૬

સંવત નભ નભ નંદ ચંદ (૧૯૦૦) મિત વરસે આસાઢ માસે,
સુદિ તેરસ રવિવારે રચના, રાસનિ કિધિ ઉલ્લાસે રે. ૧૭

—(૧) સં. ૧૯૦૫ લિ૦ ગોધાવીનગરે વર્ધમાનસ્વામિ પ્રસાદાત્ રાજનગરે સં. અમીવિજયે લખાવ્યો છે-૭૪-૧૨ દા. ૪૧ નં. ૩૪ ક ડે. (૨) રત્ન. (૩) સંવત ૧૯૦૮ ના વર્ષે માસોત્તમ માસે પુરૂષોત્તમ માસે શુક્લપક્ષે તિથૌ દ્વિતીયા દન્યે મંગલવાસરે સંપૂર્ણ પઠનાર્થે શેઠજી શ્રી લલુભાઇ પાનાભાઇ શ્રી ઓસવાલ જ્ઞાતીય વૃદ્ધા શાખાયાં શિસોદિયા વંશે કુંકુમલોલ ગોત્રિય શ્રી રાજનગર શ્રેષ્ટિ । લિખિતં પટેલ કલ્યાણ લક્ષ્મીચનદાસ ॥ ૭૪-૧૧ મો. સેં. લા. (૪) ચતુર્થ-ખંડ સમાપ્તઃ સંવત ૧૯૦૯ વૈશાખ શુદી ૧૨ દ્વાદશી વારે શુક્રવારે લીપિકૃતં પં. જતનકુશલેન ગોધાવિનગરે શ્રી અમદાવાદ નગર નિવાસિ મગનલાલ વખતચંદને અર્થે લખ્યો. ગુજરાતી ફાર્બસ સભા. (આ મગનલાલ વખતચંદે અમદાવાદનો ઇતિહાસ લખ્યો છે જેની શિલાલેખવાળી છાપેલી પ્રત અમદાવાદ ગુજરાત વર્નાકયુલર સોસાયટીની લાયબ્રેરીમાં છે).

સ્તવન સઝાયો:—

અજિતનાથ જન્માભિષેક.

—લિ. સં. ૧૮૭૯ પ્રત નં. ૧૮૪૯ પત્ર ૯ થી ૧૧ લીં.

મહાવીર સત્તાવીશ ભવ સ્ત૦

—લિ. સં. ૧૯૨૪ પ્રત નં. ૩૫૦૫ પત્ર ૭ લીં.

+અરણિકમુનિ સ. લિ. સં. ૧૮૬૯ પ્રત નં. ૨૫૬૫ પત્ર ૫૨મું. લીં.

+મન સ્થિર કરવાની સઝાય. આત્મબોધ સ૦, નેમરાજુલ સ. (સ. મા. ભી.). તારંગા સ્ત૦ સં. ૧૮૭૪ રાધ માસ શુદ ૧૦ શુક્ર. ૧૬ કડીનું (મુનિ જશ.)

(આ કવિએ પૃથ્વીચંદ્ર ગુણસાગરનું ચરિત્ર લખેલું તે છપાયેલ છે.)

૫૨૯ જ્ઞાનસાર. (ખ૦ જિનલાભસૂરિ–રત્નરાજ શિ.)

[જન્મ સં, ૧૮૦૧માં વીકાનેર રાજ્યના જાંગૂલની પાસેના જૈગલેવાસ ગામમાં, પિતા ઉદયચંદજી સાંડ, માતા જીવણદે. દીક્ષા સં. ૧૮૧૨માં ખ. જિનલાભસૂરિ શિષ્ય રાયચન્દ્ર (રત્નરાજ ગણિ) પાસે. શાસ્ત્રાભ્યાસ અને સ્વાનુભવથી મસ્તયોગી, કવિ અને અધ્યાત્મી થયા હતા. વીકાનેરના રાજા સૂરતસિંહ, જયપુર નરેશ પ્રતાપસિંહ, જેસલમેરના રાવલ ગજસિંહ, અને પ્રધાન જોરાવરસિંહ તેમના ભક્ત અને અનુરાગી હતા. તેમણે પોતાની કૃતિઓ પ્રાયઃ હિંદીમાં અને ક્વચિત્ રાજસ્થાની ગુજરાતી મિશ્રિત હિંદીમાં કરેલી છે. સં. ૧૮૯૯માં ઘણું કરી સ્વર્ગસ્થ થયા. તેમની પાદુકા સં. ૧૯૦૨ની વીકાનેરમાં વિદ્યમાન છે. તેમનું પ્રસિદ્ધ નામ 'નારાયનજી બાબા' હતું. સદાસુખ, હરસુખ આદિ તેના વિદ્વાન શિષ્યો હતા.]

(૧૦૮૬) પૂરવ દેશવર્ણન છંદ (હિંદીમાં સં. ૧૮૫૨ લગભગ ને સં. ૧૮૭૩ પહેલાં.

જાતિ ત્રિભંગી.

કેઇ મેં દેખ્યા દેશ વિશેષા નહિરે અખકા સબહીમેં,
જિહ રૂપ ન રેખા નારી પુરષા ફિર ફિર દેખા નગરીમેં.
જિહ કાંણી ચુચરી આંધરી બધરી લંગરી પંગુરી હ્વૈ કાઇ,
પૂરવ મતિ જાજયૌ પશ્ચિમ જાજ્યૌ દક્ષિણ ઉત્તર હો ભાઈ. ૧

× × × ×

નિંદા નહીં કીધી સબહી સીધી દીઠી જૈસે જ્યું અંગે,
ત્યુંહી મેં ભાખી કાણ ન રાખી ઝૂઠ ન દાખી ઈક અંગે.
જનપદ જિણ દેખ્યો જિણે ન પેખ્યો સાચ ઝૂઠ તિણ પરખાઈ,
પૂરવ મતિ જાજ્યૌ પશ્ચિમ જાજ્યો દક્ષિણ ઉત્તર હો ભાઈ. ૧૩૨
ઘણું ઘણું કયા કહૂં કહ્યો મેં કિંચિત કોઇ,
સબ દીઠા સબ લહૈ દેસ દીઠૌ નહિ જોઈ.

જાણી જેતી બાત તિતી મેં પ્રગટ વખાણી,
ઝૂઠી કથ નહીં કથી, કહી હે સાચ કહાણી.
પિણ રહિ સહૂ ઇકિ બાતનો, તન સુખ ચાહે દેહ ધર,
નારણ ધરી અરૂ કયા પહુર, રહે નહીં સો સુઘર નર. ૧૩૪

(૧૧૧૫) ૨૧ પ્રકારી પૂજા [એકવિંશતિ વિધાન જિનેંદ્ર પૂજા) સં. ૧૮૭૮ માઘ શુ. ૫ રવિ.

આદિ— દોધક (દૂહા).

મંગલ હરિચંદન રૂચિર, નંદન વિપિન ઉદાર,
વામાનંદન–પદ–પદમ, વંદન કરિ જયકાર. ૧
પ્રવચનમેં પ્રભુની કહી, એ ઇકવીસ પ્રકાર,
પૂજ હિત સુખ ખેમ શિવ પદ કરણી મનુહાર. ૨

અંતે— રાગ ધન્યાસિરી, તેજ તરણિ મુખ રાજે એ ચાલ.

જિનજીકો સુરપતિ ગુણ ગાવૈ,
જે ઇકવીસ ભેદ જિન પૂજા, કરઇ કરાવૈ ભાવૈ.
તે જન સકલ દુરિત અરિ હરી કરી, તીર્થંકર પદ પાવૈ. ૧
વરસ **નાગ રિષી વસુ ધરણી** નિત, સકલ સંઘ સુખ પાવૈ,
માઘ માસ સિત પંચમિ દિનકર, વાસર સહુ દિન રાવૈ. ૨
શ્રી **જિનચંદ્રસૂરિ** ખરતરપતિ, પટનભ તરણિ કહાવૈ,
શ્રી **જિનહરષસૂરિ** સૂરીસર, વિજયમાંન વડદાવૈ. ૩
ક્ષેમકીર્ત્તિ શાખા મંડનવર, મહોવઝાય પદ ચાવૈ,
રૂપચંદ વાદીંદ્ર બિરૂદ ધર, જસુ ગુણિયલ ગુણ ગાવૈ. ૪
તસુ વિનય વાચક વર પદધર, **પુણ્યશીલ** શુભ ભાવૈ,
સમયસુંદર ગણિ તસુ પદ પંકજ, સેવત ભમર કહાવૈ. ૫

સમરણ કરિ જિન ગુરૂકો વલિ, તસુ ચરણ કમલ સુપસાવે,
પૂજ રચી પાઠક **શિવચંદે,** પરમાનંદ વધાવે.　　　જિન૦ ૬

(૧) ૯-૧૩ અનંત, નં. ૨. (૨) ૮-૧૪ અનંત. નં. ૨ (૩) પત્ર ૮ સં. ૧૯૪૯ ગાડરવાડે પો. ૭૫ દાન૦ (૪) પત્ર ૨૫ કવિની ઋષિમંડલ પૂજા સહિત પો. ૧૭ અભીર.

(૧૧૧૬)+ ઋષિમંડલ પૂજા–ચતુર્વિંશતિ જિનપૂજા સં. ૧૮૭૯ બીજો આસો શુ. ૫ શનિ જયનગરમાં.

આદિ—

પ્રણમી શ્રી **પારસ** વિમલ, ચરણ કમલ સુખદાય,
ઋષિમંડલ પૂજન રચું, વર વિધિયુત ચિત લાય.　　૧
નંદીશ્વર મંદિર ગિરે, શાશ્વત જિન મહારાજ,
અરચૈ અડવિધ પૂજસૈ, જૈસે સહુ સુરરાય.　　૨
તિમ ચિત જિનપતિ ગણધરા, શ્રાવક સમકિત-ધાર,
વિરચૈ જિન ચોવીસકી, અડવિધ પૂજ ઉદાર.　　૩

અંતે—　　રાગ તેજ તરણિ મુખ રાજૈ એ ચાલ.

ચરમ **વીર** જિનરાયા, હાંરે જિનરાયા, મેરે પ્રભુ ચરમ૦
સિદ્ધારથ કુલ મંદિર ધજસમ, **ત્રિસલા** જનની જાયા,
નિરૂપમ સુંદર પ્રભુ દરસણતેં, સકલ લોક સુખ પાયા, હાંરે. મેરે. ૧
વામા ચરણ અંગુષ્ટ ફરસતેં, સુરગિરિવર કંપાયા,
ઇંદ્રભૂતિ ગણધર મુનિજન સુરપતિ વંદિત પાયા,　　હાંરે. મેરે. ૨
વરતમાન સાસન સુખદાયા, ચિદાનંદઘન કાયા,
ચંદ્રકિરણ ગણ વિમલ રૂચિર **શિવચંદ** ગણી ગુણ ગાયા. મેરે. ૩
વરસ **નંદ મુનિ નાગ ધરણિ** મિતા, દ્વિતીયાશ્વિન મન ભાયા,
ધવલ પક્ષ પંચમી તિથિ શનિયુત, પુર **જયનગર** સુહાયા મેરે. ૪
શ્રી **જિનહરષ** સૂરિ સૂરિસર, વર ખરતર ગચ્છરાયા,
ક્ષેમકીર્તિ શાખા ભૂષણ મણિ, **રૂપચંદ** ઉવઝાયા હાંરે. મેરે. ૫

મહા પૂર્વ જસુ ભુરિ નરેશ્વર, વંદે પદ ઉલસાયા,
તાસ સીસ વાચક **પુણ્યશીલ** ગણિ, તસુ શિષ નામ ધરાયા. ૬
સમયસુંદર અનુગ્રહે ઋષિમંડલ, જિનકી સોભ સવાયા,
પૂજ રચિ પાઠક **શિવચંદે**, આનંદ સંઘ વધાયા, હાંરે. મેરે. ૭

કાવ્યં

સલિલ ચંદન પુષ્પ ફલવ્રજૈ સુવિમલાક્ષત દીપ સુધૂપકૈ
વિવિધ નવ્ય મધુ પ્રવરાન્નકૈ જિનમમીભિરહં વસુભિર્યજે ॥ ૧

ॐ ह्रीं श्रीं परमात्मने अनंतानंतज्ञानशक्तये जन्मजरा-मृत्यु निवारणाय श्रीमते जिनेन्द्राय अष्ट द्रव्यभिर्यजामहे स्वाहा ॥ × × × ×

(૧) શ્રી કલકત્તા બિંદરે ૯-૧૨ અનંત. નં. ૨. પત્ર ૧૪ પો. ૮૭ નં. ૨૩૪૧ જિ. ચા. (૩) પત્ર ૨૫ તેમાં ૨૧ પ્રકારી પૂજા સહિત પો. ૧૭ અબીર. (૪) પ્ર૦ ચોવીશિ તથા વીશિ સંગ્રહ-સા. પ્રેમચંદ કેવલદાસ સંવત ૧૯૩૫ સને ૧૮૭૯ પૃ. ૫૭૩ થી ૫૮૮.

---

૫૩૯ વિનય (સાધુસોમ પ્રશિષ્ય)

(૧૧૧૭) મયણરેહા ચોપાઈ સં. ૧૮૭૦ મા. ૧૩ જયપુરમાં.
—પત્ર ૬ પો. ૧૧ નં. ૧૦૩૮ અભય૦

૫૩૯ક દેવહર્ષ

(૧૧૧૭ ક,ખ) પાટણ **ગઝલ** લ. સં. ૧૮૭૨ પહેલાં.
ડીસા ગઝલ
—બંનેની પ્રતો નાહટાજીના સંગ્રહમાં છે.

---

૫૪૦ અનોપચંદ્ર શિ.

(૧૧૧૮) માનતુંગ માનવતી સંબંધ ચો. સં. ૧૮૭૨ મા. સુ. ૧૩ જયનગર.

—પત્ર ૬ સં. ૧૮૮૦ ફા. વ. ૬ વિક્રમપુર મધ્યે ઋ. નેમચંદેન લિ. પો. ૮ ચતુ૦

---

૫૪૧ નંદલાલ

(૧૧૧૯) રૂકિમણી (મંગલ) ચોપઇ સં. ૧૮૭૬ હુશીયારપુર.

—પત્ર ૩૮ સં. ૧૯૬૩ પો. વ. ૪ પો. ૭૯ નં ૧૯૪૫ જિ. ચા૦

---

૫૪૧ ક ચતુરવિજય (નવલવિજય શિ૦)

(૧૧૧૯ ક) કુમતિવારક સુમતિને ઉપદેશ સ૦

આદિ— (કુમતી કાં પ્રતીમા ઉથાપી એ દેશી).

સુધો મારગ જિનવર ભાખેં, સાસ્વતી પડીમા જેહ,
ઉર્ધ્વ અદ્ધો ત્રીછેં લોકે દાખેં, કોડી પનર સત તેહરે.
લોકા ભોલવીયા મત ભુલો. ૧

અંતે—

પંડીત **નવલ**નો ઇણીપરે બોલે **ચતુર** કહેં સુખ માણોરે લો. ૧૨

બીજનું સ્ત૦ સં. ૧૮૭૮ આષાઢ શુ. ૧૦ સિદ્ધપુરમાં.

આદિ— (દેશી સુરતીની)

સરસ વચનરસ વરસતી, સરસતી કલા ભંડાર,
બીજતણો મહીમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર વિચાર.

અંતે— (કલશ)

ઇમ **વીર** જિનવર સયલ સુખકર, ગાઇયો અતી ઉલટ ભરેં,
આષાઢ ઉજલદશમી દિન સંવત **૧૮૭૮ વરે**
બીજ મહીમા એહ પ્રણુવ્યો રહી **સીદ્ધપુર** ચોમાસું એ,
જે ભવીક પ્રાંણી ભણેં ગુણેં તસ ઘર લીલ વિલાસ એ. ૧૬

—૨-૧૪ આ. ક.

---

૫૪૨ જયચંદ (ખર. કર્પૂરચંદ્ર શિ.)

(૧૧૨૦) પ્રતિમા રાસ. ત્રણ ઢાલ સં. ૧૮૭૮ ભા. વ. ૨ આગોઢાઇ.

—પત્ર ૪ લ. સં. ૧૮૭૮ પો. સુ. ૧૨ આગોઢાઇ. ગૈનાં લિ. પો. ૧ મહર. ભં.

સંવેગી મુખ પટા ચર્ચા

—પત્ર ૫ પો. ૧ મહર. ભં.

---

૫૪૨ ક હેમવિમલ

(૧૧૨૦ક) ઢુંઢકરાસો સં. ૧૮૭૯ કૂચેરમાં.

---

૫૪૩ ખુશાલચંદ (ઋષિ)

(૧૧૨૧) સમ્યકત્વ કૌમુદી ચોપઇ (ઢાલ ૬૪) સં. ૧૮૭૯ વૈ. શુ. ૧૩ નાગોરમાં.

---

૫૪૪ દયામેરૂ [ખ. ઉદયતિલક–અમરવિજય (નં. ૪૬૧) –જ્ઞાનવર્દ્ધન–કુશલકલ્યાણ શિ.]

(૧૧૨૨) બ્રહ્મસેન ચોપઈ સં. ૧૮૮૦ જે. સુ. ૧૦ બુધે ભાગનગરમાં.

—(૧) પત્ર ૨૫ પો. ૬૬ જય., (૨) પત્ર ૩૩ લિખિત પો. ૬૬ જય.

---

૫૪૫ સત્યરત્ન (ખ૦)

(૧૧૨૩) સમેત શિખર રાસ સં. ૧૮૮૦ ભા. શુ. ૫.

—(૧) પત્ર ૧૨ લ. ૧૯૨૯ ચૈ. વ. ૩ વીકાનેર બૌ. વીકા. ૨૩૭ (૨–૩) પત્ર ૧૬ તેજ ભં. નં. ૩૦૩, ૩૦૪ (૪) પત્ર ૨૧ તેજ

ભં. નં. ૭૭૮ (૫) પત્ર ૧૧ પો. ૧૫ નં. ૨૭૩ દાન. (૬) પત્ર ૧૨ નં. ૧૮૮ ક્ષમા. (૭) પત્ર ૧૩ સં. ૧૯૨૧ કા. વ. ૩ વીકાનેર મધ્યે હરલાલ લિ. પો. ૧૭ નં. ૧૭૭૭ અભય.

---

૫૪૫ કુંવરવિજય [ત૦ પદ્મવિજય (નં. ૪૧૯)–અમીવિજય (નં. ૫૪૨) શિ૦]

(૧૧૨૪) +અષ્ટપ્રકારી પૂજા.

આદિ—

ત્રિજગનાયક તું ધણી, મહા મહોટો મહારાજ,
મહોટે પુણ્યે પામિયો, તુમ દરિશણ હું આજ. ૧
આજ મનોરથ સર્વ ફળ્યા, પ્રગટયાં પુણ્ય કલ્લોલ,
પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠાં દુઃખ દંદોલ. ૨

અંતે—

જિન ઉત્તમ પદ **પદ્મની**, નિત સેવા કરો ત્રણ કાળ,
નિજરૂપ પ્રગટે સુખ હોવે, **અમિ કુંવર** કહે નહિ વાર. ૫

—પ્ર૦ વિવિધપૂજા સંગ્રહમાં પૃ. ૫૮૯ થી ૫૯૩.

ગદ્યકૃતિ

અધ્યાત્મ પ્રશ્નોત્તર (ગદ્ય) સં. ૧૮૮૨ મહા શુદ ૫ પાલીમાં.

અંતે—

અંતર્દૃષ્ટિ દેખિયે, પુદ્ગલ ચેતનરૂપ,
પર પરિણતિ હોય વેગલી, ન પડે તે ભવકૂપ.

× × × ×

ચોપઈ

ખીમાવિજેરે ખિમાના ભંડાર, જિન ઉત્તમ પદના દાતાર,
એહવા ગુરૂને નીત એવો સહૂ, નિજરૂપ પ્રગટે સુખ લહો બહુ. ૮
અમી કુંયર તસુ પ્રણમી પાય, ગ્રંથ કીયો ભવિજન સુખદાય,
અલ્પબુદ્ધિ મેં રચના કરી, શુદ્ધ કરો પંડિતજન મિલી.

મરૂધર દેશ **પાલી** નગર મઝાર, કરયો ચોમાસ ધરી હર્ષ અપાર,
વર્ષ **બયાસી** સંવત **અઢાર**, મહા સુદ પાંચમને રવિવાર.
પ્રશ્નોત્તર ગ્રંથ કીધો સાર, આતમ **અર્થને** હિતકાર,
ભણતાં ગણતાં જયજયકાર, લક્ષ્મી લીલા પામે અપાર. ૧૨

—૨૬૪ પાનાં-૧૧. સં. ૧૯૨૫ આશ્વિન સુદ ૧૪ વાર મંગલ. ભટ રૂપશંકર નાગેશ્વર લિ. પોથી નં. ૭ વડા ચૌટા ભં. સુરત.

અધ્યાત્મગીતા બાલા૦ સં. ૧૮૮૨ આષાઢ શુ. ૨ ગુરૂ પાલીમાં.

—પત્ર ૯૩ સં. ૧૮૮૫ ચૈ. શુ. ૭ ભૃગુવારે હુકમચંદ લિ. પાલી મધ્યે. ગો. ના. (જુઓ જૈનયુગ પુ. ૨ પૃ. ૧૪૫)

૫૪૬ લાલવિજય (૨) (દર્શનવિજય-માનવિજય શિ.)

(૧૧૨૫) ઈલાકુમાર રાસ સં. ૧૮૮૧ આશો શુ. ૧૫

અંતે—

સંવત **શશિ નાગ સિદ્ધિ ચંદ્રોરે** આસુ માસ, મે૦
શુકલપક્ષ તિથી પૂરણિમારે, **લાલ** પૂરણ કીધો રાસ, મે.ભા. ૧૮
દરસણવિજે પંડિત દિપતારે લાલ, **માનવિજય** મુનિરાય,
લાલ કહે ભાવ રાખજોરે લાલ, તઉ મુગતીનાં સુખ થાઇ. મે. **૧૯**

—ગાથા ૩૨૭ લિ. લાલવિજયેન દાસણુ મધ્યે પ્ર. કા.

૫૪૭ દીપવિજય (૩) [કૃષ્ણવિજય શિ.]

(૧૧૨૬) ચોવીશી લ. સં. ૧૮૭૮ પહેલાં.

આદિ— ઋષભ જિન સ્ત.

(કડડારાં વાજાં હે હાજા મારૂજીયાં મારૂજી કડડારાં ધુરીયાંરે નિસાંણ, રા સોરઠમેં સોરઠમેં હે સૂરજ ઉગીયો મારૂજી. એ દેશી)

પ્રહ ઉઠી વંદૂરે **ઋષભ** જિણંદને સાહિબજી, **નાભી** નરેંદ કુલ સિણગાર,

રા સોરઠમેં હે તીરથ થાપીયો સાહિબજી, વૃષભલંછન હે ચામીકર દેહ રા૦
ઘણુ સય પ્રંચ પ્રૌઢ મનોહાર. રા સોરઠ. ૧

× × × ×

કાલ અનાદે હે તીરથ એ થયે સા૦ કરી અખાયાયત જૂગાદીરાય,
શ્રીપતિવિજય હે ગિરી ગુણ ગાવતાં સા૦ આતમગ્નાંન **દીપ** પ્રગટાય. રા. ૬

(શ્રીપતિ એટલે કૃષ્ણ, તેથી શ્રીપતિવિજય એટલે કૃષ્ણવિજય)

અંતે— ૨૪ મહાવીર સ્તવન.

સીતલ જિન સહજાનંદી એ દેશી.

સિદ્ધારથ ત્રિશલાનંદ કુલ કુમુદ વિકાસન ચંદ
માનું ઉપસમ રસનો કંદ. ૧
જગત ગુરૂ **વીર** પરમ ઉપગારી, નિરૂપાધિક દાંન દાતારી-જગત૦

× × × ×

પંચમ ગતિ દાયક સ્વામી **દીપે** વિબુધ અંતરયાંમી
શિવનારી હૃદય વિસરામી-જગ૦ ૯

(કવિના ગુરૂનું નામ કૃષ્ણવિજય છે. જુઓ નમિ જિન સ્તવનની અંતે:—

ઋદ્ધિ વૃદ્ધિ બહુ મેં લહી, ગુરૂ કૃષ્ણવિજય સુપસાયેરે,
દીપ સેવકે વિનતી કહી૦ । વગેરે ઘણાં સ્તવન અંતે છે.

—સંવત્ ૧૮૭૮ વર્ષે સાકે ૧૭૪૩ પરવર્તમાંને મૃગસર માસે રવીવારે કૃષ્ણપક્ષે લપીતં પાટણ. ૭–૧૭. મુનિ જશ૦

સામાયક ૩૨ દોષ સઝાય—સાંભલ મોરી સજનીજીરે એ દેશી.
શ્રી જિન સારદ સદગુરૂ પ્રણમી ભાખું સામાયિક દોષજી.

× × × ×

શ્રીપતિવિજય શેવક ઇમ **દીપે**, સામાયક ગુણ ગાયરે. ૧૨

—૨ પત્ર મુનિ જશ.

કૃષ્ણ વિજય શિ.

(૧૧૨૬ક) મૃગસુંદરી મહાત્મ્ય ગર્ભિત છંદ. ૫૬ કડીનો સં. ૧૮૮૫ ફા. શુ. પાલણપુરમાં.

પ્રણમી વીર જિણેસર પાય, કરે પ્રીછા ગૌતમ ચિત લાય,
પૂજ્ય જયણા ચંદ્રોદય ઠાંમ, કેલા કહિયેં ત્રિભુવન સ્વામિ. ૧
મધૂર ગીરા જંપે અરીહંત, સાંભલ તેહ તણો વિરતંત,
ધરી મન જીવ દયાનું અંગ, બાંધે ચંદ્રોદય દસ ચંગ. ૨
ખાંડણ પીસણ ચૂલક ઠાંમ, ચૈત્ય સામાયક જલ વિશ્રામ,
પોઢણ ધાન વિગય ભોજન, એ દશ ઠામે કરીયેં જતન. ૩

× × × ×

અઢાર પંચાસિય ફાગુણ માસ, શ્વેત ભુવન તિથિ ભાખી ખાસ,
પાલણપુરમાં કિયો અભ્યાસ, **વામાસુત** મન પૂરી આસ. ૫૫
પ્રેમે સેવો દયા એકતાર, લહો **જસ કાંતિ રૂપ** અપાર,
કહે કવિ **કૃષ્ણવિજય**નો સીસ, જયણા ધર્મ કરો નીસદીસ. ૫૬

—ઇતિ શ્રી ચંદ્રોદય પ્રસંગે મૃગસુંદરી માહત્મ્ય ગર્ભિત છંદ ચોપઈ સંપૂર્ણઃ સં. ૧૯૦૮ના માધવકૃષ્ણતૃતિયા ગુરૂવાસરે લિપિકૃતમ્ ૩ પત્ર પ્ર. કા. નં ૬૧૫.

---

૫૪૮ શિવલાલ (પૂ. અનોપચંદ-પન્નાલાલ શિ.)

(૧૧૨૭) રામ લક્ષ્મણ સીતા વનવાસ ચોપઈ સં. ૧૮૮૨ માઘ વ. ૧ વીકાનેરમાં.

—(૧) પત્ર ૧૨ સં. ૧૮૯૩ આ. સુ. ૧૩ મંગલ લિ. પો. ૮ ચતુ. (૨) પત્ર ૧૨ સં. ૧૮૮૨ માધવ વદિ ૧ સોમ વીકાનેર મધ્યે મુકનજી ભં.

૫૪૮ક ઉદયચંદ.

(૧૧૨૭ક) બ્રહ્મવિનોદ સં. ૧૮૮૪ જોધપુર

—પત્ર ૪ સં. ૧૮૮૪ કા. શુ. ૧૦ જોધપુર મધ્યે લિ. સાધુ પં. નગવિજય શિ. ચેતવિજય પઠનાર્થં પો. ૮ ૭ નં. ૨૨૨૫ જિ. ચા.

૫૪૮ખ વિનયચંદ

(૧૧૨૭ખ) ચંદનબાલા ચોઢાલીઉં સં. ૧૮૮૫ જે. શુ. ૭
—પત્ર ૪ પો. ૪ નં. ૨૫૭ અભય.

---

૫૪૯ રૂપ (નાગોરી લુંકા) (આ કદાચ નં. ૫૨૨ હોય.)

(૧૧૨૮) ૨૮ લબ્ધિ પૂજા સં. ૧૮૮૮ મા શુ. ૧૨ મકસુદાબાદ
—પત્ર ૧ પો. ૭૫ દાન૦

---

૫૫૦ અમરસિન્ધુર (ખ. ક્ષેમ શાખામાં જયસાર શિ.)

(૧૧૨૮) નવાણુ પ્રકારી પૂજા સં. ૧૮૮૮ વૈ. શુ. ૧૩ મુંબઈ
(૧૧૨૯) પ્રદેશી ચોપઇ સં. ૧૮૯૨ કા. વ. ૬ મુંબઈ

---

૫૫૧ અમીવિજય [ત. રૂપવિજય (નં. ૫૨૮) શિ.]

(૧૧૩૦)+ નેમરાસો સં. ૧૮૮૯ રાજનગરમાં રચ્યો.
(૧૧૩૦ક)+ મહાવીરનું પારણું.
—પૃ. ૨૫૦ જૈ. પ્ર., ૨-૧૫ આ. ક.
(૧૧૩૧) નેમ રાજુલ બાર માસ. સં. ૧૮૮૯ રાજનગરમાં.
અંતે—

જિન ઉત્તમ પદને વર્યા, સાદિ અનંત સ્થિતિ થાય, સુણુ સાહેલી
તસ પદ **પદ્મ** નમ્યા થકી, **રૂપવિજય** પદ પાય. સુણુ સા. ૭૩
ઇણુ વિધ પ્રીતડી પાલસ્યેં, સરસ્યેં તેહનાં કાજ. સુણુ સા.
મંગલિક માલાને વરે, **અમીયવિજય** કહે આજ. ,, ,, ૭૪
સંવત **અઢારનવ્યાસીએ**, રહી **રાજનગર** ચોમાસ, ,, ,,
બાર માસ **રાજુલ નેમ**ના, ગાયા હરખ ઉલ્લાસ. ,, ,, ૭૫
પારેખ ડુંગરના કહણથી, રચ્યા માસ શ્રીકાર, ,, ,,
સાંભળતાં સુખ ઉપજે, પામે ભવનો પાર. ,, ,, ૭૬

મોહ મહામદ વારજો, ટાલજો નારી સંગ, ,, ,,
ધ્યાવે નવપદ ધ્યાનશું, પામો નિર્મલ રંગ. ,, ,, ૭૭
જ્ઞાન સરોવરે ઝીલીએ, બેસીએ સમકિત પાલ, ,, ,,
ગુણ અનંતા ચિત ધરો, પામો મંગલમાલ. ,, ,, ૭૮

—જે. એ. ઈંડિયાની તીર્થમાલામાં.

---

૫૫૨ સવરાજ (સાયલાનો લોંકા ગછનો શ્રાવક, પિતાનું નામ હરખા.)

(૧૧૩૨) મૂલીબાઈના બાર માસ. ૫૨ ગાથા સં. ૧૮૯૨ માગશર શુ. ૧૩ ગુરૂ. સાયલામાં.

આદિ—

હું તો નમું સિદ્ધ ભગવંત, મુકી મન આમલોરે.
ગુણ ગાઉં મુલીબાઇ સતી, સહુ કો સાંભલોરે.
સતી શ્રાવણ સુંદર માસ, કેસેરે વખાંણુંરે.
જેહની સાખ સિદ્ધાંત મોઝાર, વદવા ન જાણુંરે, ૧

(મૂલીબાઇ દશા શ્રીમાલી વણિક રતનશાની અમૃતબાઇથી થયેલ પુત્રી, કોઠારી નાનજી સાથે લગ્ન. આરજા આણંદબાઈ પાસે અભ્યાસ. પછી દીક્ષા લીંબડીમાં સં. ૧૮૬૫ના વસંત માસની વદ ચોથે રતનબાઇને હાથે લીધી. કડક તપ પાળી ૧૩ દિનનો સંથારો કરી સં૦ ૧૮૯૦ના આષાઢ શુ. ૧૪ શુક્રે સ્વર્ગવાસ)

અંતે—

સંવત અઢાર બાંણુએ જોડયા માગસીર માસરે,
તીથિ તેરસને ગુરૂવાર, પખ અજવાસરે.
મૂલીબાઈ તણો મહિમા, ચઉદસ ગાજેરે,
ભણે હરખા સુત સવરાજ, સાયલામાં બિરાજેરે. ૫૨

વખતસિંહ રાજાના રાજ્યમાં.

—૬-૧૩ પ્રાણજીવન મોરારજી શાહ રાજકોટ પાસે.

---

૫૫૩ ક્ષેમવિજય (ત. રૂપવિજય-માણેકવિજય-જીતવિજય-વિનયવિજય-દીપવિજય શિ.)

(૧૧૩૩) પ્રતિમા પૂજા વિચાર રાસ. (કુમતિ ૫૮ પ્રશ્નોત્તર રાસ) સં. ૧૮૯૨. ધનતેરસ, સુરતમાં

અંતે— રાગ ધન્યાસિરી.

તુઠો તુઠોરે મુઝ સાહેબ જગનો તુઠો—એ દેશી.

ગાયા ગાયારે, મહાવીર તણા ગુણ ગાયા,
કુમતિ ભંજનમત્ત પુજા કરંતા જ્ઞાંન અમૃત રસ પાયારે. મહા. ૧
રાગદ્વેષ અદેખાઇ ન કરસ્યો, તો શિવપૂરિ સુખદાયા,
ભાવ સાચો આણી તત્ત્વ નિહાલી, ગાલી મન દંભ માયારે. ૨
ભવિયણ સાર સહુ મન ધારી, વખાણી જીનજી બતાયા,
જિન ગુણ રાગી સુબુદ્ધિ રંગાણી વાણી સદા સુપસાયારે—મ૦ ૩
શ્રીવર સિદ્ધિ રાણી લહે પ્રાણી આણી તે જિન ગુણ ધ્યાયા,
કુમતિ ભંજણ મત્ત ગુણ વરણવીયા, પડિમા થાપન ઉમાયારે. મ. ૪
તપગછે સુરતરૂ દિનકર પ્રગટયા, શ્રી **વિજયદાન** સૂરીરાયા,
તેજ પ્રતાપી જગત જસ વ્યાપી, થાપી બિરૂદ સવાયારે. મ. ૫
તદનંતર તસ શિષ્ય પરંપરા, શ્રી **રૂપવિજય** બુધરાયા,
વિમલવયણ ગુણ ઉજવલ ધારી, જૈન શાસન સોભાયારે. મ. ૬
દુરગતિ ત્યાગી સુપુણ્ય સૌભાગી, ઉત્તમ કુલ માહેં જાયા,
શ્રી **માણેકવિજય** આગમ શુભ વેત્તા ટાલતાં કુમતિની છાયારે. ૭
તસ શિષ્ય શ્રી **જીતવિજય** નગીના હેમમુદ્રામેં જડાયા,
સકલ અધિક ગુણ અતિશય ધારી જીત નિશાન બજાયારે. ૮
શ્રી **વિનયવિજય** શિષ્ય તેજ પ્રતાપી, ચિરંજીવી ભવિ ભાયા,
કુમતિ લતા જડ દુર નિવારી, **આણંદ** ગચ્છ દીપાયારે. ૯

તસ શિષ્ય યુગલ ભવિક વિકસંતા શ્રી **દીપવિજય** વૃદ્ધ ભાયા,
વયરાગી ત્યાગી મતિ ગુણવંતા, **ખેમવિજય** ગુણ ગાયારે. ૧૦

સિદ્ધાંતથી કોઇ ઉત્સુત્ર ભાખ્યાં ઉપયોગે રહિત લિખાયા,
તસ મુઝ મિછામિ દુકડ હોજો, ઉપગારે પંડિત ધાયારે. ૧૧

નયન ગ્રહ વસુ ચંદ્ર સંવત્સરે ૧૮૯૨ અશ્વિન કૃષ્ણ પક્ષાયા,
ઉત્તરા ને ઐંદયોગે ભોમવારે તિથી ધનતેરસ કહાયારે. ૧૨

શ્રી **કલા શ્રીપત્ત** કુલમેં સૌભાગી **વૃજલાલ** સુત જન છાયા,
અનુપમચંદ સા ડાયા, જૈન ધરમ ચિત લાયા અનુભવ રંગે રંગાયા
અહનિશી ગુરૂસેવા દાંનજ દેતાં, જિણવર આંગી રચાયારે. ૧૩

હરખચંદ સુત **નથુચંદ** રાગી, **જયચંદ પાના** સવાયા
તસ આગ્રહ થકી રચના એ રચી, શ્રાવક શ્રાવિકા ન્યાયા
સહગુરૂ વાણી નિસુણે ભવિ પ્રાણી નિત નિત મંગલ પાયારે. ૧૪

જે કોઇ પુજા એ ભણસે સુણસે, તસ ઘર મંગલ થાયા
સમકીત ભવી જીવને ઉપગારે, થાપના પુજા બનાયારે. ૧૫

—પં. વિનયવિજય સુશિષ્ય પં. ખેમવિજય શ્રી કુમતીમત્ત ભંજનરાસ વિરચિતાયાં. સમાપ્તં. લ. સં. ૧૮૯૮ આષાઢ વદ ૧૩ ગુરૂવાસરે લેખક સા. વલ્લભદાસ વનમાલીદાસ ગ્નાતે વનીક શ્રી સુરતના વાસિ ઠેકાંણું સહિયેદપરા મધ્યે ૧૫૨-૮ લા૦

---

૫૫૪ સબલદાસ (પૂજ્ય લોંકા.)

(૧૧૩૪) તિલોકસુંદરી વર્ણન સં. ૧૮૯૨ ફલોધીમાં.

---

૫૫૫ ધર્મચંદ્ર (ત૦ વિજયદયાસૂરિ-ખુશાલવિજય અને કલ્યાણચંદ્ર શિ.)

(૧૧૩૫)+નંદીશ્વરદ્વીપપૂજા. સં.૧૮૯૬ ભાદરવા શુદ ૪ દમણ બંદરમાં.

આદિ— દુહા.

પ્રણમું **શાંતિજિણંદને**, ચઉદ રયણપતિ જેહ,
કંચનવરણે સોહતો, લક્ષણે લક્ષિત દેહ. ૧
સુરગિરિ અષ્ટાપદગિરિ, ગિરનાર આબુ તેમ
સમેતશિખર એ પાંચને, વંદું બહુ ધરી પ્રેમ. ૨
સમરી **શારદમાતને**, હું રચું પુજા રસાલ,
જિમ સુણતાં ભવિ પ્રાણિને, હરખ વધે તતકાલ. ૩
વિસ્તીરણ જિનભુવનમાં, રચિ **નંદીશ્વરદ્વીપ**
તદનંતર પ્રભુ થાપિને, કરો અભિષેક પ્રદીપ. ૪
એકાદશ અભિષેક કહ્યાં, સામાન્યે ધરો ચિત્ત,
આઠ અધિક શત તો કરો, હોઇ વિશેષે પ્રીત. ૫
સકલ સામગ્રિને મેલવિ, શ્રદ્ધાવંત નરનાર,
જલકલશા નિજ કર ધરો, પામવા ભવજલ પાર. ૬
રહિ સમશ્રેણિ બિહું દિસે, વાજતે મંગલ તુર,
પૂજા પ્રભુનિ ભણાવિઇ, કરવા અઘ ચકચૂર. ૭

અંતે— રાગ ધન્યાસરી.

ગાયો ગાયો રે, નંદીશ્વર તીરથ ગાયો.
જંઘા વિદ્યાચારણ મુનિવર, જિહાં સુરનો સમુદાયો,
કિંનર કિંનરી ખેચર આવે, તિમ ચોસઠ સુરરાયોરે. નં૦ ૧
અપછરા ઇંદ્રાણિ મનરંગે, સ્નાત્ર કરે સુખદાયો,
કરે નૃત્ય સુકંઠે ગાવે, જિન પુજિ ગેહ ઘટાયોરે. નં૦ ૨
તપગચ્છપતિ શ્રી **દયાસૂરિના, ખુસાલવિજય** ઉવઝાયો,
તાસ બંધવ સુગણગીતારથ, **કલ્યાણચંદ્ર** સવાયોરે. નં૦ ૩
વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર રચાયો,
દમણ બિંદરે રહિ ચોમાસું, **ગડ્ડભદેવ** સુપસાયોરે. નં૦ ૪
અઢારસેં છનું ભાદ્રવ માસે, સંવચ્છરિ દિન ગાયો,
પ્રભુ સમુદાય કવિ **ધર્મચંદ્રે**, સંઘ સકલ હરખાયોરે. નં૦ ૫

—(૧) ઇતિશ્રી નંદીશ્વર દ્વીપની પુજાનેં ઇગ્યારમો અભિષેક થયો. સંપુર્ણ: શ્રી દમણબિંદરે શ્રી ઋષભદેવ પ્રશાદાત્ સંવત ૧૯૧૭ ના ભાદરવા વદ ૧૧ લ૦ સંકર. ૧૦-૧૨. કાલાગલા કરાંચીવાળા પાસે. (૨) પાનાં ૯ આ. ક. (૩) ૧૦-૧૨ જશવિજય મુનિસંગ્રહ નં. ૯૯ (૪) પ્ર૦ વિવિધ પૂજાસંગ્રહ પૃ. ૩૩૧ થી ૩૫૦.

---

૫૫૬ ઉદયસોમસૂરિ (લ૦ ત૦ આનંદસોમસૂરિ પટ્ટધર).

(૧૨૩૬) શ્રીપાલરાસ. સં. ૧૮૯૮ આસો પરેંડામાં.

આદિ— ચતુર્થખંડની

ચોથો ખંડ રચું હવેં, શ્રી સિદ્ધચક્ર પસાય,
માંપણ ચ્યારેમાં હવે, અજ ગાડર મસી ગાય. ૧
ગોરસ ગોલી નીર જિમ, તિમ કહ્યા એ ત્રણ ખંડ
ચોથા ચોપ્રુલા થકી, મથતાં માખણ પિંડ. ૨
સાકર કથા શ્રીપાલની.

× × × ×

અંતે—

લઘુ **પોષધશાલેં** સ **તપાગણ** સડસઠ પાટ સવાયા,
શ્રી **આણંદસોમ** સૂરિ પટધર, શ્રી **ઉદયસોમ** સૂરીરાયારે,
સુરત સંજતિ શ્રાવક આગ્રહે, સુગમ અર્થ સમઝાયા,
ચોથે ખંડ રચ્યો મનરંગ સાંભલતાં સુખ પાયારે. મેં૦ ૬
પરેંડા સેહરમાં પૂરણ કીધો, ભવિક શ્રવણ મન ધાયા,
અઢારઅઠાણું આસો ઉડીમાં એ અધિકાર વંચાયારે. મેં૦ ૭

—ચોથો ખંડજ ૧૫-૧૫ લખ્યા સં. ૧૯૦૫ બી. ડી. ૧૦૩ રો. એ. સો. મું. નં. ૧૯૭૯

૫૫૬ ક જિનસૌભાગ્યસૂરિ (ખ૦)

(૧૧૩૬ ક) સમેતશિખર સ્તo (૩) સં. ૧૮૯૫ માઘ વ૦ ૧૩
નવપદ સ્તo સં. ૧૮૯૫ આ. શુ. ૧૫ બાલૂચરમાં
૧૪ પૂર્વ સ્તo સં. ૧૮૯૬ બાલૂચર

---

૫૫૭ સાંવતરામ (ઋષિ)

(૧૧૩૭) મદનસેન ચોપઇ સં. ૧૮૯૮ ફા. શુ. ૭ વીકાનેર
સતી વિવરણ ચોઢાલિઉં સં. ૧૯૦૭ ચૈ. વ. ૭ લશ્કર.
—બંનેની પ્રતો બહાદુરમલ બાંઠીઆ સંગ્રહ ભીનાસર

[પૂરવણી]

૪૬૭ ખ નિહાલચંદ પૃ. ૮

(૪૯૮ ખ) બ્રહ્મબાવની પૃ. ૮
—પત્ર ૧૦ પો. ૧૩ નં. ૨૧૨૪ જિ. ચા.

---

૪૬૭ ગ (બ્રહ્મ) રૂપચંદ પૃ. ૮

(૧૧૩૭ ક) બંગાલ દેશ ગજલ (નાહટા સંગ્રહ)

---

૪૭૧ જેમલ (જુઓ પૃ. ૨૨)

(૧૧૩૮) નેમચરિત્ર ચોપઈ (નેમ રાસ) સં. ૧૮૦૪ ભા. શુ ૫
—પત્ર ૫ પો. ૮૧ નં. ૨૦૨૩ જિ. ચા.
ખંધક ચોપઈ સં. ૧૮૧૧ વૈ. શુ. ૭ (ચતુ.)
(૧૬ સ્વપ્ન સઝાય, કમલાવતી સ૦, સ્થૂલિભદ્ર સ૦-ચતુ૦)

---

૫૫૮ ધર્મચંદ્ર (પાર્શ્વ. હર્ષચંદ્ર શિ.)

(૧૧૩૯) જીવવિચાર ભાષા દોહા સં. ૧૮૦૬ ચૈ. શુ. ૨ બુધ
મકસૂદાબાદ

નવતત્ત્વ ભાષા દોહા સં. ૧૮૬૫ મા. શુ. ૫ મકસુદાબાદ

---

૫૫૯ જિનલાભસૂરિ (ખ૦ સં. ૧૮૦૪ થી ૧૮૩૪ વચ્ચે)

(૧૧૪૦) ચોવીસી (૧)

(૧) ગુટકા નં. ૨૯ કૃપા૦ (૨) પત્ર ૨ પો. ૭૦ નં. ૧૭૮૦ દાન૦

ચોવીસી (૨)

+સૂરત પ્રતિષ્ઠા સ્તવન સંગ્રહ સં. ૧૮૨૮

—પ્ર૦ સૂરતનો જૈન ઇતિહાસ.

(સ્તવનો—પાર્શ્વ સ્ત૦ સં. ૧૮૧૮ સત્યપુર યાત્રા, દાદાજી સ્ત૦, +નવપદ સ્ત૦, આબૂ સ્ત૦ ગા ૧૯, વરકાણા સ્ત૦ સં. ૧૮૨૧ ચૈ. શુ. ૧૫)

---

૫૬૦ જિનકીર્ત્તિસૂરિ (ખ૦)

(૧૧૪૧) ચોવીસી સં. ૧૮૦૮ ફા. ૧૧ બીકાનેર

—પત્ર ૮ સં. ૧૮૧૦ વૈ. શુ. ૧૨ બિલાડા મધ્યે ભીમરાજ (નં. ૪૮૨ ક) લિ૦ પો. ૪૫ નં. ૮૦૪ કૃપા.

---

૫૬૧ કનીરામ (ઋષિ)

(૧૧૪૨) તિલોકસુંદરી ચોપઈ સં. ૧૮૧૧ (?) ધનતેરસ પીપાડમાં

—પત્ર ૧૬ સં. ૧૯૫૬ દિલ્લી પો. ૮૧ નં. ૨૦૭૩ જિ. ચા.

---

૫૬૨ કુશલવિનય

(૧૧૪૩) ત્રૈલોક્યદીપક કાવ્ય સં. ૧૮૧૨ વૈ. શુ. ૩

—ગુટકામાં જય૦

---

૫૬૨ ક મતિલાભ-મયાચંદ (ખ૦ ઋદ્ધિવલ્લભ શિ.)

(૧૧૪૩ ક) નવતત્ત્વ સ્ત૦ (ગા. ૪૫) સં. ૧૮૧૨ જ્યે. શુ. ૪ મુલતાન

—મહિમા૦

---

૪૭૮ રામવિજય-રૂપચંદ (ખ. દયાસિંહ શિ૦) પૃ. ૫૫

(૯૬૯) ચિત્રસેન પદ્માવતિ રાસ સં. ૧૮૧૪ (જુઓ પૃ. ૫૫.)

—(૧) પત્ર ૨૦ સં. ૧૮૫૨ દ્વિ. ભા. વ. ૬ પો. ૪૫ દાન૦ (૨) પત્ર ૨૪ સં. ૧૮૨૬ જે. શુ. ૫ વીકાનેર મધ્યે વિનયચંદ લિ. પો. ૧૦ નં. ૬૨ વર્દ્ધમાન૦ (૩) પત્ર ૨૮ પો. ૮૦ નં. ૧૯૭૫ દાન૦

(૧૧૬૪) આબૂ યાત્રા સ્ત૦ સં. ૧૮૨૧ (જિનલાભસૂરિ અને ૮૫ સાધુ સાથે યાત્રા)

ફલોધી પાર્શ્વ સ્ત૦ સં. ૧૮૨૩ માગ. વ. ૮

નેમિ નવરસો

સ્તવનાદિઃ અલ્પબહુત્વ સ્ત. ગા. ૧૪, વીરાયુ ૭૨ વર્ષ સ્પષ્ટીકરણ સં. ૧૮૩૭ આ. શુ. ૬ મેડતા, નયનિક્ષેપા સ્ત. ગા. ૩૨, સહસ્રકૂટ સ્ત. ગા. ૧૭

[આ કવિએ સંસ્કૃતમાં ગૌતમીય મહાકાવ્ય સં. ૧૮૦૭ જોધપુર, ગુણમાલા પ્રકરણ સં. ૧૮૧૪, ચતુર્વિશતિ જિનસ્તુતિ પંચાશિકા સં. ૧૮૧૪ ભા. વ. ૩ વીકાનેર, સિદ્ધાંત ચંદ્રિકા વૃત્તિ સુબોધિની પૂર્વાર્દ્ધ ગ્રં. ૬૦૦૦, સાધ્વાચાર ષટ્ત્રિંશિકા, પાર્શ્વ સ્ત૦ સટીક રચેલ છે.]

ગદ્ય કૃતિઓ.

૧ ભર્તૃહરી શતકત્રય બાલા૦ સં. ૧૭૮૮ કા. વ. ૧૩ સોજતમાં

૨ અમરૂશતક બાલા૦ સં. ૧૭૯૧ આશ્વિન શુ. ૧૫

૩ સમયસાર બાલા૦ સં. ૧૭૯૮ આશ્વિન સ્વર્ણગિરિમાં
૪ ભક્તામર સ્તોત્ર બાલા૦ સં. ૧૮૧૧ જ્યે. શુ. ૧૧ કાલાઉનામાં
૫ નવતત્વ બાલા૦ સં. ૧૮૩૪ અજીમગંજમાં.
૬ વિવાહપડલ ભાષા.

---

૫૬૩ ભારામલ્લ

(૧૧૪૫) સપ્ત વ્યસન સમુચ્ચય ચોપઇ સં. ૧૮૧૪ આ. શુ. ૧૪ શનિ, ફરૂકાબાદ
—પત્ર ૯૨ સં. ૧૮૨૮ લિ. પો. ૩૪ નં. ૯૪૬ દાન.

---

૪૮૦ આલમચંદ (જુઓ પૃ. ૧૭)

(૧૧૪૬) જીવ વિચાર ભાષા (ગા. ૧૧૫) સં. ૧૮૧૫ મુર્શિદાબાદ
—નાહટા સંગ્રહ, બીકાનેર.

---

૩૯૫ જ્ઞાનઉદ્યોત (જુઓ પૃ. ૧૧૩)

(૧૧૪૬ ક) વીરચરિત્રવેલી ગા. ૧૭
—પત્ર ૨ નં. ૨૧૯૦ અભય૦

---

૪૮૨ ક ભીમરાજ (ખ. જિનવિજયસૂરિ–ગુલાલચંદ શિ.) જુઓ પૃ. ૬૫.

(૯૭૨ ક) શત્રુંજય ઉદ્ધાર રાસ સં. ૧૮૧૬ જે. શુ. સુરતમાં પૃ. ૬૫
—પત્ર ૧૨ તેમાં બીજી કૃતિઓ સ્તવનાદિ છે. સં. ૧૮૨૪ જે. શુ. ૩ જેસલમેરી દેવચંદ્ર સુત કચરમલ યાત્રા આગ્રહથી ભૂધર લિ. પો. ૪૫ નં. ૭૭૯ કૃપા.

લોદ્રવા સ્ત૦ (ગા. ૧૧) સં. ૧૮૨૪ (જિનયુક્ત સૂરિ સાથે યાત્રા)

---

૫૦૦ રઘુપતિ-રૂપવલ્લભ [ખ. વિદ્યાનિધાન શિ.] પૃ. ૧૨૪

(૧૧૪૭) નંદિષેણ ચોપઇ સં. ૧૮૦૩ ચોમાસું કેસરદેસરમાં

આદિ—

વર્ત્તમાન ચઉવીસનૈ, નમતાં નવનિધ થાય
ત્રિભુવન સુખદાયક તિકે, જગનાયક જિનરાય. ૧
ગુરૂના ચરણ ગ્રહી કરી, પૂજી સરસતિ માય
ગુણ મુનિવરના ગાઇસ્યું, થિર સમકિત થાય. ૨
નંદિષેણ નાંમે મુની, પરસિદ્ધ તાસ પ્રકાસ
વચનકલા સારૂ વિબુધ, આખે મન ઉલ્હાસ. ૩

અંતે—

શિવલોચન સિવ સિધ શશિ, સંવત એ સુવિચારોરે
પ્રથમ દિવસ લઘુકલપનં, એ પૂરણ અધિકારો રે. ૫
છે સગવટ નવ જાતની, જે સગવટ વિધિ જાણે રે
તે ખાંચા તાણો કરી, અક્ષર પરચે આણે રે. ૬
ઇહાં કારણ કોઇ ન છે, પિણ પ્રણમેં તો આણી રે
અક્ષરથી છે ઓપણી, સગવટ તેણ સુહાણી રે. ૭
વોહરા રિધવાસી વસે, ઇણ ધુરના અધિકારી રે
મુનિજનને બહુ માંનતા, આસથાવંત ઉદારી રે. ૮
તિણ **કેસરદેસર** તણો, ચતુર કરે ચોમાસો રે
શ્રાવક લોક સુખી સદા, નિરભય સુખ નિવાસો રે. ૯
યુગપ્રધાન જતીસરૂ, શ્રી **જિનસુખ સૂરીંદો** રે
ગુણવંતા **ખરતર** ગણી, માંને સકલ મુણીંદો રે. ૧૦
જિસ્યાં માંહિ સિરોમણી, વાચક પદ વર દાંનો રે
સાધુ ગુણે કરી શોભતા, નિરૂપમ **વિદ્યાનિધાનો** રે ૧૧

રઘુપતિ નિજ મનની રૂલી, જુગતિ કથા મન જાણી રે
મતિ સારૂ કીધી મુદેં, સુકવિ નરાં સહિનાણી રે. ૧૨
ચરિત્ર કથા રસ ચૌપઇ, રચતાં રંગ રસાલો રે
સુણતાં ભણતાં સંપજે, નવનિધ મંગલમાલો રે. ૧૩

—(૧) પત્ર ૯ સં. ૧૮૦૩ કા. શુ. ૧૦ કેસરદેસર મધ્યે રૂઘપતિ લિ. ભ્રાતૃ ગુલાલચંદ વાચનાર્થં પો. ૬૯ જય૦ (૨) પત્ર ૧૩ સં. ૧૮૪૯ વૈ. વ. ૧૩ મરોટ મધ્યે વખતા લિ. પો. ૮૨ નં. ૨૦૬૯ જિ. ચા. (૩) પત્ર ૧૩ સં. ૧૮૫૬ શ્રા. વ. ૬ આહસર મધ્યે શા ગુમાન પઠનાર્થં પો. ૪૫ દાન૦

(૧૧૪૮) શ્રીપાલ ચોપઇ સં. ૧૮૦૬ પ્ર. ભા. શુ. ૧૩ ઘડસીસરમાં

આદિ—

અરિહંત સિદ્ધ નમી કરી, આચારિજ ઉવજઝાય
સર્વ સાધુ પંચમ પદેં, પ્રણમું પ્રેમ લગાય. ૧
ચરિત્ર કહિસ **શ્રીપાલ**નો, આણિ હર્ષ અપાર
નવપદના સમરણ થકી, સુજસ કહે સંસાર. ૨

અંતે—

સંવત **રસ સિવ સિદ્ધ સસી** એ, સુદિ પખ તેરસ સાર
પ્રથમ ભાદ્રવ તણી એ, કીધ ચરિત્ર ઉદાર. ૯
ઘડસીસર ઘડસ્યોતનો એ, સુખથાનક છે સોય
ચોમાસે તિહાં રહીએ, કીધ કથારસ જોય. ૧૦
આછે મંજૂ ઉપાસરો એ, ગુણવંત લોક ગરિષ્ટ,
નહિ નિંદા મુખે એ મુનિને લાગે મિષ્ટ. ૧૧
શ્રી જિનસુખ સૂરીંદના એ, વિનયી **વિદ્યાનિધાન,**
કહે **રૂઘપતિ** કવી એ, મહિમા જિન ધ્રમ માન. ૧૨
ગુણ દેખી ગુણવંતના એ, ચતુર કરે ચિત ચાહ,
સુગુણની સેવસું એ, માન વધે જગમાંહ. ૧૩

પાલ્યો શીલ ભલી પરે એ, **મયણસુંદરી** નાર,
ચરિત્ર **શ્રીપાલ**નો એ, જગમેં જસ વિસ્તાર. ૧૪
ભણતાં ગુણતાં ભવીયણા એ, સુણતાં લાભ સવાય,
સુણાવે મુનિ તિયાં એ, પ્રણમેં કવિજન પાય. ૧૫

(૨૧૪૯) રત્નપાલ ચોપઈ—(ગા. ૨૫૦) સં. ૧૮૧૯ નેમિ-જન્મદિને કાલૂમાં.

આદિ—

સ્વસ્તિ શ્રી પ્રભુ **પાસ** જિન, ત્રિભુવન સુખદાતાર,
પહિલા તેહને પ્રણમતાં, જગમેં જસ વિસ્તાર. ૧

× × × ×

રતનપાલ જિમ રાજરિધ, વધીયેં જસ વિસ્તાર,
સુણિજ્યો તે ભવીયણ સરસ, અદભુત એ અધિકાર. ૫

અંતે—

નિધિ સશિ સિદ્ધ અલખને અંકે, સંવત એ નિરસંકેજી,
કાલુ ગાંમનયર આસંકે. દીપે **ગજસિંઘ** ડંકેજી. ૫
શ્રી **નેમીશ** જનમદિન જોઇ, ચોપઇ એ સંજોઇજી,
ઢાલાં પિણ સબ્દ સુલલિત હોઇ, હરખિત મનમેં હોઇજી, ૬
ભટ્ટારકીયા ગચ્છપતિ ભારી, વર્તમાન પાટ ધારીજી,
શ્રી **જિનલાભ સૂરીંદ** સુખકારી, તસુ આજ્ઞા મન ધારીજી. ૭
સાખા શ્રી **જિનસુખ** સૂરિ સુહાઇ, ગુરૂ પિણ તે વરદાઇજી,
પદકજ ચરણ કમલ પ્રભુ ગ્રહી, પાઠક પદવી પાઇજી. ૮
વિદ્યાનિધાન સકલ ગુણ સાર, શ્રી **રુઘપતિ** સુવિચારજી,
હરખ ઘણે ભવિયણ હિતકાર, એ સંબંધ ઉદારજી. ૯
આગ્રહ કરિ શિષ્ય **માણિકચરાજે. સોઝત** લિખણ સહાજ્યેજી,
દિન દિન દીપે અધિક દિવાજે, ભવિ સુણાવણ કાજેજી. ૧૦
દાનપ્રબંધ સુગ્રંથે દાખ્યો, ભારી ગુરૂમુખ ભાખ્યોજી,
દીઠો સુણિયો તિસડો દાખ્યો, **રૂપવલ્લભ** રસ ચાખ્યોજી. ૧૧

ભવીયણ દાંન તણા ફલ જાંણી, દાન દેજ્યો હિત આણીજી,
અનુમોદન કરજો અવસાણી, પિણ પછતાજો મત પ્રાણીજી. ૧૨
મેઘ મહી ગિરરાજ ગિયંદા, તારા રવિ દૂ ચંદાજી,
સુગુણ કુમાર ચરિત્ર સુખકંદા, પ્રતપો જાં પહુવેંદાજી. ૧૩
સુકવિ કરજ્યો વચન સંભાલા, મુનિજન એ ગુણમાલાજી,
સુણતાં ભણતાં રંગ રસાલા, વરતે મંગલીક માલાજી. ૧૪

—પત્ર ૨૨ સં. ૧૯૦૪ પ્ર. જે. શુ. ૫ બુધે પો. ૧૩ દાન૦

(૧૦૦૦) સુભદ્રા ચોપઈ (ગા. ૫૪૦) સં. ૧૮૨૫ (પૃ. ૧૨૪)

—(૧) પત્ર ૧૦ નં. ૫૨૪ સ્વયંલિખિત ક્ષમા૦ (૨) પત્ર ૩૦ પો. ૫ ચતુ૦

સ્તવનાદિ–(૧) વિમલજિન સ્ત. સં. ૧૭૮૮ મા. શુ. ૧૩; (૨) નાકોડા પાર્શ્વ સ્ત. સં. ૧૭૯૨ વૈ., (૩) ગોડી સ્ત. સં. ૧૭૯૨ ચૈત્ર શુ. ૧૫. (૪) જૈનસાર બાવની સં. ૧૮૦૨ માગ. શુ. ૧૫ નાપાસરમાં ગા. ૬૨ (૫) પ્રાસ્તાવિક છપ્પય બાવની સં. ૧૮૨૫ ઋષિપંચમી તોલીયાસર ગા. ૫૮. (૬) કુંડલિયા બાવની ગા. ૫૦ સં. ૧૮૪૮. (૭) સુગુણ બત્તીસી. (૮) ઉપદેશ પચાસી. (૯) ઉપદેશ બત્તીસી. (૧૦) ઉપદેશ રસાલ બત્તીસી. (૧૧) ગોડી છંદ (૧૨) કરણી છંદ (૧૩) જિનદત્તસૂરિ છંદ ગા. ૩૫ સં. ૧૮૩૯ (૧૪) બીકાનેર શાંતિ સ્ત. સં. ૧૮૧૭ વગેરે.

---

૫૬૪ ચારિત્રસુંદર (ખ. કીર્ત્તિરત્નશાખા).

(૧૧૫૦) સ્થૂલિભદ્ર ચોપઈ સં. ૧૮૨૪ આ. શુ. ૫ અજીમગંજ.

—પત્ર ૮ સં. ૧૮૨૫ ભા. વ. ૩ સ્વયંલિખિત પો. ૫૮ જય.

(૧૧૫૧) સંપ્રતિ ચોપઈ.

—પત્ર ૧૫ અપૂર્ણ પો. ૧૪ ચતુ.

---

૫૬૪ ક અનોપચંદ (ખ. ક્ષમાપ્રમોદ શિ.)

(૧૧૫૧ ક) ગોડી પાર્શ્વ બૃહત્ સ્ત૦ સં. ૧૮૨૫ ચૈ. શુ. ૫ (જય ; કૃપા.)

---

૫૦૨ દેવીચંદ્ર (પાર્શ્વચંદ્ર ગચ્છીય) પૃ. ૧૨૮

(૧૦૦૨) રાજસિંહકુમાર ચો૦ (નવકારપર) સં. ૧૮૨૭ કા. શુ. ૫ ભોમે. (પૃ. ૧૨૯).

—પત્ર ૧૭ પો. ૨૪ મહિમા૦ ભં.

---

૫૬૪ ખ કલ્યાણ (ખ૦)

(૧૧૫૧ ખ) ગિરનાર ગઝલ (ગા. ૫૯) સં. ૧૮૨૮ મહા વ૦ ૨

અંતે—

સંવત અઠારઅડવીસેક, મહા વદિ બીજ કે દિવસેક,
કીની યાત્રા ગઢ ગિરનાર, કહિતા ગજલ અતિ સુખકાર. ૫૮
ધરકે અખરમે નસૌ ધાર, ગઢ યું વર્ણ્યો ગિરનાર,
ખરતર પતી હૈ સુપ્રમાણ, કવિયું કહત હૈ કલ્યાણ. ૫૯

—પત્ર ૩ લિ. સં. ૧૮૭૪ વૈ. વ. ૧૩ મહિમા૦

---

૫૬૪ ગ ભીખજી.

(૧૧૫૧ ગ) આષાઢભૂતિ ચોઢાલિઉ સં. ૧૮૩૬ આ. વ. ૧૦ નાગોર.

—(૧) પત્ર ૩ પો. ૮૦ ચતુ૦ (૨) પત્ર ૩ સુખદેવ લિ. પો. ૧૦ ચતુ૦

---

૫૦૬ રાયચંદ (પૃ. ૧૪૨).

(૧૧૫૨) દેવકી ઢાલ સં. ૧૮૩૯ નાગોર.

—પત્ર ૧૯ પો. ૧૨ નં. ૧૦૪ અભય૦ (૨) ચતુ.

નંદન મણિહાર ચોપાઈ નાગોરમાં.
—પત્ર ૩ ચતુ૦
ચેલણા ચોઢાલિઉં. વીકાનેર.

---

૫૦૭ ગ ચંદ્ર (ખ.) [અજ્ઞાત પૃ. ૧૫૨].

(૧૦૧૭ ઘ) ભુઢાચરિત્ર રાસ-ઢાલ સં. ૧૮૩૬ માગશર (પૃ. ૧૫૨.)

—(૧) પત્ર ૪ પો. નં. ૧ મહર૦ ભં. (૨) પત્ર ૬ પો. ૬૩ મહિમા ભં. (૩) પત્ર ૭ ચતુ૦

---

૫૧૦ લાલચંદ (પૃ. ૧૫૮).

(૧૦૨૧) શ્રીપાલ ચોપઈ સં. ૧૮૩૭ (પૃ. ૧૫૮).

—(૧) પત્ર ૪૮ સં. ૧૮૫૫ કા. વ. ૯ જયનગરે વા. લાલચંદ શિ. નિલકમલ શિ. સોલગરામ શિ. જયતચંદ લિ. પો. ૪૨ નં. ૭૨૯ (૨) પત્ર ૬૦ સં. ૧૮૭૪ આ. વ ૯ અજીમગંજ મધ્યે કૃપા. (૩) પત્ર ૩૮ સં. ૧૮૭૧ ભા. વ. ૧૪ ચારિત્રવિલાસ લિ. પો. ૮૦ નં. ૧૮૯૫ જિ. ચા. (૪) પત્ર ૮૧ સં. ૧૮૯૮ પ્ર. આ. વ. ૨ શુક્ર અજીમગંજે કનકમાણિક્ય લિ. સદાકુંવર વાંચનાર્થે ચાર ખંડમાં પો. ૬૦ જય. (૫) શ્લો. ૧૫૩૫ ૪૭ ઢાલ પો. ૬૬ જય. (૬) પત્ર ૨૩ અપૂર્ણ પો. ૧૨ ભુવન.

---

૫૬૫ ચંદ્રભાણ (ઋષિ).

(૧૧૫૩) જંબૂ ચોપઈ સં. ૧૮૩૮ ભોડાવટ.

—પત્ર ૧૮ બહાદુરમલ બાંઠિયા સંગ્રહ ભીનાસર.

---

૫૬૬ ભગુદાસ.

(૧૧૫૪) ચોવીસી સં. ૧૮૨૯ જયપુર.

—પત્ર ૫ પ્રત ૨૦મી સદીની અંબાલા મધ્યે લછમનદાસ લિ. પો. ૮૩ નં. ૨૧૫૩ જિ. ચા.

---

૫૧૬ ક્ષમાકલ્યાણ [જુઓ પૃ. ૧૭૮]

(૨૧૫૫) થાવચ્ચા ચોપઇ. સં. ૧૮૪૭ વિજયાદશમી મહિમાપુરમાં.

સ્તવનાદિ:—શંખેશ્વર સ્ત૦ સં. ૧૮૨૬ વૈ. ૩, (૨)+ સૂરત સહસ્રફણા પાર્શ્વસ્ત. સં. ૧૮૨૮ વૈ. શુ. ૧૨ (૩) નવખંડા પાર્શ્વ સ્ત૦ સં. ૧૮૩૦ પોષ ઘોઘા (૪) પાર્શ્વસ્ત. સં. ૧૮૩૪ વૈ. શુ. ૫ મહેવા (૫) ઋષભસ્ત૦ સં. ૧૮૩૪ જ્યે. શુ. ૧ આબૂ (૬) સહસ્રફણા પાર્શ્વસ્ત. સં. ૧૮૩૬ ફા. વ. ૯ લોદ્રવા. (૭) ભગવતીસૂત્ર સઝાય સં ૧૮૪૩ ચોમાસું બાલુચર (૮) તીર્થયાત્રા સ્ત. સં. ૧૮૪૩ (૯) સંભવનાથ પ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૪૪ વૈ. વ. ૫ અજીમગંજ (૧૦) સુવિધિ પ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૪૫ માઘ શુ. ૧૧ મહિમાપુર (૧૧) પાર્શ્વ પ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૪૭ વૈ. શુ. ૫ મહાજન ટોલી (૧૨) મહાવીર સ્ત. ૧૮૪૭ મા૦ વ. ૨ પાવાપુરી (૧૩) સ્થૂલિભદ્ર સ્થાપના સ્ત. સં. ૧૮૪૮ પાડલીપુર (૧૪) મહાવીરસ્ત. સં. ૧૮૪૮ પો. શુ. ૧૫ પાવાપુરી. મુલચંદસંઘ સહિત (૧૫) નેમિસ્ત૦ સં. ૧૮૫૪ માગશર શુ. ૯ ધાણેરાવના સંઘસહિત ગિરનાર યાત્રા (૧૬) શત્રુંજય સ્ત. સં. ૧૮૫૪ ચૈ. શુ. ૮ શત્રુંજય (૧૭) અંતરીક પાર્શ્વસ્ત. સં. ૧૮૫૫ ફા. વ. ૧૨ શ્રીપુર (૧૮) ચૈત્યવંદન ચો૦ સં. ૧૮૫૬ જ્યે. શુ. ૧૩ નાગપુર—નાગોર (૧૯) પાર્શ્વસ્ત. સં ૧૮૫૮ ચૈ. વ. ૧ લોદ્રવા (૨૦) ઋષભ પ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૬૦ વૈ. શુ. ૭ દેવીકોટ (૨૧) સુવિધિ પ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૬૧ મા. શુ. ૨ દેરણોક (૨૩) સુપાર્શ્વસ્ત. સં. ૧૮૬૧ ફા. શુ. ૨ જયપુર (૨૪) પાર્શ્વસ્ત. સં. ૧૮૬૬ ફા. શુ. ૧૫ શંખેશ્વર મરધરસંઘયાત્રા (૨૫) નેમિસ્ત૦ સં. ૧૮૬૬ ચૈત્રીપૂનમ ગિરનાર (૨૬) ઋષભ સ્ત. સં. ૧૮૬૬ વૈ. શુ.

૨ શત્રુંજય (૨૭) પાર્શ્વપ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૬૭ માઘવ ૯ મંડોવર (૨૮) સંભવપ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૬૯ માઘ શુ. ૧૩ અજમેર (૨૯) સુપાર્શ્વ પ્રતિષ્ઠા સ્ત. સં. ૧૮૭૧ માઘ શુ. ૧ વીકાનેર (૩૦) હિત શિક્ષા બત્તીસી સં. ૧૮૬૮ પૂર્વે.

[ગદ્ય કૃતિમાં વિશેષમાં અંબડચરિત્ર ભાષામાં સં. ૧૮૫૪ આષાઢ શુ. ૩ બુધે પાલીતાણામાં રચેલ છે. તેની ૩૭ પત્રની પ્રતિ પો. ૨૪ મહિમાભક્તિ ભં. માં છે.]

[તેમણે સંસ્કૃતમાં રચેલી કૃતિઓ પૃ. ૧૮૧ પર ગણાવેલી છે તે ઉપરાંતઃ—ભૂધાતુવૃત્તિ સં, ૧૮૨૯ ચૈ. વ. ૧ રાજનગર, ગૌતમીય કાવ્યવૃત્તિ સં. ૧૮૨૯ રાજનગરમાં પ્રારંભ ને ૧૮૫૨ શ્રા. શુ. ૧૧ જેસલમેરમાં સમાપ્તિ, ચાતુર્માસી વ્યાખ્યાન સં. ૧૮૩૫ શ્રા. શુ. ૫ ફલોધી, યશોધરચરિત્ર સં. ૧૮૩૯ શ્રા. શુ. ૫ જેસલમેર, પ્રશ્નોત્તર સાર્ધશતક (ભાષામાં લખેલ તે પહેલાંનું સં. માં) સં. ૧૮૫૧ જ્યે. શુ. ૫ જેસલમેર, પાર્શ્વસ્તવાચૂરિ, તર્કસંગ્રહ ફક્કિકા સં. ૧૮૫૪ (૧૮૨૮ નહિ) સુરતમાં, વિજ્ઞાનચંદ્રિકા સં. ૧૮૫૯ જેસલમેર, અષ્ટાન્હિકા વ્યાખ્યાન સં. ૧૮૬૦ જેસલમેર, અક્ષયતૃતીયા વ્યા૦, હોલિકા વ્યા૦, શ્રીપાલચરિત્રવૃત્તિ સં. ૧૮૬૯ વિજયાદશમી વીકાનેર, સમરાદિત્યચરિત્ર સં. ૧૮૭૩, ૨૪ જિનચૈત્યવંદન, પ્રતિક્રમણ હેતવઃ વીકાનેર, સાધુ પ્રાયશ્ચિત્ત વિધિ બાલુચર, વિચારશતક બીજક, પર સમયસાર વિચારસંગ્રહ.]

---

૫૬૭ માનવિજય (૫) [ત. રત્નવિજય શિ.]

(૧૧૫૬) સિદ્ધાચલ તીર્થમાલા. સં. ૧૮૪૦ ફા. શુ. ૧૩.

—પત્ર ૧૬ સં. ૧૮૮૯ પો. શુ. ૪ બુધે વીકાનેર મધ્યે પો. ૬૫ દાન.

---

૫૬૮ ગુણચંદ (સુરજમલ શિ.)

(૧૧૫૭) ધન્ના ચોઢાલિઉં. સં. ૧૮૪૩ કા. શુ. ૧૫ વીકાનેરમાં (રામ૦)

૧૬ સ્વપ્ન ચોઢાલિઉં. (ગા. ૫૭) સં. ૧૮૫૦ વીકાનેરમાં (દાન૦)

---

૫૬૮ ક આસકરણ (રામચંદ ઋષિ શિ.)

(૧૧૫૭ક) નેમિરાજા ઢાલ અને ચુંદડી ઢાલ ૧૮૪૯ (૩૯ ?) પો. શુ. ૧૩

—પત્ર ૩ પ્રત ૧૯મી સદીની લિ. મતિરામ પો. ૮૩ નં. ૨૨૧૭ જિ. ચા.

---

૫૬૯ રત્નચંદ (પૂજ્ય ગુમાનચંદ-દુર્ગદાસ શિ.)

(૧૧૫૮) ચંદનબાલા ચોપઈ. (ઢાલ ૧૪) સં. ૧૮૫૨.

(૧૧૫૯) નિર્મોહી ઢાલ પાંચ સં. ૧૮૭૪ પાલી.

—બહાદુરમલજી બાંઠીયા સંગ્રહ ભીનાસર.

---

૫૬૯ ક જોરાવરમલ

(૧૧૫૯ક) પાર્શ્વનાથ શલોકો. સં. ૧૮૫૧ પો.

—બહાદુરમલ બાંઠીયા સંગ્રહ ભીનાસર.

---

૫૭૦ (૪૭૦ ક) ચેતનવિજય (તપા૦ વિજયજિનેંદ્રસૂરિ-ઋદ્ધિવિજય શિ.) જુઓ પૃ. ૨૦

(૧૧૬૦) સીતા ચોપઈ. સં. ૧૮૫૧ વૈ. શુ. ૧૩ અજીમગંજમાં.

—પત્ર ૧૮ પો. ૬૬ જય૦

(૧૧૬૧) શ્રીપાલ રાસ. (નાનો) સં. ૧૮૫૩ ફા. શુ. ૨ અજીમગંજમાં.

(૧) પત્ર ૧૩ પો. ૬૬ જય. (૨) પત્ર ૧૩ ગાંધી શાહ રૂપચંદ પઠનાર્થે પો. ૬૬ જય.

[આ કવિની કૃતિ નામે જંબૂચરિતની સાલ સં. ૧૮૦૫ પૃ. ૨૦ ઉપર મૂકી છે તેમાં ભૂલ લાગે છે; સં. ૧૮૫૦ પછીની હોવાનો સંભવ છે.]

---

૫૭૧ અમોલક (ઋષિ)

(૧૧૬૨) ભીમસેન ચોપઈ. સં. ૧૮૫૬ દક્ષિણદેશ આવલપુરી ગામ.

—પત્ર ૧૫ પ્રતિ ૨૦ મી સદીની પો. ૮૦ નં. ૧૯૭૩ જિ. ચા.

---

૫૭૨ તેજવિજય શિ. (તપા.)

(૧૧૬૩) નવકાર રાસ. સં. ૧૮૫૭ શ્રા. શુ. ૫

—લિ. સં. ૧૮૯૬ અ. શુ. ૫ પુન્યરત્નજી પ્રસાદે રાયચંદ લિ.

---

૫૨૪ પ્રેમ (૨) શંભુ [લૂંકા નરસિંહ શિ૦] પૃ. ૧૯૯.

(૧૦૪૬) હરિશ્ચંદ્ર ચોપઈ. સં. ૧૮૫૮ માગશર વદ ૯ રવિ જોધપુર કંટાલિયો પૃ. ૧૯૯.

—પત્ર ૨૧ સં. ૧૮૮૦ મા, સુ. ૧૨ ભક્તિવિજય લિ. પો. ૧૨ નં. ૧૧૪ અભય.

(૧૧૬૩ક) વૈદર્ભી ચોપઈ.

—પત્ર ૭ પ્રેમચંદ શિ. શોભાચંદ લિ. સાધ્વી વીરાં પઠનાર્થે. જિ. ચા.

---

૫૭૩ દિનકરસાગર (પ્રધાનસાગર શિ.)

(૧૧૬૪) ચોવીસી સં. ૧૮૫૯ પો. શુ. ૧૫ રાણકપુર.

—પત્ર ૪ સં. ૧૮૭૧ ફા. વ. ૧૪ દિણયરસાગર લિ. શિષ્ય રાજસિંઘ વાચનાર્થં પો. ૧૭ અભય.

માનતુંગીસ્ત. ગા. ૧૭ સં. ૧૭૭૯ માગ. વ. ૩

—પત્ર ૧ પો ૧૭ અભય.

(૧૧૬૫) ૨૪ જિનચરિત્ર (દોહાબંધ) સં. ૧૮૭૯ પ્ર. મધુ શુ. ૫ ગોઢવાડ.

—પત્ર ૧૯ પો. ૩૧ નં. ૮૮૮ દાન૦

---

૫૭૪ સબલસિંહ (ખ૦ શ્રાવક)

(૧૧૬૬) વીશી સં. ૧૮૬૧ અક્ષયતૃતીયા. મકસુદાબાદમાં.

—પત્ર ૬ પો. ૬૩ મહિમા. ભં.

---

૫૭૫ રાજેંદ્રવિજય [તપા ભગવાન શિ.]

(૧૧૬૭) ૨૧ પ્રકારીપૂજા સં. ૧૮૬૬ કા. શુ. ૧૩ ખંભાત.

—પત્ર ૧ લાંબો સં. ૧૮૬૬ કા. વ. ૧૩ રાજેંદ્રવિજય લિ. ખંભાત મધ્યે પો. ૭૫ દાન૦

---

૫૭૬ ઉદયરત્ન (૩) [ખ૦ વિદ્યાહેમ શિ.]

(૧૧૬૮) જિનપાલિત જિનરક્ષિત રાસ સં. ૧૮૬૭ વીકાનેર,

—(૧) ચતુ૦, (૨) વર્ધમાન ભં.

ખંધક ચોઢાલીઉં.

—સં. ૧૮૮૪ લિ૦ મહિમા૦

જિનકુશલસૂરિ નિશાની સં. ૧૮૭૪ (અભય.)

સીમંધર સ્ત૦ સં. ૧૮૫૭ અસાડ શુ. ૧૦ (મુક્તાજી)

---

૫૭૬ ક ગુમાનચંદ [ખ. નગરાજ–ખુશાલચંદ શિ.]

(૧૧૬૮ક) કેશી ગોતમ ચોઢાલીઉં. સં. ૧૮૬૭ મા. શુ. ૫ દશપુરમાં.

—આચાર્ય ખરતર ભંડાર વીકાનેર.

---

૫૭૭ જયરત્ન

(૧૧૬૯) ભૃગુ પુરોહિત ચોપઈ. (ઢાલ ૨૩) સં. ૧૮૭૨ ચૈ. વ. ૯

---

૫૨૫ દીપવિજય (૨) જુઓ પૃ. ૧૯૯.

(૧૧૭૦) વટપ્રદ (વડોદરા)ની ગજલ.

—નાહટાજી વીકાનેર પાસે,

(૧૧૭૧) અષ્ટાપદ પૂજા સં. ૧૮૯૨ ફા. રાંદેર.

ગદ્યકૃતિ.

ઢુંઢિયા ૯ બોલ ચર્ચા સં. ૧૮૭૬ ઉદેપુર.

—પત્ર ૨૧ સં. ૧૯૨૭ શ્રા વ. ૧૧ પો. ૬૩ દાન.

તેરાપંથી ચર્ચા સં. ૧૮૭૬ ઉદેપુર.

—પત્ર ૧૧ અબીર૦

---

૫૭૭ ક લાલવિનોદ.

(૧૧૭૧ ક) નેમિ બારમાસા.

—પત્ર ૩ પ્રત ૧૯મી સદીની પો. ૮૩ નં. ૨૧૯૩ જિ. ચા.

---

૫૭૮ ચારિત્રનંદી (ખ૦)

(૧૧૭૨) નવપદ પૂજા.

(૧૧૭૩) ૨૧ પ્રકારી પૂજા (વીકાનેર શ્રી પૂજ્ય ભં.)

---

૫૭૯ જૈનચંદ (ખ.)
(૧૧૭૪) નંદીશ્વર દ્વીપ પૂજા.

---

૫૮૦ ચોથમલ (ઋ૦)
(૧૧૭૫) ઋષિદત્તા ચોપઇ (પત્ર ૧૦ પો. ૫ ચતુ૦)

વિશેષ ગદ્ય કૃતિઓ (૧૯ મી સદીની)

ક્ષમામાણિકય (ખ૦)

(૧) **સમ્યક્ત્વ ભેદ** સં. ૧૮૩૪ રાજપુરે (પત્ર ૬ વર્ધ૦)

(૨) **ગણધરવાદ બાલા૦** સં. ૧૮૩૮ (પત્ર ૪ સ્વયં લિ. વર્ધ.)

(૩) **ક્ષેત્રસમાસ બાલા૦** (વર્ધ૦)

વિદ્યાહેમ.

વિવાહ પડલ અર્થ સં. ૧૮૩૦ મા. વ. ૨ (પત્ર ૧૧ વર્ધ૦)

આનંદવલ્લભ (ખ. રામચંદ્ર શિ.)

(૧) **દંડક સંગ્રહણી બાલા.** સં. ૧૮૮૦ માગ. અજીમગંજ

(૨) **વિશેષ શતક** (સમયસુંદર કૃત) ભાષા ગદ્ય સં. ૧૮૮૨ જ્યે. શુ. ૫ બાલૂચર. બંને દાન. ભં. માં.

કસ્તુરચંદ (ખ૦ સમયસુંદરની પરંપરામાં ભક્તિવિલાસ પ્રશિષ્ય)

ષડ્દર્શન સમુચ્ચય બાલા૦ સં. ૧૮૯૪ રાધ વદ ૨ શનિ બીકાનેર.

અંતે—

સંવત **વેદ નિધાન ગજ, પૃથિવી** એ પરમાણ
રાધ માસ વદિ દુતિય શનિ, **બીકાનેર** સુથાન. ૧
પંડિત **ભક્તિવિલાસ** કે, પૌત્ર શિષ્ય **કસ્તૂર**
સમઝ દેખિ ટીકા કઠિન, કિયો પ્રયાસ સમેર. ૨
કોઠારી શ્રાવક સુબુધ, **અગરચંદ** કે હેત
બાલબોધ રચના રચી, તુરત જાણ સુખ દેત. ૩

—મુકનજી ભં. વીકાનેર.

વિક્રમ વીસમી સદી

૫૮૧ ચિદાનંદ-કપૂરચંદ

(૧૧૭૬) +ચિદાનંદ બહોતરી

—(૧) ઇતિ પદે ૬૨ શ્રીઅનુભવ વિલાસ સંપૂર્ણ. લિ. ૧૯૧૦ આસો વદિ ૧ સોમ. ઠાકોર નરભેરામ અમુલખેન શ્રી પાટણ નગરે આદિ જિન પ્રસાદાત્ ૧૩-૧૫ આ. ક. (૨) પદ ૬૯ અને થોઈ ૧ મળી ૭૦ પ્રકટ શીલાછાપની ચોપડીમાં પૃ. ૧-૭૦ માં લ. સં. ૧૯૨૫ શાકે ૧૭૯૦ ભાદરવા શુક્લ ૭ સોમવાર સંપૂર્ણ. (૩) સં. ૧૯૧૭ શ્રા. વ. ૪ ગુરૂ મુંબાઇ મધ્યે બ્રા. ચતુર્ભુજેણ લિ. ૧૫-૧૨ નં. ૪૬૧ જશ. (૪) પ્ર૦ ભીમશી માણેક.

(૧૧૭૭) +પુદ્ગલ ગીતા

આદિ—

સંતો દેખીયે એ, પરગટ પુદ્ગલ જાલ તમાસા.
પુદ્ગલ ખાણો પુદ્ગલ પીણો, પુદ્ગલ હુંથી કાયા,
વર્ણ ગંધ રસ ફરસ સહુએ, પુદ્ગલ હુંકી માયા. સંતો. ૧

અંતે—

બાલ ખ્યાલ રચિયો એ અનુપમ અલ્પમતિ અનુસાર
બાલ જીવકું અતિ ઉપગારી, ચિદાનંદ સુખકાર. શં. ૧૦૮

—પ્ર૦ સજ્જન સન્મિત્ર. પૃ. ૫૦૫ થી ૫૧૩

+પરમાત્મ છત્રીસી

આદિ— દુહા

પરમદેવ પરમાતમા, પરમ જ્યોતિ જગદીસ
પરમ ભાવ ઉર આનકે, પ્રણમત હું નિસદીસ. ૧

અંતે—

પરમાતમ છત્રીસી કો, પઢિયો પ્રીતિ સંભાર
ચિદાનંદ તુમ પ્રતિ લખી, આતમ કે ઉદ્ધાર. ૩૬

—પ્ર. સજ્જનસન્મિત્ર પૃ. ૫૧૬ થી ૫૧૮

+હિત શિક્ષારૂપ દોહા ૪૧.

—સદર. પૃ. ૫૧૮–૫૨૧.

+ચિદાનંદ કૃત સવૈયા

(૧) પ્ર. સદર પૃ. ૪૮૫ થી ૪૯૪. (૨) લિપિકૃતં લહીયા લાલજી કલ્યાણ શ્રી ભાવનગર મધ્યે સં. ૧૯૬૧ ના જ્યેષ્ઠ વદ ૧૪ ચૌદશ ૫–૧૭ આત્માનંદ સભા ભાવ૦

+દયા છત્રીસી સં. ૧૯૦૫ ગૌતમ કેવલજ્ઞાન દિને (કા. શુ. ૧) ભાવનગરમાં.

દોહરા છંદ

ચરણ કમલ ગુરૂદેવકે, સુરભિ પરમ સુરંગ
લુબ્ધો રહત સદા તિહાં, **ચિદાનંદ** મન ભૃંગ ૧

× × × ×

સર પૂરણ નિધિ ચંદ્રમા, સંવચ્છર સુખકાર
ગોતમ કેવલજ્ઞાન કીં, માસ દિવસ ચિત ધાર ૩૫
ભાવનગર ભેટયો સહિ, શ્રી **ગવડી** પ્રભુ **પાસ**
ચિદાનંદ તસ મહેરથી, સફલ ફલી મન આસ ૩૬

—ઇતિશ્રી મહારાજશ્રી કપૂરચંદજી કૃત દયાછત્તીસી સંપૂર્ણ.

—પઠનાર્થં સાહા ભાઇચંદ અમરસીની પ્રત છે શ્રી પાલીતાણા વાસ્યં (વાસ્તવ્ય) શ્રી આદિનાથ પ્રસાદં. ૪–૧૨ તિલકવિજય મુનિનો ભં. મહુવા પોથી નં. ૮

+પ્રશ્નમાલા અને ઉત્તરમાલા (પ્રશ્નોત્તરમાલા) સં. ૧૯૦૬ કાર્તિક શુ. ૧૩ અચલવાર ભાવનગરમાં.

પ્રશ્નમાલા દૂહા

પરમ જ્યોતિ પરમાતમા, પરમાનંદ અનુપ
નમો સિદ્ધ સુખકર સદા, કલાતીત ચિદ્રૂપ. ૧

× × × ×

કહા સુધિ અરૂ વિપયિ કહા, કહા સુસંગ કુસંગ
કહા રંગ પતંગકા, કહા મજીઠકા રંગ. ૧૬

ઉત્તરમાલા

દેવશ્રી અરીહંત નિરાગી, દયા મૂલ શુચિ ધર્મ સુભાગી
હિતોપદેશી ગુરૂ સુસાધ, જે ધારત ગુણ અગમ અગાધ ૧

× × × ×

પ્રશ્નોત્તર ઇમ કહેવિ વિચારિ, અતિ સંક્ષેપ બુદ્ધિ અનુસારી
અતિ વિસ્તાર અર્થ ઇણ વેરા, સુનત મિટે મિથ્યાત અંધેરા ૩૮

કલશ

રસ પૂર્ણ નંદ સુચંદ (વત્સર) માસ કાર્ત્તિક જાણીયે
પક્ષ ઉજ્જલ તિથ ત્રયોદશી વાર અચલ વખાંણીયે
આદિ સુપાસ પસાય પાંમી **ભાવનગર** રહી કરી
ચિદાનંદ જિનંદ વાણી કહિ ભવસાયર તરી. ૩૯

—(૧) પત્ર ૪ નં. ૧૧૪૬ દાન૦ (૨) 'મુનિરાજશ્રી કપૂરચંદજી કૃત ગ્રંથાવલી સં. ૧૯૨૫ ।। વ્રંચ સુરધર મિંત ।। છાપખાના મધ્યે છપા ।। શાકે ૧૭૯૦ ભા. વ. ૨ આ રીતે મુખપૃષ્ટ વાળી ચોપડી શિલાછાપમાં છપાવી છે પૃ. ૧૨૦ તેમાં ચિદાનંદ બહુતરી પૃ. ૧-૭૦ (સં. ૧૯૨૫ શાકે ૧૭૯૦ ભાદરવા શુક્લ ૭ સોમવાર) પુદ્દગલ ગીતા ૭૧-૯૩, પ્રશ્નમાલા ઉત્તરમાલા ૯૩-૧૦૬ (દા. ગોડએસી પુનમચંદ)ને દયાછત્તીસી ૧૦૬-૧૨૦ પ્રગટ થયેલ છે.

(૧૧૭૮)+ સ્વરોદય સં. ૧૯૦૭

૧-૨ અર્હંત સ્તુતિ અને સરસ્વતીની સ્તુતિ બે આદિમાં

છાપ્પયમાં છે પછી દોહા આવે છે. ૩ સરસ્વતિને વચન વિલાસ દેવા વિનતિ, ૪-૮ સિદ્ધ સ્તુતિ પછી ગ્રંથનો હેતુ બતાવે છેઃ—

સ્વરકા ઉદય પિછાનિયે, અતિ થિરતા ચિત ધાર
તાથેં શુભાશુભ કીજિયે, ભાવી વસ્તુ વિચાર. ૧૦
કર્યો એમ સંક્ષેપથી, ગ્રંથ **સ્વરોદય** સાર,
સંવતસર **મુનિ પૂર્ણતા, નંદ ચંદ** ચિત ધાર. ૪૫૩

—(૧) મુનિ કપુરચંદજિ કૃત સ્વરોદય સંપૂર્ણ ૯-૨૨ દા. ૩૯ નં. ૧૨૮ ડા. પાલણ. (૨) પત્ર ૨૨ સં. ૧૯૪૦ ચૈ. શુ. ૮ પં. ધનસુખ લિ૦ પો. ૮૩ નં. ૨૧૦૩ જિ. ચા. (આમાંના કેટલાક દોહાપર વિવેચન માટે જુઓ જૈન યુગ પુ. ૨ પૃ. ૨૬૩)

---

૫૮૧ ક નવલવિજય (ત૦ જિનવિજય-ચતુરવિજય શિ.)

(૧૧૭૮ ક) મેત્રાણા-મંડન ઋષભ દેવજિન સ્ત૦ (પાંચ ઢાળ ઐ૦) સં. ૧૯૦૧ માહ શુ. ૧૩ મંગલવારે મેત્રાણામાં

આદિ— દુહા

સ્વસ્તિ શ્રી વરદાયકા સાસન નાયક રીદ્ધ
ગુજ્જર દેશ સોહામણો **પાટણવાંડો** પરસીધ. ૧
બાવન તફે જાંણીઇ, **સીધપર** સૂલતાંન
ગાઉ પાંચ તીહાં થકી, **મેત્રાંણું** મંડાણ ૨
સંવત **ઓગણીસેં સઈકા સમે,** શ્રાવણ માસ મઝાર
વદિ તીથિ એકાદસી, સોમવાર સુખકાર ૩
પરવ પજુસણનેં ધુરેં, પ્રગટિ પ્રતિમા ચાર
બાઈ **માંનાં** તસ દીકરિ, **જવલ** નાતેં **લવાર.** ૪
તસ નંદન તસ ચ્યાર છેં, પતિભક્તિ છે નાવ
મેત્રાણાપુરમંડણો, સુંણજ્યો સહુ અધિકાર. ૫
તસ મહિમા તેહનો કહું, ભવિયણ થઈ ઉજમાલ
સાંભલજ્યો સહુકો તુમે, પસરી મંગલમાલ. ૬

[પુત્રીને સ્વપ્ન આવ્યું કે અમે અહીં છીએ. આ વાત માને કહી. બંને ઉઠીને કોડમાં ખોદતાં પ્રભુની પલાંઠી જોતાં ચાર પ્રતિમા દેખાઈ (ઋષભ, શાંતિ, કુંથુ, પદ્મ જે, ચતુર નમે પ્રભુ પાય રે) અગોચર વચનથી જણાયું કે પ્રભુ રામસૈન્ય (રામસેણ)થી આવ્યા છે પજુસણ પર્વમાં મેત્રાણાના સંઘમાં આનંદોત્સવ થઈ રહ્યો. પછી

પરસાદ મનોહર સુંદર કીધો, ઉત્તર દીસેં મુખ પરસીદ્ધો
પ્રભુ દરિસણ કરી સુખ લીધો રે મનમોહન૦
માહ માસ મનોહર માહરે, તિથિ તેરસ ભૃગુવારે
સુકલ પક્ષ સુવિચારે રે મન૦

મૂલનાયક ઋષભની પ્રતિમા ને આજુબાજુ બીજી જિન પ્રતિમા રાખી. દેશદેશના સંઘ જાત્રાએ આવવા લાગ્યા.]

ચ્યાર નીવારક ચ્યારે જિનવર પ્રગટ થયા તતખેવ રે
ચતુરવિજય જિન ધ્યાન ધરંતા **નવલ** પ્રગટયો નેહરે. ૫

કલશ

ઋષભ સાંતિ કુંથુ જિનવર **પદમ** પ્રભુને પ્રણમિએ
ઘન સુઘન સુવાસ સુંદર કનક કચોલે અરચીએ
દિપ ધુપ પુફ માલ બહુ વિધ પગર પૂરીઇ
શ્રી જિનશાસન ભક્તિ કરતાં સકલ સંકટ ચૂરીઈ
શ્રી **વિજયપ્રભ**પાટ મુનિવરા **જિનવિજય** ચિત ધ્યાઇએ
નવલવિજય જિનસેવા કરતાં મનવંછિત ફલ પાઇએ.

—૨-૧૩ મુનિ જશ૦

---

૫૮૨ દેવચંદ (શ્રાવક જ્ઞાતે વીશાશ્રીમાલી ગાંગડવાસી)

(૧૧૭૯)+ નેમનાથનો શલોકો સં. ૧૯૦૦ ગાંગડમાં.

આદિ—

સરસતિ માતા હું તુમ પાય લાગું, દેવગુરૂ તણી આગના માગું,
જિહ્વા અગ્રે તું બેસને આઇ, વાણી તણી તો કરજે સવાઇ. ૧

અંતે—

સંવત્ ઓગણીસ શ્રાવણ માસ, વદની પાંચમનો દિવસ ખાસ,
વાર શુક્ર ને ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું મારૂં.
ગામ **ગાંગડના** રાજા **રામસિંઘ**, કીધો શલોકો મનને ઉછરંગ,
મહાજનના ભાવથકી મેં કીધો, વાંચી શલોકો મહોટો જશ લીધો.
દેશ ગુજરાત રેવાશી જાણો, **વિશાશરમાલી** નાત પ્રમાણો,
પ્રભુની કૃપાથી નવનિધિ થાય, એહુ કરજોડી **સુરશશિ** ગાય.
નામે **દેવચંદ** પણ '**સુરશશિ**' કહિયે, એહુનો અર્થ એકજ લહિયે,
દેવ સૂર્ય ને ચંદ્રજ છે શશિ; વિશેષ વાણી હૃદયામાં વસી. ૮૨

—પ્ર. શલોકા સંગ્રહ ભી. મા.

(૧૧૮૦)+ વિવેકવિલાસનો શલોકો સં. ૧૯૦૩ માગશર શુદ ૧૩ મંગલ.

આદિ—

સરસતિ માતા તુમ પાયે લાગું, દેવગુરૂ તણી આગના માગું,
કાયા નગરીનો કહું શલોકો, એક ચિત્તથી સાંભલજો લોકો. ૧

અંતે—

ઓગણીશે ત્રણનો માગશર માસ, શુકલ પક્ષનો દિવસ ખાસ,
તિથિ તેરશ મંગલવાર, કર્યો શલોકો બુદ્ધિ પ્રકાસ. ૮૯
શહેર **ગુજરાત** રેવાશી જાણો, **વીશાશિરમાલી** નાત પરિમાણો,
વાઘેશ્વરીની પોલમાં રહે છે, જેહવું છે તેવું **સુરશશિ** કહે છે. ૯૦
નથી જાણુતો ગણુ ને ભેદ, કોઇ કરશો મ મુજપર ખેદ,
કવિજન આગલ મહારી શી ગતિ, દોષ ટાલશે માતા **સરસતી** ૯૧
સૂત્ર સિદ્ધાંત નથી હું ભણ્યો, જાડા રેશમનો દોરડો વણ્યો,
વાત સાચી છે કાયામાં જોજો, વિવેકી પુરૂષો વિચારી લેજો.

—પ્ર૦ શલોકા સંગ્રહ. ભી. મા.

૫૮૨ ક અમૃતવિજય [ત૦ હંસવિજય-ગંગવિજય-ચતુરવિજય શિષ્ય.]

(૧૧૮૦ ક) કલીયુગનો છંદ. ૧૯૦૨ વૈશાખ વદ ૧૦ આડેસરમાં.

કલશ.

ઇમ ચરિત્ર કલીયુગતણાં દેખી, મોહ મમતા પરિહરો,
માત તાત ને સુતા પરિજન, કોઇ કેહનો નવિ ખરો.
ઓગણીશ બીલોતરા વરસે, નગર **આડેસર** રહિ,
વૈશાખ વિદની તિથિય દશમી, સોમસુત વારે સહી.
તપગછ સાસણ ગુરૂ સુભાપણ, **હંસવિજય** સુરતરૂ સમો,
તસુ સીસ **ગંગવિજય** સુસેવક, **ચતુરવિજય** ગુરૂ હિતધરો.
તસુ ચરણસેવક સદા સેવિત, પદ્મરાગ મધુ તણો,
તાસ પસાઈ ચોપાઇ ભાખી, **અમૃતવિજય** જયસુખ ભણો.

—સંવત ૧૯૨૪ વૈ. શુ. ૭ પાટણ નયરે. પ્ર. કા.

---

૫૮૩ નંદલાલ (ઋષિ રતિરામ શિ૦)

(૧૧૮૧) લબ્ધિપ્રકાશ ચોપઇ. સં. ૧૯૦૩ કપૂરથલા.

—પત્ર ૪૫ બહાદુરમલ બાંઠિયાસંગ્રહ ભીનાસર.

(૧૧૮૨) જ્ઞાનપ્રકાશ સં. ૧૯૦૬ પંજાબ.

—પત્ર ૨૧ પો. ૮૩ નં. ૨૧૯૪ જિ. ચા.

---

૫૮૪ કેશરીચંદ [ખ૦]

(૧૧૮૩) જ્ઞાનપંચમી મહિમાસ્તવ સં. ૧૯૦૬ કાર્તિક શુ. ૫ રવિ. કોટામાં.

આદિ— દુહા.

અષ્ટ કર્મ મલ ક્ષય કરી, પ્રગટ કીયા ગુણ અષ્ટ,
ઇષ્ટ દેવ સિધ્ધિસકી, મો પર રહો સુદષ્ટ. ૧

શ્રી જિન મુખસું નીસરી, દ્વાદશ અંગ સરૂપ,
શ્રુતદેવી સમરણ કરૂં, ઉપજે ગ્યાંન અનૂપ. ૨
ગ્નાન આરાધન પંચમી, ભાષી સૂત્ર મઝાર,
વરદત્ત ગુણમંજરી પરે, પામે સુખ અપાર. ૩

અંતે— ઢાલ ૭ જલજલતી મિલતી ઘણું રે એ દેશી.

ભગવઇ અંગ સુહામણો રે લાલ સુણીયેં ધર ચિત ભાવરે.
ઋદ્ધિ સમૃદ્ધિ દાતાર સદારે લાલ વિવેકી,
ભવોદધિ ઉતરણ નાવરે વિવેકી. ભ૦ ૧

× × × ×

છ રસ આકાસ ગ્રહ સસીરે લાલ, કાર્ત્તિક સુદ રવિવારરે. વિ.
પાંચમ દિન મહિમા કરીરે લાલ, **કોટૈ** સહર મઝારરે. વિ. ભ. ૬
રાજ બિરૂદ **ખરતર** તણો રે લાલ, રાજૈ વિજય રાજ્યરે વિ.
શ્રી **જિનમહેંદ્ર** સૂરિસર રે લાલ, પરધલ સાથ સામ્રાજ્યરે વિ. ભ. ૭
ચોમાસો ઇણ થાંનકૈ રે લાલ, ઉછરંગે કીયો ભલ્લરે વિ.
સંઘ ભક્તિ બહુ સાચવેરે લાલ, સંઘનાયક **દાનમલ્લરે** વિ. ભ. ૮
એહ સ્તવન ગુણૈ સુણૈ રે લાલ, દુર હુવૈ દુખ ધંધ રે વિ.
આગમ વાણી જોયનૈ રે લાલ, એહ કહ્યો સંબંધ રે વિ. ભ. ૯
ભૂલો જો પરમાદમૈ રે લાલ, કવિજન સોધ્યો એહ રે વિ.
બોલી ડાલી ભક્તડી રે લાલ, મૈં પરકાસી તેહરે વિ. ભ. ૧૦
ઉડગણ રવિ સસી જ્યો લગેરે લાલ, જ્યાં લગ મેરૂ ગિરંદરે વિ.
ગ્યાંન પ્રકાશ હવો સદારે લાલ, કહે મુનિ **કેસરીચંદરે** વિ. ભ. ૧૧

—સં. ૧૯૦૬ મિગશર સૂદિ ૩ દિને શ્રી કોટારામપુરા મધ્યે. પત્ર ૫-૧૩ અનંત નં. ૨.

---

૫૮૫ વિનયચંદ

(૧૧૮૪) ચોવીસી સં. ૧૯૦૬.

—પત્ર ૭ સં. ૧૯૨૫ અ. શુ. ૭ જયપુર મધ્યે પો. ૮૩ નં. ૨૧૪૯ જિ. ચા.

---

૫૮૬ રામચંદ (ખ. ક્ષેમકીર્ત્તિશાખા શિવચંદ શિ.)

(૧૧૮૫) કર્મબંધ વિચાર. સં. ૧૯૦૭ (૮) ગ્વાલીયર પાસે સિંધિયા કટકમાં.

કર્મબંધ સુવિચાર, ચ્યાર તરૈ સુ ગૂંથિયૌ,
ભાષામેં સુખકાર, સુગમ ભણી લઘુ બુદ્ધિસું. ૧
અણાહારિ આહારિ, જીવ હુવૈ કિણ કિણ સમૈ,
તેરૈ દ્વાર વિચાર, ભાષામેં કહિસું સુગમ. ૨

× × × ×

જડ ચેતન પરજાય, કરમબંધ ઇ જો કહ્યૌ,
તીન્નેં આહાર વિચાર, સપ્રતિપક્ષી જીવકે. ૧
એ તીને અધિકાર, પન્નવણાગમ જોયનૈ,
ભાષામેં સુખકાર, મતિ અનુસારે ગૂંથિયા. ૨
સમ(આઠ) પૂરણ નવએક, સંવત સંખ્યા જાણિયે,
કાર્ત્તિક માસ ઉદાર, જ્ઞાનપંચમી શોભતી. ૩
ગોપાચલનૈ પાસ, **સિન્ધ્યાકટક** સુહામણો,
ઇહાં એ ઉદ્યમ કીધ, સંપૂરણ રચના થઇ
(કાશીમેં પૂરણ ભયો) ૪
વડ ખરતર ગણમાંહિં, **ક્ષેમકીર્ત્તિ** શાખા ભલી,
તિહાં પાઠક ગુણખાણ, **શિવચંદ** નામૈ દીપતા. ૫
તાસુ સીસ લઘુબુદ્ધિ, **રામચંદ** ભાષા લિખી,
સહુ સમઝણનૈ કાજ, પંચંગી પરમાણસું. ૬

ગુણરાગી બહુ જાણ, ચિંતામણિ જસુ ચિત્તમેં,
વિરધીચંદ સુજાણ, ગોત્ર **સંચેતી** દીપતો. ૭
તસુ સમઝણનૈ કાજ, ઉદ્યમ કરિ રચના કરી,
ન્યૂનાધિક જો દોષ, મિચ્છાદુક્કડ તેહનો. ૮

તેર કાઠિયા સજ્ઝાય સં. ૧૯૧૦ ભા. શુ. ૧૦

—પત્ર ૨ સં. ૧૯૧૦ આશ્વિન વ. ૨ દિન શ્રી ગોપાચલ પ્રસન્ન જીયાજી મહારાવ સિંધેકટકે વિરૂદરામચંદ્ર મુનિરચિતા.

---

૫૮૭ બાલચંદ-વિજયવિમલ (ખ૦ પ્રીતિવિલાસ-ધર્મસુંદર-અમૃતસમુદ્ર શિ૦)

(૧૧૮૬) સમેત-શિખર રાસ સં. ૧૯૦૭ વૈશાખ શુદિ અજીમગંજમાં.

આદિ—

વાંદી વીસ જિનેસરૂ, રચરયું રાસ રસાલ,
તીરથ **સિખર સમેત**ની, મહિમા વડી વિસાલ. ૧

અંતે—

ખરતર ગચ્છપતિ મહિમાધારી, જાકો જસ વિખ્યાતજી,
જયશ્રી **જિન સૌભાગ્ય** સૂરીસર, અમૃત વચનસું ગાતજી.
તાસુ પ્રસાયે રાસ રચ્યો એ, **અમૃતસમુદ્ર**નેં સીસજી,
બાલચંદ્ર નિજમતિ અનુસારે, સોધ્યો વિબુધ સુજગીસજી.
સંવત **ઓગણીસેં સિતડોત્તર** સુદિ વૈશાખ સુહાલજી,
રાસ **અજીમગંજ** માંહે કીનો, ભણતાં મંગલ માલજી.

કળશ

ઈમ સયલ સુખકર વીસ જિનવર, સંથુણ્યા મન ગહગહીં,
ગિર શિખર તીરથ તણી, મહિમા ભવિજન લય લહી.
શ્રી જિન સૌભાગ્ય સુરિંદને સુપસાય વરણ્યો રાસ એ,
કહે **બાલચંદ** એ શ્રવણ સુણતાં સદા આનંદ ભાસ એ.

—(૧) ૮-૧૨ બી. ડી. ૧૯૯ રો. એ. સો મુંબઇ, નં. ૧૧૮૩. (૨) પત્ર ૬ સં. ૧૯૧૯ ચૈ. વ. ૧૧ અજીમગંજ મધ્યે લિ. પો. ૬૩ મહિમા. (૩) ૯-૧૧ ગુ. નં. ૫૫-૨૬. (૪) પત્ર ૧૨ પો. ૮૩ નં. ૨૧૦૮ જિ. ચા. (બાલચંદ નામે શિખરજી રાસ સં. ૧૯૩૧ કા. શુ. ૧૫ નો પત્ર ૮ પો. ૧૪ જય૦ માં નોંધાયેલ છે.)

(૧૧૮૭)+ સમેતશિખર ગિરિપૂજા સં. ૧૯૦૮ કા. શુ.

આદિ—

ચોવીસે જિનવર તણા, પ્રણમી ભાવે પાય,
સમેતશિખર ગિરિરાયની, પૂજ કર મન લાય. ૧

અંતે—

ભવિજન **શિખર સમેત** વધાવો,
વીસ જિનેસર મુગતિ સિધા એ, એ તીરથ જગ ચાવો. ૧
સંવત **સિધિ નભ નિધિ વસુધા** સુભ, કાર્તિક સુદિ પણ ચાવો,
જિનસૌભાગ્ય સૂરીસર ગુણનિધિ, **ખરતર** ગચ્છપતિ ચાવો. ૪
અમૃત લાભ **સમુદ્ર** પસાયે, પૂજ રચી મન ભાવો,
બાલચંદ્ર પરમાતમ પ્રભુકા, હરખ હરખ ગુણ ગાવો. ૫

+પૂજાસંગ્રહ પૃ. ૧૪૧ થી ૧૬૮.

(૧૧૮૮)+ પંચ કલ્યાણક પૂજા. સં. ૧૯૧૩ આ. શુ. ૫ વીકાનેર.

આદિ—

જ્યોતિરૂપ જગદીશનું, અદ્દભુત રૂપ અનૂપ,
પ્રવચન પ્રભુના પ્રગટ પણ, જય જય જ્યોતિ સરૂપ. ૧
ચોવીસે જિનવર નમી, **પંચ કલ્યાણક** રૂપ,
શાસનનાયક વરણવું, દર્શન જ્ઞાન સરૂપ. ૨

અંતે—

તેજ તરણિસમ રાજે, પ્રભુજીકો તેજ૦
એક સમય પ્રભુ ઊરધ ગતિ કર, મુક્તિ મહલ સુવિરાજે. ૧

સંવત **ઓગણીસે તેહો(શે)ત્તર**, શ્રાવણ શુદિ પખ રાજે,
શ્રી જિનરાજ તણા ગુણ ગાયા, પંચમી દિવસ સમાજે. ૪
શ્રી **વિક્રમપુર** નગર મનોહર, શ્રી સંઘ સકલ સમાજે,
પંચ કલ્યાણક પૂજા પ્રભુકી, કીની હિત સુખ કાજે. ૫
શ્રી **ખરતર** ગચ્છનાયક લાયક, યુગપ્રધાન પદ છાજે,
જંગમ ગુરૂ ભટ્ટારકવર શ્રી, **જિનસૌભાગ્ય** સુરાજે. ૬
પ્રીતિવિલાસ ધર્મસુંદર ગણિ, **અમૃતધર્મ** સુભ્રાજે,
પાઠક **વિજયવિમલ** પ્રભુકે ગુણ, ગાવત ઘન જિમ ગાજે. ૭
હંસવિલાસ પ્રવર ગણિવરકી, પ્રેરણયા સુસમાજે,
શ્રી જિનવરકી સ્તવના કીધી, ધર્મ પ્રભાવન કાજે. ૮

+પૂજાસંગ્રહ પૃ. ૧૬૯ થી ૧૯૯.

---

૫૮૮ જશવિજય (૨) (અન્નવિજય શિ.)

(૧૧૮૯ક) ચોવીશી. (૨૪ જિન સ્ત૦) સં. ૧૯૧૦ નીમચમાં.

આદિ— નિદડલી હો વૈરણ હોય રહી—એ દેશી.

ઋષભ જિણેસર સાહિબો, તુમ દીઠે હો મુજ પાપ પુલાય કે,
ભવભયથી હું ઉભગ્યો, તુમ ચરણે હો આવ્યો મહારાય કે.

અંતે— દેશી જકરીની

શ્રી જિન **વીર** જિનંદ શાસન પતિ બંદીયે.

× × × ×

ચૌત્રીસ અતિસય ચરમ જિનવર થુણ્યો અતિ આનંદ ભરે,
આસોજ ઉજલ અષ્ટમી દિન સંવત **ઉગણીસ દસોતરે**.
અન્નવિજય ગુરૂરાયે સેવી **જસવિજય** ઉલટ લહો,
નીમચ લસકરમાંહિ રહિને **વીર**સ્વામી **જસ** કહો. ૧૧

શાંતિ સ્ત૦

શાંતિજિણંદ મયા કરી, દરસણ દ્યો મહારાજ,
× × × ×

અજવિજય ગુરૂ ગુણ નિલો, **જસ** કહે સુજસ અભંગ,
નિમચ નગરે પ્રણમીઇ, ભાવભક્તિ ઉચ્છરંગ.

—લિ૦ પૂનમ્યા ગચ્છિય વિજયરાજ શાખાયાં રતલામ નયરે થાવર્યા બજાર મધ્યે સુસ્થાન સં. ૧૯૧૧ વૈશાખ શુદિ ૫ ધર્મમૂર્ત્ત ઉસવંશ વૃદ્ધ સાજન સમ્યક્ વ્રતધારક દીવાણજી શ્રી અંબાલાલજી વાચનાર્થં. ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૩૬૦. ૧૩–૧૩ આ. ક.

---

૫૮૮ ક વીરચંદ (પાર્શ્વચંદ્રગચ્છ. હર્ષચંદ્રસૂરિ–ઈંદ્રચંદ્ર શિ.)

(૧૧૮૯ ક) અંતરંગ કુટંબકબીલાનું ચોઢાલીઉં. સં. ૧૯૦૯ માગશર શુ. ૧૧ મકસુદાબાદમાં અજીમગંજમાં.

આદિ— દૂહા

વામા–અંગજ **પાસ** પ્રભુ, હું પ્રણમૂં ધરિ હંસ,
અશ્વસેન–કુલ–દિનમણિ, પુરૂષોત્તમ પર પૂંસ. ૧
અનુભવ ચિંતામણ રતન, દાયક જગત પ્રમાણ,
...દર્શિ દિનકર સદગુરૂ, સૂરિ શિરોમણિ જાંણ. ૨

અંતે—

દિશ પૂરવ પાવન અતિ પરતષ, સોભિત સુંદર દેશ **બંગાલા**,
પુર **મકસુદાબાદ અજીમગંજમેં**, **વીર** યતીનેં બનાયા ચઉઢાલા. ૧૦
સંવત્ ઉગણીસૈ નવ વરષેં, હિમ ઋતુ મિગસિર માસ સીયાલા,
શુકલપક્ષ પરતક્ષ મેં ગાયો, મૌન એકાદશી દિન અણીયાલા. ૧૧
અશ્વસેન વામા સુત સાચો, ચિંતામણિ પ્રભૂ **પાસ** નિહાલા,
આધી વ્યાધી ઉપાધી ગમાઇ, સાધી વંછિત જગ જયમાલા. ૧૨

કલશ

ઇમ પૂર્વ સૂરી ભણ્યો ભૂરી અંતરંગ કુટંબ એ,
ભવી ભાવ આંણી સાર જાંણી ધરો ધ્યાન આલંબ એ.
જિનવચન સાગર સુખ સાગર...વિચાર એ,
યથાનિક્ષય અનુભવ તત્ત્વદાયક સદા બુદ્ધિ પ્રચાર એ. ૧

ગુરૂ...અતિશયવંત પરગટ **પાસચંદ** ગચ્છપતિ ભલા,
શ્રી **હર્ષચંદ** સૂરિંદ સદગુરૂ વિજયતે ચઢતી કલા.
જસુ પાદપંકજ સેવતા નિત **ઈંદ્રચંદ્ર** ઉદાર એ,
તસુ શીસ ગાવે ગ્યાંન પાવે **વીર** બચન શ્રીકાર એ. ૨

—સર્વ ગાથા ૫૭ દસકત અ. વીરચંદ યતીકા છે, બનારસજી સવાઇ રામજી કે વાસ્તે લિષ દીયા સંવત્ ૧૯૦૯ મિતી પોષ વદિ ૬ રાત્રૌ । શ્રી **મકસૂદાવાદ અજીમગંજમેં** ॥ ૫-૧૩ અનંત. નં. ૨

---

૫૮૯ રંગવિજય (ત૦ વીરવિજય (નં. ૫૨૬) શિ.)

(૧૧૯૦) + પં. શ્રી વીરવિજય નિર્વાણ રાસ (ઐ.) સં. ૧૯૧૧ ચૈત્ર પુનમ સોમવાર.

આદિ—

શ્રી **સંખેશ્વર પાસજી**, પ્રણમું એહના પાય,
અશ્વસેન રાજા કુલે, જનમ્યા શ્રી જિનરાય. ૧
વામા ઉરસર હંસલો, ગુણ મણી રયણ ભંડાર,
જરા નીવારી **જાદવ**તણી, પ્રગટયો જયજયકાર. ૨
પદ્મમાવતિ ચરણેં નમું, જાગતિ જગ વિખ્યાત,
સુખ લીલા આપે સદા, દુઃખ નિવારણ હાર. ૩
સરસતી ભગવતીને નમું, ગુરૂ ગુણ ગાઉં રસાલ,
શ્રી શુભ-વીર ગુરૂ તણા, ગુંણ ગાઉં મનોહાર. ૪
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ ગુણ રયણની ખાણ,
ગુણ ગાઉં ગુરૂજી તણા, પ્રગટેં ક્રોડ કલ્યાણ. ૫

અંતે—

ઢાલ-૯ કલશ-(તપગચ્છ નંદન સુરતરૂ પ્રગટયા-એ દેશી.)
ગાયારે મેં ગુરૂ ગુણ ગાયા, ઉલટ અંગમાં આણીજી.

× × × ×

તપાગચ્છ સીંહસૂરીસર, **તપગચ્છ** કેરો રાયાજી,
તાસ સીસ **સત્યવિજયજી**, સત્ય વચન કહાયાજી. ૧૧
સીસ મનોહર **કપુરવિજયજી**, કપુર સમાન કહાયાજી,
ખીમાવિજય ખીમા ગુણ ભરીયા, **જસવિજય** મુનિરાયાજી. ૧૨
તાસ સીસ સંવેગી ગીતારથ, **શુભવિજય** સોભાગીજી,
સુંદર સરસ જગતમેં ચાવો, **વીરવિજય** બડભાગીજી. ૧૩
વીરગુરૂની સોભા જગમેં, બલ કરતી જગ વ્યાપીજી,
હેવા ગુરૂના ગુણ નવી ગાવે, તેહ જગતમાં પાપીજી. ૧૪
ગુરૂ ગુણ ગાવેં બહુ સુખ થાવેં, મધુરે કંઠે મલાવેજી,
તસ ઘર લીલા કમલા આવેં, ગાવે રંગ રસાલાજી. ૧૫
અનુકરમેં સુખ સંપદા પાંમી, સરસ સુધારસ ફરસેજી,
ગુરૂની ભગતી કરતા પ્રાંણી, મનનું ધાર્યું કરસેજી. ૧૬
પ્રથમ ગુરૂને પછેં દેવ તે, ઇમ જિનવરની વાણીજી,
ગુરૂના ચર્ણ કમલ સેવાથી, લહેં આતમ ગુણ ખાણીજી. ૧૭
સંવત **ઓગણીરૂદ્ર (૧૯૧૧)** વરસે, ચૈત્ર પુનમ સોમવારજી,
ઇમ નીરવાણની રચના કીધી, **વિજયદેવેંદ્રસૂરી** રાજેજી. ૧૮
ઇમ **શુભ વીર**વિજયનું નીરવાણ બંધુર સિધું રગરસાલજી,
રંગવિજય કહેં ભણસેં ગણસેં, તસ ઘેર મંગલમાલજી. ૧૯

—પ્ર૦ જૈ. ઐ. ગૂર્જરકાવ્ય સંચય.

[આ કવિ રંગવિજય કરતાં દીક્ષામાં મોટા બીજા રંગવિજય હતા એ આ રાસમાં કરવામાં આવેલા ઉલ્લેખ પરથી જણાય છે:—

જિમ ગુરૂ ગૌતમને થયું રે રાજ, સાંભલી **વીર** નિરવાંણ,
તિમ મુઝને તુમ ગયે થકેરે રાજ, પ્રગટયો ખેદ અપાર.
મોટા રંગવિજય સમજાવતારે રાજ, સો સો કરી મુઝ વાતરે,
હઈયડુ માહરૂ કમકમેરે રાજ, દેખી તુમ નિરવાણરે.]

૫૮૯ક દયાવિજય. [રંગવિજય-ઋષભવિજય શિ૦]

(૧૧૯૦ક) પંચતીર્થ ગુણનામ વર્ણન સ્તવન. સં. ૧૯૧૨ મધુ માસ. વીસનગરમાં.

આદિ પત્ર નથી. ૧ તારંગા, ૨ અર્બુદાચલ, ૩ રાણપુર તીર્થ, ૪ નડુલાઇ, અને ૫ નાડોલ એ પાંચ તીર્થપર સ્તવનો છે. તે પાંચેની યાત્રા કરતાં વચમાં જે જે ગામો આવ્યાં તેનો પણ ઉલ્લેખ છે.

ધન ધન તિરથ જે કરે એ, સુલભબોધિ નરનાર,
દયાવિજય મુનીશ્વર કહે એ, પામે સુખ શ્રીકાર. ૧૫
—ઇતિ લઘુ પંચતિરથી સ્તવન.

અંતે— કલશ.

ઇમ વિશ્વનાયક મુગતિદાયક પ્રણમું હૂં તિરથપતિ,
વીસનગર વાસી જૈન અભ્યાસી ભાઈ **જેઠાસા** સંઘપતિ. ૧
સંવત **ઓગણી બારા વરસે**, ભેટીયા મધૂ માસ એ,
ગુણ ગાયા રંગે ઉલટ અંગે, થુણ્યા શ્રી જગદીસ એ. ૨
પંચ તિરથ વંદી મન આનંદી, સાસન દેવી સુખ કરો,
રંગ ઋષભ ગુરૂ ચરણ સેવા, સકલ સંઘ મંગલ વરો. ૩

—ઇતિ શ્રી પંચતિરથી ગુણ નામ વર્ણન સ્તવન સંપૂર્ણઃ ॥ શ્રી પાટણનગરે લ૦ । સં. ૧૯૧૨ જ્યેષ્ટ વદિ ૮ દીને બુધવાસરે ॥ શ્રી ઇષ્ટદેવ પ્રસાદે ॥ શુભં ભવતુ. ૬-૧૩ જશવિજયમુનિ સંગ્રહ.

---

૫૯૦ ઋદ્ધિ શ્રી (સાધ્વી)

(૧૧૯૧) +પ્રતાપસિંહ બાબુરાસ. (અ૦) સં. ૧૯૧૬.

---

૫૯૧ પુણ્યસાગર સૂરિ [આંચલિક]

(૧૧૯૨) સૂતક સઝાય ચોપઇ. સં. ૧૯૧૬.

—પત્ર ૧૩ સં. ૧૯૩૯ લિ. ચૌરોકી સેરી ઉપાશ્રય વીકા૦

---

૫૯૧ રત્નપરીખ. [આં. વખતસાગર–ભાવસાગર શિ૦]

(૧૧૯૩) તીર્થમાલા. (સિદ્ધગિરિ વર્ણન) ૧૬ ઢાલ સં. ૧૯૧૮ ભાવનગરમાં.

આદિ— દૂહા.

સ્વસ્તિ **શ્રી** સુખ પૂરવા, સિદ્ધિ સુજસવિલાસ,
પદપંકજ પ્રણમુ સદા, શ્રી **ભાવેસ્વર પાસ.** ૧
સરસ વચન રસ વરસતી, ત્રિય જગવિજયા માત,
કવિજનકું સુખદાયિની, નમિયે નિત્ય પ્રભાત. ૨
ચિદાનંદ ચિતમાં વસે, અમર અમરપદ હોય,
ભાવ સહિત **સિદ્ધગિરિ** તણા, ગુણ ગણુ વરણું કોય. ૩
તે માટે મુઝ મન વિશે, પ્રગટ થયો અભિલાષ,
ગિરિ પર સંખ્યા ચૈત્યકી, વલિ જિનપ્રતિ માભાષ. ૪

અંતે— રાગ ધન્યાશ્રી.

ગાયો ગાયો રે શ્રી **સિદ્ધગિરિ** ગુણ ગાયો,
સંવચ્છર **ઉગણીસ અઢારે, શક સત્તર ત્યાસી** ભાયો.
સન અઢાર એગસઠ ઇંગ્રેજી, જાત્રા ગણિત બનાયો રે. ૨
ગામ **પાલિતાણે** કરિ જાત્રા, સ્તવન જગતગુરૂ ગાયો,
ઉજ્વલ પક્ષ પુનમ રવિવારે કાર્તિક માસ કહાયો. ૩
સેઠ હેમાભાઈ કેરો નંદન, **પ્રેમાભાઈ** બહુ ડાહ્યો રે,
બહુ દુકાન દેશાવર ચાલે, **ભાવનગર** એક ઠાયો. ૪
મુખ્ય મુનમ **જેચંદ** કુલમાં, **ખેમચંદ** મન ભાયો રે,
રાયણ પગલાં મુલનાયકનાં, જિર્ણોદ્ધાર બનાયો. ૫
તાસ પુત્ર **લલુભાઈ** ઉત્તમ, ગણિતસંખ્યા સમઝાયો રે,
કવિ નિજ ઉપગારિ અબ વરણું, **તપગચ્છ** વંશ દીપાયોરે. ૬
અમરવિજય વિદ્યાગુરૂ મારા, શ્રુતવર આસીસ પાયો,
પાઠક નવપલવ સમ કર્ત્તા, અર્થ આચાર્ય ગણાયો રે. શ્રી. ૭
શ્રી **ચિદાનંદ** ગુરૂ ધર્માચારય, અનુભવ શ્રદ્ધા છાયો,

સિદ્ધગિરિની તલેટીએ વાંદી, ચરણસું પ્રેમ લગાયો રે. શ્રી. ૮
વિધિ પક્ષ ગચ્છ શ્રી **ભાવનગરમાં**, **વખતસાગર** મુનિરાયો,
તાસ શિષ્ય શ્રી **ભાવસાગર** ગુરૂ, પદકજ સીસ નમાયોરે. શ્રી. ૯
ત્રિકરણ જોગે **સિદ્ધગિરિમાં**, માંગું એક પસાયો રે,
ઈણ ભાવમાં જતિ વેશ ધરિને, ભ્રષ્ટસેં અધિક ગણાયો રે. શ્રી. ૧૦
કંચન કામિની નેહ રમે હજી, મન નહી ધીરજ છાયો,
ગુરૂ કીરપા શ્રદ્ધા કછુ ભાસેં, શુદ્ધ ક્રિયાધર નાયો રે. શ્રી. ૧૧
જ્ઞાન ક્રિયા સંપૂરણ પ્રગટે, સંવર ભાવ દીપાયો,
આતમ અંગ અબંધ પ્રકાસે, દીજ્યેં વીનતી સુણાયા રે. શ્રી. ૧૨
શ્રી **ભાવનગર ભાવેશ્વર** સાહેબ, **ભાવસાગર** ગુરૂરાયે,
શિષ્ય સુરત્ન **પરીક્ષક** જંપે, દીન દીન તેજ સવાયો રે. ૧૩

—લિ. સ્વહસ્તે—૧૩–૧૨ પોથી નં. પર. કોટ ઉ.

---

૫૯૩ ખોડીદાસ (ખોડાજી સ્વામી) (સ્થાનકવાસી ગોંડલ સંઘાડો રતનશી—ડુંગરશી-રવજી-મેઘજી—ડાહ્યાજી-નેણુશી-મૂળજી-ડોસાજી શિ૦)

(હાલારના રાજકોટ ગામમાં વણિક વીરજીને ડાહી નામની પત્નિથી સં. ૧૮૯૨ કાર્તિક શુદ ૧૧ ને દિને જન્મ. નામ ખોડો. ડોસાજી સ્વામી પાસે સં. ૧૯૦૮ અસાડ શુદ ૧૧ દિને દીક્ષા. ગોંડલમાં સં. ૧૯૨૭ ભાદ્રવા શુદ ૧૧ શનિવારે સ્વર્ગસ્થ. આટલી હકીકત તેનું જન્મચરિત્ર કવિતામાં પડધરીવાળા રણછોડ હીરજી ખત્રીએ રચેલ સં. ૧૯૪૫ માં છપાયેલ છે તેમાંથી-તેમજ મેંગણીના અમરચંદ ભવાને સં. ૧૯૩૧ માં છપાવેલ તેના વિષેની કવિતામાંથી લીધેલ છે.)

(૧૧૯૪)+ નિરંજન પચીશી સં. ૧૯૧૬ આશો શુ. ૧૩ જેતપુરમાં

લાલ પિયારીનો સાહિબો રે એ દેશી

નમીએ નાથ નિરંજન દેવને રે, નિશ્ચે સંપતિ સુખ ભરપુર હો

લાલ, લાલ સનેહી સાજન સાંભળો રે.

× × × ×

રસ ઇંદુ નિધાન શશિ સહી રે, સંવત સુશોભિત અશ્વિન માસ. હો લાલ.
શુકલ પક્ષે તિથિ ત્રયોદશી રે જોડી **જેતપુર** રહી ચોમાસ હો લાલ. ૨૫

+ચોવીશી

આદિ— ૧ ઋષભદેવ સ્વામીનું સ્તવન

(ઊંબરીઓ ગાજે હો ભટીયાણી રાણી વડ ચુવે-દેશી)

આદિ જિણંદો વંદો હો પ્રભુ નંદન **નાભિ** નરેંદનો **મરૂદેવી** અંગ જાત.

× × × ×

ખોડીદાસ તુમારો હો, ચરણાથી ન્યારો નવી કરો રાખો તુમચી લાર આદિ૦

અંતે— ૨૪ મહાવીર જિનનું સ્ત૦ રાગ ધનાશ્રી

સુગુણ જન પ્યારે, શ્રી **મહાવીર** જિન ગાયો
સિદ્ધારથ નંદન ત્રિજુગ વંદન, **ત્રિશલા** માતકો જાયોરે—સુગુણ.

× × × ×

ચાર તિરથ કો ચરણ કરણુસેં, જન્મ મરણ મિટાયો
શ્રી **મહાવીર** મુક્તિમેં સિધાયો, **ખોડીદાસ** ગુણ ગાયોરે. સુગુણ૦ ૯

(૧૧૯૫)+ બહુતરી (૭૨ પદ) સં. ૧૯૧૮ જ્ઞાનપંચમી

કવિ લઘુતાઈ વર્ણન-મનહર છંદ

પ્રણમું પરમ જ્ઞાન ધરૂં સુગુરૂકો ધ્યાન
પરિહર માન કરૂં, ગ્રંથકો બનાવજી
સરસ્વતિ મતિ શુદ્ધ, આપો નિરમળ બુદ્ધ
વરણ વિરૂદ્ધ નાવે, ફાવે સબ દાવજી
લઘુ વય મુજ મેં તો, જાનું ન ગંભીર ગુઝ,

બાળક કવિતા પુંઝ, હશે કવિ રાયજી
શુદ્ધ ઉપદેશ કુડ, કપટ ન લેશ કીનો
જ્ઞાનમેં પ્રવેશ, **ખોડીદાસ** શુભ ભાવજી. ૧

× × × ×

સિદ્ધિ શશિ નિધિ ચંદ, જ્ઞાનપંચમી આનંદ
મનહર છંદ કિયે, બાળ કવિતાઇ હે
ગુરૂ ગિરિ સિદ્ધ ઇસ તાહીકે શિક્ષાન શીષ
નેણશી મુનીશ જાકી, પુરણુ પુન્યાઈ હે
મુળજી સ્વામી મહંત, જસ કીરતી અનંત
તસ શીષ **પુંજાજી** કી, જગતમેં સવાઈ હે
સુગણુ અનુજ તાસ, **ડોસાજી** સ્વામી ઉલાસ
તસ શીષ **ખોડીદાસ, બહુતેરી** બનાઇ હે. ૭૩

(૧૧૯૬)+ **જુગટ પચીશી** સં. ૧૯૦૧ (?) આશો ૮

સે ગુરૂ ચરણે રે નમીએ દેશી

છેલ છબીલા રે સુણજો વૈર વિરોધ વ્યસન અવગુણજો
શિક્ષા કાને રે ધરજો લાજ ઘટે તે કાજ ન કરજો
છેલ છબીલા રે સુણજો-૧

× × × ×

શશિ નિધિ રે ચંદ, અષ્ટમી અશ્વિન માસ આનંદ
જુગટ પચીસી રે જોડી, કહે **ખોડીદાસ** વ્યસન લ્યો છોડી. છેલ૦૨૫

+**તસ્કર પચીસી** સં. ૧૯૧૬ આસો

રઘુપતિ રામ રૂદામાં રહેજો રે-દેશી

ચોરી ચીત ના ધરો નરનારી રે, પંચમેં પરતીત તુમારી
ચોરની ચૌટે ચરચા થાય રે, ફીટ ફીટ લોકોમાં નિંદાય રે
કલંકે કુળ લજવાઈ, ચોરી ચીત ના ધરો નરનારી રે. ૧

× × × ×

ચોરી અવગુણ કેતા પ્રકાશું રે, **ઓગણીશં સોળનો** આસુ રે
જોડી પુર ફતેત ચોમાસું, ચોરી૦ ૨૫

+જોબન પચીસી સં. ૧૯૧૬ પોશ શુ. ૧૫ ગોંડલમાં

માતાજી મરૂદેવા રે ભરતને એમ કહે—દેશી

જોબનિયાનો લટકો રે દહાડા ચારનો

પુર પાણીનું જાતાં ન લાગે વાર જો

કાચનો કુપો ભટક્યો કટકા થઇ પડે

અથિર ડાભી અણી ઉપર જળ દાર જો—

× × × ×

સંવત **ઊગણીસે સોળ** ને પોસ પુરણ તિથિ

જોવન પચીસી જોડી **ગોંડલ** વાસ જો

ગુરૂ **પુંજોજી** સ્વામી ગુણના પુંજ છે

વૃદ્ધ રૂષિનો શિષ કહે **ખોડીદાસ** જો- જોબનિયાનો ૨૫

+સત્ય બાવીસી

માળા ક્યાં છે રે—દેશી

ટેક ન મુકો રે, ધરિયે ધર્મ વિવેક કે સત્ય ન ચુકો રે.

× × × ×

તેહ ગુરૂ ગુણ ગેહ પસાયે, પ્યારા મારા, સત્ય બાવીશી બનાવી

ખોડાજી કહે ખાંત ધરીને, ભવ્ય જીવને સમજાવી રે- ટેક. ૨૨

(૧૧૯૭)+ ભીમજી સ્વામીનું ચોઢાલિઉં (ઐ.) સં. ૧૯૧૬ પોશ શુ. ૧ ગોંડલમાં

આદિ— દુહા

પ્રણમું પ્રથમ જિણંદને ફંદ નિકંદ અમંદ

ચંદ દિણંદ નરેંદ્ર નમે, સેવે સુરગુણવૃંદ ૧

ડુંગરશી સ્વામી તણા પટોધર પ્રસીદ્ધ

ભીમજી સ્વામી ગુણ સ્તવું, નામ થકી નવ નિધ. ૪

(સં. ૧૮૬૦ માંગરોળમાં ડુંગરશી સ્વામી પાસે દીક્ષા, પિતાનું નામ ચાંપસી, માતાનું નામ ઝમકુ, સં. ૧૯૧૫ કાર્તક વદ ૧ ને દિને સંથારો, પોષ શુદ ૫ દિને સ્વર્ગવાસ, આયુષ્ય ૭૨ વર્ષનું.)

અંતે— કલશ

રસ ઇંદુ નિધિ શશિ વરસે પોસ શુદ પ્રથમ તિથિ
વાર થાવર સ્થિર ચિત્તે ગામ ગોંડલ હેજથી
ચાર ઢાળ રસાળ રૂડી જોડી ગુરૂ ગુણમાલ એ
નિસુણે બાળગોપાળ ભાવે તસ ઘર પુણ્ય પ્રમાલ એ.

+૨૪ તીર્થંકરનું ચોઢાળિયું. સં. ૧૯૧૮ શુ. ૧૩ સોમવાર થાનમાં

ઢાળ ૧ લી

કાનજી ચાખડીએ ચડીને ખડચા તો ભલે પડચા રે લોલ–દેશી

પ્રભુજી **આદિ** જિણેસર **નાભિ** નરેસર નંદના રે લોલ,
મજરો માનજો મહારાજ

× × × ×

ઢાળ ૪ થી પધારો પિયર ભણી–દેશી

મારા મનના મોહન **મલીનાથજી**, તનુ નીલ વરણુ સુકમાલ
વચન છે રસાલ, સુગુણ જિન સાહિબા. ૧

× × × ×

ચોથી ઢાળ રસાળ રાગે કરી, કરજોડી કહે **ખોડીદાસ**
પુરો મુઝ આસ, સુગુણ૦ ૭

કળશ

થાન વાસે મન ઉલાસે **ઉગણીસેં અષ્ટાદશે**
ચંદ વારે શુકલ પક્ષે ગાઇયા ગુણ તેરસે.

(આ ઉપરની કૃતિઓ 'ખોડાજીકૃત કાવ્યસંગ્રહ' ભાગ ૧ લો પ્ર. કાનજી કરસનજી ગોંડલ આવૃત્તિ ત્રીજી સં. ૧૯૪૦માં પ્રકટ થઇ છે)

+પ્રકીર્ણ નાની કૃતિઓ—ખોડાજી કૃત કાવ્ય સંગ્રહ ભાગ ૨ જો પ્ર. કાનજી કરસનજી, ગોંડલ આવૃત્તિ પહેલી સં. ૧૯૩૨માં પ્રકટ થઇછે.

(૧૧૯૮) અંજના સતીનો રાસ. સં. ૧૯૧૯ વૈ શુ. ૩ સોમ ગોંડલમાં.

આદિ— દુહા

પ્રણમું **વીર** જીણંદ પદ, કેવલ તત્ત્વ નિધાન,
જાસ પરસારા સંપજે, રિદ્ધ વૃદ્ધ સુપ્રધાન. ૧

તું વરદા તું સારદા, હંસાસની કવિમાય,
દેજ્યો બુદ્ધિ નીરમલિ, આણુજ્યો અક્ષર ઠાય. ૨
ગુરૂ નમીયે ગુરૂતા ભણી, ગુરૂ સમ અવર ન કોય,
ગુરૂ પદ પંકજે સેવતાં, ગુરૂ **ગોતમ** સમ હોય. ૩
શ્રી ગુરૂ દેવ પસાયથી, રચું **અંજના રાસ,**
સતિયા માંહી સિરોમણી. સીયલે સદા સુખવાસ. ૪
સીયલ સમોવડ કો નહીં, સિયલે સુભ ગતી હોય,
સીવ સુખ પામે સિયલથી, સિલ પાલો સહુ કોય. ૫
એક ચિત્તથી સાંભલો, સિલનો અધિકાર,
નરનારી એ ધર્મથી, પામ્યા ભવનો પાર

અંતે—

સાધ સીરોમણુ ગુણ શ્રુતસાગર, જિન શાસન જયકારીજી,
ગીરવા ગુરૂ **ગીરીસીંઘ** કહાયા, સંજમી સુધાચારીજી. ૯
તસ પય સેવક વાકય વીચીક્ષણ, પરાઘાત પ્રતાપીજી
રવી મુનેશ્વર ધર્મ ધુરંધર, પ્રતિબોધ્યા કેઇ પાપીજી. ૧૦
તસ પદપંકજ પરીમલ સ્વાદી, જ્ઞાન ગુણે કરી ભરીયાજી,
નેત્રસીંઘ મુની નીજ ઉપદેશે, જીવ અનેક ઉધરીયાજી. ૧૧
તાસ પટોધર પ્રકૃતિ કોમળ, પ્રાણીને શિક્ષક દાતાજી
ભદ્રક ગુરૂ ગુણસાગર ભરીયા, વસુધામાં વીખ્યાતાજી. ૧૨
મુલજી સ્વામી મહંત મુનેશ્વર અનહદ તે ઉપગારીજી,
તસ લઘુ બંધુ **ભીમજી** સ્વામી, ગછનાયક સુખકારીજી. ૧૩
તેહના અંતેવાસી ઉત્તમ, **નૈણસી** સ્વામી સુખકંદાજી,
કાંહાનજી સ્વામી પ્રત્યક્ષ પંડિત, મિથ્યા ફંદ નિકંદાજી. ૧૪
મૂલજી સ્વામીના સીષ સુંદર, વદન સુધા રસ ચંદાજી,
પુંજાજી સ્વામી ગુણ દરીયા, મહાતમવંત મુણંદાજી. ૧૫
તસ લઘુભ્રાતા ગુણ વીખ્યાતા, **વૃદ્ધ** મુની કોવીદાજી,
વ્યાખ્યાની વીવીધોપદેસી, પ્રતીબોધ્યા જનવૃંદાજી. ૧૬

તસ પદ સેવક રૂપી **ખોડીદાસે**, **અમરસી** પણ સંગેજી,
ત્રેસઠ ઢાલે એ રાસ બનાવ્યો, આનંદ અંગ ઉમંગજી. ૧૭
ઉગણીસેં ઉગણીસની સાલે, વઇસાક શુકલ પક્ષેજી,
તક્ષ ત્રી(જ) સસીવાર સંજોગે, સંઘ સકલ સમક્ષેજી. ૧૮
ગોંડલ ગામે ઉત્તમ ઠામે, ગાયો એહ ચરિત્રજી,
એક ચીતે થઇ જે સાંભલસ્યે, થાસ્યે પરમ પવિત્રજી. ૧૯
ગુરૂ લઘુ અક્ષર ઉછો અધિકો, કહીવાણો હોય જેહજી,
ત્રીવીધે ત્રીવીધે મુઝને હોસ્યેં, મીછામીદુક્કડં તેહજી. ૨૦

—લ. સં. ૧૯૫૫ આ. શુ. ૧૦ લ. ભાવસાર પીતાંબર હરી રહેવાસી ગોંડલના–પત્ર ૫૦ પં. ૧૫ ધો. સ. ભં.

(૧૧૯૯)+ બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિ રાસ (ચિત્સંભૂતિ રાસ) સં. ૧૯૨૭.

આદિ— દુહા

પ્રથમ કુંવર ક્ષિતિપતિ પ્રથમ, પ્રથમ તીર્થ કરનાર,
આદિ જિન અનુદિન નમું, **નાભિ**નંદ સુખકાર. ૧
ઇક્ષુ પ્રથમ ઇંદ્રે દિયો, પસર્યો વંશ ઇક્ષાગ,
પારણે ઇક્ષુ રસ પિયો, મિષ્ટ ઇષ્ટ વીતરાગ. ૨

× × × ×

ગુરૂ ગ્યાતા માતાપિતા, શાતા દાતા સોર,
ગુરૂ તીર્થ ગુરૂ દેવતા, ગુરૂ ગુણ અપરમપાર. ૭

× ÷ × ×

સરસ્વતિ મતિ અતિ નિર્મલી, સદા સુબુદ્ધિ દાતાર,
અષ્ટ સિદ્ધિ નવ નિધિની, તુંહિ કરૂણા કરનાર. ૧૧

× × × ×

આશા પૂરણ આપ છો, તેથી કરી અરદાસ,
રચું રાસ **બ્રહ્મદત્ત**નો, **ચિત્ત** વૃત્તાંત વિલાસ. ૧૫
એહ કથા સુધા સમી, નવરસ નિર્મિત જેહ,
શ્રોતાજન શુભ ચિત્તશું, સુણજો ધરી સનેહ. ૧૬

આગમ ઉત્તરાધ્યયનને, ત્રયોદશમે અધિકાર,
કથાનુસારે વર્ણવું, યથા બુદ્ધિ વિસ્તાર. ૧૭

[૪ ઉલ્લાસમાં ૧માં ઢાલ ૨૧ ગાથા ૫૨૬, ૨માં ઢાલ ૨૩ ગાથા ૫૮૩, ૩માં ઢાલ ૧૯ ગાથા ૪૪૬, ૪માં ઢાલ ૨૧ ગાથા ૫૫૮ રચી રાસ અધૂરો મૂકી કવિ સં. ૧૯૨૭માં સ્વર્ગસ્થ થયા. પછી ભાવનગરવાળા ઉમેદચંદજીએ બે ઉલ્લાસ રચી નવાનગરમાં આ રાસ સં. ૧૯૫૧માં પૂર્ણ કર્યો તેમાં કલશ છેવટે આપ્યો છે કેઃ—

અંતે—

રત્નાકર સૂરિ રત્ન ગણધર, સંઘ શિરપર ગુણનિલો,
તસ શિષ્ય પટધર ગિરિ મુનિવર, નાણ સરવર જળ ઝિલો. ૧
તાસ ચરણાંકિત રવ રૂપિ ગાવે ગુણ ગણ મુનિવરા,
પ્રાવૃષ ઋતુપતિ પાટ નાયક સેવ્ય સેવક નરવરા. ૨
તસ પટોધર નીતિ નીકો ટીકો ડહાપણ મહરષિ,
તાસ આસન સહાય મુનિવર ધનુષાકૃતિ નયના જસી. ૩
મૂળ જીવ રક્ષાદિ વ્રતધર, નામ સમ ગુણ પટપતિ,
તાસ સુત મુનિ વૃદ્ધરાજે સ્થવિર ત્રિહુ રત્ન સંપતિ. ૪
તુમ તનય મુજ નામ પંગુ સેવ્ય મુજ સેવક તણા,
તુજ સુરત કીરત ઉરમાં કેમ વિસરે ગુણ ઘણા. ૫
આપ સુરતરૂ નામ ફળ હું, ખ્યાતિવંતો તમ ગુણે,
તેહ ભણી તુજ નામી સેવક, રાસ બ્રહ્મદત્તનો ભણે. ૬
સંઘ સુહંકર નવલનગરે ધર્મી ભક્ત ગુરૂરંજણા,
પુણ્ય તરૂવર પૂર્વ છાઇ, હોજો રંગ વધામણાં. ૭
તાસ આગ્રહ ગ્રંથ રસમાં અધિક જાણી જામના,
ભૂપ ખટ ખંડ શંભુ જાણી ખંડ ખટ એહ રાસના. ૮
ઢાલ એકસો ઉપર બારમી નારિ સમ શિર કળશ લઇ,
પૂરિત રસ વૈરાગ્ય પૂરણ ધનાશ્રી મંદિર ગઇ. ૯

સંવત **નિધિ મહી** જાણવી રક્ષે સાલ **નભ શર** એ સહી,
માસ આશ્વિન પક્ષ તિમિર રૂદ્ર તિથિ બુધે કહી, ૧૦
ન્યૂન વૃદ્ધિ જેહ વિપરીત, મતિ ચપળ વશ જે કહ્યો,
જોગ ત્રિકર્ણું ભાવ સરસે, મિથ્યા દુઃકૃત મેં લહ્યો. ૧૧
કોષ રસ અલંકાર યુક્તિ શક્તિ વિણુ કવિતા કરી,
વિબુધ વાંચી ક્ષમા કરજો, મુજ અરજી ઉર ધરી. ૧૨

—પ્રકટ કરનાર જૈન શાળા કમિટી જામનગર કિં. દોઢ રૂ. સં. ૧૯૫૧ સને ૧૮૯૫.

---

૫૯૪ નેમવિજય [ત. સત્યવિજય સંતાનીય રૂપવિજય (નં. ૫૨૮)–કીર્ત્તિવિજય–તપવિજય–મણીવિજય–બુદ્ધિવિજય શિ.]

(૧૨૦૦)+ વીશ વિહરમાન જિનની પૂજા સં. ૧૯૧૯ સુરતમાં.

શ્રી સીમંધર જિન પુજા. દૂહા

શ્રી **મનમોહન પાસજી**, સકલ જંતુ હિતકાર,
સદગુરૂ ચરણુ પસાયથી, ગુણી ગુણમાલાકાર. ૧
પંચ વિદેહે વિહરતા, વિહરમાન જિન વીસ,
ભક્તિભરે પૂજા રચું, ભારતી પૂરે જગીસ. ૨
વિસ્તીરણ જિનમંદિરે, થાપી જિનવર વીસ,
દ્રવ્યાષ્ટક પૂજા કરી, ભાવ અપૂર્વ જગીસ. ૩

× × × ×

કલશ

થૂણીયા થૂણીયા રે, મેં વિહરમાન જિન થૂણીયા–
ગણધર મુનિવર સંઘ પ્રમાણે, સમોવસરણુ વિરચાયો,
જંગમ તીર્થ અડશત ગુણુ જડી, આણા મુગટ ધરાયો રે. મેં. ૧
તપ ગચ્છપતિ **વિજેસિંહ** સૂરીના, **સત્યવિજય** ગુણ ભૂપ,
કપુરવિજય તસ **ખિમાવિજયવર**, જિન **ઉત્તમપદ રૂપ** રે. ૨

કિર્ત્તિ તપ મણી બુધી વિજય ગુરૂ, **નિત્યવિજય** તસુ ભકતેં,
જિનવર પૂજા તે નિજપૂજા, પ્રગટે અન્વય સકતેં રે. મેં. ૩
તત્ત્વ ઇંદુ નિધિ ચંદ્ર સંવછર, **સુરત** રહિ ચૌમાસ,
કતારગામ આદિનાથ પ્રસાદે, ઉદ્યમ ભાવ ઉલ્લાસે રે. મેં. ૪
નેવું જિનકલ્યાણક દિવસે, આતમ આપ ઠરાયા,
પ્રભુ ગુણ ગણ મુક્તાફલ માલા, સંઘને કંઠે સોહાંયા રે. મેં. ૫

—પ્ર૦ ચોવીશિ તથા વીશિ સંગ્રહ—સા. પ્રેમચંદ કેવલદાસ સંવત ૧૯૩૫ સને ૧૮૭૯ પૃ. ૭૧૬ થી ૭૩૫.

---

૫૯૫ આનંદ જેઠમલ (ઓસવાલ જેપુરવાસી શ્રાવક).

(૧૨૦૧) જંબૂસ્વામી ગુણરત્ન માલ ઢાલ ૩૫. સં. ૧૯૦૨ અ૦. ૫.

—પત્ર ૩૯ સં. ૧૯૫૯ માગ. શુ. ૧૫ રવિ દેવાસનગરે પો. ૮૦ નં. ૧૯૮૪ જિ. ચા. (૨) પત્ર ૨૨ સં. ૧૯૬૨ કા. શુ. ૨ પો. ૮૧ નં. ૨૦૩૪ જિ. ચા.

---

૫૯૬ ગંગારામ (કર્મચંદ્ર શિ.)

(૧૨૦૨) કયવન્ના ચોપઇ સં. ૧૯૨૦ (?) ભા. હાંસીનગર.

—પત્ર ૨૦ સં. ૧૯૧૪ દહલી મધ્યે સુખદેવીઅ લિ. પો. ૭૯ નં. ૧૯૬૩ જિ. ચા.

---

૫૯૭ ઉમેદચંદ (સ્થા૦કહાનજી-લક્ષમીચંદ-ભીમજી-સોનુજી શિ.)

(૧૨૦૩)+ આર્દ્રકુમારનો રાસ સં. ૧૯૨૨ આશો શુ. ૧૦ સોમ ભાવનગરમાં.

આદિ—

આદેસર આદે કરી, ચોવિસમા **વર્ધમાન,**
અષ્ટ કરમને ક્ષય કરી, પોહત્યા શિવ સુનિધાન. ૧

ચઉદસેં બાવન તેહના, ગણધર ગુણમણિ ખાણ,
તે પણ શિવ સુખેં આસર્યા; જિન વચન પરમાણ. ૨
તેહ આદે મુજ ગુરૂ ભણિ, નમણિ કરૂં કરજોડ,
વાગ્‌વાણી સાંનિધ થઇ, પુરજ્યે વંછિત કોડ. ૩
તેહ સકળને નમિ કરી, ગારયું **આર્દ્રકુમાર,**
વારે શ્રી **વર્દ્ધમાનને,** હુવા તેહ અણગાર. ૪
વૈરાગ્ય પામ્યા કિણવિધે, કેમ વસ્યા ગૃહવાસ,
શિવમારગ કેમ આસર્યા, વર્ણવું તેહ સમાસ. ૫
ચર્મશરીરી પ્રાણીયા, વિલસે બહુળા ભોગ,
વૈરાગ્યપદમેં થિર થઇ, કેલિ કરે શિવ જોગ. ૬

અંતે— ઢાળ ૧૪મી કળશની.

વીર વાણી સુધા સમાણી, **આર્દ્ર** જાણી આદરી,
નિજ કર્મ કાપે જિન જાપે, સ્થિતિ સુધરે તમ પાધરી. ૧
આદર મુનિ જૈન ધર્મની જયકરી જગ દીપતી,
વાદી હરાઇ નિજ સવાઇ, જિનવાણી મિથ્યા જીપતી. ૨
તેમ કરો સરવે માહાતમાં, ધર્મ પ્રસારક ભાવથી,
સમ્યકત્વ ભેટી મિથ્યાત્વ મેટી, તરો ધર્મ વર નાવથી. ૩
ગણનાયક શ્રી ગુણનિધિ, **કાહાંન** મુનિ વ્રતસાયરૂ,
તસ પટોધર જ્ઞાનસાગર, **લક્ષ્મીચંદ** જગ જાહેરૂ. ૪
તસ પાટે રાજે ગુણ ગાજે, **ભીમ** મુનિસર જ્ઞાનસું,
તસ સુત મુજ ગુરૂ **કનક**રંજક, ધર્મધર સનમાનસું. ૫
તસ ચરણે વાસી રંગ રાચી, વાચ સાચી ધર્મની,
ઉમેદચંદે અતિ આનંદે કહી **આર્દ્ર** ભવ ચર્મની. ૬
ઢાળ ત્રયોદશ કળશ માથે શોભતી રે જેમ કામિની,
આર્દ્ર મુનિવત્ જેહ મુનિવર બલિહારી તસ નામની. ૭
સંઘ રંગ ઉમંગ ગુરૂસંગ જ્ઞાન દર્શમેં રાચતા,
ધર્મરાગી વિનયમાર્ગી ગુરૂવચનની આસતા. ૮

ધર્મધારી મિથ્યાત્વ વારી તેહના લઉં નિત ખામણાં,
ભાવનગરે ધર્મી સંઘને સદાય રંગ વધામણાં. ૯
ખંડ **શશિયર** જાણુ સંવત્સર સાલ **દ્વિવિંશ** જાણજો,
આશ્વિન માસે શુકલપક્ષે દશેરા ધર્મ રસ માણજો. ૧૦
વાર શશિયર લાર શોભે રોહણીને બીજ રાજજ્યું,
દયા માર્ગે ચાલતાં ભવી સુધરે જેમ નિજ કાજજ્યું. ૧૧

(૧૨૦૪)+ ગજસુકુમારની ઢાળ ૯ સં. ૧૯૨૨ આશો શુ. ૧૨ ભોમ ભાવનગરમાં.

આદિ—

વીર જિણંદ ચોવીસમા, પ્રણમું હિત ચિત લાય,
શુભમતિ દીયો **ભારતી**, સુધરે કાજ સવાય. ૧
તપ દ્વાલસ ભેદના, દ્રવ્ય ભાવ દોય જાણ,
નિર્જરે કર્મ સકળ દળ, પાળે તે ગુણખાણ. ૨
ભિખુ પ્રતિમા બારમી, આદરી **ગજસુકમાળ**,
અંત ક્રિયા કરી આકરી, ખટ કાયના રખવાળ. ૩
તેહ સમાસ કહું હવે, સાંભળજો નરનાર,
હુવા અંતકૃત્ કેવળી, **અંતગડમેં** અધિકાર. ૪
દ્વારામતી નગરી ભલી, સ્વર્ગપુરી અનુહાર,
કૃષ્ણ નરેશ્વર રામસું, રાજ તણી કરે સાર. ૫
કૃષ્ણનો તાત વસે તિહાં, **વસુદેવ** તસ નામ,
તસ ઘરણી રાણી **દેવકી**, શિયળે **સીતા** સમાન ૬

અંતે— ઢાળ ૯

નદી જમુના કેરે તીર ઉડે રે દોનુ પંખિયા—દેશી.

શ્રી **શ્રીહરજી** રે **નેમ**—બોલ સુણિને ચિત ચમકિયો,
ઉઠી વિનય કર જોડ જિનને નમણુ કિયો.
સાથ સકળને વિસરજે, આરત ચિત આણિને,
આપ ગજારૂઢ થૈને ચાલે સમો જાણીને. ૧

× × × ×

સૂત્ર અંતગડને માંય સમાસ એનો ઘણો
ત્યાંથી લેઇને સમાસ વર્ણવ્યો યે તેહ તણો
કાહાન મુનિ પરિવારે મુજ ગુરૂ રાજતા,
તપવંત ને ધર્મધાર ગુણધર ગાજતા. ૧૨
કનકરંજક માહારાજ ચરણાંબુજ ગંધ સું,
મુજ મન મધુકર લીન સેવું ધું ઉમંગ સું;
અતિ ઉમેદવાર ધાર **ઉમેદચંદ** ચિત્તમાં,
ઢાળ નવમી એ સાર ક્ષમા ગુણ રીતમાં. ૧૩
સંવત **ખંડ શશિરાજ** સાલ **દ્વિવિંશ** જાણીયે,
આશ્વિન માસ એ સાર શુકલપક્ષ આણીયે,
દ્વાદશમીરે તિથિ વાર ભોમ જાણજો વળી,
ભાવનગર ચોમાસ સંઘને મન રૂળી. ૧૪

(૧૨૦૫)+ **અર્જુનમાળી મુનિની ઢાળો ૬** સં. ૧૯૨૨ આશો શુ. ૧૪ શુક્ર

આદિ— દોહા

નમણ કરૂં શ્રી **વીરને**, વળિ **ગોતમ** ગણધાર,
જ્ઞાન ગુરૂ પગ પ્રણમી, વર્ણવું તપ અધિકાર. ૧
રાજગૃહી નગરી વસે, **અર્જુન માળાગાર**,
મહીદ્ધિય અપરી ભૂત, **બંધુમતી** તાસ નાર. ૨
તેહ નગરને બાહિરે, એક પુષ્પવન ખંડ,
દશાર્ધ જાતે એ રંગસું, સહકાર રતિ અમંદ. ૩
યક્ષાલય મોગ્ર પાણુનો, ઉન્નત તેહ વનમાંય,
ધ્વજા લંબિત રાજતો, પ્રત્યક્ષ દેવ સવાય. ૪
ચીર કાળની પરંપરા, **અર્જુનમાળીની** જાત,
પૂજન કરતા વિચરે, પૂરણ પૂરવે આસ. ૫

અંતે— ઢાળ ૬

મેહલામે બેઠા રાણી કમળાવતી—દેશી.

વીર જિણંદ નિજ પરિવારસું, પરવર્યા જનપદ દેશ,

ગ્રામ નગર પુર ને પાટણે, ખેડ મંડપ સંનિવેશ,
સુણજોજી **અર્જુન** મુનિ તપ ગુણ આગળા. ૧

× × × ×

અર્જુન સમાસ અંતગડ અંગમાં ત્યાંથી લીયો છે એ સમાસ,
છઠી ઢાળરે શિવગતિ ગામિની, **ઉમેદચંદને** મનવાસ સુ૦ ૧૦
કનકરંજીત ગુરૂ મુજ શિર વસે. તપવંત ક્ષમાવંત સાધ,
કિયો ઉપગાર નિત નવા રંગને, જ્ઞાન તણોરે ભેદ લાધ. સુ. ૧૧
ગુણ ઓશિંગણ તેને કેમ હોઉં, તેહનો છે એક પ્રકાર,
અંગ પંચ રે મનવચ કાયસું, નમણ કરૂં હું ગુણધર ધાર. સુ. ૧૨
સંવત **વાડ** ને **ભૂમિ** જાણજો, **દ્વિવિંશ** સાલ તસ લાર,
આશ્વિન માસ શુકૂલ પક્ષમેં, ચતુર્દશી ને શુક્રવાર. સુ. ૧૩

+ **નેમનાથ રાજુલની પાંચ લાવણી, મુનિ બોધના બાર માસ, અધ્યાત્મી લાવણી, પંચેંદ્રિયની-પંચ મહાવ્રતની લાવણી**, વગેરે પરચુરણ નાની કૃતિઓ.

(૧૨૦૬)+ અયમંતા મુનિની ઢાળો સાત સં. ૧૯૨૨ આશો વદ ૮ શનિ ભાવનગરમાં.

આદિ— દોહા

શ્રી ગુરૂ ચરણ કમળ નમી, ત્રિવિધેં બે કર જોડ,
અયમંતા મુનિ ગુણ ગાઉં, આળસ અળગો છોડ. ૧
પોલાસપુર સોહામણો, રિદ્ધિ સકળ ભરપૂર,
શ્રી વન પરિશ્રમે રાજતો, દેખતાં હરખે ઉર. ૨
વિજય નૃપ છે પુરપતિ, **શ્રીદેવી** તસ નાર,
તસ તનુજ ગુણ આગળો, **અયમંત** નામે કુમાર. ૩

અંતે—

ઢાળ ૭ રૂખમણી તું તો સાચી શ્રાવિકા—એ દેશી.

સાહેબ **વીર** જિણંદ સ્થવીરો ભણી કહે એમ વિચાર હો,
સ્થવીર મત હેળો એહ બાળને, ખીસો મત નિરધાર હો. સા૦ ૧

× × × ×

મુનિવર સંવત ખંડ ઇંદુ સંગથી, દ્વિવિંશ સાલ આશ્વિન માસ હો,
મુનિવર કૃષ્ણ અષ્ટમી શનિવારસું, ભાવનગરે ચોમાસ હો. સા. ૧૮

કળશ

સકળ જિનવર સમર વાણી, આદ્યંત મધ્યમાં એક છે,
તસ અનુસારેં જેહ ચાલે તેહ ધર્મ જગ નેક છે.
ભાવ ધરીને જેહ પાળે તજીને કંચન કામિની,
તસ ઘરે નિત મંગળ માળી, બલહારી તસ નામની.

[ઉપરની બધી કૃતિઓ 'ઉમેદચંદજી કૃત્ય કાવ્ય સંગ્રહ' ભાગ બીજો સં. ૧૯૪૧માં ભાવનગરની જૈન ધર્મ સુબોધ પ્રસારક સભાએ ૧૧૭ પૃષ્ઠમાં સુરતના 'વિકટોરિયા' પ્રેસમાં છપાવી પ્રકટ કર્યો હતો તેમાં છપાયેલી છે તેની કિં. બાર આના રાખી હતી.]

(૧૨૦૭)+ અમર કુમારની ઢાળો આઠ સં. ૧૯૨૫ માગશર વદ અમાસ રવિવાર બોરસદમાં.

આદિ— દુહા

શ્રી ગુરૂને ચરણે નમી, પ્રણમૂ બે કર જોડ;
અમરકુંમર ગુણ ગાઇસાં, આળસ અળગો છોડ. ૧
તે કાળે તેણે સમે, જંબૂ ભરત મોઝાર;
મગધ દેશ શોહાંમણો, મૂખ રાજગરી સાર. ૨
શ્રેણીક નરવર રાજવી, પ્રજાને સુખકાર;
જૈન ધર્મ પરચો નહીં, મસ્તકેં કર્મનો ભાર. ૩

અંતે—

ઢાલ ૮ આઠમી (હમીરીયાના ગીતની દેશી)

ફૂંફેરી નાંખી તીહાં કણેરે, પાપણી મુખ તે વાર,
જુઓ ગતી એહનીરે,

× × × ×

ગુરૂ પ્રતાપે એ કહી રે, બોરસદ નગર મોઝારરે,
મુની ઉમેદચંદજી કહેરે, અષ્ટ ઢાળ ધરી પ્યારરે. ૮

સંવત **ઓગણીસે પચીશમેરે**, માગસર માસ ઉદારરે,
અમાવાસ્યા તે સોહામણીરે, અરકવાર સુવારરે. ૯

(૧૨૦૮)+ હરકેશી મુનિનો રાસ સં. ૧૯૨૫ ફાગણ. ગઢપુરમાં (ગઢડામાં)

આદિ— દુહા

તે કાળે તેણે સમે, **જંબુધીપ** મોઝાર,
ભરતક્ષેત્ર શોહામણો, વરણવું તે અધીકાર. ૧
તપ તણો અધીકાર લહું, સાંભળજો નરનાર,
તપ તપ્યા અતી આકરા; **હરકેશી** અણગાર. ૨
પૂર્વકથા રે વરણવું, કિણ વિધે હુવા તેહ;
સંજમ લિધો રે કિણ વિધે, ભાવ ધરી કહું ગેહ.

અંતે—

ઢાલ ૧૩ મી સલુણો રાવળ ચાલે રે એ દેશી

મધુરે સ્વરે વિપ્ર પુછતા રે, સ્નાન દ્રહ તુમ કોણ;
સ્વાંતી ખેતર તમ કોણ છે રે, તિર્થ તુમચે કોણ.
મુનીશ્વર દીયો અર્થ બતાય.

× × × ×

હરકેશી અણગારજીરે, તપ તપીરે અઘોર,
શીવપુરમે વાસ લીયો રે, ત્રોડી તે કરમ કઠોર. મુની૦ ૯
ઢાલ ભલી એ તેરમીરે, **હરકેશી** કેરો સમાસ,
ગુરૂ પ્રતાપે એહ સહીરે, કહ્યું તે ધરીને ઉલ્લાસ. મુની. ૧૦
ઉગણીસેં પચવિસમેરે, ગઢપુર નગર મોઝાર,
મુની **ઉમેદચંદજી** કહે રે, ફાગણ માસ ઉદાર. મુની. ૧૧

(૧૨૦૯)+ મેતારજ મુનિનું ચોઢાળીયું. સં. ૧૯૨૫ વૈશાખ (શુ) ૬ સોમ, ખંભાતમાં.

આદિ— દુહા.

શ્રી જીનવર ચરણે નમું, પ્રણમી સતગુરૂ પાય,
મેતારજ મુનિ ગુણ ગાઉ, આનંદે ચિત લાય. ૧

અંતે—

ઢાલ ૪ થી–બંધવીયા ચાલ ઇહાંથી ઉતાવળો રે–એ દેશી

મુની રે મુની મનમાં ચીતવે રે, ધન્ય ધન્ય ગજસુકુમાલરે

× × × ×

ઢાળ રે ઢાળ ચોથી એ કહી રે, ગુરૂ પસાયે જાણુ રે

મુની રે મુની ઉમેદચંદજી કહે રે, **ખંભાત** નગર મોઝાર રે. મુ. ૮

ઉગણીસે રે **ઉગલીસે પચીસમે** રે, વૈસાખ માસ તે સાર રે,

ચંદ્ર રે ચંદ્રવાર સોહામણો રે ખટ તીથી રે ઉદાર રે. મુ. ૯

+**નીષઢ કુમારની ઢાળો** સં. ૧૯૨૫ ભાદરવા. ખંભાતમાં

આદિ— દુહા

તે કાળે તેણે સમે, **સોરઠ દેશ** મોઝાર

દ્વારામતી નગરિ ભલી, સ્વર્ગ પૂરી અણુહાર

અંતે—

ઢાલ ૭ મી–(નણદલની એ દેશી)

વ્રદત કહે સુણો **નેમજી**, **નિષઢ** નામે કુમાર હો જીનવર

કીહાં જાસે દેવલોકથી, કહો તેનો અધિકાર હો જીનવર. ૧

નેમ કહે મુનીવર સુણો.

× × × ×

ઢાલ ભણી એ મેં સાતમી, **નિષઢ** કુમાર અધિકાર હો

ગુરૂ પસાયે જોડી જુગતસું, **ખંભાત** નગર મોઝાર હો. ૯

સંવત **ઓગણીસેં પચીસમે ભા**દુર માસ છે સાર હો

મુની **ઉમેદચંદ** એમ કહે, સુત્રમેં છે અધિકાર હો. ૧૦

(૧૨૧૦)+ સુકોસલની ઢાળો સં. ૧૯૩૦

આદિ— દુહા

શ્રી ગુરૂને ચરણે નમી, સમકિત બીજ દાતાર;

ભટ રીણુથી રે ઉધરે, પ્રબળ ગુણી સંસાર. ૧

તે કાળે તેણે સમે, **જંબુ ભરથ** મોઝાર;

અજોધ્યા નગરી અતિ ભલિ, અમરાપુરી અણુહાર. ૨

અંતે—

ઢાલ ૭ મી-ઇડર આંબા આંબલી રે એ દેશી.

નહોર ઉદર ઉપર ધર્યો રે, ધરણી ઢલ્યો રૂખીરાય;
વિદાર્યો નખ અંકુસે રે, રોળે મહીએલ કાય,
સુગુણ નર જોજો કર્મ વિચિત્ર.

× × × ×

અંતરાતમથી જાણજો રે, સગપણ વિચિત્ર પ્રકાર;
અભ્ર પડલ સમાં એ સહી રે, વિલયે પાંમે નિર્ધાર. સુ. જો. ૯
સંવત ખંડ **ભોમી** સહી રે, સુંદર **ત્રીસ**ની સાલ;
મુની **ઉમેદચંદજી** કહે રે, સાતમી ઢાળ રસાલ. સુ. જો. ૧૦

+નેમરાજુલના ષટ ખ્યાલ

આદિ—

ખ્યાલ ૧ (નવલ સનેહી નેમજી રે દેશી)

નવલ સનેહી નેમજી રે જાદવ કુળના સણગાર, જાદવ.
રથ તોરણીયે આવીયો, રથ૦ પશુડે માંડયો પોકાર, પશુડે૦
નવલ૦ ૧

અંતે—

ખ્યાલ ૬ (એવંતા મુનીને વાંદીયે રે દેશી)

અંકુશ બચન સુણી કરી રે, દેવર ચિત્ત થીર હોય
ફરીને જોગ લીયો રે—

× × × ×

તેમ મુને તમે તારજો રે **ઉમેદચંદ** ધરી પ્યાર. ફરીને૦ ૫

નાની કૃતિઓ

રીખવદેવના કીસા—૧૨ કડી સં. ૧૯૨૮ કા. વ. ૧૧

ધુર જીન મુખચંદ, મહા સુખ કેરો કંદ
નાંમે મેટે ભવફંદ, માત તાત હમારા ૧

× × × ×

સંવત **ખંડ** વર **સસી**, સાલ **વસુ યુગ** મસી,
કાતી વદેકાદસી માત. ૧૨

ઉપદેશી સઝાય. ૧૧ કડી સં. ૧૯૨૮ પો. ૫ રવિ

હો નર ઘેલા રે આતમને સમજાવો રે સાંભળી દેશના

× × × ×

સંવત **ખંડ ભોમી** સારો વળી સાલ **વસુ નયન** પ્યારો,
પોસી પાંચમ ને રવીવારો. નર૦ ૧૧

મરૂદેવીનો ગરબો ૨૩ કડી સં. ૧૯૩૭ શ્રાવણ ઉમરકોટમાં.

સુણજો સકળ ધરમ ગુણ રાગી, ત્રિવિધ થીર થાપીને રે લોલ

× × × ×

સંવત **ખંડ ભૂમી** વર સાર, **મુની** ગુણ વાસમાં રે લોલ
ગુરૂ મુજ **કનક રંજીત** પસાય, સરાવણ માસમાં રે લોલ
ઉમરકોટમાં રહી ચોમાસે, સકળ સંઘ મન રાખીને રે લોલ
સંઘ શીરોમણી સંગત આજ, **ઉમેદચંદ**ને મળી રે લોલ. ૨૩

નેમનાથની ગરબી ૧૮ કડી સં. ૧૯૩૮ શ્રાવણ શુ. ૧૦ રવિવાર ઉમરકોટમાં

સમુદ્ર વિજે કુળ ચંદલો રંગ ભીના રે
કાંઇ સવાદેવી અંગજાત **નેમ** નગીના રે

× × × ×

નેમ ગયા શીવ વાસમાં રં. કાંઇ તારી **રાજુલ** નાર, ને.
મુની **ઉમેદચંદ** વિનવે રં, કાંઇ બાંહ્ય ધરી ઉગાર, ને. ૧૭
ઓગણીસે સાડત્રીસમાં રં. કાંઇ શ્રાવણ શુકલ ધાર, ને.
દશમી ને રવીવારસું રં. કાંઈ **ઉમરકોટ** મોઝાર, ને. ૧૮

અન્ય નાની કૃતિઓ

શીયલનું સ્ત. (શીયળ સરોવર ઝીલીયે), નોકાર સ્ત૦ (નામ જપો રે પંચ પદ નામી), જીનજીનું સ્ત૦ (અર્જ સુણો એક મોરી જીનંદા). નાભી જીરા નંદનરો સ્ત૦ (ભવિયા રટીયેં નાભી રે નંદ)

નેમનાથ સ્ત૦ (આવે આનંદકારી આવે રે), પાર્શ્વ જીનનો ખ્યાલ (માયા રે મુને પાર્શ્વતણી લાગી), વીરજીનો ખ્યાલ (વીર મોયે લાગે આનંદકારી), નેમ સ્ત૦ (સખી મોહે સામ સલુનેકી પ્રીતીયાં અતી), નેમ સ્ત૦ (સામળીયાજી એક અરજ હમારી), પ્રભાતી (દેહી રે સાંભીલ મોરી બિનતી), જીવદેહીના સંવાદના ખીસા (દેહી કરે રે પ્રણામ સુનો આતમારામ), ગુરૂ વિષે ખીસા (ગુરૂ જ્ઞાંનમેં ગરકાબ), લાવણી (તુમ સુનો સકલ નરનાર), બાર માસ (કારતકે કર રે જુગલ જોડી) ચંદના સતી સઝાય (આજકાલે આઠમ તપ છે રે ભારી), મોહન બેંન (મોરી એક અરદાશી), ઉપદેશી ખ્યાલ (અવસર પલ પલ જાવે), ઉપદેશી ખ્યાલ (જીવ વટાઉ સાઉરી રે), આધ્યાત્મિક ખ્યાલ (દીલે રાધારી સુમત રાની રે), કાયા વિષે ગજલ (એહી દમી દમે શોખી સાર હે), વિષયમદ વિષે ગજલ (મદનકે દ્રીંગમે જગ જીયારો હરાઇ રહ્યો રે), ભરથેસરનો ગરબો (ચરણ કરણધર સુમત સુહંકર), રાજેમતીની કાફી (એમ વીનવે રાજુલ નારી રે), જાડેજી કાફી (આ જુલમ ન કજે).

(આ સર્વ કૃતિઓ 'ઉમેદચંદજી કૃત કાવ્યસંગ્રહ' એ નામની ૯૮ પૃષ્ઠની ચોપડી રૂપાણી ભીમજી કાળીદાસે સં. ૧૯૪૧ માં છપાવી હતી તેમાં પ્રકટ કરેલી છે)

(૧૨૧૧)+ ઉમેદચંદજી કૃત્ય (ત) કાવ્ય સંગ્રહ ભાગ ચોથો

પ્ર૦ જૈન ધર્મ પ્રકાસ સભા, બોટાદ સં. ૧૯૪૭ વઢવાણ કૅંપ 'આર્ય વિદ્યા પ્રકાશ' પ્રિ. પ્રેસ. પૃ. ૬૦ કિં. ૭ આના

(આમાં મંગળાચરણ, આગમ મહિમા, સમોસરણ જ્યહ રહેવા વિષે, સર્વજ્ઞ જિનની સ્તવના સાથે આશિર્વાદ માગવા વિષે, સભા સમસ્તને ધર્મોપદેશ વિષે વગેરે ટુંકી ટુંકી કવિતાઓ છે)

(ખોડીદાસ મુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તીનો રાસ પૂર્ણ કર્યા પહેલાં સ્વર્ગસ્થ થતાં તેમાં બે ઉલ્લાસ ઉમેરી આ કવિએ પૂર્ણ કર્યો હતો એ વાત તે રાસનો ઉલ્લેખ કરતાં અગાઉ કહેવાઇ ગઇ છે.)

૫૯૭ક રવચંદ

(૧૨૧૧ક) સિદ્ધાચલ ગિરનાર તીર્થ ગુણ ગર્ભિત વહોરા કસ્તુર બહેચરદાસના સંઘનો સ્ત. (ઐ.) સં.૧૯૨૭ ચૈત્ર વ. ૮ બુધ અમદાવાદમાં

દૂહા—પ્રણમું આદિ જિણંદને, કનકવરણ જસ કાય,
રાજધર્મ નીતિ સવે, દાખિ વર્યા શિવ હાય.

× × × ×

કલશ

ઇમ ત્રિજગતારક દુઃખ નીવારક, તીર્થ તે બે સુખકરૂ,
સિદ્ધાચલ ગિરનાર ઉત્તમ વાંદી પામો સુખ ઘણું,
સંવત વિક્રમરાય કેરો જાણજ્યો, સજન સહુ,
મુનિ નેત્ર તત્ત્વ ને નિશાનાયક ચૈત્ર વદિ અષ્ટમી ભણુ. ૧
બુધવાર વાસર શુદ્ધ ધારી ગાઇયા ગિરિ ગુણ લહી,
ગુરૂ **વીર** વાંણી પસાય પાંમી મારગ શુદ્ધ લહ્યો વહી;
રવચંદ ભાખે મિત્ર સાખે બાધ ધીવૃધી સહી,
શાલ વિદ્યા વિસાલ શાલા **રાજનગ્ર**માં રહી. ૨
૪–૧૩ આ. ક.

---

૫૯૮ પ્રેમચંદ

(૧૨૧૨) સીલશ્રી ચોપઈ સં. ૧૯૨૮ ચૈ. વ. ૧૩
—પત્ર ૬ સં. ૧૯૩૨ પો. વ. ૩ પો. ૮૧ નં. ૨૦૩૫ જિ. ચા.

---

૫૯૯ કેવળદાસ અમીચંદ [શ્રાવક કાસંદ્રાના ભાવસાર]

(૧૨૧૩)+ નેમવિવાહ સં. ૧૯૨૯ શ્રાવણ શુ. ૭ ગુરૂ.

આદિ—

ઢાળ ૧ વળતી લાડણીને સણુગારી રે એ રાગ.

સતી **સરસ્વતીને** શીર નામું રે ગુરૂ **ગઉતમ** જુઓ મુજ સામું રે,
મારે ગાવો છે **નેમવીવારે**, તેથી દિલમાં કરો મતિ દીવારે. ૧
કેવી રીતે તોરણ ગયા **નેમ** રે, કેવો પ્યારી ને પિઉનો પ્રેમરે,
તેનો સંક્ષેપે કહું વીસ્તારરે, તમે સાંભળજો નરનારરે. ૨

અંતે—

ઢાળ ૪૩ મી આવોને મંદિર માહરે હો લાલ—દેશી.

ધન ધન **રાજુલ નેમને** હો લાલ, ધન ધન એ અવતારરે,
હું વારીલાલ.
કુંવારાં કંથને કામની હો લાલ બેઉ તજ્યાં સંસાર રે. હું૦
સાબરકાંઠે શોભતું હો લાલ, **કાસંદરા** મુજ ગામ રે. હું૦
અર્ભક **અમીચંદ**નો હો લાલ, **કેવળદાસ** હું નામ રે. હું૦
અચરત કુખે ઉપન્યો હો લાલ, ભવવિશે **ભાવસારરે**. હું૦
પ્રીત ધરીને પારખ્યો હો લાલ, શ્રાવક ધરમ શ્રીકારરે. હું૦
સંવત **ઓગણીસેં** વળી હો લાલ **ઓગણત્રીસ** મોઝારરે. હું૦
શ્રાવણ શુકલા સપ્તમી હો લાલ ગરવો તે ગુરૂવારરે. હું૦
તેરે દિવસ પુરો કરી હો લાલ ગાયો **નેમવિવાહરે**. હું૦
ઢાલ તેંતાળીસેં વરણુવી હો લાલ, સંબંધ રાખી દુવાહરે. હું૦
તાળ તુટક નવી ઓળખું હો લાલ, વાણી તાણી રચ્યો ઠાઠરે. હું૦
કવિ કને મુજ ક્રુણ ગજું હો લાલ, પઢયો ના પીંગળ પાઠરે. હું૦
અક્ષર આદિ ને અંત્યમાં હો લાલ, ખોળતાં જડે ખોડરે. હું૦
તે મુજ મીછામી દોકડો હો લાલ, **કેવળ** કહે કરજોડરે. હું૦

—(ધી ઓનરેબલ શ્રીમંત નગરશેઠ પ્રેમાભાઇ હીમાભાઇ, અમદાવાદને અર્પણ કરી આ કૃતિ કર્ત્તાએ સં. ૧૯૩૦માં અમદાવાદના ગુજરાત યુનિયન પ્રેસમાં છપાવેલ હતી.)

૬૦૦ સુમતિમંડન [ખ૦ ક્ષમાકલ્યાણ (નં. ૫૧૬)–ધર્મ-
વિશાલ શિ૦]

(૧૨૧૪)+ સિદ્ધાચલ પૂજા (હિંદી) સં. ૧૯૩૦ જ્યે. શુ. ૧૩
વીકાનેર.

આદિ—

ઋષભાદિક જિનવર નમી, પ્રણમી સદગુરૂ પાય,
પુંડરીકગિરિ રાયની, પૂજા કરૂં સુખદાય.

અંતે—　　ધનાશ્રી.

પ્રભુજીકી પૂજા રચી સુખ કાજે, હાં એ સુખ કાજે,
શ્રી **સિદ્ધાચલ** ગિરિવર ઉપર, મંડણુ **આદિ** બિરાજે,
નાભ નૃપતિ મરૂદેવિકે નંદન, દરસણુસું દુખ ભાજે. ૧
વીકાનેર નગર અતિ સુંદર, **મરૂધર** દેસ વિરાજે,
શ્રી **જિનસૌભાગ્યસૂરિ** પટોધર, સકલ ગુણે કરી ગાજે. ૨
શ્રી **જિનહંસસૂરિ ખરતર** પતિ, ગુણુ ગિરવા ગુરૂ રાજે,
પ્રીતિસાગર ગણિ શિષ્ય સુવાચક, **અમૃતધર્મ** સુછાજે. ૩
શિષ્ય **ક્ષમાકલ્યાણુ** સુપાઠક.....................
તસુ ચરણાંબુજ સેવક અહનિસ, **ધર્મવિસાલ** વિરાજે. ૪
સુમતિમંડણુ એ ગિરિની પૂજા, રચીયે સંઘ સુખ કાજે,
કુશલનિધાન મુનિ પરવરકી, પ્રેરણુયા સુસમાજે. ૫
ચૂપ ધરી ચોખે ચિત ચાહે, લિખી સકલ શુભ કાજે,
સંવત **સય ઉગણીસ તીસમે**, પૂજ રચી હિત કાજે. ૬
જેઠ શુદી તેરસ રવિવારે, સુણતાં સહુ દુખ ભાજે,
ભાવ ધરી ગિરિના ગુણુ ગાયા, દિન દિન અધિક દિવાજે. ૭

+પૂજાસંગ્રહ પૃ. ૬૭ થી ૯૮.

(૧૨૧૫)+ અષ્ટ પ્રવચનમાતા પૂજા (હિં.) સં. ૧૯૪૦ શ્રા. શુ.
૧૨ વીકાનેર.

—(૧) પત્ર ૪ પો. ૭૫ દાન. (૨) પત્ર ૧૭ પો. ૧૮ અબીર.

(૧૨૧૬)+ પંચજ્ઞાનપૂજા સં. ૧૯૪૦ આશો શુ. ૧૦ વીકાનેર.

વર્તમાન જિનચંદકૂં, નમન કરી મનરંગ,
પૂજ રચ્યૂં ભવિ પ્રેમસે, સાંભલજો ઉછરંગ.

× × × ×

વીકાનેર નગર અતિ સુંદર, સંઘ સકલ સુખદાયો,
શુદ્ધમતિ જિન ધર્મ આરાધક, ભગત કરે મુનિરાયો.
ઉગણીસે ચાલીસે વરસે, આસુ સુદિ વરદાયો,
જ્ઞાન વિજયકારક સબ જગમેં, નિત પ્રતિ હોત સહાયો.
સુમતિ સદા જિનરાજ કૃપાસે, જ્ઞાન અધિક જસ ગાયો,
કુશલનિધાન મોહન મુનિ ભાવે, જ્ઞાનતણો ગુણ ગાયો.

+પૂજાસંગ્રહ પૃ. ૨૦૦ થી ૨૧૪.

(૧૨૧૭)+ આબૂ પૂજા સં. ૧૯૪૦.

શ્રી જિનવર આરાધિયે, ધરિયે હિયડે ધ્યાન,
ઋષભ જિણુંદ દિણુંદ સમ, દિન દિન ચઢતે વાન. ૧
આબૂ ગિરિ પૂજન રચ્યૂં, મહિયલ મોટા ઠામ,
દેસ દેસકા સંઘવી, આવી કરે પ્રણામ. ૨

× × × ×

ક્ષમાકલ્યાણકે પાજા, વિવિધ ગુણજ્ઞાનકે ભાજા,
ધર્મવિશાલ તસુ નંદા, કહે યું **સુમતિ** સુખકંદા. ૨
સંવત **ઉગણીસ ચાલીસે**, પ્રેમધર અધિક સુજગીસે,
ભજો તુમ દેવ જગદીસે, ફલે સબ આસ નિસદીસે. ૩
દેવાંકે દેવ મનભાયા, પૂજતાં સંપદા પાયા,
વીકાનેર સહરમેં રાજે, જગત જસ તાહરો ગાજે. ૪
આદિજિન પૂજ સુખ કાજે, નમત પ્રભુ પાપ સહુ ભાજે,
કુશલ મુનિ ભાવસે ધ્યાવે, સકલ જન પ્રેમસે ગાવે. ૫

—(૧) પ્ર૦ પૂજાસંગ્રહ પૃ. ૯૯ થી ૧૨૨ (૨) પત્ર ૮ પો.
૭૫ દાન.

(૧૨૧૮)+ **સહસ્રકૂટ પૂજા** સં. ૧૯૪૦ માગ. શુ. ૫ વીકાનેર.
૨૪ જિનચૈત્ય સ્ત૦ સં. ૧૯૪૭ મકસુદાબાદ.

—પત્ર ૧૪ પો. ૪૨ નં. ૧૧૫૧ દાન૦

(૧૨૧૯)+ **૧૪ રાજલોક પૂજા** સં. ૧૯૫૩ અક્ષયત્રીજ વીકાનેર.

—પત્ર ૭ સં. ૧૯૫૩ રિધકરણ લિ૦ વીકાનેર મધ્યે પો. ૭૫ દાન૦

+**પંચપરમેષ્ઠિ પૂજા** સં. ૧૯૫૩ મા૦ શુ. ૧૪ વીકાનેર.

—પત્ર ૫ સં. ૧૯૫૪ ચૈ. વ. ૮ ભૃગુવારે પો. ૭૫ દાન૦

(૧૨૨૦)+ **૧૧ ગણધર પૂજા** સં. ૧૯૫૫ વીકાનેર.

—પત્ર ૧૧ સં. ૧૯૫૬ વૈ. શુ. ૭ મહાત્મા હીરાલાલ લિ૦ પો. ૭૫ દાન૦

(૧૨૨૧)+ **જંબૂદ્વીપ પૂજા** સં. ૧૯૫૮ શ્રા. વ. ૧૦ વીકાનેર.

(૧૨૨૨)+ **સંઘપૂજા** સં. ૧૯૬૧ માહ વ. ૬ વીકાનેર.

સંઘ ચતુર્વિધ વંદિયે, ભાવ ધરી ભરપૂર,
કીર્તિ જેહની ગાવતાં, દુખ સબ જાવે દૂર. ૧

× × × ×

કલશ.

ભવિ તુમ પૂજ કરો હિતકારી,
સકલ પ્રભુ મહિમાધારક, મંગલ રૂપ ઉદારી. ભ૦
ગુણ છકવીસ વિરાજત સુંદર, નિરખ્યા આનંદકારી. ભ૦ ૧
વીકાનેર નગર અતિ સુંદર, સંઘ સકલ જયકારી,
ખરતર ગચ્છપતિ **કીર્ત્તિ** સૂરિ, તેજ અધિક સુખકારી, ભ૦ ૨
પ્રીતસાગર ગણિ શિષ્ય સુવાચક, **અમૃતધર્મ** ઉદારી,
તાસ શિષ્ય ગુણગણકે ધારક, **ક્ષમા** અધિક જસધારી. ભ૦ ૩
તાસ શિષ્ય મુનિ **ધર્મવિશાલા,** ધર્મતણા દાતારી,
તાસ ચરણ સેવક ઇમ જંપે, **સુમતિ** સદા જયકારી. ભ. ૪

સય ઉગણીસે ઈકસઠ વર્ષે, માહ વદી છઠ સારી,
પૂજ રચી સબકું સુખદાઇ, નિત નિત મંગલકારી. ભ. ૫
મહિમાઉદય મુનિ પ્રવરકી, પ્રેરણુયા હિતકારી,
ભાવ ધરિ એ પૂજન કરતા, રિદ્ધિ સિદ્ધિ હોત અપારી. ભ. ૬
—પ્ર૦ પૂજાસંગ્રહ પૃ. ૨૮૩ થી ૩૦૨.

(૧૨૨૩) ગિરનાર પૂજા

(૧૨૨૪) ગૌતમ ગણધર પૂજા

---

૬૦૧ જિનદાસ ૨. (આં. રત્નસાગર સૂરિ–વિવેકસાગર સૂરિ શિ૦)

(૧૨૨૫) ચોવીસી સં. ૧૯૩૦ આષાઢ શુ. ૧૫

આદિ— પ્રથમ ઋષભ સ્ત.

નહીં માનુરે **ઋષભ** વિણુ આણુ, મેરે જિનવચન પ્રમાંણુ,
નારે પ્રભુ, નહી માંનુ.
કેઈક હરીહર બ્રહ્મા સેવે, કેઇ સેવે મહાદેવ,
રાંમ રૈમાંન કેઇ કાંનકું સેવે, પ્રભુ મેરે તો **ઋષભ** જિનદેવ. ના.૧

અંતે—

ઓગણીસ સેત્રીસ આષાઢનીરે લોલ, રૂડી પૂન્નમને બુધવારજો,
સૂરિ વિવેકસાગરના પસાયથીરે લોલ, કવિ **દાસ** ગાય ગુણુસારને.

અથ ૨૪ મો વીર સ્ત૦ લિખ્યતે

મનડો કીમ ન લોભાય હો મુનિ ગુણે ભરી
મનડો કેમ ન લોભાય.

× × × ×

મુનિ ગુણુ ગાતા હોયે સુખ સાતા, પાપ પડલ પલાયે,
કહે કવિ **(જિન) દાસ વિવેક** પસાયે, ગાયો જિન સુખદાયે. હો. ૭

કલસ આઠ અક્ષરી છે હરિગીત.

સેવકકે સિરદાર વિર તુ અમીત ફલદાતાર હે,

ઠકુરાઇ સિવ નયરકી જાહાં સુખ અપરંપાર હે.
ભીક્ષા ગ્યાન કી માગે સેવક દિજીયે પ્રભુતા લહી,
મગ્નતા જિમ પામે કંકર નાથ ચરણ સેવા ગ્રહી.
શીઘ્ર આપ સમોહ કીજે નહિ ઘટે રિધિ તુમ તણી,
એકથી અનેક પ્રગટે જો તન જાયે દીપ કતણી,
શ્રી પતિ સાહેબ જગતનાયક જાસ **ગોયમ** ગણધરૂ.
વીપત દુરગત દૂર જાયે **વીર** નામ જે સુખ કરૂ,
રત્નસાગર સૂરિસ્વરા કલિકાલે મુનિનાયક થયા,
સ્થાપી પાટે **વિવેકસાગર સુથરીમાં** સ્વરગે ગયા.

—(૧) ૧૦-૧૬ જૈ. એ. નં. ૧૧૫૬ (૨) બીજી અપૂર્ણ પ્રત વિમલ જિન સ્ત૦ સુધીની પાનાં ૭ની જૈ. એ. નં. ૧૧૬૪.

(૧૨૨૬)+ ૩ ચોવીસી પૂજા સં. ૧૮૩૧ પર્યુષણમાં નરસિંહપુરા.

---

૯૦૨ ઋદ્ધિસાર-રામલાલ (ખ. ક્ષેમશાખા ધર્મશીલ-કુશલ નિધાન શિ.)

(૧૨૨૭)+ ૪૫ આગમ પૂજા (હિંદી) સં. ૧૯૩૦ આસાડ વદ ૧૧ વિકાનેર.

(૧૨૨૮)+ ૨૦ વિરહમાન પૂજા (હિંદી) સં. ૧૯૪૪ માધવ માસ ભાગનગર.

—પત્ર ૧૧ પો. ૭૫ દાન.

(૧૨૨૯)+ દાદાજીની પૂજા (હિંદી) સં. ૧૯૫૩ માગશર. શુ. ૨ વીકાનેર.

આદિ—

ઇશ્વર જગ ચિંતામણી, કર પરમેષ્ટિ ધ્યાન,
ગણધર ગદ ગુણ વર્ણના, પૂજન કરો સુજાણ.

અંતે—

પૂજા જગે સુખકારી, સુગુરૂ તેરી પૂજા૦

ઉગણીસે સંવત્સર **તેપન**, મિગસર માસ મઝારી,
શુકલ દૂજ **જિનચંદ** સૂરીશ્વર, **ખરતર** ગચ્છ આચારી, ૬
કુશલ સૂરિ કે નિજ સંતાની, **ક્ષેમકીર્ત્તિ** મનહારી,
પ્રતિબોધ્યા જિન ક્ષત્રી પાંચસે, જાન સહિત અણગારી. ૭
ક્ષેમ ધાડ શાખા જબ પ્રગટી, જગમે આનંદકારી,
ધર્મશીલ સાધુ ગુણ પૂરે, **કુશલનિધાન** ઉદારી. ૮
યા પૂજન કરતા સુખ આનંદ, અન ધન લખમી સારી,
કહત **રામ ઋદ્ધિસાર** ગુરૂકી, જય જય શબ્દ ઉચારી. ૯

—પ્ર૦ પૂજાસંગ્રહ પૃ. ૪૧૩ થી ૪૪૦.

(૧૨૩૦) અષ્ટાપદ પૂજા.

ગદ્ય કૃતિઓ

(૧) અઠાઈ વ્યાખ્યાન ભાષા સં. ૧૯૪૯ (પત્ર ૩૧) (૨) સંઘપટ્ટક બાલા૦ સં. ૧૯૬૭ (પત્ર ૩૩) (૩) વૈદ્યદીપક, (૪) મહાજન વંશ મુક્તાવલી (ઐ.) આદિ હિંદીમાં ગ્રંથો રચ્યા છે. (પ્રસિદ્ધ નામ રામલાલજી છે.)

---

૬૦૩ દાનદયા (મણિઉદ્યોત શિ.)

(૧૨૩૧) સોઇણી મલ્લિનાથનાં ઢાળીયાં સં. ૧૯૩૨

દૂહા

શ્રી **શંખેસર પાસજી**, નમિ **પદમાવતી** માય
મલ્લિ જિને ભેટણ જાણી, મુઝ મન હરખ ન માય.

ઢાલ ૧ કાંમ છે ૩ રે નહી આવૂંજી મારે કાંમ છે,

દેખણ કેવલ કલબીને ખેત્રે, ભેલા મલ્યા દુખ વારણેરે,
કુકુવાય વાલે કરા કર કીધી, લેઇ જાસું અમ બારણે. ૩
સોઈણી રાણી તવ ત્યાં આવે, ગાડે બેસાડી સુખ કારણે રે,
વીણ બલધે **સોયણી** સનુમુખે, હરખ થયો દરબારને રે. ૪

× × × ×

એમ કરતો **કેસરીસંઘ** કુલે સંઘતિલક ભવ વારણેરે,
પંચ્યાસી જણુનો પાલ કહાયો, સંઘવી **પીતાંબર** એક તારનેરે. ૭
દાનદયા ઉપદેશ સલહીને સંઘ સકલ ભવ તારણેરે,
દેવસાને પાડે દેવ જુહારી સહૂ ચાલો **મલ્લિ** બારણેરે ૮

ઢાલ ૨ સાંભલ સુજનીરે એ દેશી.

રાજનગરનોરે રેવાસી અલબેલો **પેંપલી** પોલ વાસી,
રાજપુર ટોળીનો રસીયો, અહનિસી ચિંતામણ મન વસીયો,
મલ્લિ જિન ભેટણરે ચાલો, સું ભવમાહે રહ્યા તમે માલો ? ૧
કોટવાલ ટોલી તેડી ત્યાં લાવે, સહૂકો તયારી કરો મન ભાવે,
માગસીર વદ છઠે શનિવારે, ભોયણી સંઘની કરે તઇયારી. ૨
સંઘવિ **પીતાંબર** મનોહારી, **નવલબાઇ** જાયો હૂસીયારી,
કેસરીસંઘ કુલમા એ દીવો, સંઘવણ **જમનાબાઇ** ચિરંજીવો. ૩
હઠીભાઈની વાડીનો મુકાંમ, **ધર્મનાથ** દીઠા ગુણધાંમ,
બેન ભાંણેજીરે ઝાઝા, પંચ્યાસી જણ ધરે બહુ માઝા ૪
ધર્મ જિન વાંદીને ચાલુ, ગાતે વાતે સાંત સમ માલુ,
ચોવીવટા દરીસણ નીત ચાહૂ, **આદજમાં પારસ** સુખ પાઉં. ૫
માલીક **મગન પીતાંબર** સાથે આવ્યા **ભોયણી મલ્લિ** ગુણમાને,
કુંભરાય નંદન **રે** દીઠો, **પ્રભાવતી** જાયો લાગે મીઠો. ૬
પોસ દસમી કલ્યાંણુક કીધૂં, સાંમી વછલ સંઘવી જસ લીધૂં,
રાતી જગા હોવે ઝકઝોલ, **દાંનદયા ભોઇણીમાં** કલ્લોલ. ૭

ઢાલ ૩ નથ લાલ્તે ૩ રાજગીરોરો મુખરો મંડણ રૂડો લાલ્તે રાજ—એ દેશી.

(આમાં મલ્લિનાથની સ્તુતિ છે.)

× × × ×

મલ્લિ નમી **પંચાસર** જાયવા રાજ, હૂં જાત્રા ઉજમાલ,
પીતાંબર સંઘવી કહે રાજ, રાજગ્રહી પધાર. ૧૧
તુમ વીના ઉજમણા તણો રાજ, વીસ સ્થાંનક તણો આજ,
વિધિ વિધાંન મુઝ કુણ કહે રાજ, એ વીનતી સુણો આજ. ૧૨

દાંન દેઇ **દયા** ધરી રાજ, સીધા વંછિત કાજ,
ચઉદસે **સૂરજ** ગામમાં રાજ, શીતલ **શીતલ** મહારાજ. ૧૩

ઢાલ ૪ બ્યાવલારી દેશી.

વાજાં સાથે ઉજમણું થયું, સંઘવી પીતાંબરે વીસ સ્થાનકનો, મહિમા કર્યો. સ્વામી વચ્છલ કર્યાં. રાતી જગો ઉજવી વગેરે.
જીરે પ્રમોદમણી ગુરૂ નામથી જીરે **ઉદ્યોત** ઉગ્યો ભાંણુરે
ઉગણીસે બત્રીસ પોસ વદી જીરે **દાંનદયા મલ્લિ** જાંણુરે.

કલશ

ગાયો ગાયોરે, શ્રી **મલ્લિ** જિનેસર ગાયો,
ઓગણીસે ઉગણત્રીસ વૈશાખી પૂનમ **ભોયણી** ભાગોલ આયો.
કેવલ કલબીના ખેત્રમાં પ્રગટયા સંઘને હરખ ન માયોરે. શ્રી. ૧
નમણુ જલે **ભોયણી** રાણુંનો, નેત્રનો રોગ ગમાયો,
ઇમ અનેકની પીડા નિવારી, જગ જસ પડહ વજાયોરે. શ્રી. ૨
ઉગણીસ બત્રીસ પાસ કલ્યાણુક, સંઘવી **પીતાંબર** ભેટાયો,
મલ્લિજિન ભેટી **રાજ**નગરે, ઉજમણા દાટ બનાયોરે. શ્રી. ૩
મણિ ઉદ્યોત માહારાજ પસાયે, **પીતાંબર** પ્રેમ પૂરાયો,
ઉજમણો વીસ થાનક કેરો, **દાંનદયા મલ્લિ** ગાયો. શ્રી. ૪

—૫-૯ મુનિ જશ.

---

૬૦૪ કપૂરચંદ-કુશલસાર [ખ૦ જિનરત્નસૂરિ પરંપરા રૂપચંદ શિ.)

(૧૨૩૨)+ બાર વ્રત પૂજા સં. ૧૯૩૬ આ. શુ. ૧ વીકાનેર

વ્રત બારે આદર કરી, પૂજા તેર વિધાન
આનંદાદિક સંગ્રહી, સપ્તમ અંગ પ્રધાન.

× × × ×

કલશ

હાં હો યશધારા, પ્રભુજીને, જગતારણ યશધારા.
સુરનર મુનિ તિરિયગ વન સિંચન, વચન સજલ ઘન ઝારા.

વિક્રમપુર શ્રી ત્રિશલાનંદન, જિનવર ત્રિભુવન પ્યારા
દ્વાદશ વ્રત પૂજન વિધિ પભણી, ભવિયણ ગણુ હિતકારા. ૧
ગુરૂ **ખરતર જિનચંદ્ર** સૂરિવર, રાજે વિગત વિકારા
શ્રીમતિ ભાધૃતિરાદિ કલિતકે (?), ધરિ મન વચન આગારા. ૨
સંવત **રસ ત્રિક નિધિ રાત્રીકર**, માસાશ્વિન મનુહારા,
ધવલ પક્ષ પ્રતિપદ તિથિ શોભન, રજનીપતિ સુત વારા. ૩
શ્રી **જિનરત્ન સૂરિ** શાખાધર, પાઠક પદ વિસતારા,
રૂપચંદ ગણિ ચરણકમલમેં, **કુશલસાર** મધુકારા. ૪
અપર નામ કરિ **ચંદકપૂરા**, રચિ જિનપતિ નુતિ સારા,
કુશલનિધાન પ્રવર મુનિવરકી, પ્રેરણયા સુવિચારા. ૫

—પ્ર૦ પૂજાસંગ્રહ પૃ. ૨૪૨-૨૮૨.

---

૬૦૫ હર્ષસાગર [રતિસાગરસૂરિ શિ.]

(૧૨૩૩) ધનદ (ધન્ના) કુમાર રાસ [ચંદ્રનિધાન અગ્નિવસુ. સં. ૧૯૩૮ ?]

—(૧) રત્ન. (૨) ૧૯ પત્ર દા. ૪૩ નં. ૬૩ ડે૦

---

૬૦૬ મણિચંદ્ર [અધ્યાત્મી યતિ]

(૧૨૩૪)+ આધ્યાત્મિક સઝાયો

(આત્મશિક્ષા સઝાય પૃ. ૧૨૫; ભાવીભાવ સઝાય પૃ. ૧૯૧, વૈરાગ્યકારક સઝાયો પૃ. ૨૧૩ થી ૨૨૩ સઝાયમાળા ભી૦ મા.)

---

૬૦૭ તિલોક (ઋષિ.)

(૧૨૩૫) શ્રેણિક ચોપઈ સં. ૧૯૭૯ આ. શુ. ૪ પૂના.

—બહાદુરમલ બાંઠિયા સંગ્રહ ભીનાસર.

---

૬૦૮ આત્મારામ-આનંદવિજય-વિજયાનંદ સૂરિ

[ત. સત્યવિજયની પરંપરામાં રૂપવિજય (નં. ૫૨૮)-કીર્ત્તિવિજય-કસ્તૂરવિજય-મણિવિજય-બુદ્ધિવિજય શિ૦]

(૧૨૩૬)+ ચોવીશી સં. ૧૯૩૯ અંબાલા

૧ ઋષભદેવ સ્ત૦ (આસણુરા જોગી-દેશી)

પ્રથમ જિનેસર **મરૂદેવી** નંદ, **નાભિ** ગગન કુલચંદારે
મનમોહન સ્વામી
સમવસરણ ત્રિકોટ સોહંદા, રજત કનક રતનંદા રે
× × મનમોહન સ્વામી. ૧
ભગતિ તિહારી મુજમન જાગી, કુમતિપંથ દિયો ત્યાગીરે મન.
આતમ ગ્યાનભાન મતિ જાગી, મુજ તુજ અંતર ભાગી રે મન. ૭

× × × કલશ

ચઉવીશ જિનવર સયલ સુખકર ગાવતાં મન ગહગહે
સંઘ રંગ ઉમંગ નિજ મન ધ્યાવતાં શિવપદ લહે
નામે **અંબાલા** નગર જિનવર વૈન રસ ભવિજન પીયે
સંવત **શેષ અગની નિધિ વિધુ** રૂપ **આતમ** જસ કીયે.
દોહા-જિનવર જસ મનમોદથી, **હુકમ** મુનિ કે હેત
જો ભવિ ગાવત રંગશું, અજર અમર પદ દેત,
-પ્ર. ચોવીશી વીશી સંગ્રહ પૃ. ૫૫૬-૫૭૬

(૧૨૩૭)+ સત્તરભેદી પૂજા સં. ૧૯૩૯ અંબાલામાં

આદિ—સકલ જિણંદ મુણીંદની, પૂજા સત્તર પ્રકાર
શ્રાવક શુધ ભાવે કરે, પામે ભવનો પાર ૧
જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજે શ્રી જિનરાજ
રાયપસેણિ ઉપાંગમેં, હિત સુખ શિવફલ તાજ. ૨
ન્હવણ, વિલેપન, વસ્ત્રયુગ્મ, વાસ, ફુલ, વરમાલ
વરણ, ચુન્ન, ધ્વજ શોભતી, રત્નાભરણ રસાલ. ૩

સુમનસ-ગૃહ, અતિ શોભતું, પુષ્પ ધાર, મંગલીક
ધૂપ, ગીત, નૃત્ય, નાદશું, કરત મિટે સબ બીક. ૪

અંતે— કલશ રેખતા

જિનંદ જસ આજ મેં ગાયો, ગયો અઘ દૂર મો મનકો
શત અઠ કાવ્ય હૂ કરકે, થુણે સબ દેવ દેવનકો. ૧
તપગચ્છ ગગન રવિ રૂપા, હુવા **વિજયસિંહ** ગુરૂ ભૂપા
સત્ય કર્પૂરવિજય રાજા, **ક્ષમા જિન ઉત્તમ** તાજા. ૨
પદ્મગુરૂ **રૂપ** ગુણભાજા, **કીર્તિ કસ્તુર** જગ છાજા
મણિ બુધ જગતમેં ગાજા, **મુકિત** ગણિ સંપ્રતિ રાજા. ૩
વિજયઆનંદ લઘુનંદા, **નિધિ શશિ** (?) **અંક હે ચંદા**
અંબાલે નગ્રમેં ગાયો, **નિજાતમ** રૂપ હું પાયો. ૪
—પ્ર. વિવિધપૂજા સંગ્રહ પૃ. ૩૯૬-૪૧૫

(૧૨૩૮)+૨૦ સ્થાનકની પૂજા સં. ૧૯૪૦ વીકાનેરમાં

આદિ સમરસ રસભર અઘહર, કરમ ભરમ સબ નાસ
કર મન મગન ધરમધર, શ્રી **શંખેશ્વર પાસ.** ૧

અંતે— રાગ ધન્યાશ્રી

શુદ્ધ મન કરોરે આનંદી, વિંશતિ પદ, શુદ્ધ૦
વિંશતિ પદ પૂજન કરિ વિધિશું, ઉજમણું કરી ચિત્તરંગી વિં૦ ૧
એ સમ અવર ન કરણી જગમેં જિનવર પદ સુખ ચંગી. ૨
તપગચ્છ ગગનમેં દિનમણિ સરિસો, **વિજયસિંહ** વિરંગી. ૩
સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, પદ્મ રૂપ ગુરૂ જંગી. ૪
કીર્ત્તિવિજય ગુરૂ સમરસ ભીનો, **કસ્તુર મણિ** હે નિરંગી. ૫
શ્રી ગુરૂ **બુદ્ધિવિજય** મહારાજા, **મુકિતવિજય** ગણિ ચંગી. ૬
તસ લઘુ ભ્રાતા **આનંદવિજયો**, ગાય વિશંતિ પદ ભંગી. ૭
ખં યુગ અંક ઇંદુ વત્સર મેં, **વીકાનેર** સુરંગી ૮
આત્મારામ આનંદ પદ પૂજો, મન તન હોય એકરંગી વિં. ૯
—પ્ર. વિવિધ પૂજા સંગ્રહ પૃ. ૪૧૫-૪૩૮

(૧૨૩૯)+ **અષ્ટ પ્રકારી પૂજા** સં. ૧૯૪૩ પાલીતાણામાં

આદિ જિનવર વાણી ભારતી, દારતી તિમિર અજ્ઞાન

સારતી કવિજન કામના, વારતી વિઘ્ન નિદાન ૧

ચિદાનંદ ઘન સુરતરૂ, શ્રી **શંખેશ્વર પાસ**

પદકજ પ્રણમી તેહનાં, આણી ભાવ ઉલાસ. ૨

પૂજા અષ્ટ પ્રકારની, અંગ તીન ચિત ધાર

અગ્ર પંચ મન મોદસે, કરિ તરિયે સંસાર. ૩

અંતે— કલશ રાગ ધન્યાશ્રી

શિખિ જુગ અંક ઇંદુ શુભ વર્ષે, **પાલિતાણા** સુરંગી. ૯

વિમલાચળ મંડન પદ ભેટી, તન મન અધિક ઉમંગી. ૧૦

આતમરામ આનંદ રસ પીનો, જિન પૂજત શિવસંગી. ૧૧

—પ્ર૦ વિવિધ પૂજા સંગ્રહ પૃ. ૩૬૪–૩૭૬

(૧૨૪૦) + **નવપદની પૂજા** સં. ૧૯૪૮ પટ્ટીમાં

આદિ—

શ્રી **શંખેશ્વર પાસજી**, પૂરો વંછિત આસ

સિદ્ધચક્ર પૂજા રચૂં, જિમ તૂટે ભવપાશ. ૧

અંતે— કલશ.

ભવિ વંદો જિનંદમત કરણીને,

× × × ×

જીરા ગામ તિહાં સંઘ જયંકર, સુખ સંપત ઉદય કરણીને. ૭

તિનકે કથનસેં રચના કીની, સુગમ રીત અઘહરણીને. ૮

વસુ યુગ અંક ઇંદુ શુભ વર્ષે, **પટ્ટીનગર** સુખ ધરણીને. ૯

રહી ચૌમાસા યેહ ગુણ ગાયા, આતમ શિવવધૂ પરણીને. ૧૦

—પ્ર. વિવિધપૂજા સંગ્રહ પૃ. ૩૭૭–૩૯૫

(૧૨૪૧) + **સ્નાત્રપૂજા** સં. ૧૯૫૦ ઝંડીઆલામાં

આદિ—

વામાસુતુ પણમીએ, શ્રી **શંખેશ્વર પાસ**

સ્નાત્ર રચૂં જિનવરતણું, જિમ તૂટે ભવપાસ. ૧

અલંકાર વિકાર વિના, વિધૂવત્ કમનીય અંગ
સહજ ઉપાધિક મુક્ત વિભુ, સોહે જીત અનંગ. ૨

અંતે— કલશ.

જિન જન્મ મહોચ્છવ જયકારી. × × ×
શ્રી કસ્તુર મણિ બુદ્ધિવિજયા, આતમરૂપ આનંદચારી. ૬
અં સર અંક ઇંદુ શુભવર્ષે, ઝંડિઆલે માસ રહે ચારી. ૭
સંઘકે આગ્રહસેં કરી રચના, જિનકલ્યાણક અઘટારી. ૮

(પછી લૂણપાણી ઉતારણુ ઢાળ, આરતિ અને મંગલદીપક આવે છે.)

—પ્ર૦ વિવિધ પૂજાસંગ્રહ પૃ. ૩૫૧–૩૬૩.

[તેમના ગદ્ય ગ્રંથો હિંદીમાં અજ્ઞાનતિમિર ભાસ્કર, જૈન મત-વૃક્ષ, ચતુર્થ સ્તુતિ નિર્ણય, સમ્યકત્વ શલ્યોદ્ધાર, જૈનતત્ત્વાદર્શ, તત્ત્વનિર્ણય પ્રાસાદ છે. તેમના જીવન આદિ માટે જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ. ૬૮૪ થી ૬૯૧, તથા શ્રી આત્મારામ જન્મ શતાબ્દી સ્મારક ગ્રંથ.]

---

૬૦૯ પાર્વતી (આર્યા)

(૧૨૪૨) વૃત્તમંડલી સં. ૧૯૪૦

—પત્ર ૫ સં. ૧૯૫૭ પો. ૮૩ નં. ૨૧૮૭ જિ. ચા.

(૧૨૪૩) અજીતસેન કુમાર ઢાલ સં. ૧૯૪૦

—પત્ર ૧૧ ચો. ૮૩ નં. ૨૧૯૨ જિ. ચા.

(૧૨૪૪) સુમતિચરિત્ર સં. ૧૯૬૧

—પત્ર ૮ (૭ મું નથી) સં. ૧૯૬૧ માના લિ. પો. ૮૩ નં. ૨૧૮૬ જિ. ચા.

(૧૨૪૫) અરિદમન ચો. સં. ૧૯૬૧ (?) વૈ. શુ. ૩

—પત્ર ૮ સં. ૧૯૬૭ વૈ. શુ. ૩ પો. ૮૦ નં. ૧૯૭૪ જિ. ચા.

---

૬૧૦ હર્ષચંદ્ર (પાર્શ્વચંદ્ર ગચ્છીય.)

(૧૨૪૬) ૨૪ જિનપૂજા સં. ૧૯૪૭ વીકાનેર.

---

૬૧૧ રગનાથ વલ્લભ શેઠ (નાગનેશનો લહીઓ, શ્રાવક)

(૧૨૪૭)+ સુરજમલ પારાધીનો રાસ ૩૨ ઢાળ. સં. ૧૯૪૭
અધિક ભાદ્રવો શુ. ૪ ભગુવાર.

આદિ— દુહા.

પ્રથમ સિદ્ધ ભગવંતને કેવળી ક્રોડાક્રોડ
આચારજ સુગુણ વળી, વંદું બે કરજોડ. ૧
ઉપાધ્યાયજી નિત નમું, સાધુ જગતમેં સાર;
પંચે પદને વંદના, કરૂંછું વારંવાર. ૨
સરસ્વતી મુજ માતજી, કરજો મુજ સહાય;
જીભ્યા અગ્રે બેસજો, ગ્રંથ સંપુરણ થાય. ૩
પીંગળ પાઠ ભણ્યો નથી, તુચ્છ બુદ્ધિ મુજ માત;
તે માટે સેવક તણી, પૂરણ કરજો ખાંત. ૪
પારાધિ ગુણવંત થઓ, **સુરજમલ** ગુણસાર;
રાસ ભણું છું તે તણો, શ્રોતા સુણિ સ્વિકાર. ૫

અંતે—

ઢાળ ૩૨ મી રામચંદ્રજીના ઘોળની દેશી.

ધન ધન **સુરજમલ** શુ ભલો, ધન ધન નારી નિજ ચ્યાર;
પામ્યા સુખસાર, સુરજમલ કોઈ રટો. ૧

× × × ×

રાસ સુરજ નામ પુરો થયો, ઢાળ શોભતી બત્રીશ;
સાર અતિહી રસાળ. સુરજ૦ ૭
વીરા ! પિંગળ પાઠ ભણ્યો નથી, યથાશક્તિ જાણ્યું જીુજ યાર;
જિનવર આધાર. સુરજ૦ ૮

મુજ વાશ કહું **નાગનેશ**માં, **વઢવાણ** તણું મુખ્ય ગામ,
માહરૂં છે મુકામ. સુરજ૦ ૯
વડા તાત **શા** ધરમી શોભતા, જાકા ગુણ તણો નહીં પાર;
રવજી શેઠ સાર. સુરજ૦ ૧૦
તસ પુત્ર વડો **વલભ** ભલો, પુત્ર તેહનો હું **રગનાથ**;
કહું જોડી હાથ. સુરજ૦ ૧૧
વીરા ! ચુક સુધારીને વાંચજો, તસ્દી દેઉં છું સાહીબ આપ;
કરજો મુજ માફ. સુરજ ૧૨
વરસ ચાલતો **ઓગણીસે** ઉપરે, **ચાળીસસાત** ભાદરવો માસ;
અધીક ઉલાસ. સુરજ૦ ૧૩
શુકલપક્ષ ચતુર તીથી સુભલી, ભ્રગુવાર ચોઘડીઉં રસાળ;
ચળકીત ચળ સાર. સુરજ૦ ૧૪

—પ્ર૦ કર્ત્તાએ સં. ૧૯૪૭માં વઢવાણ કેંપમાં આર્યવિદ્યા પ્રકાશ છાપખાનામાં છપાવ્યો છે.

---

૬૧૨ હુલાસચંદ્ર [નાગોરી લુંકાગચ્છ લક્ષ્મીચંદ્રસૂરિ-જોહારમલ્લ-શિવદાસ-શિવચંદ શિ૦]

(૧૨૪૮) રાજસિંહ રત્નવતી ચોપઇ સં. ૧૯૪૭ માઘ શુ. ૧૧ ગુરૂ.

આદિ— દૂહા.

શ્રી અરિહંત સિદ્ધ આચાર્ય, વલિ ઉપાધ્યાય અણગાર;
પાંચે પદ સુભ ભાવથી, નમતાં જય જય કાર. ૧
ચઉદહ પૂરવનો કહ્યો, સાર એક નવકાર;
એહને જપતાં કે થયા, શિવવધુના ભરતાર. ૨

અંતે—

નવકારોપરિ મેં રચ્યોજી, એ **રાયસિંહચરિત્ર**;
ભવિકા ગુણિમણ ગાઇનેંજી, કીજે જન્મ પવિત્રરે. ૬

સંપૂરણ એ મેં કહ્યોજી, **મુનિ ચઉ ખગ ભૂ** વર્ષરે;
માઘ શુકલ એકાદશીજી, સુર ગુરૂવારે હર્ષરે. ૭
નાગોરી લુંકે ગણેંજી, **લક્ષ્મીચન્દ** સૂરીંદ,
તસ પદપંકજ મધુકરાજી, **જોહારમલ્લ** મુનિન્દરે. ૮
તાસ સીસ શુદ્ધાતમાજી, શ્રી **શિવદાસ** સવાય;
તાસ સીસ **શિવચંદ**નાજી, ગુણ કર જગ જસવાયરે. ૯
તસ પદકિંકર એહમેંજી, **હુલાસચન્દ** હિત લાય;
ઉગણીસેં ઢાલેં કરીજી, પૂરણ ગુણિ ગુણ ગાયરે. ૧૦
ઉછો અધિકો એહમેંજી, જો કહિવાણું કોપાય,
તેહનો સહુ સાખે મુંનેજી, મિચ્છામી દુકકડં થાયરે. ૧૧
ભણજ્યો ગુણજ્યો વાંચજ્યોજી, ભવિજન થઇ ઉજમાલ;
શ્રી જિનધર્મ આરાધજ્યોજી, થાએ મંગલમાલરે. ૧૨

—સંવત ૧૯૪૭ વર્ષે ફાલ્ગુણ કૃષ્ણ દ્વિતીયાયાં લિખિતમિદં ઋષિ હુલાસચંન્દેણ વીદાસર સ્થિતં ૧૭-૧૪ ગુ૦ નં. ૧૨-૧૭.

---

૬૧૩ રાયચંદ [વવાણીઆના શ્રાવક, પિતાનું નામ રવજી જન્મ સં. ૧૯૨૪ સ્વ. ૧૯૫૭]

(૧૨૪૯)+ આત્મસિદ્ધિ શાસ્ત્ર સં.૧૯૫૨ આશ્વિન વદ ૧ ગુરૂ. નડિયાદ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરૂ ભગવંત. ૧

× × × ×

દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત
તે જ્ઞાનીનાં ચરણમાં, હો ! વંદન અગણીત. ૧૪૨

× × × ×

સાધન સિદ્ધ દશા અહીં, કહી સર્વ સંક્ષેપ;
ષડ્‌દર્શન સંક્ષેપમાં, ભાખ્યા નિર્વિક્ષેપ.

અન્ય છુટક કાવ્યો-પદો,-' અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? ' તથા બીજાં. [જુઓ શ્રીમદ્દરાજચંદ્ર વિભાગ ૨, ખંડ ૭મો.]

[ભાવનાબોધ, મોક્ષમાળા, એ ગદ્ય કૃતિઓ, સં. ૧૯૪૦-૪૧ માં તેમનાં પત્રો, તથા કાવ્યો 'શ્રીમદ્ રાજચંદ્ર' એ નામના પુસ્તકમાં પ્રકટ થયેલ છે. તેઓ ' કવિ ' એ નામથી ઓળખાતા.]

---

૬૧૪ ડાહ્યાભાઇ [અમદાવાદના, પિતાનું નામ ધોળશાજી, શ્રાવક જન્મ સં. ૧૯૨૩ સ્વ. ૧૯૬૮.]

(૧૨૫૦ થી ૧૨૬૪)+ પંદર નાટકો:—

૧ મ્યુનિસિપાલ ઇલેકશન, ૨ કેસરકિશોર, સં. ૧૯૫૧, **૩ સતી સંયુકતા, ૪ મદનમંજરી,** સં. ૧૯૫૩, **૫ સતી પાર્વતી, ૬ અશ્રુમતી, ૭ રામવિયોગ, ૮ સરદારબા, ૯ ભોજકુમાર, ૧૦ ઉમાદેવડી, ૧૧ વિજયાવિજય, ૧૨ વીણાવેલી, ૧૩ ઉદયભાણ, ૧૪ મોહિનીચંદ્ર, ૧૫ સતિ પદ્મિની.** (જૂઓ મારો જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ. ૭૦૩ થી ૭૦૭).

---

૬૧૫ લક્ષ્મીચંદ (ખ. બાલચંદ્રસૂરિ શિ.)

(૧૨૬૫) શીત વસન્ત કથા કવિતા (હિંદી) સં. ૧૯૬૦ કાશી.

—પત્ર ૧૧ ખ૦ નેમિચંદ્રાચાર્ય ભં. કાશી.

જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગની

પૂર્ત્તિ

[વિક્રમ ૧૩મી સદીથી ૧૭મી સદીના કવિઓની તેમની કૃતિઓ સહિત વર્ણનાત્મક સુચી.]

તૈયાર કરનાર

મોહનલાલ દલીચંદ દેશાઈ

નોંધઃ—જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ લામાં જે કવિઓ ને કૃતિઓ પ્રકટ થયેલ છે. તેમના સંબંધી તથા વિક્રમ ૧૩ થી ૧૭મા શતકના અન્ય ઉપલબ્ધ કવિઓ ને કૃતિઓ સંબંધી ઉક્ત પ્રસિદ્ધ થયેલા ગ્રંથ પછી જે જે સામગ્રી પ્રાપ્ત થઈ તે આ પૂર્ત્તિમાં નોંધી છે. તેમાં તે પહેલા ભાગને સૂચવવા ૧ અંક મૂકી તેના પૃષ્ઠને સૂચવવા–અને તે પૃષ્ઠ સંખ્યાનો અંક મૂકેલ છે. દા. ત. (૧–૨૩) એટલે પ્રથમ ભાગનું ૨૩મું પૃષ્ઠ. તેમાં છપાયેલાંના આંક તેજ રાખ્યા છે અને નવાંને નવા આંક આપ્યા છે.

વિક્રમ તેરમી સદી.

૧ શાલિભદ્રસૂરિ (પૃ. ૧–૧ એટલે જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ નું ૧ લું પૃષ્ઠ.)

(૧) ભરતેશ્વર બાહુબલિ રાસ (૧–૧).

—પત્ર ૬ ગાથા ૩૪૦ પ્ર. કા. વડો. નં. ૬૭૮.

(૨) બુદ્ધિરાસ (૧–૨).

(૧) ૩–૧૨ બી. ડી ૨૦૯ રો. એ. સો. મુંબઈ નં. ૧૯૪૧. (૨) લ. સં. ૧૫૧૪ એક પ્રતમાં બીજી કૃતિઓ સાથે સેં. લા. (૩) લ. સં. ૧૫૯૭ એક ચોપડામાં વિ. ને નં. ૩૨૬૧ (૪)નાના નેમિ-રાસ સાથેની એક પ્રતમાં વિ. ને નં. ૩૧૭૧ (૫) પત્ર ૩ ગ્રંથમાન ૬૪ દા. ૩૦ નં. ૨ લીં. (૬) પત્ર ૫ દા. ૩૦ નં. ૫ લીં. (૭) ૩–૧૧ દે૦ લા. પુ. લાયબ્રેરી નં. ૯૩૩ (૮) ૩–૧૧ દા. ૭૦ નં. ૧૧૫ (હા૦) (૯) ૨–૧૫ નં. ૪૩૦ મ. જૈ. વિ. (૧૦) ૩–૧૨ પ્રત નં. ૨૩૩૯ મુક્તિ૦ વડોદરા (આમાં 'હરિભદ્ર સૂરિહિં સંકલીય' એમ છેલ્લી કડીમાં આપેલ છે). (૧૧) ૩–૧૨ પાદરા નં. ૨૪. આ રાસની પ્રતિઓ પુષ્કળ મળે છે.

[બુદ્ધિરાસના કર્તા શાલિભદ્રસૂરિ ભરત–બાહુબલિરાસના રચ-નારથી ભિન્ન નથી એમ પ્રમાણો વિના નિશ્ચિત કહી શકાય તેમ નથી. લા. ભ. પંડિત.]

(૩) હિતશિક્ષા પ્રબુદ્ધરાસ(૧–૩)—આ રાસ ને ઉપરનો બુદ્ધિરાસ બંને એકજ છે.

૬૧૬ આસગુ. (શાંતિ સૂરિ શિ. શ્રાવક)

(૧૨૬૬) જીવદયા રાસુ ગા. ૫૩ સં. ૧૨૫૭ આસો શુ. ૭

ઉરિ સરસતિ આસિગુ ભણઇ, નવઉ રાસુ જીવાદય સાર,
કંનુ ધરિવિ નિસુણઉ જણુ, દુત્તર જેમ તરહુ સંસાર. ૧

× × × ×

વાછા મંત્રિ તણઇ પાછોપઇ, વેહલ મહિનંદન મહિ રોપઈ,
તસુ સુખહે કુલચંદ ફુલુ તસુ કુલિ આસાઈતુ અછંતુ;
તસુ વલહિય પલ્લી પવર કવિ આસિગુ બહુ ગુણ સંજુ. ૫૧
આત ઉપરિયા કવિ જાલઉરઉ, માઉસાલિસું મઇસીયલરઉ,
આસી દવદોહી વયણુ કવિ આસિગુ જાલઉરહ આયઉ;
સહજિગપુરિ પાસહ ભવણિ, નવઉ રાસુ ઇહ તિહિ નિપ્પાઇઉ. ૫૨
સંવતુ બારહસય સત્તાવન્નઇ, વિક્કમ કાલિ ગયઇ પડિપુંનઇ,
આસોયહં સિય સત્તમિહિં હત્થોહત્થિ જિણુ નિપ્પાયઉ;
સંતિસૂરિ પયભત્તયરિય રયઉ રાસુ, ભવિયહં મણમોહણુ. ૫૩

—એક પ્રાચીન પ્રત પત્ર ૧૯૦ થી ૧૯૭ નાહટા૦

૬૧૭ નેમિચંદ ભંડારી [ખ૦ જિનેશ્વરસૂરિ (૨)ના પિતા]

(૧૨૬૭)+ જિનવલ્લભસૂરિ ગુરૂ ગુણવર્ણન. સં. ૧૨૪૫ આશરે

પણમવિ સામિ **વીર** જિણુ, ગણહર **ગોયમ** સામિ,
સુધરમ સામિય તુલનિ, સરણુ જુગપ્રધાન સિવગામિ. ૧
તિત્થુરણુદ્ધસ મુણિરયણુ, જુગપ્રધાન કમિ પત્તુ,
જિણવલ્લહ સૂરિ જુગપવર, જસુ નિમ્મલઉ ચરિત્તુ. ૨
સલ્લુદ્ધાર કરેસુ હઉ, પાલિ સુદ્દંહૂ સમ્મત્તો,
નેમિચંદ ઇમ વિનવઇએ, સુહ ગુરૂ ગુણ ગણુરત્તો. ૩૪
નંદઉ **વિહિ** જિણમંદિરહિં, નંદઉ **વિહિ** સમુદાઓ,
નંદઉ **જિણપત્તિસૂરિ** ગુરૂ, **વિહિ** જિણ ધમ્મ પસાઓ. ૩૫

—(૧) પ્ર૦ એ૦ જૈન કાવ્યસંગ્રહ પૃ. ૩૬૯ થી ૩૭૨ (૨) વડોદરા સેં. લા. ના સંગ્રહની એક ત્રુટિત પ્રતિમાં છેલ્લાં થોડાં પદ્યો છે. (આ વિદ્વાન્ શ્રાવક કવિએ પ્રાકૃતમાં ષષ્ઠી શતક રચ્યું છે.)

૨ ધર્મ (૧-૨)

(૪) જંબૂસ્વામિ ચરિત (૧-૨)

—એક ૨૩૦ પત્રની ત્રુટિત પ્રાચીન પ્રત પત્ર ૧૯૩ થી ૧૯૯ નાહટા સંગ્રહ.

(સુધારો—પૃ. ૭માં પંક્તિ ૧૮માં સં. ૧૨૧૪ને બદલે સં. ૧૨૪૧ જોઈએ. બીજા મહેંદ્રસૂરિ સં. ૧૨૪૧ માં રચાયેલ સોમપ્રભાચાર્યના કુમારપાળ પ્રતિબોધને શ્રવણ કરનાર હતા. ઉમેરો:-(૩)જા મહેંદ્રસૂરિ વાદિદેવસૂરિના શિષ્ય હતા કે જેમના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિએ વાદસ્થલ ગ્રંથ રચ્યો છે. જુઓ જેસલમેર ભાં. સૂચી પૃ. ૬૦. (પંડિત લાલચંદ).

---

૨ ધર્મ (?) (૧-૨).

(૧૨૬૮) **સ્થૂલિભદ્ર રાસ** ગા. ૪૭.

પણમવિ **સાસણદેવી** અંનઇ **વાએસરી,**
થૂલિભદ્ર ગુણગહણુ, સુણિ વરહજણુ કેસરિ. ૧

× × × ×

બહુત કાલુ સંજમુ પાલેહિં, ચઉદહ પૂરબ હિયઇ ધરેહિ,
થૂલિભદ્ર જિણુ **ધમ્મુ** કહેઈ, દેવલોકિ પહુતઉ જાએવિ. ૪૭

—પત્ર ૨૨૫ થી ૨૨૮ એક પ્રાચીન પ્રત નાહટા.

(૧૨૬૯) **સુભદ્રાસતી ચતુષ્પદિકા** ગા. ૪૨

જં ફલુ હોઈ ગયા **ગિરિનારે,** જં ફલુ દીન્હઇ સોનાભારે,
જં ફલુ લક્ખિ નવકારિહિ ગુણિહિં, તં ફલુ **સુભદ્રા**-ચરિતિહિ
સુણિહિં. ૧

× × × ×

સુભદ્રા મંદિર પહુતી જાવ, સાસૂ સસુરઉ હરખિઉ તાવ,
જિણવર **ધંમુ** કરહુ એ કવિત્તે, જિણ સાસણુ હુઈ પર જયવંતો.

પઢહિ ગુણુહિ જે જિણુહરિ દેહિ, તે નિશ્ચઇ સંસારૂ તરેહિ,
સુભદ્રા સતી ચરિતુ સંભલહિ, સિદ્ધિ સુકખુ લીલઇ તે લહહિં. ૪૨

—એક પ્રાચીન પ્રત પત્ર ૧૮૮ થી ૧૯૧ નાહટા૦

---

૩ વિજયસેનસૂરિ (૧–૩).

(તેમણે વળી સં. ૧૨૮૮માં ગિરનાર પર્વતપર વસ્તુપાલે કરાવેલી અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. તેમના શિષ્ય ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદય (સંઘપતિચરિત) મહાકાવ્ય વગેરેની રચના કરી છે).

---

૬૧૮ રામ (?)

(૧૨૭૦) નેમિરાસ–આબૂરાસ (ઐ.) ગા. ૫૦ સં. ૧૨૮૯ વસંત.

પણમેવિણુ સામિણિ **વાએસરિ**, અભિનવુ કવિતુ રયં પરમેસરિ,
નંદીવરધનુ જાસુ નિવાસો, પભણુઉ **નેમિ** જિણંદહ રાસો. ૧

× × × ×

નમિ વિચિ રાણુઉ થુણિ **નમિ**, બીજા મંદિર નિવેસુ,
ત પુહવિહિ માંહિ જો સલહિજ એ, ઊત્તિમ ગૂજરૂ દેસુ;
ત **સોલંકિય** કુલ સંભમિઉં, સૂરઉ જગિ જસવાઉ,
ત **ગૂજરાત** ધુર સમુધરણુ, રાણુઉ **લુણુપસાઉ**. ૧૦

× × × ×

બાર સંવચ્છરિ **છિયાસિય**એ, પરમેસરૂ સંઠિઉ,
ચેત્રહ તીજહ કિસિણુ પખિ, **નિમિ**–ભુવણિહિ સંઠિઉ. ૩૯

× × × ×

કવિ **ચડાવલિ નેમિ** નમીજઇ, રામુ વયણુ **પાલ્હણુ** પુજ કીજઇ,
બાર સંવચ્છરિ નવમાસીએ, વસંત માસુ રંમાઉલુ દીહે. ૪૯
એહુ રાહુ વિસ્તારિહિં જાએ, રાખઇ સયલ સંઘ **અંબાઈ**,
રાખઇ જા ખુજુઆ છઇ ખેડઇ, રાખઇ બ્રહ્મ **સંતિ સૂહેરઈ**. ૫૦

—આબૂરાસ સમાપ્ત: પત્ર ૧૮૭ થી ૧૮૯ એક વિધવિધ સ્તવનાદિ સંગ્રહની પ્રત નાહટા.

વિક્રમ ચૌદમી સદી.

---

૬૧૯. અભયતિલક (ખ.)

(૧૨૭૧)+ **મહાવીર રાસ** ગા. ૨૧ સં. ૧૩૦૭ વૈ. શુ. ૧૦

પાસનાહ જિણદત્ત ગુરો અનુ, પાયપઉમ પણમેવિ,
પભણિસુ **વીરહ રાસુલઉ** અનુ, સંભલહુ ભવિય મિલેવિ. ૧

× × × ×

ભીમપલ્લી પુરી વિહિ-ભવણિ, અનુસંઠિઉ **વીરૂ** જિણિંદુ,

× × × ×

તસુ ઉત્તરિ ભવણુ ઉત્તંગ વર તોરણું, **મંડલિય** રાય આએસિ અઇસોહણું
સાહુણા ભુવણપાલેણ કારાવિયં, **જગધરહ** સાહુકુલિ કલસ ચડાવિયં. ૬

હેમ-ધયદંડ-કલસો તહિ કારિઉ,
પહુ **જિણેસર** સુગુરૂ પાસિ પઇઠાવિઉ.
વિક્કમે વરિસ **તેરહઇ સત્તરૂત્તરે,**
સેય **વઇસાહ** દસમીઇ સુહવાસરે. ૭

અભયતિલક ગણિ પાસિ, ખેલહિં મિલવિ કરાવિઉ,
ઇય નિય મણિ ઉલ્લાસિ, **રાસુલડઉ** ભવિયણ દિયહું. ૨૧

—(૧) પત્ર ૨૨૮-૨૨૯ એક પ્રાચીન પ્રત નાહટા. (૨) પ્ર. જૈન યુગ પુ. ૨ પૃ. ૫૭ તેની ગૂજરાતી છાયા પં. લાલચંદે કરેલી તેજ માસિકના પૃ. ૧૫૭ માં છપાઇ છે તેમાં તે વિદ્વાન્ મહાશયે કર્તાની તેમજ આમાંના ઐતિહાસિક પુરૂષોની ઘણી માહિતી શોધ-ખોળથી ભરેલી આપી છે.

આ કવિએ સં. ૧૩૧૨ માં હેમચંદ્ર સૂરિકૃત સંસ્કૃત દ્વયાશ્રય પર વૃત્તિ રચી પાલણપુરમાં પૂર્ણ કરી છે. વળી જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા ૫૮૯.

---

૬૨૦ જિનેશ્વર સૂરિ (ખ. આચાર્યપદ સં. ૧૨૭૮ સ્વ. સં. ૧૩૩૧.)

(૧૨૭૨) ચાચરી ગા. ૩૦

ભગતિ કરવિ વહુ **રિસહ** જિણુ, **વીરહ** ચલણુ નમેવિ,
હઉં ચાલિઉ મણિં ભાઉ ધરિ, દુઇણિ જિણુ મણિ સુમરેવિ. ૧

× × × ×

ગાવિ નયરિ પુરિ જિણુ ભુયણિ, જે **ચાચરિ** પભણંતિ,
વયણિ **જિણેસરસૂરિ** ગુરૂ, તે સિવ સુહુ પાવંતિ. ૩૦

—પત્ર ૨૩૧ થી ૨૩૨ એક પ્રાચીન પ્રત. નાહટા.

(કર્તા માટે જુઓ પં. લાલચંદનો લેખ જૈન યુગ પુ. ૨ પૃ. ૧૫૮ અને જૈન ગૂર્જર કવિઓ ભા. ૨ પૃ. ૬૭૭)

---

૪ વિનયચંદ્ર (૧–૫)

(૧૨૭૩)+ બારવ્રત રાસ. સં. ૧૩૩૮ ગા. ૫૩

અંતે—**તેરસઈ આઠ ત્રીસી,** સાવયધમ્મુવએસ સવિ
રયણસિંહસૂરિ સીસિ, **વિનયચંદ્રસૂરિ** ઉદ્ધરીય.
પાસ જિણંદ પસાઇ, સાનિધિ **સાસણદેવિ** તણઇ
જે ઉપદેસ કરાઇ, તે મણુવંછિય સુહ લહઇ. ૫૩

—સંવત્ ૧૪૮૦ વર્ષે આશ્વિન શુદિ નવમ્યામ્ પત્રાંક ૨. લીંબડી સ્થાનકવાસી નાગજી સ્વામી પાસેથી મુનિ પુણ્યવિજય અને મુનિ જશવિજયે ઉતારેલી નકલ પરથી જૈનયુગ પુ. ૫ પૃ. ૪૩૦થી ૪૩૪ માં મેં પ્રકટ કરેલ છે. તેમાં આદિની સાડીનવ ગાથા નથી.

(૬) નેમિનાથ ચતુષ્પદિકા (૧–૫)

—(૧) સં. ૧૩૫૪ ભાદ્રવા શુદિ ૧૫ રવૌ ઉપકેશ ગચ્છીય મહિચંદ્રેણુ લિખિતા. પુ. (૨) પ્ર. જૈન શ્વે. કૉન્ફરન્સ હેરૅલ્ડ પુ. ૯ અંક ૮–૯ આગસ્ટ–સપ્ટે. ૧૯૧૩. (૩) લિ. સં. ૧૩૫૮ સેં. લા. વડોદરા.

(૧૨૭૩) આનંદ પ્રથમોપાસક સંધિ

આદિ—

અરહં દેવો સુગુરૂ સુદ્ધં ધમ્મં ચ પંચ નવકારો,
ધન્નાણ કયત્થાણં નિરંતરં વસઇ હિયયંમિ. ૧
જય ન કુણસિ તવ ચરણં ન પઢિસિ ન ગુણેસુ દેસિનો દાણં,
ત કિઇત્તિયં ન સક્કિસિ જં દેવો ઇક્કુ અરિહંતો ૨

અંતે—

સિરિ **રયણસિંહ** સૂરિ ગુરૂવએસિ, સિરિ **વિણયચંદિ** તસુ સીસ-લેસિ.
અજ્ઝયણ પઢમુ એહ સત્તમંગિ, ઉદ્ધરિઉ **સંધિ-બંધેણ** રંગિ.૧૭૪
જં ઇહ હીણા હિઉ કિંચિવિ સાહિઉ, તં સુયદેવી મજ્ઝ ખમઉ.
ઇહ જુ પઢઇ ગુણઇ વાયઇ નિસુણઇ, મુત્તિ નિયંબણિ સો રમઇ.૧૭૫

—(૧) ૩-૧૯ ગો. ના. (૨) પત્ર ૧૬ શ્લોક ૮૧ દા. ૨૩ લીં. (૩) પત્ર ૫ શ્લોક ૭૪ દા. ૩૯ નં. ૪૭ લીં.

૪ક **ઉદયધર્મ** સુધારો વિનયચંદ્ર'ને બદલે (રત્નસિંહસૂરિ શિ.) ૧-૬

(૭) ઉપદેશમાલાકથાનક છપ્પય (૧-૬)

આ કૃતિના કર્ત્તા (વિનયચંદ્ર) નહિ, પણ ઉદયધર્મ લાગે છે, કે જેણે સં. ૧૫૦૭માં 'વાકય પ્રકાશ' ઐાકિતક રચેલ છે. તેથી તેને ૧૬મી સદીમાં મૂકવાના છે. જુઓ **ઉદયધર્મ** સં. ૧૫૦૭ માં.

૪ખ અજ્ઞાત (૧-૬)

(૭ક)+ સપ્તક્ષેત્રિ રાસુ સં. ૧૩૨૭ (૧-૬)

—(૧) સં. ૧૫૩૮ વર્ષે આશ્વિ શુ. ૨ દિને ॥ શ્રીમતિ કંસારી નગરે ॥ સં. **માંકા** ભાર્યા સં. **માણિકદે** સુતા શ્રા૦ **ચંગી** ભણ-નાર્થં ॥ શ્રી **તપાગચ્છ** નાયક ભટ્ટારક પ્રભુ શ્રી **લક્ષ્મીસાગર સૂરિ**

શિષ્ય પં. જિનપ્રમોદ ગણિભિ લિખિતઃ ॥ ૫-૧૫ ઇડર ગોરજી ભંડાર (ઇડરની બાઇઓનો ભંડાર) નં. ૧૬૨ (૨) શ્રી બુદ્ધિસાગર સૂરિ કૃત ભજન પદ સંગ્રહ ભાગ ૪ માં પણ ટિપ્પની સહિત છપાયેલ છે.

---

૬ જગડુ (૧-૮)

(૯)+ સમ્યકત્વ ચો. (સુધારોઃ-સં. ૧૨૭૮ પછી ને સં. ૧૩૩૦ પહેલાં. જિનેશ્વર સૂરિની વિદ્યમાનતામાં આ રચના જણાય છે.

---

૬૨૧ અજ્ઞાત

(૧૨૭૪ક) સ્તંભતીર્થ અજિત સ્તવન ગા. ૨૫ સં. ૧૩૪૧

લાવન્નમય કલિયં સોહગ્ગ વિલાસ બંધુરં ધણિયં
પણમેવિણુ જિણ **મજિયં** તસ્સે ભણામિ કિં ચરિયં. ૧

× × × ×

જો નયરિ **પલ્હણિ** સૂરિ **જિણેસર** હત્થિ કમલિ પયટ્ઠિઉ,
વિક્કમા **તેરહ ઇગુણવીસઇ** બહુય, દેવ અહિટ્ઠિઉ.
તિત્તીસ ભૂરિ ગુરૂવએસહિં **ખંભ** નયરિ સમાણિઉ,
ઇકતાલ વચ્છરિ દેવમંદિરિ, દેવ સુવિહિ સંવિ નિવેસિઉ. ૨૪
સો **અજિય** સામિઉ સુગઇ ગામિઉ, **ખંભ નયરહ** મંડણો,
જય ધંમકારણુ કુગઇ વારણુ, રોગસોગ વિહંડણો,
ભો ભવિય લોયહ થુણઉ ભાવિહિ, સુયણુ મગ્ગ પયાસણો,
જિમ તુમ્હિ પાવઉ મુખ નિરૂપમ, સયલ દુકખહ નાસણો. ૨૫

—પત્ર ૨૭૯થી ૨૮૧ એક સં. ૧૫૧૯ લગભગની પ્રતિ નાહટા.

---

૭ પ્રજ્ઞાતિલક (સુધારોઃ-પ્રજ્ઞાતિલકસૂરિ શિષ્ય?) (૧-૮)

(૧૦)+ કચ્છૂલી રાસ સં. ૧૩૬૩ (૧-૮)

(છેવટે ઉમેરોઃ—આજ પ્રશસ્તિ પી. ૫, ૧૧૬માં ઉદયસિંહ

કૃત ધર્મવિધિ વૃત્તિની નીચે પ્રકટ થઇ છે તેમાં સંવત્ વર્ષ ૧૪૧૮ છે.)

---

૮ અભયદેવ સૂરિ (સુધારોઃ નિવૃત્તિ ગચ્છ) (૧-૧૦)

(૧૧)+ સમરા રાસો સં. ૧૩૭૧ આશરે (૧-૧૦)

'અંતે'માં નાગિંદઅ ગચ્છ'ને બદલે 'નેઊઊખ ગચ્છ' એક પ્રતિમાં છે. ટિપ્પણના છેવટની પંક્તિમાં 'તેજ વર્ષમાં'ને બદલે 'અરસામાં' મૂકો; અને ઉમેરો-પાસડ (પાર્શ્વદત્ત) સૂરિનું સં. ૧૩૩૯માં પ્રતિષ્ઠિત આદિનાથ બિંબ વીજાપુરમાં પદ્માવતીના દેહરામાં વિદ્યમાન છે (વીજાપુર વૃત્તાંત તથા ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૧ પૃ. ૪૧૬) આની પ્રત પ્ર. કા. વડોદરા નં. ૮૭૧ છે.

---

૨૧ વસ્તિગ (વસ્તુપાલ)

(૧૨૭૫)+વીસ વિહરમાન રાસ (સ્તવ) સં. ૧૩૬૮ માહ શુદ ૫ શુક્ર

આદિ—

વિહરમાન તિત્થયર પાય-કમલ નમેવિય,
કેવલધર દુન્નિ કોડિ સવિ સાધુ નમેવિઅ.
જિણુ ચઉવીસઇ પાય નમેસુ, ગુરૂયાં સહિ ગુરૂ ભત્તિ કરેસુ,
સમરિય સામિણિ **સારદ** દેવિ, પઢિસિઉં જિણુ વીસઇ સંખેવિ. ૧
સંવત **તેર અઠસઠ્ઠઇ માહ** મસવાડઇ,
પાંચમિ હુઇ શુક્રવારિઇ પહિલઇ પખવાડઇ.
ઇય (તઉ) આરંભિઅ અભિનવ રાસો, જિમ હુઇ ભમણુ મરણુ વિણાસો.
મુઝ મૂરખ નવિ બોલવા ઠાઉ, પુણુ ગુરૂયાં શ્રી સંઘ પસાઉ. ૨

અંતે—

કાલ તં ગહિલઉં વીનવઉં એ, નરેસૂયા, તમ્હ ચઉ સેવક હોઇ,
મૂરખી પઢિયાં શાતના એ, નરેસૂયા, તે સહૂ ક્ષમા કરઉ એ.
સોટા ગણે વસ્તિગ ભણઇ એ નરે૦ સામિ એ વીનતી અવધારી.

કર્મ નટાવઈ નચાવીઉ એ નરે૦ ચઉદહ રજ્જહ મઝારિ ૮
તે ભવ બીહતઉ વીનવઉં એ નરે૦ સામિઅ કરઉ પસાયઉ,
એતલઉ માગઉં લાજતઉ નરે૦ દિઉ અમરાપુરિ ઠાઉ. ૯
વીસ જિણેસર ગાયસિઉં એ નરે૦, લેસિઉં નામ ઉચ્ચાર,
ચિહૂં ગતિ મીડઉં વાલિઉં એ નરે૦, છૂટિસુ ભવ સંસાર. ૧૧
તારામંડલ જાં અછઈ એ નરે૦, અનઇ સૂરિજ ચંદ,
તિમ એઉ નંદઉ સૂરિ ગુરો, નરેસૂયા, ચઉવિહ સંઘ આણંદ.

—(૧) જૂની પ્રત ૨-૧૫ મુનિ જશવિજય સંગ્રહ. (૨) ૨-૧૫ દા. ૭ મો. મોદી સાગર ઉપાશ્રય પાટણ. (૩) પ્ર. જૈનયુગ પુ. ૫ પૃ. ૪૩૮ થી ૪૪૦.

---

૬૨૨ ગુણાકરસૂરિ (પદ્માનંદસૂરિ શિ૦)

(૧૨૭૬) શ્રાવક વિધિરાસ સં. ૧૩૭૧.

શ્રી જિનાય નમઃ ॥ અથ શ્રાવકવિધિ રાસ ।

પાય-પઉમ પણમેવિ, ચઉવીસ વિ તિથ્થંકરહ,
શ્રાવકવિધિ સંખેવિ, ભણઇ ગુણાકર સૂરિ ગુરો. ૧
જિહિ જિણમંદિર સાર, અનઇ તપોધન પામિય એ,
શ્રાવક જન સુવિચાર, ઘણું તૃણુ ઇંધણુ જલ પ્રયલો. ૨
ન્યાયવંતુ જહિં રાઉ, જણુધણુ ધન રમાઉલઉ એ,
સૂધી પરિ વવસાઉ, સૂધઇ થાનકિ તિહિં વસઉ એ. ૩
ધમ્મિહિ હુઇ પરલોઇ, ધર કમ્મિહિં ઇહ લોય પુણુ,
તિહિં નર આહ ન ઓહ, જિહિં સૂતા રવિ ઊગમઈ. ૪

× × × ×

એમ જો પાલ એ એ વર સાવહ-વિહી
અદ ભવમાહિ સિવસુખ સો પાવિહિ
રાસ પદમાણુંદ સૂરિ સીસહિ કીયઉ
તેરહ ગહુત્તરઈ એહ લલિયં ગઉ. ૪૮

જો પઢઇ સો સુણઇ, જો રમઇ જિણહરે
સાસણદેવિ તાસુ સાનિધિ કરઇ
જામ સસિ સૂર અરુ મેરુ ગિરિ નંદણું
તાં જયઉ તિહુયણે એહ જિણ સાસણું. ૪૯

—લિ૦ પુરોહિત લક્ષ્મી નાગાયણ. તાજી પ્રત ૩-૧૬ પ્રત નં. ૩૨૯ મુક્તિ૦ વડોદરા. પ્ર. આત્માનંદ શતાબ્દી સ્મારક ગ્રંથ.

૬૨૩ ધર્મકલશ (ખ૦)

(૧૨૭૭)+ જિનકુશલસૂરિ પટ્ટાભિષેક રાસ સં. ૧૩૭૭ જેઠ વ. ૧૧ પછી.

સયલ-કુશલ-કલ્લાણ-વલ્લી, ઘણુ **સંતિ** જિણેસર,
—આ રાસમાં દૂહા, ચોપાઇ ને વસ્તુ એ ત્રણ છંદ છે. સં. ૧૬૧૦ ચૈ. શુ. ૧૧ બુધવાસરે લખાપિતં ગ૦ **વિજયસોભા** તસ્ય શિષ્યણી ગ. રત્નશોભા પઠનાર્થં ૨૬–૧૧ નં. ૩૩૪૧ વિ.ને. (૨) સં. ૧૬૭૫ ફા. વ. ૪ સોમે **પ્રીઠુ**યા ગ્રામે લ. ૨૧–૧૩ દા. ૨૪ નં. ૭ સીમંધર આમાં **લાવણ્યસમય** કૃત ગર્ભવેલી પણ છે. (૩) ૧૯–૧૩ દા. ૮૨ નં. ૨૧૦ અપૂર્ણ હા. (૪) નં. ૧૫૭૧ સન ૧૮૯૧–૫ ભાં. ઇ. (૫) સં. ૧૮૫૫ વાર ભૃગૌ **પાટણ** નયરે ૧૪–૧૪ દા. ૮૨ નં. ૬ હા. (૬) સં. ૧૮૭૦ ચૈત્ર વ. ૪ વાર ભૃગુ લિ૦ ખેટકપૂરે શ્રી **ભીડભંજન** પ્રાસાદે ૧૨–૧૭ સુ. લા. ખેડા.

(૧૪૮) વજ્રસ્વામી રાસ સં. ૧૫૬૩ (૧–૧૦૯)

—(૧) શ્રી **આગમગચ્છે** પૂજ્ય મહો૦ **મુનિરાજ** શિ૦ મુનિ વિદ્યાવલ્લભેન સં. ૧૬૧૦ ફા. વદિ ૮ શનૌ નં. ૩૨૧૦ વિ ને. (૨) ૬–૧૫ દા. ૩૦ નં. ૧૨ લીં. (૩) ૭–૧૩ દા. ૩૦ નં. ૫ લીં. (૪) ૭-૧૨ દા. ૮૦ નં. ૩૬ હા. (૫) ૭–૧૩ દા. ૭૦ નં. ૧૧૧ ડે. (૬) સં. ૧૬૨૬ આસાઢ શુ. ૧૧ **આગમીય** ધર્મરત્નસૂરિભિઃ ચોપડો નં. ૧૧૨૫ પત્ર ૧૦૩થી ૧૧૨ દે. લા. પુ. લા. (૭) ૮–૧૨ બી; ડી. ૨૬ નં. ૧૯૫૮ રો. એ. સો. મુંબઇ.

---

૬૬૦ ધર્મરૂચિ (ઉપકેશ ગ૦ સિદ્ધિસૂરિ–ધર્મહંસ શિ૦)

(૧૩૬૫) અજાપુત્ર ચોપાઇ સં. ૧૫૬૧ વૈશાખ શુદ ૫ ગુરૂ.

અંતે—

સંવત **પન્નર** વરસ **એકસઠિ**, **વૈશાખ** પંચમી શુદિ ગુરૂહિં ગરિઠા,
નક્ષત્ર મૃગશિર યોગ સકર્મા, કીધી ચઉપઇ દિન જાણી. ૩૪

ઉવએસ ગચ્છતણા શૃંગાર, **સિદ્ધિસૂરિ** ગુરૂ લબ્ધિ ભંડાર,
સદ્દગુરૂ નામઇ ગચ્છ સંતાન, વંદિઇ ભવિયણ મહિમાનિધાન. ૩૫
કક્કસૂરિ તસ પાટિ મુણીંદ, આગમ કમલા વિકાસન દિણુંદ,
લોપી મિથ્યામય વિષકંદ, સમકિત અમૃત કલા ગુરૂ ચંદ. ૩૬
સૂરિ શિરોમણી **દેવગુપ્ત**, જાઇ પાપ જસ નામ પવિત્ત,
વિઘ્ન ટલઇ સવિ સંપદ મિલઇ, ગુરૂ નામઇં ચિંતિત ફલઇ. ૩૭
ચિંતામણી કામધેનુ સમાન, રત્નત્રય જીમ નામ પ્રધાન,
અલિય નિવારી દેવ સચિ આવિ, **વીર**જીણેશ્વર નમઇશિ ભાવિ. ૩૮
કકસૂરિ કેરા શિષ્ય, શ્રી **ધર્મહંસ** પય નામક શિષ્ય,
ધર્મરૂચિ બોલઇ તાસ પસાઇ, રચી ચઉપઇ **અજાપુત્ર** રાય. ૩૯
પુણ્યઇ સાહસ આવઇ મેહ, પુણ્ય સદ્દભાવે બોલઇ જસ તેહ,
પુણ્યઇ કીર્તિ ત્રિભોવન રસઇ, પુણ્યઇ લીહઇ લાયકી એમઇ. ૪૦
એહ પ્રબંધ જુહી...ગ્રહી, કરો પુણ્ય માનવ ગહગહી,
ભણઇ રાસ જે મનસિઉં મેલી, તેહ ધરિ કરઇ કમલા કેલિ. ૪૧
—અનંત.

---

૮૫ કડુઆ. (કડવાગચ્છ મૂલ પુરૂષ) (૧-૧૧૦)

(૧૪૯) લીલાવતી સુમતિવિલાસ રાસ. (૧-૧૧૦)

આદિ— જરા ફેરવાળી છે એક પ્રતમાં:—

પ્રથમ લંબોદર વીનવું, સૂંડા દુંદ ગુહીર
સદ્ધિ બુદ્ધિ આપઇ નિરમલી, ગુણસ્થાનક ગંભીર,
દેવ **મહેશ**નઇ કુલિ હૂઆ, **પારવતી**ના પૂત્ર
તુમ્હ સમરિઇ રિદ્ધિ પામીઇ, અણુકેલવ્યાં ધરસૂત્ર. ૨
(દૂહા અને ચોપાઇ એ બેમાં આખો રાસ છે)

— (૧) સંવત સોલ (?) ૧૭૦૮ વર્ષે પોસ વદિ ત્રીજ દને સાધ્વી શ્રી **હીર**શ્રી તત્ શષ્યણી ચેલી **દેવકી** લષીતં. ૯-૧૩ દા. ૩૮ નં. ૨૫ ડા. પાલણપુર. (૨) ૫-૧૭ દા. ૭૦ નં. ૧૧૩ ડે.

(૩) સં. ૧૭૯૧ પોસ સુદી ૩ રવૌ. ૧૩-૧૦ દા. ૪૬ નં. ૬ સંઘ ભં૦ પાલણપુર. (૪) સં. ૧૭૫૮ ચૈ. સુદિ ૧૪ ભોમે પં. વિવેકવિમલ ગણિ શિ૦ નિત્યવિમલ લ૦ પં. પુન્યવિજય વાચનાર્થં. ચોપડો પત્ર ૧૬ થી ૨૩ કડી ૧૭૫ જશ૦

---

૬૬૧ રાજશીલ (ખ૦ સાધુહર્ષ શિ૦

(૧૩૬૬) વિક્રમ ખાપર ચરિત ચોપઇ. સં. ૧૫૬૩ જે. શુ. ૭ ચીતોડગઢમાં.

આદિ—

સકલ સદાફલ ગુણુ ભંડાર, અકલિત રૂપ અવનિ ઉદાર,
સુરનર કિંનર સેવા કરઇ, કવિયણ જિણુવર પર અનુસરઇ. ૧
કાસમીર ધુરિ જસુ અહિધાન, ચરણકમલ પ્રણમી રાઇ રાણ,
સા **સારદ** પ્રણમું નિજ ભાવિ, કવિત કરંતઅ વિઘ્ન ન થાઇ. ૨
વિક્રમરાય ચરિત હું ભણઉં, જિણ વલ વધ્યઉ **ખાપર** તણઉ,
માલવ દેસ મહિય વિખ્યાત, લખમીવંત કનકની જાતિ. ૩

અંતે—

ઇમ સાંભલી પરાઈ વસ્ત, ભવિયાં નવ લીજઇ અદત્ત,
ચોરીપણઉ નિવારઉ દૂરિ, જિમ સિવ સંપદ પામઉ પૂરિ. ૧૯૭
નરવર બઇઠો સભા મઝારિ, નયરિ વરત્યો જય જયકાર,
માઇ બાપને મેલી નારિ, **વિક્રમ** પ્રગટ્યો જસ સંસારિ. ૧૯૮
જાસુ તણા ગુણ પાર ન કોઈ, પરદુઃખભંજન અવર ન કોઇ,
કેતાં કહું જાસ અવદાત, એક જીભ સઘલી નરમાત. ૧૯૯
એહ ચરિત્ર શ્રી **વિક્રમ** તણઉં, સરલ લોક મન સુધઇ ભણઉ,
ભણતાં સુણતાં હુઈ બહુ બુધિ, પામીજઇ મનવંછિત સિધિ. ૨૦૦
ભણતાં ચોર તણાં ભય જાય, સુણતાં આપદ કિમઈ ન થાઈ,
ઇમ જાંણિ ભણિજ્યો સહુ કોઇ, મન આણંદઇ ભવિયણ લોય. ૨૦૧
સાધુહરષ ગિરૂઆ ગુરૂરાય, જઇવંતા મહિયલિ ઉવઝાય,
જાણઇ અંગ ઇગ્યાર વખાણ, જિણવરની સિર પાલઇ આણ. ૨૦૨

તાસુ સીસ આણંદિ ઇમ કહઇ, ચરિત્ર એહ **વિક્રમકો** ભણઇ,
રાજશીલ ગુરૂ સગુરૂ પસાઈ, ગુરૂ પ્રસાદિ ઘરિ નવનિધ થાઇ. ૨૦૩
તાસ સીસ આણંદિ મન તણઇ, **રાજશીલ** ઉવઝાય ઇમ ભણઇ,
ત્રીજઉં વ્રત જે અવિચલ ધરઇ, ગ્નાંન નિરમલ શિવ સંપઇ વરઇ.
[તાસુ સીસ આણંદિ ઇમ કહઇ, ચરિત્ર એહ **વિક્રમકો** ભણઇ,
રાજશીલ ગુરૂ સુગુરૂ પસાઇ, ગુરૂ પ્રસાદિ ઘરિ નવનિધિ થાઇ. ૨૦૪
પનરસઇ ત્રિસઠિ સુવિચારિ, જેઠ માસિ ઊજલ પખિ સારિ,
ચિત્રકૂટ ગઢ તાસ મઝારિ, ભણતા ભવિયણ જય જયકારિ.
[**વિક્રમ** કીરતિ જગિ ઝલહલઇ, ભણતાં ગુણતાં અફલાં ફલઇ,
ગંગા નાહિયાં પાતિગ જાઇ, લિખિમી તેહનઇ ઘરિ ઘરિ થાઇ. ૨૦૫

— (૧) સં. ૧૬૪૭ ભા૦ વ. ૫ ભોમે લ૦ **ચિરાડા** મધ્યે પં૦ લક્ષ્મીમંડનેન ૭-૧૫ દા. ૭૬. ડા. પાલણપુર. (૨) લિ૦ **શિવવર્દ્ધનેન** પત્ર ૬ પો. ૬૮ જય૦ (૩) સં. ૧૭૨૧ કા. શુ. ૧૪ **અંચલ** ગચ્છે **અમરસાગર** સૂરિ શિ૦ સાધ્વી **લાલી** (? વાલ્હા) શિષ્યાણી સાધ્વી **લાલાં** લિ૦ પત્ર ૯-૬ થી ૧૩ ડી. કે. કલકત્તા સં. કો. વૉ૦ ૧૦ નં. ૭૦ પૃ. ૧૩૭-૧૩૮ (આ લેખિકા માટે જુઓ ગજસિંહકુમારની આજવર્ષની લેખિકા-પુષ્પિકા) (૪) વિક્રમાદીત ખાપરા ચોરવધ ચઉપઇ ૮-૧૫ દા. ૧૭ વી. ઉ.

(૧૩૬૭) અમરસેન વયરસેન ચોપઈ. સં. ૧૫૯૪.

આદિ—

પણમઉ શ્રી જિણ **પાસ** આસ પુરણ જગતારક,
વામા ઉરિ સિરિ રાય હંસ વંસ **ઈખ્યાગહ** નાઈક.
તાસ તણઇ સંતાન હુઉ, ગુરૂઉ ગુર **કેસી**
પ્રતિબુધઉ હેલિ જિણિ રાજા **પરદેસી**
તસ સરૂપ સંખેવિ હિવઇ કહિસિઉ ગુરૂ આધારિ
રાયપસેણી ભાસિયો, તે નિય વિગતિ વિચારિ.

અંતે—

ખરતરગચ્છ ગુરૂ મહિમાવંત, **સાધુહરષ** ગુરૂ જગ જિયવંત,
જસુ નામઇ નવનિધિ ઘરિ થાઇ, ભવ અનેકનાં પાતક જાઇ. ૨૬૦
તે ગુરૂનઉ પામી ઉપદેસ, પુણ્ય પાપીનું લહી વિસેસ,
અમર વયર બંધવ તણુઉં, કહિઉ ચરિત્ર આણંદઇ ઘણુઉં. ૨૬૧
રાજસીલ ઉવઝાઇ મનરંગિ, પૂજા જિનફલ આંણિ અંગિ,
સંવત **પનરચઉશણુવઇ,** આણંદ આણી મન આપણા. ૨૬૨
ઇમ જિન પૂજા ફલ સંભલી, વીતરાગ જે પૂજા વલી,
તિહિ ઘરિ નવનિધિ મંગલ ચાર, અહનિસિ નિશ્ચઇ જય જયકાર. ૨૬૩

—૧૧-૧૫ દા. ૮૧ નં. ૨૦ હા.

(૧૩૬૮) ઉત્તરાધ્યયન ગીતો. ૩૬.

આદિ—

સરસતિ મતિ અતિ નિરમલી, આપઉ કરીય પસાય,
ગાઇસુ હું જિન ધ્રમતણુઉ, મૂલ વિનય કરી ભાઉ રે.
વિનય સમાચરૂ, વિનય સયલ ગુણ સાર રે.
જંબૂ પ્રતિ જુગતઉં કહઇ, શ્રી પંચમ ગણધાર
ચરમ જિણેસરિ ઇમ કહ્યઉ, પ્રથમ અધ્યયન વિચારૂ રે. વિ૦ ૨

× × ×

ઇમ ગુણ વિનય તણા સુણો, જે નિતુ કરઇ અભ્યાસ,
શ્રી **રાજશીલ** ઉવઝાય ભણઇ, સફલ ફલઇ તીહાં આ સાર. ૯

ઇતિ પ્રથમ ગીત.

અંતે—

ઇમ ભણઇ **સોહમ સોહમ** સ્વામિ **જંબૂ**સ્વામિ પ્રતિ સુકુમાલ,
શ્રી **વીર** જિણવરિ કહ્યઉ ઇણિપરિ ધરમાગ વિસાલ. ૧
પામીયઇ અવિચલ પદ સસિ કોમલ પદ સકોમલ
જસુ પસાઇં સાર,
શ્રી **રાજશીલ ઉવઝાય** બોલઇ સયલ મંગલકાર. ધ્રૂ૦ ૨

જાણિવા જીવ અજીવ લોકાલોક માહિ વિસેસ,
ઇક રૂપવંત અરૂપ બિહું પરિ છઇ અજીવ પ્રદેસ. ૩

× × ×

ઇમ કહ્યા જિનવર **વીરિ** સમરથ અરથ જિનમત સાર,
તે ચિત્તિ ધરતાં વિજય લહીયઇ હવઇ જય જયકર. ૬

— (૧) (કર્ત્તાના શિષ્યે લખેલી-આદિમાં તે કવિને નમસ્કાર છે) ગ્રંથાગ્ર ૪૧૬, (લિ. કવિના શિષ્યે) ૨૧-૯ પો. ૩૮ નં. ૧૭૭ ઝીં. (૨-૩) ૧૫-૧૬ અને ૧૪-૧૩, દા૦ ૩૬ ડા૦ પાલણપુર. (૪) પત્ર ૧૬ નં. ૧૧૦૯ જિ૦ ચા૦ (૫) સં. ૧૬૫૪ આ. વ. ૧૪ **ખ૦ પદ્મસુંદર** શિ૦ **ભુવનસોમ** લિ૦ હુંડીયાગોત્રે **તેજા** ભાર્યા શ્રા૦ **જયમા** પઠનાર્થં પત્ર ૧૬ પો. ૮૩ નં. ૨૧૧૮ જિ૦ ચા૦ (૬) પં. દાનરંગ ગણિ શિ૦ **સમયહર્ષેણ** લિ૦ સં. ૧૬૪૪ કા. ૩ રવિ. જેસલમેરૂ મધ્યે જિનચંદ્રસૂરિ રાજ્યે પત્ર ૭ નં. ૩૧૪૭ અભય. (૭) ૮-૧૪ આ. ક.

---

૬૬૨ જયવિજય (ત૦ હેમવિમલસૂરિ-આણંદવિમલ શિ૦

(૧૩૬૯) મુનિપતિ ચોપઇ. સં.૧૬૬૪ આસો (શુ.)૧૦ ગુરૂ, વરકાણા.

અંતે—

ભણઇ ગુણઇ નઇ જે સાંભલઇ, તેહ તણઇ મનવંછતિ ફલઇ,
તપાગચ્છ શ્રી ગુરૂ ઉદયવંત, શ્રી **હેમવિમલ** સુર જયવંત. ૧૬
નામ લીધઇ તવને ધવલી, ગુરૂ પસાય મુઝ આસ્યા ફલી,
વિબુધ મૌલિ મંડન શૃંગાર, શ્રી શુભનય સગુરૂ આધાર
સીસ સરોમણિ અતિ ઉદયવંત, પંડિત **આણંદ** શુભ ગુણવંત
તસ પસાય એહ ચરિત્ર, **મુણિપતિ** કેરૂ પુન્ય પવિત્ર
પનરહ સઈ ચઉસઠ સમઈ, આસો માસ માહા અમી અમઈ. ૧૯
દસમીનઉ દેન ગુરવાર, **ચંદ્રધનેસુરીને** આધાર,
વરિકાણિ વારૂ મતિ દીધ, તઉ પરિપૂર્ણ હુઉ સમંધ. ૨૦

જા લગઇ દેન ફરિ રોહણી, કંથ્યા મહીઅલ ભમઇ,
પહી ? અસ કરંત દુ ધ્યાને ધ્રુજો મુકઇ નહી,
તા. જયવંત હુજો ચપઈ. ૨૧

ઉદ્દ્ર અધકુ બોલુ અલી, સંઘ સહૂ કોપ ભજો વલી,
શ્રી **આવશ્યક**નઇ આધાર, **મુનિવઈ ચરીય** રચિઉ વિચાર
દ્રી સાર સંયમ પુર સરસ, અમ અરસ જા ભહ્લેઇ ભલુ,
સંવેગસાયર તત્ર દિવાયર ચરિય મુનિવય નર્મલુ,
જે ભણઇ ભવીયણ સુણઉ શ્રવણઇ ગુણઇ ગાઢઇ ગાજતઇ.
તે લહે લછી ફલઇ એ વંછીતિ **જયવેજય** વધાવતઇ. ૨૩

— સં. ૧૬૧૨ સાકે માગસરિ વદે ચઉદસ બુધવારે **લુણઇરા** સ્થાને **શ્રી**માલી ज्ञાત લઘુ સાખીય **સહિસકરણ વીર** પઠના અર્થ ૫૩ પાનાની પ્રતનું છેલું પાનું જશ૦.

---

૮૬ પદ્મસાગર સૂરિ (મમ્માહડ ગ. મુનિ(મતિ)સુંદર સૂરિ શિ.) (૧-૧૧૧)

(૧૫૦) કયવન્ના ચોપઇ સં. ૧૫૬૩ (૧-૧૧૧)

—ગ્રથમાન ૩૦૦ દા. ૩૦ નં. ૪૨ લીં.

(૧૩૬૯ક) સ્થૂલભદ્ર અઠાવીસો

—પત્ર ૭ ગ્રં. ૨૮ દા. ૩૭ નં. ૪ લીં.

---

૯૬ જ્ઞાનચંદ્ર—જ્ઞાનચંદ્ર(સૂરિ) [સોરઠ ગચ્છ ક્ષમાચંદ્રસૂરિ પરંપરામાં વીરચંદ્રસૂરિ શિ.]

(૧૩૭૦) વંકચૂલનો પવાડઉ—રાસ સં. ૧૫૬૫ ચૈત્ર શુ ૬ ગુરૂવાર મંગલપુરે (માંગરોળમાં)

આદિ— વસ્તુ

ગ્રંથ અગ્ગઇ ગ્રંથ અગ્ગઇ કિદ્ધ કવિ શ્રેણિ
તે બુધિ બહુલી નિમીય જગહ માહિ તણિ સુજસ લીદ્ધ

શેષ સગુણ ગુણ ગ્રહી કરી વલીય અધિક સવિસેષ બદ્ધ
તાસ તણઉ હુઓ એ પસાઉસલઉ, કરસ હવઇ હરકંતિ
ન્યાન ભણે **વંકચૂલનૂં**, રચસિ કવિત અતિ ખંતિ. ૧

પૂર્વ છાયા.

કવિત કરેવા કવિ તણે ઉલટ અંગિ ન માઇ
પૂછું પંડિત પરિ કરી, કિહાં છે **સારદ** માઇ. ૨
એક ભણે અમરાપુરે, એક ભણે મહીમાંહિ
એક ભણે ભૂપતિ-ભવણે, એક વદે બ્રહ્મ ઠાઇ. ૩
જન મુખે વાણી જૂજૂઇ, સુણિએ **સરસતિ** ઠામ,
બ્રહ્માણી કિમ વર્ણવૂં, બહૂ રૂપે બહુ નામ. ૪
કઈ આકાર ઓંકારનો, કઇ તું અકલ અરૂપ
નાદે બિંદિ હોકારિનૂં, દાખિ ન સકલ સરૂપ.
બ્રહ્મસુતા સુહણે ભણે, **ન્યાન**કથન સુણિ કંનિ.
હૃદય કમલે નતિ નીયડી, મકિરિ વિમાસણ મંનિ. ૬
પવ્વાડઉ પોઢઉં હરઇં, કરવા છિ કવિ ખંતિ
વંકચૂલ ગુણ વર્ણવૂં, શ્રવણિ સણઉ એક ચિંતિ. ૨૭

× × ×

ન્યાન ભણઇ કણિપાર કહૂં, **પવ્વાડઉ** પરચંડ
વંકચૂલ રા વર્ણવિઉ, એક પણી પરિ ખંડ. ૨૬૨

—ઇતિ વંકચૂલ પવ્વાડઉ વિંઝવાસિનિ દેવ્યા વર લબ્ધ પ્રથમ ખંડ.

× × ×

ન્યાનચંદ્ર કહિ નૃતિ કરી, બાંધૂં બીજૂં ખંડ
વંકચૂલ કિમ વર્ણવૂં, **પવ્વાડઉ** પરચંડ. ૫૫૧

અંતે—

ઇણિ પરિ જે જન પાલસે નયમ નિશ્ચિઓ નિજદેહ,
વંકચૂલ પરિ પામસે, પગિ પગિ સંપતિ તેહ. ૭૦૮

સંવતે **પનર ને પાંસઠે**, ચૈત્ર શુદ તિથિ છઠિ,
ગુરૂવારે **મંગલપુરે**, રચ્યુ ગચ્છ **સોરઠિ.** ૩૦૯
ન્યાન ભણે મેં નિયમનો, વારૂ કહિઓ વિચાર
સાસહિન્યો કવિ જે હુઇ, અક્ષર અવદે લિગાર. ૩૧૦

—(૧) ઇતિ તૃતીયખંડ, પ્રથમ ૨૫૮ બીજો ૩૫૦ ત્રીજો ૩૧૦ એવં સર્વ મલી ૯૧૮ ને માજને સં. ૧૬૪૨ આસો વદિ ૬ સોમે **જીર્ણગઢ** પ્રાકારે લિ. ઋ. **જ**ઇતા. ૫૪-૧૩ દા. ૪૩ નં. ૮ **બ.** ડે. (૨) ૭૯૬ કડી સુધીની ૩૯-૧૩ની અપૂર્ણ પણ જૂની સારી પ્રત દા. ૧૬ નં. ૭ ઘોઘા ભં.

(૧૩૬૧) વેતાલ પચવીસી. સં. ૧૫૯૩ શ્રા૦ વ. ૯ ગુરૂ.
સોરઠના રત્નાગરપુરમાં (માંગરોલમાં)

આદિ—ૐ નમઃ શ્રી સારદાઇ નમઃ। પૂરવ છાયો
ઉદધિ સુતાસુત સ્વામિ રિપુ, પિતા નાભિ ઉતપન,
તાસ સુતા હૂં પય નમી, માગિસ વિમલ વચન. ૧
વિમલહ સારિંગ સિરિ વસઇ, સારિંગવાહનિ જાસ,
પાક પાણિ કટિ તટિ ઠવઈ, હૂં પય પ્રણમિસ તાસ. ૨
તાસ પસાઈ કવિ કરઇ, **વિક્રમચરિત્ર** પવિત્ર,
અવિહડ જેહનઇ **આ**ગીઉ, વડ **વેતાલહ** મિત્ર. ૩

અંતે— છેલ્લી ૨૫મી કથા આદિ
શ્રી **સરસતિ**ના પય દોઇ નમી, કથા **ન્યાન** કહઇ **પં**ચવીસમી.
પૂરવ પુણ્યઇ પ્રામયુ રાજરૂદ્ધિ ભંડાર,
ગાંધ્રવ સુત નિજકુલતિલિઉ, ધન **વિક્રમ** અવતાર. ૪૨
સોરઠિ ગછિ સોહામણા, ગુરૂ ગરૂઆ ગુણવંત,
ખિમાચંદ્ર સૂરી સધર, જણિ કીધઉ ક્રમ અંત. ૪૩
તાસ પાટિ પહૂચઈ પ્રગટ, નામઇ **વીરચંદ્ર**સૂરિ,
ભાવઇ તે પય પ્રણમીઇ, ઉરિ આણંદહ પૂરિ. ૪૪

તાસ પાટિ કહઇ મંદધી, **પંચવીશી વૈતાલ,**
જ્ઞાનચંદ્રસુરિ ઇમ વદઇ, **વિક્રમ**ગુણ સવિસાલ. ૪૫
સંવત **પનરતિડોઈ** રચી, વારૂ કથા વિચિત્ત,
શ્રાવણ વદિ તિથિ નવમીઇ, સુર ગુરૂવાર પવિત્ત. ૪૬
સોરઠમંડલ માહિજે, **પુર રતનાગર** નાંમ,
શ્રી **નવપલ્લવ** સાનીધઈ, કીધ કતોહલ ઠામ. ૪૭

—સંવત્ ૧૭૧૯ વર્ષે માહા સુદ ૨ ગુરૂ દસાડા મધે લપીતં વિદ્યારત્ન. ૩૧-૧૪ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી સંગ્રહ.

(૧૩૬૧ ક)+બાર માસ ૧૮ કડી.

સરસતી ચિત સમરી કરી, પ્રણમી **જિન** પાય,
રાજુલ કહે સુણિ ચાંદલા, ચંદા કહજેરે જાય. ૧
યદુપતિ **નેમજી** ગાઇયો, દીઠે અતિ આણંદ,
વિશેષ(વીર?)ચંદ કવિરાજનો, શિષ્ય કહે **જ્ઞાનચંદ**. ૧૮

—ચોપડો તેમાં એક પત્ર જશ.; પ્ર. જૈનયુગ ૫, પૃ. ૨૫૬.

(૧૩૬૨) સિંહાસન બત્રીશી. સં. ૧૫૯૯ માગશર શુદ ૧૦ ગુરૂ.

આદિ— પ્રથમ વસ્તબંધ.

બંભતનયા **બં**ભતનયા પાય પણમેવિ,
વપુ ધનસારહ વર્ણ જે ધવલહંસ જસ વાહનિ રજીઇ,
ધવલ વસ્ત્ર જે પંગરણિ, ધવલહાર ગુણ કંઠિ છજીઈ,
ધવલ સિંહાસણ આસણઇ, ધવલહ પુસ્તક પાણિ,
ન્યાન કહઇ તાઇ સાંનધઈ, **વિક્રમ**કથા વખાણિ. ૧

પૂર્વછાયા.

વક્ખાણું જાણું જિકે, વારૂ **વિક્રમ** ખ્યાતિ,
કથા **ત્રીસ દોઇ** જેહની, ભણુસ જૂજૂઇ ભાંતિ. ૨
કથા કતોહલ જિહ, જેણઇ તનમન રંજીઇ,
શુણિજ્યો કહિ કવિ સોઇ, તેહ વાત **વિક્રમ** તણી.
... ...જીણઇ નર નવખંડ,

પહુપતિ આણ મનાવયા, લીદ્ધા દુજ્જણુ દંડ. ૪
દંડ પાંચત્વં છત્ર શરિ, દીસઇ ઝાકઝમાલ,
ઈદ્રઇ આપ્યૂં આદરઇ, સિંહાસન વિસાલ. ૫
જે ધરિ ધણી ઓર...અનિવાર,
ચાઉ દીઇ ઇમ ચાઉડઉ, સઇ સત સત્રુકાર. ૬
કરણુ નર અભિનવઉ, પોતઇ પરસા ત્રિણિ,
કીધી વસુધા ત્રિક્રમે, સાત વાર અવારીણ઼. ૭
રણિવટિ સાહસધીર, નર ઉભય દાન દાતાર,
પરદુખકાતર કવિ કહઇ, અડવડીયાં આધાર. ૮
ધરણીતલિ વિક્રમ વડઉ, જામલિ મિલિય ન કાંઇ,
ઈદ્રિસભા માહિ બઉસતઉ, વાત વડાના જોઇ. ૯
જોઇ નહી નિજ નયણુડિ, પરમહિલાનૂં મુખ,
વિક્રમનઇ મિત્ર આગીઉ, ક્ષણનહ દાખે દખ. ૧૦
દુખીયા દુખ દેખી કરી, છેદઇ છિહિલ જેહ,
વિક્રમવારે માસ નતિ, વરસઇ સોવનમેહ. ૧૧

અંતે—

કથા કતોહલ જે સુણઇ, તે લહઈ સુખ સંપત્તિ,
ચત્તરતણા ચિત રંજસઇ, છઇ એહમા અત્તિમત્તિ. ૨૨
સંવત પનરનવાણુવઇ, માગશિર માસ પવિત્ત,
શુકલ પક્ષ દસમી દિનઇ, શ્રી ગુરૂવાર અચિત્ત. ૨૩
ન્યાનચંદ્રિ નિરતઇ કરી, સરસતિ સાનહિ કિદ્ધ,
સદગુરૂ પાય પસાઉલઇ, તણિ પામી સદબુદ્ધિ. ૨૪
ક્ષત્રીશ ખંતઇ કરી, ભણિસઇ જન જે એહ,
ઉદારિજ ગુણ આવિસઇ, લહિસઇ સર્વ સદ્ધિ તેહ. ૨૫

—(૧) ૪૯–૧૩ ખેડા ભં. નં. ૩ (૨) ખંડ ૩ ગા. ૧૦૩૪ સં. ૧૬૭૯ જે. વ. ૪ શુક્ર હલાર દેશે તમાચી રોહણ ગ્રામે ભરૂચ વાસી ઋષિ હીરજી લિ૦ પત્ર ૪૦ પો. ૧૩ નં. ૧૩૩ અભય.

૮૯ ઉદયભાનુ-ઉદયભાણુ (પૌ. વિનયતિલક-સૌભાગ્ય-તિલકસૂરિ શિ.) (૧-૧૧૩)

(૧૫૫) વિક્રમસેન રાસ-ચુપઈ સં. ૧૫૬૫ (૧-૧૧૩)

અંતે—પ૬૨મી કડી પછી નીચેની ત્રણ કડી છે:—

તસ અનુક્રમિ છઈ સૂરિ સુજાણુ, મહિમાવંત મહીઅલિ જગભાણુ,
શ્રી **સૌભાગ્યહતિલક** સૂરિ, જગિ જયવંતા આણુંદ પૂરિ. ૫૬૩
તસહિ ગુરૂનું અનુમત લહી, કૌતકકથા કવીશ્વર કહી,
વિપુલબુદ્ધિ સુકવિ તેહ તણુઇ, વાચક **ઉદયભાનુ** ઇમ ભણુઇ. ૫૬૪
એ પ્રબંધ-ચિંતામણિ પ્રાય, એ પ્રબંધ ભણતાં સુખ થાય,
એહ પ્રબંધ છઇ બુદ્ધિનિવાસ, સુણતાં સહૂની ફલીઇ આસ. ૫૬૫

—લ. સં. ૧૬૨૬ ચોપડો નં. ૧૧૨૫ પત્ર ૧૫૪ થી ૧૮૭ દે. લા. પુ. લા.

---

૯૧ ધર્મસમુદ્ર (ખ. વિવેકસિંહ શિ.) (૧-૧૧૬)

(૧૫૭) સુમિત્રકુમાર રાસ. સં. ૧૫૬૭ જાલોરમાં (૧-૧૧૬)

આદિ—

પણુમિસુ મણુ તણુ વય કરી, પહિલો પઢમ જિણુંદ,
જસુ પય-પંકય પૂજતાં, પૂજઇ પરમાણુંદ. ૧
જગમંડલ જસ નિત જપે, જોગીસર એક ચિત્ત,
સા **સારદ** સંથુણુવિ કરિ, વિરચિસુ સરસ કવિત્ત. ૨
વીર ધીર ગંભીર ગુણુ, દાન પુહવિ સોભંતિ,
જિણુ પરિ તિણિ પરિ દાણુ રસિ, ઇમ સહૂ કોય કહંતિ. ૩
રાજઋદ્ધિ રસ ભોગ સુખ, એ દીધાં ફલ જોઇ,
દીજે તુ લાભે સહી, '**વાવિઇ લુણિવું હોઇ.**' ૪

—સં. ૧૬૬૩ ફા૦ શુદિ ૩ બુધે **પાટણનગરે પૂનિમગછે** વા૦ **વિનય સાધુ** ઋ. **વઙતા ચારિત્રવિમલ** લિખિતં. ૧૬-૧૫ દા. ૪૩ નં. ૬૭ **વડે.**

(૧૩૭૩) પ્રભાકર ગુણાકર ચોપઈ સં. ૧૫૭૩.

આદિ—　　　　　　વસ્તુ

પઢમ **જિણવર** પઢમ **જિણવર નાભિ**-મલ્હાર
પય-પઉમ પણમેવિ કરિ, **સંતિદેવ** બહુ સંતિકારણ
રૈવઈ-મંડણ **નેમિ** જિણ, **પાસનાહ** સંકટનિવારણ
વદ્ધમાણ ચઉવીસમઉ, પંચ તીરથ સુપસાય
રચિસુ ચરીય મન રંગસ્યું, વર દે **સારદ** માય.　　૧
માય **સારદ** માય **સારદ** તુઝ પય લીણ
હરિ હર વિહિ સેવા કરઇ, વિમલ વાણિ તુહિજ અપ્પઇ
અવર જિકે ભોલા ભગત, જુગતિ જણણિ કવિ કરવિ થપ્પઇ
હિવિ હંસાસણિ સ્વામિણી, પુરિ અમ્હારી આસ
કરિ પસાઉ પરમેસ્વરી, સુલલિત વયણ વિલાસ.　　૨
દક્ષ વયણ વિલાસ રસાલરસ સવણ સુહાવો હોઈ
કવિયણ કર જોડવિ કહઇ, એ સુણજ્યો સહુકોઇ　　૩
કોઇ સુગુણ નર વિઘ્નહર, જગ જીવઉ ચિરકાલ
જસ પસાય કવિ કવિત રસ, ઓપઇ અધિક રસાલ.

અંતે—

કવિ કલ્લોલ કહી એ કથા, મન કલ્પિત કીધી સકથા
તિહિં જે લાગું છઇ ઉત્સૂત્ર, તે ખમજ્યો ભગવતિ જિન સૂત્ર. ૫૨૨
સ્વામિ **સુધર્મ** અનુક્રમિ સુદ્ધ, હઉ **ખરતરગચ્છ** પ્રસિદ્ધ
જિહિ રાજઈ ગિરૂયા ગણધાર, મહિયલિ મહિમાવંત અપાર. ૫૨૩
તિણિ સંતાનિ લબધિ ભરપૂરિ, સોહઇ શ્રી **જિનસાગરસૂરિ**
શ્રી **જિનસુંદર** પટ્ટિ હિ તાસ, બિરદ 'વાદિગજકેસરી' જાસ. ૨૪
શ્રી **જિનહર્ષસૂરિ** તસ પટ્ટિ, પરગટ પરવાદી-જણઘટ્ટ
અભિનવ **ગોયમ વજ્રકુમાર**, સીલહિ **થૂલભદ્ર** હિ અવતાર. ૨૫
તાસ વંસ માનસસર હંસ, સહગુરૂ સજ્જણ જણ અવતંસ,
શ્રી **જિનચંદ** સૂરિ જયવંત, સંપ્રતિ રજ્જ કરૂ ગુણવંત　૫૨૬

વલિ જગિ જયવંત નિસિદિસ, શ્રી **વિવેકસિંહ** વાણારીસ
પાય પસાઇ તિહાં ગુરૂ તણઇ, વાચક **ધર્મસમુદ્ર** ઇમ ભણઇ. ૨૭
પનર વિહુત્તરિ સંવત્સરઇ, **મેદપાટિ અજિલાણા** પુરઇ
શ્રીમલસાહ તણઇ આગ્રહઇં, ચરિત એહ સુણતાં સુખ લહઇં. ૨૮
આદિ જિણેસર ચલણ પસાઇ, વર પામી **બ્રહ્માણી** માઇ,
મહીઅ પૂરવ નવ નવ છંદિ, સરસ કવિત કીધું આણંદિ ૫૨૯
ભણતાં સુણતાં નાસઇ સોગ, ઘરિ લહીઇ સઘલા સંજોગ
રિદ્ધિ વૃદ્ધિ નઈ નિર્મલ બુદ્ધિ, ફલીઇ મનવંછિત ફલ સિદ્ધિ. ૫૩૦

—સં. ૧૬૫૩ આસોજ સુદિ ૧૦ ભોમે ખરતરગચ્છે વા૦ વરલાભગણિ શિ૦ પં૦ રાજહંસ મુનિ શિ૦ પં૦ ખેમકલશ મુનિનાલેખિ જાઉરપુરે. ૯-૨૩ નં. ૪૯૦. લા૦

(૧૫૮) કુલધ્વજ કુમાર રાસ સં. ૧૫૮૪ ૧-૧૧૭)

—સં. ૧૬૨૧ આષાઢ શુદિ ૧૫ શનૌ લિ. બૃહદ્ ગચ્છે **ઓ**કડીઆ **મા**ણિદેવ. જ્યોતિર્વિદ **ભ**ગવાનદાસ પાસે.

(૧૫૯) અવંતિ સુકુમાલ સ. (૧-૧૧૮)

અંતે છેલ્લી બે પંક્તિ સુધારો:—

કલ્યાણમંદિર સ્તવન કરતાં વઈર પીડી થપ્પઇ,
કવિ કહઇ **ધરમસમુદ્ર** પરતિખિ **પાસ** પરગટ દિપ્પએ. ૩૭

—૭-૧૧ બી. ડી. ૩૦૩ રૈ. એ. સો. મુંબઇ નં. ૯૬૬

(૧૬૦) રાત્રિભોજન (ત્યાગ) રાસ-જયસેન ચો. (૧-૧૧૮)

—(૧) સં. ૧૬૨૭ માહ શુદિ ૨ શનૌ આગરા કોટાત્ લિ. ૧૬-૧૧ દા. ૭૯ નં. ૨ હા. (૨) સં. ૧૬૪૨ સાહા ખેતા તત્ ભાર્યા શ્રાવિકા **નાકૂ** તત્ પુત્રી બાઇ **હ**રખી પઠનાર્થં ૧૨-૧૫ વિ. ને. નં. ૩૭૬૦ (૩) સં. ૧૭૨૯ કા. વ. ૭ ગુરૂવારે લિપિકૃતા વિબુધ-મિશ્ર પૂજ્યારાધ્ય પં. મેરૂચંદ્ર ગણિ શિષ્ય ગ. કૃષ્ણચંદ્ર તત્ શિષ્ય પં. જયચંદ્ર ગણિ મુનિ કલ્યાણચંદ્ર લિખિત ૧૨-૧૩ અનંત. (૪) ૮-૧૭ અનંત. (૫) ૧૪-૧૧ પો. નં. ૧૨૪ મો. સુરત (૬) લિખિતં

સા૦ વચ્છાકેન ચિરંજીવી ૧૧-૧૩ દા. ૩ નં. ૪૨ લેહેરૂભાઇ વકીલ ભં. સાગર ઉ. પાટણ (૭) ૭-૧૯ જિ. વિ. (૮) પં. ઉદયરત્ન ગણિ શિષ્યેન લ૦ ગ. વિશાલશોભા શિષ્યણી લાલબાઇ ૧૫-૧૧ રાજકોટ મોટા સંઘનો ભં. (૯) ૧૩-૧૩ બી. ડી. ૧૪૪ રો. એ. સો. મુંબઇ નં. ૧૮૬૪ (૧૦) કર્તાની પ્રશસ્તિ ઉડાડી દીધી છે ૧૫-૧૧ દા. ૩૮ નં. ૨૭ ડા. ભં. પાલણ. (૧૧) પ્રશસ્તિ વગરની ૧૨ પત્રની દા. ૩૮ નં. ૨૮ તેજ ભં. (૧૨) ૧૩-૧૫ દા. ૧૬ નં. ૧૪ ઘોઘા ભં. (૧૩) ગા. ૨૫૩ પ્રત ૧૭ મી સદીની પો. ૮૩ નં. ૨૨૦૨ જિ. ચા. (૧૪) પત્ર ૯ ગા. ૨૫૮ પો. ૧૮ નં. ૧૮૨૭ અભય. (૧૫) પત્ર ૧૩ પો. ૪ નં. ૨૩૨ અભય. (૧૬) ૧૪-૧૧ તિલક. મહુવા (૧૭) ગ્રં. ૨૮૦ સં. ૧૬૨૭ દ્વિ. ભાદ્રપદ-ભાદ્રવા સુદિ છઠિ ભોમે **માંડિલિ** નગરે ૠ. **અર્જુન** લ૦ ૧૦-૧૪ નં. ૨૩૬૫ શ્રી મુક્તિ. (૧૮) ૧૦-૧૪ અપૂર્ણ અનંત. નં. ૨ (૧૯) સં. ૧૬૯૬ પો. વ. ૧૪ શુક્રે ખરતર ગચ્છે પં. જીવવિજય શિ. પં. લબ્ધિનંદન પં. ગુણવિમલ શિ. પં. હર્ષનિધાન પં. કનકનિધાન લિ. **સરસા** મધ્યે પત્ર ૧૬ નં. ૬૮૩ અભય.

(૧૩૭૪)+શકુંતલા રાસ.

આદિ—

સરસતિ સામિણિ કરૂ પસાય માય મતિ દિયઉ અતિ ભલી એ,
સતીય **સકુંતલા** જિમ કવું રાસ આસ પૂરઉ વલી એતલી એ. ૧

એતલીય પૂરઉ આસ, કવિયણ વિરચઉ વાસ,
જિમ થાઇ સરસ વિલાસ, નવિ હોઇ પંડિત હાસ. ૨

નવિ હોઇ પંડિત હાસ **સારદ**, સાર દ્યઉ વર **સારદા**,
મન રંગિ નવ નવ ભાવ ભાખઉં, તુમ્હ પસાઇ હૂં સદા.
સાકેતપુર વર વયરનામિહિં અમરનયર હરાવએ,
દુષ્કંત રાજા રાજ કરતા ન્યાય મારવ દાવ એ. ૩

ઈક દિનિ નરવર કરીય ઉચ્છાહ બાહરિ વાહ તર વાહણી એ,
પરવર્યઉ પરગરિ વનગિરિ વેગિ રંગિ ઇચ્છા રમઇ મનતણી એ. ૪

અંતે—

કુલલાજ દાખઇ વિનય ભાખઇ સત્ય ભાખઇ જે મુખઈ,
દુષ્કંતરાય સકુંતલા સુત સદા જયવંતઉ સુખઇ.
એ રાસ ભણતાં રંગિ સુણતાં પાપ કસમલ પરિહરઉ,
કવિ કહઇ **ધર્મ્મસમુદ્ર** સુદ્ધા સીસ ઉપરિ બાપ કરઉ. ૧૦૪

—(૧) ૩-૨૨ લ. સુ (બીજી કૃતિઓ સાથે) (૨) પ્ર. જૈન સાહિત્ય સંશાધક. ખંડ ૩ પૃ. ૧૯૭ થી ૨૦૫.

(૧૩૮૪) વિવિધ કવિઓ કૃત સ્તવનાદિ લ. સં. ૧૫૬૯ પહેલાં.

૧ વિમલધર્મ શિ૦ કૃત જીરાઉલિ પાર્શ્વનાથ વિનતિ ગા. ૧૮

ત્રિભુવન જન નયણાણંદ ચંદ, તુજઝ સેવ કરઇ પય ધરણુ ઈંદ,
વલિ દેવિ **પઉમાવઇ** રૂદ્ર નામિ, જીરાઉલિ નાયક **પાસ** સામિ. ૧
જય પંડિત વર સિરિ **વિમલધર્મ**, તે જાણઇ આગમ વેદ મર્મ,
તસ સીસ સેવક ઇમ વીનવઇ, કર જોડી પ્રભુ પાએ નમઇ. ૧૭
રવિ મંદિર ગિરિ જાં ગયણિ સોમ, કૂમંડલ સાયર મહિય પઉમ,
જીરાઉલિ તાં જય જિણહ **પાસ**, પ્રભુ પૂરે સામી મણહ આસ. ૧૮

૨. સોમસુંદરસૂરિ શિ. કૃત જીવ દયાકુલં સજઝાય ગા. ૧૫

ગોયમ ગણહર પય પણમેવિ, જીવદયાનઉ બોલિસુ ભેઉ,
જીવ દયા સુખ લાભઇ બહૂ, જીવદયા તે પાલઉ સહૂ ૧
શ્રી **સોમસુંદર સૂરિ** સુહગુરૂ સાર, ધર્મ્મ તણુઉ નિતુ કહઇ વિચાર,
સુણતા લાભઇ આગમ મર્મ. જિણવર સાસણિ સાચઉ ધર્મ. ૧૫

૩ વિમલધર્મ શિ૦ કૃત મહાવીર વિનતિ ૧૪ કડી, સં. ૧૫૨૦ જેઠ શુ. ૧૦

સરસતિ મઝ મતિ દિઉ ઘણીએ, તું જાણી કવિઅણુ જણુ તણીએ,
ગોયમ ગુરૂ નીય મનિ ધરીએ, રસના રસ લીજઇ ઇણિ પરિ એ. ૧

રાયરાણા ભૂપ અતિ ઘણાએ, જિણ રંજિય દેસ નયર તણાએ,
વિમલધર્મ પંડિત તણઇએ, ઉપદેસિઈ જીર્ણ ઉધાર કરઇએ. ૧૩
સંવત **પનર વીસોતર**ઇએ, જેઠહ સુદિ દસમિ ઉચ્છવ કરઇએ,
જે નરનારી નિત ભણઇએ, નવનિધિ ઘરિ વિલસઇ તીહ તણઇએ. ૧૪

૪ સુંદરહંસકૃત હેમવિમલ સૂરિણાં સજ્ઝાય. ૭ કડી.

જિન શાસનિ ઉદયુ દિનકર, નિઅ વિજ્જા નિજ્જિઅ સુરગુર. ૧
શ્રી **સુમતિ સાધુ** સૂરિ સીસ રાય, શ્રી **હેમવિમલ સૂરિ** વિમલકાય,
તાં ચિર જયુ જાં ધ્રૂઅલ ઠામ, તુમ્હ સેવઇ, **સુંદરહંસ** પાય. ૭

૫ ચઉઆ કૃત પાર્શ્વનાથ વિનતી ૩૪ કડી

વરસહ લાખ ઇગ્યાર, ઇંદ્રિઇં **પાસ** જિણ પૂજિઆ,
કોઇ ન જાણઇ પાર, આગઇ એ અનાગતા. ૧
પાસ તણઉં પરિમાણ, પઢઇ ગુણઇ જે સાંભલઇ,
તીહ ઘરિ નિતુ સુવિહાણ, ચિરકાલઈ **ચઉઉ** ભણઇ. ૩૪

સિદ્ધચક્ર (ઋષભ) સ્ત ૫ કડી

ભત્તિભર નમિ ર સુરિંદ વિંદ, વંદિય પય પઢમ જિણંદ ચંદ,
ચંદુજ્જલ કેવલ કિત્તિ પૂર, પૂરિય ભુવણંતર વેરિ ભૂર. ૧
ઇય **રિસહ** જિણેસર ભુવણ દિણેસર, તિજય વિજય **સિરિપાલ** પહો,
મયણાહિય સામિય સિવગય ગામિય, મણહ મણોરહ પૂરિ મહો. ૫

—સંપૂર્ણા લિખિતા શુભસહજ ગણિના શ્રા. થિર બાઇ પઠનાર્થં.

(૨૧) ગૌતમ રાસ—જે પ્રસિદ્ધ છે તે (૧–૬૫)

—પૂજ્યારાધ્ય પંડિત શિરોમણિ પં. વિમલધર્મ ગણિ શિષ્ય પં. જિનશીલ ગણિ પં. **શ્રી**વિમલ ગણિ શિષ્ય પં. **મા**ણિક્યવિમલ ગણિ.

જ્ઞાનપંચમી સ્વાધ્યાય ૧૫ કડી.

પહિલઉં પ્રણમઉં ગોયમ સામિ, રિદ્ધિ સિદ્ધિ લીધઈ જસ નામિ,
પંચમિ નાણ તણી ચઉપઇ, ભવિક જીવનઇ કારણિ કહી. ૧

ભણઉ ભણાવઉ ભવિઅહં ભાવિ, સુણઉ સુણાવઉ સવિ કયવાર.
સરસ વચન જિનવરિ ભાખિઅં, અણંત સુખ કેવલિ દાખિઅં. ૧૫

શ્રી ગુરૂણાં સ્વાધ્યાય. ૧૪ કડી (આમાં જગચ્ચંદ્ર સૂરિથી જિન-
સુંદર સૂરિનાં નામ છે.)

ગોયમ ગણહર સિરિ સુહમ, જંબૂ પમુહ મુણિંદ,
વંદિઅ વંનિસુ સૂરિવર, તવગછ ગયણ દિણંદ.
ઇય ગુરૂ નામાવલિ સયલ મહિઅલિ, જિણ સાસણિ ઉજ્જોઅકર,
જો ઝાઇ અણુદિણુ ભાવ ધરેવિણુ, સો નર પામઇ સુહ પવર. ૧૪

—સં. ૧૫૬૯ માઘ શુ. ૧૩ બુધે નંદરબાર નગરે લઘુ શાલીય ગચ્છનાયકશ્રી હેમવિમલ સૂરિ શિ. પૂજ્ય પં. શ્રીવિમલગણિ શિ. માણિક્યવિમલ ગણિ. શુભસહજ ગણિના લિખિતં વીસલનગરે શાહ સોમા ભાર્યા રૂઁઅઇ સુતા પઠનાર્થં. (આ સર્વ પૃ. ૨૧ થી ૩૦ નંબરની પ્રત છે તેમાં આવેલ છે. દરેક પત્રમાં બંને બાજુ ૧૧ પંક્તિ છે) દા. ૮૩ નં. ૭૮ હા.

---

૯૨ દેવકલશ (ઉપકેશ ગચ્છ) (૧-૧૨૦)

(૧૬૧) ઋષિદત્તા ચોપઈ સં. ૧૫૬૯ (૧-૧૨૦)

આદિ—

શ્રી સરસતિ સુપસાઉલઇ, નિજ ગુરૂનઈ આધારિ,
કરિસિ કવિત તઇ હૂ ભલઉ, નિજ મતિનઇ અનુસારિ. ૧
આગે જે કવિવર હૂયા, નવ નવ ભાવ વિચિત્ર,
દાંન સીલ તપ ભાવના, તેહે કર્યા ચરિત્ર. ૨
તિણિ અનુસારઈ સીલ ગુણ, બોલઉં ભાવ ધરેવિ,
ઘણા ભવિક સિદ્ધિહિ ગયા, નિજ ભવ સફલ કરેવિ. ૩
સીલઈ હૂઇ નીરોગ પુણ, સીલઈ ટલઇ કિલેસ,
સીલઇ રૂપ સરૂપ હુઇ, સીલિ ન દુખ લવલેસ. ૪

સીલિ સયલ સુખ સંપજઇ, નરપતિ આપઇ માંન,
સીલઈં વયરી નિરજણ્યા, નવિ આંણ્યું અભિમાંન. ૫
સીલઇ જસ જગિ વિસ્તરઇ, સીલિ ન હુઇ સંતાપ,
સીલઈં સંચઇ પુન્ય ઘણું. સીલિ પખાલઇ પાપ. ૬
સીલઇં રીઝઇ લોક સવિ, વિબુધ કરઇ સુપસાઉ,
હેમાદિક સિદ્ધહ તણઉ, સીઝઇં સયલ ઉપાઉ. ૭
સીલઇ સુભમતિ ઊપજઇ, ભાગઉ ટલઇ કલંક,
બીજ તણઇ દિનિ નિર્મલઉ, હોઇ જિસઉ હરણંક. ૮
સીલઇં વલિ નિશ્ચલ મિલઇ, ઉત્તમસિઉં સંબંધ,
સીલઇં **રિષિદત્તા** તણઉ, ભવિયાં સુણઉ પ્રબંધ. ૯

અંતે—

શ્રી **ઉવએસ** ગચ્છસિંગાર, વાચકવર શ્રી **દેવકુમાર**
વિદ્યા ચવદ અપાર. ૨૯૬
તાસુ પાટિ ઉવઝાય **કર્મસાગર**, હૂઆ સર્વ ગુણ મણિ રયણાગર,
શાસ્ત્ર તણા આધાર. ૨૯૭
તાસુ પટ્ટિ ઉવઝાય જયવંત, **દેવકલ્લોલ** મહિમાવંત,
દિન દિન તે ઉદિવંત. ૨૯૮
તાસુ સીસ **દેવકલસઇ** હરસઇં, **પનરહસય ગુણહત્તરિ** વરસઇં,
રચિઉ રસાલ પરબંધ. ૨૯૯
એ પ્રબંધ **રિષિદત્તા** કેરઉ, સીલ તણઉ નીંપનઉ નવેરઉ,
છઇ પરગટ સંબંધ. ૩૦૦
જે નરનારી ભાવઇં ભણિસિઇ, આંણી મન ઊલટ નિતુ સુણિસિઈં,
ભાવ સકતિ ભરપૂરિ. ૩૦૧
નિતુ નિતુ તે મનવંછિત પાંમઇ, સકલ શાસ્ત્ર સિદ્ધંત વખાણઇ,
નવ તત નવ રસ વાણી જાણઇ, જિનવર ગુણ વિહસંતિ. ૩૦૨
રિષિદત્તા નઇ લીધઇ નાંમઇં, પાપપડલ સવિ નાસી જાયઇ,
અલીય વિઘન સવિ દૂરે. ૩૦૩

—(૧) પં૦ રતના લિપિતં પઠનાર્થં. ૮–૧૮ નં. ૨૨૩૨ સં. લા. વડોદરા. (૨) ૯–૧૬ બી. ડી. ૮૩ રૉ. એ. સો. મુંબઇ નં. ૧૮૬૪. (૩) ગા. ૩૦૧ પત્ર ૯ પ્રતિ ૧૭ મી સદીની વિદ્યારત્ન શિષ્ય ઋ. રૂડા લિ. પો. ૮૧ નં. ૨૦૫૪ જિ. ચા. (૪) પો. ૪૯ નં. ૯૪૧ રૂપા.

---

૯૩ અનંતહંસ (ત૦ જિનમાણિક્યગણિ શિ.) ૧–૧૨૦

(૧૬૩) +ઇલા પ્રાકાર ચૈત્ય પરિપાટી (ઐ.) (૧–૧૨૦)

—૪–૧૩ દા. ૮૨ નં. ૧૦૮ જૂની પ્રત હા૦ (પ્ર૦ જૈન કૉન્ફરન્સ હેરૅલ્ડ ૧૯૧૯ જાન્યુઆરી પુ. ૧૫ અંક ૧ પૃ. ૧ થી ૬.

કવિના ગુરૂ જિનમાણિક્યે પ્રાકૃતમાં કૂર્માપુત્ર ચરિત્ર (નં. ૫૮૮ સન ૧૮૮૪–૬ ભાં. ઇ.) રચ્યું છે. કવિએ સંસ્કૃતમાં સં. ૧૫૭૧ માં દશ દષ્ટાંત ચરિત્ર અને અપભ્રંશમાં ખંભાતે અષ્ટાન્હિકા ચરિત્ર રચેલાં છે. દશ દષ્ટાંત ચરિત્રના અંતે જણાવ્યું છે કે:—

'સંપ્રતિ ગૌતમનઃ પ્રતિમદ ગુરૂ શ્રી રત્નશેખર મુનીંદ્રાઃ તત્પટ્ટે શ્રી લક્ષ્મીસાગર ગુરવઃ તત્પટ્ટાલંકરણ સુમતિ શ્રી સાધુ સાધન સુગુરૂ શ્રી હેમવિમલ સૂરિ વિજયંતે તેષાં ચ વિજયરાજ્યે શતાર્થી સોમપ્રભ ભાસન્યુષાં જિનમાણિક્ય ગુરૂણાં પ્રસાદાત્ પ્રાપ્તવિદ્યેન શશિ નગ તિથિ મિત (૧૫૮૧) વર્ષેણાનંતહંસ શિષ્યેણાજ્યિયાદેષ પારષામુપકારકૃતે કૃતો.'

આ પ્રત સં. ૧૬૮૩ વર્ષે શ્રાવણ શુકલ દ્વિતીયા શનિવાસરે લખાયેલી પાના ૬૫ શ્લોક ૧૧૫૪ આ. ક. માં છે.

આ કવિ, હેમવિમલસૂરિએ કરેલી પ્રતિષ્ઠા સમયે સાથે હતા એવો ઉલ્લેખ મેડતા આદીશ્વરના નવા મંદિરમાં સં. ૧૫૭૯ નો મળે છે. ના૦ ૧ લેખાંક ૭૬૯. આ કવિના હસ્તાક્ષરની ઉવસગ્ગહર સ્તોત્ર પર પૂર્ણચંદ્ર કૃત વૃત્તિની પ્રત વિવેકવિજય ભં. ઉદયપુરમાં છે. તેણે એક ગ્રંથની પ્રશસ્તિ સં. ૧૫૭૮ માં રચી. (નં. ૪૦

ડોસાભાઇ અભેચંદ ભાવનગર. જુઓ જૈન સા. ઇ. પારા ૭૨૪, ૭૫૮, ૭૮૩.)

---

૬૬૪ અનંતહંસ શિષ્ય.

(૧૩૭૬) ૧૧ ગણધર સ્તવન.

વીર જિણેસર પય પણમેવિ, ગણધર કવિત કરૂં સંખેવિ,
ગણધર અગ્યાર સનઇ કાજિ, **વર્દ્ધમાન** જિનશાસનરાજિ. ૧

× × × ×

ઇય સમય જુત્તિં સવ્વસત્તિં ચિત્તભત્તિં વન્નિયા,
વૈશાખ સુદિ અગ્યારસી દિનિ **વીરનાહિં** થાપીયા.
એ સયલ ગણહર એ અગ્યારસિ જે અગ્યારહ ભાવીયા.
શ્રી **અનંતહંસ** સીસ ઇમ કહિ તે લહઇ સુખસંપયા.

—સં. ૧૭૮૦ પો. સુદિ ૧ ભૌમે **અહમ્મદાવાદ** નગરે લિ૦ પં. કુશલધર્મ્મેન. આર્યાજી રહી સ્વયંવાચનાર્થં. ૧૦-૯. દા. ૪૧ નં. ૧૦૯ ડા. પાલણપુર.

આમાં પ્રભાસ સ્તવન (૫-૧૩ બી. ડી. ૩૦૦ રા. એ. સો. નં. ૧૯૪૦) નો સમાવેશ થાય છે કે જેની આદિ એ છે કેઃ—
સકલ મંગલ કેરૂ સુરતરૂ, પૂજઇ શ્રી ઋષભ જિનેસરૂ,
નાભિરાય મરૂદેવી સુતવરૂ, પદ નમઇ **વિમલસોમ** સૂરીસરૂ. ૧

---

૯૪ સહજસુંદર (ઉ. રત્નસમુદ્ર શિ.) (૧-૧૨૦)

(૧૬૫) ગુણરત્નાકર છંદ સં. ૧૫૭૨ (૧-૧૨૧)

—(૧) સં. ૧૬૭૬ શ્રા. શુ. ૧૧ સોમે પં. **હર્ષ**વિજયજીગણી શિ. ગણી **લાલવિજયેન** સ્વવાચનાર્થં લોહાણા ગ્રામ મધ્યે ૨૪-૧૪ બી. ડી. ૧૪૪ રા. એ. સો. નં. ૧૮૮૫ (૨) સં. ૧૬૭૮ માઘ કૃષ્ણા-ષ્ટમ્યાં ગુરૌ લિ૦ સા વચ્છાકેન ૨૧-૧૩ પો. ૧૮ વડાચૌટા ઉ. સુરત (૩) સં. ૧૬૮૦ વડનગરના પં. જીવરાજજી માટે લ૦ પત્ર ૨૪

નં. ૨૩૨ સન ૧૮૭૩-૭૪ ભાં. ઇ. (૪) નં. ૪૦૩ સન ૧૮૭૧-૭૨ ભાં. ઇ. (૫) લિ૦ સૂરતિબંદરે સં. ૧૭૫૮ વર્ષે આષાઢ શુદિ ૭ મંગલવારે ગ્રં. ૭૬૫ શ્લોક સંખ્યા કરી છઇ અક્ષર ૩૨ શ્લોક થાઇ. (સંવત્ ૧૭૫૮ કા૦ વ. ૯ દિને શ્રી તપાગચ્છિઅ શ્રી વિજયદેવસૂરિ સમવાય સાહાશ્રીપ શ્રી વેલજી સોમકરણનો ચોપડો તે મધ્યે પત્ર ૨૦) ગુ૦ (૬) ૨૬-૧૫ ખેડા ભં. (૭-૮) ૨૪-૧૨ અને ૧૭-૧૫ બી. ડી. ૧૪૪ અને ૮૩ રો. એ. સો. મુંબઇ નં. ૧૮૮૫ અને નં. ૧૮૮૬. (૯) ૧૭-૧૯ દા. ૮૧ નં. ૩૦ હા. (૧૦-૧૧) દા. ૪૩ નં. ૧૮ અને ૧૯ ડે૦ (૧૨) ઉનાવાળા મોરારજી વકીલનો ચોપડો પત્ર ૧૦૦ થી ૧૫૭ (૧૩) પત્ર ૨૧ દા. ૩૯ નં. ૬૪ લીં. (૧૪) સં. ૧૭૪૪ સૂરત જ્ઞાનમેરૂ લિ. પત્ર ૧૭ ક્ષમા. (૧૫) સં. ૧૮૦૮ માઘ શુક્લતૃતીયા બુધવાસરે ૨૫-૧૧ નં. ૨૩ પાદરા ભં. (૧૬) ૧૯-૧૫ દા. ૨૦ નં. ૨ સીમંધર. (૧૭) બુરહાનપુરે પં. શ્રી જયચંદ્રગણિ લિ૦ સં. ૧૮૧૨ ફાલ્ગુન માસે ૨૦-૧૫ દા. ૨૦ નં. ૩ સીમંધર૦ (૧૮) સં. ૧૮૭૯ કા૦ શુ. ૧ ભોમ લિ. પં. શ્રી ખુશાલવિજયગણિ શિષ્ય પં. ધનવિજય ગ૦ શ્રી ગોધાવી નગરે શ્રી વીરપ્રસાદાત્ ગ્રં. ૬૭૫ ૨૬-૧૨ યતિ નેમચંદ-નેમવિજય (૧૯) ૧૭-૧૮ દા. ૧૦ નં. ૩૯ ઘોઘા. (૨૦) પત્ર ૧૫ પો. ૧૭ અભય. (૨૧) ગ્રં. ૭૦૦ લિ. પૂ. ઋ. તેજપાલજી પૂ. ઋ. ડુંગરશી શિ. પૂ. ઋ. મનજી શિ. ઋ. રાયચંદ સં. ૧૭૭૧ ચૈ. વ. ૧૩ ગુરૌ ધામતા ગ્રામે વિ૦ દા૦ છાણી.

(૧૬૬) ઋષિદત્તા રાસ સં. ૧૫૭૨ (૧-૧૨૩)

આદિ—

પણમવિ સરસતિ જગિ જયવંતા, હંસગમનિલિ ચાલઇ મલપંતા
મહિ માતા મયગલ જિસીય,
પુસ્તક વીણા હાથિ કમંડલ, ઝબઝબ તેજ કરી રવિમંડલ
કુંડલ કાનિ ઉલ્હસીય. ૧

કઇ કવિત કરૂં મન ભાવિ, સાસણુ દેવ તણુઇ પરભાવિ
સિદ્ધસૂરિ ગુરૂપય નમીય;
સીલ શિરોમણિ ગુણુસંયુત્તા, નમિ અનોપમ શ્રીરષિદત્તા;
જલધિસુતા જગિ તે સમીય. ૨
તાસ ચરિત્ર મુદા પભણેસિઉં, કાયા નયરી પવિત્ર કરેસૂં
લેસું લાહુ ભવ તણુઉએ
એહજિ જંબૂદીપ મઝારા, વર નયરી રાજગૃહ સારા,
શ્રેણિક નૃપ રલીઆમણુઉ એ. ૩
ઈંદ્ર સરીખું પાલઇ રાજ, નિસુણુઉ સીલતણા ગુણુ આજ
સહજસુંદર મુનિ ઇમ ભણુઇ એ
એક વાર સિરિ વીરજિણેસર, સમોસરિયા લાલિ અલવેસર
ચિત્ર માસ વૈભારગિરિ. ૪

અંતે—

જિમ ગિરનાર જલ નીઝર્યા તુ ભમરૂલી પાછા સોઇ ન ચડંતિ તુ;
તિમ કલંક જિ ઉતર્યા તુ, ભ. વલતાં એક ન હુંતિ તુ. ૩૬૨
સીયલ તણા ગુણ બોલતાં તુ ભ. ઘરિ ઘરિ મંગલ ચ્યારિ તુ
સંવત પનરઇં બિહુત્તરઇ તુ ભ. રાસ કીઉ સુવિચાર તુ ૩૬૩
દિન દિન દીપઇ અધિકપણુઇ તુ ભ. ઉવએસગછ જઇવંત તુ
ગછનાયક ગુણુગંદિરૂ તુ ભ૦ શ્રી સિદ્ધિસૂરિ મહંત તુ ૩૬૪
વાચક ગિરૂઆ સુહગુરૂ તુ ભ૦ રતનસમુદ્ર ગુરૂ તાસ તુ;
તાસ સીસ ઇમ વીનવઇ તુ ભ૦ સોહઇ વાણિવિલાસ તુ. ૩૬૫
સૂરિજની કિરણાવલી તુ ભ. જિમ સઘલઇ પસરંતિ તુ,
તિમ એ રાસ સોહામણુ તુ ભ. ચઉપટ મલ વિચરંતિ તુ. ૩૬૬
સતીય શિરોમણિ રષિદત્તા તુ ભ. જાગતુ કેસરી સીલ તુ,
અશુભ પદારથ હાથીયડઉ તુ ભ. જેણિ વડીરા ઉલાલિ તુ. ૩૬૭
વિઘન સવે દૂરિ ગયાં તુ ભ. તેહે નામિ કલ્યાણુની કોડિ તુ,
ભણુતાં ગુણુતાં સાંભલતાં તુ ભ., ધિન ધિન પરિવારની કોડિ તુ. ૩૬૮

—(૧) ૧૬–૧૪ દા. ૨૫ નં. ૩૩ ડા૦ પાલણપુર (૨) પત્ર ૧૧ પ્ર. કા. વડો. નં. ૮૮૩. (૩) પ્રાયઃ આ કવિકૃત સં. ૧૬૦૫ પો. ઉપકેશ ગચ્છે **વીર**કલસ–પં. **લાલા** ઉસવાલ લિ. વિ. ની સ્રૂ. ભં. ખંભાત. (૩) પ્રાયઃ આ કવિકૃત સં. ૧૭૬૫ માગશર વ. ૪ શનૌ લિ. **ભીલ**ડી નગરે **પાર્શ્વ** પ્રસાદાત્ વિ. મે. અમદાવાદ.

(૧૬૭) રત્નસાર કુમાર ચઉપાઇ. સં. ૧૫૮૨ (૧–૧૨૪)

—(૧) સં. ૧૬૨૩ જેષ્ટ વદિ ૯ શ્રી **પત્ન** મધ્યે લ૦ કૃપાદાસ શ્રી **વેગડા ખરતરગચ્છે** મહો૦ **સુમતિશેખર** શિષ્ય મુ૦ **જિનતિલક** લષાવતં ૨૧–૧૧ દે. લા. પુ. લા. નં. ૧૧૦૧/૪૬૭. (૨) સં. ૧૬૬૯ ભા. શુ. ૧૪ પત્ર ૧૧ પો. ૬૮ જય. (૩) સં. ૧૬૭૬ ભા. શુ. ૧૧ વા૦ જયલાભ શિ. **વિનયલાભ** લિ. **કોઠારી પદમા** પદનાર્થં પત્ર ૮ પો. ૧૩ જય. (૪) મહં. **વિષ્ણુદાસ** લિ૦ **લાલખઇ** લિખાવિતં ૧૮–૧૧ દા. ૩૬ ડા. અ. ભં. પાલણ. (૫) ૧૨–૧૫ દા. ૮૩ નં. ૧૪૨ હા. (૬) સં. ૧૬૭૬ પો. શુ. ૧ રવૌ. **પણધરી** ગ્રામે **વિજયમૂર્તિ** ગણિના લ૦ પત્ર ૪૩ થી ૪૯ દરેકમાં પંક્તિ ૨૧ દે. લા. પુ. લા. નં. ૧૧૦૦–૪૬૬. (૭) પત્ર ૧૪ ગ્રં. ૩૦૨ દા. ૩૭ નં. ૧૧ લીં. (૮) સં. ૧૭૭૭ માહા સુદિ ૯ બુધે પં. **જ્ઞાન**વિજય લ૦ દો૦ **હીરજી** પદનાર્થં માણેક મુનિનો ચોપડો. (૯) સં. ૧૭૦૩ શાકે ૧૫૬૮ દક્ષિણાયગતે સૂર્યે હેમંત ઋતૌ મૃગશિર કૃ. ૯ રવિ પં. લક્ષ્મીચંદ શિ૦ **ભીમજી** લિ૦ વિ. વિ. રાધનપુર.

(૧૬૮) આત્મરાજ રાસ. સં. ૧૫૮૨(૮) (૧–૧૨૬)

આદિ—

સિરિ સરસતિ સરસતિ, આપુ વચન વિલાસ,
શ્રી **આતમરાજ** પભણિસુ ચરિત્ર ઉલ્હાસ.
સોય સુણિયો ભવીયણ કવિ કેલવણી રાસ,
અતુલી બલવંતહ ત્રિભોવન લીલ વિલાસ. ૧

—(૧) ૮-૮ દા. ૮૧ નં. ૩૯ હા. (૨) ૫-૧૩ દા. ૮૨ નં. ૭૪ હા૦ (૩) સં. ૧૮૮૫ સુદિ ૨ રાધનપુરે પત્ર ૬ દા. ૩૮ લીં. (૪) સં. ૧૮૨૬ પો. સુ. ૧૦ પં. ભાગ્યવિજયેન પઠનાર્થં ૭-૧૧ સીમંધર. (૫) સં. ૧૮૩૦ ભા. વ. ૮, ૬-૧૦ જશ૦

(૧૬૯) પરદેશી રાજાનો રાસ. (૧-૧૨૬)

(૧) સં. ૧૬૭૫ માઘ શુદિ ૪ શનૌ ૧૪-૧૧ દા. ૧૭ વી. ઉ. અમદાવાદ. (૨) ૫૮ કડી સુધીની અપૂર્ણ ૩-૧૫ પ્રત નં. ૨૪૪૯ શ્રી મુક્તિ૦ (૩) પં૦ હર્ષકનકગણિ પં૦ વિનયભૂષણ ઉભૌ શિષ્ય વિદ્યાવિજયેન લિ૦ સં૦ ૧૬૦-વર્ષે ફા૦ વદિ ૧૪ રવૌ લ૦ ૭-૧૭ યતિ નેમચંદ (૪) ૧૪-૧૧ દા. ૨૪ સીમંધર. (૫) સં. ૧૬૨૧ માગશર શુદિ ૭ શુક્રે અંચલગચ્છે પદ્મમૂર્ત્તિ ગણિ શિષ્ય મહિમતિલકગણિ લ૦ અહમદાવાદનગરે ૯-૧૫ નં. ૩૨૨૨ વિ. ને. (૬) ૭-૧૯ દા. ૯૩ નં. ૧૭૯ હા. (૭) સં. ૧૬૯૪ વૈ. શુ. ૧ થાવરવારે મરોટમધ્યે પં. સદારંગ શિ. મુનિ માના લિ. પત્ર ૭ નં. ૨૪૪૨ અભય.

(૧૭૦) શુક સાહેલી કથા રાસ.

—અંચલગચ્છે મહિમાતિલક ગ૦ લિ. અહમદાબાદે પુ. જીવલક્ષ્મી ભણનાર્થં લા. વિ. સૂ. જ્ઞા. ભં. ખંભાત.

(૨૦૪) તેતલી મંત્રી રાસ. સં. ૧૫૯૫ આસો સુ. ૮ મંગલ શાંતિજમાં (૧-૧૫૯)

[આના રચનાર આ કવિ સહજસુંદર છે, કવિયણ નં. ૧૧૨ નથી તેથી (૧-૧૫૯)માંથી લઇ અત્ર મૂકેલ છે. 'કવિયણ' એ શબ્દ કવિ માટે 'કવિજન' તરીકે વપરાયો છે]

અંતે—

મુનિવર ગણ ગાતાં ગણ ચડિ, પુણ્ય વધિ નિ પાતિગ ટલિ,
સુખ સંપતિ લીલાં ઘરિ ઘણી, આસ્યાવેલિ ફલિ કવિ તણી. ૫૬
૩૬

સંવત **પનરપંચાણું**ઈ, આસો માસિ ધરી મણુ હોઈ
શુદિ આઠમિ નિ મંગલવાર, ગણુ બોલ્યા રવિના અવધાર. ૫૭
સાચી શાસનદેવિ પ્રસન્ન, **સહિજસુંદર** બોલિ સુવચન્ન,
પાંમી સદગુરૂતણીં આસીસ, એ રૂષિરાજ નમૂં નસદીસ. ૫૮
શાંતજ ગાંમિ રચિઉ એ રાસ, ભણુયો મનિ આણીં ઉલ્હાસિ,
દૂહા છંદ અનઇ ચઉપઇ, એ સુણુયો નિરમલ મનિ થઇ. ૫૯
સાચઉ **આગમ** કરઉ ગવેસ, ગચ્છ ભવીયણુ કવીયણુ ઉ**વએસ,**
ગણુ બોલ્યા નિ કરૂં વખાંણુ, જિમ હઉઇ જઇ સફલ વિહાણુ. ૬૦

(૧) શ્રી **પ્રતિષ્ટાલક્ષ્મી** મુહત્તરાના ચેલી પ્ર. **અચલલક્ષ્મી**ગણિની પ્રતિ પં. **વિજયમૂર્ત્તિ** ગણિ લખિતં. ૧૩-૧૧ પ્રથમ પત્ર નથી વિ. ને. (૨) સં. ૧૭૦૧ મા. વ. ૭ લિ. શ્રી **અંજાર** મધ્યે પત્ર ૭ વીકાનેરથી દક્ષિણે ૧૬ મૈલ આવેલા દેશનોક ગામે તખતમલજી દોશી પાસે.

(૧૩૭૭) પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ. સં. ૧૬૪૮ (?) થિરપુરમાં.
—દા. ૮૩ નં. ૧૬ હાલા૦

(૧૩૭૮) નાની કૃતિઓ.

૧ જઇતવેલિ ગા. ૩૪

—પત્ર ૩ પ્રત ૧૭મી સદીની પો. ૮૭ નં. ૨૩૯૨ જિ. ચા.

૨ સરસ્વતી છંદ.

શશિકર જિનકર સમુજ્જવલ, મરાલમારૂઢ **સરસ્વતિ** દેવી,
વિચરતી કવિજન હૃદયે, સદૈદા સંસાર ભયહરણી. ૧

× × × ×

નવ નવે રૂપ રંગી રમી, એક નામી માતા સતી,
કહે કવિ **સહજસુંદર** સોઈ, નિત પૂજો **સરસ્વતી.** ૧૪

—(૧) ૨-૧૩ પ્રત નં. ૨૩૯૧ શ્રીમુક્તિ૦ વડોદરા (૨) શ્રી કાલૂમધે ચતુર્માસીકૃતે ૧-૧૭ નાહટા.

૩ **શાલિભદ્ર સઝાય** ગા. ૧૭

પ્રથમ ગોવાલ તણે ભવેજી, દીધૂ મુનિવર દાન,
નયરી **રાજગ્રહી** અવતરીઉજી, રૂપે એ મયણ સમાન-સોભાગી.
ધન **ધનો** સુગતિ ગઉજી, **સાલભદ્ર** અનુતર વિમાન,
સહેજસુંદર ઇમ વીનવેજી, સાચી પ્રવચન વાણિ. ૧૭

—છેલ્લું પાનું દા. ૮૨ નં. ૧૩૭ હા.

૪ **આદિનાથ શત્રુંજય સ્ત૦**

આદિ સયલિ સુહકર સયલિ સુહકર સુમતિ દાતાર,
અંતે જય સુગુણમંદિર **સાહજસુંદર** ભણઈ વયણ સુહંકરો,

—દા. ૮૩ નં. ૭૫ હા૦

૫ **આંખકાન સંવાદ** ૫ કડી. રાગ મિશ્ર રામગ્રી.

પરબ પનુતા પરખીયઇ, **શેત્રુંજ** સ્વામી નિરખીયઇ,
હરખીયઇં ગરવ મ કરિ અતિ આંખડીએ.
શ્રવણ ! સુણુ ઇક વાતડી, સફલ હુઆ તુમ્હ યાત્રડી,
આવડી આસ સિરાડઈ કિમ ચડીએ. ૧

ત્રૂટક.

જિન જોઇવા અતિ આંખિ હરખઇ રૂપ નિરખઈ વલીવલી
સંગીત ગીત રસાલ નવનવ સુણઇ કાંન વલી વલી,
વિસરી વાત વિવાદની પરિ ભાવ ભગતિ કરઈ ઘણી.
કરકમલ જોડી **સહજસુંદર** ભણઈ વાણિ સોહામણી. ૫

—૧-૧૧ નાહટા.

---

૯૫ કુશલસંયમ (ત. કુલધીર શિ.) (૧-૧૨૯).

(૧૭૩) હરિબળનો રાસ. (સુધારોઃ-સં. ૧૫૫૫ મહા શુદ ૫.

આદિ— (૧-૧૨૯).

પહિલુ પ્રણમઉ **પાસ** જિન, જીરાઉલિનઉ રાય,
મનવંછિત આપઇ સદા, સેવઇ સુરપતિ પાય. ૧

ગુરૂ ગોયમ ગણધાર તું, ગિરૂઉ લીજઇ નામ,
જિણિ નામિ નગિ પામીઇં, આઠઇ સિદ્ધિ અભિરામ. ૨
અંગૂઠઇ અમૃત વસઈં, લાછિ તણુઉ ભંડાર,
પહિલઉ ગણધર વીરનઉ, બુધિ તણુઉ દાતાર. ૩
કાસમીર મુખ મંડણી, કવીયણ કેરી માય,
સારદા નમું તે સહી, તૂઠી કરઇ પસાય. ૪
ષટદર્શન વિખ્યાત જે, આપઇ અવિરલ બુધિ,
બ્રહ્માણી જે જ્યોતિમય, કરઇ કવિતની સિધિ. ૫
વીણા પુસ્તક ધારણી, હંસાસણિ **સરસતિ**,
દયા કરીનઇ મૂંહનઈં, દેયો નિરમલ (ભ)ત્તિ. ૬
શ્રી **સરસતિ** સુપસાઉલઇ, નવરસ સાગર નાંમ,
કહું પ્રબંધ **હરિબલ** તણુઉ, બોલઉ અતિ અભિરામ. ૭

અંતમાં પહેલાં ઉમેરો.

હરિબલ ચરિત્ર તણુઉ નવિ પાર, પઢતાં ગુણતાં હર્ષ અપાર,
દૂહા વસ્તુ અનઇ ચઉપઇ, નવરસ સરસ કથા એ હૂઇ. ૧૬૬
વિક્રમ નત્રિ સંવત્સર **પંનર પુણ્ પુણપંજ**,
વરસ મઝિમ માહા સુદિ પંચમ એ, રાઉ સિરિ **હરિબલ** પ્રબંધ.
ભણઇ ભણાવઈં જે નર સંભલઇ, તિહિ ધરિ મંગલ ચ્યારિ,
ઠામિ ઠામિ નિતુ જયજયકાર, ઋધિ વૃધિ પામઇ અનિવાર. ૧૬૮

—(૧) આમાં ૪ ખંડ છે. સં. ૧૬૨૬ જ્યેષ્ટ શુદિ ૬ લિખિતં ગ્રં. ૧૦૫૦ ધર્મરત્નસૂરિ લિખિતં. દે, લા. પુ. લા. ચોપડો નં. ૧૧૨૫ પાનાં ૧૫ થી ૫૯. (૨) ઉક્ત લાયબ્રેરીમાં નં. ૧૫૩૪ની પ્રત છે તેમાં અંતે છે કેઃ—ઇતિશ્રી કુશલસંયમ વિરચિતે નવરસ સીંગાર નામ્નિ હરિબલ પ્રબંધો ચતુર્થખંડઃ સંપૂર્ણ. ગ્રંથાગ્ર શ્લોક સંખ્યા ૯૨૫ સર્વ અક્ષર સંખ્યા ૨૯૬૦૦ સંખ્યા સંવત્ ૧૬૭૭ વર્ષે ભાદ્રવા વદિ ૬ ગુરૂ લિખિતં. પંડિત શ્રી ૫ શ્રી હર્ષવિજયગણિ શિષ્ય ગણિ લાલવિજયેન આછવાડાગ્રા ગ્રામે ૨૦–૧૭. (૩) સં.

૧૬૮૪ ચૈ. વ. ૫ રવૌ પત્તનનગરે સા રામજીગૃહે ઋ. ભોજકેન લિ. સાધ્વી લીલા પઠનાર્થં શ્રી પદ્મસાગરસૂરિ ગચ્છે વિલુત (પુરે) ૪૧-૪૨ દા. ૩૬ ડા. ભં. પાલણુ. (૪) સં. ૧૬૬૭ આસો શુ. ૧૫ શનૌ જાંબુગ્રામે મુનિ લલિતસાગર લિ. દા. ૩૬ તેજ ભંડાર. (૫) ૭૨-૧૩ દા. ૭૦ નં. ૫૮ ડે. (૬) ૫૦-૧૦ દા. ૭૦ નં. ૫૭ ડે. (૭) ચેલા ચંદ્રવિવેક મુનિ લષિતં ઘૂઘરા ગ્રામે. ૨૪-૧૮ દા. ૯ નં. ૪૫ લે. સાગર ઉ. પાટણ. (૮) સંવત્ ૧૬૪૦ આસો શુદિ ૩ રવૌ આગમગચ્છે ધંધૂક પક્ષે સૌભાગ્યસુંદર સૂરિ તત્પરિવારેન ભ૦ ધર્મ્મરત્નસૂરિ લ૦ પવતણી હેમશ્રી તત્પરિવારેન ઋષિણી મહિમશ્રી ગણિ તત્પરિવારેન ઋષિણી હર્ષશ્રી ચેલી લાલાં પઠનાર્થં. ગ્રં. ૧૦૫૦ શ્રી સંખીસ્ત્રરા પાર્શ્વનાથની રક્ષા. (પં. જયસુંદર લિ. દેકપુર મધ્યે ચાતુર્માસ) (પહેલું પાનું નથી). વી. ઉ. અમદાવાદ. (૯) ૨૩-૧૪ દા. ૧૭ (છેલ્લું પાનું નથી) તેજ ભં. (૧૦) ૩૯-૧૧ નં. ૪૬૨૦ વિ. ને. (૧૧) મુની કેસરવિજિ પન્યાંસ લ. શ્રી પંચ પરમેશ્વરી પ્રસાદાત્ શ્રી ઉન્હા નગરે ૨૬-૧૬ દા. ૧૬. નં. ૧૭. ઘોઘા. (૧૨) સં. ૧૬૪૨ પં. સકલચંદ્ર ગણિના નિ. વિ. ચાણુસ્મા.

(૧૩૭૯) સંવેગદ્રુમ મંજરી.

આદિ—

સકલરૂપ પ્રણમી અરિહંત, સમરી સાધુ સદા ગુણવંત,
શ્રી સિદ્ધાંત શ્રુતધર રાઉ, બુદ્ધિ તણુ જેણિઈં કરિઉ પસાઉ. ૧
હૂં પણિ અછઉં મૂરખ મૂલિ, સવિહું સુકવિતાની પગધૂલિ.
બોલિસુ વીરવચન મનિ ધરી, એ સંવેગ-દ્રુમ મંજરી. ૨
જીવ સવે સહજિઇં અતિ વિમલ, દરસન ગ્યાન ચારિત્રઈં સકલ,
બાંધઇ છોડઇ એહજ કમ્મ, કમ મરે (?) હિત પામઈ શિવશર્મ્મ. ૩

(આમાં ક્રોધાદિનાં ફલ, અનિત્યાદિ બાર ભાવનાનું સ્વરૂપ છે, દૂહા, ચોપઇ મુખ્યપણે છે. થોડી હાલો છે).

અંતે વસ્તુ

નમિય જિનવર નમિય જિનવર અપર અરિહંત,
સમરી સહગુરૂ સાધુ સવિ, દયામૂલ જિનધમ્મ નિશ્ચલ.
શ્રુતદેવી સુપસાઉલઇ, સુણી સુગુરૂ ઉવએસ મંજુલ,
કુશલસંજમ કવિ ઇમ ભણઇ, એ ચઉપઇ રસાલ.
સંવેગદ્રૂમમંજરી, સંવેગિઇ ચઉસાલ.

(૧) આર્યા **નાકૂ** પઠણા અર્થં । **મોરબી** નગરે ઋ૦ ધના લિ. ૫-૧૪ નં. ૬૨૩ મ૦ જૈ. વિ૦ (૨) નં. ૨૦૪ સન ૧૮૭૩-૭૪ ભાં. ઇ.

---

૨૦૯ શુભવર્દ્ધન શિ૦ (સુધર્મરૂચિ ?) (૧-૪૦૭)

(૧૩૭૯૩) શાંતિનાથ સ્ત૦ (કુમરગિરિ મંડન) કડી ૩૧ સં. ૧૫૬૩ ભા. ૧૦

સંપઇ સુહ-કારણ દુરિય-નિવારણ, કુંઅરગિરિ શ્રી **શાંતિ** જિણુ
ભવ-તારણ મિલીઉ દહાડઉ વલીઉ રૂલીઉ ભવ ભવ તુઝ તિણુ

ઢાલ

સુણિ તૂં સ્વાંમી ઠાકુર મોરા, તિમ કરિ જિમ છુટઉં ભવ-ફેરા,
દુહિલા નરય નિગોદહ કેરા, તે મઇ કીધા ઘણાઇ ઘણેરા. ૨
શ્રી **શુભવર્દ્ધન** પંડિત રાયા, તે સહગુરૂના પ્રણમી પાયા,
તવ્યો **સંતિ** જિણેસર સ્વામી, **કુંઅરગિરેઇ** મેં ઉલટ પામી. ૩૦
પનર ત્રેસઠઇં તૂંહિજ તવે, દસમી દિન ભાદ્રવા માસે,
તવીયઉ સ્વામી હરખ્યે પામી, પૂરૈ શ્રીવકારો આસે. ૩૧

—(૧) ૬ પાનાની પ્રતમાં ૧ થી ૩ પત્ર. ૯ પંક્તિ જશ. (૨) **રાજનગરે** સં. ૧૬૭૮ ફા. શુ. ૧૨ વા. **હર્ષવલ્લભ** ગણિ શિ. પં. **હર્ખા** લિ. પત્ર ૨ નં. ૧૭૧૨ અભય.

(૩૯૧) આષાઢભુતિ રાસ (૧-૪૦૭)

—(૧) ૫-૧૧ દા. ૮૨ નં. ૧૩૯ હા. (૨) મુનિ **હિતકુશલ** લિ. ૩-૧૫ નં. ૭૬ જસ (૩) ચોપડો પત્ર ૭૮ થી ૮૧ પં. ૧૭

પ્ર. કા. (૪) પ્રત ૧૭ મી સદીની પત્ર ૩ પો. ૮૨ નં. ૨૦૮૮ જિ. ચા. (૫) જ્ઞાનહંસ ગણિ શિ. વિનયહંસ લિ. સોમવિમલ સૂરિના રાજુલ-લેખ સહિત ૩-૧૪ દા. ૩૬ ડા. પાલણપુર. (૬) સં. ૧૬૭૬ ચૈ. શુ. ૧૧ સોમે બર્હાનપુર નગરે મહો. વિજયરાજ ગણિ શિ. અમરવિજય લ. ૪-૧૪ દા. ૪૫ નં. ૧૨ સંઘ ભં. પાલણપુર.

(૩૯૨) ગજસુકુમાળ રાસ સુધારો લ. સં. ૧૫૯૧ પહેલાં (૧-૪૦૮)

—(૧) સં. ૧૫૯૧ ફા. વદિ ૨ શુક્રે ધવલક્કપુરે પ્ર. સુમતિશ્રી ગણિ યોગ્યં પં. સોભાગ્યમંડન લ. વાચનાર્થં ૪-૧૨ કમલ મુનિ (હાલ પુરાતત્ત્વ મંદિર) (૨) ગણિ ચાંપા શિ. પદમકુશલ પઠનાર્થં સં. ૧૬૪૯ આસાઢ ૭-૧૫ દા. ૮૩ નં. ૭૩ હા. (૩) સં. ૧૬૯૧ ફા. વ. ૧૩ બાઇ હીરાબાઇ પઠનાર્થં ૫-૧૦ જશ. (૪) સં. ૧૭૦૬ પત્ર ૧૦ ગ્રં૦ ૯૩ દા. ૩૬ નં. ૨૩ લીં. (૫) શ્રી દીવબંદરે સં. ૧૬૬૧ વર્ષે લિ. પં. શ્રી ક્ષિમાસાગરેણ શ્રા. લીલાંદે વાચનાય ૫-૧૩ જૈ. એ. નં. ૧૧૩૮ (૬) સં. ૧૭૪૨ ચૈત્ર શુદિ ૫ પત્તન નગરે પં. ચતુરવિજ(ય) લ૦ શ્રા. તેજબાઈ પઠનાર્થં ૫-૧૩ દા. ૮૨ નં. ૧૯૨ હા. (૭) સં. ૧૭૬૨ અસાઢ વદિ ૮ રવઉ લ૦ પ્રત્યનુસારેણ ૬-૧૨ દા. ૮૨ નં. ૬૫ હા. (૮) સં. ૧૭૨૭ ચૈ. શુ. ૧૩ સોમે લિ. ૫-૧૩ દા. ૩૬ ડા. પાલણપુર (૯) સં. ૧૭૪૮ વૈ. શુ. ૮ પાટણ નગરે ૬-૧૩ નં. ૩૨૧૮ વિ. ને. (૧૦) શ્રાવિક કોડાઇ પઠનાર્થં પત્તન નગરે સં. ૧૭૧૩ માગસર વદિ ૨ પં. નયસાગરેણ ગણિના ૯-૯ નં. ૨૩૬૧ મુક્તિ૦ (૧૧) ૪-૧૫ નં. ૨૪૨૩ મુક્તિ. (૧૨-૧૪) સા. સુમતિસિદ્ધિ પઠનાર્થં પત્ર ૪ નં. ૨૫૫, પં. રંગકુશલ મુનિના લિ. સાધ્વી હર્ષલક્ષ્મી પઠનાય રિણી મધ્યે પત્ર ૫ નં. ૨૬૩૦, અને સાધ્વી જગીસ પઠનાય પત્ર ૭ નં. ૩૧૯૦ અભય.

(આ કવિ ૧૬મા સૈકાનો છે તેથી તેને તથા તેની કૃતિઓને અત્ર લીધેલ છે.)

૯૬ લાવણ્યરત્ન (ત. સુરહંસ શિ.) (૧-૧૩૦)

(૧૭૪) **વત્સરાજ દેવરાજ રાસ** સં. ૧૫૭૧ પો. ૧ (૧-૧૩૦)

આદિ—

ગોયમ ગણહર વિઘનહર, મણુહર વચન વિલાસ,
જાસ પસાઇં પ્રામીઈ, તે પ્રણમી કરૂં રાસ. ૧
બ્રંભસુતા હંસ ગામિણી, સામિણિ કવીઅણ માય,
તે **સરસતિ** સેવું સદા, જિમ પ્રામું જસવાય. ૨
પુણ્યિં પૂરી સંપદા, પુણ્યિં આપદ દૂરિ,
પુણ્યિં સેવઇ દેવતા, પુણ્યિં સુખ ભરપૂરિ. ૩
તે ઉપરિ **વછરાજનુ**, ગિરૂઉ પ્રાકૃત-બદ્ધ,
લાવણ્યરત્ન કવિં ઇમ ભણઇ, નિસુણ પુણ્ય-પ્રબંધ. ૪

અંતે— ઢાલ

જિન સાસનિ ગિરૂઉ ગુણવંતુ, **તપાગચ્છ** દિનિ દિનિ દીપંતુ,
જા પંતુ કલિ વાઉ. ૪૬૨
શ્રી **સોમસુંદર** રૂપિ ગુરૂઆ ગણહર, ભવિઅણ વંછિત્ત પૂરણ સુરતર
મણહર જગિ જસવાઉ. ૪૬૩
તાસ પાટ પ્રગટ પ્રભાકર, સૂરીસર શ્રી **લક્ષ્મીસાગર,**
સાગર પરિ ગંભીરો. ૪૬૪
મોહ-વિહંડણ મહીઅલ-મોહણ, **સુમતિસાધુ સૂરિ** ભવિયણ
પડિબોહણ, મોહણવેલિ સરીરો. ૪૬૫
પાટિ તાસ ઉદય જિમ દિનમણિ, શ્રી **હેમવિમલ સૂરિ** સૂરિ-
શિરોમણિ, ચિંતામણિ અવતારો ૪૬૬
કોહ મોહ ભડ અનડ સુમોડઇ, વાદી રાય મયગલ ગલ ખોડઇ,
કર જોડઇ નરનાહો. ૪૬૭
જુગપ્રધાન કલિયુગિ કુણ ઉપમ, અભિનવ **જંબૂ ગોયમ સોહમ,**
સો ઇમ સંપઇ ચંદઉ. ૪૬૮

જાં અંબરિ ગહ ચંદ દિવાયર, મેરૂ મહાગિરિ સાત્તઇ સાયર,
તાં ગુરૂ એ ચિર નંદઉ. ૪૬૯
મહ મિથ્યાત્વ કંદ કુદ્દાલ, દંસણુ રસિ રંજિઅ ભૂપાલ,
પાલઇ મહવ્વય ભારો. ૪૭૦
પંડિત શ્રી **ધનદેવ** સુહંકર, મોટિ મમક્ષ મહિ મહિમામંદર,
સુંદર સુરપુરિ પત્તો. ૪૭૧
સુરહંસ ગુરૂ જણુ-મણરંજણુ, કુમતહરણ વાદીમુખભંજણુ,
નિરંજણુ જસ વાઉ. ૪૭૨
કલા બહુત્તિરિ ગુણુ આધારો, પંચ મહવ્વય સુદ્ધાચારો,
વંદિસ સો ગુરૂ સારો. ૪૭૩
લાવણ્યરત્ન તસુ સીસિં હરસિં. સંવત **પનર એકોત્તર** વરસિં,
પોસિં પડવે દિવસિં. ૪૭૪
દેવગિરિ નગરિં કીધઉ રાસ, **વચ્છરાજ**નુ સરસ નિવાસ,
ભણુસિં તે સુખ લહસઇ. ૪૭૫

—ઇતિ વછરાજ દેવરાજ રાસ સંપૂર્ણ સમાપ્ત. પંડિત શ્રી ધર્મ્મવર્દ્ધન ગણિ તત્ શિષ્ય ગણિ વિવેકવર્દ્ધન પઠનાર્થે લષિતં. ૨૪-૧૪ દા. ૮૨ નં. ૨૨૩ હા.

(૧૭૫) યશોધર ચરિત્ર રાસ સં. ૧૫૭૩ કા. દેવગિરિ (૧-૧૩૦)
અંતમાં સુધારો :—

પાટે **રત્નશેખરસૂરિ** મહકે જગજસ, જિણે પડિબોહ્યા શ્રાવક સહસ ૩૧
સિરિ **ધનદેવ** પંડિત શિષ્ય સિરિ મોડ, પુહવિ પીઠિ પયાર્વિં પયડ
અબૂઝ જીવ ઘણા બૂઝવ્યા, સમકિત વિમલ સલિલ સૂઝવ્યા. ૩૫
તસુ પયકમલેં રમલિ જિમ ભૃંગ, **લાવણ્યરત્ન** નામે સીસ ચંગ. ૩૬
દેવગિરિ નગરે કાતિ માસે, **યશોધર ચરિઅ** કરિઉ ઉલ્લાસિ. ૩૭
સમકિતસુંદર નામ પ્રબંધ, પાપતણુ ટાલે સંબંધ. ૩૮

—(૧) ઇતિશ્રી સમ્યકત્વ સુંદર રાસાભિધં યશોધરચરિત્ર રાસ સમાપ્તઃ ગ્રં. ૬૦૦ **સોજત્રા** ગ્રામે ૩૫-૧૧ દા. ૨૫ નં. ૧૦ ડા.

અ. ભં. પાલણપુર (૨) સં. ૧૬૨૮ પો. શુ. ૧૦ લ૦ જીરાપુલ્લી પ્રસાદાત્ ચોપડો ૩૦-૩૪ વડા ચૌ. સુરત. (૩) પ્રાયઃ આ કવિકૃત સં. ૧૬૩૩ ચૈ. વ. ૬ સોમે ભાદ્રઉડ ગ્રામિ લિ. સા. જેવત પઠનાર્થે વિ. લ. સૂ. જ્ઞા. ભં. ખંભાત.

---

૬૬૫ ચદ્રલાભ (આંચ.)

(૧૩૮૦) ચતુઃ પર્વી રાસ સં. ૧૫૭૨.

—પત્ર ૧૦ ગ્રં. ૨૧૯ દા. ૩૭ નં. ૯૯ લીં.

---

૬૬૬ અમીપાલ

(૧૩૮૧) મહીપાલનો રાસ સં. ૧૫૭૨ આસો શુદ ૫ ગુરુ.

આદિ—

સકલ મનોરથ-પૂરણો, વંછિત ફલ દાતાર,
નાભિરાય કુલિ મંડણો, **શેત્રુંજ** ગિરિ સણસાર. ૧
મરૂદેવી રાણી ઉરિ ધર્યા, શત શાખા વિસ્તાર
પ્રથમ જિણેસર પય નમી, કરસૂં કવિત રસાલ. ૨
પંચસેં ધનુષ પ્રમાણુ દેહ, પેખે પરમાણુંદિ
ઇક્ષ્વાગ વંશ ઉદ્યોતકર, સ્વામી **આદિ** જિણંદ. ૩
સરસી પ્રણમૂં **સારદા**, કવીયણ કેરી માય
અવિરલ વાણી પામવા, બીજુ નથી ઉપાય. ૪
રિસહ જિણેસર **સારદા**, પ્રણમી કવિત કરેસિ,
મહીપાલ ક્ષત્રીયતણું, સુણતાં ટલે કલેસ. ૫

અંતે—

પનર બહુતિરિ અશ્વનિ માસ, શુકલપક્ષ પંચમિ ઉલ્હાસ,
ગુરૂવારે કીધું ચરી, **અમીપાલ** મનિ આનંદ ધરી. ૧૦૯૩

(૧) આદિમાં પં. શ્રી શિવસુંદર ગણિ ગુરૂપાદકેભ્યો નમઃ— ઇતિ મહીપાલ રાજાનું રાસ દાનવિષયે સંબંધ ચુપૈઇ કથા વસ્તુ

બંધરાસ સંપૂર્ણ. ૩૯-૧૫ દા. ૪૩ નં. ૧૫ બ કે. (૨) સં. ૧૬૨૯ શ્રા૦ શુ૦ ૫ રવૌ. આસ્યાપલ્લીમધ્યે પૂજ્યશ્રી દેવરત્નસૂરિ ચાતુર્માસ સ્થિતા તદ્દવસરે ઋષિ સોમજી લખિતં શ્રી હંસલક્ષ્મી વાચનાર્થે ૩૫-૧૬. દા. ૨૨. નં. ૨૪ સીમંધર.

---

(૯૭) સાધુમેરૂ (આગમગચ્છ હેમરત્નસૂરિ શિ૦) (૧-૧૩૨)

(૧૭૯) પુણ્યસાર રાસ સં. ૧૫૦૧ (નહિ કે ૧૫૭૧) તેથી તેને અગાઉ પૃ. ૪૫૨ પર મૂકેલ છે ત્યાં જુઓ.

---

(૯૮) રત્નસિંહસૂરિ (સુધારો—રત્નસિંહસૂરિ શિષ્ય) ૧-૧૩૨.

(૧૮૦) રત્નચૂડ મણિચૂડ રાસ સં. ૧૫૦૯ (નહિ કે ૧૫૭૧) તેથી તેને અગાઉ પૃ. ૪૬૪ પર મૂકેલ છે, ત્યાં જુઓ.

---

(૯૯) રત્નસિંહસૂરિશિષ્ય (૧-૧૩૨).

(૧૮૧) જંબૂસ્વામી (૧-૧૩૨).

આ બંને બીજી વખત ભૂલથી મૂકાયા છે. અગાઉ નં. ૪૯ના રત્નસિંહસૂરિ શિષ્ય અને નં. (૭૯)ના જંબૂ-રાસ નોંધાઇ ગયા છે.(૧-પૃ. ૫૨)

---

૬૬૬ ક છીહલ.

(૧૩૮૧ ક) પંચ સહેલી દોહરા ગા. ૬૬ સં. ૧૫૭૪ ફાગણ શુદ ૧૫ (મારવાડી ભાષા).

દેખ્યા નગર સોહામણા, અધિક સુચંગા થાન,
નામ **ચંદેરી** પરગડી, જાનુ સુરલોક સમાન. ૧
ઠાઈ ઠાઇ મંદિર સતખિણા, સોને લેહા લીહ,
છીહલ તાંકી ઊપના, કહત નાવિ છેહ. ૨

સંવત પન્નર ચિહુતરિ, પુનિમ ફાગુણ માસ,
પંચ સહેલી વરનવી, છીહલ કવિ પરગાસ. ૬૬
—૨-૧૫ પો૦ ૧૯ વડા ચૌટા ઉ૦

---

૧૦૦ ભાવસાગરસૂરિ શિષ્ય એમ સુધારો(આં.) (૧-૧૩૨)
(૧૦૨) નવતત્ત્વ ચોપઈ. સં. ૧૫૭૫ પાટણમાં (૧-૧૩૨).
આદિ—

આદિ નમી આનંદહ પૂરિ, ગિરૂઆ ગુરૂ **ભાવસાયર** સૂરિ,
પામી તાસુ પસાઉ ઉદાર, નવતત્ત્વનઉ હૂં કહિસુ વિચાર. ૧
જાણઇ જીવ ન નવતત જામ, નવિ સમકિતીઉ કહીઇ તામ,
સમકિત વિણુ નવિ સિવપુરીવાસ, તુ નવતત્ત્વનઉ કરઉ અભ્યાસ. ૨×
શ્રી **સિદ્ધાંતસાગર** સૂરિ ગુરૂ, શ્રી **ભાવસાગરસૂરિ**,
પ્રણુમીય ત્રીજા તત્ત્વનું, વિવરણુ બોલિસુ ભૂરિ. × ×
શ્રી **જયકેશરસૂરિ**ગરૂ, **સિદ્ધાંતસાગર** સાર,
ભાવસાગર ગુરૂ પય નમી, સંવર કહિસુ વિચાર.

અંતે—

સંવત્ **પનરપંચહુત્તરિ** વરસિ, શ્રી **પત્તનિ** હઇઆનઈ હરસિ,
શ્રી સંઘનઈ આગ્રહિ ચઉપઈ, કીધી ભાવિઈ ભગતઈ થઈ. ૫૮
ઈય સોહગસુંદર સૂરિ પુરંદર **ભાવસાગર** ગુરૂ ગછધર,
પય-પઉમ પસાઈ કવિત કરાઈ પાપ પલાઈ દુરિતર.
જે ભવિયણુ ભાવઇ સરલ સભાવઈ ભણુઇ ગુણુઈ **નવતત્ત્વવર,**
તે લહસઈ સિદ્ધી વંછિત રિદ્ધિ નિરમલ બુદ્ધિ વિબુધ નર. ૫૯

—(૧) ૩૪-૧૫ નં. ૨૨૨૨ સં. લા. વડોદરા (૨) પત્ર ૫૦ શ્લો. ૧૨૫૦ દા. ૪૫ નં. ૧૦ લીં. (૩) ગ્રં. ૧૩૪૫ ૪૫-૧૩ દા. ૭૦ નં. ૫૪ ડે૦ (૪) ૨૫-૧૭ દા. ૭૦ નં. ૫૫ ડે. (૫) ૩૮-૧૩ દા. ૪૨. નં. ૩૮ ब ડે. (૬) બાણુનંદે બાણુયુક્તે ચ ઇંદે ૧૫૯૫ તસ્મિન્ વર્ષે અશ્વની શુકલપક્ષે ગુરૌ પૂર્ણા. **અંચલ**

ગચ્છે ગુણનિધાનસૂરિ રાજ્યે સત્યપુર મધ્યે પં. વિદ્યાશીલ મુનિ આત્મવાચનાય લિ૰ ૧૮-૨૦ નં. ૩૯ ગ્ર ડે. (૭) ૩૧-૧૪ દા. ૮૩ નં. ૧૯૭ હા. (૮) સં. ૧૯૨૪ અ. વ. ૪ બુધે બમ્બઇ મહાત્મા કિસન લિ. પત્ર ૨૭ પો. ૬૧ જય૰ (૯-૧૦) રાજનગરે સં. ૧૭૩૫ પો. વ. ૮ ગુરૌ ગ્રં. ૧૩૫૦ ૫૭-૧૧ દા. ૨૦ પો. ૧; તથા ૩૧-૧૩ જીર્ણપ્રત દા. ૨૦ પો. ૧ વી. ઉ. (૧૧) પં. થિરવિજય શિ૰ પુણ્યવિજય ગ૰ લિ૰ સં. ૧૭૬૨ માર્ગશીર્ષ શુ. ૧૫ ચંદ્રવાસરે ૨૧-૨૧ પો. ૪૧ નં. ૨૧૬ ઝીં.

(ભાવસાગર સૂરિ અંચલગચ્છના ૬૧મા પટ્ટધર. આચાર્ય પદ સં. ૧૫૬૦ સ્વ. ૧૫૮૩ જુઓ જૈ૰ ગૂ૰ કવિઓ ૨ પૃ. ૭૭૩)

---

૧૦૧ સૌભાગ્યસાગરસૂરિ શિષ્ય (વડતપગચ્છ) (૧-૧૩૩)

(૧૮૪) ચંપકમાલા ચરિત્ર. સં. ૧૫૭૮ (૧-૧૩૩)

(વસ્તુ, ચોપઇ, દૂહામાં વસ્તુછંદ ચાર પાંચ છે.)

થોડઇ દિન સીખ્યઉ ઘણુંએ, સવિ રહિ સઉ પાસ,
ચઉરાસી આસણુ ભલાંએ, કાંમરંગ અભ્યાસ.
પિંગલ ભરહ વિચારસાર, નાટિક પટ્ભાષા,
ચતુરિમ ગુહિર ગંભીર ગ્રખ, એહની એ શાખા. ૫૧

ઢાલ-વીર જિણેસર ચરણ. જિમ સહકારઇ કોઇલ (ગૌતમ રાસની), સાહેલડીની, માલતડીની એમ ચારેક ઢાલ જોવામાં આવે છે.)

—(૧) ગંધાર બિંદરે વા૰ વિવેકસાગર ગણિ-૧૧-૨૧ નં. લ૰ ૪૫૬ મ. જૈ. વિ. (ઘીચોગીચ પણ સુવાચ્ય અક્ષરમાં. (૨) સં. ૧૬૬૭ આસો શુદિ ૬ ગુરૌ જાંબુ નગરે । ઋષિ લલિતસાગર લિ. ૨૧-૧૫ પો. ૩૮ નં. ૧૮૧ ઝીં. (૩) ૧૭-૧૭ દા. ૨૦ લીં. (૪) ૪-૧૩ અપૂર્ણ જશ. (૫) સં. ૧૬૭૫ દ્વિ. શ્રા. વદિ ૧૪ શુક્રે લ. વા. વિજયમૂર્ત્તિ ગણિ પઠનાર્થે પાનાં ૧૩ થી ૨૫ દરેકમાં પંક્તિ

૨૧ દે. લા. પુ. લા. નં. ૧૧૦૦-૪૬૬. (૬) સં. ૧૬૯૧ જ્યે. સુદિ ૪ લ૦ ઋષિ હરજી મોરબી મધ્યે સ્વયં વાચનાર્થે ૧૮-૧૭. નં. ૩૩૨૧ વિ. ને. (૭) ૧૭-૧૭ પો. ૩૮ નં. ૧૮૧ લીં.

---

૬૬૬ ખ ભાનુચંદ્ર-ભાણુચંદ (લોંકા ગ૦)

(૧૦૮૧ ખ) +દયાધર્મ ચોપઇ કડી ૨૫ (ઐ.) સં. ૧૫૭૮. માઘ શુ. ૭

વીર જિણેસર પણમિ પાય, સુગુરૂ તણુ લહો સુપસાય,
ભસ્મગ્રહનો રોષ અપાર, જઈન ધરમ પડિયો અંધકાર. ૧
ચૌદસયબ્યાસી વઇસાખઈ, વદ ચૌદસ નામ **લુંકો** રાખઇ,
આઠ વરિસનો **લુંકો** થયો, સા ડુંગર પરલોકઈ ગયો. ૪
દયાધર્મ જહહલતી જ્યોત, સા **લુંકે** કિધઉ ઉદ્યોત,
પનરસય બતીસઉ પ્રમાણુ, સા **લુંકો** પામ્યો નિરવાણુ. ૧૪
પનરસય અઠયોતર જાણઉં, માઘ શુદ્ધિ સાતમ પ્રમાણઉં,
ભાનુચંદ યતિ મતિ ઉલ્લસઉ, દયા ધર્મ **લુંકે** વિલસઉ. ૨૫

—પ્ર૦ 'શ્રીમાન્ લોંકાશાહ' પૃ. ૨૩૪ થી ૨૩૭.

---

૧૦૨ ભુવનકીર્ત્તિ (૧) (કો૦ કક્કસૂરિ શિ. ૧-૧૩૪).

(૧૮૫) કલાવતિ ચરિત્ર સં. ૧૫૮૦ (૧-૧૩૪).

આદિ— ઢાલ બાહુબલિકી

વીર જિણેસર પય નમી, સમરીય **ગોયમ** સામિરે,
ચરિત ગાઉં **કલાવતી** તણું, સીલ ગુણ કરિ અભિરામરે;
ભવિયણ પાલઉ શીલ નિરમલુ, જિમ લહુ મુગતિ નઉ ઠાંમિરે. ૧
કલાવતી દોહન કરિ આવીયા, જોઉ જોઉ સીલ પ્રમાંણુરે ભવિયણ. ૨

—(૧) ૬-૯ દા. ૩૬ ડા. પાલણપુર. (૨) ગા. ૯૧ પ્રત ૧૭મી સદીની પો. ૮૧ નં. ૨૦૫૦ પત્ર ૪ જિ. આ. (૩) પો. ૨૯ પત્ર ૫ જય.

---

૧૦૪ જયનિધાન (ખ.રાજચંદ્ર શિ.) (૧૭મી સદીના) ૧-૧૩૭

(૧૮૮) સુરપ્રિય ચરિત રાસ સુધારોઃ—સં. ૧૬૬૫. (૧-૧૩૭)

અંતે સંવત્ વર્ષ 'બાણુ સુર સર સસધરઇ' છપાયેલ છે, પણ તેને બદલે 'બાણ સુરસ રસ સસધરઇ' એમ વાંચવું ઘટે તેથી આ કૃતિ અને કવિ સત્તરમી સદીમાં થયેલ છે. માટે તે સદીમાં યોગ્ય સ્થળે આ કવિ અને તેની બીજી કૃતિઓ મૂકી છે.

---

૧૦૫ ભીમ (૧) (શ્રાવક) (૧-૧૩૮)

(૧૮૯) અગડદત્ત રાસ સં. ૧૫૭૫ (૧-૧૩૮)

આદિ— દૂહા

પ્રથમઈ પ્રણમૂં **સારદા,** કવીઅણ કેરી માય,
અવિચલ પદ આપઇ સદા, તૂઠી કરઇ પસાઉ. ૧
તૂં સામિણિ માતા પિતા, તૂં બાંધવ તૂં મિત્ર,
તૂંહ પયકમલ હીઇ ધરી, કહિશિ કથા સુપવિત્ર. ૨
જે કવીઅણ વાંણી કવઇ, તે તુઝ કરઇ પ્રણામ,
જઉ તૂં માત મયા કરઇ, તુ સીઝઇ સવિ કાંમ. ૩
મૂઝ મૂરખ મનિ ઉપનઉ, ભાવ ભલો અતિ સાર,
અગડદત્ત રિષિ રાયનુ, રાસ રચિસિ વિસ્તારિ. ૪

પછી સરસ્વતિ સ્તુતિ ચોપઇમાં મૂકી છે.

તુઝ પયકમલ હીયામાહિં ધરૂં, કથા એકનૂં નાટિક કરૂં,
મુઝ મૂરખ મનિ એ મતિ સોઇ, રખે માત હાસારથ હોઇ. ૧૭

અંતે—

વૈરાગિં તે મુનિ કહ્યઇ, લીધો સંયમ ભાર,
દિનિ દિનિ તપ અધિકુ કરઈ, **અગડદત્ત** રિષિ સાર. ૪૬૮
તેણઈ ય(જ)મ મોહ મૂંકીઉં, તિમ યે (જે) મૂકઇ આસ,
ભીમ ભણઇ તે ભવ તરઇ, વલી નાવઇ ગર્ભવાસિ. ૪૬૯

કેતે કેતે ઘાહાઢલે, સોસી તેણઇ કાય,
શિવરમણી હેલાં વરી, **અગડદત્ત** રિષિરાય. ૪૭૦
એહ કથા કિહાંથી કથી, કિમ જાંણિઉ સંબંધ,
કહિ કવિ તે મઈ કિહાં સુણી, કિમ કીધો પ્રબંધ. ૪૭૧

ચુપૈ.

નગર ભલૂં **નડિયાઈદ** ચંગ, ગઢ મઢ મંદિર અતિ ઉત્તંગ,
વસઈ વ્યવહારી મહાજન બહૂ, એક એક પહિં ચડતા સહૂ. ૪૭૨
તીરથ ઘણું અછઇ પુર માંહિં, **શાંતિનાથ** નાંમિ દૂખ જાંઇ,
નગર શિરોમણિ પુરવર એહ, કહિતાં કિમ હિ ન આવઇ છેહ. ૪૭૩
કહિ કવિતા શૂં વખાણીઇ, મહિલા વા મહીઅલિ જાંણીઇ,
ધર્મ નીમ પાલઈ આચાર, પીડયાં નર પીહર સાધાર. ૪૭૪
દાંન પુણ્ય તપ બુહલાં કરઇ, સાત વ્યસન સહુ કો પરહરઈ,
તે કોઇની પૂગી આસ, ચે(જે)ણીઈ નામ દીધૂં **જણદાસ**. ૪૭૫
ધણ કણ કંચણ તેહ ઘરિ બહૂ, કહિ કવિતા તે કેહવાં કહૂં,
અધિકાં પુણ્ય કરઇ દિન દિન્ન, જસ ઘરિ બેટા પુરૂષ રતન્ન. ૪૭૬
જે **ગોરો** કહીઇ તે સાચ, સહિગુરૂ તણી ન લોપઇ વાચ,
પુણ્યકાજ સાધઈ એકલુ, પાપકર્મથી રહિ વેગલુ. ૪૭૭
કોઈ રાજકુલમંડણ હોઈ, જસ ગુણ પાર ન પામઈ કોઈ,
જીવદયા નિતુ પાલઇ ઘણી, વાચ ન લોપઇ શ્રી ગુર તણી. ૪૭૮
જાૂઠરાજ જગમાંહિં ચંદ્ર, કરિ અવની અવતરિઉ ઇંદ્ર,
ધર્મ કરઇ જલિ જયણા સાર, ઘરિ મંડાવઇ શત્રૂકાર. ૪૭૯
જાવડ જગમાંહિં સુપ્રસિદ્ધ, જેણઇ પુણ્ય અતિ બુહલાં કિદ્ધ,
સુખિ સમાધિ વિલસઇ ઘણુઉ, પુણ્ય તણુઉં ફલ લિઇ અતિ ઘણુઉ. ૪૮૦
રૂપવંત **રૂપો** સાહા જેહ, અવનિ અનંગ અવતરિઉ તેહ,
તાસ સાથિ સોહઇ **હરિચંદ**, પુણ્ય કાજિ જેહનઈ આણંદ. ૪૮૧
નાગરવંશ તણુઉં શણગાર, **સાંમલ** સાંમલવનઉ સાર,
સાહા શાણાસુત નાકરે જેહ, અહિનિશિ પુણ્ય કરઇ નર તેહ. ૪૮૨

શ્રાવક અવર ઘણા છિ બહૂ, પુણ્યકાજિ સામર્થી સહૂ,
ત્રિણિ કાલ સહૂ વંદઇ દેવ, અહનિશિ સાધઇ સહિગુરૂ સેવ. ૪૮૩
સયલ સંઘ બઇઠો એકવાર, હુઇ કથા તવ ધર્મ વિચાર,
તપગચ્છિ **હેમવિમલ** સૂરિરાય, જસ નાંમિ બહૂ પાતક જાય. ૪૮૪
તાસ પાટિ અતિ ઘણી જગીસ, શ્રી **સૌભાગ્યહર્ષ** સૂરીસ,
તસ ગછિ **હર્ષજઈ** પંડિત સાર, કરિ અભિનવ **ગૌતમ** અવતાર.
તે પંણ્યાસ તિહાં ચુમાશિ, સયલ સંઘ બઇઠો ઉલ્હાશિ,
કરઇ વખાંણ તે અતિ સપવિત્ર, **અગડદત્ત**નૂં કરિઉં ચરિત્ર. ૪૮૬
તેહ વચન મઇ શ્રવણે સુણિઉં, **સરસતિ** ચરણ કમલ મનિ ધરિઉં,
આણંદ આણી કહિ **હરચંદ**, તિહાંથુ મઝ ઉપનુ આણંદ. ૪૮૭
એહ રાસ રચીઉં ચોસાલ, કુણ સંવત તે કેહુ કાલ,
પનરશત ચુરાશી જેહ, અષાઢહ વદિ સોહઇ તેહ. ૪૮૮
તિથિ ચૌદશિ સોહઈ સપવિત્ર, વાર શનૈશ્વર પુષ્પ નક્ષત્ર,
રચિઉ રાસ સયલો એકત્ર, **અગડદત્ત**નૂં કહિઉં ચરિત્ર. ૪૮૯

દૂહા.

પઢઇ ગણઈ જે સાંભલઇ, નરનારી ઉલ્હાસિ,
અગડદત્ત કેરી કથા, તે નાવઇ ગર્ભવાસિ. ૪૯૦
પાંચ ખંડ પોઢે કરી, રચીઉ એહ પ્રબંધ,
ભીમ ભણઇ ભવીઅણ સુણો, તુ છૂટઇ ભવબંધ. ૪૯૧

—(૧) ૧૮-૧૫ ડાહ્યાભાઇ વકીલ સુરત. (૨) પત્ર ૨૨ દા. ૩૯ નં. ૪૫ લીં. (૩) સં. ૧૯૩૦ ફા. શુ. ૯ બુધ લ. વકીલ વરજલાલ વેણીદાસ ખેડા મધ્યે શ્રી **ભી**ડભંજન **અમીઝરા પાર્શ્વ**નાથ પ્રસાદાત્ ૧૯-૧૪ દા. ૮ નં. ૯૯ ખેડા ભં.

---

૬૬૭ ચારૂચંદ્ર (ભક્તિલાભ શિ૦)

(૧૩૮૨) નંદન મણિયાર સંધિ સં. ૧૫૮૭ ફા.

વીર જિણેસર ચરણ નમેવિ, સંધિ-બંધિ સમરિસુ સંખેવિ,
શ્રીસુધર્મ ગણધર જિમ ભાખઇ, **જંબૂ** ગણધર તિમ વલિ દાખઇ. ૧

જ્ઞાતાધર્મકથા તણુઇએ,તેરમ અજઝયણિ **નંદમણિયાર** ચરિ ભણીયઇ
પુણ્ય પામિઉ તેણુ સંધિ-બંધ એ મેઇ એ સુખ બોધહ કારણુ,
ભવિય લોય આણુંદ ધરી, ભણિવઉ સુહ કારણુ.
મન રંગિ આણી **વીર**-વાણી સુગુરૂ શ્રીમુખ સંભવી,
ઉવજઝાયવર શ્રી **ભગતિલાભઇ** સીસ વિરચિ અતિ ભલી,
સંવત **પનરહ અસી** ઉપરિ સાત અધિકે વછરે,
ગણિ **ચારૂચંદે** લહિય પુરતક માસ ફાગુણુ મનહરે.
—(૧) એક ગુટકો જિ. ચા. (૨) પત્ર ૪ નં. ૩૨૮૪ અભય.

---

૬૬૮ ચઉહથ (ચોથો) (સાંડેર ગચ્છ યશોભદ્રસૂરિ-શીલસૂરિ-પાટમાં શાંતિસૂરિ-ઇશ્વરસૂરિ-ધર્મસાગર શિ૦)

(૧૩૮૩) આરામનંદન ચોપઇ. સં. ૧૫૮૭.

આદિ— દૂહા

સરસતિ સામિણિ પય નમી, આરાહિસ ઇક ચિત્ત,
સા તૂઠી દેસિંઇ સદા, સુબુદ્ધિ સુમતિ શુભ ચિત્ત. ૧
પ્રથમ તિર્થંકર આદિ જિણ, **નાભિરાય** મલ્હાર,
માતા **મરૂદેવી** ભણ્ઇ, સીયલ સદા સિગાર. ૨
ગછ **સાંડેરા** મંડણઉ, શ્રી **જસોભદ્ર** સુરેંદ,
જસ પયપંકઇય સેવતાં, ભવિક લઇ આણંદ. ૩
જંબૂદીપ મઝારિ વર, **ભરતખેત્ર** સુવિચાર,
લિખમીપુર નામઇં નગર, ઇંદ્રલોક અવતાર. ૪

અંતે—

જપસિઇ જે નવકાર, તે લહસિઇ ભવ પાર,
ઇહ રતિ સુખ ઘણાં એ, પરત નહીં મણાં એ. ૩૮૬
નંદન કેતઉ કાલઇ, સમકિત વ્રત ઉજ્યાલિ,
પરભવ સંચરઇ એ, દેવ રમણુ વર્યઉ એ. ૮૭

ગચ્છ **સાંડેરાભિધાન**, પુહવિં પ્રગટ પ્રમાણ,
યશોભદ્ર સૂરિ ગુરૂ એ, જાણઇ સુરનરૂ એ. ૩૮૯
જિણિં આંણિઉં પ્રાસાદ કરી, કપાલી વાદ **નંડુલાઈ** પુરી એ,
સુરનર અણુસરી એ. ૩૯૦
શીલિ સૂરિ તસ પાટિ, સોહઇ મુનિવર થાટ,
તસુ અનુક્રમિં ગુરૂ એ, સંઘ આણંદકરૂ એ. ૩૯૧
સમકિત સૂરિ સૂરીસ, અંગિ ધરઈ સજગીસ,
તસુ અનુક્રમિ જૂઅઉ એ, **શાંતિસૂરિ** હૂઅઉ એ. ૩૯૨
વિદ્યા ચઉદ નિધાન, **સરસતિ** તણઇ પ્રમાંણિ,
ઈસરસૂરિ તણઉં એ, જસ જંપઇ ઘણઉં એ. ૩૯૩
તાસ સીસ ઉવજ્ઝાય, નામઇં નવનિધ થાઇ,
ધર્મસાગર તણઇ એ, કવિયણ ઇમ ભણઇ એ. ૩૯૪
આંણી આણંદ પૂરિ, દુખ દાહ કરિ દૂર,
હરષ ધરી ઘણઈ એ, **ચઉહથ** ઇમ ભણઇ એ. ૩૯૫
સંવત **પન્નર** પ્રમાણિં, **સત્યાસીયઇ** ઇમ જાંણી,
કીધઉ એ ચરીય, મહીયલિ વિસ્તરી એ. ૩૯૬

—સં. ૧૬૬૦ સુદિ ૭ રવૂ લ૦ લિખક હિવચ્ઃ શ્રી. ૨૧-૧૧ વ૦ રા૦

---

૬૬૯ નંદિવર્દ્ધનસૂરિ (રાજગચ્છ).

(૧૩૮૪) થાહવરાસ સં. ૧૫૮૮.

—પત્ર ૪ પ્રતિ ૧૭મી સદીની પો. ૮૪ નં. ૨૧૮૧ જિ. ચા.

---

૬૭૦ બુધરાજ-કચરાય. (હિંદી કવિ)

(૧૩૮૫) મદનરાસ-મદનયુદ્ધ સં. ૧૫૮૯ આસો શુદ ૧ શનિ.

આદિ—

જો સવ્વટ્ઠ વિમાણ હૂંતિ ચવિઉ તિયનાણ વિત્તાંતરે,
ઉવન્નો મરૂદેવી ભિરિક રયણો, ખ્યાગ કુલ મંડણો.
ભુત્તં ભોવ સિરજ્જ દેસિ વિઉલં, પલિ પવજ્જા પુણો,
સંપત્તો નિયવાણિ દેવ રિસહો, કાઉણ સો મંગલં. (શાર્દૂલ) ૧
જિણ અરહ વાગવાણી, પણમઉં સુહમત્તિ દેહિ જય જનની,
વન્નેસુ મયણ-ઝુજ્ઝં, કિઉં કિઉં જિત્તઇ શ્રીય રિસહેસ. ૨

વસ્તુ

મરુ રિસહ (૨) જિણવર પઢમ તિત્થયરૂ,
જિણ ધમ્મહ ઉદ્ધરણ જુગલ ધમ્મધ સવ્વે નિવારણ.
નાભિરાયહ કુલતિલય સવ્વજ્નિ સંસાર તારણ,
જો સુરઇંદિહિ વંદિયઉ, સદાચરણ તિસુ ધારિ;
કિઉં કિઉં રતિપતિ જિત્તિયઉ, તે ગુણ કહઉં વિચારિ. ૩

વસ્તુ

સુણઉ ભવિયણ (૨) એહ પરમથ,
તજિ ચિંતા પરકથા એક ધ્યાનિ હોઇ કન્ન દીજ્જઇ.
મનુ વિકસઇ કમલ જિઉં, હુઇ સમાહિ ઇહુ અમિય પિજ્જઇ,
પરચઇજ્જિહે ચિતિ એહુ રસુ. ધાલઇ કસમલ ખોઇ,
પુનરપિ નિણહ સંસાર મહિં, જમ્મણ મરણ ન હોઇ. ૪

વસ્તુ, દોહડા, રડુ મડિલ્લ, દોહડા, ગાથા, દોહડા, મડિલ્લ, દોહડા, રડ, દોહડા, મદ્દિલિ, દોહડા, રડુ, દોહડા, મડિલ્લ, દોહડા, રડુ. દોહડા, રડુ, દોહડા, ગાથા, ગીતકા છંદ, રડુ, રંગિકા છંદ, રડુ, દોહડા, રડુ, દોહડા, ગાથા, રડુ, દોહડા, રડુ, કવિતુ, ગાથા, રડુ, (ખાસ છંદમાં) રાસાછંદ, સંકરાછંદ, પંથડીછંદ, ચપઇછંદ, રોડાછંદુ.

ષટ્પદ.

જિહાં ન જરાન ન મરણ જત્થિ પુણ વ્યાહિ વેયણ,
જહાં ન દેહન ન નેહ જ્યોતિ પુણ તહઠ ચેયણ.

જિહ ઠઇ સુખ અનંત ન્યાન દંસણુ અવલોવહિ,
કાલ વિણાસઇ સયત સિદ્ધ પુણિ કાલહિ ખોવઇહિ.
જિસુ વન્ન ન ગંધ ન રસ ફરસુ, સબ્દ ભેદ ન કિહી લહિઉ,
બુધરાજ કહઇ શ્રી **રિસહ** જિણુ, સુથિર હોઇ તઇ ઠઇ રહિઉ.

૨૬.

રાય વિક્રમત તણુઉ સંવત, **નિવ્યાસીયઇ પનરસઇ,**
સિરદ રૂત્તિ **આસૂય** વખાણુઉં ।
તિથિ **પડિવા સુકલ** પખુ, **સનિશ્ચર** વારિ,
કરણુ નખિત્ત જાણુઉં ।
તિદુ દિન બલ્હિ પ સંપડિઉ, મદનુ ઝજઝ સુવિસેસ,
કરત પઢંતાં સુણુત નર, જયઉ સામિ **રિસહેસ.** ૧૫૯

—(૧-૨) ઇતિ મદન ઝુજઝ સં. ૧૬૪૩ કા. શુ. ૧૫ ૬૦ (બીજા હસ્તાક્ષરમાં આર્યા **મં**ગાઇ આર્યા વાલ્હી) (વળી પાછળ સા. પ્રેંમજી ઉધવાંણીઇં પુસ્તક ભંડાર કર્યો) ૧૬–૧૨ બી. ડી. ૨૦૯. રા. એ. સો. મુંબઇ વે. નં. ૧૯૪૨. (૨) સં. ૧૬૯૪ મા. શુ ૧૫ લિ. ગુણુકીર્તિ પત્ર ૬ નં. ૧૧૫૮ જ્ય૦ (૩) સં. ૧૬૭૯ વા૦ સુખનિધાન શિ. સકલકીર્ત્તિ લિ૦ ગુણસેન પઠનાર્થં પત્ર ૬ પો. ૮૩ નં. ૨૨૦૮ જિ. ચા. (આ છેલ્લી બે પ્રતની નોંધ કરનાર કવિનું નામ 'કચરાય' આપે છે. આ કૃતિ હિંદીમાં છે.)

---

૬૭૧ સેવક (અંચલ–વિધિગચ્છ ગુણનિધાનસૂરિ શિ૦)

(૧૩૮૬) આદિનાથ દેવ રાસ–ધવલ સં. ૧૫૯૦ કા. શુ. ૯ ગુરૂ.

આદિ—

પ્રણમિસુ પહિલું **ચક્રેશ્વરી** માત, શ્રી જિનશાસન સ્વામિનીએ,
ચાપતી **વિધપખિ** અતિહિ ઉદાર, સાર કરઇ **સેવક** તણીએ.
ધ્યાયસ્યું જિન ચુવીસ જે સાર, આદિ **આદીશ્વર** ગાઇસ્યુંએ,
માય મરૂદેવીઅ તણુ મલ્હાર, **નાભિ**રાયા કુલ મંડણુએ. ૧

અંતે—

ધિન ધિન મઝજી વીધિના નરભવ મઝ એહ,
ધિન લાધુ એહ ધર્મ ધિન તુઝ સેવઇ તેહ.
વિધ્ર પક્ષિ ગછનાયક **શ્રી ભાવસાગર** સૂરિ,
તસ પાટિ ઉદયકર સોહઇ બહુ ગુણ પૂરિ. ૧૨૦
સૂરિંદ શિરોમણિ શ્રી **ગુણનિધાંન** સૂરીંદ,
તસ પય પરસાદિઇ ગાયૂ ધવલ જિણુંદ.
સંવત **પનર નિઊઇ** એ કાતી માસિ,
અજૂઆલી ગાયુ શ્રી જિન જગદાધાર,
જે પઢઇ ગણુઇ તે પાંમઇ શિવ સુખસાર. ૧૨૧
ઇય પઢમ જિણુવર સકલ સુખકર જગત્ર દીપક જયકરો,
શ્રી **નાભિનંદન** વિશ્વવંદન પાપ તિમર સુદિનકરો.
ગુરૂદેવ સાંનિધિ હો નવનિધિ પુણ્યથી આનંદકરો,
સેવક કહઇ તે વંછિત પાઇ જે ગાઇએ જગગરો. ૧૨૨

—૬-૧૩ દા. ૪૬ નં. ૧૭ પાલણુપુર સંઘ ભં.

(૧૩૮૭) ઋષભદેવ વિવાહલુ ધવલ બંધ. ૪૪ ઢાલ લ. સં. ૧૫૯૦ માહ વ. ૧૧ પહેલાં

આદિ— ઢાલ વીવાહલુ.

શાસનદેવીય પાય પણુમેવીય, મઝ મનિ એહ ઊમાહલુએ,
માત **સરસતિ** તણુઇ સુપસાઉલઇ, ગાઇસ્યું **રિષભ વિવાહલુએ.**
તેર ભંવતરિ મૂલ ચરિત્ર, પ્રવર ભાવઇ ભવીય સાંભલુએ
ધણુ કણુ કંચણુ રાજ રાણિમ, સહિ પરભવિ જિમ મલો એ. ૧
(પાઠાં) ધણુ કણુ કંચણુ રાજ રાણિમ સિઉ, અપર ભવિ ઇણુ ભવિ જિમ મલોએ.

અંતે— ઢાલ ઘોડીની (રાગ ગોડી)

ઇમ શ્રી **રીસહેસર** ગાયઉ પુણ્ય પવિત્ર,
એહ તેર ભવંતર કેરૂં મૂલ ચરિત્ર,

હવઇ દોઇ કરજોડી કરૂં વીનતી આજ,
તૂં નિસુણુ **ઋષભ** કૃપા-પર સ્વામી શ્રી જિનરાજ.
તુઝ તવન કરીનઇ નવિ માગૂં રાજ ઋદ્ધિ,
નવિ માગૂં સુરસુખ વલી ન માગૂં સિદ્ધિ.
હૂં એતલૂં માગું કૃપા કરી દીઉ મુજ,
ભવિ ભવિ વલી ગાઉં ગુણ ગુરૂઆ હૂં તુઝ.
એહ **ધવલ** કરતાં આણ વિરાધી જેહ,
મુઝ મિછામિ દુક્કડ તિહાંકણિ નહી સંદેહ.
ભલઇ નરભવ લાધઉ ભલઇ લાધઉ જિન ધર્મ્મ,
તુઝ પાય સેવંતાં ત્રૂટઇ સઘલાં કર્મ્મ.
(કલશ) ઇમ શ્રી **નાભિ**નંદન દુરિતખંડણ જગત્રમંડણ જિનવરો.
ઇમ ગુરૂ તણઇ સુપસાઉ પામી ગાઇયા જગ-હિતકરો,
એહ ધવલ ગાઈ જિન આરાહઇ જેહ નરનારી સદા.
તે મુગતિં જાઇ સુખીય થાઇ બોલઇ **સેવક** ઇમ સદા. ૧૩૧

—(૧) સં. ૧૫૯૦ મહા વ. ૧૧ માન વાસરે શ્રી શ્રી ચાતાય ૧૯-૧૪ દા. ૭૧ નં. ૧૧૪ ડે. (૨) તેજ દાબડામાં નં. ૧૪૭ (૩) ૪૪ ઢાલ **નાગેંદ્ર** ગછે પૂજ્ય **ગુણવર્દ્ધન** સૂરિ શિ૦ વા૦ **લક્ષ્મીચંદ્ર** ચેલા **નાકર** સુતેન લ૦ **મંગલપુરે** સાહ સિણીયા પુત્ર કર્મ્મસી કૂરપાલ પઠનાર્થં સં૰ ૧૫૯૭ આસો વદિ ૨ શનૌ લ૦-ચોપડો નં. ૩૨૬૧ વિ૦ ને૦ (૪) શ્રાવિકા જીવિણિ પઠનાર્થં સં. ૧૫૯૮ ચૈ. શુ. ૧૪ સા૦ જાઉઆ પુત્ર સા. જીવાકેન લિખાપિત ૨૦-૯ પો. ૭ તિલક૦ મહુવા. (૫) સં. ૧૫૯૦ ફા. વ. ૮ શનૌ પં. **અમરહંસ** ગણિ શિ૦ ઉદયસહજ ગણિના લિ જૈનાનંદ. (૬) સં. ૧૬૧૫ બૃહસપતિવારે પૂજ્યારાધ્ય **સંઘમંડન** ગણિ શિ૦ **સોભાગ્યમંડન** ગણિ લિ૦ જલુતરા વાસ્તવ્યઃ **વેહરા વીરમ** ભાર્યા ગોગી પુ. શ્રા૦ **વીરાં** ભણનાર્થં. પત્ર ૧૦ પ્ર. કા. વડો૦ નં. ૧૫૯ (અથવા હં. નં. ૫૪) (૭) **મહાનગરે** પં. **લાવણ્યકીર્ત્તિ** ગણિ શ્રાવિકા **પુણ્યપ્રભાવિકા**

દેવકી પઠનાર્થં. પત્ર ૧૭ પ્ર. કા. વડો. નં. ૧૭૭. (૮) પત્ર ૮૧ થી ૯૪ પંક્તિ ૧૭ લખ્યા સં. ૧૬૦૫ આસપાસ પ્ર. કા. (૯) સં. ૧૬૩૩ ભા. શુ. ૧૫ શુક્ર રવવોંડી નગરે અંચલ૰ ધર્મમૂર્તિ સૂરિ રાજ્યે ઉ. પુણ્યલબ્ધિ શિ૰ ઉ. ભાનુલબ્ધિ શિ. સાધ્વી કરમાઇ પઠનાર્થં ખેમરાજ લિ. પો. ૨૭ પત્ર ૧૧ ભુવન૰ (૧૦) પત્ર ૧૧ પ્રત ૧૭મી સદીની પો. ૭ રામ. (૧૦) ઇતિ ઋષભદેવ તેર ભવ સ્તવન ગા. ૧૪૫ સં. ૧૭૬૧ મા. સુ. ૧૫ સુરતમાં વિનયસુંદર લિ. શ્રાવિકા વીરબાઇ પઠનાર્થં પત્ર ૧૪ પો. ૧૩ અભય. (૧૧) પત્ર ૧૩ પો. ૧૭ અભય. (૧૨) સં. ૧૭૧૫ દ્વિ. આશ્વિન વદ ૫ લ. પત્તન નગરે વાસ્તવ્ય ૧૩–૧૧ તેમાં આદિનાં ૧૧ પત્ર નથી. જશ. (૧૩) ૧૪–૧૧ દા. ૬૩ નં. ૩૪ સંઘ ભં. પાટણ. (૧૪–૧૫) સં. ૧૭૮૪ આષાઢ વ. ૯ ભ૰ જિનસુખ સૂરિ શિ. પં. વેલજી લિ. શ્રાવિકા અનૂપાં વાચનાય પત્ર ૧૨ નં. ૩૦૪૩, શ્રાવકા પહપી પઠનાર્થં પત્ર ૧૪ નં. ૩૬૯૨ અભય. (૧૬) ૧૦–૧૫ નં. ૧૩–૨૮ ગુ.

(૧૩૮૮) સીમંધર સ્વામિ શોભા તરંગ.

આદિ—રાગ ગુડી તાલ અડતાલુ ઋષભ અજિત સંભવ જિનો એ ઢાલ.

શ્રીજૈનેંદ્ર દિવાકરા અરિહા ત્રિભોવન ચંદારે,
અઠ મહા પાડિહેર જે તેણિ જુત્તા સુખકંદારે

ત્રૂટક

સુખકંદા કનક કેતકી કાંતિ કદલી કોમલા,
મનુષો અવતાર માનૂં પવિત્ર કારણિ ભૂતલા.
અષ્ટકર્મ નિર્મુક્ત સિદ્ધા આઇરિયા જગિ સોહીઇ.
અઠ ગણિ સંપદા જુત્તા આચાર શ્રુત તનુ મોહીઇ. ૧

અંતે—

તોરી વદન શોભા મંડપિ મોરૂ મન્ન ભાવન વેલિ,
ઘન શામસ્યું જિમ વીજલી ઝલકંતિ કરતી ગેલિ. ૪

કોટિ સૂરિય જોતિ અધિકી, તુઝ વદન દેતી હેલિ.
તેજ પુંજ વિરાજતી **સેવક** હૂં રંગ રેલિ. ૫

—પાંચ ઉલ્લાસ ૨૬-૧૧ દા. ૧ વિમલ ગચ્છ ભં. વીજાપુર.

(૧૩૮૯) આર્દ્રકુમાર વિવાહલઉ ગા. ૪૬.

—પત્ર ૩ પ્રતિ ૧૯મી સદીની પો. ૮૦ નં. ૧૯૮૮ જિ. ચા.

નેમિનાથના ચંદ્રાઉલા ૨૬.

દોઇ કરજોડી વીનવું રે સ્વામી શ્રી જિનરાયો,
નેમિ કુમર ગુણ ગાઇવારે હીયડિ હર્ષ ન માયો.
હીયડિ હર્ષ ન માઇ રે સાંમી **ને**મિ જિણેસ શિવ ગઇ-ગાંમી,
ભાગ્ય જોગિ તુમ્હ સેવા પામી, તુ પ્રણમૂં હું નિજ સિર નાંમી.
જી **યાદવ** રાજીરે ઉલટ આણી અંગિ જિન ગુણ ગાઇઇરે,
યદુપતિ નમવા પાય અહિનિશિ ધ્યાઇઇરે—ધ્રૂપદ ૧

× × ×

સંયમ પાલી **રાયમઇ**રે શિવપુર આગલિ ધાયો,
અહૂ જણ તારી જિણવરૂરે પૂઠિઇ શિવપુરિ જાયો.
પૂઠિઈ જિનની સાર કરેયો સેવક જનનઇ સાથિઈ લેયો,
કહઇ **સેવક** સ્વામી અવધારૂ, દયા કરી સેવકનિઇ તારો. જી. ૨૬

—૩-૧૧ જશ૦

---

૧૦૭ મુનિચંદ્ર સૂરિ (પૌ.) (૧-૧૦૭)

(૧૯૧) રસાઉલો

[આ કૃતિ પ્રાકૃતમાં છે, તેથી તેને ગૂ. કૃતિ ગણવાની નથી. જુઓ તેની આદિઃ—

પઢમં મયણવજ્જા મેયણાહિ, ઘુસિણ ચંદણ કુસુમાઈ ।
ચવ પરિમલિ લ્લાઇએ, સ સામગ્ગી વમ્મહરસ્સ ભણિયાણ સંદેહો.]

---

૧૦૮ પાર્શ્વચંદ્રસૂરિ (૧-૧૪૦)

(૧૯૨) સાધુવંદના અને બીજી કૃતિઓ

(૧૯૨-૧) સાધુવંદના (૧-૧૪૦)

—(૧) સં. ૧૬૮૬ ફા. શુ. ૬ રવિ ૬-૧૩ દા. ૬૩ નં. ૨૩ સંઘ ભં. પાટણ (૨) સં. ૧૭૨૬ શાકે ૧૫૯૧ આશ્વિન શરદ ઋતૌ અષ્ટમી કર્મ્મવાટી પંચાગ્નિર્યં વાસરે સ્તંભતીર્થે વુહુરા જયરાજ સુત વુહુરા નગરાજ સ્વપઠનાર્થે લિખાપિતો. ૭-૧૧ ખેડા ભં. ૩ (૩) ઇતિ સૂત્રોક્ત સાધુવંદના ૫-૧૩ સારી પ્રત છે. પ્રત નં. ૨૩૬૭ મુક્તિ૦ (૪) સા. રાજા સુતરત્ન સા. કચરા ભણનાર્થે ૯-૯ દા. ૮૩ નં. ૬૫ હા. (૫-૬) પત્ર ૫ ગ્રં. ૮૮ અને પત્ર ૬ દા. ૪૫ નં. ૩૧ લીં. (૭) સ્થવર ઋષિ શ્રી ૬ જસવંતજી તત્ શિષ્યેન લિ૦ મુનિ વીરકાખ્યેન પઠનાર્થે ઋ. શ્રી કુરસીજી ૫-૧૪ દા. ૮૨ નં. ૨૦૫ હા. (૮) પત્ર ૭ ગા. ૮૯ પ્રતિ ૧૮મી સદીની પો. ૮૪ નં. ૨૧૮૦ જિ. ચા. (૯) પત્ર ૩ પ્રતિ ૧૮મી સદીની નં. ૨૧૮૫ જિ. ચા. (૧૦) મિ. જિનદત્તસૂરિ શિ. મહો૦ દેવસાગર શિ. મુ. માનસાગર લિ. ૪-૧૫ મુનિ સુખસાગર પાસે.

(૧૯૨-૨) પાક્ષિક છત્રીશી (૧-૧૪૦)

આદિ— પ્રણમિય પહિલઉ વીર જિણુંદ

અંતે— શ્રી પાસચંદ પભણઈ સુખ લહઉ.

—આની તથા (૧૯૨-૧૧) બંનેની ૫-૧૧ દા. ૧૧ નં. ૩૭ લે. પાટણ.

(૧૯૨-૩) અતિચાર ચોપઇ (૧-૧૪૦)

નાણે દંસણિ ચરણે જાણિ, સમકિતસું વ્રત બાર વખાંણિ,
સંલેહણ તવ વિરિયાચાર, તિહનાં આલોઇસું અતિચાર. ૧
એવં શ્રાવકનાં અતિચાર, એકસો ચોવીસે સુવિચાર,
એક છંદી કરી ચોપઇ, પાસચંદિઇં મુનિ હરખે કહી ૧૫૦
પાખી ચોમાસિઇ સંવછરી, સહુએ શ્રાવક આદર કરી,
શ્રાવિકા ભણિજ્યો ગુણિ સદા, લહિજ્યો શિવસુખ ને સંપદા ૧૫૧

—(૧) લિ૦ કોડા ગામે જીવરાજેન પંઠં સાલાયાં સં. ૧૯૩૫ માહા સુદ ૧૨ સોમે પઠનાર્થં ભાઈ તલકસી સારૂ. ૯–૧૧ મો. સં. લા. (૨) ગ્રં. ૧૫૬ દા. ૩૯ નં. ૫૩ લીં.

(૧૯૨-૪) +ચરિત્ર મનોરથમાલા ૩૬ કડી (૧–૧૪૦)

સુહ ગુરૂ પય પ્રણમઉં નિસદીસ, કરજોડીનઈ નામઉં સીસ,
જાસું પસાઇ નિર્મલ નાણ, લહિ સુભગતિ તણુઉ અહિંનાંણ. ૧
શ્રીપૂજ્ય પાસચંદ સૂરિ ઇમ વિનવઇ, સંભલિયો સહુકોઈ
આણ સહિત કિરિયા મિલી, શિવસુખદાયક હોઇ. ૩૬

—સ્તંભતીર્થ મધ્યે સં. ૧૭૪૩ ચૈત્ર સુદિ ૭–૧૨ જેમાં આ તથા સુરદીપિકા પ્રબંધ નં. ૧૯૨–૧૭ છે બી. ડી ૮૩ રે. એ૦ નં. ૧૮૯૯.

(૧૯૨–૫) +શ્રાવક મનોરથમાલા ૨૭ કડી.

વીર જિણેસર પય પ્રણમેસું, નામ મંત્ર ગુરૂનો સમરેસું
ત્રણ મનોરથ શ્રાવક તણા, કહિસ્યું હિયડે ધરી ધારણા. ૧
ઇણિપરે આગમેં જિણવર ભાખિયા, શ્રાવકનેં અધિકાર
ભવિયણ આગલેં સૂરિ પાર્શ્વચંદ્ર, કહે તેહીજ અનુસાર. ૨૬
ત્રણ મનોરથ ઇમ કરે, જે શ્રાવક સુવિચાર
જિમ શ્રાવક તિમ શ્રાવિકા, દુત્તર તરેં સંસાર. ૨૭

(૧૯૨–૬) +વસ્તુપાળ તેજપાળ રાસ. કડી ૮૫ કે ૭૬.

જિણ ચુવીસઇ ચલણ નમેવીય, અનઇ સૂયસામિણિ સરસતિ દેવીય
સહિગુરૂ પાય પસાઉલઇ એ
રાસબંધિ બિહૂં બંધવ કેરૂં, કાંઇ કીજઇ ચરિત (કવિત્ત) નવેરૂં
વસ્તપાલ તેજગિ તણુઉં એ. ૧

(જૈન સાહિત્ય સંશોધક ૩ પૃ ૧૧૯માં જે ત્રૂટક રહેલ છે તે મૂકી તેની પૂર્તિ કરીએ:–

વીરધવલ તવ માનીઉ એ, અતિ ઘણુ આધકેરૂં
હિવ મંતીસર ચીંતવઇએ, પુન્ય કરિસું નવેરૂં. ૪૯

(વસ્ત)-સૂર સસિહર સૂર સસિહર, તણઇ આકારિ
બે બંધવ પરણાવીઆ બેઉ નારિ અતિ સુભગ સુંદર
બેઉ મંત્રીસર થાપીયા હુઇ લછિય ઘણીય મંદિરિ
બે પુણ્ય ઝૂઝઈ આગલા, જીતઉ ખાંડઇ હરાઉ
મંત્રીસર મનિ ઊપનુ, ધરમહ ઊપરિ ભાઉ. ૫૦
પાંચઇ એ સહિસ પ્રાસાદ, **વસ્તગિ** જૈન કરાવીયા એ
બિંબહ એ લાખ સવાઉ, બિહું બંધવિ ભરાવીયા એ. ૫૧
પોસહ એ સાલ સઇં નવ, ચુરાસી વલિ આગલીય
સાતસઇં એ સત્રૂકાર, લેખશાલા તે તેતલીય. ૫૨
દુનિ સઇ એ ગરૂય તલાવ, ગઢ બત્રીસ કરાવીયા એ
તોરણ એ વર સઈ ચ્યારિ, ઇગવીસ સૂરિપદ થાપીયાં એ. ૫૩
પાંચસઇ એ વેદ ભણંતિ, એક સહિસ વર્ષાસનાએ
પાંચસઇ એ આગલી પાંચ, સમોસરણ જાદર તણાં એ. ૫૪
પાંચસઇ એ સિંહાસણ સહસ, પાટ આસણ તણાં એ
ચઉસહિ એ તરક મસીત, સાત સઇ મઢ તપસી તણાંએ ૫૫××
જીણઇ એઉ રાસુ સાંભલીઉ, જાણે તેહ ઘરિ સુરતરૂ ફલીઉ
પાસચંદ્ર સૂરિ ઇમ બોલંતે, ભણઇ સુણઇ તે સુખ લહંતિ. ૮૬

—(૧) પ્ર. જૈન સાહિત્ય સંશોધક ખંડ ૩ પૃ. ૧૧૭ થી ૧૨૦ કે જેને (૨) ખંભાતના શાંતિનાથ ભંડારની પ્રત સાથે મેળવી મેં શુદ્ધસંશોધિત કરી ઉતારી રાખી છે (૩) નં. ૮૨૫ સને ૧૮૯૨-૯૫ ભાં. ઇ. (૪) ૩-૧૬ અનંત. નં. ૨

(૧૯૨-૧૧) મુહપત્તિ છત્રીશી (૧-૧૪૧)

આદિ— નમિય સુગુરૂ **અસિઆઉસાઇ** સમરી પ્રભણીજઇ

અંતે— ગુરૂ પ્રસાદે પભણઇ શ્રી **પાસચંદ**. ૩૬

—આ અને નં. (૧૯૨-૨) બંનેની ૫-૧૧ દા. ૧૧ નં. ૩૭ લે. પાટણ.

(૧૯૨-૧૪) એષણાશતક કડી ૧૦૧ (૧-૧૪૨)

શ્રી જિનશાસન સમવડઇં અવર ન શાસન કોઇ
કહિ કિમ હીરાગર તુલઇ, જગિ લવણાગર હોઈ. ૧

વસ્તુ.

જય મુણિવર જય મુણિવર પંચ આચાર
પાલઇં પચિંદિય દમણુ પંચબાણુ ભડમાણગંજણુ
શુદ્ધ જિનાગમ પન્નવઇં ભવિય લોય ભવભીડભંજણુ
સાધુરયણ તારણતરણુ તે સમરઉં નિસિદીસ
શ્રી **પાસચંદ** ઇમ વીનવઇ, તસુ પય નામઉં સીસ. ૧૦૧

(૧ થી ૩) ૭-૧૧ દા. ૩ નં. ૧૨; પ્રત પત્ર ૨૮ થી ૪૦ વાળી દા. ૬ નં. ૪; અને ૫-૧૩ દા. ૧૧ નં. ૬૯ લે. સાગર પાટણ.

(૧૯૨-૧૫) સંગરંગ પ્રબંધ ૧૨૮ કડી (૧-૧૪૨)

આદિ—

ધમ્મ સવણાણુરત્તા, સઉજ્જમા ધમ્મ કમ્મ કરણંમિ
કય ધમ્મિય સાહિજ્જા. જયંતુ ભવ્વાય સપ્પુરિસા. ૧

ચઉપઈ

પ્રણમિય **સાહુરયણ** ગુરૂ પાય, ધર્મલાભનઉ કહિસુ ઉપાય,
ભવિયણુ ધર્મનેહ સંભરી, સંભલિજ્યો મનિ આદર કરી. ૨
દસ દષ્ટંતિઇ ધર્મ દુર્લભ, ધર્મ જાણિ સિવઘરિ દઢ થંભ,
ધમ્મ સમાણ નહી ઉપગાર, ધમ્મ જીવનઈ તારણહાર. ૩

અંતે—

સાધુ સંગિ જગિ જસુ વિસ્તરઇ, સાધુસંગિ મનવંછિત ફલઇ
સાધુ સંગિ નય વિનય વિવેક, સાધુ સંગિ ગુણ થાઇ અનેક. ૧૨૬
આગઇ ઉત્તમ હુઆ અનંત, અવર હુસ્યઇ બહુલા ગુણવંત,
વિજયવંત વરતઈ ઇણિ કાલિ, તે સંગતિ ફલ લ્યઉ સંભાલિ. ૧૨૭
ઇણિપરિ દુષ્ટ સંગ પરિહરઉ, સાધુ સંગિ મનિ આદર કરઉ
જિમ મનવંછિત સુહફલ હવઇ, હરષઇ શ્રી **પાસચંદ** વીનવઇ. ૧૨૮

સંગરંગ પરિસ્કારઃ । કવિભિઃ પરિગુંફિતઃ ।
અલંકરોતિ યત્કંઠં સત્સમાજે સ શોભતે ॥ ૧૨૯

—(૧) પત્ર ૨–૨૫ પોથી નં. ૬ યશોવૃદ્ધિ. (૨–૩) ૮–૧૨ દા. ૩ નં. ૯; ૭–૧૪ દા. ૩ નં. ૨૪ લે. સાગર ઉ. પાટણ.

(૧૯૨–૧૬) સ્થાપના દ્વિપંચાશિકા પર કડી (૧–૧૪૨)

લહિય દુહેલઉ મણુંય ભવ, ભવભંજન જગનાહ
ભો ભવિયણુ જિણુવર નમઉ, હિયઇ ધરી ઉચ્છાહ. ૧
નિશ્ચલ સૂત્ર પરંપરા, વરસ સહસ ઇકવીસ,
વીરથકાં તિણિ જે રહઇ, નમઉં તિ ગુરૂ નિસિદીસ ૫૨

—આ પ્રત ૨૮ થી ૫૦ સંખ્યાના પત્ર વાળી છે તેમાં ૨૮ થી ૩૭ માં ૧૯૨ ની ૧૪, ૧૯, ૮, ને ૧૬ નંબરની કૃતિઓ છે દરેકમાં પંક્તિ ૧૩ છે. દા. ૬ નં. ૪ લેહેરૂભાઇ વકીલનો ભં. સાગર ઉ. પાટણમાં હેમચંદ્રાચાર્ય સભા હસ્તકનો.

(૧૯૨–૧૭) અમર-સત્તરી-સુરદીપિકા પ્રબંધ ૭૪ કડી(૧–૧૪૨)

સુણુંતુ તે ભોઅ સુરાઇયા સુરા, જે વિંતરા જોઇસિયા દેવા
વેમાણિયા કપ્પગ કપ્પતીયા, જે સંતિ સમ્મત્ત વિસુદ્ધ ચિંતા. ૧
જિનશાસન નિંદા ટાલિજ્યો, જિણુવર આણુ ખરી પાલિજ્યો
શ્રી પૂજ્ય **પાર્શ્વચંદ્ર**એ કરઇ વીનતી, સંભલિજ્યો સહુઅઇ જિનમતી. ૭૪

—(૧) લિખ્યતે કુંયરજી ૨–૧૦ દા. ૬ નં. ૨૯ મો. મો. સાગર ઉ. પાટણ (૨) ૫–૧૧ દા. ૯ નં. ૧૭ લે. પાટણ. (૩) આ અને (૧૯૨–૪) એક પ્રતમાં ૭–૧૨ બી. ડી. ૮૩ રો. એ. સો. મુંબઇ નં. ૧૮૯૯.

(૧૯૨–૧૯) બ્રહ્મચર્ય દશ સમાધિસ્થાન કુલક ૪૨ કડી (૧–૧૪૨)

શ્રી **નેમીશ્વર** પાય નમી, પામી સુગુરૂ પસાઉ
મન ઉલ્લાસિઇ સંથુણ્યઉં, પરમબ્રહ્મ વતરાઉ. ૧

અંતે–જયઉ બ્રહ્મચારી સુકૃતધારી **પાસચંદિ** નમંસિયા. ૪૨

(૧૯૨–૨૦)+ આરાધના મોટી કડી ૪૦૬ સં. ૧૫૯૨ (૧–૧૪૩)

આદિ—

શ્રી જિનચરણ જુયલે પ્રણમેસુ, સુગુરૂ નામ હિયડઇ સમરેસુ,
કહઇસુ સંખેપિઇં આરાધના, ભવિક જીવ સુખસાધના. ૧
ઉત્તમ નર જે કરઇ ત્રિકાલ, એ આરાહણ ગુણ સુવિસાલ,
વિનય સહત મેલી કરભાલ, છલીય ન સક્કઇ તેહનઇ કાલ. ૨
જીવતવ્યની મ કરિસિ આસ, સાસ તણુ કેહુ વિસાસ,
ખિણિ ખિણિ આવઇ ખિણિ ખિણિ જાઇ,જતન કરંતાં થિર નહુ થાઇ. ૩

—(૧) ગ્રં. ૪૦૬, ૨૫-૧૧ નં. ૧૧૫-૩૯૫ દે. લા. પુ. લા. (૨) સં. ૧૬૪૧ કા૦ શુ. દ્વિતીયા દિને **માલવ** મધ્યે **સુજાઉલ** પુરવરે રાજાધિપ **અકબર** રાજ્યે **તપાગછે** શ્રી પૂજ્ય **પાર્શ્વચંદ્ર** સૂરિ શિષ્યાનુશિષ્ય ઋષિ રૂડા શિ. ઋષિ ગુણરાજેન લિ૦ વા. હંસચંદ્ર પઠનાર્થમ્ ૧૮-૧૩ પો. ૭ તિલકવિજય સંગ્રહ મહુવા.

(૧૯૨-૨૯) ખંધક ચરિત્ર સ. સં. ૧૬૦૦ (૧-૧૪૪)

આદિ—

આદિ જિણ **રિસહ** શ્રી **વીર** ચઉવીસમઉ,
ભાવિ ભો ભવિય જગદીસ ચઉહુઅ નમઉ,
હઉં પુણ પ્રણમિય ભણિસુ **ખંદગ** ચરી,
ગુરૂ મુખિ સંભલ્યઉ સુણઉ આદર કરી. ૧
ભાખિયઉ **ભગવઇ** અંગિ સત બીજ એ,
પઢમ ઉદ્દેસિ ગુણ ગહણ તસુ કીજ એ,
સાહુ ગુણ ગાવતાં દુરિય દૂરિં ટલઇ,
સાધુ ગુણ ગાવતાં ચિત્તવંછિત ફલઇ. ૨

(૧૯૨-૩૬) જિનપ્રતિમા સ્થાપના રાસ ૪૨ કડી (૧-૧૪૬)

—૯-૧૩ છેવટનાં ૩ પત્ર દા. ૧૧ નં. ૭૦ લે. પાટણ.

(૧૯૨-૪૦) રૂપકમાલા સં. ૧૫૮૬ (૧-૧૪૭)

—ખરતર ગચ્છે જિનચંદ્ર સૂરિ રાજ્યે શ્રાવકા **સંપૂરાઇ** **ખંભાઇત** મધ્યે ૯-૧૧ પો. ૧૭ મો. સુરત.

(૧૯૨-૪૧) સઝાય (નં. ૧૪૧૧ અને ૧૮૯૧-૫ માં. છ.)

પાસચંદને પૂછેલા બોલની પ્રત ૮-૧૧ દા. ૧૧ નં. ૪૯ લે. પાટણ.

અન્ય કૃતિઓ.

૧ શત્રુંજય સ્તોત્ર ૪૨ કડીનું

ભલી ભાવના વિમલ ગિરિ ભેટવાની,
વસી ચિત્તિ કસવટ્ટિ જિમ હેમ-વાલી;
તિણિ ઉલટિઇ તીરથરાઇ ગાવઉં,
મહાઘોર સંસારનઉ તીર પાવઉં. ૧

પુંડરીક ગિરિ મંડનરાયા, કરઇ સેવ સુરનર વરરાયા,
શ્રી **પાસચંદ** તુમ્હ ચરણે લાગઇ, બોધિબીજ લાભ જિન
મારગિ લાગઇ. ૪૨

—સંવત ૧૬૫૪ જેષ્ટ સુદિ ૪ ભોમવાસરે લિષત ઋષિ હરજી ઋષિ દિનકર પઠનાર્થં ૧૫ પત્રની પ્રત દા. ૭૫ નં. ૮૫ સંઘનો ભંડાર પાટણ.

૨ ભાષા છત્રીશી ૩૭ કડી.

રિસહ પમુહ જિણવર ચઉવીસ, વિહરમાન તિત્થંકર વીસ
વિહરઇ દુન્નિ કોડિ કેવલી, પ્રહ ઉઠી વંદઉં મનરલી. ૧

એહ વચન સાચઇ સદ્દહઇ, ભવિયણ આગલિ સાચઉં કહઈ,
તે સુહગુરૂનઉ સમરીનામ, શ્રી**પાસચંદ** નિતુ કરઇ પ્રણામ. ૩૭

—ઉપરની પ્રતમાં.

૩ સપ્તદશ ભેદ પૂજા વિચાર સ્ત૦ ૨૯ કડી.

વિમલવર નાણિ જગિ ભાણુ જિણવર તણી,
સેવ સવિ કરઇ મન રંગિ ત્રિભુવન ધણી.
ભેટિયઈ ભવિયણુ ભયહરણુ હિવ તેહના,
ચરણુ સુહ કરણુ જિમ જાઈ દુહ દેહના. ૧

બહુલિય વિવરણ ગ્રંથ વાધઇ ઘણુઉ,
જાણિજ્યો એહ વ્યવહાર ભૂ જડ તણુઉ,
એણિ વવહારિ પ્રભુ મેલ સંભાવિયઇ.
શ્રી **પાસચંદેણ** ઇમ ભાવના ભાવિયઇ. ૨૯

—ઉપરની ૧૫ પત્રની દા. ૭૫ નં. ૮૫ની પ્રત સંઘનો ભંડાર પાટણ.

(૪) કેશિ પ્રદેશિબંધ ગા. ૨૫

પ્રણમઉં સિરિ જિણુ **પાસ** આસપૂરણ જગતારક,
વામાઉરિ હંસ વર ઇકખાગહ નાયક
તાસુ તણઉ સંતાન હૂઅઉ ગરૂઅઉ ગુરૂ **કેસી,**
પ્રતિબોધ્યઉ જિણિ હેલિ સબલ રાજા **પરદેસી,**
તસુ સરૂપ સંખેપિ હિવ, કહિસ્યઉં ગુરૂ આધારિ,
રાયપસેણી ભાખિયઉ તે નિય ચિત્તિ વિચારિ. ૧

કેસી ગુરૂનઉ એહ અવદાત, મોટઉ મહીમંડલ વિખ્યાત,
ભણતાં ગુણતાં હુઇ આણંદ, કરજોડીય ભણઇ શ્રી **પાસચંદ.** ૨૫

—(૧) ૭-૧૧ બી. ડી. ૧૨૦ રો. એ. સો. મુંબઇ નં. ૧૮૭૯ (૨) ૨-૧૧ દા. ૮૩ નં. ૧૩૧ હા.

(૫) ૩૪ અતિશય સહિત મહાવીર સ્તવ ૨૫ કડી

આદિ— **વીર** જિણનાહ બહુભાવિ નમિયઇ સદા.

અંતે— ભવિયણ આરાધઉ શિવપદ સાધઉ
શ્રી **પાસચંદિ** હરખિઇ કહિય. ૨૫

વીરસ્તવ ૩૧ કડી

આદિ— નમી **સોહમ** સ્વામિ જે ધમ્મ અત્થી

અંતે— **વીરસ્તવ** દેરયું ચિત્ત નિવેરયું **પાસચંદ** મંગલકરણ. ૩૧

વીરલઘુસ્તવ ૨૧ કડી

આદિ— ભવિય લોય સિરિ **સોહમ** સામિ પાસે.

અંતે— વીરસ્તવ દિસિઉ ચિત્ત નિવેસિઉ શ્રી **પાસચંદિ.**
મંગલકરણ,

—ઉપરની ત્રણે કૃતિઓ એક પ્રતમાં ૭-૧૧ દા. ૧૧ નં. ૪૫ લે. પાટણ.

(૬) +૨૯ ભાવના ૩૧ કડી લ. સં. ૧૬૦૧ પહેલાં.

અવિચલ પદ મન થિર કરી, જિહાં છઇ સુખ અપાર,
પ્રતિબોધિસુ મન આપણઉં, જિમ પામઇ ભવ પાર. ૧
એગુણત્રીસ ત્રીસી ભાવના, તેહનો સુદ્ધ વિચાર,
જે મન સુદ્ધઈ સમરિસ્યઇ, તે તરિસ્યઇ સંસાર. ૩૧

—(૧) ૨-૧૧ દા. ૮૩ નં. ૪૯ હા. (૨) લ. સં. ૧૬૦૧ આસો વદિ ૧૨ સોમ ૧ પત્ર પ્રત ૨-૧૫ દા. ૬ નં. ૩૦ મો. મો. પાટણ. (૩) સં. ૧૬૬૩ માગશર શુદિ ૯ શનૌ વા. મહો. **વિમલહર્ષ** ગણિ જસવિજયેનાલેખિ સાધ્વી **સૂરશ્રી** પઠનાર્થં ૨-૧૦ દા. ૪૮ હા.

(૭)+ સંક્ષેપ આરાધના ૨૨ કડી (પરમ પુરૂષ પય પ્રણમીએ)

(૮)+ આદિ જિન વિનતિ. ૫૫ કડી.

સકલ **આદિ** જિણંદ જુહારીયે, વિકટ સંકટ કોડિ વિડારિયે,
તુમ્હ પ્રસાદ હુએ પરમાણંદ, કર જોડી પ્રણમે **પાર્શ્વચંદ્ર** સૂરિંદ.

પછી એક વસ્તુ છે.

(૯)+ સંવેગ બત્રીશી ૨૩ કડી (જોઇ વિમાસી જીવડા)

(૧૦) શ્રાવકવિધિ સમ્યક્ત્વ સ્વાધ્યાય ૧૯ કડી લ. સં. ૧૬૦૧ પહેલાં

વીર જિણેસર પ્રણમઉ પાય, વંદિય **ગોયમ** ગણહરરાય,
સમરૂઅ સામણિ **સારદદેવિ,** શ્રાવક વિધિ પભણું સંખેવિ
શ્રાવકનઇ એ સમકિત સાર, મુગતિતણાં ઊઘાડઇ બાર
એકમના જે સમકિત ધરઇ, મુગતિવધૂજ નિશ્ચઈ વરઈ. ૨૯

—સં૦ ૧૬૦૧ આસો વદિ ૧૨ સોમ ૨-૧૫ તેમાં ૧ પત્ર દા. ૬ નં. ૩૦ મો૦ મો૦ સાગર ઉ૦ પાટણ.

(૧૧)+ **કલ્યાણક સ્ત.** ૪૯ કડી.

પહિલું પ્રણમિય જિણ ચઉવીસ, સમરૂં કલ્યાણકના દીસ,
ચવણ જન્મ નઈ દીક્ષા નાણ, પંચમ કલ્યાણક નિર્વાણ. ૧
ઈય મંગલ કારણ દુખ નિવારણ તારણ શરણ ભવીય,
કલ્યાણક સાધઈ જિન આરાધઈ તેહ સુખ સંપતિ અભિનવીય. ૪૯

—૪–૯ દા. ૮૩ નં. ૧૧૦ હા.

(૧૨) **સંવરકુલક** ૨૭ કડી.

વંદિય **વીર** જિણેસર રાયા, **ગોયમ** ગણહર પણમિય પાયા,
ધર્મતત્ત્વ નિસુણઉ મનરંગિઈ, બોલિસુ આણી ઊલટ અંગિઈ. ૧
ઇમ શ્રી ઠાણાંગઈ ભગવઇ અંગઈ સંવર પંચય જિનિ કહિય,
આશ્રવ સવિ છંડી કુમત વિખંડી પાલઇ જે જિન મત લહિય.
તે દુર્ગતિ વામઇ શિવપુરિ પામઇ કર્મ ક્ષય આઠઈ કરિય,
ઈમ જાણઇ ભવિયા નિર્મલ રલિયા સંવરિ ધર્મ્મ કરઉ સહિય. ૨૭

—૨–૧૧ દા. ૪ નં. ૨૪ લે. સાગર ઉ૦ પાટણ.

(આ સર્વે કૃતિ પૈકી સાધુવંદના, ગૌતમસ્વામી લઘુરાસ કડી ૧૨, આરાધના નાની કડી ૪૧, શ્રાદ્ધ મનોરથમાળા કડી ૨૭, શ્રમણ મનોરથમાલા કડી ૪૧, ૨૯ ભાવના કડી ૩૧, સંક્ષેપ આરાધના કડી ૨૨, આદીશ્વર વિનતિ ૪૫, સંવેગ બત્રીશી કડી ૨૩, આરાધના મોટી કડી ૪૦૬–એ 'પ્રાતઃ સ્મરણીય પ્રકરણ સંગ્રહ' એ નામની ચોપડીમાં સં. ૧૯૭૦ સને ૧૯૧૪માં છપાઇ છે.)

---

૬૭૨ મહિચંદ [ખ૦ જિનરાજસૂરિ–કમલચંદ શિ૦]

(૧૩૯૧) ઉત્તમચરિત્ર ચોપઈ ગા. ૨૦૪ સં. ૧૫૯૧ ચૈ. શુ. ૩ મંગલ જવણાપુરે (બાબરપુત્ર હુમાયુ રાજ્યે).

—(૧) પત્ર ૧૮ પો. ૬૯ જય૦ (૨) પત્ર ૧૬ પ્રત ૧૭મી સદીની પો. ૧૩ નં. ૨૫૧ દાન૦

---

૬૭૩ જયમંદિર (વડતપા ગ૦ જયપ્રભ શિ૦)

(૧૩૯૨) તેજસાર ચોપઈ સં. ૧૫૯૨ ત્રંબાવતીમાં.

—(૧) પત્ર ૧૨ પો. ૬૭ જય૦ (૨) પત્ર ૧૩ સં. ૧૬૭૫ માં૦ શુ. ૪ શનિ લિ૦ પો. ૬૭ જય૦

---

૧૦૯ વિજયદેવસૂરિ (પાર્શ્વચંદ્રગચ્છીય) (૧-૧૪૮).

(૧૯૩) શીલરાસ-શીલપ્રકાશરાસ-નેમિજિનરાસ-ફાગ.
જાલોરમાં (૧-૧૪૮).

(૧-૨) ૧૧-૧૧ દા. ૮૧ નં. ૨૪ હા; ૧૦-૧૧ દા. ૮૨ નં. ૫૪ હા૦ (૩) ૯-૧૨ દા. ૬૩ નં. ૧૮ સંઘનો ભં. પાટણ. (૪) લિખિતં સા વચ્છાકેન ૮-૬૩ દા. ૧૩ નં. ૧૫૦ હા૦ (૫) સંવત્ ૧૬૮૮ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે દ્વાદશ્યાં તિથૌ સોમવાસરે શ્રી મેડતા નગરે લિપીકૃતં ૯-૧૧ વિ૦ ને૦ (૬) શ્રી હાલાકંડી મુનિશ્રી સત્યમૂર્તિજી લપિકૃતં ૫-૧૫ નં. ૫૬૪ મ૦ જૈ. વિ. (૭-૮) ૮-૧૩ નં. ૧૩-૧૦ ગુ૦; ૧૦-૧૦ નં. ૧૩-૧૫ ગુ૦ (૮-૯) પત્ર ૯ સં. ૧૬૯૧ ફા. શુ. ૧૦ સિદ્ધપુરે પ્રીતચંદ લિ; અને પત્ર ૮ પો. ૬૯ જય. (૧૦-૧૪) પત્ર ૭ ગા. ૭૭ સં. ૧૭૫૬ ફા. વ. ૭ સોઝત મધ્યે દેવધર્મ લિ. પો. ૮૩ નં. ૨૦૯૭; પત્ર ૯ ગા. ૧૯૫ પ્રત ૧૭મી સદીની નં. ૨૦૯૮; પત્ર ૧૫ સં. ૧૭૬૭ અ. વ. ૯ અવરંગાબાદે લિ. પો. ૮૭ નં. ૨૩૪૪; પત્ર ૫ પ્રત ૧૮મી સદીની પો. ૮૩ નં. ૨૧૨૮; પત્ર ૧૦ પ્રત ૧૭મી સદીની પો. ૮૩ નં. ૨૨૨૦; પત્ર ૧૧ પો. ૮૪ નં. ૨૧૮૩; જિ. ચા. (૧૫-૧૬) પત્ર ૧૨ સં. ૧૮૭૪ મા. વ. ૨ પો. ૬૩; અને પત્ર ૧૦ પો. ૩૭ મહિમા૦ (૧૭) પત્ર ૧૦ પો. ૧૨ નં. ૧૨૨ અભય૦ (૧૮) સં. ૧૭૯૫ લિ. ભાઇ કુશલસિંઘ બીબીજી શ્રી નઘોજી પઠનાર્થં વીકાનેર સેતી લિખ ભેજ્યા હૈ રાષી પૂનિમકે ટીકૈમે બીબીજી મેરી સિલામ વંચણાજી ૮-૧૨ વિજાપુર જૈન જ્ઞાન મંદિર પ્રત નં. ૬૦૬. (૧૯)

૮-૧૩ પ્રત નં. ૩૫૩ તેજ ભં. (૨૦) સં. ૧૬૬૩ વૈ. શુ. ૧૦ શોભન નક્ષત્રે દેવરાજપુર ગઢ નગરે જિનચંદ્ર સૂરિ રાજ્યે **પાત-શાહ** શ્રી **અકબર જલાલુદ્દીન** રાજ્યે પં. લક્ષ્મી પ્રભુ પં. મુનિશિ. **તેજપાલેન** પં. ગુણરાજ પં. **બાલચંદેન** લિ. પત્ર ૬ નં. ૧૨૬૭ અભય. (૨૧) ૮-૧૬ દા. ૮૩ નં. ૭૦ હા૦ (૨૨) સં. ૧૬૬૪ ફા. સુ. ૨ બુધે. **આગરા** નગરે **પાતિસાહ** શ્રી **સલેમ** રાજ્યે યુ૦ પ્ર૦ **જિનસિંહ સૂરિ** પટ્ટે ભ. **જિનચંદ્રસૂરિભિઃ** વાચ-નાય સાધ્વી કલ્યાણમાલા **સ્વરૂપમાલાભ્યાં** લિખાપ્ય પ્રદત્તા. નિ. વિ. ચાણુરમા.

---

૧૧૦ સમરચંદ્ર-સમરસિંહ (પાર્શ્વચંદ્રસૂરિ શિ.) (૧-૧૫૦).

(૧૯૪-૧) શ્રેણિક રાસ (આ રાસ અન્ય સમરચંદ્રના શિષ્યકૃત પૃ. ૬૦૧)

(૧૯૪-૩) મહાવીર સ્ત. સદ્દહણા ગર્ભિત. ૭૦ કડી. સં. ૧૬૦૭ જે. શુ. ૮ ખંભાતમાં.

શ્રી **ત્રિસલાનંદન** ગુણભયેઉ શ્રી **વર્દ્ધમાન** જિનરાય. ૧
ઇમ **વીર** જિણવર તેજિ દિણયર ભવિય મણહર સંથુઉ,
સમરચંદિઇં મન આણંદિઇ ચઉદ છંદિઇં સંજુઉ.
વડ તપાગચ્છિ શ્રી સૂરિ સિરોમણિ શ્રી **પાસચંદ** પસાઉલઇ,
નરનારિ ઇક ચિત્તિ ભણઇ ભાવિઇ આણંદ પામઇ સંભલિઈં. ૬૯
સંવત **સોલ સત્તુત્તરઇ થંભતીરથિ** જેઠ માસિ,
સુકિલ પક્ષ અટમિ દિણે, તવન રચ્યઉ ઉલ્હાસિ. ૭૦

(૧૯૪-૪) પ્રત્યાખ્યાન ચતુઃસપ્તતિકા ગા. ૭૪.

વીર જિણંદિઇ ભાખિઉજી, **આવશ્યક સુયખંધ**,
છહ અધ્યયનિઇ સંજુઉજી, ચઉવિહ સંઘ સંબંધિ. ૧
હો ભવિયણ કરિવઉ અહનિશિ કાલિ,
જિણિ ત્રૂટઇ કર્મ્મ વિશાલ હો૦

સમરસિંઘ ઇમ વીનવઇ, શ્રી **પાસચંદ** ગુરૂ સીસ,
પચ્ચખાણ વિધિસ્યઉ કરઉ, ભવિયણ ફ્લઇ જગીસ. ૭૪
—૫-૧૨ દા. ૮ નં. ૧૯ લે. સાગર ઉ. પાટણ.

(૧૯૪-૮) ૨૪ જિન નમસ્કાર ત્રિભંગી સવૈયા. પચીસ સં. ૧૫૮૮ (૧-૧૫૧).

ગુણહ ગંભીર અચલ જિમ ધીર કર્મરિપુ વીર ભવજલ તારી,
વસી ગૃહવાસ તજી ઉદાસ ભજી વનવાસ ભએ અનગારી.
મન્મથ માન મોરી કર ધ્યાન પાય સુભજ્ઞાન બહુત સુખકારી,
સમર અરિહંત ભજત ભગવંત મુક્તિવરકંત **વૃષભ** પદ ધારી. ૧
વસુવસુ બાન પરમ જો જ્ઞાન તપો અભિધાન વૃદ્ધિ દિનમાસે,
જિન ચઉવીસ જગત્રયઇશ થૂણ્યા સુજગીસ **સમર** ઉલ્હાસે.
સુરાસુરરાય, સમકિત પાય, કરત જસુ ભાય સેવ રહિ પાસે,
સૂરિ **પાસચંદ્ર** સદા ગતિતંદ્ર નમત નરવૃંદ તાસુ પદાસે. ૨૫
—મુંબૈ સં૦ ૧૬૪૨ પો૦ વદિ ૧૦ શુક્રે **અંચલગછેશ** પુજ્ય ભ૦ **વિવેકસાગર સૂરી** સુધ શ્રાવિકા બાઈ **મમાબાઇ** અર્થે. ૩-૧૫ નં. ૧૮૧ જશ૦

(૧૯૪-૯) બ્રહ્મચરી-બ્રહ્મચર્ય દ્વિપંચાશિકા કડી ૫૪ (૧-૧૫૧).
—(૧) ૧૨-૭ દા. ૬૨ નં. ૧૪ હા૦ (૨) નાનો ગુટકો જશ૦

(૧૯૪-૧૦) ઉપદેશસાર રત્નકોશ. કડી ૬૧ (૧-૧૫૧).
—બી. ડી. ૩૦૪ રૉ. એ. સો. મુંબઇ.

(૧૩૯૩) પ્રકીર્ણ કૃતિઓઃ—

૧-નેમિસ્તવ.

દૂણાડઈ પુરવરિ નમઉં, **યાદવ** કુલ સિણગાર,
બાવીસમઉ જિણેસરૂ, જણમણ સંશયહાર. ૧ × ×
ઉવઝાય વર **પાસચંદ** સીસિઈં **સમરસંધિ** થુણિજઇ.
—૨-૧૪ દા. ૯ નં. ૨૯ લે. પાટણ.

૨-જિન અંતર ઢાલ ૬૭ કડી.

વસ્તુ

નમિય નિય ગુરૂ નમિય નિય ગુરૂ જોડિ કરભાલ,
તિત્થંકર રિસહેસરૂ, પ્રમુખ જેય ચઉવીસ ઇણિ જગઇ.
અવસાપ્પિણુ જે હૂઆ, તાસુ નામ ચઉવીસિ ત્રિહું લગઇ,
વીર પ્રાસ **ને**મિસરહ, કલ્લાણિક પણ ઠાણુ.
વિસ્તરિ કહિસ્યઉં અવર જિણુ, અંતર માન પ્રમાણુ. ૧
ઇમ **વીર** જિન શ્રી પાસ **ને**મી, કલ્લાણિક વિસ્તરિ કહ્યા,
નેમિનાથ આદિઇ વીસ જિણુવર અંતરા તસુ સંગ્રહ્યા.
શ્રી **આ**દિદેવ વિસ્તર પણ દિણસૂત્ર સાખિઇં જિમ લહ્યા,
સૂરિંદ શ્રી **પાસચંદ** સીસિઇ, **સમરસંઘિઇં** સદ્દહ્યા. ૧૭

—સા. **હાં**સા પઠનાર્થં. ૬-૧૨ દા. ૯ નં. ૩૫ લે. પાટણ.

૩-કલ્યાણક સ્તવ ૨૦ કડી.

સમરૂં તિત્થંકર ગુણમણિ ખાણિ, મહા કલ્યાણિક દિન ત્રિણિ જાણી,
શ્રી **પાર્શ્વ**ચંદ્ર સહિસર સીસ, શ્રી **સ**મરચંદ્ર પણભઈ નિશિ દીસ.

—૨-૧૧ દા. ૯ નં. ૩૫ લે. પાટણ.

૪ શંખેશ્વર સ્ત૦ ૧૭ કડી સં. ૧૬૦૭ પોસ વ. ૧૦

વામાનંદન બહુ ગુણ ભરિયા
સોલસઇ સતોત્તરવરસિંઇ પોસ વદિ દસમી દિન ઉલટ ઘણુંઈ
શ્રી **પાસચંદ** સૂરિવર સીસ **સમરચંદ** ત્રેવીસમો જિણવર થુણઇ. ૧૭

—ઉપરની (૧૯૪-૩) અને આ બંને કૃતિઓ એક પ્રતમાં ૬-૧૧ દા. ૧૧ લે. પાટણ.

૫ મહાવીર પંચાશિકા—

—પત્ર ૪ દા. ૩૬ નં. ૫૬ લીં.

૬ ચૌદ ગુણસ્થાન ગર્ભિત મહાવીર સ્ત૦ ૫૩ કડી.

વસ્તુ.

સયલ ગુણનિધિ ૨ **વીર** જિણનાહ
તસુ પય પ્રણમી ભાવસ્યું ગુણથાનક ચઉદસ ભણેસ્યું

જિણિ જિણિ થાનકિ જેતલી કર્મ પ્રકૃતિ તેતી થુણેસયઉં
બંધન ઉદય ઉદીરણા સત્તા તણઉ વિચાર
મૂલ આઠ અડવન્નસય ઉત્તર પયડી ધારિ. ૧

કલશ.

ઇમ ચૌદઠાણઇ પયડિ વિવરણ નામ માત્રિઇં સુંથુણ્યઉ
સૂરીંદ શ્રી **પાસચંદ્ર** સીસિઇં શ્રી **સમરચંદ્રિઇ** જિમ મુણ્યઉ
જે ભણઇ ભાવિઇં મુણિઇ ધ્યાવઇ કર્મ પયડી ખય કરઇ
તે લહઇ કેવલ વિમલ સુખકર હેતિઈં શિવરમણી વરઇં. ૫૩

—૯–૨૧ દા. ૭૧ નં. ૧૩૨ ડે.

૭ વીરસ્તવન વિજ્ઞપ્તિકા કડી ૩૭ (અવગાહના ગર્ભિત) મંડલી (માંડલ) માં.

જય સકલ નરાસુર સ્વામીરે, શ્રી **વીર** નમઉ સિરિ નામી,
ગય રાય હંસ ગય ગામી રે, પ્રભુ મુગતિરમણિ લહુ પામી. ૧
જિન શ્રી **સમરસિંહ** મુનિ ઇમ ભણઇજી, શ્રી **પાસચંદ** ગુરૂસીસ,
નરનારી શુતિ અહનિશ જ ભણઇજી, પૂજઇ મનહ જગીસ. ૩૭

૮ ઋષભ સ્ત૦ (નાનું)

રિસહ જિન વીનવઉં દેવ અવધારિયઇ, આપણઉ ઉલગૂ પારિ ઉતારિયઇ,

—દેવરાજસ્ય લિખિતં જો૦ સીત્રા સદિવ.

૯ ધર્મનાથ સ્ત૦ કડી ૪૦ સં. ૧૬૧૦

પનરમઉ જિણવર વંદુ સદા, સેવકનઇ સ થઇ સવિ સંપદા,
ચઉસદિ સુરપત્તિ સેવઇ મુદા, સવહ જીવ ટાલઇ આપદા. ૧
શ્રી **પાસચંદ** સૂરિંદ સીસિંઇ, શ્રી **સમરચંદ** મુનીસ્વરિં,
મંન રંગિ એ સ્તુતિ કરિઅલાદ્રવિ, **સોલસઇ દાહોતરઈ.** ૪૦

—એક ગુટકો કવિના સમયનો તેના શિષ્યે લખેલો પત્ર ૩–૨૧ જશ૦

૧૦ કિરિયાઠાણા સ૦ કડી ૪૧ ગ્રં. ૧૨૦ આદિઃ–**વીર** જિણવર **વીર**જિણવર. ૭ પત્રની પ્રતમાં પ્રથમનાં ૩ પત્ર પં. ૧૫

દા. ૩ નં. ૫૮ લે૦ પાટણ; **૧૧ પંચવિંશતિ ભાવના સ૦** ૨૮ કડી. અને **૧૨ આરાધના** તેજ પ્રતમાં. **૧૩ ચોવીસ જિન-નામાદિ ગુણસ્ત૦** ૩૮ કડી આદિઃ—નમિય ગોયમ નમિય ગોયમ. ૩-૧૩ દા. ૩ નં. ૫ લે૦ પાટણ. **૧૫ કર્મવિચાર ગર્ભિત વીરસ્ત૦** પત્ર ૯ શ્લો. ૨૦૦ દા. ૩૬ નં. ૮૫ લીં.

---

૬૭૪ સમરચંદ્ર (૨)શિષ્ય (લું. રૂપ ઋષિ-જીવજી-કુંઅ-રજી-મલ્લ-રત્નાગર શિ. સમરચંદ)

(૧૯૪-૧) શ્રેણિકરાસ—

આદિ— બીજા ખંડની-દુહા.

શ્રી જિનનાયક ભાવસું, વંદુ જગઆધાર
વર્દ્ધમાન સ્વામિ જયુ, સેવક જન હિતકાર. ૧
ગચ્છનાયક ગુણે આગલા, **રત્નાગર** ગણિ રાજ
જમલ કમલ પદ તેહનાં, પ્રણમું પ્રેમઇ આજ. ૨
શ્રી **શ્રેણિક** મહીપતિની, કથાનઇ વિષે સાર
દ્વિતીયખંડ રચું હવિ, સદ્‌ગુરૂનઇ આધાર. ૩
સમરચંદ ઋષિ નિતિ નમું, સંયમ સુખદાતાર,
તાસ પ્રસાદિ વર્ણવૂં, સરસ કથા સુવિચાર. ૪

અંતે—

ઋષિ રૂપસુંદર જીવજી મુનિવર, કુંયરજી ગણિવરરાય
તસ પાટિ મુનિવર શ્રી **મલ્લ** ગણીવર દિણયર સમરે દીપે
મુનિરાયકિ ધન્ય. ૨૯
રત્નાગર ઋષિરાય સુંદર, ભુવન ભુષણ સ્વામિ,
યુગપ્રધાન જગિ દીપતા,સુખ લહિયેરે જપતાં જેહિનિ નામિ કિ.ધ. ૩૦
સાસનિમંડન દુરિતખંડન **સમરચંદ** અણગાર
તે સદ્‌ગુરૂ સુપસાઉલિ મિઇ રચીઉરે ખંડ બીજુ સાર કિ. ધન્ય. ૩૧
અઢાવનમી ઢાલ સુંદર રાગ ધન્યાસી સાર

ભણું ગુંણુ સહુ સાંભલું, જિમ પ્રગટિરે ભલો ધર્મ અંકૂર કિ.
ધન્ય ધન્ય મુનિવર વાંણી. ૭૨

—સર્વ ગાથા ૧૨૭૨ લ૦ આર્યા શ્રી ૫ પુજીજી આર્યા રાજબાઇની સખણી સેવક નાગબાઇ ૪૩–૧૪ દા. ૪૨ નં. ૩૪ વ ડે.

---

૬૭૫ અજ્ઞાત.

(૧૩૯૪) અનાથી રિષિ ચોપઈ ૬૩ કડી લ. સં. ૧૫૮૯ પહેલાં.

સિદ્ધ સવેનઇ કરૂં પ્રણામ, જેહે પુણ્ય પ્રામિઉં ઉત્તમ ઠામ,
સાધુ સવેનઈ નમું કરજોડિ, ભવ ભમિવા જિણિ ભાંજી ખોડિ. ૧
અલીઅ વયણ બોલાઇ જેહ, મિછા દુક્કડ હોજ્યો તેહ,
અર્થ ધર્મગતિ તત્ત્વ વિસાલ, ભણતાં સુણતાં અતિહિ રસાલ. ૨
રોમરાઇ સવે ઊસસઇ, કરઇ પ્રદક્ષિણ રાજા તિસિઇ,
વંદણ કીધઉં શુદ્ધ પ્રણામ, તવ રાજા પહૂતઉ નિજ ઠામ. ૬૨
ઉત્તર ગુણે કરી સંજુત્ત, ગુપતિઇ ગુપતઉ દંડ વિરત્ત,
પંખીની પરિ હલૂઉ થઇ, મોહ વિગત તે વિચિરય મહી. ૬૩

(૧–૨) ૫–૧૦ પ્રાચીન પ્રત. દા. ૭ નં. ૨૩; સં૦ ૧૫૯૫ વર્ષે. પત્ર ૧૭ થી ૨૧. પ્રત ૨૧–૧૦ દા. ૫ નં. ૬૫ મો. મો. સાગર પાટણ. (૩) સંવત ૧૫૮૯ શાકે ૧૪૪૯ શુકલ પક્ષે રાકા તિથૌ માર્ત્તંડાંકિત વાસરે લિ૦ પં. હર્ષસોમ ગણિ ગણેશ લાભહંસ શિ. મહીપાલેણ લિ૦ શ્રા૦ કસ્તૂરાં પઠનાર્થે. ૮–૭ દા. ૬૩ નં. ૭૨ સંઘ ભંડાર પાટણ.

---

૬૭૬ આણંદપ્રમોદ (ત. ચરણપ્રમોદ–હર્ષપ્રમોદ શિ.)

(૧૩૯૫) શાંતિજિન વિવાહ પ્રબન્ધ સં. ૧૫૯૧

આદિ—

સરસતિ સામિણી હંસલા ગામિણી, મઝ મનિ એક ઊમાહલુ એ,
ધવલપ્રબંધિહિં બાર ભવંતર સુંદર **શાંતિ**વીવાહલુ એ. ૧

તૂઠી બ્રહ્માણી અમીય સમાણી, આપીય વાણીય આદિમાતા (વેણુ વાંતા)
ચરણપ્રમોદ પસાઉલઇ, હું રચું **શાંતિચરિત્ર** એ સરસ ગાતાં. ૨
જાઉં જી ભામણઇ **સંતિ** સોહામણઇ નામિ હુઇ તુમ્હ તણઇ નવઇ નિદ્ધિ
સુરતરૂ આંગણઇ જે ભણઇ જે સુણઇ, ભણઇ **આનંદ** લહઇ
ઋદ્ધિ વૃદ્ધિ. ૩

અંતે—

રાગ ધન્યાસી ઢાલ ૬૩.

શ્રી **આણંદવિમલ** સૂરિ, શ્રી **સૌભાગ્યહર્ષ** સૂરિ,
દીપઈ દોઇ જિસિયા ચંદ સૂર. ૪૯ રચિઉ સંતિ૦
ચિરંશ્રી **ચરણપ્રમોદ** ગુરૂ, **હરષપ્રમોદ**રે,
ભણઈ **આણંદપ્રમોદ** રંગિઈ. ૫૦
રચિઉ **સં**તિ વીવાહલુ, ધરી ઊમાહલુ,
તું તુ ત્રિભુવન કેરૂ નાહલુરે. ૫૧ રચિઉ૦ ધ્રૂપદ૦
ભવભય ભંજણુ, દાલિદ્ર ગંજણુ, **વીર મેવાડા** મંડણુરે. ૫૨
ઈંદ્ર ચઉસઠિઇ કરઇ, સ્નાત્ર ચઉસઠિરે,
ઢાલ ચઉસઠિ રચ્યા ધવલબંધિ. ૫૩
સંતિ સમરથ દેવા, નિજપદ દેવા,
માગું ભવિ ભવિ તુઝ પયકમલ સેવા. ૫૪
પાટણમાંહિ એકાણુઆ માંહિરે,
ગુરૂ પુણ્યિ ગાઇઓ **સં**તિનાહહે. ૫૫
નવરસ સાગર ભણુઈ જે નારિનર,
સુખ આગર સંપતિ લહે એ. ૫૬
નામિ નવનિદ્ધિરે, અષ્ટ મહાસિદ્ધિરે,
ભણે **આણંદ** લહે ઋદ્ધિ વૃદ્ધિ. ૫૭ રચિઉ૦

—(૧) પોથી ૪૩ પંચાયતી જૈન શ્વે. ભં. જયપુર શહેર. (૨) ૨૨–૧૧ નં. ૪૭૦૧ સેં. લા. વડો. (૩) ૨૧–૧૧ દા. ૭૨ નં. ૭૦ સંઘભંડાર પાટણ. (૪) ઇતિ નવરસ રંગ સાગર નામા ધવલ

પ્રબંધ શાંતિનાથ વીવાહલુ સંપૂર્ણ શ્રાવિકા પુંણ્યપ્રભાવિકા ગુરૂદેવદાન-દયાપ્રતિપાલિકા શ્રાવિકા **સોમાઈ** પઠનાર્થં. ૨૧-૧૩ દા. ૧૭ વી. ઉ. (૫) તપાગચ્છનાયક **સોમવિમલસૂરિ** પટ્ટે સંપ્રતિ વિજયમાન **હેમસોમ** સૂરિરાજ્યે મહો૦ વા૦ **હંસસોમગણિ** શિ૦ મુનિ **શિવહંસ** લ૦ સં૦ ૧૬૨૬ પત્તન નગરે। ચાતૂર્માસ ॥ ૧૩-૧૬ નં. ૨૪૫૮ મુક્તિ૦

(૧૩૯૬) જિનપાલ જિનરક્ષિત રાસ. ઢાલબંધ ૬૯ કડી (સં. ૧૬૨૬ પહેલાં.)

સરસતિ મઝ મતિ દિઉ ધણીએ, ગુણ થુણુ હે સખી **ગોયમ** સ્વામિ.
નાંમિ **ચંપા** સોહામણીએ **માકંદી** હેમ ખાદરે,
ગાયો **જિનપાલ જિન રક્ષિતાં**મ સિઉએ,
છટ્ઠા હે સખી અંગ મઝારિ, ધવલબંધિઈ તસ ગાઇશુંએ. ૧
ચરણપ્રમોદ સામ, પૂરૂ સંઘ જગીસ,
હરષપ્રમોદ હીંસઇ, નવનિધિ સુખ વિલસઈ. સુ૦ ૬૮
આણંદપ્રમોદ બોલઇ, ચિંતામણિ તોલઈ,
જે ભણઇ ભાવિ ભોલઇ, મિલઇ સંપદ ટોલઇ. સુ૦ ૬૯

—લ. સં. ૧૬૨૬માં પત્ર ૬૪ થી ૬૮ ચોપડો નં. ૧૧૨૫ દે૦ લા. પુ. લા.

સંયમમૂર્ત્તિ (૧)(કમલમેરૂશિ.) જુઓ નં. ૨૧૩ (૧-૪૬૨)

(૧૩૯૭) કલાવતી ચોપઇ ગા. ૨૦૧ સં. ૧૫૯૪ જે. શુ. ૩ બુધ

તિત્થેસર ચુવીસમઉ, **વીર** જિણંદહ દેવ
સિદ્ધારથરાય કુલતિલઉ, સારઇ સુરનર સેવ. ૧
સંવત **પનર ચઉરાણુ** સાર, જેઠ સુદી ત્રીજઇ બુધવાર
રચીયઉ એહ ઉપશમ ભંડાર, શ્રી **વિધિપક્ષ** ગચ્છ ઉદાર. ૨૦૦
વાચક **કમલમેરૂ** સુપસાઇ, કીયો કવિત મન ધરી ઉછાહ
વિધિઇ કરી **સંયમમૂર્ત્તિ** કહઇ, ભણઇ ગુણઇ તે નવનિધિ લહઇ ૨૦૧

—(૧) એક ગુટકો જિ. ચા. (૨) પત્ર ૨થી ૧૦ નં. ૧૧૭ અભય.

(૧૩૯૮) **ગજસુકુમાલ સંધિ** કડી ૭૦ સં. ૧૫૯૭
આદિ—
પણમવિ સ્વામી **નેમિ** જિણુંદ, જસ સેવઇ સુરનરવઈ ઇંદ
ગયસકમાલ સંધિ મનરંગઇ, પભણિ જિમ **અંતગડ** અંગઇ ૧
પંચમ ગણધર જિમ વલિ ભાસઇ, ચરમ કેવલી તેમ પયાસઇ
કાલ તેહનઇ સમઇ સુજાણ, નયર **બારવઇ** નોપમ ઠાણ. ૨
અંતે—
સુપરાજ તે રાજા સાધઇ, જિનવર વચન વિશેષઇ આરાધઇ
ગયસુકુમાલ સદા ગુણ ગાવઇ, તે નર ઋદ્ધિ વૃદ્ધિ શિવ પાવઇ ૬૯
સિદ્ધભેદ વરસહ **મુનિચંદ**, દેવકોટિ માહે જિમચંદ,
સંજિમમૂરતિ તે ચિર નંદઈ, **ગયસુકુમાલ** સદા જઉ વંદઇ. ૭૦
—(૧) પં. **સામંતેન** લિ૦ ॥ ૪-૧૧ નં. ૪૧૩ મ. જૈ. વિ. (૨) ૪-૧૨ અનંત નં. ૨.

આ પરથી ૨૧૩ નંબરના **સંયમમૂર્ત્તિ**એ ઉદાયી રાજાની સંધિ રચીને આ સંધિ પણ રચી હોય તો તેમનો સમય સં. ૧૫૭૯ આવે. ૨૧૩ નં. નીચેના ટિપ્પણ પ્રમાણે આ સંયમમૂર્ત્તિ પહેલા ને જૂના હોઈ શકે છે.

---

૧૧૧ બ્રહ્મ-વિનયદેવસૂરિ (પાર્શ્વ૦) (૧-૧૫૨)

(૧૯૫) **સુસઢ ચોપાઈ.** સં. ૧૫૯૩.
આદિ—
સુખકર શ્રી જિનશાસનરાય, **વીર** જિણિંદહ પ્રણમઉ પાય,
શ્રી ગુરૂ ચરણઈ નામી સીસ, **સુસઢ** કથા ભાખિવા જગીસ. ૧
અંતે દૂહા
નરપતિ આણા ભંજતાં, લબ્ભઇ નિગ્રહ એક,
જિણ આણાં ભંજ્યઇ સહઇ, પરભવિ દુખ અનેક, ૨૩૯
ચઉથ છઠ માસખમણ, પ્રમુખ સયલ તપ સાર,
જિણ આણાસઉં આચરઉ, જિમ પામઉ ભવ પાર. ૨૪૦

શ્રી **પાસચંદ** સૂરીંદ વર, ચરણ યુગ પણમેવિ,
બ્રહ્મ શિષ્યિ એ વર્ણવ્યઉ, **સુસઢ ચરિત્ર** સંખેવિ. ૨૪૧
મહાનિશીથઈં એહનઉ, છઈ સંબંધ વિચાર,
અપર ગ્રંથિ દીઠઉ જિ વલિ, તિહથી એ ઉદ્ધાર. ૨૪૨
ભુવન અહ સર ચંદ મિત, વરસિ કહ્યઉ ઉધરિ રંગ,
ભણઉ ગુણઉ મંગલકરણ, જિમ હુઈ સુખ અભંગ. ૨૪૩

—(૧) ઇતિ શ્રી **મહાનિશીથાદિ** ગ્રંથાનુસારતઃ **સુસઢ** ચરિત્ર વર્ણનઃ ગ્રંથાગ્ર ૪૫૦. ૧૯-૧૧ દા. ૭૧ નં. ૩૮ ડે. (૨) પત્ર ૧૧ ગ્રં. ૨૫૨ દા. ૩૦ નં. ૪૮ લીં.

(૧૯૬) +સુધર્મગચ્છ પરીક્ષા (૧-૧૫૪).

—લ. સં. ૧૬૨૫, ૫-૨૩ બી. ડી. ૯ રો૦ એ૦ નં. ૧૮૮૧.

(૧૯૭) સુદર્શનશેઠ ચોપઈ (૧-૧૫૪).

—સંવત્ ૧૮ સાલ ૪૮, ૬૩-૭ નં. ૧૨-૧૨. ગુ૦

(૧૯૮) ૧૮પાપસ્થાન પરિહારભાષા (૧-૧૫૫).

—(૧) આમોદની પ્રત હવે દે. લા. પુ. લા. નં. ૯-૨૫૧. (૨) સં. ૧૭૩૪ આશ્વન માસે તૃતીયા તિથૌ બુદ્ધવાસરે ૭-૧૬ દા. ૬૩ નં. ૨૫ સંઘ ભં. પાટણ. (૩) સં. ૧૭૮૪ વૈ. શુ. ૧૩ ઈલમ-પુરે સાધ્વી લાલ પઠનાર્થં. પત્ર ૧૩ પો. ૮૩ નં. ૨૧૫૪ જિ. ચા. (૪) પત્ર ૧૧ થી ૧૬ એક ચોપડો નં. ૨૪૭૧ મુક્તિ૦

(૧૯૯) નેમિનાથ ધવલ-વીવાહલુ ૪૪ ઢાલ (૧-૧૫૭).

(૧) ગ્રંથમાન ૧૯૩ પત્ર ૨૮ દા. ૩૦ નં. ૪૦ લીં. (૨) ૨૧-૧૧ ગ્રંથાગ્રં ૪૫૦ સં. ૧૬૧૫ આસો સુદ ૭ રવૌ લષિતં સાધસેવક **લાલજી પારિખ** શ્રી **સૂરજી** પઠનાર્થં જૈ. એ. ઈ. નં. ૧૧૯૨ (૩) સં. ૧૭૦૬ માઘ શુદિ ૧૦ શુક્રે લિ. ૧૫-૧૩ દા. ૮૦ નં. ૧૩૭ હા૦

(૨૦૦) ઉત્તરાધ્યયન ૩૬ અધ્યયન ગીત લ. સં. ૧૫૯૯ (૧-૧૫૭)

આદિ— ઢાલ મોહણગારૂરે નંદરે વણનાહલઉ.
(બીજી પ્રતમાં-વચન તુહ્માસરાં હો જિનજી મનિ વસ્યાં એ ઢાલ)
શ્રી ગુરૂ **ગોતમ** ગુણ હઇયડઈ કહિઇસિઉં વિનય વિચાર
સ્વામી **સોહમ** ગણધરનઇ કહિઇ **ઉત્તરાધ્યયન** મઝારિ. ૧
વિનય કરીજઇ રે ભવીયણ ભાવસિઉં જેહથી લહીઇ નાંણ,
અનુક્રમિ સમકિત ચારિત્ર ગુણગ્રહી પાંમીજઇ નિરવાંણ. આંકણી.

—(૧) સં. ૧૫૯૯ કા. શુકલ પંચમ્યાં શ્રી **સ્તંભતીર્થે** શ્રી **સ્તંભનાધીશ** શ્રી **પાર્શ્વનાથ** પ્રસાદાત્ વિહિતં ઉત્તરાધ્યયન ષટત્રિંશદ ભાષા ત્રિશક્તં સમાપ્તં ૨૭-૧૧ પો. ૧૨૬ મો. સુરત. (૨) સં. ૧૬૪૯ વર્ષે કર્તિક સુદિ ૩ ભૃગુવાસરે. ૧૯-૧૩ દે. લા. પુ. લા. સુરત નં. ૧૪૮-૩૯૬ (૩) સં. ૧૬૫૭ વૈ. વ. ૯ શુક્ર બાઇ **સોમા** પઠનાર્થં ૪૦-૧૧ દા. ૧૬ નં. ૩૭ ઘોઘા ભં. (૪) સં. ૧૬૭૧ ચૈત્ર શુદિ દ્વુતીયા લિખિતં કાયસ્થ **માથુર સુદર્શનેન આગરે** કોટા ૧૮-૧૩ દા. ૭૨ નં. ૭૨ સંઘભંડાર પાટણ. (૫) ૩૨-૯ દા. ૭ નં ૫૭ ખેડા ભં. (૬) શ્રી **અંચલગચ્છ** આચાર્ય શ્રી પુણ્ય (સાગર...) સં. ૧૬૫૨ કા૦ શુ. ૧ ગુરૌ લિ૦ ૧૫-૧૭ દા. ૮૨ નં. ૧૦૩ હા. (૭) એક ચોપડો પત્ર ૧૩ થી ૪૩ પ્રત નં. ૨૪૭૧ મુક્તિ૦ (૮) પત્ર ૧૪ દા. ૩૦ નં. ૫૧ લીં. (૯) ૪-૨૦ અપૂર્ણ નં. ૫૧૮ મ૦ જૈ૦ વિ૦ (૧૦) લ. સં. ૧૫૯૯ સેં. લા. વડોદરા. (૧૧) ૧૩-૧૧ જૂની પ્રત પ્રથમનાં ૩ પત્ર નથી દા. ૩૬ ડા. અ. ભં. પાલણપુર.

(૨૦૨) નાગિલ સુમતિ ચોપઇ સં. ૧૬૧૨ આસો શુદિ ૮ ગુરૂ
(૧-૧૫૮)

આદિ—

બાલપણા લગિ શીલઇધીર, નીલ કમલ દલ કંતિ શરીર,
સમુદ્રવિજય શિવાદેવીનંદ, નેમિ નમૂં આણી આણંદ. ૧
જસુ ગુણ તણઉ ન લાભે પાર, અતિશય ચઉત્રીસ સોહે સાર,
વચનતણા અતિશય પાંત્રીસ, તાસુ ચરણ વંદો નિશિદીસ. ૨

મનશુદ્ધિઇ સંભારૂં સદા, સરસ વચન આપે **શારદા**
તસુ અણુસારે કરૂં ચોપઇ, સુણો સુયણ એકમના થઈ. ૩
ત્રિણિ તત્ત્વ છે જગમાહેં સાર, દેવ અને ગુરૂ ધર્મ વિચાર,
તે દેખાડે શ્રી ગુરૂ સાચ, એ છે નિશ્ચલ આગમ વાચ. ××૪
શ્રોતા દેખી ગુરૂ નય કહે, **બ્રહ્મ** કહે તો સાચૂં લહઇ. ૫૨૧

અંતે—

એ ચઉપઇ ભણી કરી, રાખી હિયે સુજાણ,
જે નવિ કહસ્યે લૌકિકનેં, તસુ **નેમીસર** આણ. ૬૧૨
સાચું કહતાં સમકિત સહી, તિણિ લેજ્યો લાહો એ કહી,
સાધુ ગુણેં જિણવરને નામિ, એ વિસ્તરજ્યો ઠામેં ઠામિ. ૬૧૩
સંવત **સોલે બાશેત્તરે**, આસો સુદિ સાતમિ દિન ગુરેં
નાગિલ સુમતિ તણી ચોપઇ, ગુરૂ પ્રસાદિ સંપૂરણ થઇ. ૬૧૪

—ઇતિ ગુરૂતત્ત્વ પરીક્ષાધિકારે સુમતિનાગિલ ચઉપઇ સમાપ્તા.
(આમાં સુધારાવધારા છે તેથી કવિની પોતાનીજ પ્રત જણાય છે.)
૪૫–૧૨ દા. ૪૫ નં. ૪૨ **ब** ડે.

(૧૪૦૦) સુપાર્શ્વજિન વિવાહલો સં ૧૬૩૨

આદિ—

સુંદર સુગુણ સુહામણઉએ, નમૂં દેવ **સુપાસ** નિધિ જસ તણઉએ,
નમિય વલિ અવર સવિ જિણવરૂએ, સવિહું જિનનાથના ગણધરૂએ. ૧
શાસનદેવતિ સંભરીએ, વલિ **સારદા**ના ગુણ મનિ ધરીએ
કરિસુ **સુપાસ**જિણવર ચરીએ, સુણતાં હુઇ સંપદા બહુ પરીઇએ. ૨

અંતે—

ચઉસઠિ ઇંદ્ર તિહાં મિલઇએ, તિહાં કરઇ લોકાચાર ભ૦
જંબુદીવ પન્નતિ છઇ એ, મોક્ષગમન આધિકાર ભ૦ ૫૨
તેહ તિહાંથી જાણિવઉ એ, કહતાં વિસ્તર થાઇ ભ.
ઉચ્છવ નંદીસરિ કરી એ, સુર સુરલોકઇ જાઈ. ભ. ૫૩

શોક નિવારી મન તણુઉ એ, ભોગવઈ સુરના ભોગ ભ.
મન સુધિ જિન આરાધતાં એ, લહિયઈ સયલ સંયોગ ભ. ૫૪
શ્રી **વિનયદેવ** સૂરિ ઇમ ભણઈ એ, વંદઉ સામિ **સુપાસ** ભ.
એહ ભણુઉ વીવાહલઉ એ, જિમ પુહચઇ મન આસ ભ. ૫૫
ચરિત્ર થકી એ ઉધર્યઉ એ લવલેસઈ સંબંધ ભ.
મિછાદુક્કડ તેહનૂં એ, જે કહ્યઉં સૂત્ર વિરૂદ્ધ, ભ. ૫૬
યુગલ ભુવન રસ ચંદ્રમા એ, ધરસિ રસાસુત વારિ ભ.
ફલતી આશા અભિનવી એ, માસિ તેરસિ દિનિ ધારી ભ. ૫૭
એહ રચ્યઉ વીવાહલઉ એ, નાંદઉ જાં જિણ ધર્મ ભ.
ભણતાં સુણતાં સુખકર એ, જાણુઉ સૂધઉ ધર્મ. ૫૮

—ગ્રંથાગ્ર ૫૮૧. આર્યા મનકાં આર્યા અમરાં પઠનાર્થં ૧૫-૧૧

ડા. અ. ભં. પાલનપુર.

(૧૪૦૧) ભરત બાહુબલિ રાસ. કડી ૩૨૫. સં. ૧૬૩૪.

આદિ—

શ્રી **આદીશ્વર** ચરણે નમૂં, **ચકકેસરિ**નઈ ધ્યાનિઇ રમૂં,
ગાઉં **બાહૂબલિ** મુનિરાય, પામી સહિગુરૂ તણુ પસાય. ૧
ઋષભદેવ લ્યઈ દીક્ષા જિસઇ, દીધૂં રાજ **ભર**તનઇ તિસઈ,
બાહૂબલિનઈ ઘઇ દેશ, બહુલી નામિઈ રિદ્ધિ પ્રદેશ. ૨
દેશઇ કેતુ દીધઉ વલી, પુત્ર અઠાણૂંનઈ મનિ રલી,
આદરઇ સ્વામી સંયમભાર, પાલઇ સૂધઉ નિરતીચાર. ૩

અંતે—

આવશ્યક નિર્યુક્તિ ગતિ વિચાર, **વૃત્તિ**માંહિ છઈ તસુ વિસ્તાર,
વલી ચરિત્ર જોઇનઇ કહ્યઉં, પંડિત નરને વચને લહ્યઉં. ૩૨૨
અક્ષર કાન્હઇ માત્રઇ જેય, હીણુઉં અધિકઉં ભાખ્યઉ તેહ,
પંડિત જન તે સાચઉં કરઉ, અભિનિવેસ મનનઉ પરિહરઉ. ૩૨૩
શ્રી **બાહૂબલિ** ઉત્તમ સાધુ, ખામૂં તે સાખિઈ અપરાધ,
કરજોડી વંદઉં નિસિદીસ, કહઇ શ્રી **વિનયદેવસૂરીસ**. ૩૨૪

સંવત **સોલવરસ ચઉત્રીસ,** કરી ચઉપઇ ધરી જગીસ,
ભણતાં ગુણતાં મંગલ કરઉ,જિહાં જિનધર્મ તાં લગિ વિસ્તરઉ. ૩૨૫

—૪ પ્રકાશમાં. સં૦ ૧૬૪૫ આસો વદિ ૫ રવૌ પં. **સકલ-પ્રમોદગણિ** ચેલા **પદ્મપ્રમોદ** લ૦ ૧૨-૧૫ દા. ૬ નં. ૩૫ ખેડા ભં.

(૧૪૦૨) સાધુવંદના કડી ૧૩૮.

આદિ—

અમરનરવૃંદ નિતુ જાસ અહનિશિ નમઇ,
કેવલજ્ઞાન સુખ સંગમઈ જે રમઇ,
સિદ્ધ અનંત તે ભાવ ધરિ વંદિયઇ;
ચ્યારનઇં વીસ જિણ નામિ આણુંદિયઇ. ૧

કાલ અતીત અનંત મુણિવર થયા,
અછઇ જયવંત જે હુસ્યઇ આગામિયા,
જોડિ કરકમલ તસુ શિરકમલ નામિયઇ;
અભિનવ આણંદ જેહથી પામિયઇ. ૨

અંતે— ૧૩ ઢાલ રે જીવડા દુલહઉ માનવભવ લાધુ.

ગૃહવાસિઈ શીલ સોવન કસિયૂં, કષ્ટ કસઉટઇ જાચૂં,
સેઠિ **સુદરસણ** દરસણ રૂડઉં, સીલ દીપાવ્યઉં સાચૂં.

× × ૧૪ ઢાલ રે પ્રાણી દોહિલઉ નરભવ સાર.

સાધુ **કયવન્નઉ** નામ સોભાગી **સાલ** અનઇં **મહાસાલ,**
ગાગલિ પિઠર **યશોમતી** જાણીઇ, પંચ એ સુગુણ રસાલ.

× × × ×

આજ સમઇ જિકો સાધુ શિરોમણિ, વ્રત તપ સમિતિ પ્રતિપાલ,
તાસુ પદપંકજ શ્રી **બ્રહ્મ** વંદઇ સદા, જોડિ કર કરકમલ ત્રિણકાલ.
એમ આગમિ અનઇ અવર ગ્રંથઇ વલી, સાધુના સંભરી નામ
ભાવ સુદ્ધિઇ જિકો પ્રહસમઇ, નિતુ નમઇ, તે લહઇ અવિચલ ઠામ.

—૯-૧૨ લ. સુ.

(૧૪૦૩) શાંતિનાથ વિવાહલો.

આદિ— ઢાલ માઈ ધન્ન સુપન્ન.

આરાધૂં ભાવિઇ સંતિકરણ શ્રી સંતિ,
ગુરૂઆ ગુરુ વંદઉ ટાલી મનની ચંતિ.
નિર્વાણી નામઈ શાસનદેવિ સંભારૂં,
સોલમ જિનવરનું **ધવલ** રચિસુ હઉં સારું. ૧

અંતે—

ઉત્તરાધ્યયનની વૃત્તિ પ્રમુખ થકી, ભાખ્યઉ એ અધિકાર,
આપમતિઈ કાંઇ હીણ અધિક કહ્યઉં, સાચ વિબુધ કરઉ સાર. ૨૧૫
શાંતિ જિણેસર સ્વામી સોલમઉ, ગાયઉ મન ઉલ્લાસ,
શ્રી **બ્રહ્મ** કહઇ નિતુ સેવા સારતાં, પૂરઈ વંછિત આસ. ૨૧૬

આણંદ આણીરે જગગુરૂ ગાઇઅઇ.

—પઠનાર્થે બેન **મોતીકુંઅર** ૧૫-૧૪ નં. ૨૩૩૦ મુક્તિ.

(૧૪૦૪) વાસુપૂજ્ય સ્વામિ ધવલ.

આદિ—

ચઉવીસઈ જિણ ચરણે લાગીઇ, વર **શ્રુતદેવી** પાસઇ માગીઈ,
લાગીઇ પાએ શ્રી સુગુરૂનઇ, **ધવલ** રચિસુ સુહામણું.
વાસુપૂજ્ય જગગુરૂ બારમાનં, ચરિત્ર જાવ ત્રિણઈ તણૂં,
ધાતકી ખંડઈ પૂરવ દિશિ ગિણિ **માહાવિદેહિ** વખાણીઇ.
ભલ વિજય **મંગલાવતી**, નયરી **રતન સંચય** જાણીઅઇ. ૧

અંતે—

સદાફલી ફ્લ જિમ તડકીનઇં સાધુ સહિત સિધિ પામઇ,
શ્રી **વિનયદેવસૂરિ** એ કરજોડી, ભાવઈ મસ્તક નામઈ.

× × × ×

નંદીસર વરિ કરી અઠાહી, દેવલોકિ સુર જાઈ,
પૂજઈ દાઢ આશાતન ટાલઈ, હિયડઇ હરખ ન માઇ.
રચ્યઉં **ધવલ** જિમ ચરિત્રિ વખાણ્યઉં, જાણી ગુરૂમુખિ મર્મ,
તા ચિર પઢઉ ગુણઉ ભવિયણજણ, જાં વરતઇ જિણ ધર્મ. ૨૯

—સંવત ૧૬૬૬ વર્ષે માઘ શુદિ ચતુર્થ્યાં ગુરૌ મુ૦ રાજવિમલેન લિપિ૦ ૧૦–૧૩ દા. ૮૩ નં. ૧૫૯ હા.

(૧૪૦૫) પ્રકીર્ણ કૃતિઓઃ—

પ્રથમાસ્રવદ્વાર કુલક. કડી ૯૨.

આદિ—

ગોયમ નઈ **સોહમ** ગણધર ચરણે લાગું,
મતિ કવિત કરવાની, મન રંગઇ માગૂં;
દસમઇ અંગિ બોલ્યા પંચઇ આશ્રવદ્વાર,
મિથ્યાતી અવિરત લોકતણા આચાર.
દ્વાર અધર્મ પક્ષના કરણી જેહની આદિ ન દીસઇ,
કેવલ પાપ બંધના કારણ જાણઉ વિશ્વાવીસઇ. ૧

અંતે—

દસમઇ અંગઇરે **વીર** જિણંદ કહઇ પહિલૂં દ્વાર અધર્મ,
સમકિત વિરતિ નહિ જસુ એ, સહી જાણઉ એહજ મર્મ. ૯૦
પાછલિ કરણી બોલ્યાં તે સહૂ, પાપ કરવાનાં ઠામ,
સૂત્રઇ વિવરીરે ભાખ્યાં તે સહૂ, પાપી નરનાં નામ. ૯૧
નિર્મલ મતિ કરિ સમકિત વિરતિસ્યૂં, પાપકર્મ કરઉ દૂરિ,
અવિચલ પદવીરે પામઉ તેહથી, ભણઇ **વિનયદેવસૂરિ.** ૯૨

—૩–૧૫ દા. ૮૨ નં. ૧૭૮ હા.

૯૨ જિનરાજનામ સ્ત.

કેવલન્યાની પહિલા દેવ, બીજા **નિર્વાણી** કરૂ સેવ. ૧
તિહૂં કાલઇ અનંતા દેવ, તેહની મન સુધિ સારઉં સેવ,
મનથી તુમ્હે મ કરસઉ દૂરિ, ઇમ બોલઇ શ્રી **વિનયદેવસૂરિ.** ૩૧

—ઉપરની પ્રત સાથે છેવટે.

અંતકાલ આરાધનાફલ ૧૨૪ કડી.

ચુપઇ.

વંદિય ચઉવીસમઉ જિણિંદ, **ગોયમ** સ્વામી પમુહ મુણિંદ,
ભણિસુ સંક્ષેપઇ **આરાધના,** જે ગુણતાં હુઇ સુભ ભાવના. ૧

× × ઇણિભવિ પરભવિ સુખ ઘણા આપઇ,
બ્રહ્મ કહઇ અવિચલ પદિ થાપિઇ. ૧૧૯
ધન્ન અણગાર શ્રી મેઘકુમાર,
ગયસુકુમાલ નમૂં નિત વાર. ૧૨૦
× × એહ આરાધના જે જન કરસઇ,
તે સુખ સંપદા નિશ્ચઇ વરસઇ. ૧૨૪

—૧૦-૧૧ પોથી નં. ૧૦ પ્રત કવિ સમયમાં લખેલી. જિનદત્ત ભં. મુંબઈ.

[તેમણે જિનહિતા નામની દશા શ્રુત સ્કંધ ટીકા રચી છે. નં. ૧૦૮૯ સન ૧૮૯૧-૯૫ ભાં. ઇ; અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિપર વૃત્તિ પણ અણહિલવાડમાં રચી છે. તેમાં પોતાને ચાલુક્ય વંશના રાજપુત્ર (**शिष्योऽस्ययं ब्रह्ममुनिर्विपश्चिच्चालुक्य वंशोद्भव राजपुत्रः**) તરીકે અને સાધુરત્ન પંડિત શિષ્ય પાર્શ્વચંદ્રસૂરિના શિષ્ય તરીકે જણાવેલ છે. આ બીજી વૃત્તિ રચવામાં પોતાના ગચ્છના વિજયદેવસૂરિએ સંશોધન કર્યું હતું. પ્રત નં. ૧૭૮૨ પ્ર. કા. વડો૦]

૧૧૨ કવિયણ (૧-૧૫૯).

(૨૦૪) તેતલીપુત્ર રાસ ૧૫૯૫ (આ રાસના કર્તા નં. ૪૯ના સહજસુંદર છે તેથી અહીંથી તે કાઢી નાંખવો, અગાઉ પૃ. ૫૬૧ માં મૂકેલ છે.)

૧૧૩ કલ્યાણજય (જયકલ્યાણ) શિષ્ય (એમ સુધારો)
(ત૦ સૌભાગ્યહર્ષ સૂરિ શિ.) (૧-૧૬૦)

(૨૦૬) કૃતકર્મ રાજાધિકાર રાસ સં. ૧૫૯૪ (૧-૧૬૦).

આદિ—

સકલ મૂરતિ કલ્યાણકર, આદિહિં આદિ જિણિંદ,
શ્રી વિમલાચલ મંડણઉ, પણમઉ આદિ જિણંદ;

શાંતિકરણ **શાંતિ** જિણ, સોલસમઉ જિણરાય,
ચક્રવર્ત્તિ વલી પંચમઉ, સોવન વન જસ કાય. ૨
ગઢ **ગિરિનારિઈં** ગાજતુ, **રાજમતી**નુ કંત,
તીર્થંકર બાવીસમઉ, **નેમિનાથ** ગુણવંત. ૩
શ્રી **જીરાઉલિ** રાજીઓ, મહિયલિ મહિમાવંત,
આસપૂરણ **આસસેન** તન, ચિર પ્રતપઉ જયવંત. ૪
શ્રી **સિદ્ધારથ** કુલ તિલઉ, કંચણવાન સરીર,
વર્દ્ધમાન વંદઉ સદા, સૂરઉ સાહસ ધીર. ૫
સેવિઉ સવિ સંપદ દીઇ, શ્રી **ગૌતમ** ગણધાર,
નવનિધિ નામ જપંતડાં, નિત નિત જયજયકાર. ૬
જસ નામિઇ જસ વિસ્તરિઇં, કવિજન દિઇ બહુમાન,
તે ગુરૂપાય નમંતડાં, વસુધા વાધઇ વાન. ૭
સરસતિ સરસ વચન રસ, વિરચઇ અવિરલ ધાર,
જાસ પસાઇં નીપજઇં, કવિત બીજ વિસ્તાર. ૮
તે **સરસતિ** મુઝ મુખિ વસઈ, આપિઇં નિરમલ બુદ્ધિ,
આપઈ તુ **કૃતકર્મ**નઉ, બોલિસુ સરિસ ચરિત્ર. ૯

અંતે— વસ્તુ

એક પદથી એક પદથી રાય **કૃતકર્મ**,
નવરંગી નવયૌવની ચ્યારિ નારિસું રાજસુંદર.
પામઈ લીલા અતિ ઘણી, તેજવંત મહિમા પુરંદર,
છેડઈ સંયમ આદરી પામિઉ શિવપુર રાજ;
સકલ શાસ્ત્રનઇ પ્રણમતાં, નિશ્ચઈં સીઝઇં કાજ. ૨૩૭

—(૧) આદિમાં શરૂ કરેલ છે કેઃ–**ત**પાગચ્છનાયક ભટ્ટારિક શ્રી શ્રી શ્રી **સો**મવિમલસૂરિ ગુરૂભ્યો નમઃ–(તેથી તે સૂરિના શિષ્યે લખેલ) ૧૪–૧૧ દા. ૭૦. નં. ૧૦૧ ડે૦ (૨) સં. ૧૬૨૭ માર્ગશીર્ષ શુદિ ૭ કૃષ્ણદાસ લ૦ પરી દેવચંદ, એક ચોપડો પૃ. ૭૭ થી ૯૦ નવાં ૬૯ થી ૮૩ રા. ડાહ્યાભાઇ મોતીચંદ સુરતવાલા વકીલ પાસેનો.

(૩) ૧૨-૧૪ દા. ૬૩ નં. ૪૩ સંઘ ભંડાર પાટણ. (૪) ૧૧-૧૩ નં. ૧૬૪. ધ્રકર ભં.

---

૬૭૭ **કમલમેરૂ** (અં.)

(૧૪૦૬) કલાવતી ચોપઇ સં. ૧૫૯૪ જે. શુ. ૩ બુધ કવિંદામાં.

સંવત **પનરચઉહાણુ** સાર, જેઠ સુદિ તીજ બુધવાર,
શ્રી **વિધિ** પક્ષ ગચ્છ ઉદાર, નયર શ્રી **કવિંદા** મઝાર. ૯૩
વાચકશ્રી **કમલમેરૂ** પાસઉ, કિયો કવિત મન ધરિ ઉછાહઉ...

—(૧) **અંચલગચ્છે** વા૦ તેજસમુદ્ર ગણિ શિ૦ ઋષિ **વેણા** લિખિતં. પત્ર ૭ નં. ૧૫૦ જેસલ. ભ. ભં. (૨) પ્રાયઃ આ કવિકૃત સં. ૧૬૮૩ આ. શુ. ૨ ભૃગુદિને વાસ્તવ્ય દીવબંદિરે લિ. મુ. વિ. છાણી.

---

૨૩૭ મતિસાગર (૧) (આગમ ગચ્છે સોમરત્નસૂરિ પટ્ટે ગુણનિધાનસૂરિપટ્ટે ઉદયરત્નસૂરિ શિ. ગુણમેરૂ શિ.) (૧-૪૯૬)

(૧૪૦૭) લઘુ ક્ષેત્રસમાસ ચોપઇ સં. ૧૫૯૪ આસો. પાટણ.

આદિ—

સરસતિ સામિણિ કરૂં જુહાર, જેહના ગુણ અપ્પારાવાર,
તે **સરસતિનું** ધ્યાનજ ધરી, રચસિઉં ચુપૈ હરષિઇં કરી. ૧
આગમ ગછિ ગુરૂઆ ગુરરાય, શ્રી **સોમરયણ** સૂરિ વંદૂં પાય,
તસ પટિ શ્રી **ગુણનિધાન** સૂરિંદ, તસ પટ્ટોધર સૂરિ નરિંદ. ૨
શ્રી **ઉદયરયણ** સૂરિ મહિમાવંત, શમદમ સંયમ સદા ઝલકંત,
તે સહિગુરની અનુમતિ લહી, **ક્ષેત્રસમાસ** અહ્નો રચિસિઉં સહી. ૩
તસુ પરિવારિ પંડિત **ગુણમેરૂ**, તાસુ સીસ કહિ હરિષ ધરેવિ,
ચુપૈ બંધિ કરિસું હું સોઇ, એહ વિચાર સુણિયો સહુ કોઇ. ૪

વસ્તુ

જૈન શાસનિ જૈન શાસનિ મૂલ સિદ્ધાંત,
સોહમ સામિ પ્રકાસીઉ અછઇ, સાર પણયાલ આગમ.

તેહ મહીંય ચઉથઇ ઉપાંગિ, જેહ અરથ દુર્લ્દ અવગમ,
જંબુદ્દીવ પનત્તિ જેહ, તેહનું ઉધ્ધ્રિત જેહ,
ક્ષેત્રસમાસ જે મહિયલિઈ તેહનું વિવરણ એહ. ૫ × ×
એ **લઘુક્ષેત્રસમાસથી**, વિરચિઉં સારોદ્ધાર,
જંબૂદ્વીપ વિવરણા, બોલી કૂ ટચુ લગારિ. ૩૯૯
શ્રી **ઉદયરત્ન સૂરિ** તણઇ, સાનિધિ કહીઉં એહ,
શિષ્ય **મતિસાગર** વીનવઇ, પ્રણમું શ્રી ગુરૂ તેહ. ૪૦૦
હિવઈ બીજુ અધિકાર હું, બોલું હરપ ધરેવિ,
લવણસમુદ્રની વિવરણા, ચુપૈ બંધિ સંખેવિ. ૪૦૧

—ઇતિશ્રી ક્ષેત્ર સમાસે વિવરણે જંબૂદ્વીપાધિકારે પ્રથમોલ્લાસઃ

અંતે— દૂહા

આગમ ગછિ **ધંધુકીયા**, શ્રી **અમરરત્ન** સૂરીંદ,
તસ પટિ પાપ તિમિર હરઇ, શ્રી **સોમરયણ** સુરિચંદ. ૫૭૧
તસ અનુક્રમિ ગુરૂ દીપતા, શ્રી **ગુણનિધાંન** સૂરિરાય,
તાસ પાય ઉદ્યોતકર, ચિર પ્રતિપુ ગુરૂરાય. ૫૭૨
શ્રી **ઉદયરત્ન** સૂરીશ્વરહ, મહિમા ગરૂઅડિ મેરૂ,
તાસ સીસ મુનિવર મુકટ, પંડિત શ્રી **ગુણમેરૂ**. ૫૭૩
તેહનુ શિષ્યહ વીનવઈ, **મતિસાગર** જસ નાંમ,
જે કાંઇ કૂડૂ કવિઉં, ખમિયો કરૂંય પ્રણામ. ૫૭૪
ગહન અર્થ એહમાં ઘણાં, હું સિઉં લહૂઅ ગમાર,
હિત આંણી મઝ ઊપરિઇ, કરિયો ખરૂ વિચાર. ૫૭૫
સંવત **પનરચુરાણુઇ**, આસોઈ બુધવારિ,
રચીઉં એ સૂત્ર ઊપરિઈ, **પત્તન** નયર મઝારિ. ૫૭૬
ચુપૈ દૂહા થઇ પંચસઇ, અહિહુત્તિર અભિરામ,
તાં રહિયો એ મહિતલઇ, સાયર સૂર દૂ જાંમ. ૫૭૭

ઢાલ

ઇણિ પરિઇ રચીઉ રાસ મુગતિઇ ભાવિ ભગતિઈ સુખ કરઈ,

સિદ્ધાંતસાર વિચાર મીઠુ દીઠુ દરશનિ દુખ હરઈ,
જીરાઉલુ શ્રી પાસ પ્રણમી નમી **સરસતિ** બહુ પરે,
જે ભાવિ ભણસિઇ અર્થ સુણસિઈ નવઇ નધિ હુઇ તેહ **ઘરે.** ૫૭૮

—(૧) ઇતિ શ્રી લઘુક્ષેત્ર સમાસ વિવરણે સંપૂર્ણ નામ ષષ્ઠોલ્લાસ: ૨૩–૧૫ નં. ૧૧૪૧/૫૧૦ દે. લા. પુ. લા. (૨) ભક્તિવિજય ભં. ભાવ. નં. ૨૮ (વેં૦) (૩) અગરચંદ ભેરૂદાન બાંઠીયા લાયબ્રેરી વીકાનેર (૪) અપૂર્ણ પ્રત ૫–૧૮ નં. ૪૦૩ મ. જૈ. વિ.

(૪૬૧) સંગ્રહણી રાસ ઢાલ બંધ (સુધારો:—સં. ૧૬૦૫ પોષ (૧–૪૯૬)

અંતે— પહેલાં ઉમેરો.

સદ્ગુરૂ ચરણ પસાઇં કરી, અહમદાવાદ નયર મનિ ધરી,
ઋષભ પસાઈ પૂગી આસ, એતલઇ હુઉ બીજુ ઉલ્હાસ.
વૃદ્ધ સંઘયણિ થિકી ઉદ્ધરી, શ્રી **શ્રીચંદ્ર** મુનીશ્વર કરી,
વડી માહિઇ છઇ એતલા વિચાર, ચઉવીસ દંડક તણા પ્રકાર. ૫૩૭
શરીરનઇ અવગાહન મિલી, **સંઘયણિ** સંજ્ઞા સંઠાણ મિલી,
કષાય લેશ્યા ઈંદ્રી સમુઘાત, દૃષ્ટિ દર્શન જ્ઞાનની નાત. ૩૮
યોગ ઉપયોગ ઉપપાતિ વિચારિ, ચ્યવન સ્થિતિ પર્યાપ્તિ વિચાર.
દિગાહાર સંજ્ઞા જૂજૂઇ જાતિ, ગત્યાગતિ દેવીની ભાતિ. ૩૯
એહ માહિઇથી કેતલાં કહ્યાં, કેતલા એક ગ્રંથાંતરિ રહ્યાં,
સંઘયણિ તણઉ સૂધઉ વિચાર, **હેમસૂરિ** જે ગછ **મલધાર.** ૪૦
તેહનઇ સીસેઇએ એહજિ ભણ્યુ, **સંઘયણિ** પ્રકરણ નામ તસ તણું.
તેહ ઊપરિ ભાવ બહુ ધરી, ચુપૈ બંધ યુગતિઇ એ કરી. ૪૧
ગૂઢ અર્થ એહ માહિ છઇ બહૂ, હું મૂરખ નવિ જાણઉં સહૂ,
જ્ઞાનવંત જે સૂત્રના ધાર, કરયો એ સૂધઉ વિચારિ. ૪૨

અંતે— ૪૭ એટલે ૫૪૭ મી કડી પછી મૂકો (૧–૪૯૭)

પાસ પસાઇ અચલ સુખ, લહીઇ સંપતિ કોરિ,
વલી વલી ભાવઈ નમું, દોઇ કર મસ્તક જોડિ. ૪૮

ચઉપઈ.

ચઉપઇ દૂહા થઇ પંચસઇ, ઊપરિવલી પંચાસ.
ભાવ સહતિ જે સંભલઇ, ભવિઆ પુહચઇ આસ. ૪૯

ઢાલ

એહ અર્થ નિરૂપમ અમૃત ઉપમ સુણુ શ્રવણે સુખ કરઇ,
વિચાર કરતા ચિત્ત ધરતાં કર્મ કોડિની દુખ હરઇ.
તાં રહુ રાસ પ્રકાશ ઉતમ મેરૂ દ્રુ શશિ દણયરૂ
શાસનદેવિ પસાઉલઇ શ્રી સંઘ ચતુર્વિધ જયકરૂ. ૫૫૦

(૧) સાત ઉલ્હાસ; સં. ૧૬૩૯ કા. શુદિ ૧૪ મંગલે પં. સૌભાગ્યમાણિક્યગણિ શિ૦ પુણ્યસાગર ગણિ શિ. પં. રાજહર્ષ ગણિ શિ. ચેલા દેવજી લપિતં. ૧૮-૧૭ નં. ૨૫૪ જશ. વડવા ભાવનગર. (૨) ગ્ર. ૧૯૦૦ સં. ૧૬૧૮ વૈ. શુ. ૫ શનૌ અહમદાવાદ વાસ્તવ્ય મુનિ કમલકીર્ત્તિ વાચનાર્થં વિ. દા. શા. સં. છાણી.

---

૬૭૭ શિવસુંદર

(૧૪૦૭ક) લુંકટ મત નિર્લોઢન રાસ ગા. ૩૯ સં. ૧૫૯૫
—પત્ર ૨ પ્રાચીન સુંદર પ્રત નં. ૨૬૨૦ અભય૦

---

૬૭૮ પુણ્યરત્ન (નં. ૧૬૦ આંચલિક પુણ્યરત્નથી ભિન્ન)

(૨૭૯) નેમિરાસ-યાદવ રાસ ગા. ૬૪ લ. સં. ૧૫૯૬ (૧-૨૪૩)

—(૧) સં. ૧૫૯૬ આસો શુ. ૨ ભ૦ હંસસંયમસૂરિ શિ. પં. પદ્મહંસ ગણિ લિ૦ સં. થાવર ભાર્યા સુશ્રાવિકા લખા પઠનાર્થં ૪-૧૧ દા. ૮૨ નં. ૯૬ હા. (૨) પત્ર ૪ પ્રત ૧૭મી સદીની પો. ૮૩ નં. ૨૨૧૯ જિ. ચા. (૩) સં. ૧૬૬૬ લિ. કલ્યાણ ઋષિ પઠનાર્થં પત્ર ૪ પો. ૬૧ જય. (૪) સં. ૧૬૯૬ શાકે ૧૫૬૧ મહા કૃષ્ણ એકાદશા તિથૌ વાર જીવ મુનિ પ્રતાપસીલ્લિપિકૃત હથીયાણા મધ્યે ૩-૧૪ નં. ૩૧૬૯ વિ. ને. (૫) ઇતિ નેમનાથ રાજીમતી ફાગ

રાસ લિ. પં. રૂપચંદેણ ૨-૧૮ નં. ૩૧૭૪ વિ. ને. (૬) સં. ૧૭૬૬ વૈ. વ. ૧૧ રવિ **ભાવકીર્ત્તિ** લિ. પત્ર ૬ પો. ૯ અબીર. (૭) લિ. **પ્રીતિવિલાસેન** પ્રતિ ૧૭મી સદીની પત્ર ૫ પો. ૧૨ ભુવન. (૮) લિ. **કોઠારી ભામા** આર્યા કનક પઠનાર્થં પત્ર ૩ પો. ૮ રામ. (૯) સં. ૧૮૦૯ ફા. સિત સપ્તમ્યાં રવિ **મકસૂદાવાદે** ૫-૧૧ નં. ૫૫-૧૮ ગુ. (૧૦) ૩-૧૩ દા. ૮૩ નં. ૬૨ હા. (૧૧) ૧૧-૧૨ નં. ૩૧૬૮ વિ. ને.

---

૬૮૦ અજ્ઞાત

(૧૪૦૮) બાર ભાવના. ૯૪ કડી લ. સં. ૧૫૯૫ પહેલાં.

ભાવ્યા અનેક ભમીઉ ઘણું, વીતકનૂં સિઉં સંભારણુઉ
ભાવિત ચારિત્ર લહિઉં દુર્લભ, દ્રવ્યત હિઇ પ્રભુ મ કર વિલંબ ૧

× × ×

ઇમ સિદ્ધ હુઈ નરનારિ, અનઈ કૃત કલીવ સંભારિ
અવરિ કોઇ ન હુઇએ, આગમ ઇમ કહઈએ. ૨૬

ચઉપઈ

કહઈ આગમ સૂત્ર નઈં અરથ, જાણઈ પૂરવ અંગ સમરથ,
જવ જાણઈ એ અનિત્ય સંસાર, તવ તે ભાવઇ ભાવના બાર.
પહિલઉં નમસ્કાર અરિહંત, નમઉં સદા હિવ સિદ્ધ અનંત,
આચાર્ય ઉવઝાયરી, નમઉં સાધુ શુભમતિ મનિ ધરી. ૯૪

(૧-૨) સં. ૧૫૯૫ ૨૧-૧૦ની પ્રતમાં પ્રથમનાં ૧૭ પત્ર દા. ૫ નં. ૬૫; ૧૫-૧૧ દા. ૯ નં. ૧૩ લે. પાટણ. (૩) ૯૪ કડી ૫-૧૩ દા. ૮૦ હા.

---

૧૧૫ લીંબો (૧-૧૬૨)

૨૦૮ પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા (૧-૧૬૨)

—(૧) સં. ૧૭૬૫ પો૦ વ૦ ૧૦ લ૦ **પત્તન** નગરે વાસ્તવ્ય

મોઢ જ્ઞાતિ સમુદ્દભૂત ૪-૧૩ દા. ૮૩ નં. ૯૨ હા. (૨) ૫-૧૨ દા. ૮૦ નં. ૬૦ હા૦ (૩) પં. **વર્દ્ધમાનવિજય** શિ૦ મુ૦ **અમી-વિજય** લ૦ ૫-૧૧ દા. ૨૦ નં. ૪ સીમંધર૦ (૪) ૪-૧૪ દા. ૨૨ નં. ૭ સીમંધર. (૫) ૭-૯ દા. ૮૩ નં. ૧૭૨ હા૦

(૧૪૦૯) ૧ દેવપૂજાગીત ૧૫ દોહામાં

રાગ ધન્યાસી

કેવલ ભાષિત સૂત્ર મઝારિ, જિનવર પૂજા બહુ વિસ્તારિ ૧

ત્રૂટક

વિસ્તારિ બહુ જિનવર પૂજા, **જ્ઞાતા ધર્મકથાંગ** × ×
કરજોડિ પ્રણમત સેવક **લીંબઉ** સુગતિ આપુ સ્વામીઉ. ૧૬

—૨-૧૫ બી. ડી. ૩૦૩ રો. એ. સો. મુંબઇ નં. ૧૯૧૨

૨ ચોવીસ જિન નમસ્કાર ૨૫ કડી.

દૂહા

સુર નર કિંન્નર કિન્નરી, વિદ્યાધરની કોડિ
સેવા કરિં **ઋષભદેવની**, વંદૂ બે કર જોડિ. ૧
મેરૂ તણી પરે અચલ જિમ, સાયર જિમ ગંભીર,
સંઘ સહિત ત્રિભુવન ધણી, જયો જયો શ્રી **મહાવીર.** ૨૪
શ્રી તીર્થંકર તમતણા, ગુણ ગાઉં નિસદીસ,
શિવપદ દ્યો **લિંબો** ભણિ, પ્રણમું જિન ચોવીસ. ૨૫

—૩ પાનાની પ્રતમાં છેલ્લું પત્ર. દા. ૮૩. નં. ૪૩. હા.

૩ વીસ વિહરમાન જિન ગીત. ૨૨ ગીત

શ્રી વીતરાગાય નમઃ રકતહંસા ઢાલ.

સરસતિ સામિણિ કરઉ પસાઉ, વીસ વિહરમાન ગુણ થુણૂંએ,
મઝ મનિ ખંતિઇએ લાગલઉ ભાઉ, રાસ હૂં ધવલબંધિઈં ભણૂંએ. ૧
દીવ વિદેહ વિજય તણાં નામ, જેણી જેણી નગરીઈં ઊપનાએ,
અનુક્રમિઈં પભણિસુ તેહ અભિરામ, પય નમી તેહ ભગવંતનાએ. ૨

સામિ **સીમંધર** પમુહ જિણુંદ, વીસઈ એ જગગુરૂ ગાઈઇએ,
ભગત **લીંબઉ** ભણુઈ ધરીઅ આણુંદ, શાશ્વતાં સુખ જિમ પાઇઇએ ૩

× × ×

—કીધૂં કવિત ઉદાર, ભણતાં સવિ સુખસાર,
જે નરનારીઅ ભણસિઈ, તે મનવંછિત લહસિઇ. ૧૦
લીંબઉ સેવક બોલઈ, કોઈ નહીં તુમ્હ તોલઇ,
સ્વામી પાઉલે લાગું, અવિચલ પદવીઅ માગૂ. ૧૧

—૨૨ ગીત. પંડિત **વિજયમૂર્ત્તિગણિ** લપિતં. ૯–૧૪ દા. ૬૩ નં. ૨૬ સંઘનો ભંડાર પાટણ.

---

૧૧૬ વિજયગણિ (૧–૧૬૩)

(૨૦૯) આરાધના રાસ સં. ૧૫૯૨ વગેરે પૃ. ૧–૧૬૩.

(આ બંને મૂકવામાં ભૂલ છે. ખરી રીતે પાર્શ્વચંદ્રસૂરિ–તેનો આરાધના રાસ સં. ૧૫૯૨ જોઇએ અને તે પ્રથમભાગના પૃ. ૧૪૩ ૫૨ (૧૯૪–૨૩) આવી ગયેલ છે.)

---

૧૧૮ કુશલહર્ષ (ત. હર્ષસંયમ શિ૦) (૧–૧૬૫)

(૧૪૧૦) ૧ નેમિનાથ સ્ત. કડી ૬૬.

સરસતિ સામણિ વીનવું, મઝ મન મોટી આસ,
નેમીસ્વર ગુણ ગાયસું, દેજ્યો વચન વિલાસ. ૧

કલશ

ઈમ તવ્યુ ત્રિભુવન સજન પાવન ત્રિજગ જીવન જગગુરો,
શ્રી **નેમિ** જિનવર સયલ સુખકર **નાલદપુર** મંડણવરો,
નિતુ નમઈ સુરનર અસુર નર શ્રી **વિજયદાન** સુરીસરો,
શ્રી **હરષસંજમ** ચરણ સેવક, **કુસલહર્ષ** કૃપા કરો. ૬૬

૨. શત્રુંજય સ્ત.-ઋષભદેવ સ્ત. ૬૮ કડી.

સરસ વાણી દિઉ **સરસતીએ**, વરસતી (૨) વચન વિલાસ કિ
આસ પુરઉ કવિયણ તણીએ, ગાયસઉં (૨) **રૂષભ** જિણંદ કિ. ૧ સરસ.

કલશ

એ સકલ તીરથમાંહિ સમરથ **સેત્રજય** ગિરિવરિ ધ્યાઇઇ
શ્રી **નાભિનંદન** ત્રિજગવંદન **રૂષભ**ના ગુણ ગાઇઇ
બહુ ભગતિ આંણી લાભ જાણી નામિ **વિમલાચલ**તણઉ
મનિ રંગઈ ભણઇસઇ અનઇ સુણઇસઇ લહઇસઇ હરષઈ વધામણાં ૬૮

—ઉપરનાં બંને સ્તવનો ૧૦ પાનાની પ્રતમાં લિ. સં. ૧૬૭૦ આસો સૂદિ ૧૦ પ્રતિશ્રી ગણિ **ચાંપા** તત્ શિષ્ય **પદમકુસલ** લખતં **અઘોઇ** ગ્રામે. ૧૦-૧૫ દા. ૮૩ નં ૭૫ હા.

—ઇતિશ્રી ઋષભદેવ સ્તવનં સમાપ્તઃ-પં. શ્રી **વીર**વિમલ-ગણિ શિષ્ય ગણિ **દાન**વિમલ ગણિનાલેખિ ઇતિ ભદ્રં. ૩-૧૭ દા. ૮૩. નં. ૯ હા. (જૂની પ્રત)

૩. ફલવર્ધિ મંડણશ્રી પાર્શ્વનાથ સ્ત. ૬૮ કડી

સકલ સુરાસુર પ્રણમી પાય, પ્રહિ ઊઠી પ્રણમું જિનરાય,
વામાનંદ લીલ વિલાસ, **ફલવર્દ્ધિ** નગરી મંડણ **પાસ.** ૧
વર નમિ ૨ સુરવર અસુર વ્યંતર ખચર નિકર પુરંદરૂ
કોટીર હીર મરીચિરંજીત રૂચિર ચરણ રમાધરૂ
ઇમ **પાસ** આસ પ્રકાસ વાસન **ફલવૃદ્ધિ** મંડણવરો
શ્રી **હર્ષસંયમ** ચરણ સસેવક **કુશલહર્ષ** કૃપા કરો. ૬૮

—૪-૧૫ દા. ૮૩ નં. ૧૮૬ હા.

૪ મહાવીરસ્તવન.

સાતિકરણ ગુણરયણ-નિવાસ, સફલ કરી ભવીઅણ જિણ આસ,
શાંતિ નમું કૃતજગદાનંદ, **જોધપુરાવનિ** મંડણ ચંદ. ૧

× × × ×

નાગપુરાવનિ શોભાકરૂ, દેખો સમકિત સાવઉ જિનવરૂ,
વિજયદાન સૂરીસર સીસ, **કુશલહર્ષ** પ્રણમિઇ નિસદીસ.

—૧-૧૯ બી. ડી. ૨૦૯ રો. એ. સો. મુંબઈ નં. ૧૯૪૪

(સં. ૧૫૯૮માં આ કુશલહર્ષ તપગચ્છ કુતુબપુરાપક્ષે સૌભાગ્ય—નંદિસૂરિના રાજ્યમાં ઉપદેશ આપતા હતા.)

---

૬૮૧ કક્કસૂરિ શિષ્ય (૨) (કોરંટ ગચ્છ).

(૧૪૧૦) લીલાવતી ચોપઈ સં. ૧૫૯૬ વૈ. શુ. ૧૪ બુધ.

આદિ— શ્રી ગુરૂભ્યો નમઃ

સરસતિ સામિણિ સમરૂં પાય, તું છઇ કવિયણ કેરી માય,
તુહી પ્રસાદિ હુઇ નવનિધિ, સેવક પામઇ સઘલી સિદ્ધિ. ૧
માલવ દેશ અતિહિઈ સુવિશાલ, વત્તઈ **ભરહખંડ** વિચાલિ,
તિહાં **ઉજેણી** પુરવર ભલું, બીજા નગર થકી ગુણનિલુ. ૨

અંતે—

બુદ્ધિ કરી તેણિ નરરાય, પરણી **લીલાવઈ** સાહસ પસાઇ,
દીઇ દાન પાલઇ જિનધર્મ, તે રાજા લહિસિ શિવશર્મ. ૧૮૭
એ **લીલાવઇ** તણું ચરિત્ર, ભણઇ ગુણઈ તે થાઇ પવિત્ર,
મોટા ચરિત્ર થકી ઉદ્ધરી, ચુપઇ કીધી હરષિઇ કરી. ૧૮૮
પનર છન્નવઇ વૈશાખ માસિ, શુદિ ચઉદિસિ મન ધરિય ઉલ્હાસિ,
બુધવાર અતિ નિર્મલઇ, ચરિત્ર રચિઉં આંણદિઈ ઘણઈ. ૧૮૯
કોરંટ ગછિ **કકસૂરિ**રાય, તે ગુરૂના હું પ્રણમી પાય,
તાસ સીસ રંગિઇ ઇમ કહઇ, ભણઈ ગુણઇ તે શિવસુખ લહઇ. ૧૯૦

—વાચનાચાર્ય **વિનયચંદ્ર** ગણીનાં શિ૦ ઋષિ **દેવસાગર** લિખિતં. શ્રાવિકા **પિરોજાં** પઠનાર્થં શુભં ભવતાત્ ૧૧-૧૧ દા. ૭૨ નં. ૬૯ સંઘભંડાર પાટણ.

૬૮૧ક અજ્ઞાત

(૧૪૧૦ક) જંબૂસ્વામી ગીત ૩૭ કડી લ. સં. ૧૫૯૭ પહેલાં.

સેઠિ **રિષભદત્ત રાજગ્રહિ** વસઇ, તસ નારિ **ધારણિ** ઉલ્લસઇ,

ત્રૂટક

ઉલ્હસઇ ધારણિ સુગુરૂ પેખી, સ્વામી સુહુમ વંદએ,
પૂત્ર વિણુ મનિ ખેદ આણી, આપ દુખિઇ નંદએ.
સુગુરૂ પૂછયા તે નલહઇ, સિધિ પુત્ર પૂછિઈ કહઇ,
જંબૂ ચરિત્ર ચિર સુણતા, સુત ઉપાય તદા લહઈ.
(પા. જંબૂ વૃક્ષ વિચાર સુણતાં, સુભહ ઉપાય તદા લહઇ. ૧

× × × ×

બૂઝીરે બાલી આઠિ ગુણ થુણઇ, અમ્હઈ બલીહારી વયણે તુમ્હ તણઇ.
ત્રૂ૦ તમ્હ તણે વયણે આઠ રમણી, દુખ સાયર ઉતરી,
અમ્હે સંજમ સાર લેસ્યું દેવ તુમ્હે દયા કરી.
પ્રભવ સ્વામી પાંચસિઈ નઈ, માયતાય મેલી કરઇ,
સુધ સંજમ સહિતા વાંદુ કાજ સઘલાં જિમ સરઈ. ૩૭

—સં૦ ૧૬૪૧ આશુ સુદિ ૨ શુક્રે પઠનાર્થં બાઇ લાલ. ૬–૧૧ દા. ૮ નં. ૩૨ મો. મો. સાગર ઉ. પાટણ. (૨) શ્રી ગીતા છંદ જંબૂ સ્વામિનુ સંપૂર્ણ: (લ. સં. ૧૫૯૭નો) ચોપડો નં. ૩૨૬૧ વિ. ને. (૩) જંબૂ સ્વામિ ગીતા છંદ જૂની પ્રત ૪–૧૩ જશ.

૧૨૧ વાસણ (૧–૧૬૮)

(૨૧૫)+ આનંદવિમલ સૂરિ રાસ સં. ૧૫૯૭ (૧–૧૬૮)
—૧૦–૯ નં. ૩૨૨૭ વિ. ને.

(૧૪૧૦ખ) આદિનાથ રત્ત. ૨૧ કડી.

પહિલું પણમિય દેવ પરમેસર શેત્રુંજ ધણિય,
પય પંકજરય સેવ, રંગિ હિં વિ વસુ તસુ તણીય.
જિણવર મહ નહુઠાણ, ઝાણ નાણ વિન્નાણ જઉ,
બાલક પરિ વિન્નત્તિ, બહુ ભોલિમ હું કરિસ તઉ. ૧
હય રિસહ જિણવર સિદ્ધિ સયવર સુંદરી વર સુંદરો,
સિરિ વિમલ ભૂધર ધવલ સિંધુર ખંધ વાસ પુરંદરો.

સેવય સભાસુર થુણિય ભાસુર ગુરૂ વભાસુર ગંજણો,
મહ સુવિહિ **વાસણુ** દેઉ સાસણુ **વિજયતિલઉ** નિરંજણો.

—આ પર સંસ્કૃત ટીકા છે સાથે સાથે. પત્ર ૩ દા. ૭૧ નં. ૧૧૧ ડે.

---

૧૨૨ વિનયસમુદ્ર (ઉપ. સિદ્ધિસૂરિ–હર્ષસમુદ્ર શિ.) ૧–૧૯૮

(૧૪૧૧) આરામશોભા ચોપઈ સં. ૧૫૮૩ માગસર વીકાનેરમાં.

આદિ—

શ્રી જિનશાસનિ જગિ જયઉ, જિણિ રાજા અરિહંત,
દયા ધર્મ ભાષઉ ભલઉ, ભયભંજણુ ભગવંત. ૧
જિણવરિ ભાષ્યા શ્રીમુખઇ, બોલઈ ત્રિન્નિ સુપવિત્ત,
ગ્નાન અનઇ દરિસણ વલી, ચરણુ તત્ત્વ ગુણજત્ત. ૨
રત્નત્રય જે નર લહી, પાલઈ તે નર ધન્ય,
વલિ વિશેષિ દંસણુ લહી, સુખ સંયોગ સુપુન્ય. ૩
બોધ કહેતુઉ જીવનઈ, જગિ ચિંતામણિ જેમ,
સુર સંપઇ સવિ સોહલું, સુરતરૂ જાણુઉ તેમ. ૪
સમતા રસ સીધા સવે, સુણીઇ શ્રવણ સુજાણ,
દેવતત્ત્વ સુધા ધરઇ, તિહાં નર જન્મ પ્રમાણુ, ૫
દેવતત્ત્વ આરાધતાં થાઇ નિર્મ્મલ બોધિ,
નવઇ તત્ત્વ સૂધા હવઇ, જઇ હોઇ ભાવવિસોધિ. ૬
દેવ ત્રિણિ ભાવ તણુઈ, પૂજા ભેદ દોઇ જાણિ,
ઇહ દુહ ભેદહ અંતરઇ, સરસવ મેર સમાણુ. ૭
ભાવતણિ જિમ પામિયઉ, પરિભવ ઉત્તિમ ઠામ,
સુણિ **આરામસોભા** તણુઉં, પ્રગટ કિયો નિજ નામ. ૮
એ ચરિત્ર મઇ સાંભલ્યઉ, શાસ્ત્ર તણુઇ અનુસારિ,
તે મઈ ભાવઇ ભાસિયો, ભવિયણ હિયઇ વિચારિ. ૯

અંતે—

કરિ સંલેહણ સાધ્યાં કાજ, લહિસે મુક્તિ-પુરીનઉ રાજ,
સુરકૃત ભોગ ભોગવિ અનુદિન, દેવ કરિ ધરિ કામજી,
છનુ સહસ્ર રમણી મન મોહે, સુભગ સમૂરતી નામજી. ૪
અંત સમિ સંજ્યમ આરાધિ, મુગતિ લહિ **શ્રીપાલ**જી,
પૂરવ બ્રહ્મ સ્વરૂપી જાણિ, ભાંજો ભવજંજાલજી. ૫
સુભગ કથા સોયક સાંનિધિ, કહિ **સુલોચના** નારિજી,
સાચું માન્યું સંદેહ ભાગો, રીઝયો તવ ભર્તારજી. ૬
મૂલ સંઘ માંહિ ઉદયો દિવાકર, **વિદ્યાનંદી** વિશાલજી,
તાસ પદગુરૂ **મલ્લીસ ભૂષણ**, વાણી અમીય રસાલજી. ૬

તસ પદ **લક્ષ્મીચંદ** સૂરિ સોહિ, મોહિ ભવીયણ મનજી,
વીરચંદ્ર નાંમ જે જન જંપિ, તસ જીવું ધન ધનજી. ૭
પ્રગટ પાસ તસુ પટ્ટિ ઉદયુ, **જ્ઞાનભૂષણ** જ્ઞાનવંતજી,
તસ પદ કમલ ભમર અવિચલ, જસ **પ્રભાચંદ્ર** જયવંતજી. ૮
જગમોહણ તસૂ પાટિં ઉદયુ, **વાદિચંદ્ર** ગુણાલયજી,
નવરસ ગીત જિણિં ગાઉ, ચક્રવર્ત્તિ **શ્રીપાલ**જી. ૯
સંવત **સોલ એકાવના** સે, કીધુ એય સંબંધજી,
ભવીયણ થીર મન કરિ નિસુણયો, નિત નિત એ સંબંધજી. ૧૦
દાન દીજિ જિનપૂજા કીજિ, સમકીત મન રાખિજેજી,
નવકાર ગણીઈ સુત્રજ ભણીએ, અસત્ય વચન નવ ભાખીજિજી. ૧૧
લોભ ત્યજી જે બ્રહ્મ ધરીજિ, સાંભલાનું ફલ એહજી,
એ ગીત જે ન(ર) નારી સુણસિ, અનેક મંગલ તસ ગેહજી. ૧૨
સંઘપતિ **ધનજી સવા** વચન કરી, કીધો એહ વિસ્તારજી,
કેવલી **શ્રીપાલ** પુત્ર સહિત તહ્મ નિત નિત કરો જયકારજી. ૧૩

—ઇતિશ્રી વિદેહક્ષેત્ર શ્રીપાલ સોભાગી ચક્રવર્ત્તિ હવો તેહની કથા સંપૂર્ણ ।। સં૦ ૧૬૭૬ પોસ વદિ ૩ મૂલ સંઘે સરસ્વતિગચ્છે બલાત્કારે ગણિ શ્રી કુંદકુંદાચાર્યો ભ૦ ગુણકીર્ત્તિસ્તત્પટ્ટે ભ૦ વાદિભૂષણ સ્તત્ પટ્ટે રામકીર્ત્તિ ગુરૂપદેસાત્ બ્ર૦ વચ્છરાજ। (છેવટે બીજા અક્ષરમાં–બ્રહ્મ શ્રી ૫ દેવદાસસ્તતસિષ્ય બ્ર૦ વછરાજ સ્તત સિષ્ય બ્ર૦ રાયમલ્લાખ્યેન દત્તોયં રાસઃ। શ્રી બ્ર૦ લાડકા પટનાર્થં ।। દત્તઃ ।।) ૨૪–૧૧ ગો. ના.

(૨૫૧૬ક) ભરત બાહુબલી છંદ કડી ૫૮.

કોશલ દેશ અયોધ્યા સોહીઈ, રાજા ઋષભ સહુ મન મોહીયઇ,
ધરિ દો સોહીઇ અનોપમ રાણી, રૂપ કલા જીપઈ ઇંદ્રાણી. ૧
ઉપાયો સદ કેવલ ન્યાન, જાણે લોકાલોક સમાન,
સાધો સીધ મગતિ ભરથારી, બાહુબલિ કરઈ સંઘ જયકારી. ૫૬
શુભ પય લગી પ્રભાસચંદ્રં, વાણી બોલિ વાદિચંદ્ર. ૫૭

કલશ

બોલિ વાદીચંદ્ર ગણુતુ કુણુ રત્નાકર,
અવનિ એક તું મલ અચલ મહિમા મહિમાકર,
તું અસલડ અરદેવ જિત ભવતારણુ;
આશ્રીતના જે લોક તેહનું નરક નિવારણુ,
ઋષભદેવ વંછિત ભલો, બાહુબલ જગ જાણીઇ,
ભગતિ પામી ભાવસું તુમ ગુણુ એક વખાણીઇ. ૫૮

—આની સાથે લાવણ્યસમય કૃત નેમછંદ છે. ૧૦–૧૫ દા. ૪૦ નં. ૪૫ ડા. પાલણુપુર.

(૧૫૧૬ખ) આરાધના ગીત કડી ૨૮.

શ્રી **સરસતી** નમી વર પાય, ગોરૂઆ ગણુધરરાય,
કહું આરાધના સુવિશેસ, સુણેં પાપ ન રહે લવલેસ. ૧
હવે તુ ચાલ્યો પરલોક, રખ્યે ધરે મન માંહે શોક,
સહી જાએ ઉપનો જીવ, તેલે ગયે કયમ રેહસેં દીવ. ૨
વાહિચંદ્રસૂરિ પ્રતિબોધ, સુણી કરજ્યો મ નિરોધ,
આરાધના કહ્યો વિચાર, સુણિ સાંચ જે સુખ ભંડાર. ૨૮

—ઇતિ ભ. **વાહિચંદ્ર** કૃતારાધના સાદરા પુરે મૂલસંઘે શ્રી પાર્શ્વનાથ ચૈત્યાલયે મુ. ધર્મ્મભૂષણુ શિ૦ બ્રહ્મ વાઘજી લિ. ૪–૭ સ૦ ભ૦ (સરસ્વતી ભવન) (જુઓ આ કવિના ગુરૂભાઇ સુમતિકીર્ત્તિ નં. ૧૫૨).

---

૭૪૭ હંસરાજ (૧) [ત૦ હીરવિજયસૂરિ શિ.]

(૧૫૧૭) વર્ધ્ધમાન જિન સ્ત૦ ૧૦૦ કડી સં. ૧૬૫૨ પહેલાં.

ઢાલ

સરસતિ ભગવતિ દિઉ મતિ ચંગી, સરસ સુરંગી વાણિ,
તુઝ પ્રસાદેં માય ચિત્ત ધરૂં હું, જિન ગુણુ રયણુની ખાણિ. ૧
ગિરૂઆ ગુણુ **વીરજી** ગાઇસ ત્રિભુવનરાય,
જસ નામેં ઘરિ મંગલમાલા ચિત્ત ધરેં બહુ સુખ થાય. ૨

કલશ

ઇય **વીર** જિનવર સયલ સુખકર નામેં નવનિધિ સંપજે,
ઘરેં ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એક મન જિનવર ભજે,
તપગચ્છ ઠાકુર ગુણ વિરાગર, **હીરવિજય** સૂરીશ્વર,
હંસરાજ વંદે મન આણંદે કહે ધન મુઝ એહ ગુરૂ. ૭૪

(૧-૨) ૪-૧૫ દા. ૮૨ નં. ૫૮; ૬-૧૩ દા. ૮૩ નં. ૮૯ હા. (૩) ૫-૧૬ ના. ભં. (૪) સં. ૧૮૮૧ આસો શુદિ ૫ રવેઉ, લ૦ પત્તન નગરે પાડે કસુંભીઆ વાડા મધ્યે મેહેતા વૃજવલ્લભદાસ સંપત્તરામ શ્રી ગોડીજી સત્ છે. ૬-૧૨ મુનિ જશ૦

(૧૫૧૭ક) +હીરવિજયસૂરિ લાભ પ્રવહણ સજઝાય. ૭૨ કડી ખંભાતમાં.

પ્રથમ જિણેસર મનિ ધરૂં, સમરૂં **સરસતિ** માય,
ગુણ ગાઉં **તપગચ્છપતી**, જસ નામિં સુખ થાઇ. ૧
ખંભ નયરનુ સંઘ વઇરાગર, પંચવિધ દાન દાતાર,
કનક ચીર સોનહરી ગંઠોડા, વરસઇ જિમ જલધારરે. ભ. ૭૧
જિહાં જિહાં ગુરૂની આજ્ઞા વરતઇ, તિહાં તિહાં ઉત્સવ થાવઇ,
દિન દિન ચઢતઇ રંગ સોહાવઈ, **હંસરાજ** ગુણ ગાવઇરે. ભ.૭૨

—હીરવિજય સૂરીશ્વર ચતુર્માસક સંબંધી લાભ પ્રવહણું સં. ૧૬૮૫ માર્ગ શીર્ષ શુ. ૧૦ બુધૌ લિ૦ દેવપત્તને ॥ ૪-૧૨ મારી પાસે પ્ર૦ જૈનયુગ પુ. ૫ જેઠ-શ્રાવણ ૧૯૮૭નો અંક

---

૭૪૮ હંસરાજ (૨) (ખ૦)

(૧૫૧૮) જ્ઞાનદ્વિપંચાસિકા-જ્ઞાનબાવની કડી ૫૨ (હિંદીમાં).

ૐકાર રૂપ ધ્યેય ગેય હૈ ન જાતૈં,
પર પરતત મત મત છહું માંહિ ગાયો હૈ.
જાકો ભેદ પાવૈ સ્યાદવાદી વાદી ઔર કહો,
જાનૈ માનૈ જાતૈં આપા પર ઉર આયો હૈ.

દરબતેં સરબ સ એક હૈ અનેક તોબી,
    પરજે પ્રવાન પરિ પરિ ઠહરાયો હૈ.
એસો જિનરાજ રાજા રાજ જાકે પાય પૂજૈ,
    પરમ પુનીત **હંસરાજ** મન ભાયો હૈ. ૧
ગ્યાનકોં નિધાન સુવિધાન સૂરિ **વર્દ્ધમાન,**
    ભાન સો બિરાજમાન સૂરિ રખપાટ જ્યૂં.
પરમ પ્રવીન મીન કેં તન નવીન જગ,
    સાધુ ગુનધારી અપહારી કલિ કાટ જ્યૂં.
તાકો સુપ્રસાદ પાય **હંસરાજ** ઉવઝાય,
    બાવન કવિત્ત મનિ પોએ ગુન પાટ જ્યૂં.
અરથ વિચાર સાર જાકો બુધ અવધારિ,
    ડોલૈ ન સંસાર ખોલૈ કરમ કપાટ જ્યૂં. પર

—૬-૧૪ રાજકોટ મોટા સંઘના અપાસરાનો ભંડાર.

દિ. **નેમિચંદ્ર**કૃત **પ્રાકૃત દ્રવ્યસંગ્રહ** પર **હંસરાજ** મુનિએ **ટબો** કર્યો છે તે માટે નીચેનો ઉલ્લેખ છેઃ—

દ્રવ્યસંગ્રહશાસ્ત્રસ્ય બાલાબોધો યથામતિઃ ।
હંસરાજેન મુનિના પરોપકૃતયે કૃતઃ ।। ૧

—(૧) સં. ૧૭૯૪ વૈ. વદ ૧૩ પત્ર ૧૫ ગો. ના. (૨) સં. ૧૭૪૪ ફા. વ. ૮ વા. **જ્ઞાનનિધાન** શિષ્ય **વીરા=વિદ્યા**વિમલ મુનિના લિ., શિષ્ય પં. **પીથા** પઠનાર્થં પત્ર ૮ નં. ૨૭૫૮ અભય.

---

૧૮૫ માલદેવ (વડગચ્છ ભાવદેવસૂરિ શિ.) (૧-૩૦૫)

(૩૩૧) પુરંદર કુમાર ચોપઇ સં. ૧૬૫૨ પહેલાં (૧-૭૦૫)

અંતેમાં છેવટે ઉમેરો.

આગમિ મિલતઉ જાં કહિઉ, ત્ર૦ અનુમોદું તે જીય, શી૦
જાઇ વિરુદ્ધ હુંઇક કહિઉ, ત્ર૦ મિચ્છા દુક્કડ દીય. શી૦

—(૧) ૧૫-૧૩ દે. લા. નં. ૮૨૬/૪૪૯ (૨) ૧૨-૧૬ બી. ડી. ૯ રો. એ. નં. ૧૯૩૬ (૩) ૨૦-૧૧ દા. ૭૦ નં. ૧૦૦ ડે. (૪) સં. ૧૬૬૩ પત્ર ૧૬ શ્લો. ૩૯૨ દા. ૨૫ નં. ૩૫ લીં. (૪) ૧૩-૧૫ ખેડા ભં. (૫) ૬-૨૨ જૂની પ્રત વિ. ને. (૬) ૧૩-૧૫ દા. ૮ નં. ૨૮ મો. મો. સાગર ઉ. પાટણ (૭) લિ૦ સાધૂ ઋપ અજીમગંજ મધ્યે સં. ૧૮૭૮, ૧૩-૧૭ નં ૧૩-૩ ગુ૦ (૮) ૧૨-૧૪ પો. ૪૦ નં. ૨૦૯ ઝીં. (૯) એક સં. ૧૬૮૯-૯૦માં લખેલ ચોપડી પત્ર ૩૧ થી ૪૯ નાથાલાલ પાલણપુરવાળા. (૯) સં. ૧૬૬૩ વૈ. શુ. ૩ સીતપુર મધ્યે માનસિંધ શિ. સમયકલશ શિ. શ્રીધર્મ લિ૦ પો. ૮૧ નં. ૨૦૪૪ જિ. ચા. (૧૦) સં. ૧૭૧૯ ફા. વ. ૨ આસરાવા મધ્યે મુનિ ધર્મચંદ લિ. પો. ૮૧ નં. ૨૦૨૮ જિ. ચા. (૧૧) પત્ર ૧૮ પો. ૪૫ નં. ૭૮૪ કૃપા. (૧૨) પત્ર ૧૪ પો. ૮૦ નં. ૨૦૦૮ જિ. ચા. પ્રત ૧૭મી સદીની (૧૩) પત્ર૧૦ નં. ૯૦૫ અભય.

(૩૩૨) ભોજપ્રબંધ પંચપુરીમાં (૧-૩૧૦)

આદિ—

જાસુ અલક્ષ રૂપ જગિ, મનિ ધ્યાવઉં ભગવંત,
રાજા **ભોજ** કથા કહઉં, સુનહુ સવઈ તુમ્હ સંત. ૧
દેવી પ્રગટ **સરસતી**, વાણી દેઉ રસાલ,
તસુ પ્રસાદિ શ્રી **ભોજ**કઉ, ચરિતુ કહઇ કવિ **માલ**. ૨
સજ્જન પંડિત રસિક કઉ, કથા સુણાવઈ એહ,
ચતુરિ નારિ રંજઇ કિસહિ, જઉ પ્રિયકઉ ન સનેહ. ૩
ગુરૂ બિનુ મરમુ ન જાંનિયઇ, ધરમ કરમકઉ સર્વ,
બિનુ જ્યોતિષ કો કહિ સકઇ, ચંદ્ર સૂર્યકઉ પર્વ. ૪
પ્રીતિ નહીં જોબન વિના, ધન બિનુ નાહીં ઘાટ,
માલ ધર્મ બિનુ સુખુ નહીં, ગુરૂ બિનુ નાહીં વાટ. ૫
ગુરૂ દીવઉ ગુરૂ હિમકરણ, ગુરૂ દિણયરુ ગુરૂ દેઉ,
અપ્પહં પરહં પરંપરહં, જેણિ પયાસિય ભેઉ. ૬

બલિહારી ગુરૂ આપણુઈ, દીહાડી સઉ વાર,
પત્થર ફેડિવિ દેવ કિય, કરત ન લાગી વાર. ૭
સુગુરૂ વચન દીવઉં જિસઉં, હિયડઈ નવોદ્ય ઉંજાહ,
પસુય પમાણિહિં લોયણિહિં, જગિ અંધારઉં તાંહ. ૮
કથા કહઈ જો ગુરૂ વિના, સો અવસાણિ વિગૂત,
કિસહિ કહઇ સો બાપજી, દારી કઉ જો પૂત. ૯
સિંહાસન બત્તીસકી, કથા સરસ અવદાત,
રાજા **ભોજુ** ન હોત જઉ, કો તસુ જાંનત વાત. ૧૦
છહ દરસન મહિ જાંણિયઇ, રાજા **ભોજ** પ્રસિદ્ધ,
મુનિ સુપાત્ર કહું દાનુ તિણિ, પૂર્વ જનમિ જઉ દિદ્ધ. ૧૧
રવિ સસિ છાંનાં કિઉં રહઇ, જિન્હ કી પ્રગટી જ્યોતિ,
પર ઉપગારી **માલ** જો, તે પરછન્ન ન હોતિ. ૧૨
જહાં પવાંડા કો કહઈ, તહાં દેત ધનુ જાઇ,
માલ ન માંગઇ અઉર કછુ, કથા સુણહુ મનુ લાઇ. ૧૩
સબ પંડિતસ્યઉં બીનતી, **માલ** કહઈ કર જોડિ,
ભોજકથા તુમ્હિ આદરહુ, મનતેં મછર છોડિ. ૧૪
સરસ કથા જઇ હોઇ તઉ, સુણિસ્યઇ આલસ છોડિ,
વસ્તુ ભલી જઇ હોઇગી, તઉ ગ્રાહક જગિ કોડિ. ૧૫

ચઉપઇ.

ભરતખેતિ ઇણિ **માલવ** દેસ, કવહિં ન હોઇ દુકાલ પ્રવેસ,
સદા સુવસે લખમી ભંડાર, સગલા દેસહં કઉ સિગાર. ૧૬
× × બહત્તરિ જિણુ સુપસાઉલઇ, રાજ **ભોજપ્રબંધ**,
માલ કિયઉ શ્રી **પંચપુરી**, તીજો એ સંબંધ ૧૩૦૨.

—૧૫૮૩ કડી સુધી પછી અપૂર્ણ સં. ૧૬૮૯–૯૦માં લખેલ ૨૭૮ પત્રની ચોપડી આકારે પ્રતમાં પત્ર ૨૦૮ થી ૨૭૮ નાથાલાલ પાલણપુરવાળા.

(૧૫૧૯) વિક્રમચરિત્ર પંચદંડ કથા

આદિ— દોહા

જો પુરૂષોત્તમ બ્રહ્મમય, દર્શન ગ્યાન અનંત,
સિવ સરૂપ બલ શક્તિ સ્યઉં, સો નમીયઇ ભગવંત. ૧
બહુત વર્ણિ જિઉ ધેનુ હુઇ, પરૂપય એકે રૂપ,
તિઉં છ દર્શન બ્રહ્મ કહું, જાનહિ એક સરૂપ. ૨
ઉ હુતઉ એકુ અનેક કરિ, જાનહિ જિન્હ હિ ન સુદ્ધિ,
પ્રતિ ઘટ માંહિ પ્રતિ ચંદ્ર જિઉં, માલ ન લખહિ કુબુદ્ધિ. ૩
યતઃ
જાતિ છતીસ ભરહિ સર પાની, ગગરિ નિપરત હોત બહુ વાંની,
જબઉ હુ નીરૂ ઉલટિ સરિ નાંવહિ, મોર તોર કર ચીન્હ ન પાવહિ. ૪
જિહું સોનેકા ગઢ્યા જરીના, જિનસઇ બહુત નામ સવ દીના,
ગાલે તે ફિરિ સોના હોઇ, આપહિ આપ વિચારહિ લોઇ. ૫
ગ્યાન રહિત જિઉં ધેન પશુ, ચર્મ વચ્છકું દેખિ,
અધિક પ્રેમ તિસિસ્યું કરઇ, શ્રવઇ દુગ્ધ સુવિશેખિ. ૬
ગુણસમુદ્ર સદગુરૂ વિના, શિષ્ય ન જાણઇ મર્મ,
બિનુ દીપકિ અંધાર માહિં, કરિ સકિય કિઉં કર્મ. ૭
શિવ રૂઠિ હિં રાખઇ સુગુરૂ, ગુરૂ રૂઠે સિવ નાંહિ,
શિવ તૂંસઈ ગુરૂ કે વચન, ગુરૂ ગરઉ જગ માંહિ. ૮
ગુરૂ દીવઉ ગુરૂ ચંદ્ર રવિ, ગુરૂ કલિયુગમે મહિં દેઉ,
અબહં અરહં પરંપરહં, સુગુરૂ પયાસઈ ભેઉ. ૯
ગ્યાનાંજનિ આંજે નયન, દેખત સબ પરતક્ષ,
ગુરૂ પ્રસાદિ જાણુઈ સવઇ, વસ્તુ જિ લક્ષ અલક્ષ. ૧૦
નમિયઈ માલ અસંત કઉ, સુણહ વાત કો મર્મ,
તિસકે ભયતેં સંત નર, કબહિ ન કરહિં અધર્મ. ૧૧

યતઃ ગાથા

હિય એક એ હો વયણે ચઉંમ્મુહો, દંસણે ન તહરૂદો,
કહન નમક કરણીઉ, દેવત્તયણિમ્મિમઉ પિસુણો. ૧૨

સુણુણુહાર જાણુઇ નહી, ગુણુ અવગુણુ કઉ ભેદ,
માલ ન તહં ઉપદેસ કહુ, વ્યથા ન કરીયઇ ખેદ, ૧૩

યતઃ દોહા

લાઘવ ગૌરવ ઠામ લહિ, હોઇ સુગુણુ વિસ્તાર,
દર્પણુ સરવર દેખિયઇ, માલ કરી આકાર. ૧૪

યતઃ ઉક્તં ચ ષટ્પદ

કરતૂરી પરિમલ સુગંધ, ઇહૂં કહુ કયા કીજઇ,
પૂછઈ તિ સહિ ગવાર, એહુ ખાજઇ કે પીજઇ.
પુરૂષુ નારિ સિરિ હિયઇ, કહઇ સો નર તિય ધારઇ,
કહુ સિરિ જૂંઅ ન પરઈ, હૃદય કયા સોજ નિવારઇ.
મૃગમદ કઉ કો વેચણુહાર, ગયઉ ઉઠિ એ વચન સુણિ,
જહં પુરૂષ નારિ નિર્ગુણુ બસઇ માલ રહઈ તહં કવણુ ગુણિ ૧૫
સુણુહિ કથા દુર્જન સુજન, દુર્જણુ અવગુણુ લેહિ,
સૂકર પાયસ છોડિ કરિ, મુખ વિષ્ટા કહુ દેહિં. ૧૬
સુણિ સુણિ ગુણુ અવગુણુ ગ્રહૈં, જઇસેં મન પરિણામિ,
ખારઉ મીઠઉ પરણુમઇ, ઘન બરસઇ જઇસઇ ઠામિ. ૧૭
રાજા વિક્રમકઉં ચરિત્ર, સભા લોક એ સર્વ,
સુણહુ લાઇ કરિ શ્રવણુ મન, માલ ન માંગૈ દવ્વ. ૧૮
પૂર્વ ભવિ સીચાનિકા સેચાનક સંબંધ,
પાત્ર દાન અનુમોદના, કીયઉ નરભવ બંધ. ૧૯
જહાં જહાં ઉઇ અવતર્યા, જે જે પાયઉ ઠાંમ,
કિયા જિકે અવદાત સબ, તિતે કહીયહિ નામ. ૨૦

અંતે—

વલિ ન વિક્રમ કહો રાજા તઉ અઉર રાજા કોઇ,
પરિ ચિંતા કલ્પિત કિસહિ ગર્વ ન જગમેંરે સગલઇ કઉ હોઇ કિ.
કલિજુગિ હુયઉ વિક્રમ વડઉ, રાજા નૃપતિ સિરમોર,
જિણિ સંવચ્છર આપણો, કીયો જગિરે અવ કોઇ ન ઔર. ૧૭૧૨

વિક્રમચરિત કથા કહી, વડગચ્છ ગચ્છ ભૂપાલ.
ભાવદેવ સૂરિંદ શિષ્ય, કહઇ ઇમરે સેવક મુનિ **માલ** કિ. ૧૭૧૩
શાસ્ત્ર મિલતઉ જઉ કહ્યઉ, સો સર્વ કરહુ પ્રમાણ.
છદ્મસ્થ મઇ જો વિતથ ભાખ્યઉં, સો તુમ્હરે સોધયઉ સુજાણ કિ.

—(૧) ૬૧-૧૫ જૂની પ્રત વિ. ને. નં. ૪૪૬૭ પ્રસ્તાવ ૧લો કડી ૩૦૩, ૨જો કડી ૧૩૫, ૩જો કડી ૧૪૧, ૪થો કડી ૪૫૫, ૫મો કડી ૧૮૨, ૭મો ૪૮૬ કડી. (૨) ગ્રં. ૧૭૩૭ લિ૦ શ્રી પૂજ્ય ગુણદાસ ઋષિ શિ. ગોપાલ ઋષિ સં. ૧૬૯૦ દ્વિ. વૈશાષ બદિ ૧૩ શુક્રે લિ૦ પત્ર ૧૨૨ થી ૨૦૮ પં૦ ૨૧ ચોપડી આકારે પ્રત નાથાલાલ પાલણપુર-વાળા પાસેની (૩) ગ્રં. ૨૪૮૫ ગા. ૧૭૨૫ કર્ણાભ ઋષિ શશિ (સં. ૧૭૦૨) આ. સુ. **ભટનેર** મધ્યે વા. **સમયકલશ** શિ. **ધર્મ** ગણિ શિ. **મુનિમેરૂ** શિ. **થિરહર્ષેણ**. પત્ર ૭૧ પો. ૬૭ જય૦

(૧૫૨૦) દેવદત્ત ચોપઇ લ. સં. ૧૬૬૮ પહેલાં.

આદિ—

શ્રી જિનવર મુખ વાસિની, **શ્રુતદેવી** મહ માઇ
તસુ પસાઇ કવિતા કરઉં, સુનહુ ચિતુર મન લાઇ. ૧
કહિય કિસિ આગિ તિહાં, જહ નિર્ગુણ જિણ સબ્ત્ર,
પ્રિય મૂરિખ આગઈ કરઈ, કિસઉં સુંદરી ગબ્વ. ૨
ગુણી લહઇ તહ મહતુકિઉ, લોકમૂઢ જહ સબ્વ
ખમણાવઇ ગ્રામિ રજક, કિસઉં ઊપાવઇ દ્રબ્વ. ૩
વરત્ત ભલી જઇ આપણી, ગ્રાહક તઉ જગુ હોઇ,
ખોટઉ નાણુઉ આપણઉ, તઉ તસ લેઇ ન કોઈ. ૪
જઉ કવિ સરસ કથા કહઇ, તઉ નર સુહણિ અનેક,
પણિ વિરલઉ કો **માલ** કહઇ, મિલઇ ચિતુર સવિવેક ૫

યતઃ

ઢંઢઉ જગુ સોલહ ન કોઈ, જિનિ સઉં મિલે પરમસુખ હોઈ
માલ ચિતુર નર પ્રથી મંડિત, મેર મનકી લખઇ સ પંડિત. ૬

સુમતિ જિણેસર કેવલી, સમોસરણ મંડાણુ
ભાવિક જીવ આગઈ કરઇ, ચિહુ મુખિ જનુક વખાણુ. ૭
ભવ વલી ત્રષ્ણા કહી, તિણિ છાયઉ એ જીવ,
પરિગ્રહ જોડઈ નવનવા, વિનુ સંતોષ અતીવ ૮
ધન સંખ્ય તો લોકમહિ, ત્રષ્ણા કહી અનંત
તુછ અસન વહુતી ખુધા, હોઇ કેમ ઉપસંત. ૯
જીવ અસંતોષી સદા, ધન ધન કરતઉ મૂઅ,
વિરતિ ન લીધી સુગુરૂ મુખિ, અનિ નિર્ધનપણિ હૂઅ. ૧૦

યત:

જગ આલઈ મીલઈ ટગટ માલઇ, ધાઇ ધાઇ ધનુ કરઇ
વિહિ આધી રાતી કાઢી કાતી જં અખિઉં તે કાપિ ધરઇ. ૧૧
જઇ ધાઇય ધનુ હોઇ, તઇ તું કિઉં ધાઉ નહી
ભુવણિ ભમંતુ જોઈ, અરહટીઉ આટઇ પહરઈ ૧૨
ગુરૂ સંગતિ વિન જીવનિ, વિરત ન કવહી હોઇ,
વ્યાધિ ઉપસમ તઉ સહી, વઇદ મિલઇ જિ કોઇ ૧૩
કિસઉં જિતી શ્રાવક કિસઉં, જઉ નહી સંતોષ
અસંતોષ જિણવરિ કહિઉ, વડઉ જીવનિ દોષ ૧૪
દેવદત્ત તણી પરિ, કરઈ પરિગ્રહ માણ
માલ કહઇ બહુ લોકમઇ, તે પામઇ કલ્યાણ. ૧૫

અંતે—

જે નર એહ કથા સુણઇ, વિરતિ બુદ્ધિ તસ હોઇરે
વિરતિ ભલી પરિ પાલતાં, ભવ આરાધઇ દોઇરે. ૫૨૯
દેવદત્ત જઉ સાહસી, વિરતિ તણા પ્રતિપાલરે
નરનારી જગમાહિ જે, તિહ હિ નમઇ મુનિ **માલરે** ૫૩૦

—(૧) સં૦ ૧૬૬૮ ચૈત્ર વદિ ૧૩ ગ્રં. ૮૪૦ ૨૫-૧૩ દા. ૬૩ નં. ૪૫ સંઘ ભં. પાટણ. (૨) સં. ૧૯૭૦ ફા. શુ. ૧૫ શશીસુતવારે **વિજાપુર** નિવાસીના **બ્રહ્મભટ** જ્ઞાતિના **નારાયણજિદાસેન** લિ૦ ૩૪-૧૫ નં. ૬૧૯ વિજાપુર જે. જ્ઞા. ભં.

(૧૫૨૧) પદ્મરથ ચોપઇ (શીલ વિષયે) સં. ૧૬૭૬

—પત્ર ૨૭ કવિની **વીરાંગદ** ચોપઈ સહિત પો. ૩૭ મહિમા.

(૧૫૨૨) સુરસુંદરી ચોપઈ ગા. ૬૫૨ (૬૬૯) લ. સં. ૧૬૯૦ પહેલાં.

—પત્ર ૧૮ સં. ૧૬૯૦ અ૦ વ. ૯ ખ. જિનહંસ સૂરિ શિ૦ મહો૦ **પુણ્યસાગર** શિ. **જીવસુંદર** શિ૦ **પાર્શ્વચંદ્ર** લિ૦ પો. ૮૦ નં. ૧૯૮૪ જિ. ચા.

(૧૫૨૩) વીરાંગદ ચઉપઈ. (પુણ્ય વિષયે) (સં. ૧૬૧૨ જે. શુ. ૯) લ. સં. ૧૭૦૧ પહેલાં.

આદિ— ચૂનરિ મેરી પાટકી એ ઢાલ.

સંતિ જિનેસર પય નમી સમરૂં **સરસતિ** માઇરે
કરૂં નવી હૂં ચઉપઇ, નિય ગુરૂનઇ સુપસાઇરે. ૧
પુન્ય કરઉ તુહ્મ ભવિયણઉ લહુ જેમ ભવ પારેરે
મણુય જનમ પામી કરી, પુન્ય પદારથ સારેરે—આંકણી

અંતે— યતઃ

વારી આપો આંવણી, ચલ્લણ લાગે મિત્ત
તેરી વારી રે હિયા, નેડી આવઇ નિત્ત ૭૦૦
હેમાંગદ પાલઇ શ્રાવક ધર્મ અખંડ
તિહું દેસ તણઉ રાજા હૂવઉ બલચંડ
કેવલી **વીરાંગદ** સુમિત્ર સહિત પરિવાર
સમેતસિખરિ ચઢિ સીધા સિવ સુખકાર. ૭૦૧
ઇહુ પુણ્ય તણ્ય મહિમા જોવઉ સંસારિ
સુખ ભોગવિ વહુતા પહુતા પુણુ ભવ પારિ
ઇમ જાણી ભવિયણ પુણ્ય કરઉ સવિસેસ
પામઉ મન વંછિત ભવદુખ ટલઇ કિલેસ. ૭૦૨
શ્રી વડગચ્છ ગચ્છહિં **પુણ્યપ્રભ** સૂરીસ
ભાવદેવ સૂરીસર, ભાગ્યવંત તસુ સીસ

ચઉપઇ પ્રબંધ ઇ સઉ ઊલટ ધરિ અંગિ
શ્રી **માલદેવ** તસુ સીસ કહઇ મન રંગિ. ૭૦૩
અધિક ઉછઉ ઉત્સૂત્ર કહ્યઉ જે અંત
મિચ્છા દુક્કડ તે ખમિજ્યો સદા મહંત
જે સુણિસ્યઇ ગુણિસ્યઇ ભાવ ધરંત
મનિ આણુંદ હોસ્યઇ લહિસ્યઇ સુખ અનંત. ૭૦૪

—(૧) સં. ૧૭૦૧ મગસિર સુદિ ૨ **ભટનેરે** દુર્ગે ખરતર ગચ્છે **સાગરચંદ્ર** સૂરીશ્વરાણામન્વયે વા૦ **જ્ઞાનપ્રમોદ** ગણિ શિ૦ ગુણનંદન ગણિ શિ૦ પં. **સમયમૂર્ત્તિ** ગણિનાલેખિ પં૦ **મતિરત્ન** સહિતે ચતુર્માસી કૃતા ૨૦-૧૫ (મ૦ જૈ. વિ. ? જશવિ. ?) (૨) પત્ર ૨૩ પ્રથમ કવિની **પદ્મરથ** ચોપઇ સહિત પો. ૩૭ મહિમા૦

(૧૫૨૩ક) માલદેવ શિક્ષા ચોપઇ ગા. ૬૯

(૧૫૨૪) સ્થૂલિભદ્ર ફાગ-ધમાલિ કડી ૧૦૭ લ. સં. ૧૬૫૦ પહેલાં
પાસ જિનંદ જીુહારીયઇ, સમરઉં **સારદ** માયારે
ગાવઉં ફાગુ સુહામણઉં, **થૂલિભદ્ર** મુનિરાયારે. ૧
લાલ મોહન મેરઈ જિય વસે, **થૂલિભદ્ર** પિય પાયારે
તનુ મનુ નિઉ છાવરિ કરઉં, બહુત દિનનતેં આયારે લાલ. આંચલી. ૨
બ્રહ્મચર્ય પાલઇ જિકે, તે વ્રત ચારિ આરાધઇરેં
નરઇ તિરી દુખ ના લહઇ, નર સુર સિવ સુખ સાધઇરે. ૧૦૫ લાલ.
ધરૂઅ ડોલતઉ હી રહઇ, જઉ નિશ્ચલ હોઇ થંભઉરે
ધરમ મહલ કઉ જાણીયઇ, સીલ સબલ ઉદ્રંભઉરે. ૧૦૬ લાલ.
માલદેવ ઇમ વીનવઇ, નારી-સંગતિ ટાલઉરે
થૂલિભદ્ર મુનિની પરઈ, સીલ મહાવ્રત પાલઉરે. ૧૦૭ લાલ.

—(૧) ૩-૧૩ ગો. ના. (૨) પત્ર ૭ પો. ૨ ચતુ૦ (૩) અપૂર્ણ-પત્ર ૨-૧૩ અનંત. નં. ૨ (૪) સં. ૧૬૫૦ ફા૦ વદિ ૧૪ રવૌ ગણિ **વિદ્યાસુંદર** શિ૦ રંગસુંદર લિ૦ ૩-૧૫ નં. ૭૭૧ પ્ર. કા. (૫) સં. ૧૭૧૩ ખરતર **વેગડ** ગચ્છે વા૦ **મતિસાગર** ગણિ શિ.

શીલસાગર શિ. ખમાસાગર પં. જયહર્ષેણ લિ. મંત્રી સુશ્રાવક રત્નસાહ દશરથ પઠનાય. એક ગુટકો જિ. ચા.

(૧૫૨૪ક) રાજુલ નેમિનાથ ધમાલ કડી ૬૫ લ. સં. ૧૬૫૯ પહેલાં.

ધમાલ જાતિ.

સમુદ્રવિજઈ કે લાડીલા, તોરણ તઇ કિઉં ન જાઇરે,
મેરઉ કહો અવગુણ વસ્યઉ, પ્રીય તેરઈ મન માંહી
મેરે પ્રાણ પીયારે **નેમજી**. ૧
મુકતિ જાઇ દોઇ મિલે, **રાજુલ** અર **યદુરાયારે**,
જગિ જસુ જિનકઉ ગાઇયઉ, **માલ** નમઇ નિત પાયારે. ૬૫
—સં૦ ૧૬૫૯ જેષ્ટ વદિ ૩ પત્ર ૨ નં. ૪૫૩૬ વિ. ને.

(૧૫૨૪ખ) શીલ બત્તીસી.

---

૭૪૯ નરેન્દ્રકીર્ત્તિ (દિ. સકલભૂષણ શિ૦)

(૧૫૨૫) અંજના રાસ સં. ૧૬૫૨ માગશર શુદ ૧૩ જાઉરપુર (જાવરા)માં.

અંતે—

શ્રી **હનુમંત** કેવલી થયો, કર્મ હણીનિં મુગતિ ગયો,
અનંત સૌખ્ય પાંમ્યો મુનિરાય, **નરેંદ્રકીરતિ** પ્રણમી તસ પાય. ૬૦
મૂલ સંઘ ઉદયાચલ ભાંન, **કુંદકુંદ** ગુણહ નિધાન,
અનુક્રમિં **સકલકીર્ત્તિ** મુનીરાય, **ભુવનકીર્ત્તિ** સુર પૂજિત પાય. ૬૧
જ્ઞાનભૂષણ ગુણમંડિત દેહ, **વિજયકીર્ત્તિ** ગુણ ન લહિં છેહ,
શ્રી **શુભચંદ્ર** ભટ્ટારક ગુણી, **સુમતિકીર્ત્તિ** સિંહાસન ધણી. ૬૨
ગુણકીરતિ પાટિં જયવંત, શ્રી **વાદિભૂષણ**વંત,
એ પ્રણમુ ગચ્છપતિ પદધાર, **સુમતિકીરતિ** ગુરૂ બંધવ તાર. ૬૩
જંગમ તીર્થ જગમાહિ જાંણુ, **સકલભૂષણ** સંજમ કજ ભાંણુ,
તેહ પદ કમલ હૃદય નિજ ધરી, **નરેંદ્રકીરતિ** ગુણમાલા કરી. ૬૪
મેદપાટ જનપદ માહિ વસેં, **જાઉરપુર** સુરનયરનેં હસિં,
રૂપારેલ જિહાં અતિ ધણી, સિ સોભા બોલુ તેહ તણી. ૬૫

શ્રાવક ચતુર વસિં તિહાં ઘણા, જિહાં ઘરિ દ્રવ્ય તણા નહિ (મણા).
ચૈત્યાલય પૂરૂં જિન તણું, ત્રિસલાકા સુંદર અતિ ઘણું. ૬૬
સોલ બાવનિ માગસિર માસ, શુદિ તેરસ તિહાં કરી નીવાસ.
આદર **નેમિદાસ** બ્રહ્મ તણિં, કરી ગુણમાલા ઉત્તમ ધણિ. ૬૭

—સં. ૧૭૩૦ વર્ષે દ્વિતિય ભાદ્ર૦ શુ. ૧૪ રવિ ૩૬–૧૦ પ્રથમનું પત્ર નથી દા. ૨૦ નં. ૨૮ સીમંધર૦

---

૭૫૦ ઉજલ (ત૦ વિજયસેન સૂરિ શિ. શ્રાવક)

(૧૫૨૬) રાજસિંહ કથા (નવકાર) રાસ. સં. ૧૬૫૨ વૈ.૭ ગુરૂ

આદિ— ધુરી દુહા

વીર જિણેસર નિતિ નમું, પ્રણમી **ગોયમ**પાય,
સરસતિ સ્વામિણિ સમરીઇ, સુગુરૂ તણુઇ સુપસાય. ૧
મહિમા પંચ પરમેષ્ટિ નઉ, પભણિસું તેહ વિચાર
જગત માત તમ્હં વીનવું, કરયો એ ઉપગાર. ૨
બ્રહ્માસુતા ત્રિલોચના, ગૌર વરણ ગજગેલિ,
માત સિરોમણિ સરવ તું, હંસગામિની હસે હેલિ. ૩
પાયે નેઊર રૂણઝુણે, કટિ મેખલ ખટકાર,
સોવનચુડિ ઝબકતી, બાંહે બહેરખ સાર. ૪
કાંને કુંડલ રવિ કિરણ, હાર ગલે મુકતાલ,
નિલવટિ ટિલું તપ તપઇ, ઝાલિ ઝબુકે ગાલ. ૫
સિર સોવનમય રાખડી, વેણી વાસિગ પુર,
ઈંદ્ર ધનુષ ઓપે જિસિઉ, સિંથો સિરિ સિંદુર. ૬
સરલી નાશા નિરમલી, દીપશિખા તિલ ફુલ,
દંતપંતિ મુક્તામણી, અધર પ્રવાલી મુલ. ૭
ચંદ્રવયણ મૃગલોયણી, પોઇણ જિસ્યુ સુકમાલ,
મુગફલી કર અંગુલી, સબ નખ રંગ રસાલ. ૮

કટિ કેસર લંકી હૃદય, ઉનત પયોધર કુંભ,
સદલી સાથલ દીપતી, કદલી ગરભ સથંભ. ૯
ચીર સકોમલ ઓઢીયા, પહિરિઉ સવિ સિણગાર
વીજ ચમક્કઇ ચાલતી. હંસા ગતિઈં અપાર. ૧૦
કલસ કમંડલ કરિ ગ્રહી, ધરિ પુસ્તક કરિ એક,
જપમાલા જગ મોહતી, વીણા નાદ વિવેક. ૧૧
ધ્યાંને ત્રિભુવન વસિ કરી, હરિ બંભ પુરંદર દેવ,
કર જોડી આગલિ રહી, કરઇ તુમારી સેવ. ૧૨
કાસમીર મુખ મંડણી, માર કુંડિ મનરંગ,
સેવક ભોગ ભલા કરે, ચંદન ચરચે અંગ. ૧૩
ચંપો મરૂઓ મોગરો, કરણી કેવડ ફુલ,
માલ ચડાવે માતને, વિવિધ રચે જાસુલ. ૧૪
તુઠી કોડિ કવીસરાં, વિદ્યા દીધ વિવન,
કવિત કલા રસ કેલવે, ષટ ભ્રસણ પ્રસન્ન. ૧૫
કરજોડી કવિ વીનવે, દિઉ વિદ્યા વર આર,
છંદ કવિત ગુણ ગાઇઇ, તે સવિ તુઝ આધાર. ૧૬
શારદ ધ્યાન હૃદય ધરી, આવી સુપન મઝારિ,
દીધી માતમ ચાકરે, વાંણી વિવિધ પ્રકાર. ૧૭
પાય નમી ભગતિઈં તવી, તુઠી જગદંબાય,
બોલે વયણ નિસંક તું, જે આવે તુઝ દાય. ૧૮
માતા વચન મનિ હરખીઓ, પાંમી વરહ વિશેક,
આગે ઉલટ છે ઘણુંઓ, કરિવા કવિત અનેક. ૧૯
કાલ અનાદિ સાસતો, મહામંત્ર નવકાર,
ધુરિ જપીએ જિનવર કહે, ચઉદાં પુરવ સાર. ૨૦

અંતે—

શ્રી નવકાર કથા મહામંત્ર, ધન્ય પુરૂષ જે સમરે અંતિ,
જે જે બોલ કહિયા કવિ સાર, તે શ્રી સરસતિને આધાર. ૬૨૫

કવિ કહે હું કાંઇ જાણું નહી, પણિ અણબોલ્યો ન સકું રહી,
જે જે કવિ મોટા જગમાહિ, હું તેના પગની રજ પાહિ. ૬૨૬
શ્રી નવકાર તણી ષટકથા, ષડાવશ્યકમાંહિ જોયો તથા,
બાલાવબોધિ અરથ જિઉ સહી, કહે ઉજલ મિલિ ઇણિપાર કહી.
શ્રી નવકાર કથા સાસતી, કેતાં વચન કહિયા હૃદયથી,
અધિકો ઓછો કહિઉ અસાધ, તે શ્રી સંઘ ખમો અપરાધ. ૬૨૮
સંવત **સોલ ૧૬ વરસ પર બાવન**, વૈશાખી સાતમિ ગુરૂ દિન,
ષટ્ નવકાર કથાનું ચરી, ભણુયો કવિ રચાઉ ખપ કરી. ૬૨૯
તપગછ અંબર દિનકર રાય, શ્રી **વિજયસેન** ગુરૂ પ્રણમી પાય,
તસ શ્રાવક **ઉજલ** ઇમ ભણે, શ્રી નવકાર જાઉ ભાંમણે. ૬૩૦
શ્રી નવકાર જપો ખપ કરો, ભવ સંસાર સોહિલા તરો,
ષટ્ નવકાર કથા જુજુઇ, એ છ કથા સંપુર્ણ હુઇ. ૬૩૧

—સં. ૧૬૯૬ કા. સુદિ ૧૧ ગણિ **ન્યાન**સાગર શિ૦ મુનિ **વીર**સાગર ગંધાણી નગર મધ્યે લિ૦ ૨૧-૧૭ નં. ૪૬ ગો. ના.

---

૭૫૧ ધર્મદાસ (લોં. બૂરા-શામલજી-જીવરાજ શિ.)

(૧૫૨૭) જસવંત મુનિનો રાસ (એ.) સં. ૧૬૫૨ ભાદ્રવા વદ ૧૦ ખંઢેરામાં.

આદિ—

સકલ ગુણે કરી **સારદા** મન ધરી, માગુંઅ બુદ્ધિ વિનઇ કરી,
દઉ મુજઝ વાણીય, માગું મા બ્રહ્માણીય.
રાણી અચુલ્લ હેમવંતની એ, પદ્મદહ-વાસિની,
નમો માતા સાસણી, જાસ પસાઇ ગુણ ગાઇસું એ.

ઉલાલુ

ગાયસુ ગુણ **જસવંત**જીના, સુણ્ણ ભવીયણ સાર,
ને તાર મુનિવર તેહ છઇ, સર્વ જીવના આધાર.

આધાર સર્વ જીવના નઇ મન મોહનરાય,
તાસ તણા ગુણ વર્ણવૂં, શ્રી **વરસિંહ** તણઈ પસાય. ૫

અંતે—

સંવત્ **સોલ બાવન સંવછરઇ**, ભાદ્રવ વદિ દશમી દિનઇ,
હાલાર મધ્યે પુન્યવંત નગરઇ, **ખંઢેરા** નામઇ ભલિ. ૨
ઋષિ શ્રી **બૂરા** શિષ્ય **સામલજી જીવરાજ** ગુણ સારૂ એ,
તાસ સાંનિધિ રચીય રંગઇ, હઇએ હર્ષ અપારૂ એ. ૩
અતિ ભાવ આણી નિરમલ વાણી, દિનદિન પ્રતિ ગુણ ગાઇએ,
ધર્મદાસ કહઇ તુમ્હે સુણ ભવીયણ, સાધુ સેવંતા સુખ પાઇએ. ૪

—૬–૯ નં. ૩૭૭ લા૦

---

૭૫૨ પુંજા ઋષિ (પાર્શ્વચંદ્રગચ્છ હંસચંદ્ર શિષ્ય).

(૧૫૨૮) +આરામશોભા ચરિત્ર. સં. ૧૬૫૨ આસો શુદ ૧૫ બુધવાર પાટણમાં.

આદિ— દૂહા

આદિ જિણેસર પાય નમી, **શાંતી નેમિ**કુમાર,
શ્રી **પાસ વીર** સુવીસમઉ, વંદિઇ જયજયકાર. ૧
શ્રી ગુરૂ **ગૌતમ** સમવાડ. શ્રી **હંસચંદ** સુજાણ,
ચરણકમલ ગુરૂ વંદિ કરિ, કરાસ કવિત હુ વાણિ. ૨
એકજ અક્ષર વંકડૂ, જે ગુરૂનું સાદેઇ,
અંધારઈ જિમ દીવડઉ, ફરિ ફરિ જોત કરેઇ. ૩
ધરમિઇ ધણકણ સંપજઇ, ધર્મઈ લીલ વિલાસ,
ધર્મઇ સુખ સંપતિં મિલઇ, ધર્મઇ પૂગઇ આસ. ૪
દેવ ગુરૂ ધર્મ આરાધિ કરિ, કીજઇ જનમ પવિત્ર,
તે સઘલઇ સુખ પામીઇ, એણઇ ભવિ પરભવિ મિત્ર. ૫
પુણ્ય થકી વલી પામીઈ, પૂરવ ભવ સંબંધ,
(લીલાલચ્છી અતિ ઘણી, ધર્મઇ લહઇ સુખકંદ. ૬

સુર આવી સાંનિધિ કરઇં, રાજરધિ વલી દીધ,
તીર્થ પૂજ્યા પ્રભાવના, સાહમીવત્સલ કીધ. ૭
(પૂરવ સંચય પૂન્યનઉ, ઉદય હુઓ અભિરામ),
તેહ થકી તિણિ પામીયું, **આરામસોભા** નામ. ૮

અંતે—

ચુપઈ

ભવિક જીવ પ્રતિબોધી કરી, છેહડઇ અણુસણુ બેહૂ ઉચ્ચરી,
આલોઇ આરાધી કરી, બેહૂં જણુ પુહતાં અમરાપુરી. ૩૨૩
તિહાંથી ચવી **વિદેહ** અવતાર, સુધ જિન ધર્મ કરસ્યઇ તે સાર,
અનુક્રમિ લહઇસિઈં ભવનઉ પાર, સિધઇ સુખ અનંત અપાર. ૩૨૪
તવ સંયમ જિન પૂજા કરી, સાહમીવત્સલ ભગતિઇ ધરી,
આરામસોભાની એ ચરી, સહૂકો સુણજ્યો આદર કરી. ૩૨૫
ગુજરદેશ અનોપમ ઠામ, **પાટણ** નયર અછઇ અભિરામ,
ઘણુઉ વાસ તિહાં શ્રાવક તણુઉ, દેવગુરૂ ધર્મ ઊપરિ મન ઘણુઉ. ૩૨૬
તિહાં વલી તીરથ **પંચાસરઉ**, **સામલવાડી નારંગપુરઉ**,
પાસ જિણેસર ત્રેવીસમઓ, પ્રહ ઉઠીનઇ ભવિયણુ નમઉ. ૩૨૭
સોલસઇં બાવન્નઇં વલી, આસો માસ પૂનિમ નિરમલી,
અશ્વની રખિ બુધવારિઈં કરી, ગુરૂ પ્રસાદિ કરી પૂરણુ ચરી. ૩૨૮
વડતપ ગછ **નાગુરી** સાખ, શ્રી **સાધુરયણ** ગુરૂ મધુરી ભાખ,
તાસ સીસ સદા સવિચાર, ભવિક જીવનઇ આનંદકાર. ૩૨૯
શ્રી **પાસચંદ** સૂરીસર રાય, સુરનર પ્રણુમઇ **તેહના** પાય,
તસુ પાટિઇં શ્રી **સમરચંદ્રસૂરિ**, નામ લેયંતાં પાતિક દૂરિ. ૩૩૦
વિજયવંત શ્રી **રાયચંદ્રસૂરિ**, સંઘ સહૂ નમ વંછિત પુર,
પ્રહ ઊઠીનઇ સમરૂં નામ, નિતુ નિતુ તેહનઇ કરૂં પ્રણામ. ૩૩૧
શ્રી **શ્રીમાલી** વંશે વખાણુ, શ્રી **હંસચંદ** વાચક ગુરૂ જાણુ,
તાસ સીસ રૂષિ **પુંજો** કહઇ, ભણઇ ગુણઇ તે સિવસુખ લહઈ. ૩૩૨

એહ ચરી સંભલિ મનિ ધરઉ, વઇર વિરોધ મિથ્યા પરિહરઉ,
સાચઉ ધર્મ શ્રી અરિહંત, સિધિપુરી પહુતા ભગવંત. ૩૩૩
ચ્યારિ ખંડ એણિપરિ કરી, ચરી રચી ઉત્તમ ગુણ ભરી,
પિંડિત જયોજ્યે વિચારી કરી, ખોટી હુઇ તે કીયો ખરી. ૩૩૪

—સં. ૧૬૬૨ ભા. વદિ ૧૪ સોમ્યે ।। શ્રી ચેલા આણંદ લ૦ પ્ર૦ કા૦ (પં. લાલચંદ સંશોધિત બહાર પડેલ છે.)

---

૭૫૩ **જયમલ્લ** (ચંદ્રગચ્છ શક્તિરંગ શિ.)

(૧૫૨૯) સમ્યકત્વ કૌમુદી ચોપઇ સં. ૧૬૫૨.

—સં. ૧૬૫૭ ફા. વ. ૭ મુલતાણ સા. સોનપાલ લિ. પત્ર ૩૦ નં. ૩૭૦૨ અભય.

---

૧૮૭ **વિવેકહર્ષ** (તપા હર્ષાણંદ શિ. (૧-૩૧૧).

(૩૩૪)+ હીરવિજયસૂરિ (નિર્વાણ) રાસ. સં. ૧૬૫૨ (પ્ર. જૈનયુગ પુ. ૫ પૃ. ૪૬૦ થી ૪૬૪).

(૩૩૮) હીરવિજયસૂરિ નિર્વાણ સઝાય સં. ૧૬૫૨.

—શ્રાવિકા રતના પઠનાર્થં સં. ૧૭૬૯ વૈ. શુ. ૭ પત્ર ૨ નં. ૯૬૩ અભય.

[તેમણે ઋષભ નેમિ સ્ત. (પત્ર ૨ શ્લો. ૨૪ દા. ૨૩ લીં.) તથા પરબ્રહ્મપ્રકાશ સાત પ્રકરણમાં (ડા૦ અ. સંઘભંડાર ભાવનગર વે૦) રચેલ છે. આ છેલ્લામાં પોતાને તપાગચ્છના વિજયદેવસૂરિના શિષ્ય તરીકે ઓળખાવેલ છે એટલે તેના રાજ્યમાં એ રચેલ ઘટે.]

---

૧૮૮ **કુંઅરવિજય** (ત. નયવિજય શિ. (૧-૩૧૩).

તેમણે ચોવીસ જિન નમસ્કાર (પત્ર ૩ શ્લો. ૨૯ દા. ૨૭ લીં.) રચેલ છે.

---

૧૯૦ જયચંદ્ર (પાચ૦ વિમલચંદ્ર શિ.) (૧-૩૧૩).

(૩૩૮)+ રસરત્ન રાસ (એ.) સં. ૧૬૫૪ (૧-૩૧૩).

—પત્ર ૯ ગા. ૨૫૫ દા. ૩૭ નં. ૭૨ ગુરૂ બાર માસ (૩૩૯) સહિત લીં.

---

૭૫૪ વસ્તુપાલ બ્રહ્મ. (દિ૦ સરસ્વતીગચ્છ સુમતિકીર્ત્તિ-ગુણકીર્ત્તિ શિ.)

(૧૫૩૦) રોહિણીવ્રત પ્રબંધ. સં. ૧૬૫૪ આષાઢ શુદ ૩ સોમ સાબલીમાં.

આદિ—

વાસુપૂજ્ય જિન વાસુપૂજ્ય જિન, નમું તે સાર,
તીર્થંકર જે બારમો મનવાંછિત બહુ દાન દાતાર સાર એ.
અરૂણ વરણ સોહામણો સેવ્યાં દિવિ સુખતાર એ,
બાલ બ્રહ્મચારી રૂવડો સતરિ ચા પઉજાત સહુ જલ.
વસુપૂજ્ય રાજ્ય નંદન નિપુણ **વિજયાદેવી** માત કુક્ષિ નિરમલ,
જસ પસાઇ જાણિયિ, કવિત કલા સુવિચાર.
વિઘન સવિ દુરિ ટલિ, મંગલ વર્ત્તિ સાર. ૧

અંતે—

સાબલી નયર સોયામણુ, **રાયદેશ** મઝારિ,
રાસ કરો તિહાં રૂવડો, કથા તણિ અણુસારિ. ૫

વસ્તુ

મૂલ સંઘ મંડણુ (૨) **સરસતિ** ગછ સણુગાર,
બલાત્કાર ગુણે આગલા **શુભચંદ્ર** સાર યતીશ્વર.
તસ્ય પટ્ટોધર જાણિયિ, **સુમતિકીરતિ** સાર સૂખકર,
તસ્ય પદ પંકજ મધુકર **ગુણકીરતિ** સુવિસાલ.
તસ્ય ચરણે નમી સદા બોલે **બ્રહ્મ વસ્તપાલ**.

દૂહા

વિક્રમરાય પછિ સુણો, સંવછર **સોલ** સાર,
ચોપનો તે જાણીઇ, આષાઢ માસ સુખકાર.
શ્વેતપક્ષ સોહામણોરે તૃતીયા નિ સોમવાર,
શ્રી **નેમિ** જિન ભુવન ભલુંરે, રાસ પુરૂ હવો તાર.
ભણિ ગુણિ જે સાંભલિ, મનિ આણી બહુ ભાવ,
બ્રહ્મ વસ્તપાલ સુધુ કહિ, તેહનિ ભવજલ નાવ. ૩

—બ્ર. વછરાજ શિ૦ બ્ર. રાયમલ્લ લિ. ૧૬–૧૦ સ૦ ભ૦

---

૭૫૫ જયકુલ (તપા લક્ષ્મીકુશલ શિ૦)

(૧૫૩૧) તીર્થમાલા-ત્રૈલોક્યભુવન પ્રતિમા સંખ્યા સ્ત.

કડી ૯૨ સં. ૧૬૫૪ આસો વ. ૧૦ સોમ.

પ્રણમું માતાશ્રી **સરસ્વતી,** જે તુઠી આપઇ શુભ મતી,
નિજ ગુરૂ ચરણ કમલ વંદેવિ, વિદ્યાનાયક મનિ સમરેવિ. ૧
તીરથમાલ રચું મનરંગિ, ઉલટ અચ્છઇ ઘણુ મુઝ અંગિ,
સુણયો ભવીઅણ જે જગિ જાણ, ભણયો પ્રહિ ઉગમતઇ ભાણિ. ૨
તપ ગચ્છ ગયણિ ચંદલુએ, મા૦ શ્રી **હેમસોમ** સૂરિંદ સુ.
તાસ તણા પરિવારમાંએ મા૦ છઇ પંડિતના વૃંદ સુ. ૮૮
પંડિત શ્રેણિ શિરોમણીએ મા૦ **લક્ષ્મીકુલ** ગણિ સીસ સુ.
જયકુલ જનમ સફલ કરૂએ મા૦ ગાઇઆ શ્રી જગદીસ સુ. ૮૯
અસુધ હુઇ તે સોધયોએ મા૦ કવિ લાગું તુહ્મ પાય સુ.
સંઘ સહુ સાનિધ કરિએ મા૦ તુ કવિ પંડિત થાય. સુ. ૯૦
સંઘ મોટિમ જેહનઇ દીઇએ મા૦ તેહજ મેરૂ સમાન સુ.
તીરથમાલા ભણિ ગુણિએ મા૦ તેહ ધરિ નવઈ નિધાન સુ. ૯૧

કલસ

વિક્રમ નૃપથી સંવછર **સોલ, ચઉપના** વરસિ આસો વદિ રંગરોલ,
પૂર્ણા તિથિ દસમી સોમવારિ જયકાર, તવીઆ પ્રભુ ભગતિ હરષ ધરી
અનિવાર. ૯૨

—શ્રી ત્રૈલોક્યભુવન પ્રતિમા સંખ્યા સ્તવનઃ ૩–૧૯ મુનિ સુખસાગર.

---

૧૯૧ જ્ઞાનસાગર (૨) (ત. રવિસાગર શિ૦) (૧–૩૧૭)

(૩૪૦) નેમિ ચંદ્રાવલા સં. ૧૬૬૫ (૧–૩૧૭).

—(૧) સં. ૧૬૬૬ માગસિર વદિ ૨ ગ૦ **ધી**રસાગર લિ૦ ૮–૧૨ દા. ૧૧ નં. ૭૫ લે૦ પાટણ. (૨) ૯–૧૨ નં. ૧૧૭. મ૦ જ. વિ.

(એમણે નરવર્મ રાજચરિત્રની પ્રત સં. ૧૬૫૨માં અમદાવાદમાં લખેલી છે. નં ૧૩૮૫ સને ૧૮૯૧-૫ ભાં. ઇ.)

---

૧૯૨ જયવિજય (ત. કલ્યાણવિજય શિ.) (૧–૩૧૭).

(૩૪૩)+ સમેતશિખર રાસ. સુધારો સં. ૧૬૬૪ (૧–૩૧૯).

—સં. ૧૭૮૦ આ. વ. ૬ શ્રા૦ રત્ના પઠનાર્થં પત્ર ૮ પો. ૧૬ નં. ૧૬૭૮ અભય૦

---

૧૯૩ લલિતપ્રભ (પૌ૦ વિદ્યાપ્રભસૂરિ શિ.) (૧–૩૨૦).

(૧૫૩૨)+ પાટણ ચૈત્ય પરિપાટી ૨૩ ઢાલ સં. ૧૬૪૮ આસો વ. ૪ રવિ.

આદિ— ચઉપઇ

સયલ જિણેસર પ્રણમી પાય, **સરસતિ** સહગુરૂ હઇડઈ ધ્યાઇ,
પાટણ-ચૈત્ય પરિવાડી કહું, જિનબિંબ નમતાં પુણ્યજ લહું. ૧

અંતે— ઢાલ ૨૩

ગછિ **પૂનિમ**રે શાખા **ચંદ્ર** વખાણીએરે, શ્રી **ભુવનપ્રભ**સૂરિ,
ગુણ રયણેરે (૨) જલનિધિ જિમ હુઇ ગાજતુરે;
તિમ સોહઇરે **કમલપ્રભ** સૂરીસરૂરે, તસુ પાટિ **પુણ્યપ્રભ** સૂરિ,
દીપઇરે (૨) તેજે દિનકર રાજતુરે. ૯૯
તસુ પાટઈરે શ્રી **વિદ્યાપ્રભ** સૂરીસરૂરે, જેહવઉ પૂનિમ ચંદ,

નંદનરે (૨) ગુરી માતા તેહ તણુઉરે,
જિમ ગગનઈરે તારા ગણુ છેહ નહીરે, ગંગા વિલૂ ન પાર,
ગુણ પૂરઈરે (૨) દેહ ભરિઓ શ્રી ગુરૂ તણુઉરે. ૨૦૦
જ્ઞાનઈરે ભરીઉ જિમ હુઇ જલનિધિરે, ખમ દમ મદ્દવ સાર,
કીરતિરે (૨) ભૂમંડલમાંહિ વિસ્તરીરે;
તસુ શીસજ રે **લલિતપ્રભ** સૂરિ ઇમ ભણુઇરે, ધન ધન ચૈત્ય પ્રવાડિ.
પાટણિરે (૨) મનોહર ચૈત્યજ ચિતિ ધરીરે. ૨૦૧
સંવતરે **સોલ** વલી **અઠતાલ**ડઇરે, આસો માસિ વિચારી,
બહુલ પખિરે (૨) ચઉથિ તિથિ વલી જાણીઇરે.
આદિતરે વાર અનોપમ તે કહિઉરે, તિણિ દિન આદર આણિ,
ભાવઈરે (૨) જિનના ગુણુ વખાણીઇરે. ૨૦૨
જિન બિંબજરે જુહાર્યા નવ સહસ સુંદરૂરે, શત પાંચઇ વિચારિ,
અઠાણુઉરે (૨) ઊપરિ તે વલી હું ભણુઉંરે,
એ સર્વજરે ગ્રામ નગર પુર જે કહ્યારે, ધરીઆ સંખ્યા માનિ,
અરચ્યુંરે (૨) આણુંદ આણી મનિ ઘણુઉરે. ૨૦૩

કલશ

ઇમ ચૈત્યપ્રવાડી મનિ રૂહાડી રચી અતિ સોહામણી,
શ્રી **પાસ** પસાઇ ચિત્તિ ધ્યાઈ **અણહલ્લપાટણ** તેહ તણી;
શ્રી સદ્દગુરૂ પામી ધરઉ ધામી સ્તવન રૂપિ સુહાકરો,
સંખેસરૂ શ્રી **પાસ** સ્વામી સયલ ભુવનઇ જય કરો. ૨૦૪

—સં. ૧૬૪૮ પોષ વદ ૧ સોમે મુ૦ ગુણજી લિખિતં પ્ર૦ અમદાવાદની હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી ગ્રંથમાલા નં. ૨૮.

(૧૫૩૨ ક) ઘંઘાણીનું સ્તવન (ઐ૦) ૨૫ કડી સં. ૧૬૬૯ માહ વદ ૪.

શ્રી **પદ્મપ્રભુ**ના પાય નામી, પ્રણમું શ્રી જિનરાય,
પ્રગટ થઇ પ્રતિમા ઘણી, વાધે જગ જસવાદ. ૧
વિક્રમ સંવછર જાણીએ, **છાસઠા** ઘર **સોલ**,

જેઠ શુદ અગ્યારસે ભવિક હુઆ રંગરોલ. ૨
સંવત **સોલ ઉગણોતરા** વરસે માહા માસ મન આણોજી,
વદ ચોથે જિનવરજી ભેટયા પૂન તાસુ એધાણોજી. ૨૩
વરદ્ધમાન પ્રાસાદે કહી એ મહિમા મહીમાં વ્યાપાજી,
શ્રી **લલિતપ્રભસૂરિ** સુખદાયક સવ પૂર ઘર કરી થાપાજી. ૨૪
ઇમ સુખદાયક જગત્રનાયક **ઘંઘાણી** સોહ એ,
શ્રી **પાસ** પસાએ ઘણો સ્વામી ભવિકનાં મન મોહ એ;
દેખિ મૂરત સુંદર સુરના હરખ હૈઅડે ઉલટે,
અધિષ્ઠાયક પ્રસન હવો એ સપન તેહને પ્રગટે. ૨૫
—સં. ૧૬૭૦નો એક ચોપડો જશ૦

---

૧૯૪ નર્બુદાચાર્ય-નર્મદાચાર્ય (ત. કનક શિ.)(૧-૩૨૩).

(૩૪૫) કોકકલા ચોપઇ સં. ૧૬૫૬ (૧-૩૨૩).

આદિ— દૂહા

માતંગી મતિ આપીયે, જિમ કવિત કરૂ સુરસાલ,
કોકકલા ગુણ વર્ણવું, પ્રીછે બાલ ગોપાલ. ૧
શ્રી **શારદ** તુમ્હ ધ્યાઇયઇ, અક્ષર આપે માય,
કૃપા કરી મુખ અવતરો, જિમ ગુણ આવે ડાઇ. ૨
જે નર પહિલી કવિ હૂયા, તે તાહરે પ્રસાદ,
નામ જપંતા **સરસ્વતી**, ભાજઇ દુખ વિખવાદ. ૩
કવિત કરેવા મન ઘણુ, ખંતિ કરૂ દિણરાત,
વાચા અવિચલ આપીયે, કીજે કવિત સુજાત. ૪
પિંગલ જોઇ બાંધીયઉ, ઉત્તમ કવિત પ્રમાણ,
લઘુ દીર્ઘ ગતિ ગુણ ભલા, ચોપઇ ચાલ વખાણ. ૫
કોકશાસ્ત્ર કોકે કીયઉ, તે જાઇ સુવિચન્ન,
કવિ **નરબદ** ઇમ ઉચરઇ, બોલૂ કવિત કથન્ન. ૬
—(૧) સં. ૧૭૮૨ કા. શુ. ૧૦ ગુરૂ વડગામ મધ્યે ૪૬-૧૩

નં. ૨૨૧ પ્રથમ પત્ર નથી. પ્ર. કા. (૨) સં. ૧૮૭૯ પ્રથમ ચૈત્ર ભોમે **લાલવિજય** લિ૦ **ભૃગુકચ્છે** પત્ર ૬૯ પો. ૧૬ અભય૦

આ કવિએ સ્વહસ્તે સં. ૧૬૬૦ શકે ૧૫૨૫ મધ્યે 'સિતાદૌ પંચમ્યાં દ્વિતીયવાસરે' ગણિ **ભોજસાગર** વાચનાર્થે ગ્રં. ૧૩૮૦ની પંચાખ્યાનોદ્ધાર કથા પત્ર ૭૨ની લખી છે. નં. ૩૫૯ સન ૧૮૭૧-૨ ભાં. ઇ.)

---

૧૯૫ ગુણવિનય (ખ. જયસોમ શિ.) (૧-૩૨૬).

(૧૫૩૩) શત્રુંજય ચૈત્યપરિપાટી સ્ત૦ (ઐ૦) ૩૨ કડી. સં. ૧૬૪૪.

સકલ સારદ તણા પાય પ્રણમી કરી,
ભણિસું જિણ ચૈત્ર પરિવાડિ ગુણ સંભરી.
વીકન પરા થકી **વિમલગિરિ** ભેટવા,
સંઘ ઉચ્છવ ધરઈ જેમ દુખ મેટવા. ૧ × ×
સંવત **સોલચમાલ** એ સુહકએ **માહ** ધુરિ શુભ દિવસિ હરિવસિ
ચલ્લ એ,

શુભ શકુન જોઇ સંઘ નિકળ્યો. સાથે શ્રેયાંસ આદિનાં દેરાસરો લીધાં. માહ વદિ ચોથે સારૂડે પ્રથમ જિનને વાંદ્યા. પછી વાવડી, પછી તિમરીપુર આવ્યા. મહા વદ ૯મીએ જિન પૂજા કરી, લાસા ગોવાલ ગામથી સીરોહીમાં મહા શુદ ૭ આવ્યા. માંકરડા, નીતોડા, નાનવાડા, કથવાડા, સંગવાડા, ખાખરવાડા, કાસતરા, અંબથલ, મોડથલ, ઉડવાય, સીરોતર, વડગામ, સીધપુર, મેસાણા, પનસર, કલવલા, સેરીસા, લોડણ પાર્શ્વનાથ-ત્યાં જિનચંદ્રસૂરિને વંદના કરી. અમદાવાદનો સંઘ ત્યાં આવ્યો. સંઘવી જોગી સોમજી હતા. ધંધુકા, પછી પાલીતાણે. શેત્રુંજય ચૈત્ર વદ ૫ને દિને ચડયા. આઠમે સત્તરભેદી પૂજા, ખરતરવસીમાં પૂજા કરી, પાછા વળતાં દ્રવ્ય ખર્ચતાં ખર્ચતાં અમદાવાદ આવ્યા. આસાઉલપુર, ઉસમાપુર, દેવગૃહો વાંદ્યાં. ગોલ ગામથી આબૂની યાત્રા કરી, જેઠ શુદિ ૧૩ રોહ ગામે જિનદત્ત સૂરિને નમ્યા. સ્વામીવત્સલ જેઠ શુદ ૧૫ દિને કર્યું.

ઇમ યાત્ર શ્રી **સેત્રુંજ** કેરી, જિમ જસ વિસ્તરઇ,
શ્રી **અર્બુદાચલ** જેમ ભેટયા, પંચ ચેઇ જિણુ પરઇ;
તે ભણ્યા શ્રી **જયસોમ** સીસે સંભલ્યા જિમ જન મુખઇ,
તિમ **ગુણવિનય** ગણિ કહઇ ભણતાં સંપજૈ સંપદ સુખઇ. ૩૨

—(૧-૨) પત્ર ૨ પો. ૧૮ નં. ૧૮૩૯, ઋષિ જટા લિ.; પત્ર ૨ નં. ૨૭૭૯ અભય૦

(૧૫૩૪) બારવ્રત જોડિ. કડી ૫૬ સં. ૧૬૫૫.

જિનહ ચઉવીસના પાય પણમી કરી,
સામિ **ગોયમ** ગુરૂ નામ હીયડઇ ધરી,
સમકિત સહિત વ્રત બાર હિવ ઉચરૂં,
સુગુરૂ સાખઇ વલી તત્ત્વ ત્રિણઇ ધરૂં. ૧

શ્રી **ખરતર** ગછિ ગયણ દિણિંદો, શ્રી **જિનચંદ** સૂરિ સૂરિંદો,
એહની મસ્તકિ આણ વહિજઇ, સૂધૂં સમકિત ઇમ લહિજઇ. ૫૪
સંવત **સોલપંચાવન** વરસઇ, શ્રાવિકા જીઉ નિય મન હરસઇ,
શ્રી **ગુણવિનય** વાચક વર પાસઈ, સુણીઉ આગમ મનિ ઉલાસઇ. ૫૫
કીધઉ બારહ વ્રત ઉચ્ચારહ, અણજાણઇ નહી દૂષણ ભાર,
ભણસઇ ગુણસઈ એહ અધિકાર, તેહિ ધાર મંગલ જયકાર. ૫૬

—પરચુરણ એક પ્રત દા. ૭૫ સંઘ ભં. પાટણ.

(૧૫૩૫) કયવન્ના ચોપઈ સં. ૧૬૫૪ નેમિજન્મદિને મહિમપુરે.

આદિ—

પણમિય **પાસ** જિણેસર પાયા, મન ધરિ શ્રુતધર શ્રી ગુરૂરાયા,
પભણિસુ **કયવન્ના** પરબંધ, જિમ થાઅઇ સુભનઉ અનુબંધ. ૧
ચ્યારિ પ્રકારિ કહ્યઉ જિન ધર્મ, દાન શીલ તપ ભાવન મર્મ,
ચ્યારિ કુગતિ વિચ્છેદન હેતુ, ભવસમુદ્ર તરિવાનઇ સેતુ. ૨

અંતે— ઢાલ

યુગ પ્રધાન **જિનચંદ્ર** સૂરિરાજઇ, ગુરૂ અતિસય કરિ અધિક વિરાજઇ,
વેદ બાણ રસ સસધર વરસઇ, **નેમિ** જનમ કલ્યાણિક દિવસઈ.

શ્રી **પરમોદમાણિક** ગુરૂ પાટઇ, સોહઇ સસધર જિમ મુનિ થાટઇ,
ઉવઝાય શ્રી **જયસોમ** યતીસ, તેહનઉ શિષ્ય ધરી સુજગીસ. ૧૭૦
વાચકશ્રી **ગુણવિનય** વિશેષિ, **ઠાણાવશ્યક વિવરણ** દેખિ,
એહ સંધિ પ્રભણઇ સુખ કાજઇ, **મહિમપુરઇં** મહિમા કરિ રાજઇ.
જિહાંશ્રી **અજિત શાંતિ** ગુણ ભરિયા, જાણે ચંદ સૂર અવતરીયા,
ભવ્ય જીવના તમ-ભર હરિવા, જન આનંદ રયણિ દિનિ કરિવા.૧૭૨
એ પ્રબંધ પ્રભણઇ જે ભાવઇ, શ્રી જિનકુશલસૂરિ અનુભાવઇ,
દુરિય વિઘન સવિ દૂરિ પુલાવઇ, રિદ્ધિ વૃદ્ધિ મંગલ ઘરિ થાવઇ. ૧૭૩

—પત્ર ૧૦ પ્રતિ ૧૭મી સદીની ઋ. જટા લિ૦ પો. ૧૨ ભુવન૦ (પછી ઉમેરેલ છે કે સં. ૧૭૦૬ માઘ વદિ ૬ રવિવાસરે શ્રી ઝડાઉ મધ્યે.)

(૩૪૬)+ કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ (ઐ.) સં. ૧૬૫૫ (૧-૩૨૬).

—(૧) પત્ર ૮ પો. ૮૦ નં. ૧૯૯૬ જિ. ચા. (૨) પત્ર ૧૩ પો. ૪ નં. ૨૪૮ અભય૦ (૩) પત્ર ૧૫ પો. ૫૨ નં. ૧૦૨૦ કૃપા.

(૩૪૭) અંજનાસુંદરી પ્રબંધ સં. ૧૬૬૨ (૧-૩૨૮).

—પત્ર ૭ પ્રત ૧૮મી સદીની રાજનગરે લિ. પો. ૮૧ નં. ૨૦૩૧ જિ. ચા.

(૧૫૩૬) ઋષિદત્તા ચોપઇ સં. ૧૬૬૩ ચૈ. શુ. ૯ ખંભાતમાં.

આદિ—

પુરૂષાદેય ઉદયકર, પણમિય **થંભણપાસ,**
જેહનઇ નામ ગ્રહણ થકી, પૂજઇ...લી આસ. ૧
ભગવતિ ભારતિ હૃદય ધરિ, જિણથી વચન વિલાસ,
મીઠઉ અમૃત તણી પરઇ, મુખ થાયઇ રસ વાસ. ૨
જિનવરિ ચિહું વંદન કરિ, ભાખ્યા ધરમ પ્રકાર,
ચ્યારિ ચતુરગતિ છેદવા, ચતુર સુણઉ સુવિચાર. ૩
બ્રહ્મવ્રત બીજ(ઉ) ધરમ, પરમ ભણીજઇ તત્થ,
તરીયાની પાંતઇ તિ જે, એ પાલઇ પરમત્થ. ૪

દાનવ દેવ જિકે વડા, કિન્નર સિદ્ધિ જિકેવિ,
સીલવંત પય તે નમઇ, દુક્કર કરમ કરેઇ. ૫
સીલવત કુલ આભરણુ, રૂપવંત સુભસીલ,
સીલવંત પંડિત કહ્યા, સીલધરમિ સવિ લીલ. ૬ × ×
રિષિદત્તા મોટી સતી, સુણીયઇ સોહગ-કંદ,
તેહ તણુઉ પરબંધ હું, પ્રભણું ધરિ આણુંદ. ૧૧

અંતે— સંધિ

ઇણપરિશ્રી **રિષિદત્તા** કેરઉ, વર વયરાગ અમૃતરસ વેરઉ,
જિણથી સિવપુર થાઅ ઇનેરઉ, ભાજઇ ભવિક તણુઉ ભવફેરઉ.૨૬૧
ચરિત સુણીજઇ શાસ્ત્ર મઝારિ, દેખી તેહનઇ અનુસારિ,
સંવત **ગુણરસ (રસ) સસિ** વરસઇ, ચૈત્ર સુદઇ નવમીનઇ દિવસઇ. ૬૨
નવમઇ રવિયોગઇ વહમાનઇ, રવિ મેષઇ રવિવારિ પ્રધાનઇ,
શ્રી **ખંભાયતિ થંભણુ પાસ,** ધરણુ પઉમ પરતખિ જસુ પાસિ.૬૩
શ્રી **ખરતર** ગણુ ગગન નભોમણિ, **અભયદેવ**સૂરિ પ્રકટિત સુરમણિ,
ધન ખરચી બહુ બિંબ ભરાવિય, સાહ **સિવા સોમજીય** કરાવિય.૬૪
અચરિજ કરયૂ તરિ જસુ ઊપરિ, સરણાઇવર ભેરિ વિવિધ પરિ,
પાસ ભગતિ રસિ જિહાં વજાવઇ, ગુરૂ પ્રસાદિ રહ્યા સુખ ભાવઇ. ૬૫
દુરિત મહાતરૂ ગજ જિમ ચૂરઇ, જિહાં સહૂઆં મનવંછિત પૂરઇ,
યુગપ્રધાન **જિનચંદ્ર**સૂરિ રાજઇ, શ્રી **જિનસિંઘ**સૂરિ કરિ રાજઇ.૬૬
શ્રી **જયસોમ** સુગુરૂનઇ સીસઇ, આવ્યા કુસુમમાલ ધરિ સીસઇ,
વાચક **ગુણવિનયઈ** ગુણકારણુ, ઢાલ બંધિ પ્રભણ્યઉ ભવતારણુ. ૬૭
એ સંબંધ સુકૃત વિસ્તારણુ, સંભલિ સીલ ધરઉ દુખવારણુ,
જિણથી મંગલ ઉદય પ્રકાસ, દિનિદિનિ થાયઇ સુજસ વિલાસ. ૨૬૮

—સંપૂર્ણ શ્રી નવાનગર મધ્યે આમાં સંવત્‌નું પાઠાંતર 'સોલહસ ત્રેસઠ્ઠઇ વરઇ' એમ આપેલ છે. કવિની હસ્તલિખિત પ્રત લાગે છે. પત્ર ૮ નં. ૧૦૨૧ અભય૦

(૧૫૩૭) જીવસ્વરૂપ ચોપઈ સં. ૧૬૬૪ (૭) રાજનગરમાં.

આદિ— દૂહા

શાન્તિનાથ પય કમલ ધરિ, હૃદય કમલ સુભકાર,
શ્રી **ચિન્તામણિપાસ** પ્રભુ, પ્રણમી સોહગ સાર. ૧
સારદદેવિ પ્રસાદ લહિ, શ્રી **જિનદત્ત** સૂરિરાજ,
શ્રી **જિનકુસલ** નમી કરી, સાધેવા સવિ કાજ. ૨

અંતે—

ઇમબારહ ભાવન નિતુ ભાવઉ, જિમ અવિચલ સુખ પાવઉજી,
નવનવ સંપદ કરી સુહાવઉ, વાધઇ વૃદ્ધિ વધાવઉજી. શ્રી. ૨૪૪
અંબુધિ કાય રસાવનિ વરષઇ, શ્રી સંઘ કેરઇ હરષઇજી,
યુગપ્રધાનશ્રી **જિનચંદ્રસૂરિ** ગુરૂ, રાજઇ ગુણ ઉતકરષઇજી. શ્રી.૨૪૫
શ્રી **જિનસિંઘસૂરિ** આચારિજ, જેહનઇ પાટઇ દીપઇજી,
એહ ભાવ આગમમહિ દીસઇ, જિમ મુગતાફલ સીપઈજી. શ્રી. ૨૪૬
ઉવઝાય શ્રી **જયસોમ** સુગુરૂનઇ, સીસઈ મતિ અનુસારીજી,
તે શ્રી વાચક **ગુણવિનયઇ** પ્રભણ્યઉ, **રાજનગરિ** સુખકારીજી. ૨૪૭

—(૧) ગ્રં. ૪૦૦ શ્રી **સ્તંભતીર્થે** ૧૦-૧૫ પ્રથમ પત્ર નથી નાહટા. (૨) ૧૩-૧૩ નં. ૧૩-૯ ગુ૦

(૩૪૮) ગુણસુંદરી પુણ્યપાલ ચો. સં. ૧૬૬૫ નવાનગર (૧-૩૨૯).

—(૧) પ્રાયઃ આ કવિ કૃત સં. ૧૭૪૬ જે. શુ. ૧૫ પત્ર ૭ પો. ૧૦ સીનોર. (૨) પ્રાયઃ આ કવિ કૃત સં. ૧૭૯૭ શાકે ૧૬૬૨ ફા. કૃ. ૮ કાવ્યવાસરે મુનિ **ભાગ્યવિજયગણિ** લિ. **અંજાર** નગરે શ્રી **વાસુપૂજ્ય** પ્રસાદાત્ સંઘ ભં. રાધનપુર.

(૧૫૩૮) નલદમયંતી પ્રબંધ સં. ૧૬૬૫ આસો વ. ૬ સોમ નવાનગરે.

અંતે—

ઇણિપરિ ગુણનિધિ શ્રી દવદંતી, ચરિત ભણ્યો ભવવન દવદંતી,
સોલહ સઇ પઈસઠા વરસિ, શ્રી **નવાનગર** પવરિ મન હરખિ.

આસૂ વદિ છઠ શશિધર વારે, મિગસર સિદ્ધિ રવિયોગ ઉદારે,
યુગપ્રધાન શ્રી **જિનચંદ્રસૂરિ**, નિર્મલ નિજમતિ જિત સુર સૂરિ. ૪૫
આચારજશ્રી **જિનસિંહસૂરિ**, કૃત પરમોદય ગુણ મણિ ભૂરિ,
જિણ થાપ્યો સંઇહત્થ પટધારી, તેહને રાજ્યે સુયશ સુખકારી. ૪૬
ઉવઝાયશ્રી **જયસોમ** સુધાકર, શીશઇ મોહ તિમિર ભર દિનકર,
શ્રી **ગુણવિનયે** શીલની લીલા, દેખિન હુવઇ જિણથી હીલા. ૪૭
તિમ તુમ્હ ધરિવો ભવિયણ સાચો, શીલ ધરમહીસે જિમ જાચો,
જિમ પામો પરભવ શિવયોગ, અક્ષય અચલ અનંત અરોગ. ૪૮
ઇણ ભવ ઇણથી નિરૂપમ ભોગ, જસ બોલઇ તસુ સહુઅઇ લોગ,
એહ પ્રબંધ સદા મુખિ ભણિવો, અથવા ભણતાં નિશ્ચલ સુણિવો. ૪૯
શ્રી **જિનદત્ત** સૂરિ સુપ્રસાદઈ, શ્રી **જિનકુશલ** સૂરીશ્વર સાદઇ,
શુણતાં મંગલ ઋદ્ધિ વિલાસ, થાઓ ઇણિથી મહિમા વાસ. ૫૦

—પં. જીવકીર્ત્તિ ગણિ લિ. શ્રી **માલપુરે** પ્રં. ૫૨૧ નાહટા.

(૧૫૩૯) જંબૂરાસ સં. ૧૬૭૦ શ્રા. શુ. ૧૦ કવિવાર બાહડમેર.

આદિ— શ્રીરસ્તુ શ્રી શારદાયૈ નમઃ ।

પણમિય **પાસ** જિણિંદ પ્રભુ, શ્રી **જિનકુસલ** મુણિંદ,
પ્રભુતાનિધિ સોહગનિલઉ, સમરી સુખનઉ કંદ. ૧
શ્રી **જયસોમ** સુગુરૂતણા, ચરણકમલ મન ભાવિ,
મન ધરિ સારદ **સારદા**, જાગઇ જસુ પરભાવ. ૨
આદઈ શ્રી **વધમાન** જિન, પાટઇ પ્રભુતાધાર,
શ્રી **સુધરમા** સ્વામી થયઉ, વર પંચમ ગણધાર. ૩
તાસુ સીસ મહિમાનિલઉ, જગ મહિ **જંબુકુમાર**,
જેહનઇ નામ ગ્રહણઈ હુવઇ, ભવજલનિધિ નિસ્તાર. ૪
સિદ્ધિ રમણિ જેહનઇ વરી, પરવર વરિવા નેમ,
ગુણે અધિક પામી કરઇ, ગુરૂઆ એહાં પ્રેમ. ૫
તાસુ ચરિય પ્રભણિસુ ધરિય, શમ સંવેગ વિલાસ,
તે સંભલિવા ભવિક નર, કરિવઉ મન ઉલ્લાસ. ૬

જંબુકુમરનઉ નવ નયન, જિણિ દેખી તૃણ જેમ,
રૂપ બહુ આઠે વહુ, વરણઇ જાણે હેમ. ૭

અંતે—

ધન ધન **પ્રભવ** દેખિ ધન કોરી, જસુ વચનઇ સબ છોરી વે. ૯૬
ધન ધન **બાહડમેર** કહાણા, જહાં શ્રી **સુમતિ** સુહાણા વે. ૯૭
જિનકી સોમ નજરિ સોહાયઉ, **ખરતર** સંઘ સવાયઉ વે. ૯૮
તસુ પરભાવઇ **જંબૂ** ચરિયા, પૂર્ણ ભઇ સુભ વરિયા વે. ૯૯
સત્તરિ અધિક **સોલેસઈ** વરસઇં, વધતઇ મનકઇ હરષઈ વે. ૧૦૦
યુગપ્રધાન **જિનચંદ્રસૂરિ** રાજઇ, અધિક દિવાજઇ વિરાજઇ વે. ૧
પૂર્વ પ્રબંધકા દેખિ વિચારા, તિન કાલે અનુસારા વે. ૨
શ્રી **જયસોમ** મહા ઉવઝાયા, જિનકા લહિય પસાયા વે. ૩
શ્રી **ગુણવિનયઈ** એ પરબંધા, પ્રભણ્યા સુભ સંબંધા વે. ૪
શ્રાવણ સુદિ દસમી કવિવારઇ, રાધા ઉડુ સંચારઇ વે. ૫
એ પ્રબંધ વર પુણ્યપ્રયોગઇ, લિખીયઉ રવિ સિધિયોગઇ વે. ૬
શ્રી **જિનકુશલ** થૂંભ જિહાં જાચા, દઇ મનવંછિત વાચા વે. ૭
જસુ પરભાવઇ ધન ધન વરસઇ, જાકું સવજન તરસઇ વે. ૮
એ પ્રબંધ ભણતાં વલિ ગુણતાં, **કુસલ** કુસલ કરઉ સુણતાં વે. ૯

—પત્ર ૬૪ થી ૯૬ સંપૂર્ણ નં. ૩૮૯ પો. ૬ અભય.

(૧૫૪૦) મૂલદેવ કુમાર ચોપઇ સં. ૧૬૭૩ જે. શુ. ૧૩ ભૃગુવાર સાંગાનેરમાં.

આદિ—

પણમિય **પદમપ્રભ** ધણી, શ્રી **જિનદત્ત** સૂરિરાજ,
શ્રી **જિનકુસલ** સૂરીસ ગુરૂ, સર્વ સાધુ સિરતાજ. ૧
ઉવઝાય શ્રી **જયસોમ** ગુરૂ, પયપંકય પરભાવિ,
દાનતણા ગુણ વર્ણવું, શ્રી **સારદ** અનુભાવિ. ૨
ધર્મ મૂલ જગમઇ ભણ્યઉ, મહિમા તણુઉ નિવાસ,
સિદ્ધિ સુખાંનઉ જે પદૂ, તે દાન કહું ઉલ્લાસિ. ૩

દાનઇ વયર સહૂ મિટઇ, વસિ હોવઇ સવિ ભૂત,
દાનઇ સત્રુ દયામણા, થાયઈ મિત્ર નઇ સૂત. ૪
ધર્મહેતુ પાત્રઇ દીયઉ, મિત્રઈ પ્રીતિ વિતાન,
ભૃત્ય ભણી દીધઉ દિયઇ, દાયકનઇ બહુ માન. ૫
નરપતિનઇ દીધઉ કરઇ, નિજ વસિ યાચકિ દિદ્ધ,
મહિમા કરિ મોટઉ કરઇ, પુહવઈ તેહ પ્રસિદ્ધ. ૬
ઇહલોકઇ પુણિ ફલ દીયઇ, દાન દીયઉ જગમાહિ,
મૂલદેવની પરિ સુણઉ, ભવિયાં મન ઉચ્છાહિ. ૭

અંતે—

તિણિ જાણી પ્રાણી પરમ, દાન તણા ફલ ભાવ,
મૂલદેવની પરિ દીયઉ, જેહનઉ અધિક પ્રભાવ. ૧૬૬

સંધિ ઢાલ

ગુણ મુનિ રસ સસિ વરસઇ ચારૂ, **મૂલદેવ** સંબંધ વિચારૂ,
શ્રી **સાંગાનયરઇ** મન હરષઇ, જેઠ પ્રથમ તેરસિનઇ દિવસઇ. ૧૬૭
ભૃગુવારઇ સિધ યોગ ઉદારઇ, પૂર્વ પ્રબંધ તણઇ અણુસારઈ,
શ્રી **પદમપ્રભ** પુણ્ય પસાઅઇ, રાજમાનિ **જિનસિંહ** સૂરિરાઅઇ.
ઉવઝાય શ્રી **જયસોમ**નઇ સીસઇ, આન્યા માલ ધરી નિજ સીસઇ,
ઉવઝાય શ્રી **ગુણવિનયઈ** બંધુર, પ્રભણ્યઉ ધરિ ધરમાંમઇ એ ધુર.
ખરતર ગચ્છ દિન ઉદય દિવાકર, શ્રી **જિનદત્ત**સૂરિ દુરિતતમોહર,
શ્રી **જિનકુસલ**સૂરિ સોહગધર, પઢતાં ગુણતાં હુઉ વંછિતકર. ૧૭૦

—પં. જીવકીર્ત્તિગણિ લિ૦ **સુભટપુરે** ૭-૧૫ મુકનજી સંગ્રહ વીકા.

(૧૫૪૧) કલાવતી ચોપઇ સં. ૧૬૭૩ શ્રાવણ સુદ ૯ શનિ સાંગાનેરમાં.

આદિ—

પણમી **પદમપ્રભ** ધણી, શ્રી **જિનકુસલ** સૂરિંદ,
જેહના ચરણકમલ ભજઈ, સવિ સુર અસુર નરિંદ. ૧

શ્રુતદેવી સમરી કરી, સફલ કરૂં નિય જીહ,
સીલવંત ગુણ ગાઇનઇ, જેહની ત્રિભુવન લીહ. ૨
બીજઉ સવિ ધ્રમ સોહિલઉ, દાનાદિક જગમાહિ,
એહનઉ દુક્કર પાલિવઉ, મન રાખવઉ સાહિ. ૩
મન ચંચલ મનથી હુવઇ, એહ મનોભવ તેણ,
કુણ કહિએ બાધી સકઇ, જગ સવિ જીતઉ જેણ. ૪
ઇસર સોઇ ઇસરિ ચરણિ, જાઇ મનવા લગ્ગ,
પેખે તુઝ ઇસરપણઉ, હૂઅઉં કહિ કણિ મગ્ગિ. ૫
વિહિ વિહિ પુત્રીસ્યું રમ્યઉ, લાછિસ્યું શ્રીપતિ લુદ્ધ,
જે આરાધઇ સહૂઅ જગ, તે મોહ્યા ઇણ મુદ્ધિ. ૬
તિણિ એ કામવિડંબના, જિણિ નવિ લાધી હોઇ,
તેહના પય લુલિલુલિ નમું, સર્વ જઇ જગિ સોઇ. ૭
પુરૂષ સીલપાલઇ પરમ, નવિ અચરિજ ઇહાં કોઇ,
જિણિ નિજ વસિ તે થાઇ નર...પરવસિ હોઇ. ૮
તેહનઇ પાલિવઉ અતિ વિકટ, સીલતણઉ સંસારિ,
તિણ તેહનઉ વર્ણન કરૂં, જિહાં નહી કામવિકાર. ૯
જેહનઉ સીલ પ્રભાવ જગિ, દીસઇ પુણ્ય પસાઇ,
પરગટ તેહ ભણીજીયઇ, બીજી તે ન કહાઇ. ૧૦
નવ કરપલ્લવ જે હુઇ, સીલ પ્રભાવ વિશેષિ,
કલાવતી કર છેદનઇ, એ નવ કૌતુક દેખિ. ૧૧
તેહનઉ પ્રભણું હું હિવઇ, મૂલ થકી સંબંધ,
તે સંભલિ પરમાદ ત્યજિ, જિમ થાયઇ શુભ બંધ. ૧૨

અંતે— સંધિ ઢાલ

સુદ્ધિ ।કયા જેહની જગિ કહીયે, તે **ખરતર** ગછ પુણ્યઇ લહીયઇ,
તસુ પ્રભુશ્રી **જિનસિંહ**સૂરિ રાજઇ, દસ દિસિ જેહનઉ સુજસ વિરાજઇ.
સંવત **સોલતિહુત્તરા** વરસઇ, શ્રાવણ સુદિ નવમીનઇ દિવસઇ,
નવમઇ રવિયોગઇ શનિવારઇ, પૂર્વ પ્રબંધ તણઇ અનુસારઇ. ૨૭૫

શ્રી **પદ્મપ્રભ** જિણહર મંડિત, જેહની આન્યા અછઇ અખંડિત,
જિહાં બહુશ્રી **જિનકુસલ**ની સોભ, જિણિ કીધી **ખરતર** ગચ્છ થોભ.
શ્રી **સાંગાનયરઇ** જિહાં શ્રાવક, **ખરતર** ઉદયવંત સુપ્રભાવક,
ગુરૂમુખિ જે શ્રુત સુણિવા તરસઇ, જલધર જિમ જે ધનજલ વરસઇ.
વિપુલ ફલોદય શ્રી **ખેમ** શાખ, જેહની **ખરતર** ગચ્છમઇ સાખ,
તિહાંશ્રી **ખેમરાય** ઉવજ્ઝાય, જગિ જસુ જાગતઉ છઇ જસવાય. ૨૩૮
તસુ પાટઇ વાચક પદધાર, બીજ તણી પરિ બહુ પરિવાર,
શ્રી **પરમોદમાણિક** ગુરૂ તાસુ, નિરમલ જેહનઉ સુબુધિ વિલાસુ.
સાહિ સભા મહિં જિણ જસ લીધઉ, પ્રતિવાંવાંનઇ ઉતર દીધઉ,
પાટઇ વિજઇમાન મનુ સોમ, ઉવજ્ઝાય શ્રીધર શ્રી **જયસોમ**. ૨૪૦
પાઠક **ગુણવિનઈ** તસુ સીસઇ, પ્રગટ કીયઉ જસુ કઉ ન સરીસઇ,
શ્રી **કલાવતી**ય ચરિત સુનિધાન, જેહનઉ અધિક અછઇ જગિ વાન.
સીલ તણી એ મહિમા સાંભલિ, જતન કરઉ તિણિ પાલિવા ઇણિકલિ,
જિમ હોવઇ જગમઇ જસ જાયઉ,સંપજઇ અવિચલ સિવસુખ સાચઉ.૨૪૨

—પં૦ **મહિમાકુમાર** ગાણુના લિ૦ ૧૯-૨૦ (પ્રથમનાં ૧૪ પત્રમાં **મતિકીર્ત્તિ**કૃત **અઘટકુમાર** ચોપઇ અને **સુબુદ્ધિ** ચોપઇ છે ને છેવટે આ કૃતિ છે). નં. ૬૨ પાદરા.

(૧૫૪૨) પ્રશ્નોત્તરમાલિકા-પાર્શ્વચંદ્ર મત (દલન) ચોપઈ

સં. ૧૬૭૩ સંગ્રામ નગરે-સાંગાનેરમાં.

આદિ— દૂહા

શ્રી **પદ્મપ્રભ** પય નમી, સમરી **સારદદેવિ**,
શ્રી જિનવદન-નિવાસિની, કરઇ જસુ સહૂ અઇસેવ. ૧
સુદ્ધ માગ જિનવર તણઉ, આગમસાખ પ્રકાસિ,
પરગટ કરિસ્યઉં સાંભલઉ, મન ધરિ હરખ ઉલાસ. ૨
કુમત મહિષ મહિ પઇસ કરિ, ડહલઉ કીધઉ એહ,
સાસન સરવર નિરમલઉ, ધરિ અભિમાન અછેહ. ૩

એક દેશ આગમ તણુઉ, લઇનઇ દુર બુદ્ધિ,
દૂષઇ પૂરવ ગ્રંથનઇ, કિમ પામેસ્યઇ સુદ્ધિ ? ૪
કેવલ મણુપજ્જવ અવહિ, પૂરણુ શ્રુત વિણુ પ્રેમ,
સુગુરૂ પરંપરિ બાહિરા, પભણુઇ મૂરખિ કેમ ? ૫
અભિનિવેશ મિથ્યાતનઉ, બલ સબલઊ ધરિ ચિત્તિ,
આંપણુ નામ પ્રકાસિ તે ,કિમ પામેસ્યઇ મુત્તિ ? ૬

અંતે—

દીપ્ર દીવાજઇ કરિ **સોલિ તિહુત્તરઈ** એ દેઇ શ્રુત સાખ,
યુગપ્રધાન શ્રી **જૈનસિંહ** સૂરિની લહિ ભાખ;
ઉવઝાય શ્રી **જયસોમ** સુગુરૂ સુપ્રસાદઇ સુંદર,
ખોભી ન સકઇ કોઇ યુગતિ વાતઈં જિમ મંદર. ૯૨
સાંગાનયરિ વિરાજમાન **પદમપ્રભ** સ્વામિ,
તાસુ નજરી અમૃત ભરી એ મનવંછિત પામિ;
શ્રી ખરતરગચ્છ ઉદયકરણુ જિનકુશલ પ્રભાવઇ,
એવ ચારિ યુગતિઇ ઉદાર મન કેરઈ ભાવઇ. ૯૩
ઉવઝાય શ્રી **ગુણુવિનઈ** ભણ્યઉ મિથ્યાતનઇ હરિવા,
મુગધ લોકનઇ હિત ભણી, એ નય મારગિ ધરિવા;
ઇહાં સંસયમત કોઇ કરઉ જેણિ આતમભાવ
સહૂઆંનઇ સમભાવિ અછઇ ભવજલનિધિ નાવ. ૯૪

—ઇતિ ક્ષેમ શાખાયાં ક્ષેમરાજ મહોપાધ્યાય સિષ્ય વાચનાચાર્ય પ્રમોદમાણિકયગણિ શિષ્ય જયસોમ મહોપાધ્યાય શિષ્ય શ્રી **ગુણુવિનયોપાધ્યાયૈઃ** પંડિત **મતિકિર્તિ** ગણિ કૃત યુક્તિઘટના **સાહાયકૈઃ સંગ્રામનગરે** વિક્રમતો **ગુણુ મુનિ રસ શશિ (૧૬૭૩)** વર્ષે શ્રી સંઘાગ્રહાત્ કૃત ચતુર્માસીકૈરનેકશાસ્ત્રકુસુમવાટિકાતઃ સમુચિતવચનકુસુમાન્યુચ્ચિત્યોચિત્ય ગ્રથિતા પ્રશ્નોત્તરમાલિકા સ્વબુદ્ધિગુણેન ક્રિયતાં સ્વકંઠકંદલેલ્લંકરણાય શ્રેયોસ્તુ કલ્યાણુમસ્તુ શ્રી **જિનદત્ત સૂરિશ્રી જિનકુશલસૂરિ** પ્રસાદાત્ ગ્રંથાગ્ર ૧૪૦૦, (આ

પછી છેવટનાં બે પાનાંમાં સંસ્કૃતમાં પાર્શ્વચંદ્રીય મતના ભાવોને જણાવી તેનો નિરાસ કરવા પ્રયત્ન કર્યો છે.) ૫૦-૧૨ નં. ૫૮૨ વીજાપુર જૈન જ્ઞાનમંદિર.

(૧૫૪૩) **ધનાશાલિભદ્ર ચોપઇ** સં. ૧૬૭૪ માગ. ૧૦ આગરા.

—પત્ર ૪૮ કવિની સંશોધિત પ્રતિ ૫૩-૩૭ મહિમા૦

(૧૫૪૪) **અગડદત્ત રાસ,**

આદિ—

પણમિય પંચમ **સુમતિ** જિન, પંચમગતિ સુખકાર
પંચમ ન્યાન પ્રકાશધર, પંચબાણ જયકાર. ૧
સમરિયશ્રી વાગીસરી, સરસ વચન સુવિબાસ
જસુ પ્રસાદથી સંપજઇ, પૂરિવા મનની આસ. ૨
વિઘન વિદારિવા ધારિવા, શ્રી **જિનદત્ત** સૂરિરાય
મનમહિ મહિમા જેહની, જગમઇ જાગઇ ભાય. ૩
શ્રી **જિનકુસલ** કુસલકરણ, ત્રિકરણ સુધિ અપ્રમત્ત
તેહિજ ભાવ પ્રકાસિસ્યું, પ્રણમી નિરમલ ચિત્ત. ૪
શ્રી **જયસોમ** સુગુરૂ હૃદઇ, ધરિ સુભપરિ પરમોદ
છોરી દોરી પુણ્યની, પ્રગટઇ જસુ સુપ્રસાદિ. ૫
પ્રથમ અંગિ સૂતા કહ્યા, જેઅ મુની મુનિરાય
જાગત જગમઇ જાણિયા, એહિજ પુણ્ય ઉપાય. ૬
તિહાં દ્રવ્યત સુઇવઉ કહ્યઉ, નયન નિમીલઇ નિદ્દિ
મિથ્યાત્વાદિકિ મોહિયા, તે સુણિ ભાવ ન નિદ્દિ. ૭
દુઇ પ્રકારિ અવિવેક જિણિ, સૂતા છઇ તું સાધુ
ગતાનુગતિક હૂઇ કરી, મત સોવઇ ખણુ આધુ. ૮
દ્રવ્યત નિદ્રા છોડિજે, જાગઇ જગિ તે દેખિ
અગડદત્ત નૃપકુમર જ્યું, પામઇ સુખ અશેષ. ૯

—માત્ર એક પત્ર, પછીનાં નથી નાહટા.

(૩૫૦) લુંપકમત-તમો-દિનકર ચો. સં. ૧૬૭૫ શ્રા. વ ૬
કવિવાર સાંગાનેર. (૧-૩૩૧)

આદિ— દૂહા

પણમિય **પદમપ્રભ** ધણી, વાણિ દેવિ મનિ આણિ
સમરી શ્રી **જિનદત્ત** ગુરૂ, વિઘનવિદારક જાણિ. ૧
મહિમા મહિમંડલિ મહીં, નિરમલ ગુણ કરિ જાસુ
પસરી કમલહાં વાસ જિમ, સ્તવિ **જિનકુસલ** ઉલાસુ ૨
શ્રી **જયસોમ** સુગુરૂ તણી, સેવા મેવા જેમ
મીઠા કરિ આગમ ગ્રહી, તત્વ દિખાઉં એમ. ૩
નવિ ઇહાં અમ્હનઈ દ્વેષ છઇ, નવિ રામતિનઉ કામ
આગમ વચન મનાવિવા, હૂઇ મુઝ મનિ હામ. ૪
કરૂણા સહૂઆં ઊપરઈ, કરિવા તિણ એ બંધ
કરિવા માંડયઉ છઇ નવઉ, ગહિ આગમનઉ ખંધ. ૫
મુગધ લોક અજ્ઞાન તમિ, પૂરાણા જિમ અંધ
તત્વ અતત્વ વિચારણા, કેરી ન લહઇ ગંધ. ૬
પૂર્વ પરંપર જેહની, ઊલાલી ધરિ દ્વેષ
જુગતિ જંગ જાગ્યઇ તિકે, સુખિ કિમ સુવઈ નિમેષ. ૭
ઉતપતિ એહની સાંભલઉ, જિણપરિ હુઆ એહ
વેષધરા કિણ સમઈ હુઆ, યથા દૃષ્ટ કહું તેહ. ૮
પચ્છઇ એ મત જોઇજયો, છોડિ કદાગ્રહ ખાર
દીપક સમ આગમ ગ્રહી, જિમ લહઉ સાર અસાર ૯

અંતે—

સોલહસઇ પચહત્તરિ વરસઇ, જિહાં જલધર જલ ભર કરિ વરસઇ
પ્રભવ નામિ સાવણ વદિ છટ્ઠઇ, વિસમ રવિ યોગ ઇવક્રિઠઇ. ૬૫
શ્રી **સાંગાનેરે** કવિવારે, શ્રી **પદ્મપ્રભ** પ્રભુતા ધારે,
જિહાં શ્રાવક જસુ સેવા સારે, પ્રતિદિન જે અતિ સોભ વધારે. ૬૬
શ્રી **જિનકુશલ સૂરિ** ગુરૂ નિરખો, થુભરૂપ જિહાં સુરતરૂ સરિખો,
મનવાંછિત ફલ દેવા જેહ, સુખ અંકુર વધારવા મેહ. ૬૭

ખરિય પ્રસન પણા જિહાં નિતુ રાજે, હરિ પરિ વાદિશૃગાલિ ન ખાજે,
નિર્મલ ગચ્છ જસ ડિંડમ વાજે, તે શ્રી **ખરતરગચ્છ** શિવ કાજે ૬૮
આદરો બીજા મત સવિ છાંડું, જલગ્રહિવા કીમ કાચું ભાંડું
દેખિ યુગતિ જિહાં જાણે ખાંડું, કુમતિ કાતર મુંડિવઉ માંડું. ૬૯
તિણુ ગચ્છ તણો ધણી જિનરાજ, **વીરને** વંસે શ્રી **જિનરાજ**
સૂરીસર આયો સિરતાજ, કુમત કુરંગ ભંગી મૃગરાજ. ૭૦
તેહને રાજે વદન જસુ વારિજ, શ્રી **જિનસાગર** જિહાં આચારજ
યુવરાજે રહ્યો જે છે આરિજ, પ્રતિબોધે વલિ જેહ અનારજ. ૭૧
શ્રી **ખેમસાખે** શ્રી **ખેમરાય**, સુજસ કરિ સુપ્રસિદ્ધ ઉવજઝાય,
તસુ પાટે વાચક પદ ધારી, શ્રી **પ્રમોદમાણિક** સુખકારી. ૭૨
તસુ પટ્ટિ શ્રી **જયસોમ** મહાયતિ, મહ ઉવજ્ઝાય બૃહસ્પતિ સમ મતિ
તસુ શિષ્યે પ્રભાવ પ્રકાશ્યા, રવિકર મતિ તમ દૂરિ પ્રણાસ્યા. ૭૩
શ્રી **ગુણવિનયે** કરિ પ્રયાસ, બુઝે કોઇ કોઇ ધરિ મન આસ,
જિણથી **મતિકિરતિ** સુવિલાસ, વાધે દિન દિન સુખ નિવાસ. ૭૪

—પો. ૧૮ પંચાયતી જૈન શ્વે. ભં૦ જયપુર શહેર.

[આ કવિએ વળી ધર્મસાગર ૩૦ બોલખંડન (ત્રિંશદ્ ઉત્સૂત્ર નિરાકરણ કુમતિમત ખંડન) પત્ર **૧૨** પો. ૬૬ દાન૦, તથા પત્ર ૯ સં. ૧૮૯૦ આ૦ શુ૦ ૧૦ બુધ પો. ૪૬ નં. ૮૧૧ કૃપા૦ રચેલ છે. તે ગદ્ય કે પદ્યમાં છે તે મૂલ જોયાથી જણાય. **જયતિહુઅણ સ્તવન પર બાલાવબોધ** ગદ્યમાં કવિએ રચ્યો છે તેની લાભપુર (લાહોરમાં) સ્વયંલિખિત પત્ર **૧૩**ની પ્રત પો. ૭ રામ. ભં. (અભય ભં.) માં મોજૂદ છે.]

(૧૫૪૫) તપા એકાવન બોલ ચોપઈ સં. ૧૬૭૬ રાડદ્રહપુર

આદિ—

પણમિય અમિય સરિસ વયણિ, અમિય ગુણાવલિ-ગેહ
સાસનનાયક **વીર** જસુ, જાગઇ જગ જસ રેહ. ૧

ખરતર ગચ્છમંડણુ હુઆ, શ્રી **વર્ધમાન** સુરિંદ
સુગુરૂ **જિણેસર સૂરિ** સમ, સૂરીસર **જિણચંદ**. ૨
તસુ પટિ નવ અંગ વિવરણા, જિણિ કરી **થંભણપાસ**
પરગટ કિય મનુ કલ્પતરૂ, પૂરેવી જન આસ. ૩
અભયદેવ સૂરીસરૂ, જિનવલભ જિનદત્ત
તેહના ચરણ નમી કરી, જાણી એહિજ તત્ત. ૪
જિહાં સ્વામી તુમ્હ આણુ પર, કીપી અન્ય સરૂપિ
તે હું તુમ્હ વચને કરી, પરકાસું ઈણ રૂપિ. ૫

અંતે— ઢાલ

નિરમલ મતિના ધરણહાર તે સુધી નિરખઇ
વિક્રમથી રસ મુનિ પજત્તિ શશિ પરિમિત્ત વરખઇ
નયન માહિ ન સમાઈ રેણુ તિમ દોષ જે નિરખઈ
ચિંતામણિ નઈ અન્ય મણિ કિમ થાયઇ સરિખઇ. ૩૭૮
હિમવંત ભૂધર થકીય જિમ હુઅ ગંગપ્રવાહા
તિમ શ્રી **વીર** થકી હુઅઉ એ એ ગછ સુણિ ડાહા
એરંડ સારિખા અવર જુત્તિ સત્તિઇ કરિ સુન્ન
ગય-કંડૂયણુ જે સહઇ એ તે તરૂવર અન્ન. ૩૭૯
તિણિ ગચ્છનઉ થંભ યુગપ્રધાન **જિનરાજ** સૂરીસર
તસુ રાજઇ **જિનસિંહ** સૂરિ પાટઇ સોભાકર
તેહના ચરણકમલ નમઇ એ ભાવઇ ભવિ નાગર
મતિઆગર આચારિજ દીપઇ ગુણસાગર. ૩૮૦
શ્રી **ખેમ** શાખઇ **ખેમરાય** પાઠક મહિમાધર
પ્રતિવાદી વયણે અખોભ, જિમ વાતઇ ભૂધર
તસુ પાટિ વાચક શ્રી **પ્રમોદમાણિક** સંયમવરૂ
તસુ પટિ શ્રી **જયસોમ** મહા ઉવજઝાય કલપતરૂ ૩૮૧
શ્રી **ગુણવિનયઈ** તાસુ સીસિ **રાડિદ્રહ** પુર વરિ
શ્રી જિનદત્ત જિનકુશલ સૂરિ પરભાવઇ સુભ પરિ

જિમ કલહંસથી ખીર નીર વિવરઉ જગિ રાજઇ
તિમ એ કરિય વિચાર ચારૂ ચતુરાં હિત કાજઇ. ૩૮૨

—એક પંચાશદ્ વિચાર સાર ચતુષ્પદિકા વૃતિઃ-તે પરથી તપોટલઘુ વિચાર સાર ગદ્યમાં વિવરણ રૂપે કરેલ છે. સં. ૧૮૩૯ આશ્રાહિણિ માસે શુ. ૯ લિ. પં. રત્નસુંદરેણ પત્ર ૮. જિ. ચા.

(૧૫૪૬) ૨૪ જિનસ્તવન માલપુરમાં.

આંતે— ઢાલ સાત વિસન૦

ચઉવીસમ શ્રી **વીર** જિનેસર, સાસનનાયક વંદઇજી
અચલ તણી પરિ અવિચલ હોઈ, તે વિરતાઇ નંદઇજી ૧
સિદ્ધાયિકા સુરિ તસુ સુપ્રસન આઇ ઘર મહિ પૂરઇજી
સંપદ લીલા દિનિ દિનિ વધતી, પૂરવ પુણ્યનઇ પૂરઇજી. ૨૪

કલશ

ઋષભાદિ દેઇ વિરતાઇ નવનવઇ છંદઇ કરી
ચઉવીસ જિનવર સંથુયા સિરિ **માલપુરિ** શુભરતિ. ૨૫
ઉવઝાય શ્રી **જયસોમ** સુહગુરૂ, સીસ પાઠક **ગુણવિનઇ**
ખરતર મહાસંઘિ ઉદઉ આપઉ સુખ થાપઉ દિનિ દિનઈ.

—ઇતિશ્રી ચતુર્વિંશતિ જિનસ્તવનં, પં. જીવકીર્ત્તિ ગણિ લિ૦ અંત્ય પત્ર નાહટા.

(૧૫૪૬ક) ગુરૂપટ્ટાવલી ગા. ૩૧

પ્રણમું પહિલી શ્રી **વર્દ્ધમાન**, બીજઉ શ્રી **ગૌતમ** શુભવાન
ત્રીજી શ્રી **સુધરમ** ચઉથઉ, **જંબૂ** સ્વામિ વિચાર. ૧
પાતસાહિ **અકબર** પ્રતિબોધીયઉ, અમર પડહ જગિ દિધોજી
પંચનદી જિણિ સાધી સાહસઇ, ચંદ્ર ધવલ જસ લિધોજી. ૨૮
'યુગપ્રધાન' પદ સાહઇ જસુ દીયઉ, શ્રી **જિનચંદ્ર** સુરિંદોજી
ઊવારી **ખંભાયત** માછલી, ચિર જયઉ જો રવિચંદોજી. ૨૯
વીર થકી અનુક્રમિ પટ્ટઇ હૂઆ, જે જે શ્રી ગચ્છધારોજી
નામ ગ્રહી તે પભણ્યા એહના, કુણ પામઇ ગુણ પારોજી. ૩૦

જેસલમેર વિતષણુ **પાસજી**, સુપ્રસાદઇ અભિરામોજી
શ્રી **જયસોમ** સુગુરૂ સીસઇ મુદા, **ગુણવિનય** ગણિ સુભકામોજી. ૩૧

—બે પ્રત એક એક પત્રની નાહટા.

(૧૫૪૬ખ) દુમુહ પ્રત્યેકબુદ્ધ ચોપઈ

(આદિ પત્ર રામલાલ સં. વીકા.)

૭૫૬ સમયસુંદર (૧)–કવિયણ

૧૫૪૭) સ્થૂલિભદ્રરાસ સં. ૧૬૨૨ હેમંત ૫ બુધવાર

આદિ— શ્રી પાર્શ્વનાથ નમઃ ઢાલ ઘોડીનો

સિરિ **સરસતિ** સામિણિ કેરા પ્રણમૂં પાય
વરમતિ બુદ્ધિ આપો મુઝનઇ કહી સુપસાય
વિદ્યાદાયક નિજ ગુરૂ પય પંકજ પ્રણમેવિ
સિરિ **થુલિભદ્ર** રિષિ ગુણ ગાયસુ ભક્તિ ધરેવિ. ૧
જિણિ મુણિવરિ **કોશાસુ** ધુરિ કીધો સુખવાસ
તસુ સાથઇ રમીઉ બાર વરસ ઘર વાસ
જિણિ **કોશા** છાંડી પાલિઉં અખંડિત શીલ
ગુરૂ પદવી ભોગવીનઈ પામ્યાં સ્વર્ગ સુખ લીલ. ૨

અંતે—

તિહાં ગયાં વિછતિઈ ચ્યાર પૂરવ કાલઈ ગુરૂ સ્વર્ગિઇ ગયા,
તસુ પટ્ટિ ગણધર થાપ્યા **થુલિભદ્ર** ગછનાયક ગુરૂ ગ)થ)યા.
ભવિક નરનઇ પ્રતબોધદાયક મિથ્યાત્મ તમહર દિણયરો,
તે **થુલિભદ્ર** સયલ સંઘનઈ **સમયસુંદર** મંગલકરો. ૯૫

૩૩ ઢાલ ઘોડીનો

એણી પરિ શ્રી **થુલિભદ્ર** પાલઇ નિજ ગુરૂ વાટ.
જસુ વંદણિ કાજઇ આવઇ શ્રાવક ધાટ. ૩૯૬

× × × ×

તિહાં પૂરસ્યઇ ઋષિજી આપણા મનચી આસ,
સોમ **થુલિભદ્ર** વડે મુઝ મુગતિ રમણિ ધરવાસ.

એણી પરિ મઇં સ્તવીઉ થુલિભદ્ર સૂરિરાય,
જસુ ગુણ ગાવતાં થાઇ નિર્મલ કાય. ૪૦૩
હવઇ શ્રી ગુરૂ સંઘ આગલિ કવિયણ કરઈ અરદાસ,
તે સુણજ્યો તમ્હે સજ્જન ઉત્તમ મતિ સવિલાસ.
જે આગઇ હૂઆ મોટા કવિજન કોડિ,
અતિ ડાહા પંડિત વીનવઉં બે કર જોડિ. ૪૦૪
એ કવિત રચતાં જે કવ્યઉ અક્ષર કૂડ,
જે હોઇ કાંઇ કુશબ્દ કુયમકઈ અરથઇ કૂઠ.
મુઝ જાણતાં અજાણતા એ માંહિ જે હોઇ ખોડિ.
તે જોઈ શુદ્ધ કરજ્યો ઇમ કહૂં બે કરજોડિ. ૪૦૫
હૂં છઉં જિન બાલક મૂરખ બુદ્ધિવિહીન,
તમ્હે છઉ અતિ ડાહા પંડિત ચતુર પ્રવીણ.
તમ્હે છઉ મતિ ગુરૂઆ વિદુર ચકોર સુજાણ.
એહ કવિત સોધીનઇ કરજ્યો સત્ય પ્રમાણ. ૪૦૬
રાગ ઘણુ બોલ્યા ભણી કો મમ કરજ્યો રીસ,
જે જિહાં બોલ જોઈયઇ, તેહવા તે રચીયા વિસાવીસ.
તેહ ભણી એણઈ રાસઇં ધુરિ મઇ કવીઉ રાગ,
હાવ ભાવ મઈ પોખ્યઉ પછઇ વલી તિસ્યઉ વઇરાગ. ૪૦૭
એહ રાસ અનોપમ સુણતાં સરસ મીઠાસિ,
જે કામી જન ડાહા તે કહસ્યઇ સાબાસિ.
તે ભણી મઈ રચીઉ એ કોવિદ જન પ્રીય રાસ,
એ રાસ ભણતાં સુણતાં હોસ્યઇ હર્ષ ઉલ્લાસ. ૪૦૮
ઇંદુ ૧ રસ ૬ સંખ્યાઈ એહ સંવચ્છર માન,
આદિનાથથી નેમિ જિન તે તમઉ વરસ પ્રધાન.
ઋતુ હેમંત થૂલિભદ્ર દીક્ષા માસ સુચંગ,
પંચમિ બુધવારઇં રચીઉ રાસ સુરંગ. ૪૦૯
એહ શીલ તણુઉ વર સુંદર ધવલ સુચંગ,

જે ભાવઈ ભણુસ્યઇ શ્રાવક શ્રાવિકા ચંગ.
તે લહસ્યઇ ઇહ ભવિ મન વંછિત સુખવાસ,
વલી લહસ્યઈ પરભવિ મુગતિ રમણિ ઘરવાસ. ૪૧૦
જાં થિર પૃથવી તલ મેરૂ ગિરિ જાં આકાશ,
જાં સાગર સુત સસિકર દિનકર તેજ પ્રકાસ.
તાં ચિર જયઉ ચતુરવિધ શ્રી સંઘસું એહ રાસ,
ઇમ જંપઇ **કવિયણ** આણી બુદ્ધિ પ્રકાસ. ૪૧૧
—૧૯–૧૭ નં. ૫૧૩ મ. જૈ. વિ૦

---

૧૯૬ સમયસુંદર (ખ. સકલચંદ શિ.) (૧–૩૩૧)

(૩૫૨) ચોવીશી સં. ૧૬૫૮ (૧–૩૩૧)

—(૧) પ્રતિ ૧૭મી સદીની પત્ર ૩ પો. ૮૭ નં. ૨૩૯૩ જિ. ચા. (૨) પત્ર ૨૯ વિનયચંદ, જિનહર્ષ, દેવચંદ કૃત ચોવીશીઓ સહિત પો. ૬૩ મહિમા. (૩) પત્ર ૮ પો. ૫૨ નં. ૧૦૩૧ કૃપા૦ (૪) પત્ર ૫ પ્રતિ ૧૯મી સદીની પો. ૮૫ નં. ૨૨૬૫ જિ. ચા.

(૩૫૩) શાંબ પ્રદ્યુમ્ન પ્રબંધ સં. ૧૬૫૯ (૧–૩૩૧)

(૧) મહો. **દેવવિજય** ગણિ શિ. ગણિ **ધર્મવિજય** ગણિ લિ૦ **બુરહાનપુર** નગરે પં૦ **શ્રીવિજય** ગણિ શિ૦ **શિવવિજય** ગણિ વાચનાર્થં. ૨૬–૧૩ નં. ૮૩, ડે. (૨) સં. ૧૬૯૮ આસો વદિ ૫ ગુરૌ લ૦ આ૦ **વીરજી**. ૨૧-૧૩ નં. ૮૪ ડે. (૩) સં. ૧૭૯૭ પ્ર૦ શ્રા૦ વદિ ૨ શની **રાજનગરે** **પ્રેમાપુર** મધે લ૦ **સંવેગ** ગચ્છે સુશ્રાવક શ્રી **પત્તનનગર**નાં સા **વર્દ્ધમાન** પુત્ર સા **વાલમજી** તત્ પુત્ર **હીરાચંદ** સા પઠનાર્થં. (૪) ગણી રત્નવિજય શિ૦ મુ૦ **ચંદ્રવિજય** લિ૦ સં. ૧૭૨૮ ૧૮–૧૬ નં. ૮૭ ડે. (૫) સં. ૧૭૦૧ શાકે ૧૫૬૬ આસાઢ શુ. ૧૩ **ખીમેલ** ગ્રામ મધ્યે. ૧૭–૧૩ નં. ૮૯ ડે. (૮) પં. કલ્યાણ-સાગર ગ. શિષ્ય પં. દાનસાગર ગણિ ગણિ **વીરસાગરેણ** લિ૦ **બર્હાણપુરે** સં૦ ૧૭૨૭ ભાદ્રવા સુદિ ૧૩ પત્ર ૨૪ નં. ૪૭૬ પ્ર.

(૩૮૦)+ શત્રુંજય સ્તo આદિનાથ વિનતિ. (૧-૩૯૮).

—(૧) કલકત્તા સં. કૉ. કૅટેલોગ વૉ. ૧૦ નં. ૫૨ (૨) ૨-૧૫ બી. ડી. ૧૫૪ રૉ. એ. નં. ૧૮૬૮.

(૧૫૫૮) વસ્તુપાલ તેજપાલ રાસ. સં. ૧૬૭૭ આસો સુદ ૧૦

આદિ— શ્રી હીરવિજય સૂરીશ્વર ગુરૂભ્યો નમઃ દૂહાની ઢાલ.

પ્રથમ **રીષભ** જિનરાય મુની, પ્રથમ આદિ દાતાર,
જુગલા ધર્મ નીવારણો, **નાભિ** નૃપ કુલ સણગાર. ૧
પુરૂષ ભવ નીજ તન દીયો, પારેવા કાજ અપાર,
સો **શાંતિ** જિણેસર વાંદીઇ, અભયદાન દાતાર. ૨
હરી મૃગ સીષાની પરિ, હીડોલ પોમખંત,
યાદવ કુલ તે દિનમણી, શ્રી **નેમિનાથ** ભગવંત. ૩
કમઠ હઠ મદ ગાલીયો, ઉરગ પનગ કીયો **ધરણુંદ**,
અભયદેવ રોગ ટાલીયો, તે જયો જયો **પાસજિણંદ**. ૪

સૂર જેણિ હાર મનાવીયો, ઉર ઊતાર્યો તસ નીર,
ચલણે મેર કંપાવીયા, તે જયો જયો શ્રી **મહાવીર**. ૫

વસ્તુ.

નમીય સુરપતિ નમીય સુરપતિ પાય પ્રણમેવિ.
કાસમેર મુખમંડણી હંસવાહણુ જસ બાર જોયણું.
બ્રહ્મા સુતાગુણુ આગલી, કર પુસ્તક વીણા તેય વખાણું.
સરસ વચન દીયો **પ્રેમ**નિ, આણી ઊલટિ અંગિ.
વસ્તપાલ તેજપાલ તણો, રાસ રચ્યું મનરંગિ.

અંતે—

ધર્મ કર્મના રાજા, **હીર અકબર** તે દોઇ,
રવિ સસી સમતોલિ, સુંદર તે અતિ સોઇં.
સા **કુંરોઉ** માઉ, તાસ નંદન ગુણુવંત,
નાથી ઉર વેગમ, જાયા પુરૂષ રતન. ૭૬
ધન તે નર નારિ, જેણિ વંદ્યા ગુરૂ **હીર**,
તેણિ કર્મરાસ સવે, કીધા તે સહુ દૂરિ.
ધન તે નરનારી, **હીર** હાથિ સીસ ધરાયો,
તીર્થંકર સમોવડિ, સીવપુરી સાધન પાયો. ૭૭
હીરપાટ પટોધર, **વિજયસેન** સૂરંદ,
જગમોહનમૂરતિ, સોલ કલા મુખચંદ.
લખ્યણુ અંગ પુરો, સૃષ્ટા સહિસ ધાર,
વાદી વસ કીયા, આર(?) તણી ખરિ ધાર. ૭૮
ગુરૂ લાભ ઉદિ ઘણો, તે મુખ કહ્યો ન જાય,
સૂરીપદ ઠવીયો, તવ તણે અધિક મુઉ છાય.
લોકાંના ગછપતી, નમયો **હીર**ને પાય. ૭૯
તીરથ પ્રમ(!)જગિ સમસેણુ તે જાણુ,
તે **વિજયસેનસૂરી**, પૂરવ પુન્ય પ્રમાણુ.

દિલ્લીપતી પ્રણિમિ ચીરંજીઉ ગુરૂ અભિરામ,
સાહા **અકબર** રંગિ, પ્રતિબોધ્યો તે તામ. ૮૦

વિજિસેન સૂરીના, મહિમા સુણો મનરંગ,
તે મિ સાહા **અકબર**, મન ધરી ઉલટ અંગ.
અકબર સાહા આગિ કીયો શ્રી ગુરૂવાદ,
વાદી વસિ કીયા, ટાલ્યા તસ ઉનમાદ. ૮૧

જિપતા કાવરી તવ, વરજ્યો જિજિકાર,
વિજિસેન સૂરીના, ગુણ ગાય નરનારિ. ૮૨

છ દેસ પ્રતિબોધી, જતીનો કીયો બાહાર,
જિન ધર્મ દીપાવ્યો, તાર્યાં બહુ નરનારિ. ૮૩

આચારજ નીકો **તપગચ્છ** તિલક સમાન,
રૂપાઇનંદન દિન દિન ચઢતિ વાન.
વિજયસૂરીસર, વિસોધામાહિ વિખ્યાત,
સવિ સાધ સિરોમણી, મોટો એ જગમાહંત. ૮૪

એહુ પણિ વિરાગી, લાધો સંયમ ભાર,
નિજ જણણી સાથિ, મન ધરી હરખ અપાર.
વિદ્યા દસ ચ્યારિ તે તો નિજ મુખ આવિ,
વિજયસેન સૂરીનિ, વિદ્યા વિજિ મન ભાવિ. ૮૫

સંવત **સહીસોલિ, સતાવનો** તે જાણુ,
વિસાક સુદિ ચોથિ, પદ દીધુ પરમાણુ.
હરખ્યા નરનારિ ઉછવ ઘર ઘરબારિ,
દેવિ દેવ સૂરીનું નામ જપિ નરનારિ. ૮૬

શ્રીમાલ વંસ દીપાવણ સાહા **દીપચંદ**,
તસ નંદનનિ દીધું, **વિમલહર્ષ** મુણુંદ.
સવેવાચકમાત્રિ,..............સીહ
શાસ્ત્રિ **તપગચ્છ**માસ......જસ લીહ. ૮૭

દેહવાન કાંત જાણિ, રૂપિ **ગઉતમ** સામિ,
ગુરૂ નામ જપંતા, સીઝિ સઘલા કામ.
લોંકા બહુ વાલ્યા, સમઝાવી સાસ્ત્ર સાર,
સંખ્યા સવે જાણો, નરનારી સિપાંચ. ૮૮
ગણીવર ગણીરીડા, તેનો સીસ સુજાણ,
પંડિત વર ભૂષણ, **રત્નહર્ષ** ગુણખાણ.
તસ પાય પ્રસાદિ, કીધો એ મિ રાસ,
નરનારી સુણજ્યો, ભાવ ધરી ઉહોલાસ. ૮૯
જિહા મેર મહીધર, જિહાં ગગન સસીભાણ,
જિહા ગ્રહ નખ્યત્ર, તારાગગન મંડાણ.
જિહાં પ્રથવી સાયર, દ્રુ તારો અવિચલ વાસ,
જિમ એ પ્રતિપો તામ, પ્રતિપો એ વર રાસ. ૯૦
એ રાસ ભણિ સુણિ, ભાવ ધરી નરનારિ,
તે નવનધિ પ્રામિ, નિત નિત હોય જિકાર.
રોગ સોગ દાલિંદ્ર દુખ, ન આવિ તેહનિ લગાર,
અનુક્રમિ પ્રામિ નરભવનો પાર. ૯૧
રાસ ગાથા સંખ્યા, પાંચસિઉ ગણીસ ચ્યારિ,
ઢાલ પંચવીસ સરસ અતિ સુણો નરનારિ.
તસ ઘર રીધિ ઓહોલી, કામધેન ઘરબાર,
કુઝિ મનરંગિ, મણ મોતી ભંડાર. ૯૨
સંવત **વિધુ રસ, લેશ્યા વાર**પ્રમાણ,
આસો સુદિ દસમી, સુણજ્યો ચતુર સુજાણ.
એ સંવત સમઝિ નર અથવા વલી નારિ,
તે ચતુર સિરોમણી કહીઇ હરખ અપાર. ૯૩

કલસ.

વસ્તપાલ તેજપાલ સમોવડિ, એણિ જગ નહી કોય એ,
જસ દાન આગલિ દેવ હાર, સુણો ભવી જન સોય એ.

આસરાજ નંદન જગઆણુંદન તાસ કુઅર માય એ,
કહિ પ્રેમવિજય મુનિ પ્રેમઇ આણી ભણત સુણત સુખ થાય એ.

—૩૭–૧૧ વિ. ને. નં. ૨૩૦૩.

---

૭૬૩ સૂરચંદ [ખ. જિનસિંહસૂરિ–ચારિત્રોદય–વીરકલશ શિ.]

(૧૫૫૯–૧) શૃંગારરસમાલા ગા. ૪૧ સં. ૧૬૫૯ વૈ. શુ. ૩ બુધે નાગોરમાં.

નવસર રસસસિ વછરઇ, આખતીજ બુધવાર,
નાગપુરઇ સિંગાર રસ, માલા ગૂંથી સાર. ૩૯
હીરકલસ આગ્રહ કરી, ચતુરાં રંજણ ચાહ,
સૂરચંદ ઇણપરિ કહઇ, આણી અધિક ઉછાહ. ૪૦
ચ્યારિ વર્ણ ઉલી ચિહું, જઇ મંડઇ ધુરિ જાણ,
તે તસ પદ કહતાં તુટત, તે પણિ કવિત.... ૪૧

—પત્ર ૧ યતિ મુકનજી શિ૦ જયકરણ વીકાનેર.

(૧૫૫૯–૨) જિનસિંહ સૂરિ રાસ કડી ૬૫ લ. સં. ૧૬૬૮

શ્રી **શાંતિસર** સેવિયઇ, સોલમ **જિનવર** સાર,
ચક્રીસર પંચમ પ્રગટ, સયલ સંઘ સુખકાર. ૧
વાગ્વાણી વર **સરસતી**, સમરી સદગુરૂ પાય,
શ્રી વડ **ખરતર** ગચ્છ ધણી, યુગવર **જિણચંદ** રાય. ૨
તાસ સીસ સોભાગનિધિ, સુગુણ શિરોમણિ સાર,
શ્રી **જિનસિંહ** સૂરીશ ગુરૂ, સેવક સુખ દાતાર. ૩
તાસ ગુરૂ ગુણ ગાઇસું, કરિસ્યું કવિત કલ્લોલ,
એકમનાં થઇ સાંભલઉ, ભગતઇં ભવિયણ ટોલ. ૪××
તાં લગિ શ્રી **જિનસિંહ** ગુરૂએ, ચિરજીવઉ જયવન્ત,
ચારિત્રઉદય વાચકવરૂએ, તાસ સીસ ગુણવન્ત. ૬૪

વીરકલશ ગણિ સુન્દરૂએ, પદકજ મધુકર તાસ,
સુરચન્દ ગણિ ઇમ ભણઇએ, શ્રી સંઘ પૂરઈ આશ. ૬૫

—સં. ૧૬૬૮ પૂગ્ગલકોટે યુગપ્રધાન ગુરૂ જિનચંદ્રસૂરિ શિ. વાચનાચાર્ય્ય કલ્યાણકમલ ગણિ શિ૦ પં. મહિમસિંધુર ગણિ શિ. વિનયવર્દ્ધન મુનિનાલેખિ. શ્રાવિકા ચાંપાં પઠનાર્થં. પત્ર ૪ નં. ૩૬૦૯ અભય૦ નાહટાજીએ ઉતારેલી નકલ પરથી.

---

૭૬૪ સુમતિકલ્લોલ (ખ. જિનચંદ્ર સૂરિ શિ.)

(૧૫૬૦) શુકરાજ ચોપઈ સં. ૧૬૬૨ (દોય રસ કાય શશિ) ચૈ. ૧૦ પ્રથમાભ્યાસે વીકાનેર.

—પત્ર ૧૪ કવિની સ્વયંલિખિત પો. ૬૯ જય૦

(૧૫૬૧) મૃગાપુત્ર સંધિ ગા. ૧૦૯ સં. ૧૬૬૩ ? (ગુણ રિવતિ) આ. વ. ૧૧ મહિમાનગરે.

(એણે હર્ષનંદન સાથે રહી સ્થાનાંગ સૂત્ર પર સંસ્કૃત વૃત્તિ સં. ૧૭૦૫માં રચી.)

---

૭૬૫ રત્નલાભ [ખ. અમરમાણિક્ય-ક્ષમારંગ શિ.]

(૧૫૬૧ક) ઢંઢણકુમાર ચોપઈ ગા. ૩૫ સં. ૧૬૫૬ શ્રા. ૮ મંગલ. જયતારણમાં.

સંવત **સોલ છપન્ના** સાવણઇ, આઠમિ તિથિ ભગુવાર,
શ્રી **જયતારણ** પુર વર પરગડઉ, **મંડોવર** શૃંગાર. ૩૪
તિહાં શ્રી **વિમલનાથ** સુપસાઉલે, **ખિમારંગ** ગણિ શિષ્ય,
રત્નલાભ ગુણ ગાવતાં, પૂજઇ મનહ જગીસ. ૩૫

—સં. ૧૭૫૧ મિ. વ. ૧૨ વા. રાજકીર્ત્તિ શિ૦ રાજનિધાન લિ. એક ગુટકો જિ. ચા.

(૧૫૬૨) શ્રીપાલ પ્રબંધ ચોપઇ સં. ૧૬૬૨ ભા. વ. ૬

આદિ— ઐં નમઃ સંધિ ઢાલ.

ચઉવીસે જિણવર મનિ ધ્યાઈ, સુયદેવી સમરૂં વરદાઇ,
પભણિસુ મહિમા માનવ પદ સાર, મંત્ર અનોપમ શ્રી નવકાર. ૧××
સિદ્ધિચક્રનઉ એહજ મંત્ર, નવપદ આરાહઉ જે તંત્ર,
મયણાસુંદરિ જિમ **શ્રીપાલ**, આરાધત ફલિઉ તતકાલ. ૪

અંતે—

સંવત **સોલસઇ બાસઠ** વરસઇ, ભાદવ વદિ છઠી દિન હરષઇ. ૧૩
યુગપ્રધાન **જિનચંદ્ર** સૂરિરાજરે, શ્રી **જિનસિંહ** સૂરિ યુવરાજઇ,
વયણાયરિય **અમરમાણિક્ય** ગણિ, **ખિમારંગ** તસુસીસ સિરોમણિ.
રત્નલાભ ગણિ તેહનઇ સીસઇ, એહ પ્રબંધ રચ્યઉ સુજગીસઇ.
ભણતાં ગુણતાં દૂરિત પુલાયઇ, શ્રી સંઘ સહિત સુણાઇ સુખ થાયઇ.

—સં. ૧૬૬૭ આસો શુ. ૧૫ **લાંબા** મધ્યે કેસા લિ૦ પત્ર ૯ પો. ૪ નં. ૨૫૧ અભય.

---

૭૬૬ હર્ષવલ્લભ (ખ. જિનચંદ્ર સૂરિ શિ.)

(૧૫૬૩) મયણરેહા ચોપઈ કડી ૩૭૭ સં. ૧૬૬૨ મહિમાવતીમાં.

આદિ—

જિણવર ચઉવીસે નમું, ધુરિ શ્રી **આદિ** જિણંદ,
શાંતિ કરણ જિન સોલમો, નમીયે **નેમિ** જિણંદ. ૧
પુરસાદાણી પરગડો, **થંભણ ગોડી પાસ**,
ફલવધિ વીર જિણેસરૂ, પૂરે મનચી આસ. ૨
મહિમ નયર મહિમાનિલઉ, **અજિતનાથ** અરિહંત,
ચંદ્રપ્રભ સીતલ નમું, **કુંથુનાથ** ભગવંત. ૩
સુગુરૂ તણા પાય યુગ નમું, શ્રી **જિનદત્ત સૂરીંદ**,
કુશલ સૂરિ સંઘે કરો, કુશલ એમ. આનંદ. ૪
માણિક સૂરિ પાટે પ્રગટ, ઉદયો એ દિનકાર,
યુગવર શ્રી **જિનચંદ સૂરિ**, પ્રણમીજે સુવિચાર. ૫

શારદ સામિણિ આપિ મતિ, **મયણરેહા** ગુણ ગાન,
તુઝ પસાઇ હિવ રચું, સતીય તણા સુવખાણ. ૬
દાન શીલ તપ ભાવના, ધરમેં એતાં સાર,
ગુણ મોટા જગિ સીલને, જિણથી ભવ નિસ્તાર. ૭
સર ઓપઇ પાણી ભર્યો, વાસે ઓપઇ ફૂલ,
નગર ઓપઇ માનવેં, માનવ સીલ અમૂલ. ૮
મન વચને કાયા કરી, કિમહિં ન ખંડચો શીલ,
મયણરેહા સંકટે પડયાં, પાલ્યું સીલ સલીલ. ૯

અંતે—

મયણરેહા સંબંધ વખાણ્યઉ, ગુરૂ મુખિ ઉત્તરાધ્યયનથી આણ્યઉ,
નવમજઝયણ ઉદ્ધાર. ૮૪
નયન રસ રિપુનુ સસિ મિત વરસઇ,
મહિમાવતિ નગરી મન હરસે, **ચંદ્રપ્રભુ** સુપસાઇ,
ખરતર ગછિ ગુરૂ તે જે ઓપઇ, વાદીના મદ હેલે લોપે.
જિનહંસ સૂરિ ગછરાય. ૮૫
તાસુ પાટિ મહિમંડલ જાગે, સૂરિ અવર સવિ સેવા માગે,
જિણમાણિક સૂરીંદ.
જંગમ જુગવર તાસુ સુપાટે, સોહે સદગુરૂ મનિ વર થાટે,
દીપે તેજ દિનંદ. ૮૬
પ્રતિબોધી **અકબર** નરપાયક, સકલ જંતુને અભયાદાયક,
જિનચંદ સૂરિ વિજયરાજે.
જિનસિંઘ સૂરિ આચારિજ જાચો, તેજ તપેં જિમ દિનયર સાચો,
પ્રતિપો અધિક દિવાજે. ૮૭
મયણરેહા નમિ રાજા કેરો, કરીઉ સંખેપિ સંબંધિ ભલેરો,
હિત સુખ આનંદકારી.
યુગપ્રધાન **જિનચંદ** સુરીસ, **હરષવલભ** દાખે તસુ સીસ,
સુણતાં મંગલ ચાર. ૮૮

ભણે ગુણે જે માનવ ભાવશુદ્ધિ, તસુ ઘરિ કમલા વિલસે બહુ વિધિ,
અનુક્રમિ લહે તે સિદ્ધિ.
ચારે ખંડ રચ્યા ચઉસાલ, **હરષવલભ** કહે સુણિત રસાલ.
પામીજે નવનિધિ. ૮૮

—(૧) ૧૮–૧૩ કમલ મુનિ (પુરાતત્ત્વ મંદિર) (૨) પત્ર ૯ નાહટા સંગ્રહ. વીકાનેર (૩) પત્ર ૮ પો. ૧૧ નં. ૧૦૧૩ અભય૦

---

૭૬૭ રત્નવિશાલ (ખ. જિનમાણિક્ય–વિનયસમુદ્ર–ગુણરત્ન શિ.)

(૧૫૬૪) રત્નપાલ ચોપઇ સં. ૧૬૬૨ દીવાલી મહિમાપુર.

આદિ— નમો ભારત્યૈ નમો ગુરૂભ્યઃ

પહિલઉ પણમું પ્રથમ જિણ, **આદીસર** અરિહંત,
નાભિ નરેસર કુલતિલઉ, **વિમલાચલિ** જયવંત. ૧
સંતિકરણ જિણુ સોલમઉ, **સંતીસર** સુખકાર,
મૃગલંછણ મહિમાનિલઉ, કરૂણા રસ ભંડાર. ૨
બ્રહ્મચારિ સિરિ મુકુટમણિ, **જાદવ** વંસ જિણંદ,
નેમીસર રૈવઇગિરઇ, નમતાં નિતુ આણંદ. ૩
સિરિ **ફુલવધિપુર** મંડણઉ, પુરિસાદાણી **પાસ**,
નીલ કમલ દલ સામલઉ, પૂરઉ વંછિત આસ. ૪
સિદ્ધારથ કુલ દિનકરૂ, ચરમ જિણેસર **વીર**,
સાસણનાયક સમરીયઇ, કંચણ કંતિ સરીર. ૫
ગૌતમ ગણધર પવર, પણમું લબધિનિધાન,
કેવલ કર કમલઇ વસઇ, ચરણ કરણ સુપ્રધાન. ૬
ધરમ ચિહું પરિ ઉપદિસઇ, શ્રી જિનવર હિતકાજિ,
તિહાં ધુરિ દાન પ્રસંસીયઉ, જિણ સીઝઇ સિવકાજ. ૭
રતનપાલ કુમરઇ દિયઉ, પૂરવ ભવિ જલ દાન.
તિણિ પુણ્યઇ રસ તુંબડઉ, પામ્યઉ રાજ પ્રધાન. ૮

રતનપાલની ચઉપઉ, કહિસ્યું શ્રુત અનુસારિ,
સાનિધિ કરેયો **સારદા**, લહિયઇ વચન વિચાર. ૯

અંતે— ઢાલ ધન્યાસિરી.

મુનિ ગુણ ગાઇયઇ **રતનપાલ** રિષિરાય,
ગુણ અનંત છઇ સાધુના, કેતા મુખિ કહવાઇ. મુ.
સહસ જીભ જઉ મુખિ હવઇ, તઉ પિણ પૂર્ણ ન થાઇ. મુ. ૪૯૨
સોલહસઇં છાસઠિ સમયઇ, **મહિમાવતિ** પુર માહિ. મુ.
દીપોત્સવિ પૂરણ થયઉ, એહ પ્રબંધ ઉમાહિ. મુ. ૪૯૩
સીતલનાથ પસાઉલઇં, પ્રબંધ રચ્યઉ મનરંગિ. મુ.
ભણતાં ગુણતાં સંપજઇ, નવ નિધિ સુખ અભંગ. મુ. ૪૯૪
ખરતર ગછિ ગુરૂ પરગડઉ, તેજઇ જીપઇ સૂર, મુ
મહિમાવંત મુણીસરૂ, શ્રી **જિનમાણિક** સૂરિ. મુ. ૪૯૫
શિષ્ય વિનય ગુણ શોભતા, **વિનયસમુદ્ર** ગણીસ, મુ.
વાદી ગજમદ ગંજતા, પ્રતપઇ છઇ તસુ સીસ. મુ. ૪૯૬
વાચક વાદિ સિરોમણી, શ્રી **ગુણરતન** મુણિંદ, મુ.
તાસુ સીસ ગણિ ઇમ ભણઇ, **રતનવિલાસ** આણંદિ. મુ. ૪૯૭
શ્રી **ખરતર** ગછ રાજીયઉ, યુગપ્રધાન **જિણચંદ**, મુ.
જસોવાદ ભાગઇ ભર્યઉ, પ્રતપઉ જાં રવિ ચંદ. મુ. ૪૯૮
તાસુ રાજિ મઇં ઇમ ભણ્યઉ, મુનિવર ચરિત પ્રકાસ, મુ.
એહ પ્રબંધ સુણતાં હવઇ, અંગઇ અધિક ઉલ્હાસ. મુ. ૪૯૯

—તત્કાલીન પ્રતિ પત્ર ૧૯ પો. ૧૨ ભુવન૦

---

૭૬૮ જીવરાજ (ખ. જિનચંદ્રસૂરિ—રાજકલશ શિ.)

(૧૫૬૫) સુખમાલા સતી રાસ. સં. ૧૬૬૭ કા. શુ. ૧૫.

આદિ— દૂહા

સરસતિ વર દેયો સુમતિ, કુમતિ નિવારે માય,
સતીય શિરોમણિ ગાયસું, સસક તસ કજ સુભાય. ૧

ચારિત્ર પાલિ નિરમલો, કીધો દેહ વિસાસ,
કર્મ તણેં વસ્ય વલી હુઓ, ફરિ પાછે ઘરવાસ. ૨
ઘરવાસ ભોગક્રમ ભોગવી, સંયમ બાંધવ પાસ,
પુનરપિ લીધો દેહ દમિ, લાધો સુર સુખવાસ. ૩
કવણ સો સુંદરિ કિહાં હવિ, માય તાય કુણ દેસ,
ઉપદેશમાલાથી ઉધર્યો, સંબંધ સુણો સુવિસેસ. ૪

અંતે—

એહ કાયા અવગુણકોથલી, ગાફલ નરનિં જાસ્યઇં છલી,
ભાઇ બહિન જે ત્રિણઇ કહ્યા, થયા ગાફલ તોં કરમેં દહ્યા. ૨૭
પણ તે ધન્ય જે એક ઘડી, તેહની હોડિ મ કરસ્યો ઘડી,
બંધવ પણિ ચિરંજી તાસ, સંયમ પાલી સ્વર્ગનિવાસ. ૨૮
સોલેંસેં ત્રેસઠિમઇં વરષ, કાતી પૂનિમ મનમઇં હર્ષ,
સાધ શિરોમણિ **ખરતર** જતી, શ્રી **જિનચંદ્ર** સૂરી ગચ્છપતી. ૨૯
વાદી ગજનિરધાટણ સિંહ, **રાજકલસ** મુનિ પંડિતસિંહ,
તાસ સિસ પભણેં **જીવરાજ**, ભણતાં ગુણતાં અવિચલ રાજ. ૩૦

—સં૦ ૧૭૯૯ આ. વ. ૮ બુધે. પં. **ભોજ**વિમલ શિષ્ય પં. **મેઘ**વિમલ લ૦ શ્રી. **થંભનપુર**મધ્યે. ૨૦-૧૧ ખેડા ભં. નં. ૩.

---

૨૦૪ વિમલચારિત્ર (૨) [પાર્શ્વચંદ્ર ગ.] (૧-૩૯૮)

(૩૮૨)+ અંજનાસુંદરી રાસ. સં. ૧૬૬૩ નાગોર (૧-૩૯૮)

—(૧) લિ. **સમાનગરે** સં. ૧૬૬૭ વૈ. શુ. ૧૦ ગુરૂ ગણિ **શાંતિકુશલ** લિ૦ વિ. વી. અમદાવાદ. (૨) સં. ૧૬૮૩ ફા. શુ. ૩ ગુરૂ લિ. વિ૦ દા૦ છાણી. (૩) પં૦ **વિનયકુશલ** શિ. ગણિ **કીર્ત્તિકુશલેન** લિ. સં ૧૬૯૧ પો. વ. ૯ ગુરૂ **સિરસડી** મધ્યે **શાંતિપ્રસાદાત** નિ. વિ. ચાણસ્મા. (૪) પ્ર. પૃ. ૧ થી ૪૧ જૈનરાસસંગ્રહ પ્રથમ ભાગ (આત્મચંદ્રસૂરિ ગ્રંથમાલા પુ. ૩૨ થી ૩૯)

(૧૫૬૬) રાયચંદ્રસૂરિ રાસ. (ઐ.)

—પત્ર ૬ પો. ૧૩ નં. ૧૪૦ અભય.

---

૭૬૯ દેવરાજ (વિજયગચ્છે પદ્મસૂરિ શિ.)

(૧૫૬૭) હરિણી સંવાદ. સં. ૧૬૬૩ ચૈ. શુ. ૯ રવિ.

—સં. ૧૭૦૪ જે. શુ. ૩ સોમ કુશલલાભ લિ. પત્ર ૨૦ પો. ૩૪ મહિમા.

(૧૫૬૭ક) સકોસલ ઋષિ ઢાલ કડી ૬૪ લ. સં. ૧૬૮૯ પહેલાં.

આદિ—

સુહગુરૂ વયણે સાંભલીરે, હૂઉ મુઝ આનંદ,
ગુણ સમરઉં હું તેહનાજી, વંછઇ રોહણિ ચંદ. ૧
ગુણે કરી ઉદઉ...........અવિચલ માંન
નારી દૂહવ્યો અતિહિં ઘણુંજી, કોપ્યઉ નહીય સુજાણ ગુણે૦ ૧××
વીરધવલ ઋષિ વાઘણિ બુઝવી, આપ્યા અણુસણ સાર,
અણુસણ પાલી બેહું સુરવર થયા, લહસઇ મોક્ષદ્વાર તે ધન્ય. ૬૩
નર ચારિત્ર ચોખુ આદરી, વર્જઇ ચ્યારિ કષાય
સુરનર સારઈ તેહની સેવના, **દેવરાજ** પ્રણમઇ પાય
તે ધન્ય દહાડા જઇનઇ વંદિસું. ૬૪

—સં. ૧૬૮૯ માં લખેલ એક ચોપડી આકારે પ્રત પત્ર ૨૧ થી ૨૪ નાથાલાલ પાલણપુરવાળા પાસેની.

---

૭૭૦ સમયપ્રમોદ (ખ. જિનચંદ્ર સૂરિ-જ્ઞાનવિલાસ શિ.)

(૧૫૬૮) આરામશોભા ચોપઈ સં. ૧૬૫ (?) વીકાનેર

આદિ— શ્રી ગૌડી પાર્શ્વનાથાય નમઃ

સયલ સુખાકર **પાસ** જિણંદ, પણમીય તાસુ ચરણ અરવિંદ
જસુ સમરણિ ધરિ નવય નિહાણ, મોહતિમિરભર ભાણ સમાણ. ૧

અતુલીબલદાતા અલવેસર, દુખ દોહગ દારિદ ગજકેસર
ગઉડીય મંડણુ સકલ સરૂપ, પ્રણમઇ જાસુ સુરાસુર ભૂપ. ૨
તાસુ પસાઇં કહિસુ મન રંગિઇ, જિણુવરપુજ સુવિધિ સુખસંગઇ
સંભલિ ભવિયણુ તાસુ વિચાર, પુજા રચઇ જિમ વારંવાર. ૩

અંતે— ઢાલ રાગ ધન્યાશ્રી

જિણુ આરામ કીયઉ તઇ તિણિ વેલા નવઉ રે પ્રભુ ભગતઇ એ દેવ,
નિત આરામ વહઇ તુઝ માથઇ અહનિસઇરે, વલિ વલિ સારઇ સેવ,
૨૪૯ જિણુ.
એ ગુરૂ ચઉસઠમઇ પાટઇ **વીર**થીરે, ગચ્છનાયક **જિણુચંદ**
ઇણુ કલિકાલઇ **ગોયમ** સામી સારિખા, દીપઇ તેજ દિણુંદ. ૬૩ જિણુ.
બબરવંશ નભોમણિ શ્રી **શ્રીઅકબરૂ**રે, દીનદુની પતિસાહ
જસુ ગુણુ સંતતિ સંતન મુખ થકીરે, તેડયા આધક ઉછાહ. ૬૪
ગુરૂ મુખ ધર્મ વિચાર સુણી કરીરે, હફતહ રોજ અમારિ
કીની સયલજ સીમઇ જેણુઇ ભાવસું રે, જલચર જીવ ઉવાર. ૬૫
ખરતર ગછ પરંપર મોટા ગુરાં તણીરે, સંભલિ મનહિ ઉલ્લાસ
જુગપ્રધાન પદ ગુરૂનઇ જિણુઇ દીયઉરે, દીધઉ પ્રકટ પ્રકાસ. ૬૬
એક જીભઇ એહવા ગુરૂ તણારે, કિમ ગુણુ કહા અનંત
શ્રી **જિનચંદ** સૂરીસર જુગવરૂ રે, ચિર જીવઉ જયવંત. ૬૭
ખરતર ગચ્છ નરેસર ગુણુનિલ ઉરે, શ્રી **જિનચંદ** સૂરીસ
અંતેવાસી તેહ તણુઇ ગુણુ આગલઉ રે, **જ્ઞાનવિલાસ** સુસીસ. ૬૮
તસુ ચરણાંબુજ અહનિસિ ભમર સમઉ સહીરે, **સમયપ્રમોદ** સુરંગ
આરામસોભા સંબંધ કહઉ મન ભાવ લઇરે ઠાણા ગ્રંથ સુચંગ. ૬૯
સંવત ફુડવી **બાણુ ઋતુ રસ** વછરઇરે, **વીકાનેર** મઝારિ
રાયસિંઘ રાજેસર રાજઇ એ રચ્યઉરે, સાંભલતાં સુખકાર. ૨૭૦

—પત્ર ૯ નં. ૩૩૩૯ અભય૦ (રાયસિંહ સં. ૧૬૨૯ થી ૧૬૬૭ રાજ્ય)

(૧૫૬૮૬)+ જિનચંદ્રસૂરિ નિર્વાણુ રાસ સં. ૧૬૭૦ પછી

આદિ— આસાઉરી દૂહા

ગુણનિધાન ગુણપાય નમી, વાગવાંણિ આધારિ
યુગપ્રધાન નિરવાણુની, મહિમા કહિસિ વિચાર. ૧
યુગપ્રધાન જંગમજતિ, ગિરૂઆગુણે ગંભીર
શ્રી**જિનચંદ** સુરિંદ વર, ધુરિ ધોરી ધર્મવીર. ૨
સંવત **પણરપચાનૂયે, રીહડ** કુલ અવતાર
શ્રીવંત સિરિયાદે ધર્યો, સુત **સુરતાણ** કુમાર. ૩

અંતે—

સુખકારી હો યુગવર નામે જય જયકાર × ×
યુગવરના ગુણ ગાવતાં હો નવનવરંગ વિનોદ
એહની આસા ફલે હો જપે **સમયપ્રમોદ**. ૭૦ સુખકારી

—(૧) ૩-૧૬ પો. ૯ જિનદત્તસૂરિ ભં૦ સુરત. (૨) સં. ૧૮૫૩ લિ. **રાજભદ્ર** સ્વહેતવે શ્રી સુરત મધ્યે ૪-૧૩ પો. ૧૯ વડાચૌટા સુરત. (૩) શ્રી **પીરા**નપત્તન મધ્યે સં. ૧૭૬૩ આસૂ વ. ૧૪ વા. **જયલાભ** ગણિ શિ. **ચતુરા** લિ. ૪-૧૪ નં. ૪૫ પાદરા. (૪-૫) સં. ૧૬૯૬ **સમયસુંદર** મહો. શિ. વા. **મહિમાસમુદ્ર** શિ. પં. **વિદ્યાવિજય** ગણિ શિ. **વીર**પાલેન લિ. પત્ર ૪ પો. ૫ નં. ૩૧૩, અને પત્ર ૩ પો. ૧૫ નં. ૧૬૦૮ અભય. (૬-૭) પ્ર. જૈગયુગ પુ. ૪ અંક ૧ પૃ. ૬૩ થી ૬૬ અને ઐ૦ જૈનકાવ્યસંગ્રહ પૃ. ૭૯ થી ૮૬.

(૧૫૬૯) ચઉપર્વી ચોપઇ સં. ૧૬૭૩ આ. સુ. ૨ ગુરૂ, જૂહાગામે.

—(૧) ગાથા ૫૨૯ ગ્રં. ૭૬૧ સ્વયંલિખિત **સિતપત્ર** પુરે પત્ર ૧૯ પો. ૩૬ મહિમા. (૨) સં. ૧૬૭૭ આ. શુ. ૬ નવા **જસરાસર** મધ્યે **જ્ઞાનવિમલ** લિ. પત્ર ૧૮ પો. ૧૪ નં. ૨૫૭ દાન૦

(તેમણે અભયદેવ સૂરિ કૃત સાહમી કુલક પર ટબ્બો. સં. ૧૬૬૧ શ્રા. વ. ૭ વીરમપુરે રચ્યો છે.)

૨૦૫ મેઘરાજ (પાયચંદ ગ. શ્રવણ શિ.) (૧-૪૦૧)

(૩૮૩)+ નળદમયંતી રાસ

—(૧) સં. ૧૬૭૭ ભા. વ. ૭ શુક્રે લ. ૨૭-૧૫ દા. ૭૦ નં. ૧૦૦ ડે૦ (૨) ગ્રં. ૭૦૦, ૧૮-૨૫ દા. ૪૧ નં. ૨૭ ડે.

(૩૮૪) સોલ સતીઓ-દરેક પર ભાસ-સઝાય. (૧-૪૦૨)

આદિ— સિદ્ધારથ નરપતિ કુલે-એ દેશી.

જિન ગુરૂ **ગૌતમ** પય નમી, કહિસ્યું સતીય ચરિત્ર.
જિનધર્મી **ચંપાપુરે**, **જિનદત્ત** શ્રેષ્ઠ પવિત્ર.

ત્રૂટક

પવિત્ર બેટી રૂપે રંભા **સુભદ્રા** નામે સતી,
બુધ દાસ બોધેં કપટ શ્રાવક હુઇ પરણી ગુણવતી,
પોસહ સામાયિક જૈન ધર્મે દેવ ગુરૂ રાતી રહે,
મહા મિથ્યાતિણિ નણંદ સાસૂ અહનિસઇ મછર વહે. ૧

અંતે—

શ્રી **શીલોપદેશમાલા**દિક ગ્રંથે **સોલસતી** ગુણ કહીએજી,
ભણતાં ગુણતાં જેહને નામે અષ્ટ મહા સિદ્ધિ લહીઇજી.
શ્રી **પાસચંદ** સૂરિ પાટ પટોધર **રાજચંદ્ર** સૂરિરાયાજી.
શ્રવણ ઋષિ શિષ્ય મુનિ **મેઘરાજે** સોલસતી ગુણ ગાયાજી.

—(૧) ગ્રંથાગ્ર ૩૧૪. ૧૩-૧૧ દા. ૪૩ નં. ૯૭ **બડે.** (૨) સં. ૧૬૯૪ કા. સુ. ૧૩ છાયાસુતવાસરે લિ૦ **પાર્શ્વચંદ્ર** સૂરિગછે તત્ પટે શ્રી **સમરચંદ્ર સૂરિ** તત્પટે શ્રી **રાજચંદ્ર સૂરિ** શિષ્ય **દેવચંદ્ર** શિ. ઋષિ **ભવાન** લિ. **અમદાવાદ** મધ્યે ૧૪-૧૫ દા. ૨૦ નં. ૩૫ સીમંધર. (૩) ૨૫-૮પો. ૧૨૬ મો. સુરત (૪) જૈ. શા. ખંભાત.

(૩૮૪-૧) જ્ઞાતા ૧૯ અધ્યયન પર સ. (૧-૪૦૨)

આદિ— પ્રથમ અધ્યયન પરસ. બ્રહ્મદત્ત કંપિલપુર રાજીયોરે એ ઢાલ.

વીર જિણેસર વાંદો વિગતિસ્યુંજી પ્રણમી **ગોયમ** પાય,
થવિસ્યું હર્ષે હું ઋષિ રાજીયોજી **મેઘકુમર** ભલે ભાય. ૧

સહજ સોભાગી સાધુ શિરોમણી.

—(૧) સં. ૧૬૭૩ જ્યે૦ ૧૭-૧૨ દા. ૪૩ નં. ૫૮ **બડે.** (૨)
(૨) અંચલગછે સાધ્વી **વાલહાજી** શિષ્યણી **લાલાજી** શિષ્યણી **સાધ્વી સુમતલક્ષ્મી** શિષ્યણી **સહમલક્ષ્મી** લિ૦ ૧૭-૩ થી ૧૩ સં. કૉ. કૅટે. વૉ. ૧૦ નં. ૬૩(૧)

(કર્ત્તાએ વિશેષમાં ઔપપાતિક તથા ઉત્તરાધ્યયન, અને સમવાયાંગ સૂત્ર પર બાલા૦ (ર્લી) અને સં. ૧૬૬૯ સાધુ સામાચારી રાજચંદ્ર સૂરિ રાજ્યે (વૃદ્ધિચંદ્રજી ભં. ભાવ. નં. ૨૬ વે.) રચેલ છે.)

૭૭૦ક દર્શનવિજય (ત. હીરવિજયસૂરિ-મુનિવિજય શિ.

(૧૫૬૯ક) નેમિજિન સ્ત. જુદા જુદા રાગમાં કડી ૫૯ સં. ૧૬૬૪ સુરતમાં.

રાગ સામેરી ઢાલ

સરલ મનોરથ પૂરવઇ, પ્રણમી ગુરૂ થુણુસ્યુ હવઇ,
નવ નવઇ રાગિ **નેમિ** જિણેસર એ. ૧

કલશ

તપગછ રાજા **હીરવિજય** સૂરિ, તાસ સીસ મુનિવરો,
મુનિવિજય વાચક સીસ **દર્શનવિજય** કહઇ શ્રી જિનવરો.
મિ સ્તવ્યો ભાવિં **વેદ રસ રસ ચંદ્ર** મિત સંવચ્છરો,
સહઇ માસિ દ્વિતીયા રાજ યોગે **સૂર્યપુર** બંદિર વરો. ૫૯

—(૧) પં. કનકવિજય શિ૦ ગણિ **હર્ષ**વિજય પઠનાર્થં. શ્રી નવાનગર વાસ્ત. **ઋષભદાસ** ૩-૧૬ દા. ૮૩ નં. ૧૦૭ હા. (૨) સં. ૧૭૩૦ માહ શુ. ૧૩ રવૌ પુષ્યે **રાજનગરે** લષિતં ઉત્તમચંદ્રેણ. ૩-૧૪ દા. ૮૩ નં. ૧૪૩ હા.

૭૭૦ખ કનકપ્રભ (ખ. કનકસોમ શિ.

(૧૫૬૯ખ) દશવિધ યતિધર્મ ગીત સં. ૧૬૬૪.

પદપંકજ સેવઇ અહનિસઇ, ઇંદ્રાદિક નરદેવ.
મોહ તિમિર હર દિવસકર, સારઇ ત્રિભુવન સેવ. ૧
જગ ગુરૂ વચનઇ શિવ સુહકરણઇ, ભવ ભવિ થાજ્યો દશ ધર્મ શરણઇ.
સોલહ સઈ ચઉસઠ વરસઇ, માસ અસાઢહ સુદિ શુભ દિવસઇ. ૮૬
વાદી ગજકેસરીય સમાન, જગ જસ મહકઇ જાસ પ્રધાન,
કનકસોમ વાચક વર સીસઇ, **કનકપ્રભ** કહિ ચિત્ત જગીસઇ. ૮૭

—પત્ર ૪ જિ. ચા.

૭૭૦ગ દાનવિનય (ખ. ધર્મસુંદર શિ.)

(૧૫૬૯ગ) નંદિષેણ ચોપઈ ગા. ૮૬ સં. ૧૬૬૫ નાગોર.

અંતે—

સંવત **સોલ પઇંસઠા** વરસઇ, નગર **નાગોર** કીયઉ મન હરસઇ,
શ્રી **ધર્મસુંદર** વાચક સીસ, **દાનવિજય** પભણઇ સુજગીસ. ૮૫
શ્રી **જિનચંદ સૂરીસર** રાજઇ, એહ સંબંધ ભણ્યઉ હિત કાજઇ.
શ્રી **જિનકુસલ સૂરિ** સુપસાયઇ, ભણતાં ગુણતાં નવનિધ થાયઇ. ૮૬

—નં. ૧૧ ચતુ૦

---

૭૭૧ દયાશીલ (આં. વિજયશીલ શિ.)

(૧૫૬૯ઘ) સીલ બત્તીસી. સં. ૧૬૬૪ નવાનગરમાં.

આદિ— ઐં નમઃ કુંડલીયા ૩૨.

સુંદર સુભમતિ દાયિની, **બ્રહ્માણી** વર રૂપ,
કરજોડી ગુણ સંથવઇ, સુર કિનર નર ભૂપ.
સુર કિંનર નર ભૂપ રૂપ ગુણ પાર ન પામઇ,
આપઇ અવિચલ બુદ્ધિ સિદ્ધિ સાધક વર કામઇ.
કવિજન કથા કલોલ લાભ લખમી લહઇ બંધુર,
દયાશીલ કહઇ કર જોડિ આપિ મતિ માતા સુંદર. ૧

સીલ બત્તીસી વરણવું સુ, માત કરેસુ પ્રમાણ,
વેધક જન મુખિ ઉચ્ચરઇ સુ, સુરતા કરઇ વખાણ,
સુરતા કરઇ વખાણ ભાંણ જિમ તેજ વિરાજઇ.
સીલવંત નર જિ કે તાસ ત્રિભોવનિ જશ છાજઇ,
સુરનર કરઇ પ્રસંસ વંસ થિર થાવન લીલ,
દયાશીલ કહઇ પરનારિ નેહ તજિ પાલુ સીલ. ૨

અંતે—

સંવત **સાર સિંગાર કાય** વલી **વેદ** સંવચ્છર,
નૂતનપુર વર માહિ **સાંતિ** સાનિધિ લહી વરતર,
સીલબત્તીસી રંગિ અંગિ ઉલટ ધરી ગાઇ,
ધર્મવંત નરનારિ તાસ મનિ ખરી સુહાઇ.
જિન ધર્મ્મ સાર સંસારમાં જાણી જુગતઇ પાલીયઇ,
દયાશીલ કહઇ કર જોડિ એ શ્રી જિન વચન સંભાલીઇ. ૩૨

—સં. ૧૬૬૯ વૈ૦ વ૦ ૪ બુધે ગ્રંથાગ્ર ૯૮, ૪–૧૨ દા. ૭૨ નં. ૭૫ સંઘનો ભંડાર પાટણ.

(૧૫૭૦) ઈલાચી કેવલી રાસ. સં. ૧૬૬૬ કા. વ. ૫ સોમ, ભુજ.

આદિ—

પણમવિ સિરિ **જિણવર** વંછિત સુરનર સામી
વર્દ્ધમાન વિબુધપતિ પાય નમઇ સિર નામી
સહિગુરૂ પાય વંદિ મનિ આણંદી સાર
સરસતિ મતિદાઇ હીયડઇ દયાઇ અવાર

ત્રૂટક

તુ રે **સરસતિ** મતિદાઇ હીયડઇ ધ્યાઇ, કરસિઉં કવિત રસાલ
જે ભાવિઇ ભણતાં કાંને સુણતાં, લહીઇ મંગલમાલ
બહુ ગુણ મણિ આગર મહિમા સાગર કુમર **ઈલાચી** જાંણ
ભાવન ભાવંતાં નાટક કરતાં પામિઉ કેવલનાણ. ૧

અંતે—

એહ સંબંધ સુણી મુનિ પાસઈ પામઇ બહુ પ્રતિબોધ
સંયમ કેવિ લીઇ વઇરાગિઈ, મૂંકી મોહ નઈ ક્રોધરે ૧
મુનિરાજ તણા ગુણ ગાવઉ. આંચલી × ×

અંચલ ગચ્છિ શ્રી **ધર્મમૂર્તિ** સૂરિ, સૂરિસિરોમણિ દીપઇ
તસ પાટિ શ્રી **કલ્યાણસાગરસૂરિ**, મયણ મહાભડ જીપઇરે ૬મુ.
સંવત **ષટ રસ બાણ(?કાય)નિશાકર**, કાતિગ વદિ સોમવારિ
પાંચમિ જોડિ કરી એ રૂડી, શ્રી **ભુજ** નગર મઝારિરે. ૭મુ.
વાચકવંશ સુહાકર મુનિવર, શ્રી **વિજયશીલ** મુણિંદ.
તાસ સીસ **દયાશીલ** પયંપઇ, વંદુ ઇલા મુનિચંદરે. ૮મુ.
ઇલાચી મુનિના ગુણ ગાતાં, પાતિક દૂરિ પલાઇ
શ્રી **ચિંતામણિ પાસ** પ્રસાદિઈ, ઋદ્ધિ વૃદ્ધિ થિર થાઇરે. ૯મુ.

—(૧) લિ૦ નવાનગર મધ્યે પં. વિજયસાગરગણિ. ૭–૧૫ નં. ૪૩૪ મ. જૈ. વિ. (૨) પત્ર ૮ દા. ૨૩ લીં. (તે ભંડારની ટીપમાં સં. ૧૫૬૬ ને છાપેલી ટીપમાં સં. ૧૫૬૮ રચ્યા સાલ છે તે બદલે સં. ૧૬૬૬ ખરી રીતે જોઇએ). (૩) સં. ૧૬૯૭ જે. શુ. ૧૧ ગુરૂ રાજનગરે ઋ૦ માણિક્યસાગર શિ૦ ન્યાંનસાગરેન લ૦ સ્વવાચનાર્થં ૫–૧૮ ડા૦ પાલણપુર (આમાં 'ષટરસકાય નિશાકર' એ સંવત ૨૫૯ આપેલ છે.)

(૧૫૭૧) ચંદ્રસેન ચંદ્રદ્યોત નાટકીયા પ્રબંધ. સં. ૧૬૬૭ ભીનમાલમાં.

અંતે— રાગ ધન્યાસી મેરી સજની ગિરિ. એ ઢાલ.

મેરી સજ્જની મુનિ ગુણ ગાઉ રી,
ચંદ્રદ્યોત ચંદ્ર મુણિંદ મેરી, નામઇ હુઇ આણંદ.
વિષમ કિલ્વિષ વિષ વિનાસન, નામ મંત્ર પ્રધાન,
સંસાર જલનિધિ જલહ તારણ, મુનિવર નાવ સમાન. મે. ૨
વિધિ પક્ષ શ્રી **ધર્મમૂરતિ** સૂરિ, સૂરિ શિર કલ્યાંણ,

સુણિવિ તાસ વખાણ ભવીયા, સિરિ ધરૂ જિણવર આણ. મે. ૩
વાચક શ્રી **વિજયશીલ** સહિગુરૂ, લહી તાસ પસાઇ,
કરીય આજ મઇ જીભ પાવન, મુનિવરના ગુણ ગાઇ. મો. ૪
સંવત **મુનિ રસ સોલ સોહઇ, ભીનમાલ** નગર મઝારિ,
ચંદ્રઘોત ચંદ્ર નરિંદ્ર ચરિતં, રચિતં **સાંતિ** આધારિ. મે. ૫
જિન ધમ્મં શમ્મં નિદાન જાણી, કરૂ પ્રાણી અભ્યાસ,
દયાશીલ વાચક ઇમ બોલઇ, જિમ લહુ અવિચલ વાસ; મે. ૬

—(૧) ગ્રં. ૧૫૦. ૫-૧૩ દા. ૭૨ નં. ૭૯ સંઘ ભંડાર પાટણ. (૨) આં. **ધર્મ**મૂર્ત્તિ સૂરિ રાજ્યે પાટડી ભં. (નં. ૭ વે.)

૨૦૬-૨૦૭ દામોદર-દયાસાગર (૧-૪૦૩, ૧-૪૦૪)

(૩૮૫) સુરપતિ કુમાર ચો. (દાન વિષયે) સં. ૧૬૬૫ બીજા ભા. શુ. ૬ સોમ પદ્માવતીપુર (પુષ્કર પાસે)માં.

—(૧) **વી**રજી પઠણ કૃતે લિ૦ **ઊ**નડી ગ્રામે સં. ૧૬૯૫ આષાઢાદૌ ૯૬ વરષે લિખિતમ્ ક્ષિપ્રમ્ ॥ ગણેશરામજી તત્ શિષ્ય **વી**રજી લિખિતં ચા ૧૧-૧૪ નં. ૪૧૦ મ. જૈ. વિ. (૨) ઇતિશ્રી વાચક **દયાસાગર** વિરચિતે દાનધર્મ વિષયે સુરપતિ રાજર્ષિ ચઉપદિ સંપૂર્ણ. લિખિતં પં. **ન્યાન**રૂચિ ગણિના **ઘો**ઘા બિંદરેં પારખ **મો**તીચંદ જેકરણ વાચનાર્થે ૨૦-૧૪ યતિ ને. (૩) મુનિ **ચ**તુરસાગરગણિ શિ. મુનિ **ક્ષી**રસાગરેણ લિ૦ **મા**તર ગ્રામ મધ્યે પં. **હ**રિચંદજી પઠનાર્થં ૨૦-૧૫ નં. ૪ લા૦ (૪) સં. ૧૬૭૦ અ. શુ. ૧ બુધે **ર**ત્નચંદ્ર ઋષિ **ચી**તરાજ લિ. પત્ર ૧૬ પો. ૬૯ જય.

સરખાવો બીજી પ્રતની પ્રશસ્તિનું પાઠાંતરઃ-

શ્રી **અંચલ**ગચ્છે રયણ નિહાણ. પ્રગટિઉ પાપ તિમિરહર ભાણ.
શ્રી **ધર્મમૂરતિ** સૂરિંદ સુજાણ, મરદઇ પરવાદીના માણ.
શ્રી આચારિજ પુણ્યવિશાલ, તવન જેમ દીપઇ જસુ ભાલ,

શ્રી **કલ્યાણસાગર** સૂરીંદ, જેહનઇં નામઇ સદા આણંદ.
તાસ પક્ષિ ગુણગણભંડાર, પંડિત **ભીમરતન** અણગાર.
તાસ સીસ વર ગુણમણિ ગેહ, **ઉદયસાગર** ગુરૂ ચતુર
તાસ સીસ વાચકપદ ધરઇ, **દયાસાગર** ગણિ એમ ઉચ્ચરઈ.
સૂરપતિ કુમરતણી ચઉપાઈ, પદમાવતી પુરમાંહિ થઇ.

દૂહા

શિવસાસન તીરથ વડું, **પુષ્કર**નામિ પ્રસિદ્ધ
તસુ પાસઇ **પદમાવતી**, ધણિ કણિ રિધ સમૃદ્ધ.

—ગ્રં. સંખ્યા ૫૨૧ શ્રી સૂરત બિંદરે **સં**ભવનાથ પ્રસાદાત્ પં૦ **ભ**ક્તિલાભ ગણિ શિ૦ મુ૦ **ભ**વાનસૂંદર તત્ **ભ્રા**તર સુમતસુંદર મુની રૂપવર્ધનજી જયલાભજી પુન્યવર્દ્ધનજી ॥ ચિરં જાદવજી લ૦॥ ચરં પ્રાગજી પઠનાર્થં॥ સં૦ ૧૮૧૪ માગસર વદ ૧૪ રવિ। શ્રી **અં**ચલગચ્છે પુજ્ય ભ. ઉદયસાગર સૂરિ રાજ્યે એક નાની ચોપડી ૩૦ પાનાંની જશ૦

(૩૮૬-૩૮૭) મદનકુમાર રાસ સં. ૧૬૬૯ આસો શુદ ૧૦ ગુરૂ જાલોરમાં (૧-૪૦૪)

આદિ—

આદિ જિણેસર અતુલબલ, **શાંતિનાથ** સુખકાર
નેમિ પાસ પ્રણમું સદા, **વીર** વિનેય ભંડાર. ૧
જિનવદનાંબુજવાસિની, ગૌરવ વરણ ગુણગેહ
તે **સરસતિ** સમરૂં સદા, વચન રૂપ જસુ દેહ. ૨
મુઝ તનુ ઘર માહે કીયઉ, ગ્યાન દીપ જિણિ સાર
તે સદ્દગુરૂનઇ હું સદા, જુગતઇ કરૂં જુહાર. ૩
સુકવિ તણી અનુમતિ લહી, શીલ તણઇ અધિકારિ,
મદન નરિંદતણું ચરિત, હું વિરચિસું મતિસારિ ૪
ભવસાયર માહે ઠવી, જિણવરિ ગિરૂઇ નામ,
ચ્યાર ચતુરગતિ તારિવા, દાન શીલ તપ ભાવ. ૫

અંતે—

મદન મહીપતિ ચરિત વિચારિ, બોલ્યઉ શીલ તણુઇ અધિકારિ,
જે નર શીલ સદા મનિ ધરઇ, શિવરમણી તે નિશ્ચઇ વરઈ. ૫૯
શ્રી **અંચલ**ગચ્છ ઉદધિ સમાણુ, સંઘરયણ કેરઉ અહિઠાણુ,
ઉદયઉ તાસ વધારણુ ચંદ, શ્રી **ધર્મમૂર્ત્તિ** સૂરીશ મુણિંદ ૫૬૦
આચારિજ શ્રીગુરૂ **કલ્યાણ સાગર** સાગર સમગુણનાંણ
તાસ પક્ષિ મહિમા ભંડાર, પંડિત **ભીમરતન** અણગાર. ૬૧
તાસ વિનેય વિનયગુણ ગેહ, **ઉદયસમુદ્ર** સુગુરૂ સસનેહ
તાસ સીસ આણંદિઇ ઘણુઈ, **દયાસાગર વાચક** (**પા. મુનિ દામોદર**) ઇમ ભણુઇ ૬૨
ગુરૂ ભાઇ લહુડઉ **રિષિદેવ**, વિનયવંત સારઇ નિત સેવ
આદરિ તેહ તણુઇ એ થઇ, **મદનરાજ** ઋષિની ચઉપઇ. ૬૩

દૂહા

મદનશતકના દૂહડા, એકોત્તર સય સાર
તે પણિ મઇ પહિલાં કીયા, જાણુઇ ચતુર વિચાર ૬૪
કથા સરસ જાંણી સયલ, શીલ તણુઇ અધિકારે
મદન નરિંદતણું ચરિત, મઈ વિરચ્યું વિસ્તારિ. ૬૫
સોલહ સય ઉગણોત્તરઈ, પુર **જાલોર** મઝારિ
આસૂ સુદિ દશમઇ કીયઉ, કથાબંધ ગુરૂવારિ. ૬૬
રિષિ **સુરપતિ**ની ચઉપઇ, દાનકથા ગુણગેહ,
શીઠ શતક સાધક સરસ, પ્રથમ રચી મઈં તેહ, ૬૭
મદન નરિંદતણી પરઇ, જે નર પાલઇ શીલ,
ઇણિ ભવિ સુખ સંપદ લહઇ, પરભવિ સુરશિવ લીલ. ૫૬૮

—(૧) પં. **દાનવિજય** ગણિ શિ૦ મુનિ **હર્ષવિજય** લિખિતં. ૨૨—૧૫ દા. ૭૦ નં. ૯૦ ડે. (૨) સં. ૧૭૨૨ કા. શુ. ૪ રવિવાસરે મૂલાકર્ક સિદ્ધિ યોગે પુજ્યશ્રી **અમરસાગર** સૂરીશ્વરૈઃ લિખાપિતં. શ્રી **માર્ત્તંડ**પુરવાસ્તવ્ય......૪૨—૧૧ દા. ૪૩ નં. ૪૧ તથા ૨૩—૧૩ દા. ૪૩

નં. ૪૨ બડે. (૪) ૨૦-૧૫ દા. ૨૫ નં. ૩ (૫) શ્લોક સંખ્યા ૮૧૫ પ્ર કા. વડો. નં. ૧૨૭ (૬) લિ૦ મુનિ પુણ્યસાગરેઃ ॥ શ્રી દેવકાપત્તને। સં. ૧૭૦૦ ફા. વદિ ૩ ગુરૂવાસરે (સુંદર પ્રત) ૧૭-૧૫ નં. ૪૫૩ મ. જૈ. વિ. (૭) ગણિ હીરસાગર શિ૦ મુનિ ઉદયસાગર લિ. નવાનગર મધ્યે સં. ૧૭૯૦ વૈ. વ. ૮ રવિ, ૨૦-૧૫ વિમલ. (૮) સં. ૧૭૦૧ જ્યે. વ. ૯ કલ્પવલ્લી મધ્યે ૨૩-૧૫ વિ. ને. (૯) ૧૦-૨૪ નં. ૪૫૯૩ વિ. ને.

---

૭૭૨ વિમલકીર્તિ (ખ૦ સાધુકીર્ત્તિ નં. ૧૪૭-વિમલ-તિલક ને સાધુસુંદર શિ૦

(૧૫૭૨) **યશોધર ચરિત્ર ચોપઇ** (અભયદાન વિષયે) સં. ૧૬૬૫ આસો શુ. ૧૦ અમરસર.

આદિ— દૂહા રાગ આસાઉરી

પણમિઅ **પાસ** જિણેસરૂ, તિકરણ શુદ્ધ તિકાલ
જાસુ પસાયઇ સંપજઇ, શિવસુખ લીલ વિલાસ. ૧
સમરૂ શુભમતિ **શારદા**, પ્રણમું નિજ ગુરૂ પાય
રાય **યશોધર**નઉ ચરી, કહિસં તાસુ પસાય. ૨
જીવદયા વિણુ તપ કીયઉ, ફલદાઇ નવિ થાઇ
અજ્ઞાની તપ જપ કરઇ, તઉ પિણિ સિદ્ધિ ન જાઇ. ૩

અંતે— ઢાલ ૨૧ ભમરાની શ્રી રાગે

જીવદયા પાલઇ સહૂ, પ્રતિ બૂઝઉરે
જિમ નિશ્ચલ સુખ થાઇ, જીઉ પ્રતિબૂઝઉરે × ×
ખરતરગચ્છ મહિમાનિલો, નવખંડ જેહનું નામ
શ્રી **જિનચંદ** સૂરીસરૂ, ગુણગણુ કરિ અભિરામ. ૧૪
જસુ મુખિ જીવદયા સુણી, **અકબર** સાહ સુજાણ,
ઠામિ ઠામિ લિખિ મૂકીયા, જીવદયા ફુરમાણુ. ૧૫

અકબર જસુ ગુણ રંજીયો, પદ દે 'યુગપરધાન,'
દારે અમૃત વાણીયે, પુણ્યવંત જનના કાન. ૧૬
તસુ પાસે જગિ પરગડા, મતિ **સરસતિ** અવતાર,
શ્રી **જિનસિંહ** સૂરીસરૂ, સેવકને સુખકાર. ૧૭
ખરતર ગચ્છિ ઉન્નતિકરૂ, સાયર જિમ ગંભીર
વાદીમદગજકેસરી, મેરૂતણી પરિ ધીર. ૧૮
જિનભદ્ર સૂરિ પરંપરા, **અમરમાણિક્ય** ગુરૂ સીસ,
સાધુકીરતિ પાઠકવરૂ, સબ પંડિતકે ઇસ. ૧૯
સાહ **અકબર** આગલે, **ઉગ્રસેનપુર** પ્રધાન
વિધિ પોસો જિણિ થાપીયો, ગાલ્યો કુમતિ માન. ૨૦
પ્રથમ સીસ તેહના ભલા, યસ સોભાગ્ય નિધાન,
બુદ્ધઇ સુરગુરૂ સારિખા, **વિમલતિલક** અભિધાન ૨૧
દૂજા શિષ્ય ગુણે ભર્યા, પંડિત પ્રણમે પાય
સાધુસુંદર વાચકવરૂ, દેખતાં પાપ પુલાય. ૨૨
શાસ્ત્ર અનેક જીણે કર્યા, નિજ મતિ કરીય ઉદાર
જસુ દરિસણ દેખ્યા થકા, આણંદ થાઇ અપાર. ૨૩
આદેસે શ્રી ગુરૂ તણે, **સરસતિ** માત પસાય
વિમલકીરતિ મુનિવર ભણે, એહ ચરિત સુખદાય. ૨૪
સંવત **સોલહ પઈસઠઇ**, નીકો આસૂ માસ,
વિજયદશમી દિન પુરીયો, નવરસ વચન વિલાસ. ૨૫
અધિક ઓછો જે ભણ્યો, કરતાં એ અભ્યાસ,
અરિહંત સાખે મુજ હવો, મિચ્છાદુક્કડ તાસ. ૨૬
નવરસ વચને ગુંથીયો, અરૂ એ સરસ સંબંધ,
કહિ કિસ મતિ માનેઇ નહિ, સોને અને સુગંધ. ૨૭
ગોતમ સામિએ પુછીયો, શ્રી **મહાવીર** જિણંદ,
હિંસા અધિકારે કહ્યો, એ ચરિત સુખકંદ, ૨૮
તાસુ ચરિત્ર* વિચારીને, એ સંખેપે કીન,

ઢાલ છકવીસે ગૂંથીયો, રીઝે સુણીય પ્રવીણ. ૨૯
અમરસર પુરવર ભલું, જિહિં **શીતલ જિણુનાહ,**
શ્રાવક લોક સુખી તિહાં, લીયે લખમી લીલાહ. ૩૦
મુનિવરના ગુણ ગાઇને, નિજ ભવ સફલ કીધ,
જિણે ચરિત એ સંભલ્યો, અમૃત શ્રવણે પીધ. ૩૧
ભણે ગુણે જે સંભલે, મનિ આણી ઉચ્છરંગ
કુશલમંગલ સુખ સંપદા, તસુ ઘરિ નવનવરંગ. ૩૨

—રાજધાની નગરે આશ્વિનાદ્ય ચતુર્દશ્યાં ગુરૂવાસરે સં. ૧૬૭૧ સાધ્વી માનસિદ્ધિ ગણીન્યાઃ શિષ્યણી પદમસિદ્ધિ ગણિની શિષ્યણી પ્રેમસિદ્ધિ ગણિની વાચન કૃતે પત્ર ૨૬–૧૩ અનંતનાથજી ભં. નં. ૨

પ્રતિક્રમણ વિધિ સ્ત. સં. ૧૬૯૦ દીવાળી મુલતાન.

—(૧) પત્ર ૨ પો. ૫ નં. ૩૦૨ અભય. (૨) પત્ર ૩ લિ. પં. અભયકુશલેન નં. ૩૯૫ અભય.)

(તેમણે ષષ્ઠિશતક પર બાલા. રચેલ છે–સં. ૧૭૯૯ આ. શુ. ૬ લિ. સુખહેમગણિના પં. સુખવિલાસ વાચનાર્થં પત્ર ૧૩ નં. ૨૩૫૪ અભય.)

---

૭૭૩ **મહિમસુંદર** (ખ. સાધુકીર્ત્તિ નં. ૧૪૭ શિ.)

(૧૫૭૩) નેમિ વિવાહલો સં. ૧૬૬૫ ભા. શુ. ૯ (વીકાનેર ભં.)

(૧૫૭૪) શત્રુંજય તીર્થોદ્ધાર સં. ૧૬૬૯ જે. શુ. ૯.

વિમલ **વિમલગિરિ** મંડણઉ, **રિસહેસર** જિનરાજ,
પ્રણમૂં તેહના પાય હૂં, જિમ સીઝઇ સવિ કાજ. ૧
સંવત **સોલ ગુણહત્તરા,** સુદિ જેઠ નવમી શુભ વાસરઇ,
સિરિ નિલય દિનિ દિનિ વિજય રાજઇ, **જેસલમેરૂ** શોભા વરઇ.
શ્રી ગચ્છ **ખરતર** રાજ યુગવર, **જિનચંદ** સૂરીસ એ,
જિનસિંહ સૂરિ રાજિ મઈ થુણ્યઉ, **આદિનાથ** અધીસ એ. ૧૧૪

જિનભદ્ર સૂરિ ગુરૂ શાખિ પાઠક સાધુકીરતિ વા. ઈંદએ,
સુપ્રસાદિ સુગણી મહિમસુંદર, વદઇ ઇમ સુખકંદ એ. ૧૧૫
ઇમ સકલ તીરથરાજ શેત્રુંજ, રાજ આદિ જિણંદ એ,
તસુ ગુણ થુણઇ જે ભણઇ ભવિ ભવિ, લહઇ સુખ આણંદ એ. ૧૧૬
—તત્કાલીન પ્રત લિ. જ્ઞાનમેરૂ મુનિભિઃ પત્ર ૪ નં. ૮૨ મહિમ.

---

૨૦૮ પુણ્યકીર્ત્તિ (ખ. હર્ષપ્રમોદ શિષ્ય) (૧–૪૦૫).

(૩૮૮) પુણ્યસાર રાસ (અષ્ટ પ્રવચન માતા વિષયે) સં. ૧૬૬૬ (૧–૪૦૫).

—(૧) પં. જયલાભેન લિ. કાલૂ મધ્યે સં. ૧૭૨૭ વૈશાખ માસે ૫–૧૮ નં. ૪૩ પાદરા (૨) સં. ૧૮૨૧ કા. શુ. ૧૪ બુધે લિ. પં. પ્રીતકુશલેન આત્માર્થે ૧૦–૧૬ દા ૧૬ ઘોઘા. (૩) પત્ર ૧૬ પો. ૪૨ નં. ૭૩૪ કૃપા. (૪) સંવત વેદ સસિ સાગર ઈંદ્ર (૧૭૧૪) વર્ષે આસાઢ સિત ૪ દિને શુક્રવારે રાજલાભ લિ૦ નં. ૧૧૧ નાહટા. (૫) પ્રત ૧૭મી સદીની અંચલ સાધ્વી લીલા લિ. પત્ર ૧૦ પો. ૮૩ નં. ૨૧૨૦ જિ. ચા. (૬) ગા. ૨૦૫ સં. ૧૮૬૬ શ્રા. શુ. ૯ ઋ. મૂલચંદેન લિ. પત્ર ૮ પો. ૮૦ નં. ૧૯૭૬ જિ. ચા. (૭) પત્ર ૯ પો. ૪ નં. ૨૩૮ અભય. (૮) લિ૦ રાજપ્રમોદ પત્ર ૬ પો. ૮ રામ. (૯–૧૦) પત્ર ૧૦ પો. ૪૫; પત્ર ૧૦ હર્ષસિંહ શિ. હર્ષકીર્તિ લિ. પો. ૪૫ દાન. (૧૧) ખરતરગચ્છે જિણમાણિક્યસૂરિ શાખાયાં પં. કલ્યાણસાગર વા. રૂપકુશલ શિ. સુગણતિલક શિ. આસકર્ણ મુનિના લિ. સાધ્વી લાડમદેજી પઠનાર્થં અજમેર મધ્યે સં. ૧૭૮૧, ૪–૧૯ નં. ૪૪૯૮ વિ. ને. (૧૨) ૧૨–૧૫ નં. ૧૦૬૩ ગોડી ઉપા૦ મુંબઇ (૧૩) પં. સુર્યકુશલ શિ. તેજકુશલ શિ. ફતેકુશલ લિ. ૧૧–૧૫ જૈનાનંદ (૧૪) નં. ૬૧૮ સન ૧૮૯૨–૫ ભાં. ઇ. (૧૫) સં. ૧૭૮૫ કા. વ. ૯ હરિપુરનગર મધ્યે લિ. ૬–૧૬ નં. ૪૪૯૬ વિ. ને (૧૬) ૯–૧૫ નં. ૪૪૯૭ વિ. ને. (૧૭) સં. ૧૮૨૬ લિ. પૂજ્ય ઋ. આધા

જી ૯-૧૬ વિ. ને. (૧૮) પુજ કલ્યાણજી શિ૦ લિ૦ **ભીનમાલ** સં. ૧૮૮૪ જ્યે. વ. ૨ પત્ર ૪ નં. ૧૦૨૨ અભય.

(૩૯૦) રૂપસેન કુમાર રાસ ૨૦ ઢાલ. સં. ૧૬૮૧ વિજયાદશમી રવિ મેડતામાં (૧-૪૦૬)

આદિ—

કામિતદાયક કલપતરૂ, કમલાકેલિનિવાસ,
પુરસાદાંણી પ્રણુમીયઇ, શ્રીફલવધિપુર **પાસ** ૧
સુંદર શુભમતિ **શારદા**, ચિત્ત ધરૂં તસુ ધ્યાન,
સુગુરૂ ચરણુ પ્રણમું મુદા, ભાવ ભગતિ બહુ માન. ૨
સઇ મુખિ જિનવર ઉપદિસ્યઉ, ધરમહ ચ્યારે પ્રકાર,
તિહાં ધુરિ દાન પ્રસંસીયો, ચતુર સુણઉ અધિકાર. ૩
દાંનઇ સુખ સંપદ મિલઇ, દાંનઇ દાલિદ્ર જાઇ,
દાંનઈ સંકટ સવિ ટલઇ, દાંનઇ દઉલતિ થાઇ. ૪
દાંનઇ માંનઇ જન સહુ, દાંનઇ જસ સોભાગ,
દાંનવંતનઇ સહુ કહઇ, ચિર જીવો બડભાગ. ૫
દાંનઇ દીપતિ દેહની, વાધઇ અતિ સુવિસેસ,
રૂપસેન રાજા તણુઉ, સુણજ્યો ચરિય અસેસ. ૬

અંતે— ઢાલ ૨૦ સહુ ગુરૂ આએ ભલે એહની જાતિ.

ભવિયણ હિત ચિતમઇ ધરી, દાંન દીયઉ નરનારિ, દાને સંપદા મિલઇ
દાંનઇ જિમ સુખ પામીયા, **રૂપસેન** કુમાર. દા૦ ૧
દાંનતણા ફલ સાંભળી, દાન દીયઉ શુભપાત્ર. દા૦
દાંનઇ જગિ સહુ વસિ હુવઇ, નિરમલ હુવઇ ગાત્ર. દા૦ ૨
શ્રી **ખરતર** ગછ રાજીયઉ, **જિનરાજ** સુરિંદ. દા૦
ચિરજીવો ગચ્છરાજએ, જાં લગિ ધ્રૂ રવિ ચંદ્ર. દા૦ ૩
આચારિજ ગુણુ આગલા, શ્રી **જિનસાગર** સૂરિ દા૦
સાધુ શિરામણિ સોહતા, દિનદિન વધતઇ નૂર. દા૦ ૪

શ્રી જિનકુસલ પરંપરા, **મહિમમેરુ** મુનિ નામ, દા.
સીસ ક્રિયા ગુણુ પરગડા, **હર્ષચંદ્ર** અભિરામ. દા. ૫
સકલ વિદ્યા ગુણુસાગરા, પાઠક **હંસપ્રમોદ**, દા.
તાસુ સીસ મનરંગ કહઇ, **પુણ્યકીરતિ** ધરિમ પ્રમોદ. દા. ૬
સંવત **સોલ ઇકયાસીયઇ**, **વિજયદસમિ રવિવાર**, દા.
નગર મનોહર **મેડતઈ**, એહ રચ્યો અધિકાર. દા. ૭
મૂલ નાયક **વાસુપૂજ્યજી**, સોલમ **શાંતિ** જિણંદ, દા.
સુખકારક સોહઇ ભલા, જગજીવન જિણચંદ. દા. ૮
ભણઇ ગુણઇ જે સાંભલઇ, એહ પ્રબંધ રસાલ, દા.
પરગટ પુણ્ય પ્રભાવ થઇ, ફલઇ મનોરથ માલ. દા. ૯

—(૧) ૯-૧૭ દા. ૭૧ નં. ૧૦ ડે. (૨) સં. ૧૬૮૬ પોષ સુદિ ૫ બુધે ગ્રં. ૪૨૫ સાધ્વી **ભાગસિદ્ધિ** ગણીણિ શિ. સાધ્વી **રાજસિદ્ધિ** ગણિણી વાચનાર્થે સાધ્વી **આણંદસિદ્ધિ** પઠનાર્થે પત્ર ૧૦ નાહટા. (૩) પત્ર ૪૨ ગા. ૩૦૧ પો. ૧૩ નં. ૨૪૯ દાન.

(૧૫૭૫) મત્સ્યોદર ચોપઇ સં. ૧૬૮૨ ભા. શુ. ૧૩ રવિ બિલપુરે.

આદિ— શ્રી ગુરૂભ્યો નમઃ દૂહા

સોહંગ સુંદર સુખકરણુ, પૂરણુ પરમ જગીસ,
સુમતિ સુમતિદાયક સદા, જગજીવન જગદીસ. ૧
સાંનિધિ કરિ મુઝ **સારદા**, હૃદય ધરૂં તુઝ ધ્યાન,
સુગુરૂ તણેં સુપસાઉલે, કહિસુ કથા પરધાન. ૨
દાન સીલ તપ ભાવના, ચ્યારિ ધરમના ભેદ,
જગગુરૂ જિનવર ભાખીયા, કરિયા ધરિય ઉમેદ. ૩
ચ્યારિ ધર્મ માહે ધુરે, દાન ધર્યો ધન હેત,
સોભા પામીજૈ જિયે, જિમ પ્રાસાદે કેત. ૪
દાન ધરમ કરતાં કરઇ, વિચિ વિચિ ભુંડો ભાવ,
ધનદ તણી પરિ તે લહે, સંપદ વિપત સભાવ. ૫

કવણુ **ધનદ** તે કિહાં હુઉ, જેહનો એ પરબંધ,
સાવધ થઇ સહુ સાંભલો, ધસમસ મૂકી ધંધ. ૬

અંતે— ઢાલ ૧૭ ધન્યાસી ગોડી રાગે મિશ્ર.

એ સંબંધ સુણી કરી ધ્રમ કીજેરે, લીજે નરભવ લાહ,
જૈન ધર્મ કીજેરે,
પરઘલ લક્ષ્મી પામીયઇ ધર્મ કીજેરે, વલી માને નરનાહ. જૈન. ૧
ધરમ થકી સુખ સંપદા, ધ૦ ધરમ થકી જસ હોઇ, જૈન.
ધરમ થકી દોહગ ટલે, ધ૦ **ધનદ** તણી પરિ જોઇ. જૈન. ૨
શાંતિનાથ ચરિતઈ અછઇ ધ૦ એહ કથાનક ચંગ, જૈન.
જિનભાષિત ધર્મ આદરો ધ૦ જિમ હોઇ રંગ અભંગ. જૈન. ૩
શ્રી **ખરતરગચ્છ** સોહતા, ધ૦ શ્રી **જિનરાજ** સૂરિંદ, જૈન.
શ્રી **જિનસાગર** સૂરિ ભલા, ધ૦ આચારિજ મુનિચંદ. જૈન. ૪
શ્રી **જિનકુશલ** પરંપરઇ, ધ૦ **મહિમમેરૂ** સુજગીસ, જૈન.
વિનય વિવેક વિદ્યાવરૂ, ધ૦ **હર્ષચંદ્ર** તસુ સીસ. જૈન. ૫
આગમ અરથઇ અતિ ભલા, ધ૦ પાઠક **હંસપ્રમોદ** જૈન.
તાસુ સીસ **પુણ્યકીરતઈ** ધ૦ કહિય કથા સુવિનોદ. જૈન. ૬
સંવત **સોલહ બ્યાસીયે**, ધ૦ સગલે હુઉ સુગાલ, જૈન.
સઘન ઘનાઘન વરસીયા ધ૦ ફલિય મનોરથ માલ. જૈન. ૭
ભાદ્રવ માસ સોહામણો ધ૦ સુદિ તેરસિ રવિવાર, જૈન.
કથા એહ રલીયામણી ધ૦ **બીલપુરે** સુખકાર. જૈન. ૮
ભણે ગુણે જે સાંભલે ધ૦ તાસુ ઘરે નવનિદ્ધિ, જૈન.
સુમતિ પાસ સુપસાઉલે, ધ૦ થાયઇ ઘરિ નવનિદ્ધિ. જૈન. ૯

—(૧) ગ્રં. ૪૬૨ પત્ર ૯ નં. ૨૮૬૬ અભય૦ (૨) પત્ર ૭ પો. ૪૨ કૃપા.

(૧૫૭૫ક) મોહછત્તીસી ગા. ૩૭ સં. ૧૬૮૪ ભા૦ નાગોર.

(૧૫૭૫ખ) મદબત્તીસી સં. ૧૬૮૫ આ. વ. ૧૩ મેડતા.

—બંનેની પ્રત પત્ર ૮ પો. ૬૩ મહિમા.

૭૭૪ **શ્રીસુંદર** [ખ૦ જિનસિંહસૂરિ–હર્ષવિમલ શિ૦]

(૧૫૭૬) અગડદત્ત પ્રબંધ. સં. ૧૬૬૬ ? (૧૬૩૬ ?) કાર્તિક ૧૧ શનિ

આદિ—

પરમ પુરૂષ પરમેષ્ટિ જિન, પ્રણમું **ગઉડી પાસ,**
સુરતરૂ સુરમણિ જિમ સદા, સફલ કરઇ સવિ આસ. ૧
ઉપકારી આસન્નતર, શાસનનાયક **વીર,**
ત્રિકરણ સુદ્ધઇ સમરતાં, તારઇ ભવદધિ તીર. ૨
ગોતમ નામ સુહામણઉ, મુઝ મન કીર રસાલ,
આપદ દૂર નિતં કરઇ, પગિ પગિ મંગલ માલ. ૩
સરસતિ મતિ દ્યઉ નિરમલી, જિમ હોઇ આધકઇ લોલ,
સુપ્રસન થાયઉ માતજી, કીજઇ કવિત કલોલ. ૪
શ્રી **જિનદત્ત જિનકુશલ** ગુરૂ, **ખરતર** ગચ્છ નરેસ,
સેવકજન સાનિધિ કરણ, આવઇ પુરત વિસેસ. ૫
શ્રી **અકબર** પ્રતિબોધતાં, પ્રગટિઉ પુણ્ય પડૂર,
વિજયમાન વિદ્યા અધિક, જુગવર **જિનચંદ** સૂરીંદ. ૬
આચારિજ **જિનસિંહસૂરિ**, અવિઘટ જસુ અધિકાર,
ગુણ છત્રીસે ગહગહઇ, સંઘ સદા સુખકાર. ૭
જુગવર સીસ સીરોમણિ, અનુપમ આદિ વજીર,
હર્ષવિમલ જિન ગુરૂ તણઉ, લહિ સુપસાય સુધીર. ૮
વાચક **શ્રીસુંદર** કહિ, સુણિજ્યો સહુ સુભ બંધ,
દ્રવ્યત ભાવત જાગવઇ, **અગડદત્ત** પરબંધ. ૯

અંતે— રાગ ધન્યાસી

દ્રવ્યત ભાવત જાગીઇએ, **અગડદત્ત** અહિનાણ,
વિવેક હિયઇ ધરીએ, સુણિજ્યો ચતુર સુજાણ. ૨૭૭
સદા સુખ સંપજઇ એ, ઇહ ભવિ પરભવિ લીલ,
સદા સુખ સંપજઇ એ, આંકણી.

વડ **ખરતર** ગચ્છ રાજીઉ એ, યુગવર **જિનચંદ્રસૂરિ**,
પ્રતાપ દીપતા એ, જયવંતા જગ પૂરિ. ૭૮
આચારિજ **જિનસિંહજી** એ, સુંદર સકલ સુહાય,
ગુણે કરી ગાજતો એ, પ્રણુમઇ નરવર પાય. ૭૯
સીલ સુલક્ષણુ સોહતા એ, **હરસવિમલ** ગુરૂ રાજ,
પ્રસાદઇ તેહનઇ કીજઇ, વંછિત કાજ. ૮૦
વાચક **શ્રીસુંદર** રચઇ એ, **ઉત્તરાધ્યયઉ** વિચાર,
પ્રબંધ સુહામણુઉ, આપણુ મતિ અનુસાર. ૮૧
સ્વામિવદન ગુણુ રસ રસાએ, સંવત કાતિ માસિ,
શનિ એકાદશીએ, તો પણુ વડ સુખ વાસિ. ૮૨
અગડદત્ત મુનિરાયનઉ એ, સંબંધ ઉદાર,
સુણતાં સુખ હુવઇ એ, આણુંદ અપાર. ૮૩
ચાંપશી પૂંજા મરહીઆ યે, જોગાણું જયમલ્લ ભીમ,
સુશ્રાવક આગ્રહઈ એ, રાસ રચ્યો નિરસીમ. ૨૮૪
સદા સુખ સંપજઇ એ.

—(૧) લિ૦ પં. **જ્ઞાનવિજય** ગણિ શિ૦ મુનિ **નય-વિજયેન**, શ્રી **સરષેજ** નગરે સં૦ ૧૭૨૬ પો. શુ. ૬ દિને ૯–૧૭ પો. ૨૫ જિનદત્તસૂરિ ભં. સુરત. (૨) પત્ર ૯ પો. ૪ નં. ૨૫૨ અભય. (કે જેમાં રચ્યા સંવત 'સ્વામિવદન ગુણુ ભાણુવગ રસ રસાએ' એમ આપેલ છે.)

---

૨૧૦ ઋષભદાસ (ખંભાતના શ્રાવક કવિ) (૧–૪૦૯).

(૩૯૩) વ્રતવિચાર રાસ સં. ૧૬૬૬ (૧–૪૦૯).

—(૧) સં. ૧૬૮૦ માહા વ. ૮ સોમ ગા. ૮૬૨ ઢાલ ૮૧, ૪૩–૧૩ સ. ભ. (૨) સં. ૧૭૮૫ કા. શુ. ૧૧ શુક્રે ૨૯–૧૩ દા. ૨૨ નં. ૧૬ સીમંધર.

(૩૯૪) સુમિત્ર રાજર્ષિરાસ સં. ૧૬૬૮ (૧-૪૧૩).

—(૧) સં. ૧૭૬૧ વૈ. વ. ૭ શનિ **આસાલપુર** વાસ્તવ્ય ગણિ **પદ્મવિજય** લ. ૧૨-૧૮ પુ. મં. (૨) સં. ૧૭૭૩ જ્યે. શુ. ૪ શુક્રે લ. **રામસાગર** પોસાલ વડી પત્ર ૧૦ નં. ૪૫૩ પ્ર. કા. (૩) ૨૬-૧૩ દા. ૬ નં. ૩૪ ખેડા ભં. (૪) મહો૦ **હીરા**ચંદ્ર ગણિ શિ. **રવિચંદ્રેણ** લિ. ૧૧-૨૬ દા. ૪૩ નં. ૬ **વ** ડે.

(૩૯૫) સ્થૂલિભદ્ર રાસ સં. ૧૬૬૮ (૧-૪૧૫).

આદિ— ચોપઈ ઢાલ

બ્રહ્મ સુતાની પૂજા કરૂં, **સારદ** નામ હૃદે માંહાં ધરૂં,
ગુણ ગાઉં માતા તુમ તણા, બોલ આપે મૂઝ સોહામણા. ૧
ગ્નાન ગોષ્ટ તૂં ગુણની ખાંણ્ય, તૂં તૂઠી મુખ આપે વાંણ્ય,
તૂઝ વિણુ અક્ષર એક નવિ લહૂં, તુઝ વિણુ મૂરિખ નાંમજ કહું. ૨
સુરનર કિંનર સબલ નિધાન, તુઝ વિના કોય ન પામે માન,
તૂં તૂંઠિ રંજિ નરનાથ, તાહરી કીર્ત્તિ જગ વિખ્યાત. ૩
તેણિ કારણિ મેં સમરી તૂઝ, સાર વચન તું આપે મૂઝ,
થૂલિભદ્રનો ગાસ્યું રાસ, તેણિ માતા મુખ પૂરે વાસ. ૪
થૂલિભદ્ર તે કહો ક્યાહાં હવો, કવણુ પિતા તેહના ગુણ સ્તવો,
કવણુ માત કુંણુ તેહનો ઠાંમ, કવણુ દેસ કુંણુ તેહનું ગામ. ૫

—સં. ૧૬૮૦ પો૦ વદિ ૪ ભુમે લ૦ ગાથા ૭૩૨ ૩૬-૧૧ દા. ૪૩ નં. ૮૮ **વ** ડે.

(૩૯૫ક) નેમિનાથ નવરસો સં. ૧૬૬૭ (૧—૪૧૭)

—સં. ૧૭૫૪ **જસવિજયેન** પત્ર ૧૨ ની પ્રતમાં પત્ર ૩ દા. ૮૨ નં. ૧૧ હા. (આમાં રચ્યા સં. ૧૬૬૨ આપેલ છે.)

(૩૯૬) કુમારપાલ રાસ સં. ૧૬૭૦ (૧-૪૧૭)

—(૧) સં. ૧૬૯૨ ચૈ. સુ૦ ૧૩ **તાજગ્રામે** સા પ્રેમજી રૂપચંદ પઠનાર્થં ॥ લ૦ ઠા. **મનજી વાસણ ભાટ** ૨૯૫-૧૦ દા. ૧૬ નં. ૧ ઘોઘા ભં. (૨) **દેવવિજય** ગણિ શિ૦ પં. **દર્શનવિજય**

શિ. પં. ભાણુવિજય લિ. સં. ૧૭૯૧ કા. શુ. ૨ ગુરૂ સૂરાચંદ નગરે પદ્મપ્રભ પ્રસાદાત્ ૧૯૫-૧૩ નં. ૧૨૧ ઇડર ભં. (૩) સં. ૧૮૧૫ ભા. વદિ ૨ ભોમે પાટણુનગરે ૧૪૦-૧૬ દા. ૭૯ નં. ૨૬ હા. (૪) સં. ૧૮૧૬ માગશિર શુદિ ૧૩ સોમે પાટણુનગરે લિ૦ પં. માનવિજયજી શિ૦ લાભવિજયજી વાચનાર્થં લષાવીતં ૧૪૧-૧૭ દા૦ ૧૯ પોથી ૩ વી૦ ઉ. (૫) અપૂર્ણ ૧૧૬-૧૩ તિલક૦ મહુવા (૬) ૧૩૭-૧૪ નં. ૧૦૩૩ ગોડીજી પાર્શ્વનાથ ઉ. મુંબઇ (૭) સં. ૧૭૫૧ વૃધ તપાપક્ષે ઉ. જયમંદિર શિ. ઉ. જયપ્રભ શિ. ઉ. વિદ્યારત્ન શિ. પં. જયસુંદર શિ. પં. માનસુંદર શિ. વિવેકસુંદર પઠનાર્થે જાંગીરપર મધ્યે પં. રત્નસુંદર લિ૦ પદ્મસાગર ભં. જૈનશાળા અમદા. (૮) સં. ૧૭૫૮ કા. વ. ૯ તપાગચ્છે શ્રી વિજયદેવસૂરિ સમવાય સાહા શ્રી વેલજી સોમકરણુનો ચોપડો પત્ર ૧૪૧ ગુ૦ (૯) સં. ૧૯૦૫ માગ. વ. ૧૦ પત્ર ૨૮૪ ફા. સ. નં. ૩૬ (૧૦) ૧૯૩-૧૩ દા. ૭૮ નં. ૬ હા૦ (૧૧) ગા. ૪૫૯૨ શ્લો. ૫૮૦૦ સં. ૧૮૨૯ કા. શુ. ૧૩ રવિ લિ. પાહલણપુર મધ્યે શ્રી પાલહ વીહાર પાર્શ્વપ્રસાદાત્ ૧૫૨-૧૩ ગો. ના. (૧૨) સં. ૧૮૩૦ કા. શુ. ૧૫ પં. રામવિજય ગ. શિ૦ પં. હંસવિજય ગણિ લિ. સોરઠ દેશે વાલુકડ ગ્રામે માં. હરજી માનાણી તથા ગાંધી વસતાની સાહજે લિખ્યો છે. શ્રી ગોડીરાયજીની સાહાય્યેં (બીજા અક્ષરમાં) તે રાસ પં. કસ્તુરવિમલજી શ્રી તલાજાના ચોમાસીનો છે ચેલા દયાવિમલને પરથે લપા છે. તે રાસની પ્રત વેચાતી લીધી છે. તેના રૂપીઆ ૮ રોકડા પં. ગુમાનવીજેજીને દીધા છે. શ્રી ભાવનગર મધ્યે સં. ૧૮૮૦ના માહા સુદની ૧૧સે ને વાર સનીને દિવસે તેની સાષ સંઘવી વધુસાની તથા મેતા નથુની તથા પારેષ હેમરાજની એની સાષે લીધો છે તેનો દાવો ધકો કોય કરે તો તે રાસના રૂપીયા ૨૫ વીસ આપીને મર લે લષીતં પં. ગુમાનવીજેજી ॥ (ત્રીજા અક્ષરમાં) પં. અમીનીમલજીની પરત છે મુની

અમીવિમલજીના પાના છે ૧૭૭ તે છે સહી ૧૭૭-૧૬ પો. ૩૧ નં. ૧૫૨. ઝીં.

(૩૯૮) નવતત્ત્વ રાસ સં. ૧૬૭૬ (૧-૪૨૨)

—(૧) સં. ૧૭૬૬ ભા. વ. ૩ ભૃગુવારે ૩૮-૧૧ દા. ૮૨ નં. ૧૯૭ હા. (૨) ૪૬-૧૧ દા. ૪૨ નં. ૩૭ [redacted] ડે (૩) પો. ૩૮ નં. ૧૭૯ ઝીં.

(૩૯૮) અજાકુમાર રાસ (નં. ૩૯૮ બેવડાયો છે) (૧-૪૨૪)

આદિ— વસ્તુ

સકલ જિનવર સકલ જિનવર પાય પ્રણમેવ
વાઘેસરી વેગેં નમુ સકલ કવીની જેહ માય
તું મુખ મારે આવજે સયક કામ જિમ સિદ્ધ થાય
ચંદ્રપ્રભ જિનવર તણો, ગણધર **અજાકુમાર**,
રાસ રચ્યું વર તેહનો, સુણતાં જય જયકાર. ૧

અંતે—

ભણે ગુણે જે સાંભલે, **અજાપુત્રનો રાસ**
રાજ્ય ઋદ્ધિ સુખ સંપદા, પોહચેં તેહની આસ ૫૩૫
પવિત્ર નામ જગિં જેહનું, હું વંદું તસ પાય
કરજોડી નિત પ્રેમસું, **ઋષભ** કવિ ગુણ ગાય. ૩૬

ચોપાઈ

ઋષભ કવિ તાહરા ગુણગાય, હીઅડેં હરખ ઘણેરો થાય,
સકલ કવિને લાગો પાય, મિં ગાયો મુનિવર ઋષિરાય. ૩૭

કલસ

કવિ **ઋષભ** ગાયો કુમર ધ્યાયો સુખરયું ગાયો શુભ પરિ,
મુનિતણા ગુણ અભિરામ ગાતાં મંગલમાલા નિત્ય ધરિ,
તપગચ્છ ગાજેં ગુણ નિરાજેં અતિ દિવાજેં જગગુરૂ
શ્રી વિજયસેન સૂરિંદ સેવો સકલ સંઘ મંગલ કરો. ૫૩૯

—લિ૦ અમદાવાદ નગરે પં. મોહનંદજી વાચનાર્થે સં. ૧૭૯૦ વૈ. વદિ ૩ દિને સામલાની પોલિ મધ્યે ૧૦–૨૩ દા. ૪૩ નં. ૬૬ ब ડે.

(૩૯૯) ભરતબાહુબલિ રાસ સં. ૧૬૭૮ (૧–૪૨૪)

—સં. ૧૬૭૯ કા. વદિ ૯ રવૌ ત્રંબાવતી મધ્યે લ૦ ૩૮–૧૫ પો. ૧૦ પ્રત નં. ૧૦ જિનદત્તસૂરિ ભંડાર મુંબઇ.

(૪૦૨) બાર આરા સ્ત સં. ૧૬૭૮ (૧–૪૨૮)

—(૧) સં. ૧૭૮૬ કા. વ. ૧૦ સાકરબાઇ પઠનાર્થે ૫–૧૦ દા. ૨૦ નં. ૭૮ સીમંધર. (૨) ૪–૧૩ જશ. (૩) પત્ર ૧૧–૧૨ દા. ૭ નં. ૩૫ મો. મો. સાગર ઉ૦ પાટણ તેમાં પ્રથમનાં ૪ પત્ર (૪) ૫–૧૧ પો. ૯ વડા ચૌટા ભં. (૫) સં. ૧૮૮૮ માગ. શુ. ૧૦ બુધે ખેટકપુરે રસુલપુરા મધે શ્રી રીષભદેવ પ્રભુ પ્રસાદાત પંન્યાસ રાજરત્ન શિ. હીરરત્ન કૃતબાઇ પઠનાર્થ ૪–૧૩ ખેડા નં. ૩

(૪૦૪) શ્રેણિક રાસ સં. ૧૬૮૨ (૧–૪૩૦)

—(૧) સં. ૧૭૦૧ વર્ષે ૫૯–૧૫ દા. ૧૯ પો. ૩ વી. ઉ૦ (૨) સં. ૧૭૦૭ ચૈ. શુ. ૧૪ ભોમે ૮૦–૧૩ દા. ૧૩ નં. ૬ પદ્મ-સાગર ભં. જૈ. શા. અમદાવાદ (૩) સં. ૧૭૬૬ ભા. શુ. ૩ બુધે લિ૦ મહો. હીરચંદ્ર ગ૦ શિ૦ પં. માનચંદ્ર ગણિ શિ૦ પં. ખીમચંદ ગ૦ શિ. પં. કેસરચંદ્રેણ લિ૦ લાડુઆ શ્રીમાલી જ્ઞાતીય વૃદ્ધશાખીય સા નારાયણ સુત સો કીસન તત્ સુપુત્ર સા ભવાની વાચનાર્થે સા. મેઘરાજના આગ્રહ થકી લખાપીત. સુરતિ મધ્યે લ. સુરતિ બંદિર વાસ્તવ્ય. ગ્રં. ગાથા ૧૮૫૧. (સારાભાઇ પાસે) (૪) ૮૩–૧૩ દે. લા. નં ૧૩૨૭–૪૯૧ (૫) સં. ૧૭૫૮ કા. શુ. ૧૪ ઇંદુવાસરે સંપૂર્ણ જાતઃ (સં. ૧૭૫૮ કા. વ. ૯ શ્રી તપાગચ્છીય વિજયદેવ સૂરિ સમવાય સાહ શ્રી વેલજી સોમકરણનો ચોપડો તેહ મધ્યે ૫૮ પત્ર ગુ. (૬) સં. ૧૮૭૫ આસાઢ વ. ૯ ગુરૂ પં. કાંતિ-

વિજય શિ. પં. રાજવિજયગણિ શિ. પં. કૃષ્ણવિજય શિ. વિબુધ રંગવિજયગણિ શિ. ઋષભવિજય ગ. લિ. અણહિલ્લપુર પત્તન નગરે પંચાસરા પાર્શ્વનાથ પ્રસાદાત્ ૬૩-૧૭ જશ.

(૪૭૫)+હિતશિક્ષા રાસ સં. ૧૬૮૨ (૧-૪૩૩)

—(૧) ૭૩-૧૬ દા. ૪૧ નં. ૬ **ચ** ડે. (૨) લિ. પં. વિનય-પ્રભુના સં. ૧૭૬૮ આસો શુ. ૧૩ ગુરૂ ૧૦૧-૧૧ દા. ૮૨ નં. ૨૨૦ હા. (૩) ૯૧-૧૨ પો. ૧૬ વટા ચૌટા ઉ. (૪) સં. ૧૮૨૭ કા. વ. ૧ બુધે લ. પટેલ વરજલાલ વેણીદાસ આત્માર્થે શ્રી ખેટકપૂરે શ્રી. ભીડભંજનજી શ્રી અમીઝરાજી પાર્શ્વનાથ પ્રસાદાત્ ૬૪-૧૮ દા. ૮ નં. ૧૧૩ ખેડા ભં. (૫) ૧૦૮-૧૦ સુ. લા. ખેડા. (૬) સં. ૧૭૮૪ માગ. શુ. ૧૩ નીચે તપા પદ્મવિજયાદિનો ઇતિહાસ છે પત્ર ૩૨ પો. ૪૪ નં. ૭૭૩ કૃપા.

(૪૦૬) રોહણિયા રાસ (સુધારો:-સં. ૧૬૮૮ (૧-૪૩૭)

—(૧) ૨૦-૧૧ મો. મો. સાગર પાટણ. દા. ૭ નં. ૧૯ (૨) પાટડી ભં. (નં. ૪ વે.)

(૪૦૮) મલ્લીનાથનો રાસ સં. ૧૬૮૫ પોશ શુદ ૧૩ રવિ. (૧-૪૪૧)

આદિ— દૂહા

સરસ સકોમલ સુંદરી, સુગણિ સારસ રૂપ,
સીંહલંકી તુ **સરસ્વતી**, સમરઇ તુઝ જિનભુપ. ૧
ગણધર ગુણ તુઝ ગાવતા, ત્હારો સઘલઇ વાસ
ગુણીઅણ ગુણ તુઝ સમરતાં, પુરઇ પૂરપની આસ ૨
વચન દીઓ વાઘેસ્વરી, દેવી પૂરે આસ
મલ્લીનાથ જિનવર તણો, રંગિ ગાસ્યુ રાસ. ૩

અંતે—

ફલો મનોરથ સઘલો આજ, શ્રી ગુરૂ નામિં સીધા કાજ,
વિજયાનંદ સુરિસ્વર નામ, જેહના જગ બોલઇ ગુણગ્રામ. ૨૭૬

તેહતણુઇ ચરણે અનુંસરિ, **મહ્લીનાથ** ગુણવેલી કરી,
સકલ કવીનિં નામી સીસ, મિં ગાયો જિનવર જગદીસ. ૨૭૭
જ્ઞાતા ધર્મ કથાંગ સુસાર, છઠઇ અંગિં એહ વિચાર
સંબધ સોય ત્યાંહાથી મઇ ગ્રહી, રાસ રચ્યો હઇઅડઇ ગહઇ ગહી. ૨૭૮
ત્રીબાવતીમ્હા ગાયો રાસ, જયાહા છઇ અઢાર વરણુનો વાસ,
ગ્નાતિ ચોરાસી વણિગ વસઇ, દાન પૂણ્ય કરતા ઉહોલસઈ. ૨૭૯
પારિખ વજીઓ નિં રાજીઓ,
× × × ખરચઇ તેહ. ૨૮૩
અસ્યું નગર **ત્રંબાવતી** સાર, રત્ન હેમ રૂપક દાતાર
ભોગી પૂરૂષ નિં કુરણાવંત, વણિગ છોડઇ બાંધ્યા જંતુ ૨૮૪
પસુ પુરષની પીડા હરઇ, માંદા નરનિં સાજા કરી,
અજા મહીષની કરઇ સંભાલ, શ્રાવક જીવદયા પ્રતિપાલ ૨૮૫
પંચાસી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણુ તીહા ઘંટા નાદ
બિહઅતાલીસ યાહા પોષધશાલ, કરઇ વખાણુ મૂની વાચાલ. ૨૮૬
પોષધ પડિક્રમણું પૂજાય, પુણુ કરંતા દાહ્ડા જાય,
પ્રભાવના વાખ્યાનિ જયાહિ, શામીવાછિલ હોઇ પ્રાહિ. ૨૮૭
ઊપાશરો દહેરૂં નિં હાટ, અત્યંત દૂરિ નહી તે વાટ,
ઠંડિલ ગોચરિ સોહોલી આહિ, મુનિ રહિવા હીડઇ અહી પ્રાહિ. ૨૮૮
અસ્યું નગર **ત્રંબાવતી** ખાસ, મિં જોડયો **મલ્લિનાથ**નો રાસ
કોણુ સંવછર માસ દીનવાર, ગુઢપણુઇ કીજઇ વીસ્તાર. ૨૮૯
સંવત **બાણુ સીધી ષટ ચંદ,** પોસ માસિ હુઉ આનંદ,
ઊજલ પાખી તેરસિ રવિવાર, રાસ તણો કીધો વીસ્તાર. ૨૯૦
પ્રાગવંસિ વીસો વીખ્યાત, **મિહઈરાજ** સંઘવી મુખ્ય કઇહઇ વાત,
સંઘવી સાંગણુ સુત તસ હોય, દ્વાદશ વરતનો ઘોરી સોય. ૨૯૧
તાસ પૂત્ર પૂરઇ મન આસ, કવીતા શ્રાવક **રીષભદાસ**
ગાયા **મલ્લિનાથ**નો રાસ, સકલ સંઘની પોહોતી આસ. ૨૯૨

રાગ ધન્યાસી ઢાલ-દીઠોરે વામાકો નંદન દીઠો.
આસોરે મુજ આજ ફલિ મન આસો
બ્રહ્મ-સુતા ચરણે નમિ કીધો, **મલ્લિનાથ**નો રાસોરે
મૂઝ પોહોતી મનની આસો-આચલી ૨૯૩
મેર મહી સાયર સસી જ્યાંહિં, જબ લગ સુર પ્રકાસો
જવ લગ સીદ્ધશલા સુરનાં ઘર, તવ લગ રિહઇજ્યો રાસોરે ૨૯૪
સુણી સાંભલી જિન જિન ચેત્યા, છુટી ભવનો પાસો
રીષભ કહઇ એ રાસ સૂણુંતા, અનંત સુખમ્હા વાસોરે. ૨૯૫
મુઝ પોહોતી મનની આસો.

—ગાથા ૩૯૫. પાનાં ૧૪-૧૪ નં. ૩૭૩, લા.

(૪૦૯)+ હીરવિજયસૂરિ રાસ સં. ૧૬૮૫ (૧-૪૪૨)

—(૧) સં. ૧૭૨૯ માગ(સ)ર શુદિ ૨ સોમે ૧૧૯-૧૪ દા. ૬ નં. ૧૦ ખેડા ભં. (૨) સં. ૧૭૬૫ કા. શુ. ૧૧ ગુરૂ ગ્રં. ૧૫૫૦ દા. ૧૯ પો. ૩ વી. ઉ. (૩) સં. ૧૮૨૨ શાકે ૧૬૯૮ ચૈ. શુ. ૮ ગુરૂ લ. પં. રત્નકુશલજી પાદલીપ્ત પુરે ૧૧૬-૧૫ દા. ૪૩ નં. ૧૦ સંઘ ભં. પાલણપુર (૪) સં. ૧૮૨૮ ફા. શુ. ૧૫ હિમવાસરે લિ. ગોવદ્ધવિજય કૃષ્ણ સતક લિ. અંકલેસર ગ્રામે ૧૧૦-૧૪ પો. ૬૨ કોટ ઉ૦ (૫) સં. ૧૭૮૭ શ્રા. વ. ૧૦ ભોમે ૯૪-૧૩ નં. ૩૨૨૬ વિ. ને.

(૪૧૦) અભયકુમાર રાસ સં. ૧૬૮૭ (૧-૪૫૦)

આદિ— દુહા.

ચંદકમલ ચંદન જસી, મહી મોતી ધૃત ખીર
વાણી હો વાગેશ્વરી, ઉજલ ગંગાનીર. ૧
હંસગામિની બ્રહ્મસુતા, બ્રહ્મવાદની નામ
બ્રહ્માણી બ્રહ્મચારણી, ત્રિપુરા કરજે કામ. ૨
દેવકુમારી **શારદા**, વદને પૂરે વાસ,
નિજ સુખ કારણિ જોડસ્યું, **અભયકુમાર**નો રાસ. ૩

—(૧) સં. ૧૭૩૬ શાકે ૧૬૦૧ ફા. શુ. ૧૪ બુધે ચોપડો નં. ૯૮ લા૦ (૨) સં. ૧૭૫૩ આસો શુદિ ૯ શુક્રે પં. દીપ્તિવિજયગણિ શિ. પં. ધીરવિજયેન લિ૦ શ્રી સૂરતિ વાસ્તવ્ય...લિખાપિતો. ૫૦-૧૩ દા. ૪૨ નં. ૩૩ બ ડે. (૩) લ. વકીલ વરજલાલ વેણીદાસ સં. ૧૯૨૮ ભા. વ. ૧ બુધે ૪૦-૧૫ દા. ૮ નં. ૧૦૫ એડા ભં.

(૪૧૧) ઋષભદેવનો રાસ સં. ૧૬૬૨ (૧-૪૫૧)

આદિ— (શુભ ૬૩ સહી)

સરસતિ ભગવતી ભારતી, બ્રહ્માણી કરિ સાર,
વાઘેસ્વરી વદનિં રમિ, જિમ હુઇ જય જયકાર. ૧
શુભદેવી સૂપરિં નમૂં, હંસાગમની માય
દેવિ કુમારી મનિ ધરૂ, જયમ મતિ નિર્મલ થાઇ. ૨
બ્રહ્માસુતા તું **સારદા**, બ્રહ્મવાહિની નામ
વાણી વચન દીઉ અસ્યાં, જયમ હોઇ વંછયું કામ. ૩
ભાષા તૂં બ્રહ્મચારણી, હંસવાહિની માય,
સકલ મનોરથ તુ ફલઇ, જો તૂસઇ ત્રિપુરાય. ૪
ઉછડઇ હર્ષ ધરી ઘણો, કરજે કવિજન સાર,
ઋષભ રાસ રંગિ રચ્યું, સફલ કરૂં અવતાર. ૫

અંતે—

(સોલ સંવત્સર) બ્યાહઠઇ ચીત્રા, વલીઅ ગુરૂવાર મલીઉ પવિત્રા. ૫૯
નગર **ત્રંબાવતી** અત્ય હઇ છઇ સારી, ઇંદ્ર જસ્યા નર પદ્મની નારી ૬૦
વાહણ વખાર્ય નર બહુ વ્યાપારી, સાયર લહેર સોભત જલ વારી ૬૧
તપનત્તર પોલીઉં કોટ દરવાજા, સાહા **જાહાંગીર** જસ નગરનો રાજા. ૬૨

પ્રાસાદ પચ્યાસીઅ અતિહિં ધંટાલાં, જ્યાંહાં બિતાલીસ પોષધ
શાલા. ૬૩
અસ્યું ત્રંબાવતી બહુઅ જનવાસો, ત્યાંહાં મિં જોડીઓ રીષભનો
રાસો. ૬૪
સંઘવી શ્રીઅ મહઇરાજ વખાણું, પ્રાગવંસીઅ વીસોઅ તે
જાણું. ૬૫
સંઘવી સાંગણ સૂત તન સારો, દ્વાદશ વરતનો તેહ ધરનારો. ૬૬
દાન નઇ સીલ તપ ભાવના ભાવઇ, અરીહંત પૂજઇ ગુણ સાધુના
ગાવે. ૬૭
સાંગણ સૂત પૂરિ મન તણી આસો, રાસ રચતો કવી
રીષભદાસો ૬૮
ઋષભચરીત કીઉં મુની હેમિં, નરખીઅ રાસ રચીઓ બહુ
પ્રેમિ ૬૯
રાસ રચતાં હૂઓ હર્ષ અપારો, જેહમાંહાં ઢાલ એકસો અઢારો ૭૦
પુણ્ય રિપી ઢાલ તીહાં નવી દીસઇ, નવીનવી દેસીઅ સુણત
મન હીસઇ ૭૧
રાસ માહિં ભલ દૂહડા જાણું, એકસો સડસડી સોઅ વખાણું. ૭૨
બારસઈ એકોતરિ માનગ થાઇ, કદાંચીત ઓછી અ અદિકીઅ
થાઇ ૭૩
વીવધ્ય રાગિં કરી રાસ નીપાયો, પ્રથમ તીર્થંકર બહુપરિં ગાયો. ૭૪
વાંચતાં ગુંથતાં ગોખતાં નાંમ, ઋષભ કહઇ હોઇ વંછીત કામ. ૭૫

—સં. ૧૬ (?) માગસીર વદિ ૧૧ બુધે લખીતં શ્રી ખંભાઇ બંદિરે લખાપિ નં. ૬૪–૧૧ (૧,૨, ૬૪ એ ત્રણ પાનાંજ છે) ખેડા નં. ૩

(૪૧૨) ક્ષેત્રસમાસ રાસ સં. ૧૬૭૮ મહા શુદ ૩ ગુરૂવાર,
(૧–૪૫૧)

આદિ— ઢાલ-રત્નસાર કુમારના રાસનો પહિલો.

સરસતી ભગવતી ભારતી ભાષા, તુઝ નામિ સુખશાતારે,
તું પંડિત કવિજનની માતા, ત્હારા ગુણ વિખ્યાતારે. ૧
પંડિત ગણધર ને આચાર્ય, મુનિ મોટા ઉવઝાયરે,
સુરનર કિંન્નર ને વિદ્યાધર, સકલ લોક તુઝ ધ્યાયરે. ૨
ષટ્ દારસણમાં તુઝને માંને, તુઝ વિણ ક્યાંહિ ન ચાલેરે,
અક્ષર એક કવે (એ કહિઇ) તુ કવીતા, જો તું વાણી આલેરે, ૩
તુઝ વિણ પંથ કુપંથ ન લહીઇ, ન લહે સાર અસારરે,
શ્રી દેવ ગુરૂ જિન ધર્મ ઓલખીઉ, તે તાહરો આધારરે. ૪
એહવુ **પાસ જિનેસ્વર** સ્વામી, સ્તવીઓ મસ્તગ નામીરે,
તુઝ ધ્યાનિ ચિત ઠારૂં મ્હારૂં, વિવિધ વસ્ત મિં પામીરે. ૧૬
ઇચ્છા એક હુઇ મુંઝ હવડાં, સ્વાંમી પૂરો આસરે,
સાર કરે નિજ સેવક કેરી, કહી ઈસ્યું **ક્ષેત્રપ્રકાસરે.** ૧૭

અંતે—

શાસ્ત્ર સુણતાં હૂં સુખ પામ્યો, પોહતી મનની આસોજી,
શ્રી ગુરૂ કવીનિં ચરણ પસાઇ, રચિઉ **ખિત્તપ્રકાશજી.**
હું તો મૂરિખ કાંઇ ન જાંણું, લહૂં અક્ષર બે ચ્યારજી
મોટી વાત જે ચઢી શરાડે, તે તો ગુરૂ આધારજી. ૫૭૪
વિજયાનંદસૂરીસ્વર સાચો, **તપાગચ્છ** શિરિ ટીલોજી,
સકલ ગુણે સંપૂર્ણ દીસે, જિમ સુરતરૂઅર નીલોજી ૭૫ કર્મ૦
બાલપણે જે સંયમ ધારી, **હીરતણો** સિરિ હાથજી
તે ગચ્છનાયક જગિ જયવંતો, સકલ મુનિનો નાથજી ૭૬ કર્મ૦
ગુણ છત્રીસે સૂરિ બિરાજે, રાગદ્વેષ મદ ટાલેંજી
મીઠી મધૂરી દીએ દેશના, કુંપથ પડતાં વાલેજી ૭૭
તે ગચ્છનાયકને સિરિનામી, કીધો **ખેત્રપ્રકાશજી,**
ત્રંબાવતી માંહિ જિન સાખિ, કવતાં પુહુતી આસજી. ૫૭૮
કર્મ અનંતાં તે નર ટાલે, જે નર શાસ્ત્ર નિહાલેજી

રાગ ધન્યાશ્રી, ઢાલ દેસી હીંચ્ચરે.

આજ આશા ફલી ૨ જેહ મિં **ખેત્રપ્રકાશ** કીધો
સંવતસિધિમુનિ અંગ વિશ્વંભરા, માંન બહુ માંનસ્યું સોએ
પ્રસીધો. ૭૯ આ૦
માધવ માસમાહિં પણિં નીપનુ, નીરમલી બીજ નિં ગુરૂહવારે
રાસ વર **ખેત્રપ્રકાશ** મિં જોડીઓ, નગર **ત્રંબાવતી** સોય
મઝારિ ૮૦ આ.
પ્રાગવંસિં વડો **સાહ મહીરાજ** જે, **સંઘવી** તિલક શિરિ
સોય ધરતો.
શ્રી **શેત્રુંજય ગીરનારે** ગિરે **આબૂએ**,
પુણ્ય જાણી બહૂ યાત્રા કરતો. ૮૧ આ૦
પુત્ર ભલ તેહનો **સંઘવી સાંગણ**,
સમકીતધારીઅ વિરતધોરી (અત્રરહિતધારી)
દાંન ને શીલ તપ ભાવના ભાવતાં,
જેહની મતિ છે સદાય (સહીય) ગોરી. ૫૮૨ આજ.

—(૧) ૪૬–૧૧ દા. ૪૨ નં. ૪૬ **વ** ડે.

સઘવી સાંગણનો સુત વીનવે, નામ તસ સંગરી **ઋષભદાસો**
સરસ્વતી ભગવતી **પાસ**ના નાગથી, આજ પોહતી મનતણીજ આશ,
આજ આશા ફલી.

—(૨) સં. ૧૭૪૮ માહ શુદિ ૧૨ બુધવાસરે મહો. **દેવ**-**વિજય** ગણિ શિ. પં. **માનવિજય** ગણિ શિ. પં. **પ્રીતિવિજયગણિ** પં. **કેશરવિજયેન** લિ. **ખંભાયત** બિંદિરે ॥ ૨૧–૧૬ મુંબઇ ગોડીજી ઉપાશ્રય ભંડાર પ્રત નં. ૧૦૩૨

(૪૧૮) જીવંત સ્વામીનો રાસ સં. ૧૬૮૨ વૈશાખ વદ ૧૧
ગુરૂ ખંભાતમાં (૧–૪૫૧)

અંતે— ઢાલ દેસી ચંદ્રગણી રાગ કેદારૂ ગુડી

પૂજા પ્રતિમાનિ છઇ, જુઉ **રાયપસેણી**માહિં
હૂઉ ભગવતિ સૂત્ર ઊવાઇમાંહિં, જોજે **જીવા ભવવઇ** જ્યાંહિં. ૨૧૩

પંચમ અંગ અને **ઠાણુંગ**, જો પૂજા શ્રાવક મનરંગ
છઠિં અંગિં **દ્રુપદી** ધ્યાઇ, જિન પૂજંતાં બહુ સૂખ થાય. ૨૧૪
પૂજો **જીવતસ્વામિ જિણંદા**, જિમ ઘર હોઇ અતિ આણંદા;
ધ્યાન ધરંતા નવહી નિધાનો, રૂપ કાંતિ પામિં શુભ ગાનો. ૨૧૫
ઋષભ કહઇ મુઝ પહુતિ આસો, **જીવતસ્વામિ**નો ગાયો રાસો;
ભણતાં ગુણતાં સુણતાં સારો, સકલ સંઘનઈ જઇકારો. ૨૧૬
માત **સારદા** તણેં પસાઇ, રચ્યો રાસ **ત્રંબાવતિ** મહિં;
બાહુ દિગ દરિસણ નિ ચંદિ, જૂઓ સંવછર માન આનંદિ. ૨૧૭
માસ ભલો **વૈશાખ** વખાણું, વદિ અગ્યારસ નિરમલ જાણું;
ગુરૂવારિં કીધો અભ્યાસો, જીવતસ્વામિનો જોડયો રાસો. ૨૧૯
ગચ્છ **તપા** સુવિહિત મુનિરાઇ, **વિજયદેવ** સૂરિ પ્રણમું પાઇ;
શીલવંત સંયમનો ધારી, જનમ લગઇ છે તે બ્રમચારી. ૨૨૦
શ્રાવક તેહનો સબલ વિચારી, સંઘવી **સાંગણ** બાર વ્રત ધારી;
ઋષભદાસ સુત તેહનો જેહો, રચિં રાસ સુરપરિં એહો. ૨૨૧
વંદો **વિજયાનંદ**સૂરી રાજા, રચિઓ રાસ અનોપમ આજ;
વીર જિણેશ્વર ચરમ તીર્થંકર, શુણતાં સીઝઇકાજ, રચિ. ૨૨૨
જીવિતસ્વામિ જિનવર મનોહર, પ્રણમેં જસ સુરરાજ
ઋષભ કહિ એ રાસ સુણંતા, વાધિં લછ્યમીં લાજ
રચીઉ રાસ અનોપમ આજ. ૨૨૩

—(૧) મુનિ **ભાણવિજયેન** લિ. **શકંદરપુર** મધ્યે ૧૩-૧૨ પ્રથમ પત્ર નથી ડાયરા અપાસરા ભં. પાલણપુર. (૨) સં. ૧૬૮૨ વૈ. વ. ૧૧ ગુરૂ ખંભાત.

(૪૧૯) ઉપદેશમાલા રાસ. સં. ૧૬૮૦ (૨-૪૫૧)

આદિ— દૂહા.

વેણા વંશ વજાવતી, ધરતી પુસ્તગ હાથિ;
બ્રહ્મસુતા હંસિ ચઢી, બહૂ દેવી તુમ સાથ. ૧

અંતે— ઢાલ ૬૨ દેશી હીચ્યે હીચ્યે રે. રાગ ધન્યાસી.
એણી પરિ બોલિયા ગણિ **ધરમદાસ** જે, ગ્રંથ **ઉપદેશમાલાજ** કીધો
તેહનો રાસ રચિઉ બહુ ભાંતિસ્યું, તેહ ભણિ વિબુધ જનમાંહિ પ્રસિદ્ધો રા.
રાસ રંગે કર્યો રાસ રંગે કર્યો સૂરિ **વિજયાનંદ** સીસ નામિ.
એહ **ઉપદેશમાલા** ગ્રંથ જોડતાં, વસ્ત વિવધિ વારૂ વાનીઅ પામી. રા. ૯૪
સરસ વલી **વીર**ના નામથી નીપનો, એહ રહો જીહાં રવિ ચંદ ધરતી;
ચંદ્રવિમાન જગતિલગિ જાણજ્યો, ધર્મ સમૂહ હુઇ જેહ ફરતી. રા. ૯૫
કવણ દેશિ થયો કવણ ગામઇ કહ્યો, કવણ રાયિ લહ્યો એહ રાસો.
કવણ પુત્રે કવ્યો કવણ કવિતા ભયો, કવણ સંવચ્છર કવણ માસો. રા. ૯૬
કવણ દિન નીપજો, કવણ વારઇ હુઓ, કરિઅ સમસ્યા સહુ બોલ આણઇ.
મૂઢ અણઅખ્યરી સોય શું સમજસઇ, નિપુણ પંડિતવરા તેહ જાણઇ. રા.

ઢાલ ૬૩ ચોપઇ

પાટણમાંહિ હુઓ નર જેહ, નાતી ચોરાસી પોષણ તેહ;
મોટો પુરૂષ જગિં તેહ કહેશ, તેહનિ ન્યાતનિં નામિં દેશ. ૯૮
આદિ અખ્યરવિણ બીબઇ જોય, મધિ વિના સહૂ કોનઇ હોય.
અંતિ અખ્યર વિણ ભુવન મઝારિ, દેશિ નગરિ નામ વિચારી. ૯૯
નલવટિ લાગો પદવી દેહ, પરનસણાની ભગતિ કરેહ.
તેહનું મંડણ ગુણ ખંચતો, તેણઇ નામિ પૃથિવીપતિ છતો. ૭૦૦
નિસાણ તણો ગુરૂ અખ્યર લેહ, લઘુ દોય ગણપતિનાં જેહ,
જિણિં નામ ભલું જે થાય, તે કવિ કેરો કહું પિતાય (**સાંગણ**) ૭૦૧
ચંદ અખ્યર ઋષિ ધુરથી લેહ, મેષલા તણોય નયનમો જેહ,
અખ્યર ભુવનમો શાલિભદ્ર તણોય, કુસુમદામનો વેદમો ભણો. ૭૦૨
વિમલ–વસઇ અખ્યર બાણમો, જોડી નામ કરો કાં ભમો!
શ્રાવક સોય એ રાસ નિર્માતા, **પ્રાગવંસ વીસો** વિખ્યાત. ૭૦૩
દિગ આગલિ લઇ બિંદુ ધરો, કલા સોય તે પાછળ કરો,
કવણ સંવચ્છર થાઇ વલિં! ત્યારઇ રાસ કર્યો મનરલી ૭૦૪ (સં.૧૬૮૦)

ગુરૂ અખ્યર લેઇ કરી કુમાર, એક લઇ ભારે દેખી હાર,
બહુમલી નીપાયો નામ, તેણુઇ માસઇ કીધું શુભ કામ. ૭૦૫
આદિ અખ્યર વિણુ કો મમ કરો, મધિ વિના સહુઇ આદરો,
અંત વિના શિર રાવણુ જોય, અજુઆલી તિથિ તે પણિ હોય. ૭૦૬
સકલ દેવ તણો ગુરૂ જેહ, ઘણા પુરૂષનિં વલ્લભ તેહ,
ધરિ આવ્યો કરઇ જયકાર, તેણુઇ વારિ કીધો વિસ્તાર. ૭૦૭

સાંભરિયા ગુણુગાવા મુજ મનિ હીરના. એ દેશી. રાગ–ધન્યાસી.

વલિ વિસ્તાર કર્યો મેંઇ રંગઇ રાસનોરે. આતમ હિતનિ કાજી.
વરનિ રે નરની રે તરવા કાજી બેડિલી રે. ૭૦૮
મુગતિ નગરનો દીવો એ સહી રે, ટાલઇ પાપ અંધાર,
રાસો રે વાસો રે સુખ અનંતનો આપતો રે. ૭૦૯
મંગલિક સકલમાં પઇહઇલો એ સહી રે, ભણુતાં જઇ જઇકાર,
સુણુતાં રે ગુણુતાં રે સકલ સંઘ મંગલ કરૂં રે. ૭૧૦
જે નરનારી શુભ ગતિ બારી ઇચ્છતા રે, સોય સુણો એ રાસ.
આસો રે તાસો રે પહોંચઇ સઘલી મન તણી રે. ૭૧૧
કામગવી ને ચિંતામણી શુભ સુરતરૂ રે, તે હું પામ્યો આજ,
માહરા રે મનનો રે સકલ મનોરથ સહી ફલ્યો રે. ૭૧૨

—સં. ૧૭૧૫ વર્ષે ચૈત્ર વદિ ૯ સોમે લિખિતં પત્ર ૩૪ અમર.

(૪૨૩) કયવન્ના રાસ. સં. ૧૬૮૩ (૧–૪૫૧)

આદિ— દૂહા.

પ્રથમ **જિણેસર** પાએ નમું, **મરૂદેવ્યા** સુત જેહ,
મુખ પૂનિમનો ચંદલુ, કનક વરણુ જ દેહ. ૧
નાભિરાય કુલિ ઊપનો, જનમ હૂઓ જેણીવાર,
મેરૂ શરિં નવરાવીઓ, સુર મનિ હરખ અપાર. ૨
ઋષભ નામ તસ થાપીઉં, પરણાવ્યો બિ નારિ,
એકસુ પુત્ર હુઆ સહી, પૂત્રી બિ ઘરબારિ. ૩
વિપૂલ વંશ વાધ્યો સહી, પુહુતી મનની આસ,
જિનવર નામ જપી કરૂં, **કઇવંનાનો રાસ.** ૪

અંતે— ઢાલ કહઇણી કણી.

ગુણગાયા કઇવના કેરા, ઋષભદેવ પસાઇજી,
(ભણતાં) ગુણતાં હુઇ સુખ શાતા, સકલ ઋદ્ધિ........૨૭૮
—ગુણગાયા૦
વરતિ ભરતે......, એ છઇ તિહાં અધિકારાજી,
આ.. ......હાં લહીઇ, કથા બંધ વિસ્તારાજી. ૨૭૯
તપગછનાયક શુભ સુખદાયક,......સૂરીંદાજી,
સંયમધારી અતિ........ ચંદાજી. ૨૮૦
.... યો, કઈવનાનુ રાસજી,
.... મનની આસજી. ૨૮૧
હરલોચન દી...ગ અનોપમ, ચંદ્ર સંવચ્છર જાણુંજી,
મા...ત્રીજ અજૂંઆલી, વાર ગુરૂઅ વખાણુંજી. ૨૮૨
પૂષ્ય નક્ષત્રિ એ પણિ પ્રગટયો,......જઇ જઇકારોજી,
પ્રાગવંશ સંઘવી સાંગણ, અંગિ ધરઇ વ્રત બારોજી. ૨૮૩
(સંઘવી) સાંગણ સુત શ્રાવક સ(ખ)રૂ, ઋષભદાસ ત,
રાસ રચ્યો કઇવના કેરૂ, ફ્લ્યુ (મનોરથ મારોજી). ૨૮૪

—દેવચંદ લા. લાયબ્રેરીનો એક ગુટકો. ૧થી૨૩ પાનાં પંક્તિ ૧૫

(૪૨૪) વીરસેનનો રાસ.

આદિ— દૂહા.

સરસતિ ભગવતી ભારતી, બ્રહ્માણી કરિ સાર,
વીરસેન રાજા તણુ, કહું પ્રબંધ વિચાર. ૧
અ(નઇ પંચ) કંઠ ઊપરિ કથા, સુંણયો નરૂ ગુણવંત,
વીરસેન નર સમરતાં, લહીઇ સુખ અનંત. ૨

ચોપઇ.

સૂષ શાતા પુહુચઇ મન આસ, ગાસ્યૂં વીરસેનજી રાસ,
જંબૂદ્વીપ અનોપમ લહું, ભરતષેત્ર તેમાંહિ કહું. × × ૩

નીદ્રા ભોયણુ અલપ કમ, વચન સાર ધ્યન ત્યાગ,
રીષભ કહઇ પૂંજી દયા, ઉત્તમ વલહુ રાગ. ૩૨
નવયૌવન સ્ત્રી દેખિ કરિ, નયન રહઇ જસ ઠાંમિ,
રીષભ કહઇ જન જઇ કરી, તસ ચરણે સિરનામિ. ૪૬

અંતે— ઢાલ કહઇણી કરણી. રાગ-ધન્યાસી.

મુગતિ પૂરી માંહિં ઝીલસઇ, **વીરસેન** નરનારીજી,
કરજોડી ગુણ તાહારા ગાતાં, શુભ ગતિ હુઇ મ્હારીજી. ૪૧૩
મુગતિ૦
ગણુતાં ભણુતાં સુણુતાં સુખ બહુ, નાંમિં નવનધિ થાઇજી,
અશા પૂરૂષની કથા કરતાં, ચિરકાલપાંતીગ જાઇજી. ૪૧૪
રીધ્ય રમણી ધર રૂપ ભલેરૂ, ઊંત્તમ કુલ બહુ આઇજી,
વીરસેનનું નાંમ જપંતાં, સકલ સીધિ દરિ થાઇજી. ૪૧૫
અસ્યા પૂરૂષની કથા સુણિનિ, ચેતિ નર ગુણુવંતજી,
પાપ કરમથી પાછો ભાગઇ, ...

—છેલ્લું પત્ર નથી. પાનાં ૨૫ થી ૬૦ એટલે ૩૫ પાનાં. દે. લા. પુ. લા. ગુટકો. નં. ૧૧૨૬.

(૪૨૪-૧) નેમિનાથ સ્ત૦ સં. ૧૬૬૭. (૧-૪૫૧)

—સં. ૧૭૯૯ માહ વ. ૨ લિ. **સંઘવી ફતેચંદ સૂરસંઘ** ૪-૧૨ મો. મો. સાગર ઉ. પાટણુ.

(૪૨૪-૨) આદીશ્વર આલોયણ સ્ત૦ સં. ૧૬૬૬ (૧-૪૫૧)

—:-૧૩ દા. ૮૩ નં. ૪૩ હા૦

(૪૨૪-૪) આદીશ્વર વીવાહલો.

(૪-૧૨ પ્રત નં. ૨૪૪૮શ્રી મુક્તિ૦ વડોદરા.)

(૧૫૭૬૩) ૨૪ જિન નમસ્કાર. છપ્પયબદ્ધ.

આદિદેવ અરિહંત, ધનુષ પંચસિં કાયા,
ક્રોધ માન નહિ લોભ, કરમ નહી મૃષા ન માયા;

નહિ રાગ નહી દ્વેષ, નામ નિરંજન તાહરૂં,
દીઠું વદન વિશાલ, પાપ ગયું સવિ માહરૂં.
નામિં હું નિરમલ થયો, જપું જાપ જિનવર તણો,
કવિ **ઋષભ** ઇમ ઉચ્ચરઇ, **આદિ દેવ** મહિમા ઘણો. ૧××
વંદું **વીર**જિણંદ, મહીઇ જિણિ **મેરૂ** નમાયો
હરી સમઝાયો રાય, દેવ ભિણિ પાય લગાયો,
શૂલપાણિ સમજિ આણિ, નાગ ગતિ સુરની સારી
ચંદનબાલા જેહ, લેઇ બાકુલા તારી,
ઉદાયી અરજુન અનેક નર, ગયો તિમ **મેઘકુમાર**
કવિ **ઋષભ** કહિ **વીર** વચનથી, બહુ જન પામ્યા પાર.

—(૧) ૪–૧૩ દા. ૮૨ નં. ૧૩૭ હા૦ (૨) ૧–૧૪ અપૂર્ણ જશ૦

[પૃ. ૪૫૮ ની હકીકતમાં સુધારો કે સાંગણપુત્ર વિક્રમકૃત નેમિદૂતની સં. ૧૬૦૨ માં લખાયેલી પ્રત બાલુચરના ગદ્દુબાબુને ત્યાં જીર્ણ છે (નોટિસીઝ ઑફ ધી સંસ્કૃત મેનસ્કિપ્ટ્સ વૉ. ૧૦ નં. ૨૭) તેથી આ વિક્રમ ઋષભદાસના ભાઇ હોઇ ન શકે એમ નિશ્ચિત થાય છે.]

---

૨૧૧ કનકસુંદર (વડ તપ ગ. વિદ્યારત્ન શિ.) (૧–૪૫૮)

(૪૨૬) કર્પૂરમંજરીનો રાસ (સુધારો સં. ૧૬૬૨ (૧–૪૬૦)

આદિ— વસ્તુ

સકલ સિદ્ધિકર સકલ સિદ્ધિકર આદિ અરહંત,
રિષભાદિક ચઉવીસ **જિન**, તાસ ધ્યાન મન્ન મઝિ આણીઅ.
તસ મુખપંકજવાસિની, ધરૂં ચિત્તિ વલી કાંમ જાંણીઅ,
સા **સરસતિ** ભગવતી ભલી, આપિ બુદ્ધિ પ્રકાશ,
દાંનાદિક બહુ ભાવસું, ગાઊં ગુણ નિધિ રાસ. ૧

રાગ અસાઉરી.

સમરવિ હંસગમણિ ગુણખાણી, હંસવાહનિ હંઉઇ સપરાણી.
સુરનર ઇંદ્ર વખાણી. ૨
કરિ વીણા પુસ્તકિ ધણી આંણી, જપમાલી જગિ જાપિઈ જાંણી,
સા હઇડામાં જાંણી. ૩
તસ પદ પૂજઇ ઈદ્ર ઈંદ્રાણી, તે મૂરખ જેણે ચિત્તિ નાંણી,
વિબુધ તણી એ વાણી. ૪
ત્રિણિ ભુવન કેરી ઠકુરાંણી, નવિ જાંણિ તસ મતિ મૂંઝાણી,
રતુપ્પલ પદ પાંણી. ૫
ભારતિ ભૂતલિ પૂજઇ પ્રાંણી, તે પાંમિ રંતિ રંગ વિનાણી,
નિત સમરૂં બ્રહ્માણી. ૬
પદમાંબારા ચક્કેસરિ દેવી, શ્રુતદેવી તે સમરઈ તે લેવી,
શુભ ભાવિં મઇ સેવી. ૭
જાસ પ્રસાદાદ પ્રગટ જિન માંહઈ, કવિ કેતા સપરાંણા થાઈ,
મનમા હરષ ભરાઈ. ૮
તે સમરી કહું અદ્દભુત વાત, કૌતિક કોડિ હુઉ વિખ્યાત,
સુણુયો તે અવદાત. ૯

—પત્તન વર્ણન સિદ્ધપુર સિદ્ધરાજ જયસિંધ દે વર્ણન પુત્રાર્થે તીર્થથાપના બંગાલ દેશ ગમન કર્પૂરમંજરી થાન કવિ લોક પ્રથમાધિકાર. ૧૨૯ કડી.

—ઉજેણી વર્ણન મોહન વ્યાપાર પત્તન ગમન સિદ્ધપુરે પ્રાસાદ આગમન નખ વિલોકન પ્રતિરૂપ કરણ મોહ સાર મોહન દ્વિતીયાધિકાર. ૧૫૧ કડી.

—અાદ્યુઃ દધ્યાહ્વયોડધિકાર ૨૨૧ કડી.

ચુપઇ

વૃદ્ધ તપાગચ્છિ ગચ્છપતિ સાર, રયણસંઘ સૂરિ હૂઆ ઉદાર,
અહ્મદ સ્યાહા પ્રતિબોધ્યુ જેણિ, મારિ વરાવી સઘલઇ તેણિ. ૨૨૬

શિષ્ય તેહ પંડિત મુખ્ય, શ્રી **શિવસુંદર** ગ્રંથઈ દક્ષ,
હેમ સિદ્ધિ વિદ્યાનુ ધણી, બીજી લબધિ સુણીજિ ઘણી. ૨૨૭
શ્રી ગિરનારિ પાજ બંધાઇ, તુ જુ તે ગુરૂ સદ્ગુરુ પસાય,
'**શિવસુંદરી**' પાજનું નાંમ, આજ લગિ દીસઇ અભિરામ. ૨૨૮
તાસ સીસ **જયપ્રભ** ઉવજઝાય, તેહિ અતિશયા પણિ કહિવાય,
તેહના દખ્યા ૫૬ ઉંકાર, શ્રી **જયમંદિર** ગુણ ભંડાર. ૨૨૯
તસ શિષ્ય **વિદ્યારત્ન** વિશાલા, અંતેવાસી તેહનુ સહી,
જ્ઞાંન બુદ્ધિ પૂણે તેહથી લહી, **કનકસુંદર** ઉવજઝાઇ કહ્યું.
દાન ધર્મ જગિ મોટુ લહ્યું. ૨૩૦
વિક્રમ સંવત **નસિપતિકલા, રસ લોચન** રત્રાણ્યો નિર્મલા,
વરજાલુલિ રહ્યા ચુમાસિ, રચ્યુ રાસ એ મનિ ઉલ્હાસિ. ૨૩૧

—ઇતિશ્રી મોહસાર કર્પૂરમંજરી રાસે રાજા મંત્રી મહાજન ભોજન કર્પૂરમંજરી ગ્રહણ પત્તનાગમન વિવા હેમ સૂરિ પૂર્વભવ-કથન ઊજેણીગમન શ્રાદ્ધધર્મકરણ અનશનાધિકાર સ્વર્ગગમન ચતુર્થાધિકાર સંપૂર્ણઃ—લાટાપલ્લી મધ્યે લિખિતં સં. ૧૭૧૨ માહા સુદ ૮ ભો. ૨૯-૧૪ દા. ૬૩ નં. ૨૨ સંઘ ભંડાર પાટણ.

(૧૫૭૭) રૂપસેન રાસ સં. ૧૬૭૩ સત્યપુર (સાચોર)માં.

—પત્ર ૪૩ ગા. ૯૯૩ ગ્રં. ૧૩૦૦ સં. ૧૭૦૭ આ. શુ. ૪ શ્રી રત્નમેરૂ શિ. રાઘવયુતેન પો. ૮૧ નં. ૨૦૨૯ જિ. ચા.

(૧૫૭૮) દેવદત્ત રાસ.

આદિ— ચઉપઇ

સરસતિ ધ્યાઉં મનિ ધરી ભાવ, જે સાચી છઇ ભવની નાવ,
તે માતાનઇ લાગુ પાય, સિદ્ધિ બુદ્ધિ ગતિ દેયો માય. ૧
કાસમીર મુખ મંડનિ માત, ત્રિહું ભુવને છઇ તૂં વિખ્યાત,
સીસ હાથિ દિઉ સામણિ મંજ, નિસિ વાસરિ આરાધું તુજઝ. ૨
વાહિણ હંસ હાથિ ભલ વીણ, સુર નર પન્નગ નાદિઈં લીણ,
તુઝ વિણુ મતિ નહી કવિજન તણિ; ઊચ નીચ સહૂ તુઝનઇ ભણિઇ.

મન માહરિ એક લાગી ખંતિ, ગાવા પુણ્ય તણી મહા કાંતિ,
કુંથ ચરિત્ર માહિ એક વાત, સાહ પુત્ર બોલિઉં અવદાત. ૪
નવરસ વિબુધ વખાણુઇ ધર્મ, કૌતકાદિક છઇ બહુ મર્મ,
પ્રથમ રસ શૃંગાર ઉદાર, ઠામિ ઠામિ ભાખ્યઉ છિ સાર. ૫
જંબૂદીપહ ભરતહ મઝારિ, **લીલાવતી** નગરી વિસ્તારિ,
વિદુર વિચક્ષણુ નાગર રહીઇ, કિસીઅ છઇ તે કવિયણુ કહઇ. ૬

અંતે—

ઇમ જાણી તપ કરયો સાર, જિમ ઊતારઇ ભવનુ પાર,
ચારિત્ર રૂપ કહિઉ જિન ધર્મ, તેહ થિકી પામિઉ શિવ શર્મ. ૪૦૪
આગઇ એ પણિ રાસ જ હતુ, **મારૂની ભાષા** બોલતુ,
પદ સમતા નહી લગાર, પદ જૂજૂયાનિ કોઇ વિચાર. ૫
વડગછ માહિં પ્રધાંન, **રતનાકર** એહવઉ પમાંન,
શાખા વિસ્તારિ તે હૂયા, **ધનરત્ન** સૂરીસ્વર જૂયા. ૬
રહસ્ય તેહનૂં હીયડઇ ધરી, **ગૂજરી ભાષા** ચઉપઇ કરી,
કાંઇ કાંઇ તેહ નૂંતન કર્યો, એહ ચરિત ઇણિપરિ ઊધરિઉં. ૭
શ્રી **અમરરત્ન** સૂરીશ્વર સાર, વિદ્યાનુ નવિ લાભઈ પાર,
સૂરીસ્વર થાપ્યા તિણિ ઠાર, જિન આરાધ્યા વિવિધ પ્રકાર. ૮
કલ્યાણરત્ન સૂરીસ્વર કયા, નિજપક્ષઈ તે મિંઈ લહ્યા,
સંપ્રતિ ગુરૂ **દેવરત્ન** સૂરીસ, ચારિત્ર પાલિઇ નહી મનિ રીસ. ૯
વાચક વર **વિદ્યા** ગુણ સાર, **રતન** પરિ નિર્મલ ઝમકાર,
તસ પદ **કનકસુંદર** નિત નમઇ, તસ નાંમિ લીલામાં રમઈ. ૧૦
એ કૌતક ધુરિ કીધાં ઘણાં, સુખકર કામી જન મન તણાં,
વૈરાગ્ય રસ છેહડઇ આણીઉ, સૂધઉ જનમત જાણીઉ. ૧૧
જપવો સહૂ જિનનૂ નાંમ, જિમ જીવ પામઇ વંછિત કામ,
મંગલીક હુઇ જિનનઈ નામિ, વંછિત લહીઇ ઠામોઠામિ. ૧૨

—૧૧-૧૮ દા. ૭૧ નં. ૪ ડે.

(૧૫૭૮ક) જિનપાલિત સઝાય ૭૭ કડી.

વિમલ વિહંગમ વાહનીરે, દો વાંણી સુવીસાલ,
વિરત તણા ફલ ગાયસુ, શ્રી જિન વાંણી રસાલોરે;
ભવિયણ સાભલો.

અવિરત દુરિ નિવારોરે, દોહિલુ વિષય વિકારોરે-ભવિ. ૧××
જ્ઞાત કથા ઇમ સાંભલી હરખિ પરષદ બારોરે,
જિનવાંણી સૂણી સદ્દવહિ તસ ઘરિ હુઇ સુખકારોરે. વિ. ૭૬
કનકસુંદર ઉવઝાયાં બોલિઇ, જે ભણિ ભાવિ ભોલિરે,
મુગતિ તેહનિં રાખિ ખ્યેલિ, મલસિ નવનિધ ઢોલિરે.
વિષય ન રાચિ તે ડાહા. ૭૭

—૩ ઉભી પંક્તિ ૪૦ નં ૧૧૫ જશ૦

(આ કનકસુંદર ગણિએ 'જ્ઞાતાધર્મ સ્તબક'ની પ્રત સં. ૧૭૩૧ (?)માં લખી તેમાં પોતે જણાવે છે કે વૃદ્ધતપાના સ્થાપક દેવભદ્રના પટ્ટધર દેવરત્નના પટ્ટધર જયરત્નસૂરિના શિષ્ય વિદ્યારત્નગણિના પોતે શિષ્ય છે જુઓ.

चंद्रसूरिगच्छोजनि तस्मिन् चैत्रगच्छे भुवनेंदुसूरिः तच्छिष्यस्तत्पट्टे श्री देवभद्र सूरीश्वरः येन तपाविरुदं कृतं तदनुक्रमेण श्री वृद्धतपापक्षे श्री देवरत्नसूरी વગેરે નં. ૧૦૮૭ પ્ર. કા. વડો. (વે.))

---

૨૧૨ પદ્મકુમાર (ખ. પૂર્ણચંદ્ર શિ.) (૧-૪૬૨)

(૪૨૮) મૃગધ્વજ ચો૦ (૧-૪૬૨)

આદિ—

પણમિય સિરિ **ગોયમ** ગણહર મણહ ખાય,
હું ગાવસિં ગિરૂયા **મૃગધ્વજ** મુનિવરરાય,
સાવસ્તી નગરી અમરાવતી સમાણ,
તહાં રાજ કરઇ **જિતશત્રુ** નરેસર જાણ. ૧

—(૧) સાહા હાંસા પઠનાર્થં ૪-૧૯ દા. ૩ નં. ૫૧ લે૦ પાટણ. (૨) નં. ૫૯ ડો. અ. સંઘ ભં. ભાવનગર (વે.) (૩) પત્ર ૪ મુકનજી સં.

---

૨૧૩ સંયમમૂર્ત્તિ (૨) (વિનયમૂર્ત્તિ શિ.) (૧-૪૬૨)

(૧૫૭૯) ૨૪ જિન બૃહત્સ્ત૦ (ચોવીશી)

—(૧) પત્ર ૮ પો. ૪ ચતુ૦ (૨) પત્ર ૮ પો. ૫ ચતુ૦

(સંયમમૂર્ત્તિ (૧) માટે જુઓ પૃ. ૬૦૪)

---

૨૧૪ માલ મુનિ (૧-૪૬૩)

(૪૩૦) અંજનાસતી ચો. સં. ૧૬૬૩ પહેલાં (૧-૪૬૩)

—સં. ૧૭૧૮ શ્રા. સુ. ૬ સોમે આચાર્ય હંસરાજ તસ્ય છા.... કિસોર ઋ. શિ. પુણ્યપ્રતાપ ઋ. પઠનાર્થં સુહેદી પત્ર ૩ પો. ૬ નં. ૩૯૦ અભય.

---

૨૧૫ વિજયસાગર (ત. સહજસાગર શિ.) (૧-૪૬૪)

(૪૩૧) + સમ્મેતશિખર તીર્થમાળા સ્ત. સં. ૧૬૬૪ આસ. (૧-૪૬૪)

—(૧) ગણિ વૃદ્ધિવિજય લિ૦ ૪-૧૫ નં. ૯૪ પાદરા (૨) પં. સૂર્યકુશલ શિ. મુનિ ધનકુશલ લિ. વિઝોવા નગરે ૭-૧૨ જશ.

સહજસાગર શિ૦ (વિજયસાગર ?)

(૧૫૭૯ક) ઇષુકાર અધ્યયન સઝાય ઢાલ ૩ સં. ૧૬૬૯ વગડીમાં

આદિ— કહિઇ મિલસ્યઈ હો મુનિવર એહવા એ દેશી.

સહજ સલૂણા હો સાધજી સેવીયઈ, વસીયઈ ગુરૂકુલવાસોજી
સુણીયઇ સખરી હો સીખ સુહામણી, છૂટીજઈ ભવવાસોજી. ૧

પૂત ન કરીયઇ હો સાધુ વિસાસડો નગર ધૂતારાય હોજી,
બાલહત્યા કરઇ એ બીહઇ નહી, વિરૂઆ વિષ નામે હોજી. પૂત. ૨

અંતે— (૩ ઢાલ દેશાખની)

ઇમ હેતુ જુગતિહિત નયણે, રાય રીંઝયો રાણી વયણે,
ધન્ય ધન્ય શ્રી નૃપ ઈષુકાર, હુઉ રાય રિષીસર સાર. ૧ × ×
એહ અરથ કહિઉ અતિ રસમઈ, ઉત્તરાધ્યયન ચઉદસમઈ,
શ્રી મુખ જિન **વીર** પયંપઈ, સુણતાં સવિ પાતિગ કંપઇ. ૧૯
જગિ સહૂઅ કરોએ કામ, જિમ પામો તેહજ ઠાંમ,
એહ ચરિત્ર સુણી નર જાગો, ભવિ ભવિ એહવઉ ગુણુ માગો. ૨૦
ગુરૂ મુખિ એ મુાન સાંભલીયા, પરતિખિ મુઝ એહવા મિલિયા,
તપગચ્છપતિ હીરમુણિંદ, શ્રી **વિજયસેન** સૂરિંદ. ૨૧
શ્રી **વિજયદેવ** જયવંતા, ત્રિણુ ગણધર એ ગુણવંતા,
શ્રી **સહજસાગર** બુધરાયા, પામી તે સદ્ગુરૂના પાયા. ૨૨
થુણીઅ મઇ એ અણુગારા, જપતાં જગિ જય જયકારા,
સોલહ ઉગણોત્તર આદિં, શ્રી **સુવધિનાથ** પ્રસાદિ. ૨૩
શ્રી **વગડી** નયર મઝારિ, શ્રી સંઘતણઇ આધારિ,
જપતાં શ્રી ઋષિ રાસ, મુઝ સફલ ફલી મન આસ. ૨૪

—(૧) ૨–૨૧ જશ૦ (૨) સં. ૧૭૩૨ આસો વ. ૨ પં. ગંગકુશલ શિ. મુનિ લાભકુશલ લ૦ મુ. ધનકુશલ પઠનાર્થ પત્ર ૩ કમલમુનિ.

---

૨૧૬ હીરો (ત. વિજયસેનસૂરિ શિષ્ય શ્રાવક) (આ કદાચ નં. ૨૧૯મા હીરાનંદ શ્રાવક હોય.)

(૪૩૩)+ ધર્મબુદ્ધિ રાસ–ઉપદેશ રાસ. સં. ૧૬૬૪ મહાપર્વે નવલખામાં (૧–૪૬૭)

આદિ— રાગ રામગિરી ચોપઈ.

સકલ સુમતિ આપો મુઝ માત, **સરસતિ** સામિણિ જગ વિખ્યાત,
છતી વસ્તનિં માગઇ કોય, ના કહિવાની નીતિ ન હોય. ૧
ધ્યાંન ધરૂં જિનવર તણું, જિમ વંછિત સીઝિ આપણું,
સુગુરૂ પસાઇ સુમતિ પાંમિઇ, **હીર** ચરણે નિસિ શિર નાંમિઇ. ૨
જગમાંહિ જીવ ઘણા ભવ કરઇ, માંણુસ ભવ અતિ દોહિલઇ ધરઇ,
ત્રિણિય તત્ત્વ મુગતિનું હેત, તે પ્રીછયાનો કરો સંકેત. ૩

અંતે— ઢાલ રાગ ગોડી પીતરિણી સુપાસ એ દેશી.

ભાવ ધરી કર્યો રાસ સાહસ આદરી, વિબુધ સોધજ્યો મન ધરી એ.
...ગુણનો નવિ પાર, હું મૂરખ ન સકું કહી એ. ૧૬૭
હું નવિ જાણું શાસ્ત્ર, બુદ્ધિ ઘણી નહિં, **ધર્મબુદ્ધિ** રાસ મિં કર્યો એ.
ભણતાં સુણતાં રાસ સંપતિ બહુ મિલઇ મનવંછિત સઘલાં ફ્લઇ એ.
રાગ દ્રેખ કરી દૂરિં નંદ્યા પરિહરી છતી વસ્ત સવલી કહી એ.
જિનધર્મ અતિંહિ દુલભ, પરમાદ પરિહરી, આદરજ્યો ઉલટ ધરી એ.
અમૃતનો લવલેસ સુખ તે બહુ દિઇ જિનધર્મિં સુખ સહિ ઘણા એ.
કહિણી કરણી એક શુદ્ધ પરંપરા ઘણી પરિક્ષાઈ આદર્યો એ.
અવરત જો સવિ દંદ **તપ**પચ્છ આદરો અવધિ કિસી દીસઇ નહિં એ.
'જગગુરૂ' બિરૂદ **સવાઇ** સાહિબ સહુ નમિં **વિજયસેનસૂરિ** દીપતા એ.
ચિહું ખંડિ કરાવી અમારિ, દાંણ સવિ છોડવ્યાં તીર્થાદિક મુગતા કર્યાં એ.
સોલ ચોસિઠા વર્ષ મહાપર્વ તેણિં રાસ સંપુરણ નીપનો એ.
નવલખા નયરિ મઝારિ **સુવિધિ** પસાઉલિ હરખિં **હીરો** વીનવઇ એ.

—(૧) સં૦ ૧૭૩૫ ચૈ૦ શુ૦ ૧૫ સોમે ગ્રંથાગ્ર ૨૦૦. ૧૧-૧૪ ડાહ્યાભાઇ વકીલ સુરત. (૨) પ્ર. બી. મા. (જિનદાસ કૃત વ્યાપારી રાસ સાથે)

૨૧૭ મેઘરાજ (૨) (આં. ભાનુલબ્ધિ શિ૦) (૧-૪૬૭)

(૪૩૫) સત્તરભેદી પૂજા.

—(૧) ૪-૧૪ માં. (સુધારો) (૨) ગ્રં. ૨૪૦,૯-૧૩ જૈ. એ. નં. ૧૩૫૯.

---

૨૧૮ મૂલા વાચક (આં. ધર્મમૂર્ત્તિસૂરિ-રત્નપ્રભ શિ૦) (૧-૪૬૮)

(૧૫૯૯ક) ગજસુકુમાલ સંધિ સં. ૧૬૨૪ ફા. શુ. ૧૧ સાચોરમાં.

આદિ—

પણમિય **વીરજિ**ણેસર સ્વાંમિ, હુંઈ નવનિધિ જસ લીધઇ નાંમિ,
સ્વામી તણા પંચમ ગણધાર, **સોહમ** સ્વામિ કરઈ વિહાર. ૧
પહુતા પુર સુર **ચંપા** થાંન, **પૂર્ણભદ્ર** જિહાં અછઇ ઉદ્યાન,
અમીય સમાણી વાણી જેહ, નિસુણી પરિષદ પહુતી ગેહ. ૨

અંતે—

એમ કહીનઇ ધરિ આવઇ, દિન દિન સાધ તણા ગુણ ગાવઇ.
સાંભલિ **જંબૂ** એહ વિચાર, **વીર** વચનથી કહું નિરધાર. ૧૩૦
સંવત **સોલચઉવીસા** વરસઇ, ફાગુણ સુદિ ઇગ્યારસિ દિવસઇ,
સાચઉર મંડણ **વીર**પસાઇ, અલીય વિઘન સવિ દૂરિઇ જાઇ. ૧૩૧
ગાયુ **ગયસુકુમાલ** મુનીસ, પૂરઈ સંઘ તણી જગીસ,
સંધિ ભણતાં હરષ અપાર, **અંચલ**ગછિ ગિરૂઆ ગણધાર. ૧૩૨
યુગપ્રધાન ગછનાયક જાણુઉં, **ધર્મ્મમૂરતિ** સૂરિંદ વષાણું,
જસ નાંમિ હુઇ જઇકાર, વાચક **રત્નપ્રભ** શ્રુતધાર. ૧૩૩
તાસ સીસ ઋષિ **મૂલઇં** કીધ, **ગયસુકુમાલ** તણી એ સંધિ,
એહ સંધિ જે ભણઇ ભણાવઇ, ઋદ્ધિ વૃદ્ધિ તસ મંદિર આવઇ. ૧૩૪

—(૧) સં૦ ૧૬૯૯ કા. વદિ ૬ સોમે અહ્માવાદ નગરે, અંચલગછે, પૂજ્ય કલ્યાણસાગર સૂરીસ્વર વિજય રાજ્યે તદાજ્ઞાકારી

વા૦ વીરચંદ્રગણિ શિ૦ પં. ધનસાગર ગણિ શિ. મુનિવર કીર્ત્તિચંદ્ર મુનિવર શ્રી ઉભયચંદ્રેણ લિ૦ સંઘવી ગજા ભાર્યા ગજમલ્હદે પઠનાર્થં. પ-૧૬ દા. ૧૬ નં. ૨૦ ઘોઘા ભં. (૨) સં. ૧૬૯૬ જ્યે. વ. લિ. સાધવી વા(મા)ણુ બાઈ પઠનાર્થં કલકત્તા સં. કૈં. વો. ૧૦ નં. ૯૮ નં. ૨૦૬-૨૦૭.

૨૧૮૩-૭૭૫ ક્ષેમકુશલ (ત. મેઘ શિ.) (૧-૪૬૯)

(૧૫૮૦) લૌકિક ગ્રંથોક્ત ધર્માધર્મ વિચાર સૂચિકા ચતુઃપદિકા

સં. ૧૬૫૭ વૈ. શુ. ૧૦ શુક્ર.

આદિ—

સરસતિ દેવિ સમરૂં નિશિ દીસ, શ્રી ગુરૂ ચરણે નામી સીસ,
બોલું ધર્માધર્મ વિચાર, જે જાણઈ જીવ તરઈ સંસાર. ૧
સર્વ ધર્મ સાંભલવા સહી, એહિ વાત પરમેશ્વરિ કહી,
તે માહિલો તત્ત્વ વિચાર, ગ્રહી કીજઇ નિજ આતમ સાર. ૨
સાચું બોલઈ ધર્મ ઉપજઇ, દયા દાનિ સાચું નીપજઇ,
ક્ષમા વાડિ રખોપું કરો, ક્રોધ લોભ રિપુ દૂરિઇ ધરો. ૩

અંતે—

ઇંદુ રસ બાણ મુનિ જાણિ, ઇણઇ સંવત્સરિ ચડી પ્રમાણિ,
વૈશાખ શુદિ દશમી શુક્રવાર, રવિયોગઇ વેદ પદિકા સાર. ૪૬૨
અકબર સાહા પ્રતિબોધ્યો જેણ, સેત્રુંજ મુકતો કરાવ્યો તેણિ,
વરસિ ષટમાસી અમારિ, જીજિયા દાણ મુંકાવ્યા સાર. ૬૩
શ્રી હીરવિજય સૂરિ ત્રિજગ પ્રસિદ્ધ, નામિ લહીઇ વંછિત સિદ્ધિ,
શ્રી જિનસાસન ઉદયો ભાણ, શ્રી વિજયસેન સૂરિ યુગપ્રધાન.
પાટ પ્રભાકર શરદ દિણિંદ, જય જય વિજયદેવ સૂરિંદ,
તપગછ મંડણ મેઘ મુણિંદ, ક્ષેમકુશલ સુખ પરમાણંદ. ૬૫
જિહાં ગયણંગણિ તારાચંદ, મહીયલિ દીપઇ મેરૂ ગિરીંદ,
જિહાં લોકપ્રસિદ્ધા સાગર સાત, તિહાં જગિ ચઉપઇ જગ વિખ્યાત.

—(૧) ઋષિ સૂરવર્દ્ધન લિ. ૧૯-૧૨ દા. ૭૧ નં. ૩૭ ડે. (૨) સં. ૧૭૩૩ ચૈ. શુ. ૧૦ સોમે પં. પ્રીતિવિજય ગણિ શિ. મુનિ કેશરવિજય લિ૦ રોહિડા નગરે ૧૨-૧૮ દા. ૮૧ નં. ૩૭ હા. (આમાં જીવ દયા, માંસત્યાગ, મદ્યત્યાગ, અતિથિ આદિ ૨૦ અધિકાર છે.)

(૧૫૮૧) રૂપસેન કુમાર રાસ, લ. સં. ૧૬૮૨ પહેલાં.

આદિ— રાગ-ભૂપાલ.

રિષભ શાંતિ નેમીશ્વરા, પાસ વીર પરણામ,
ઋદ્ધિવૃદ્ધિ સંપતિ મિલઇ, જસ લીધઇ તિઇ નામ. ૧
સહગુરૂ વચન સુહામણા, સુણતાં નાવઇ રીસ,
ભૂપ નમઇ જગિ વસ્ય હુઇ, સહુકો નામઇ સીસ. ૨
હૃદયકમલ રાખું સદા, શ્રી **જિનશાસનદેવિ**,
અહનિશિ સા આરાહીઇ, વિઘન વિણાસઇ હેવિ. ૩
વિમલકમલદલ વાસિની, વંછિત પૂરઇ આસ,
સા **સારદ** મનિ સમરતાં, આપઇ વચન વિલાસ. ૪
શ્રી **મનમથ** નૃપ કુલતિલઉ, **રૂપસેન** અભિધાન,
તાસ તણી સુકથા કહું, સુણજ્યઉ સહુ સાવધાન. ૫

અંતે— દૂહા રાગ-ધન્યાસી.

સંગતિ કીજઇ સાધની, ખેમકુસલ પૂચ્છેવ,
સમરી મંત્ર નવકાર પદ, રામરાય વિકસેવ. ૪૬૦
સું કીજઇ ન્યાયનું રસ રાખઇ બિહુ ઠાણઇ,
નામ ધરઇ નિજ ગુરૂ તણુઉં, થિર સુખ લઇ નિર્વાણિ. ૪૬૨

—સં. ૧૬૮૨ અંચલગચ્છે ઋ. જીવરાજ લ૦ ૧૭-૧૬ દા. ૧૭ વી ઉ.

(૧૫૮૧ક) શ્રાવકાચાર ચોપઇ. ૭૮ કડી.

જગબંધવ સામી જિણરાય, ભગતિ કરી પ્રણમું તસુ પાય,
શ્રાવક ભણી કહું હિત સીખ, દેસવિરતિ કહિયે જિન દીખ. ૧××

જોઇ આગમ અરથ વિચાર, એ બોલ્યો શ્રાવક આવાર,
શ્રી જિનધર્મ કરઇ જે સાર, ખેમકુશલ તે લહઇ અપાર. ૭૮

—આમાં અનેક પ્રમાણો જિનપૂજા વિષયે પ્રાકૃત ગાથામાં આગમનાં ટાંકયાં છે. (૧) ૩-૧૫ ભાગ્યરત્ન ખેડા. (૨) વા૦ સહજરત્નગણિ શિ૦ હર્ષલાભ મુનિના લિ૦ સા. સદા પઠનાર્થં શુભમસ્તુ ૪-૧૧ જૂની પ્રત છે પ્રત નં. ૨૪૪૬. મુક્તિ૦

૨૧૮ખ હર્ષકીર્તિસૂરિ (ના૦ ત. રત્નશેખર સંતાનીય જયશેખર-સોમરત્ન-રાજરત્ન-ચંદ્રકીર્ત્તિસૂરિ શિ.) ૧-૪૬૯

(૪૩૭ખ) વિજયશેઠ વિજયા શેઠાણી સ્વલ્પ પ્રબંધ (૧-૪૬૯)

આદિ—(પ્રથમ ઉમેરો) ઢાલ પ્રથમ.

પ્રહ ઉઠીરે પંચ પરમેષ્ટિ નમઉં, મન સુધ્ધેરેં તેહનેં ચરણે હું નમું,
ધુરિ તેહનેરે અરિહંત સીદ્ધ વખાણીઈ, આચારજરે ઉપાધ્યાય
મન આંણીઈ. ૧
આણીયેં નીજ મન ભાવ સુધ્ધેં ઉપાધ્યાય નમું વલી,
જે પનર કર્મભૂમીમાંહિ સાધુ પ્રણમું તે વલી.
જિમ કૃષ્ણપક્ષિં અને સુકલપક્ષિં સીલ પાલ્યો તેહ સુણો,
ભરતાર અને સ્ત્રી બિહુઈ તેહનું ચરિત ભવિ ભાવિં ભણુઉં. ૨

—૨-૧૨ મુનિ જશ૦ (કર્તાએ સંસ્કૃતમાં અનેક ગ્રંથો રચ્યા છે. જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.)

૨૧૯ક શાંતિકુશલ (ત. વિનયકુશલ શિ.) (૧-૪૭૧)

(૪૩૮ક-૨) ઝાંઝરીઆ મુનિસઝાય (૧-૪૭૧)

આદિ—

સરસતિ કોમલ સારદા, વાંણી વર દ્યો માય,
પયઠાણપુરપાટણ ધણી, સબલ **મકરધ્વજ**રાય. ૧

મદન બ્રમ તસુ બેટડો, સીલવંત સુવિચાર,
અવર નહી અવનીતલઈ, મુનીવર મોહનગાર. ૨
ચરીઅ ભણું મન હેતસિઉં, આણી અવિચલ રાગ,
શાંતિકુશલ કહઇ સાંભલઉ, હવઇ મઈં લાધઉ લાગ. ૩

—સં. ૧૭૮૪નો એક ચોપડો જશ૦

(૧૫૮૨) **અંજનાસતી રાસ**. સં. ૧૬૬૭ મહા શુદ ૨ આરંભ સુવર્ણગિરિમાં (જાલોરમાં), પૂર્ણ જસોલામાં.

આદિ— રાગ આસાઉરી દૂહા

સરસ વચનવર **સરસતી**, તું જગદંબા માય,
કાસ્મીરી સમરૂં સદા, પજૂરણુઈ વરદાય. ૧
વીણા-પુસ્તક-ધારિણી, કમંડલુ કરિ ભરિ ભારિ,
હંસગમનિ હંસાસનિ, તું ભલઈ સિરજી કિરતાર. ૨
તું સોભાગિણિ ઝિગમગઇ, જિમ ઝબઝબકઇ વીજ,
તું સુરતરૂની મંજરી, તું અખ્યર તું બીજ. ૩
આકાસઇ તું ઉજલી, ભૂતલિ કીધુ વાસ,
પાતાલઇ તું પરગડી, ત્રિભવનિ લીલ વિલાસ. ૪××
રાસ રચેસ સતી **અંજના**, આલસ મ કરિ અયાણુ,
આવી તુઝ મુખ અવતરી, આજ હુઉ સુવિહાણુ. ૧૯
આગે મનહિ હઉં, રાસ રચઉં મંડાણુ,
જો વર લાધો **શારદા**, તો વચન કરૂ પરમાણુ. ૨૦

અંતે—

રાસ રચ્યુ સતી **અંજના**, મઇ જરનીચઉપઇ જોઇ રે,
અધિકું ઉછઉં જે કહ્યું, મુઝ મિછાકુકડ હોઇ રે. ૬૦૧
સંવત **સોલઈ સતસઠઇ**, માહા સુદિની બીજ વખાંણુંરે,
સોવનગિરિ માંડિઉ, **જસોલઇ** પૂરૂ જાંણુંરે. ૬૦૨
તપગછનાયક ગુણનિલઉ, **વિજયસેન** સૂરીસર ગાજઇરે,
આચારિજ મહિમા ઘણુ, **વિજયદેવ** સૂરી પદ છાજઇરે. ૬૦૩

તાતપ ચાંદણિ પરગડઉ, જસ મહિમાકીરતિ ભરિઉરે,
માન પ્રેમલદે ઊરિ ધર્યું, **દેવકિ પાટણિ** અવતરિઉરે. ૧૦૪
વિનયકુશલ પંડિતવરૂ, પર ઉપગારી ગુણદરિઉરે,
ચરણકમલ સેવા લહી, **શાંતિકુશલઈ** એ રાસ કરિઉરે. ૧૦૫
અવિચલકીરતિ **અંજના**, જાં રવિ શશિ હીડઇ આકાસઇરે,
પઢઇ ગુણઇ જે સાંભલઇ, રહિ લખિમી તસ ઘરવાસઇરે. ૧૦૬

—(૧) ૧૭-૧૭ દા. ૨૨ નં. ૩૦ સીમંધર. (૨) સં. સોલ અઠસઠા વૈ. સુદિ ૧૦ ગુરૌ ગણિ **શાંતિકુશલ** લ૦ ૨૬-૧૩ દા. ૧૭ **કવિસ્વલિખિત** વી. ઉ.

---

૭૭૬ સાહિબ (વિજયગચ્છ ગુણસાગરસૂરિ-દેવચંદ શિ૦)

(૧૫૮૩) સંગ્રહણી વિચાર ચોપઈ સં. ૧૬૭૮ વદિ ૬ સોમ.

આદિ—

સકલ જિણેસર પાઇ નમું, **ઋષભ** અંત **વર્દ્ધમાન,**
ચૌદહ સઇ બાવન સવઇ, ગણહર નમું સુગ્યાન. ૧xx
સંઘયણિ સૂત્રથી ઉદ્ધરૂં, કરૂં ચઉપહી છંદ,
સંતિનાથ સાનિધિ કરો, અંપાવતી આનંદ. ૫

અંતે—

શ્રી **વિજઈગછ ગુણસાગરસૂરિ,** ગ્યાનકિરિયા કરિછઇ ભરિપૂરિ,
તાસ થિવર મુનિવર **દેવચંદ,** તાસ સિષ્ય **સાહિબ** આણંદ. ૧૪
કલા ઉદધિ વાન અન **વિત્ત,** સંવત ઉત્તમ એહ પવિત્ત,
ક્રિષ્ણ પક્ષ છઠિ નંદા તિથઇ, સોમવાર જોગ રવિ છતઈ. ૧૫
સંઘયણિ સૂત્ર વિચાર એ ચરી, ગુરૂ પરસાદઇ મે ઉદ્ધરી,
સ્વાપર સમઝ ન કાજ અપાર, રચ એહ **ચાટસૂ** મઝાર. ૧૬
ભણઈ સુનઈ અનુભવઇ વિચાર, સદહઇ તે નર સમકિતધાર,
સાહિબકઉ **સાહિબ** નર તેહ, રત્નત્રય આરાધઇ જેહ. ૧૭

—સં-૧૬૭૫ આસો જ સુદિ ૧૨ સોમ પત્ર ૫૬ પો. ૭૦ જય૦

૨૧૯ખ-૭૭૭ ગુણવિજય [ત. કમલવિજય અને વિદ્યા-
વિજય શિ.] (૧-૪૭૨)

(૧૫૮૪) નેમિજિન ફાગ ૯૫ કડી સં. ૧૬૮૧ વસંતમાસમાં

શ્રી ગુરૂ **ગૌતમ સારદા,** સારદસસિ મુખ નૂર, લલના,
નેમિકુમર ગુણ ગાવતાં, હર્ષ હિઇ ભરપૂરિ લલના
ફાગ રમઇ રલિઆમણો. આંકણી ૧
જે નર ચતુર સુજાણ લલના, ફાગ રંગલો તે રમઇ,
પામઇ કોડિ કલ્યાણ લલના, ફાગ રમઈ રલિઆમણોરે. ૨××
ઘણા દિવસનો અલજયો, જોવા ગઢ **ગિરિનાર** લલના,
આજ મનોરથ મુજ ફલ્યા, મિલીઓ **નેમિકુમાર,** લ.
ફાગ રમઇ० ૯૧
સંવત **સોલઇકયાસીઈ,** મોટઇ માસ વસંત લ०
ફાગ ફૂલમાલા કરી, પૂજ્યો **રાજલિ**-કંત, લ० ફા० ૯૨
ઊજલગિરિ શિર ઊપરિં, રંગઇ રચીઉ ફાગ લ०
ભણઇ ગુણઇ જે સાંભલઇ, તસ ઘરિ સુખ સોભાગ લ० ફા० ૯૩
શ્રી ગુરૂ **કમલવિજય** જયો, **વિદ્યાવિજય** ગુરૂ સીસ લ०
ગુણવિજય પંડિત વીનવઇ, પૂરો મનહ જગીસ લ० ફા० ૯૪

કલસ

ગિરિનાર ગિરિવર શિખર શેખર સંથુઓ **ને**મીસરો.
જિનરાજ **રાજલિ** હૃદય પંકજ કેલિ લીલા મધુકરો.
શ્રી **વિજયદેવ** સૂરિંદ **તપ**ગણ ગગનમંડલ દિનકરો,
શ્રી **કમલવિજય** મુણિંદ સેવક **ગુણવિજય** જયજય કરો. ૯૫

(૧૫૮૫) + વિજયસિંહસૂરિ-'વિજયપ્રકાશ'-રાસ
(ઐ.) સં. ૧૬૮૩ વિજયાદશમી, સીરોહીમાં

આદિ—

પ્રથમ નાથ પૃથ્વીતણા, પ્રણમું પ્રથમ જિણંદ,
માતા મરૂદેવી તણો, નંદન નયણાનંદ. ૧

સીરોહી મુખ મંડણો, દુઃખનો ખંડણહાર,
ઋષભદેવ સહિબ સાબલ, વાંછિતફલ-દાતાર. ૨
જગપતિ જિનપતિ જે ધરઇ, ગજલાંછન નિસદીન,
હીરવિજયસૂરિ હાથસ્યું, એ; થાપ્યો જગદીસ. ૩
અજિતનાથ જગ જીપતો, દૌલતિ-કર દીદાર,
ઓસવંશનઇ દેહરઇ, જપતાં જય જય કાર. ૪
શાંતિ શાંતિકર સોલમો, પરમ પુણ્ય અંકુર,
નગર શિરોમણિ શિવપુરી, સુહવિ શિર સિંદૂર. ૫
કમઠ કાઠથી કાઢિઓ, જિણિ જલતો ભુજગિંદ,
લાખ ચ્યુંવાલીસ ઘર ધણી, તે કીધો ધરણીંદ. ૬
તે દુઃખ-ચિંતા-ચૂરણો, પૂરણ પૂરઇ આસ,
પ્રહ ઉઠી પ્રભુ પ્રણમિઇ, શ્રી જીરાઉલિ પાસ. ૭
સાસન-સાહિબ સેવીયઇ, સમરથ સાહસ ધીર,
બંભડવાડિ-મંડણો, વીર વાડ મહાવીર. ૮
વચન સુધારસ વરસતી, સરસતિ દિઉ મતિ માય,
કમલવિજય ગુરૂપદ કમલ, પ્રણમું પરમ પસાય. ૯
હીર પાટિ જેસિંગજી, પાટિ પ્રગટ જગીસ,
શ્રી વિજયદેવ સૂરિસરૂ, જીવો કોડિ વરીસ. ૧૦
તિણિ નિજ પાટિં થાપીઓ, કુમતિ-મતંગજ-સીહ,
વિજયસિંહ સૂરીસરૂ, સકલ સૂરિ સિર લીહ. ૧૧
રાસ રચ્યું રલીયામણો, મનિ આણી ઉલ્લાસ.
વિજયસિંહ સૂરિ તણો, સુણયો 'વિજયપ્રકાશ' ૧૨
સાવધાન સજ્જન! સુણો. પહિલા દિઉ દુઇ કાન,
ખંડાની પૃથ્વી કહી, વિદ્યાનાં છઇ દાંન. ૧૩

અંતે—

ચોમાસુ ગુરૂજી કરઇ, સીરોહી સુખઠામ
તેજપાલ શાહ પ્રમુખ સહુ, સંઘ કરઇ શુભકામ ૨૦૭

વિજય દસમી દિન દીપતુ, વિજયદેવ ગુરૂ પાસ
વિજયસિહ સૂરિ તણો, ગાયઉ 'વિજય પ્રકાશ' ૨૦૮

રાગ ધન્યાશ્રી

મહાવીર જિન પાટિ ધુરંધર, સ્વામી **સુધર્મા** સોહઇજી
જંબૂ પ્રભવ શય્યંભવ સૂરીય, યસોભદ્ર મન મોહઇજી
ઇમ અનુક્રમિ **જગચ્ચંદ્ર** મહામુનિ, ચ્યુંઆલીસમિ પાટિજી
'તપા' બિરૂદ તસ રાણઇ થાપ્યું, **મેદપાટિ આઘાટિ**જી ૨૦૯

તિણિ **તપ** ગણિ ગુણવંતિ પાટિં, **દેવસુંદર** સુખકારીજી
પંચાસમ પાટિઇ ગુરૂ સુંદર, **સોમસુંદર** ગણધારીજી
તેહ થકી છપન્નમિં પાટિં, **આણંદવિમલ** મુણિ ઇંદોજી
તપાગચ્છ જેણિ નિરમલ કીધઉ, જિસો આસોઇ ચંદોજી ૨૧૦

સત્તાવનમિં પાટિ પરમગુરૂ, **વિજયદાન** વૈરાગીજી
અઠ્ઠાવનમિ પાટિ હીરો, **હીરજી** ગુરૂ સોભાગીજી
ઉગુણસઠમિ પાટિ પુરંદર, **વિજયસેન** ગચ્છધારીજી
પાટિ સાઠિમઇ **વિજયદેવ** ગુરૂ, ગુણ ગાવઇ સુર-ગોરીજી ૨૧૧

હીર જેસંગજી પાટ દીપાવઇ, **વિજયદેવ** સૂરિ સીહોજી
પૂજ્ય નામ કર્મ તપ ધર્મિઇં, રાખઇ **તપગચ્છ**લીહોજી
તસ પટ દીપક રતિપતિજી, એક **વિજયસિંહ** સૂરીસોજી
ઇકસઠમિ પાટિં પુરૂષોતમ, પૂરઇ સંઘ જગીસોજી ૨૧૨

સોલ ત્ર્યાસીઆ વર્ષિ હર્ષિ, **સીરોહી** સુખ પાયઉજી
ઋષભદેવ પ્રભુ પાય પસાયઇં, **વિજયસિંહ** સૂરિ ગાયોજી
કમલવિજય જય મંડિત પંડિત, **વિદ્યાવિજય** ગુરૂ ચેલોજી
ગુણવિજય પંડિત ઇમ પયંપઇ, વાધઉ **તપગચ્છ**વેલોજી. ૨૧૩

—(૧) પત્ર ૧૧ તાત્કાલીન લિખિત જયચંદ ભંડાર, વીકાનેર બંધન નં. ૬૯ (૨) પ્ર. ઐ. જૈન કાવ્ય સંગ્રહ પૃ. ૩૪૧ થી ૩૬૪

(૧૫૮૬-૧) બંભણવાડ-મંડન મહાવીર ફાગ સ્તવન. ગા. ૮૪

જય જય જિન મુખ **સરસતિ**, વરસતિ નવરસરેલિ,
ભગવતિ ભુવન વિખ્યાતા મોહણવેલી ૧
કવિ મધુકર મુખ માલતિ, માહ્લતિ ગજગતિ ગેલિ
મહાવીર ગુણ ગાવતાં, આવત હરષતિ હેલિ ૨
ફાગ રાગ રસ જાલવિ, આલવિ નવ નવ તાન
ગૌતમતણો ગુસાંઇ, સાંઇ ધરસ્યું ધ્યાન ૩
બંભણવાડ વિરાજતિ, ગાજતિ ગુહિર ગંભીર
તીન ભુવન મત્ર પાવન, બાવન વીરનો વીર ૪××
શ્રી **વિજયદેવ** સૂરિસર, રીસરચિત ગુણગેહ
તપગચ્છ ગુરૂ વાહલો તિસો, જિસો આસાઢૂ મેહ ૮૧
કમલવિજય પંડિત, પંડિત માંહિ પરધાન
વિદ્યાવિજય બુધ સિધુ બંધુર બુધિ નિધાંન ૮૨
તાસ સીસ ગુણ બોલઇ, ખોલઇ હિઅડઇ હેજ
ગુણવિજય કહઇ જય જય જિન, દિન દિન ચઢતઇ તેજ ૮૩

કલસ

શ્રી **વીર બંભણવાડ** વસુધા ભામિની ભૂષણ મણી,
સંસાર સાગર તરણતારણ કર્ણધારક જગધણી,
બહુ યમક જુગતિ સુભગ ભગતિં ફાગ રાગઇ ગાઇઉ
ગુણવિજય જયકર જિન પુરંદર હૃદય મંદિરિ ધ્યાઇઉ ૮૪

—સુંદર કાવ્ય છે. (૧) ૩–૧૩ જશા૦ (૨) પત્ર ૩ નં. ૧૦૮૧ જય૦

(૧૫૮૬–૨) શીલ બત્રીશી

અંતે—

ઘર ઘર ઘોડા હાથીયાજી, ઘર ઘરણી મનરંગ
શીયલેં મંગલ માલિકાજી, જલથલ જંગલ જંગ સુ. શી. ૨૯
મોટા મંદિર માલીયાજી, બેઠા બંધવ જોડ
જય જયકાર કરે સહુજી, ધણ કણ કંચન કોડિ. સુ. શી. ૩૦

શીયલે સોભાગીસરોજી, શ્રી વિજેદેવ સૂરંદ
તપગછરાય પ્રસંસીયેજી, **કમલવીજે** જોગીંદ. સુ. શી. ૩૧
શીયલ બત્રીશી સીલનીજી, સુણી જે સેવસે શીલ
ગુણવિજય વાચક ભણેજી, તે નીત લહસે લીલ. સુ. શી. ૩૨

—હસ્તલિખિત સઝાયમાલા પત્ર ૯ મું જિનદત્ત૦ મુંબઈ

(૪૮૫)+ વિજયસેન સૂરિ સઝાય ૪ ઢાલ મેડતામાં સં. ૧૬૭૨ પછી લગ. (૧–૫૨૧) પ્ર૦ એૈ૦ સઝાયમાલા પૃ. ૩૫ થી ૩૯. આ કૃતિને ત. કનકવિજય શિ. ગુણવિજય નં. ૨૪૮ પૃ. ૧–૫૨૧ પર મૂકેલ છે તે ભૂલ છે.

---

૨૨૦ સિંહ (સંઘ ?) વિજય (ત. ગુણવિજય શિ.) (૧–૪૭૪)

(૪૪૦) અમરસેન વૈરસેન આખ્યાન સં. ૧૬૭૯ (૧–૪૭૫)

—લિ. સં. ૧૮૭૮ પત્ર ૨૧ ડબ્બો ૧૨ નં. ૫૪ પંજાબ જીરાનો ભં.

(૪૪૧) સિંહાસન બત્રીસી ચો. સં. ૧૬૭૮ બીજા માગશર શુ. ૨ (૧–૪૭૭)

આદિ—શ્રી સારદાઈનમઃ અથ બત્રીસ પૂતલી સંઘાસણની લખ્યતે.

સકલ મંગલ ધર્મધુરિ, દાંન દયા સત્યમેવ;
નમો નિરંતર જગગુરૂ, અનંત ચઉવીસી દેવ. ૧
સિદ્ધ સવે નિતુ પ્રણમીયેં, લહીઈ સયલ જગીસ;
ત્રિભુવન સિર મુગટમણી, ભયભંજન જગદીસ. ૨
પરમાતમ પરમેશ્વરા, અમલ ગ્નાન અનંત;
નાથ નિરંજન સાંઇય, અકલ જે ભગવંત. ૩
એક અનેક અનંત જે, નિરાકાર નિરંગ;
આદિ પુરૂષ પુરૂષોત્તમા, જે ભગવાન નિસંગ. ૪
અશરણશરણ સમત્થ જે, દીનાનાથ દયાલ;
ચઊદ ભુવન ભૂપાલ જે, ભગતા જન પ્રતિપાલ. ૫

અપરમ અવગતિ અલખ જે, અજેઅ પરબ્રહ્મરૂપ;
તેજપુંજ પ્રભુતા બહુ, ન કહ્યું કેણિ સ્વરૂપ. ૬
અખય અગોચર અમર જે, નિરામય નિકલંક;
પરમાણુંદ પદ જેણિં લહ્યું, સો ધ્યાઉં નિઃશંક. ૭

અંતે—

કથા કતુહલ જે સુણેં, તે લહિં સુખ સંપતિ;
ચતુરતણાં ચિત્ત રિંઝવેં, છેં એહમાં સુભમતિ. ૩૩

સંવત **૧૬ અઠોતરેં**, **દ્વિતિયા આગશિર** માસ;
શુકલ પક્ષ મૂલારકેં પૂરણ રચિયો રાસ. ૩૪

સંઘવિજય કવિયણ ભણેં, **સરસતિ** સાનિધિ કીધ;
સહગુરૂ પાય પસાઉલેં, તેણેં પામિ સદબુદ્ધિ. ૩૫

સદગુરૂ સંઘ સાચો મિલ્યો, તો પૂગી મન આસ;
મિથ્યા મતિ દવ ઓલવ્યો, ગુરૂ મુખ ચંદન વાસ. ૩૬

તપગછ નાયક ગુણનિલો, શ્રી **હી**રવિજય સૂરિંદ;
(પૃ. ૪૭૭ પર આપેલ છે તે પ્રમાણે ૪ કડી છે.)
તસ સીસઇ ઉદ્યમ કરી, પ્રબંધ રચ્યો સુષદાય. ૪૦

ભ(ણે) ગુણેં જે સાંભલેં, કરિય જન્મ પવિત્ર,
ઉદારપણું મન ઉપજેં, સુણતાં એહ ચરીત્ર. ૪૧

ન્યૂન્ય અધિક જે વિનવ્યું, પાય પ્રણમું કવિરાય;
અખર મત્તારહિણુ વિણુ, ભૂલો ઠવન્યો દાય. ૪૨
કવિ પદની હું રેણુ છું, હું બાલક મતિહીણ;
તડોવડિ કહિની નવી કરૂં, જે કવીરાજ પ્રવિણ. ૪૩
શાસ્ત્રતણા ભેદ નવિ લહું, નહી વલી બહુલી બુદ્ધિ;
મુઝમતિ સારૂ વર્ણવી, બત્રીસ કથા પરસીદ્ધ. ૪૪
પૃથવિમંડલ વિર (સવિ) જહાં, અચલ મેરૂ ગિરિંદ;
અંબર તારા ગ્રહ વસેં, જિહાં ધ્રુ શશિ દિણુંદ. ૪૫

તિહાં પ્રતપો વિક્રમચરિ, પર ઉપગારી ભૂપાલ;
આસ ફલેં જગ તેહની, જો સુણેં ચરિત્ર રસાલ. ૪૬
પુન્યવંત સુણતાં હુયેં, ભણતાં હોયેં સુજાણ;
જય શ્રી વંછિત સુખ લહિં, લહિં નર કોડિ કલ્યાણ. ૧૫૪૭

—(૧) ઇતિશ્રી વિક્રમ મહારાય ચરિત્ર સિંઘાસણ બત્રીસી. સંવત ૧૮૬૯ જ્યેષ્ટ શુદિ ૨ પન્યાસ દયાલવિજ(ય) લષીતં ભરૂઅચ બંદિરે પ૦ ધર્મવિજય પઠનાર્થે. ૫૦-૧૭ ના ભં. (૨) પત્ર ૬૯ દા. નં. ૭ સીનોર ભં. (૩) ગ્રંથાગ્રંથ સર્વ મલી ૧૬૦૦. ૪૦ પાનાં ૪૬-૧૮ ગો. ના. (૪) ૧૮૦૧ ગા૦ સં૦ ૧૭૮૪ આસો વદિ ૮ બુધે પં. લાલસાગરગણિ શિ૦ ગણિ જયસાગર જયલહિ ગુરૂના પસાયથી હસ્તિસાગર લખિતા. ૭૬-૧૩ સુ. લા. ખેડા. (૫) સં૦ ૧૭૯૯ વર્ષે મૃગસિર માસે શુકલપખ્યે ૨ રવૌ (પછી હરતાલ ફેરવી છે) ૭૦-૧૪ ખેડા ભં. ૩ (૬) પં૦ ઇંદ્રવિજય શિ૦ ગણિ ખુસાલવિજયેન લ૦ કેસરબાઇ ગૃહે સા નેમિદાસ પઠનાર્થં, શાકે ૧૬૩૧ વર્ષે કા૦ શુ૦ ૪ મંગલ દિને એક ચોપડો પત્ર ૧ થી ૬૨. જશ૦? (૭-૮) ગ્રં૦ ૩૧૮૩ સં૦ ૧૭૭૨ કા૦ શુ૦ ૭ રવૌ લિ૦ વૈરાટનગરે આચાર્ય ત્રિલોકસીહજી શિષ્યાંનુશિષ જેરાજ સ્વયં વાચનાય ૪૮-૧૫, તથા ગ્રં૦ શ્લોક ૨૨૦૦ લ૦ ઋષિ જયેદા સં૦ ૧૮૧૭ કા૦ શુ૦ ૩ ગાંમ પ્રાંતિજ મધ્યે લુંકાગછે ઋષિ વિરચંદને વાસ્તે લખૂ છે. ૪૨-૨૦ રાજકોટ મોટા સંઘનો ભં. (૯) પ્રતિ ૧૭ મી સદીની પત્ર ૯૭ પો. ૭ ચતુ. (૧૦) સં૦ ૧૭૯૦ ચૈ. શુ. ૮ સોમે મુનિ રૂપવિજય ગણિ લ૦ સાણુંદનગરે ૬૧-૧૫ જશ૦ (૧૧) સં૦ ૧૬૮૦ પો. શુ. ૨ શનિ વિબુદ્ધ શિ. ધર્મસી લિ. પત્ર ૪૫ પો. ૩૬ મહિમા.

(૧૫૮૭) વિક્રમસેન-શનિશ્ચરરાસ સં. ૧૬૮૮ કાર્ત્તિક વદ ૭ ગુરૂ.

આદિ— દૂહા રાગ આસાઉરી.

સિદ્ધ નામા ઉંકાર ધુરિ, ગ્યાન તેજ અનંત;
સુખમય પરમાણુંદ પદ, પામ્યા શ્રી ભગવંત. ૧

પરમાતમ પ્રભુ પ્રણમીઇ, વાધઇ સયલ જગીસ;
ગુણસમુદ્ર સદ્ગુરૂ નમુ, કરજોડી નમું શીસ. ૨

અંતે—

શશિકલા સંવત **હરિરામ**, કાર્તિક બહુલ ગુરૂ પુષ્ય અભિરામ;
સાતમિ અમૃત સિદ્ધિ રવિયોગ, વીસ વસાધિક મિલ્યો સંયોગ. ૪૩૭
શનિશ્ચરવિક્રમ નૃપ ચરી, કરી રચના શુભમતિ અણુસરી
સરસતિ માતતણુઇ સુપસાય, સરસ સંબંધ રચ્યો સુખદાય. ૩૮
શ્રી **હીરવિજયસૂરિ તપગચ્છધણી**, તેહતણી જગિ દીપિ હુઇ ઘણી
તસ શીસ **ગુણવિજય** ગુણવાન, સુવિહિત સાધુ ગુણરતન નિધાન. ૪૩૯
કુમત મતિ જેણિ ફરિ પરિહરી, **હીરગુરૂ** આણ સાચી શિર ધરી;
ગુણવિજયગણિ કેરો શીસ, તેણઈ ગાયો **અવંતિ ઈશ**. ૪૦
ગુણવંતના ગુણ શુણીઆ ખંતિ, **વિક્રમ** નરપતિ મહાપુન્યવંત;
કલિયુગમાં જેણિ નરિ અવતરી, શુભ કરણી અનુમોદવા કરી. ૪૪૧
મીનરાશિ શની આવે યદા, હાલકલોલ પુહવઇ કરઈ તદા;
કપાવઇ સ્વર્ગમૃત્યુ પાતાલ, અર્થ પુત્રનો એહ હવાલ. ૪૪૨××

ગાહા

ઇય સણી **વિક્કમ** ચરિયં, રચિયં બહુ ભત્તિ **સિંહ** વિબુહેણ
જો પઢઇ ગુણઇ નિસુણઇ, ગ્રહ પીડા ન કુણઇ તસ્સ. ૪૪૭

—સં. ૧૭૦૧ ફા૦ શુ. ૧૪ સુરગુરૂ વાસરે. **રાજનગરે** ૨૭-૧૧ નં. ૪૨૬ લા.

---

૨૨૧ વિનયમેરૂ (એમ સુધારો) (ખ. હેમધર્મ શિ.) (૧-૪૭૮)

(૧૫૮૮) કયવન્નાની ચોપઇ સં. ૧૬૮૯ બુહરાનપુરમાં.

આદિ— દૂહા.

પ્રણમુ કમલ-નિવાસની, શ્રી **સારદ** ઇણ નામ
જાસ પસાયઇ સંપજઇ, સરસ વચન અભિરામ. ૧

દાન ધરમ કહીઉ કેવલી, ચિત વિત્ત પાત વિચાર;
લેતાં દેતાં બેઉ જણા, હેલે તરઇ સંસાર. ૨
દાન થકી જસ મહિયલઇ, દુજણુ સજન હોઇ;
લખમી હવઇ ચઉ ગુણી, નામ જપઇ સહુ કોઈ. ૩
દાન ધરમથી સુખ લહઇ, **કયવન્નઉ** મુનિરાય;
જિણિ કરણી ઉત્તમ કરી, પ્રણમઇ સુરનર પાય. ૪
કયવન્નાની ચઉપઇ, અધિક ઢાલ રસાલ;
ગુણિયણુ સુણતાં ગહગહિ, નાસિ સયલ જંજાલ. ૫

અંતે— ઢાલ ૧૦ મૃગાવતી સીલ સુરંગીએ દેશી

ઘઉ તુમ્હ દાન અભંગઇ, ભવિયણ મન ધરિ રંગઇ એ;
મનવંછિત સુખ ઇણુપરિ લહિસ્યઉ, ઇણુ કરતુતે રહસ્યઉ એ ૪૧
બુરાહીણપુર શ્રી નગર બિરાજઇ, સવિ નયરી મઇ ગાજઇરે;
જિહાં પ્રહસમ તિહાં નોબત વાજઇ, જિણુ દીઠા દુખ ભાજઇ એ ૪૨
સોલહ સ નિવાસી વરસઇ, ભવિયણુ મનનઇ હરસઇ એ
ભીડભંજણા શ્રી પાર્શ્વ જિણુંદા, પ્રણમઇ સુર અસુર નરંદા એ. ૪૩
શ્રાવક લોક વસઇ ધનવંતા, શ્રોતા નઇ ગુણુવંતા એ
દેવગુરૂના ભગત્ત સદાઇ, ધરે ધરે ધન ઠકુરાઇ એ ૪૪
ખરતર ગચ્છ નઉ જાણિ દિણુંદા, શ્રી **જિનરાજ** સુરંદા એ
રાજસીખર વાચક જાણીતા, તાસ સીસ સુવદીતા એ ૧૪૫
હેમધર્મગણિ ગુરૂ વઇરાગી, કરીયાવંત સોભાગી એ
તાસ પસાયઇ મનસુખ ભાવઇ, **વિનયમેરૂ** ગુણુ ગાવઇ. એ ૧૪૬

—ઢાલ ૨૦ ગાથા સર્વ ૨૯૦ લિ૦ ઋ. **ધનજી** શિ૦ ઋ. **ગણેશ** લિ૦ ૯-૧૬ દા. ૧૭ વી. ઉ.

(૭૭૭ક) નાનજી (લોં૦ રૂપ-જીવ-કુંઅરજી-શ્રીમલ-રતનસી શિ.)

(૧૫૮૮ક) પંચવરણ સ્ત સં. ૧૬૬૯ દિવાલી. નવાનગરમાં

રાગ કેદારો

શ્રી અરિહંત પાએ નમીજી સ્તવન રચિસિ જિનરાય
પંચવરણ જિનવરતણુંજી, કહિવા મૂઝ મન થાય. ૧× ×
શ્રી રૂપ ઋષિં જીવ ઋષિ સાર, ઋષિરાય કુંયર ઉદાર
શ્રી શ્રીમલ ગણધાર, તસ પાટિ રતન અણગાર. ૨૧
ગણિ નેમ જિણંદ સલોઇ, મુનિ નાનજી એણીપરિ બોલી,
સંવત સોલ ઉગુણાતરા વર્ષે, દીવાલિ દિન મનહરષિ ૨૨
શ્રી નવાનગર મઝાર, જિન સ્તવિયા હરષ અવાર,
પૂજ્યતિહા રહ્યાં ચોમાસ, શ્રી સંઘ બહુ ઉલ્હાસ ૨૩
પંચવરણ જિનવરૂ રૂપસુંદર ગાઇયા ભાવિ કરી
કમ્મર્ કદણુ ચુરી ધ્યાન્ય પુરી વિમલ સિદ્ધિ વધૂ વરી
પ્રહ સમય ઉઠિ નિતિ નમીય અનુ જસ કીરતિ ધરી
સર્વ ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ દાયક, સયલ સંઘ મંગલ કરી ૨૪

(૧૫૮૮ખ) નેમિસ્ત. ૩૧ કડી સં. ૧૬૭૨ દીવાલી અમદાવાદમાં

સારદ સારદ દયા કરી દેવી. ઢાલ.

મંગલ કારક કુરિય નિવારિક, પાસ જિણંદ સિર ઉભીજી,
શ્રી નેમિસર ભુવન દિણેસર, ગુણ ગાઇ મતિ પામીજી
ગછ નાયક સેવક સુખદાયક, રતનાગર ઋષિરાયજી ૧××
સોમ વદન ગુરૂ ત્રિજગ આનંદન, પ્રણમી તેહના પાયજી
શ્રી અમ્હદાવાદિ ઉલટ ઘણે, રતનસી ગણિ ચઉમાસરે
તાસ સેવક મૂનિ નાનજી, સંઘ નયણે ઉલ્લાસરે. ૩૦
સંવત્ સોલબહુતિરિ દિવસિ દીવાલી સૂભ આજરે
શ્રી જિનરાજ ગુણ ગાઇયા, સિદ્ધ થયા સર્વે કાજએ. ૩૧

---

(૭૭૮) વિદ્યાકીર્તિ (ખ. ક્ષેમરાજ–પ્રમોદમાણિક્ય–ક્ષેમસોમ–પુણ્યતિલક શિ.)

(૧૫૮૯) નરવર્મ ચરિત્ર સં. ૧૬૬૯ જિનસિંહ સૂરિરાજ્યે.

—સમ્યકત્વ પર આવશ્યક નિર્યુક્તિમાંથી કથા લઇને સં. ૧૬૭૦ મા. શુ. ૯ **જોધપુરે** રત્નવર્ધ્ધન પઠનાર્થં. પત્ર ૫ પો. ૧૨ નં. ૧૨૮ અભય.

(૧૫૯૦) ધર્મબુદ્ધિ મંત્રી ચોપાઇ સં. ૧૬૭૨.

આદિ—　　　　ધૂરિ દૂહા

મંગળ કારણ જગત્રમઇ, મહામંત્ર **નવકાર**
સમરીસિ મન નિશ્ચય કરી, મહિમા જાસુ અપાર.　　૧
સરસ વચન દ્યઉ **સરસતી, સરસતી** કવીયણ માય
ભૂલા અક્ષર ચૂકતાં, આણે અક્ષર ઠાય.　　૨
પ્રણમી ગુરૂ ગણપતી, પ્રણમી શ્રી જિનધર્મ,
તાસુ પ્રસાદઇ જાણીયઇ, નવરસ કેરા મર્મ　　૩
ધર્મ ધુરંધર ચતુરવર, **ધર્મબુદ્ધિ** મંત્રીસ
દઢતા ધર્મતણુઇ વિષઇ, કહીયઇ વિસ્વાવીસ.　　૪
તાસુ કથા રસસું મિલી, જાણે ઘેબર ખંડ
મીઠા લાગઇ જીમતાં, સુણિતાં કથા પ્રચંડ　　૫
તિણિ કારણિ ભવીયણ ભણી, સરસ કથા સુવિચાર
પ્રકરણથી વિસ્તરપણુઇ, કહિસ્યું એ આધકાર　　૬
આદર કરિ સુણિજ્યો સહૂ, ધર્મવંત ગુણવંત,
પુણ્યતિલક સુપ્રસાદથી, કહિતાં મન વિકસંત.　　૭
દોઇ ખંડ એક ચઉપઇ, સુણિતાં તૃપતિ ન હોઇ,
પ્રથમ ખંડ ઇણિ પરિ કહઇ, સંભલિજ્યો સહુ કોઇ.　　૮

પ્રથમ ખંડને અંતે ઢાલ ૧૧ મી રાગ ધન્યાસી સર્વ ગાથા સંખ્યા **૧૯૧**

પ્રથમ ખંડ પૂરણ કીયઉ એ, દેવ સગુરૂ આધાર ભલ૦
બીજઉ કહિવા મન રલીએ, તે સુણિજ્યો સુવિચાર　　ભલ૦　૮
ઢાલ ઇગ્યાર સોહામણી એ, સુણતાં પરમ આનંદ　　ભલ૦
ખરતરગચ્છ મહિમાનિલઉ, જિમ ગ્રહગણમઇ ચંદ　　ભલ૦　૯

શ્રી **જિનસિંહ** સૂરીસરૂએ, સોહઇ મોટઇ ધાટ. ભલ૦
શુદ્ધ ક્રિયા નિતુ ઉપદિસઇએ, રિપ કીધા દહવાટ. ભલ૦ ૧૦
પુણ્યતિલક ગુરૂ સાનિધઇ એ, કીધઉ એ અધિકાર ભલ૦
વિદ્યાકીર્તિ પ્રણિપરિ કહઇ એ, ભવ્ય જીવ સુખકાર. ભલ૦ ૧૧

—સર્વ ગાથા સંખ્યા ૨૦૩. ઇતિશ્રી ધર્મ દઢતા વિષયે ધર્મ બુદ્ધિ મંત્રિ ચતુષ્પદિકા પ્રથમ ખંડ સંપૂર્ણ સુભં ભૂયાત્ શ્રી. લિખિતેયં શ્રીમદ્ **વિક્રમપુરે** ચતુષ્પદિકા સંવત્સર **નયન મુનિ રસ સસિ** વર્ષે.—પછી બીજો ખંડ અપુર્ણ છે ઢાલ ૧૩ મી છે. પછી છેલ્લું પાનું નથી. ૧૨–૧૪ નં ૩૩૦૭ વિ. નં.

(૧૫૯૧) સુભદ્રા સતી ચોપાઇ સં. ૧૬૭૧

—જૈન શાળાનો ભં. ખંભાત.

---

૨૨૨ જ્ઞાનદાસ (લોંકાગચ્છ નાનજી શિ.) (૧–૪૮૦)

(૪૪૪) યશોધરરાસ સં. ૧૬૨૩ કા૦ શુ. ૮ રવિ. વડોદરામાં (૧–૪૮૦)

આદિ— રાગ કેદારઉ

શ્રી ગોઇમને ચરણે નમું, ધ્યાન ધરી હઇડઇ સમું,
વીનવું ટાલી મનસુ આમલઉએ. ૧
જિનવાણી જે **સરસ્વતી**, મયા કરઉ મઝનિ અતી,
સરસ્વતી વચન એક મઝ સાંભલુ એ. ૨

ઉથલુ

વચન એક સાંભલુ એમ મ્હારૂ બોલ અમૃતવાણી,
ક્રિપા કરઉ રે માતા મુઝનિ તું ત્રિભોવનિ પટરાણી. ૧
જેહનિ ક્રિયા કરિઇ તું માતા, તેહનુ સીઝઇ કાજ,
આતમ ધ્યાન અગોચર ધ્યાઇ, પામઇ અવિચલ રાજ. ૨

રાજ રધિ રાખિ વિનવિ મું, માગુ અનઇ અરથભંડાર,
રાયજસોધર ચરિત્ર બોલતાં, માહારી બુદ્ધિ કરે વસ્તાર. ૩

અંતે— રાગ ધવલ ધવલગિરિ

વીરજિણુંદ ગોતમ આગલિ, એ કહઇ ચારૂ ચરિત્ર,
દાલિદ્ર ખંડણુ દૂખ વિહંડણુ એતઉ સુખ સમાધિ પવિત્ર. ૧

હો પ્રાણી સાંભલુ ચરિત્ર રસાલ
ભલઈ ભાવિ સુણજ્યો સુવિશાલ, સુણી છાંડજ્યો હિંસા ઢાલ હો૦ ૧

આદિ ઉતપતિ જેહવી લહીઅ, કહીઅ તેહવી દોષ મ દેસુ કોઇ,
જે કા જાણુ વિચિક્ષણુ લહિ, સાચુલુ સોઇ, હો૦ ૩

ગ્રંથી મોટા માહિથી પ્રબંધ કીધુ તેહથી, **જસોધર** વર્ણનસાર,
હંસા ઉથા એક દયા થાએક આપક પુન્ય ઉદાર હો૦ ૪

સંવત **સોલત્રેવીસઇ** રૂયડઇ, કારતિગ સુદિ રવીવાર.
અષ્ટમી તથિ **વડુદરિ** નીપનુ, ચરીત્ર મનોહર સાર. હો૦ ૫

પાપ દૂરિ પડઇ નવનધિ સાંપડઈ, આવડઇ જેહનઈ રાસ,
લુંકાગછિ હૂંતઉ રષિ **નાનજી** ઉત્તમ, તેહ સાંણુધિ (શિષ્ય) કહઈ
જ્ઞાનદાસ. હો૦ ૬.

—(૧) ૨૮. ૧૧ ડા. ૭૦ નં. ૫૯ ડે. (૨) ૫૮૪ કડી સં. ૧૭૦૮ વર્ષે કા. વદિ ૧ શુક્રે સિદ્ધ જોગે લખાવતં આચારિજ પૂજ્ય ઋષિ ધનરાજજી તસ્ય શિષ્ય કાન્હજી લિખત્તં પૂજ્ય ઋષિ સૂરાજી તત્ શિષ્ય ઋષિ મનોહર ધાઇતા નગરે લિ૦ ૧૪–૧૯ નં. ૨૩૪૬ મુક્તિ૦

૨૨૪ અજ્ઞાત (૧–૪૮૧)

(૪૪૬) સુદયવચ્છ વીરચરિત્ર લ. સં. ૧૬૫૨ પહેલાં (૧–૪૮૧)

(ઉમેરો:—સદયવત્સ–સાવલિંગી કથાની પત્ર ૨૪ ની નં. ૩૮૪ સને ૧૮૮૧–૭૨ ભાં. ઇ. માં પ્રત છે તેમાં પ્રથમ ધર્મનું માહાત્મ્ય બતાવનારૂં નીચેનું પદ્ય છે, પછી તે ઉપર કથા છે.

શ્રી **રત્નશેખર** ગુરૂ પ્રવરપ્રસાદં, **હર્ષાદિવર્ધનગણિઃ** સુરસૈકમાત્રં ચક્રે કથા **સહ્યવત્સ**કુમારસત્કાં, સત્પાત્રદાન વિમલાભયદાન વાચ્યાં.

---

૨૨૫ લાલચંદ (૧) (ખ. જિનસિંહસૂરિ–હીરનંદન શિ.) એમ સુધારો. (૧-૪૮૧)

(૧૫૯૨) દેવકુમાર ચોપઇ (અદત્તાદાન વિષયે) સં. ૧૬૭૨ શ્રા. શુ. ૫ અલવર.

—યતિ સુર્યમલનો સંગ્રહ. કલકત્તા.

(૪૪૭) હરિચંદ્ર ચોપઇ (સુધારો:-સં. ૧૬૭૯ કા. શુ. ૧૫ ધંધાણીમાં (૧-૪૮૧)

અંતે—

સંવત **નિધિમુનિ સસિકલા** (૧૬૭૯) કાતિગી પૂનિમચંદ્ર,
ચઉસાલ કીધી ચોપઇ, લુલતિ ગતિ હો ગણિવર
લાલચંદ ૯૯ ગુ.
ગ્રંથાગ્ર ગાથા ગોપડી, સહુ અષ્ટ ગગન સુસિદ્ધ
અઠતીસ ઢાલ અછઇ ઇહાં, પુન્યવંતા હો કરિજ્યો પરસિદ્ધ૦ ૧
પહિલ કીઆ અરૂ **જનપુરી**, નઇ હિવ **ધંધાણા** નામ
તિહાં જૈન પ્રતિમા સિવતણી, એ પ્રગટી હો જિહાંકણિ અભિરામ ૨
મૂલનાયક **પદમપ્રભુ** મુખી, વલિ અરૂ જન **પાસ** વિખ્યાત,
શ્રી દેવગુરૂ સુપ્રસાદથી, મુઝ સાનિધિ હો, કીધી સરસતિ માત ૩
ખરતર ગછ માહે ખરા, **જિનદત્ત કુશલ** જતીશ,
પુન્યવંત પાટ પરંપરા, જગિ હૂઆહો **જિનસિંહ** સૂરીસ. ૪
કાશમીર કઠિન વિહાર કરિ, પ્રતિબોધીયો પાતસાહ
ખંભપુરે વરસ લગે ખરી, મારે કો નહી હો માછલાં દરિયામાંહિ. ૫
વલિ ઠામ ઠામ કરાવિયા, મેરૂ સારિખા ફુરમાન,
મહિરાણ જ્યું ગુરૂ માનીયે, રાઉ રાણા હો વલિ ખોજા ખાન ૬

પાટિ તેહને જગિ પરગડો, જિનરાજસૂરિ ગુરૂ જયત
જિનસાગર સૂરીસર જયો, બોહિથરા હો વંસઇ બિરૂદ ધ્રુત ૭
ગચ્છરાજ જિનસંઘસૂરિ ગુરૂ, શ્રી હીરનંદન સીસ
કર જોડી લાલચંદ ગણુ કહે, જયવંતા હો વિદ્યાગુરૂ સુજગીસ ૮
ભાવસું જેહ ગુણે ભણે સાંભલે જે સુખકંદ
સવિસુખ તેહને સંપજે, ઇમ બોલે હો લાલચંદ આણુંદ. ૯

—(૧) ઢાલ ૩૮ ગ્રં. ૧૨૪૫ સં. ૧૭૨૮ શ્રા. શુ. ૭ લિ. પત્ર ૨૩ પો. ૮૦ નં. ૨૦૮૪ જિં ચા. (૨) ગા. ૮૦૮ ગ્રં. ૧૨૦૫ સં. ૧૮૫૩ ભા. શુ. ૧૧ સોમ, પત્ર ૨૭ પો. ૩૪ મહિમા૦ (૩) સં. ૧૭૨૩ વિક્રમપુરે ૩૭-૧૬ નં. ૪૫૦૫ આદિપત્ર નથી. વિ. ને.

(૧૫૯૨ક) વૈરાગ્યબાવની સં. ૧૬૯૫ ભાદ્રવા શુ. ૧૫

અંતે—

ખરતર ગચ્છપતિ સિંઘ સૂરીસર, હીરાનંદ તસુ સીસજી,
ગુણુ લાલચંદ આતમ કાજે, પ્રતિબોધ્યા સુજગીસજી. ૪૯
સંવત સોલૈ પંચાણુ વરસૈ, ભાદ્રવા પુનમ હિતજી,
મુનિ વૈરાગે અધિકૈ ભાવૈ, જોડ રચી લાલચંદજી. ૫૦
હરષ ધરી વૈરાગ બાવની, ગુણુ સીખે નરનારીજી,
ઇણુ ભવ માંહે હરષ પામસી, પરભવે સુખ અપારજી. ૫૧

—(૧) પત્ર ૪ કમલમુનિ. (૨) પત્ર ૩ પો. ૧૬ નં. ૧૬૧૫ અભય.

---

૭૭૯ ક્ષેમકલશ.

(૧૫૯૩) અગડદત્તની ચોપઇ સં. ૧૬૭૦ કા. શુ. ૭ બુધવાર.

—લિ. જ્ઞાનસાગર બીજાપુર (દક્ષિણુ) પત્ર ૩૩ દા. ૪૬ નં. ૨૩ પાલણુપુર સંઘ ભંડાર. (આની પ્રત તે ભંડારમાં જોતાં મળી નહી).

---

૨૨૭ ગંગદાસ (ખ. લબ્ધિકલ્લોલ નં.૭૩૯શિ.) (૧-૪૮૩)

(૪૪૯) વંકચૂલ રાસ

—(૧) ૭-૧૫ અનંત. નં. ૨. (૨) લિ. સં. ૧૭૩૮ ભાદલા મધ્યે પં. ક્ષેમવિમલેન પત્ર ૧ થી ૪ પં. ૧૭ દા. ૨૪ સીમંધર. (૩) સં. ૧૮૫૩ ભા. વ. ૧૨ પો. ૩ ચતુ૦ (૪) પત્ર ૪ પો. ૪૫ દાન૦ (૫) સં. ૧૮૫૩ ભા. વ. ૯ પત્ર ૪ નં. ૩૯૮ બૌ. વીકા૦ (૫) પ્રાયઃ આ કવિ કૃત સા કાન્હા પઠનાર્થં મુનિ ગુણવિજય લિ. સં. ૧૬૮૫ જૈન વિદ્યાશાળા અમ.

---

૨૨૮ કૃપાસાગર (ત. વિદ્યાસાગર શિ.) (૧-૪૮૪)

(૪૫૦)+ નેમિસાગર રાસ (ઐ.) સં. ૧૬૭૨ (૧-૪૮૪)

—સં. ૧૭૦૪ આસો વ ૧૦ બુધે લિ. ૭-૧૧ નં. ૩૩૬૩ વિ. ને.

---

૨૨૯ રાજસાગર (પીં. સૌભાગ્યસાગર સૂરિ શિ.) (૧-૪૮૫)

(૪૫૧) લવકુશ રાસ સં. ૧૬૭૨ (૧-૪૮૫)

આદિ—

આદિ અજિત સંભવ જિન, અનુપમ શ્રી અભિનંદન,
વંદન સુમતિ પદ્મપ્રભ નિતુ કરૂંએ,
શ્રી સુપાર્શ્વ જિન સપ્તમ, ચંદ્રપ્રભ શ્રી અષ્ટમ,
નવમા સુવિધિનાથ વંદન કરૂ એ. ૧
શ્રી શીતલ સુખદાયક, શ્રી શ્રેયાંસ ગુણ ગાતાએ,
જોતાં એ વાસુપૂજ્ય વિમલ જસ નિરમલુએ,
ધર્મ અનંત સુવખાણીએ, શાંતિ કુંથુ અર જાણીઇ,
પ્રાણી એ એ જિન પ્રણુમતાં ભલુંએ. ૨

મલ્લિનાથ મુનિસુવ્રત શ્રી **નેમીસર** નિતુ અરિહત,
પ્રણમતાં મનિ ઉપજઇએ,
પાર્શ્વનાથ પરમેશ્વર, સ્વામી **વીર** જિણેસર,
જસુ જસુ નામિં નવનધિ સંપજઇ એ. ૩

—૪૦–૧૧ દા. ૮૩ નં. ૧૯૦ હા૦

(૪૫૨) પ્રસન્નચંદ્રરાજર્ષિ રાસ (સુધારોઃ—સં. ૧૬૪૭ પો૦ વ. ૭ થિરપુર–થરાદમાં.

આદિ— દુહા

પઢમં તિત્થેસુ ણુવર, પણમું **રિસહ** જિણંદ,
ચરણકમલ સેવઇ સદા, મુણિ સુર અસુર નરિંદ. ૧
મહિમંડલિ સુરતરૂ અધિક, ઉદયઉ **નાભિ** મલ્હાર,
આદિઇ **આદિ** જિનેસરૂ, જગે સોહઈ જસ સાર. ૨
શાંતિ કરણ શ્રી **શાંતિ** જિન, **હથિણાઉરિ** અવતાર,
ત્રિહું ભૂયણે ઉદ્યોત હુય, સુર જંપઈ જયકાર. ૩
સોલસમા શ્રી જિનવરૂ, પંચમ ચક્રી જેહ,
એકણિ ભવિ દોઇ એહ લહ્યા, અહનિસિ સમરૂં તેહ. ૪
શ્રી **નેમીસર** હિવ ધણુ, બાવીસમુ જિનરાય,
યાદવકુલ તારણ સકલ, **સમુદ્રવિજય** જસુ તાત. ૫
પસુયમેં પિ કરૂણા ધરી, પરહરિ રાજકુમારિ,
દાંન દેઇ દીખ્યા ગ્રહી, જઇ વિલસ્યા શિવ નારિ. ૬
પાસનાહ ત્રેવીસમા, નમીઇ ત્રિકરણ શુદ્ધિ,
જાસુ ચિત્તિ અહનિશિ વસઇ, અભયદાનની બુદ્ધિ. ૭
અહિ પ્રતિ સુરપતિ પદ દીઓ, **કમઠ** તણુ મદ ચૂરિ,
મહિમંડલઇ મહિમા ઘણુઉ, સમરિઇ દોહગ દૂરિ. ૮
સિદ્ધારથ રાયકુલિ તિલય, દેહ કનકનુ વાંન,
સુર નર અસુરાદિક તવઇ, અહનિસિ શ્રી **વર્દ્ધમાન**. ૯

ચરમ તિત્થંકર **વીર**ના, મહિમા અધિક અપાર,
ભવિક ચરણુ સેવીત તરઇ, જલનિધિ અપારા વાર. ૧૦
રિષભાદિક પંચઇ પ્રવર, મંગલ કારણુ દેવ,
ગોયમાદિ પ્રણમી કહું, કલા પ્રબંધહ હેવ. ૧૧

અંતે— ઢાલ સુરસુંદર રૂપિ વિચાર–એ દેસી રાગ ધનાસી.
ઇમ ધણા જિન ગુણુ શ્રેણિ કરી જીઉ, દેઇ પ્રદક્ષણુ વંદિ,
સાધુ સવે વંદી કરી ઉઠીઉ, આવઇ જિહાં રવિ **પ્રસન્નચંદ**. ૯૦
સદા સુખ સાધૂગુણુ ગાવતાં, જોઇ ઘરિ મંગલ નિતુ વર હોઇ આં.
અભિથૂણી મુનિવર **શ્રેણિક** નરવર આપણુઇ થાનકિ જાઇ,
સ્વામિ વિહાર કરઇ મલિ દિસડઇ સાથિ છઇતિં રિષિરાય. સ. ૯૧
સંયમ પાલિ ગયા મુનિ સિવિ પરિઇ, ભગતિ નમું તસુ પાય,
પ્રહ્ન સમઇ નિત કરતાં રવિવંદન, દોહગ દુખ સવિ જાઇ. સ. ૯૨
એહ સંબંધ રચીઉ મઇં રૂયડઉ, સાસ્ત્ર તણુઇ અણુસારિ,
આપ મતિ કરિ અધિકઉ કહિઉ, તે ખમયો નરનારિ. સ. ૯૩
સોલ સઠતાલએ પોસ માસિઈં ભલઇ, બહુલ સાતમિ ગુરૂવારિ,
થિરપુર નયરિ નિરૂપમ રૂયડઈં, **ચંદ્ર** શાખા ગુણુધાર. સ. ૯૪
પીપલ ગચ્છે ગિરૂયા ગુણુસાગર, શ્રી **ધરમસાગર** સૂરિ,
તસુ પટિ શ્રી **વિમલ પ્રસુભ સૂરિવર**, દૂરિત પણુાસે દૂરિ. સ.
લહીય પ્રસાદ તે ગુરૂ કેરડુ, **પ્રસન્નચંદ્ર** રષિરાજ,
ગાઇઉ મિઈં કવિતાજન ઇમ કહેરે, સીધલા વંછિત કાજ. સ. ૯૬
ઝમક પદબંધ અક્ષર ચંતા થિક, અધિક ઉછઉં જિ કહોઇ,
હીઇ વિચાર પંડિત જન સોધયો, દોસ મુઝ મા દિયો કોઇ. સ. ૯૭
ભાવિ ભણુસઈં સુણેસિઇ જિકો નારિ નરા, એહ સંબંધ રસાલ,
પ્રામિસિઇ સિદ્ધિ ઘરિ સોહગ સંપદા, નિતુ હુસિઈં મંગલમાલ સ. ૯૯

—(૧) દુમડીયા ગ્રામે સં. ૧૬૭૫ જે. શુ. ૯ બુધે ૧૩–૧૬ દા. ૮૩ નં. ૧૧૬ હા. (૨) નં. ૧૬૪૧ સન ૧૮૯૧–૯૫ ભાં. ઇ. પુના.

૭૮૦ સિંહપ્રમોદ (ત૦ સોમવિમલ સૂરિ-ઉદયચરણ પ્રમોદ -કુશલપ્રમોદ-વિવેકપ્રમોદ શિ. ને લક્ષ્મીપ્રમોદના ગુરૂ ભાઇ)

(૧૫૯૪) વેતાલ પચીશી (પંચવિંશતિ) સં. ૧૬૭૨ પો. શુ. ૨ રવિ

—'સંવત સોલ બિહોત્તરઇ, પોસ માસ સુધ બીજ રવિ દિનિ' એમ જણાવ્યું છે નં. ૧૪૧૯ સને ૧૮૯૧-૫ ભાં. ઇ.

---

૭૮૧ ચારૂકીર્ત્તિ

(૧૫૯૫) વચ્છરાજ ચોપઇ સં. ૧૬૭૨

—સં. ૧૭૧૮ આ. શુ. ૭ જીવકીર્ત્તિ લિ. પત્ર ૩૭ પો. ૪ નં. ૨૩૬ અભય૦

૭૮૧ક મહિમામેરૂ (ખ. સુખનિધાન શિ.)

(૧૫૯૫ક) નેમિ રાજુલ ફાગ ગા. ૬૫ (?) ૧૬. સં. ૧૬૭૩ આસપાસ.

સરસતિ સામિણી વિનવું, સારઉ વંછિત કાજ લલના,
નેમિ તણા ગુણ વર્ણવું, બાવીસમા જિનરાજ. ૧××
સહસ વરસ પૂરઉ કરી હો, પહુંતા મુગતિ મઝારિ,
એ પરબંધ રચ્યઉ રલી હો, શ્રી **નાગઉર** દસાર. ૧૫
વાચક પદવી ગુણનિલઉ, **સુખનિધાન** ગુરૂ સીસ,
મહિમામેરૂ મુણિવર ભણઇ, સંઘ સદા સુજગીસ. ૧૬

—એક ગુટકો જિ. ચા. (કર્ત્તાએ સં. ૧૬૭૩માં પદ્મરાજ કૃત ૨૪ જિન કલ્યાણક સ્ત.ની પ્રત લખી છે.)

---

૭૮૨ વિદ્યાસાગર (ખ. જિનચંદ્રસૂરિ–સુમતિકલ્લોલ શિ૦)

(૧૫૯૬) કલાવતી ચોપઇ સં. ૧૬૭૩ આસો સુદ ૧૦ નાગોરમાં.

આદિ—

પ્રણમી **આદિ** જિણિંદ પહુ, સંતિકરણ શ્રી **સંતિ**,
બ્રહ્મચારિ શિરોમણિ, **નેમીસર** નમિસંતિ. ૧
શાસનનાયક જગિ જયઉ, **વર્દ્ધમાન** બહુમાન,
અતીત અનાગત વર્ત્તતા, જિન વાંદી શુભ ધ્યાન. ૨
જિનમાણિક પાટઇ પ્રગટ, યુગપ્રધાન **જિણચંદ**,
વાચક **સુમતિકલ્લોલ** ગુરૂ, પ્રણમું પરમાનંદ. ૩
વર્ત્તમાન ગુરૂ તિમ નમું, ભ્રગઇ યુગિ પરધાન,
શ્રી **જિનસિંહ** સૂરીસરૂ, ગુણમણિ સારનિધાન. ૪
શ્રી **શારદ** શ્રુત દેવતા, કવિયણ કેરી માય,
અહનિસિ સમરૂં હું સદા, ઘન જિમ મોર સુહાય. ૫
સરસ વચન સોહામણું, સુણતાં હોય આણંદ,
સક્તિ અધિક દેજ્યો સદા, હું તઉ છું મતિમંદ. ૬
સાસણદેવિ ભગવતી, મોટઉ મોહિ આધાર,
વિપુલ વિમલ મતિ મુઝ દિયઉ, ધારણ અધિક વિચાર. ૭
સમવસરણ બઇઠા થકા, ભાખઇ શ્રી **વર્દ્ધમાન**,
દાન શીયલ તપ ભાવના, ચઉવિધ ધર્મ્મ પ્રધાન. ૮
સીલતણા ગુણ અતિ ઘણા, ભાખ્યા શ્રી ભગવંત,
કલિ કા પિણ કલિયુગઈ, નારદ મુગતિ લહંતિ. ૯
કલાવતી ગુણ કલિજુગઈ, જાણઇ બાલ ગોપાલ,
છેદી બાહુ નવ પલ્લવો, સીલ પ્રભાવિ વિસાલ. ૧૦
સતીય શિરોમણિ એ સતી, તસુ સંબંધ રસાલ,
સુણતાં ભણતાં ગુણ ઘણા, જાયઇ દુખ જંજાલ. ૧૧
પ્રહસમિ મુણિવર પિણ સદા, સતિયાં નામ ગુણંતિ,
ગુણવંત ગુણવંત ગુણ ગ્રહઇ, મંદ ન મણિ જાણંતિ. ૧૨

એ સંબંધ સરસ અછઇ, સુણિજ્યો તુમ્હ ચિત લાઇ,
નાદ પ્રમાદ સવિ પરિહરી, જિમ રસ શ્રવણે થાઇ. ૧૩
શ્રોતા ન હુવઇ તેહવા, કવિયણ કેમ કરંતિ,
વીણા વાજિત્ર વાજતાં, મહિષી નીંદ ન જંતિ. ૧૪
તઉ પિણ જેહ ચતુરનર, સુવિવેકી સુવિજાણ,
સતિય ચરિત્ર સુણતાં ભલા, વંછિત્ત ચડઇ પ્રમાણ. ૧૫

અંતે— રાગ સોરઠી મિશ્ર

કલાવતી ગુણ ગાવતાં, પામીજઇ ભવપાર લલના,
સતીય સિરોમણિ એ સતી, દુક્કર દુક્કર કાર, લલના કલા૦ ૧
બાહુ યુગલ બાહુ બહિરખા, પગટયા જેમ અંકુર,
સાસણદેવી નમિ કરી, મહિમા કીધ પંડૂર. ૨
ફુલ વૃષ્ટિ આકાશથી, જય જય શબ્દ ઉચાર,
કલાવતી વચન વચન કરી, તિમ જલ સંતિ વિચાર. ૩
સીલવંત ગુણ સાંભળ્યા, હોવઇ સફલ જમાર,
અસુભ કરમ દુરઈં ટલઇ, લહઇ લખમી વિસ્તાર. ૪
વિદ્યાસાગર વિનવઇ, સીલવંત નરનારિ,
પ્રણમઇ નિત નિત તેહનઇ, શ્રીસંઘ મંગલકાર. ૫
સંવત **સોલત્રિહુત્તરઇ**, વર **વિજયદસમી** સાર,
સંબંધ એહ સોહામણઉ, ગ્રંથ તણઇ અનુસાર,
મેરી સજની ધન ધન એણિ સંસાર. સતીય૦ ૧
પ્રથમ અભ્યાસ થકી રચ્યઉ, **નાગઉરિ** નયર મઝારિ,
અતિ ચતુર શ્રાવક શ્રાવિકા, સાંભલઇ હરખ અપાર. ૨
સુવિહિત **ખરતર** ગચ્છ ધણી, શ્રી **જિનમાંણિકસૂરિ**,
તસુ પાટિ પુહવી પરગડા, દીપિયા અધિક પડૂર. ૩
પરવાદિ **પાટણિ** જીપિયા, ગજ થાટ કેસર જેમ,
પતિસાહિ દોઇ પ્રતિબૂઝિયા, **અકબર** સાહિ **સલેમ** ૪

ગુણુઉત્તરઈ રાખી જિણઈ, શ્રી જિનશાસન ટેક,
જિનચંદ યુગપરધાનજી, ભટ્ટારક સુવિવેક. ૫
તસુ સીસ ગીતારથ ગુણે, સુવિદિત ચારિત્રપાત્ર,
શ્રી **સુમતિકલ્લોલ** મહા મુનિ, પાઠક બિરૂદ સુપાત્ર. ૬
તસુ ચરણ સેવા કરણ સાદર, કમલિ ભમરઉ જેમ,
એ સતી ગુણ ગાવઇ સદા, **વિદ્યાસાગર** એમ. ૭
ઓગણીસ ઢાલઇ ગાઇયઉ, એહ બીજઉ ખંડ,
વિદ્યાસાગર મુનિવરઈ, નવ રાગ સુરંગ. ૮
આદેસ **જિનસિંહ** સૂરિનઇ, પરબંધ એ રસાલ,
શ્રી સંઘનઇ સુણતાં થકાં, હોવઇ મંગલમાલ. મેરી. ૯
—૧૦-૧૯ નં. ૪૫૪૫ વિ. ને.

૭૮૨ક જીવવિજય (ત. વિમલહર્ષ-મુનિવિમલ શિ૦)

(૧૫૯૬ક) શાંતિનાથરત કડી ૬૧ સં. ૧૬૭૩ વિજયાદશમી.
રાધનપુરમાં.

પાસ સંખેસર પ્રણમી સુખકર, **સરસતિ** સામિણિ મતિ દ્યો સુંદર,

ત્રૂટક

સુંદર મતિ દ્યો માય મુઝનઇ, ગાઉં શ્રી જિનનાયકો,
સોલમો **શાંતિ** જિનંદ દુખહર સયલ ભવિજનતારકો.
ભવ બાર માનવ દેવ કેરા, અતિ ભલેરા જિનતણા,
એકમના સુણતાં સુખ થાય દુખ જાય ભવતણાં. ૧××
રાયધનપુરમાં દીપતું શ્રી જિનભુવન ઉત્તંગજી,
તિહાં સોહઇ શ્રી જિનવરૂ, પૂજઇ ભવિજન રંગિજી. ૫૯
તત્ત્વ મુનિ રસ ચંદ્રમા એ સંવચ્છર **૧૬૭૩** માનજી,
આસો વિજયદશમી દિનિં, થુણિઉ દિઇ શિવદાનજી. ૬૦
તપ ગછિ રાજઇ બહુ દવાજઈ, શ્રી **વિજયતિલક** સૂરિસરૂ,
ઉવઝાય **વિમલહરખ** સેવક **મુનિવિમલ** પંડિતવરૂ.

તસ સીસ પભણઇ **જીવવિજયો** જયો **શાંતિ** જિણેસરો,
રાધણપુર વરનયરમંડન સયલ સંઘ સુહંકરો. ૬૧

—સં. ૧૬૭૪ કા. શુ. ૬ ઈદિલપુર વાસ્તવ્ય સા. **લક્ષ્મીદાસ** સુત સા. **મહાવજી** પઠનાર્થમ્—લિ. ગ. **જીવવિજય** ગણિભિઃ વિજયતિલક સૂરીશ્વર રાજ્યે ૪–૧૩ દા. ૭૫ પ્રત નં. ૨૧૦ સંઘ ભંડાર પાટણ.

---

૨૩૦ લાલવિજય (૧) (ત. શુભવિજય શિ.) (૧–૪૮૭)

(૧૫૯૭-૧) વીર સ્વામીનું ૨૭ ભવસ્ત૦ ૭ ઢાલ-સં. ૧૬૬૨ વિજયાદશમી આદ્રિયાણામાં.

વિમલ કમલદલ લોયણા, દીસેં વચન પ્રસન્ન,
આદર આણી **વીર**જિન, વંદી કરૂં સ્તવન. ૧
શ્રી ગુરૂતણેં પસાઉલે, સ્તવસ્યું **વીર**જિણંદ,
ભવ સત્યાવીસ **વીર**ના, સુણજ્યો સહુ આણંદ. ૨
સંવત **સોલબાસઠે** તો ભ૦ વિજયદસમી ઉદાર તો,
લાલવિજયે ભગતિ કહ્યું તો ભ૦**વીર**જિન ભવજલ તાર તો. ૨૦

ઢાલ ૬ ઠી.

સમરથ સુખ સંપત્તિ મિલેં, ફલે મનોરથ કોડિજી,
રોગ વિયોગ સર્વે ટલેં, તુહ સમરેં સહુ હે જોડિજી. ૧
આદ્રિયાણપુર મંડણો

કલશ

શ્રી **વીર**પાટ પરંપરા ગત, શ્રી **આણંદવિમલ** સૂરીસરો,
શ્રી **વિજયદાનસૂરિ** તાસ પાટે, શ્રી **વિજયદેવસૂરિ** હિતધરો.
કલ્યાણવિજય ઉવઝાય પંડિત **શુભવિજય** શિષ્ય જયકરો...

—૬–૧૨ રાજકોટ મોટા સંઘનો ભં.

(૧૫૯૭-૨) નેમિનાથ દ્વાદશમાસ—૨૬ કડી. (હિંદીમાં)

વીનવિ ઉગ્રસેનકી લાડલી કરજોરિકિં **નેમકં** આગિં ખરી,
તુંમ કાહિ પીયા **ગિરનાર** ચઢે હમસેતી કહો કહા **ચૂક** પરી,
યહ વેસ નહીં પિયા સંજમકી તુંમ કાહીકું ચેસી વિચિત્ર ધરી,
કૈસે બારહ માસ બીતાવોગેં સમઝાવોગે મુઝિ યાહ ધરી. ૧
તુમે આગિં **અસાઢમિં** કયોં ન લીયા વરત તુમ કાહિકું બરાત બુલાઇ,
છપ્પન કોડ જુરે જાહું વંસ વાંહાન આંન નીસાન બજાઇ.
સંગ **સમુદ્રવિજૈ બલીભદ્ર મુરારકી** તાહિ લાજ ન આઇ,
નેમિ પિયા અબ આવો ઘરે ઇન વાતનમેં કહો કોન વડાઇ. ૨
વડાઇ કહા કરીયેં મુનિ **રાજુલ** જીવન હે નિસિકો સુપનો,
સુત બંધવ બંધુ સબ જાત ચલે જલબુંદનસો નીતનો અપનો.
દિન ચ્યારનકે મજમાંન સવે થિરતા ન રહો કછુ સબહી અપનો,
તિહાંતે યહ જાંણિ આનંદ સવે અમરે અબ સિદ્ધનકો જપનો. ૩××
બારહ માસ જો પૂરે ભયે તવ **નેમકુ રાજલ** જાય સુનાયો,
જામેં દ્વાદશ ભાત વણી તવ પીછે સે **રાજલકું** સમઝાયો.
રાજલવી તવ સંજમ લેકર નિર્જરાકે વશ નિજ કર્મ જલાયો,
રાજલકે યત **નેમ**જિણંદ હૈ, ઉત્તર **લાલવિજૈ** વિધિ ગાયો. ૨૬

—પ–૬ થી ૧૦ સં. કૉ. કૅટે. વૉ. ૧૦, નં. ૧૩૩ પૃ. ૨૭૦ થી ૨૭૨.

---

૪૪ કલ્યાણસાગર સૂરિ [આં.) (૧–૪૮૯)તથા (૧–૪૭)

(૭૦) વીસ વિહરમાનસ્ત (૧–૪૮૯) તથા (૧–૪૭)

અંતે—

દરસણુ દ્યઉ જિનવર તુમ્હે, ભગવંત વછલ ભગવંત રે,
કલ્યાણસાગર પ્રભુ માહરા, અતુલીબલ અરિહંતરે. ૬. ધ. ૨૧

—સં. ૧૭૧૭ **ભુજ** નગર મધ્યે લિ૦ મુનિ **ભક્તિસાગરેણ** ૩–૧૭ દા. ૨૦ ન.–૬૩ સીમંધર૦

---

૭૮૩) **જિનસાગર સૂરિ** (ખ. સૂરિપદ સં. ૧૬૬૪ સ્વ. સં. ૧૭૨૦).

(૧૫૯૮) વીસી

અંતે—સુવિહિત **ખરતર** ગચ્છપતીએ, યુગવર **જિનસિંઘસૂરિ**
તાસુ સીસ ગુણ સંસ્તવે, શ્રી **જિનસાગરસૂરિ.**
—પત્ર ૫ નં. ૨૦૯ જેસલ. ભ. ભં.

---

૭૮૪ **દેવસાગર** (આંચલિક).

(૧૫૯૯) કપિલ કેવલી રાસ સં. ૧૬૭૪ આ. શુ. ૧૩ જેવાષ્ટકે

—સં. ૧૭૧૩ મા. વ. ૧૧ ભુજનગરે વિજયચંદ્ર લિ. ઉદેચંદ પઠનાર્થં પત્ર ૫ પો. ૮ ચતુ૦

---

૭૮૫ **નીંબો**

(૧૬૦૦) આદિનાથ વિવાહલો ગા. ૨૪૫ લ. સં. ૧૬૭૫ પહેલાં

—ગ્રં. ૪૦૦ સં. ૧૬૭૫ આ. વ. ૩ વા૦ **મહિમસિંધુર** શિ. વિનયવર્દ્ધન લિ. પુગલકોટે શ્રાવિકા **ચંપા** પઠનાર્થં પત્ર ૧૧ નં. ૮૫૮ દાન૦

---

૨૩૨ **ધર્મકીર્ત્તિ** (ખ. જિનચંદ્રસૂરિ-ધર્મનિધાન ઉ૦શિષ્ય) (૧-૪૯૧)

(૧૬૦૧)+ જિનસાગર સૂરિ રાસ. (ઐ.) સં. ૧૬૮૧ પોષ વદિ ૫

આદિ—

શ્રી **બંભણપુર**નઉ ધણી, પણમી **પાસ** જિણંદ
શ્રી **જિનસાગરસૂરિ**ના, ગુણ ગાવું આણંદિ. ૧
સરસતિ મતિ મુઝ નિરમલી, આપઉ કરિય પસાય
આચારજ ગુણ ગાવતાં, અવિહડ વર દ્યો માય. ૨

અંતે—

યુગવર ખરતરગચ્છ-ધણીએ, **જિનચંદ** સૂરિ ગુરૂરાય,
શિષ્ય શિરોમણિ અતિં ભલાએ, **ધર્મનિધાન** ઉવઝાય ૧૦૦
તાસુ શિષ્ય અતિ રંગસું એ, **ધર્મકીર્ત્તિ** ગુણ ગાય,
સંવત **સોલહ** ઇકાશિયે એ, **પોસ વદિ પંચમી** ભાય. ૧૦૧
શ્રી **જિનસાગર** સૂરિનુ એ, રાસ રચ્યો સુખકંદ,
સુણતાં નવનિધિ સંપજૈ એ, ગાતાં પરમાણંદ. ૧૦૨
તાં પ્રતપો ગુરૂ મહિયલે એ, જાં ગગને દિન-ઇશ,
ધર્મકીર્ત્તિ ગણિ ઇમ કહે એ, પૂરો મનહ જગીશ. ૧૦૩

—પત્ર ૪ સ્ટેટ લાયબ્રેરી વીકાનેર. પ્ર૦ એ. જૈનકાવ્ય સંગ્રહ પૃ. ૧૭૮–૧૮૯

(૧૬૦૨) મૃગાંકપદ્માવતી ચોપઈ (અપૂર્ણ—નાહટા સંગ્રહ)

(૧૬૦૨ક) ૨૪ જિનબોલસ્ત૦ (ક્ષમા. ભં.)

---

૭૮૬ પરમાનંદ (જીવસુંદર શિ.)

(૧૬૦૩) હંસરાજ વચ્છરાજ ચોપાઇ સં. ૧૬૭૫ મરોટ

—જિનસાગરસૂરિ શાખા ભં. વીકાનેર.

---

૨૩૩ વિવેકવિજય (ત હીરવિજય–શુભવિજય–ભાવવિજય –ઋદ્ધિવિજય–ચતુરવિજય શિ.) (૧–૪૯૨)

(૪૫૭) રિપુમર્દન રાસ સં. ૧૬૭૫ (?) (૧–૪૯૨)

અંતની ૧૨ મી કડી પહેલાં ઉમેરોઃ—

તસતણા શિષ્ય અતિ ઘણુ વારૂ, **શુભવિજય** કવિરાયારે
તસતણા ગુણવંત ગિરૂઆ, **ભાવવિજય** ગુરૂરાયારે. ૧૧

---

૨૩૪ જયસોમ (ખ. પ્રમોદમાણિક્ય શિ૦) (૧-૪૯૩)

(૧૬૦૪) **બારવ્રત ઇચ્છા પરિમાણ રાસ** સં. ૧૬૪૭ વૈ. શુ. ૩

ચઉવીસે જિણવર નમી, ધ્યાઇ ગોયમ સામિ
સહગુરૂ શાસન દેવતા, નવનિધિ હુઇ જસુ નામિ. ૧
પભણિસ હિતકારણુ સદા, સુંદર સમકિત મૂલ
બારહ વ્રત શ્રાવકતણા, સુખસંપતિ અનુકૂલ. ૨××

જિનચંદ્ર સૂરિ ગુરૂ શ્રીમુખઇ, શ્રાવિકા **કોડાં** એહ
આદરઇ બારહ વ્રત ઇસા, શુભ દિવસઇરે મનહરપ ધરેવિ. ૧૧૮
સોલહસઇ સઇતાલ, વઇસાખ સુદિ દિન ત્રીજ
ઇમ ઢાલ બંધઇ ગુંથીયા, શ્રાવક વ્રતરે સમકિત-બીજ. ૧૧૯

—પછીની કડીઓ નીચેની કૃતિ પ્રમાણે છે. (૧) તત્કાલીન પ્રત પત્ર ૭ પો. ૧૬ નં. ૧૬૨૭ અભય. (૨) કપડા પર લખેલ પ્રત તિલોક મુનિ પાસે.

(૧૬૦૫) **પરિગ્રહ પરિમાણ વિરતિ રાસ** સં. ૧૬૫૦ કા. શુ. ૩

આદિ—પૂર્વવત્

અંતે—

જિનચંદ્ર સૂરિ ગુરૂ શ્રીમુખઇ, શ્રાવિકા **રેખાં** સાર
આદરઇ બારઇ વ્રત ઇસા, શુભ દિવસરે મન હરપ અપાર. ૧૧૬
સોલહસઇ પચાસમઇ, કાતી સુદિ દિન તીજ
ઇમ ઢાલબંધ ગૂંથીયા, શ્રાવક વ્રતરે જિહ સમકિત બીજ. ૧૧૭
જિનદત્ત સૂરિ ગુરૂ સાનિધઇ, **જિનકુશલ** સૂરિ સુપસાઇ
જયસોમ ગણિ ઇણુપરિ વહઇ, સુભ ભાવઇ રે દિનદિન સુખ થાઇ. ૧૧૮
જાં લગઇ સૂરિજ ચંદ્રમા, જાં લગ મેરૂ ગિરિંદ
સાસન દેવતા સાનિધઇ, થિર થાજ્યોરે મનિ જિનચંદ. ૧૧૯

—જ્ઞાનભંડાર કપડા પર લખેલી સુંદર પ્રત વીકાનેર.

(૧૬૦૬) **વયર (વજ્) સ્વામી ચોપઈ** સં. ૧૬૫૯ આ. નેમિ-જન્મદિને જોધપુર.

આદિ—

વર્દ્ધમાન જિનવર વરદાય મન મહિ સમરિય **સારદ** માય
વયર સામિ મુનિવર વયરાગી, ગાઉં જિનશાસનિ સોભાગી. ૧
ગુન અનંત રસ નાયક મેરી, મહિમા અધિક મહા મુનિકેરી
તઉ હી કછુ શ્રુતનય અનુસારઇ, ગુણ વરણું અપની મતિસારઇ. ૨

અંતે—

આવશ્યક અનુસારિ ચરિત ઇણિપરિ કહ્યઉ રે
ઉપસમ રસ સંવેગ સુધારસ કરિ ભયઉ રે
રીઝઇ એ સંબંધ સુણી મન જેહનઉ રે
તે નર અલ્પ સંસાર સમઉ દિન તેહનઉ રે
સોલહસય ગુણસઠિઇ વચ્છરિ શ્રાવણઇ રે
નેમિ જનમ-દિનિ જાનિ હીયઇ હરપઇ ઘણઇ રે
જેસલમેર જયસોમ સુગુરુ ગુણ સંથુણઇ રે
વાચક શ્રી **પરમોદ** પ્રસાદ થકી ભણઇ રે
રાજઇ જુગવર શ્રી **જિનચંદ** સૂરીસનઇ રે
ભણતાં **કુશલ** સૂરીસ કરઇ સુખ દિન દિનઇ રે.

—(૧) પ્રત ૧૮ મી સદીની જીવકીર્ત્તિ લિ. પત્ર ૫ પો. ૮૧ નં. ૨૨૮૩ જિ. ચા. (૨) પત્ર ૧૦ નં. ૨૧૭૧ અભય. (૩) પ્રત ૧૮ મી સદીની જિનકીર્ત્તિ લિ. પત્ર ૬ પો. ૪૫ દાન૦

(૧૬૦૬ક) ૯૬ તીર્થંકરસ્ત કડી ૨૬ (નમતિ ગુણરયણ ગણે ભરિય જિણવર પય')

(૪૫૮) ભાવના સંધિ. (સુધારો સં. ૧૬૪૬ (૧-૪૯૩)

અંતે— સંવત 'રસવારિધિ રસ સસીહર વરસઇ' એમ સુધારો.

—(૧) સં. ૧૬૯૫ જ્યેષ્ટ શુકલ કૃષ્ણ (?) પક્ષ ૬ સોમે પારિખ **પરતાપસી પાંચાણી** લિખિતો શ્રી **નગરથટે** બાઇ **લાલ** વાચનાર્થે પત્ર ૮ જેસલ૦ ભ. ભં. નં. ૧૩૦ (૨) પ્રત ૧૭ મી સદીની પત્ર ૩ પો. ૮ રામ૦ (૩) સં. ૧૭૬૩ આ. સુ. **વિક્રમપુરે**

તપગચ્છ તારઇ **વિજયસેન** સુરી વારઇ ટીપ લિખાવી સોહામણી,
ઇમ વ્રત પાલો કુલ અજૂઆલો, પાપ પખાલો હિત ભણી;

સકલ વાચક સોહઇ ભવિજન મોહઈ, **મુક્તિસાગર** સિરતાજ,
કવિ **ગુણસાગર** સીસ પભણઈ, પામો અવિચલ રાજ. ૭૨

—સં. ૧૭૨૯ લિ૦ શાંતિનાથ પ્રસાદાત્ ૭-૯ મો. સેં. લા.

(મુક્તિસાગર તે શેઠ શાંતિદાસના ગુરૂ, પછીથી સં. ૧૬૮૬ માં રાજસાગરસૂરિ થયા. મુક્તિસાગરના સં. ૧૬૮૨ના પ્રતિમા લેખ માટે જુઓ બુ. ૧, નં. ૩૬, ૧૨૮).

---

૨૪૯ કેશરાજ (વિજયગચ્છ) (૧-૫૨૨).

(૪૮૬)+ રામયશો રસાયન (રામાયણ) રાસ સં. ૧૬૮૩ (૧-૫૨૨).

—(૧) ગ્રં. ૪૨૫૦ સં. ૧૮૪૪ ભા૦ બાઈ હેમકોર પઠનાર્થં ૧૧૩-૧૭ દા. ૨૨ નં. ૧૨ સીમંધર૦ (૨) સં. ૧૮૮૦ શ્રા૦ વ. ૫ સોમે લિ૦ વિકાનેર મધ્યે ૮૩-૧૭ પો. ૧૨૧ મો૦ સુરત. (૩) સં. ૧૯૫૫ લુધયાના મધ્યે પત્ર ૬૨ નં. ૨૦૯૦ જિ. ચા. (૪) પત્ર ૧૨૩ કમલ મુનિ.

---

૭૯૯ ખ અજ્ઞાત.

(૧૬૩૪ ગ) સરસ્વતી છંદ કડી ૪૪ સં. ૧૬૮૪ ? આશો શુ ૧૫

સકલ સિદ્ધિ દાતારં, **પાર્શ્વં** નત્વા સ્તવામ્યહં,
વરદાં **સારદા** દેવીં, સુખ સૌભાગ્ય કારિણીં. ૧
પ્રણવ અક્ષર વલિ માયા બીજં શ્રીએં નમો કરિઠેજં,
કલીં હ્રીં મહામંત્ર તેજં, વાગ્વાદિનિ નિત્ય સમરેજં. ૪૦

ભગવતિ ભાવઈ તુજ્ઝ નમિજ્જઈ, અષ્ટ મહાસિદ્ધિ શીઘ્ર લહીજ્જઇ,
મંત્ર સહિત એ કવિત ભણિજ્જઇ, ભણતાં ગુણતાં લીલ કરિજ્જઇ.
સંવત **ચંદકલા** અતિ ઉજ્જલ, **સાયર સિદ્ધિ** આસો શુદિ નિર્મલ,
પૂનિમ સુર ગુરૂ વારિં ઉદાર, ભગવતિ છંદ રચ્યો જયકાર. ૪૨

સારદ નામ જપો જગજાણું, સારદ નામ ગાઉ સુવિહાણું,
સારદ આપઈ બુદ્ધિ વિનાણું, સારદ નામઈ કોકિ કલ્યાણું. ૪૩

ગાહા

ઇહ બહુ ભત્તિ ભરેણું, **અડયલ** છંદેણુ સંથુઆ દેવી,
ભગવઈ તુજ્ઝ પસાયા, હોઉ સયા સંઘ કલ્લાણું. ૪૪

—સત્યવિજય ગ૦ શિ૦ કર્પૂરવિજય શિષ્ય વૃદ્ધવિજય શિ૦ ગણિ હંસવિજય ૩-૧૫ દા. ૮૨ નં. ૧૭૭ હા૦

---

૨૫૦ સહજકીર્ત્તિ (ખ. હેમનંદન શિ.) (૧-૫૨૫).

(૧૬૩૫) સુદર્શન શ્રેષ્ઠિ રાસ. સં. ૧૬૬૧ બગડીપુરમાં.

આદિ— દૂહા

કેવલ કમલાકર સુર, કોમલ વચન વિલાસ,
કવિયણ કમલ દિવાકરૂ, પણમિય **ફલવિધિ પાસ.** ૧
સુરનર કિંનર વર ભમર, સુણુત ચરણકજ જાસ,
સરસ વચનકર **સરસતી,** નમીયઇ સોહગ વાસ. ૨
જાસુ પસાયઇ કવિ લહઇ, કવિજનમઇ જસવાસ,
હંસગમણિ સા ભારતી, દેઉ મુઝ વચન વિલાસ. ૩
ભવજલ નિધિ પડતાં સદા, ધારઇ જેહ તુરંત,
સકલ સિવંકર તેહનઇ, ધર્મ કહઇ ભગવંત. ૪
ચઉગતિનઇ જે નિર્દલઇ, જીપઇ ચ્યારિ કષાય,
તેહ ભણીવઉ ભેદ કરિ, ધર્મ કહઇ જિણરાય. ૫
આપોપણિ થાનકિ સહી, એ ચ્યારે છઈ મુખ,
એકેકઉ આરાધતાં, દ્યઇ મન વંછિત સુખ. ૬
આપદ ગદ દૂરઇ ટલઇ, ન લહઇ જનમઇ હીલ,
સીલ પસાયઇ દિન દિનઇ, પામઇ અવિચલ લીલ. ૭
કુલ કલંક સહુ ઊતરઈ, હુઈ સમાધિ વર ડીલ.
પસરઈ જસ કીરતિ ઘણી, પામ્યાં નિર્મ્મલ સીલ. ૮

કષ્ટ પડિં જે નવિ ચલઇ, સીલ થકી સુવિચાર,
સીલવંત તેહિજ ખરા, ગરૂઆ ઇણિ સંસારિ. ૯
શેઠ **સુદરસણ** ચિર જયઉ, કેવલ કમલા કંત,
સીલવંત સિરિ સેહરઉ, નમીયઇ નિત ગુણવંત. ૧૦
સેઠ **સુદરસણ**ની પરઇ, પાલઉ સીલ અખંડ,
મન વંછિત ફલ જિમ લહઉ, તોડઉ કર્મ પયંડ. ૧૧
કષ્ટ પડ્યઇ રાખ્યઉ સુદૃઢ, સીલ–રયણ અતિ ચંગ,
સેઠ **સુદરસણ** જિણ પરઇ, તે નિસુણઉ ધરિ રંગ. ૧૨

અંતે—

શ્રી **ખરતર** ગછ કમલવિકાસણ દિનમણીરે, 'જુગ પ્રધાન' પદ ધાર.
ગુણ નિધરે (૨) શ્રી **જિનચંદ** મુનીસરૂરે.
પાતિસાહ **અકબર** ભૂમિપતિ માનીયેરે, દેખી જસુ અનુભાવ,
અભિનવિરે (૨) સકલ જીવ આનંદકરૂરે. ૪૨૩

તસુ પાટઈં સુભ ઘાટઇ રવિ જુ દીપતઉ રે જસવંતઉ સુવિચાર
સદગુરૂ રે (૨) શ્રી **જિનસિંહ** મહાયતીરે,
શ્રી **જિનચંદ્ર** સુરીસર રાજઈરે શ્રી જિનસિંહ મુણિંદ,
સુખકરૂરે જુવરાજઈ નતભૂપતીરે. ૪૨૪

જસુ ધ્યાનઇ ધરણિંદ ધરણિપતિ આવીયઉરે, દીધઉ જસુ વરદાન,
ગુરુવરરે (૨) કુમતી મદ ભર જીપતઉરે.
ગચ્છવૃદ્ધિ કીધી વલિ સુરસાનિધિ લહીરે શ્રી ગુરૂ ગુરૂ ગુણધાર,
વિશ્રુત રે (૨) **ક્ષેમકીર્ત્તિ** ગુરૂ દીપતઉરે. ૪૨૫

તસુ સાખઇં શુભ ભાખઇં સદગુરૂ ચિર જયઉરે શ્રી પાઠક પદ ધાર,
સુભમતિરે (૨) શ્રુત ધરમઇ ચિંતામણીરે.
કનકતિલક ગુરૂરાજ ગુણાકર સુભકરૂરે પંચમહાવ્રતપાલ,
ધરણીરે (૨) જસુ કીરતિ દીસઇ ઘણીરે. ૪૨૬
તસુ પાટઇ જાચક મહિમાનિધિ અભિનવઉરે **લક્ષ્મીવિનય** મુનીસ,

યતિવર રે (૨) જસુ નામઈ સુખ પામીયઇરે.
પૂરવ દેસવિદેશ વિહાર કરી જિણિ નિજ બલઇરે, પ્રતિબોધ્યા જનવૃંદ,
દેખત રે (૨) માનીયઈ સિર નામીયઇરે. ૪૨૭
તાસુ સીસ વાચક ગુણમણિ મહિ રયણાકરૂ રે અદ્દભુત ભાગ્ય નિવાસ,
હિતકર રે (૨) સકલ જીવનઇ જે સદા રે.
જસુ દરસણ દેખત સજ્જન જન સુખ લહઇરે, ચંદઇ જેમ ચકોર,
પ્રતિપઉ રે (૨) **રત્નસાર** ગણિ ગુરૂ મુદારે. ૪૨૮
રત્નહર્ષ ગણિ વરવિદ્યાનિધિ ગુણુનિલઉરે, **હેમનંદન** ગણિ ધીર,
સોહઈ રે (૨) તાસુ સીસ દોઉ ભલારે,
સુભ આચારઇ રંજઇ સજન ભવિયણારે પ્રતિપઉ મુઝ આસીસ,
દિન પ્રતિરે (૨) જાગઇ જસુ ચઢતી કલારે. ૪૨૯
તસુ વિનેય સુખ જાણી સંત મહંતનારે ગુણ કહતાં અભિરામ,
હોવઇ રે (૨) દિન દિન અધિકી સંપયારે.
સહજકીર્ત્તિ મુનિ ભાખ્યઉ તિણિ હેતઇ કરીરે, સાધુ **સુદરસણ રાસ**,
ભવિયણ રે (૨) સુણતાં થાયઈ ગુણ સયારે. ૪૩૦
શ્રી **વગડીપુરિ સુવિધિ** જિણિંદ પસાઉલઇ રે
સંવત હરિ રસ કાય ચંદઇ રે
ભાખ્યઉ એ રલિયામણુઉ રે,
સીલતણા ગુણ જાણઇ જનિ સુણઇ ભણઇરે તસુ ઘરિ વાધઇ ઋદ્ધિ,
દ્રો જિમ રે (૨) નિત નિત રંગ વધામણુઉ રે. ૪૩૧

—ગ્રં૦ ૬૩૧ ૧૩-૧૫ દા. ૧૭ વી. ઉ.

(૧૬૩૬) કલાવતી રાસ ગા. ૧૨૨ સં. ૧૬૬૭ (રસાચલ)

—પ્રત ૧૭ મી સદીની પત્ર ૭ પો. ૮૧ નં. ૨૨૮૧ જિ. ચા.

(૧૬૩૭) વ્યસન સત્તરી ગા. ૭૧ સં. ૧૬૬૮ નાગોર.

—પો. નં. ૧૨ ભુવન૦

(૧૬૩૮) દેવરાજ વચ્છરાજ ચોપઇ સં. ૧૬૭૨ ખામભર નગરમાં.

આદિ— ऐं नमः

પરમોદય કારણ પવર, જગદાનંદન **પાસ**,
શ્રી **ફુલવર્ધિપુર** મંડણુઉ, પણમી સુકૃતનિવાસ. ૧
હંસગમણિ પરમેસરી, સકલા જસુ અવદાત,
વીણા પુસ્તકધારિણી, પણમું **સરસતિ** માત. ૨
જાસ પસાયઇ તતખિણઇ, મુરખ પિણ કવિ-હોઇ,
ચિર નંદઉ સા **ભારતી, કાલીદાસ** પરિ જોઈ. ૩
તુમ પસાય વિણુ જો કરઇ કવિત કથા અરૂ વાદ,
લુણ વિના જિમ રસવતી, હોવઇ તેમ નિસવાદ. ૪
હૂં બાલક છું તાહરઉ, **સરસતિ** કર સુપસાય,
તુઝ સુપસાયઇ જે કહૂં, સરસ સહી તે થાય. ૫
કીરતિ કમલા સગુણ સંત, સુમતિ અંગ નીરોગ,
પુણ્યપસાયઇ ઇણિ ભવઈ, લહીયઇ સકલા ભોગ. ૬
પુણ્યપસાયઇ પરભવઇ, પામીઇ દેવવિમાન,
કેવલસિરિ લહિ કે મુદા, કે પામઇ નિરવાણ. ૭
પુણ્યકલ્પતરૂ સેવતાં, ફલઇ મનોરથ સન્ત,
પુણ્યવંત ઇહાં સંભલઉ, વચ્છરાજ દષ્ટાંત. ૮
જિણપરિ દીઠઉ શાસ્ત્રમઈ, સુણીયુ શ્રીગુરૂ પાસિં,
તિણપરિ હૂં દિષ્ટંત તે, કહિસું મન ઉલ્લાસિ. ૯

અંતે— રાગ ધન્યાસી કુમર ઈસું મન ચીંતવે રે—એ દેશી.

ઇણ પરઇ ધર્મ્મ ભણઉ સુણી, મહિમા અનોપમ વેગ,
સેવીઅઇ ધર્મ સવી સદા, જિમ લહીયઈ હો સુખ અભંગ. ૧૦
સિવપુર લીલા સાસતીરે, પામીજઇ હો ધરમ પસાય—આંચલી,
સુખકાર **ખરતર** ગચ્છધણી, શ્રી **જિનસિંહ** મુણીંદ,
જસ દીયઉ જુગવર પદ તક્ષતુ, શ્રી સાહિઇ હો મણ આણંદ.
સુધ ક્રિયાકારક ગુણનિધિ, આગમ તણાં આધાર,
શ્રી **કનકતિલક** મુનિસરૂ જયંતી, પાઠક પદ ધાર. ૧૨ સિવ.

તસુ સીસ વાચક પદધરૂ, **લિખમીવિનય** ગુણવંત,
જિણુ કરિ વિહાર પદીતલઇ, પ્રતિબોધ્યા હે બહુ શ્રાવક સંત. ૬૩
તસુ સીસ સદ્દગુરૂ ગુણતિલઉ, શ્રી **રત્નસાગર** મુનીસ,
મહાપીઠ જસુ જસ મહઇ, જસ નામઇ હો સુખ હુઇ નિસદીસ. ૬૪
ગણિરત્ન દર્પ મનોહરૂ, ગણિ **હેમનંદન** ધીર,
એ સીસ તાસ સુહંકરૂ, નિત પ્રતિપઉ હો ગુણગંભીર. ૬૫ સિવ.
શ્રી **હેમનંદન** ગણિ તણઉ, સુપ્રસાદ લહિ અભિરામ,
ગુણિ **સહજકીરતિ** ધર્મના એ, ભાખ્યા હો ફલ સુખકામ. ૬૬ સિવ.
શ્રી **ખામભર** નગરઇ ભલઇ, શ્રી **સંતિ** જિન સુપ્રાસાદિ,
નયન વારિધિ રસ શશિ, શુભ વરસઇ હો વડી પરમાદ. ૬૭ સિવ.
જે કહિય આગમ સંમતઇ, અનુમોદીયઇ તે સુદ્ધ,
મિચ્છામિદુક્કડ તેહનઉ જે, કહિયઉ હો આગમે વિરૂદ્ધ. ૬૮ સિવ.
પુણ્યવંત શ્રી વચ્છ મુનિ ભણઇ, જે સુણઇ એહ ચરિત્ત,
તે લહઇ લીલા દિનદિનઇ, વલિ હોવઇ હો જનમ પવિત્ત. ૬૯ સિવ.

—શીલવિષયે (૧) સં૦ ૧૭૯૨ કા૦ વ૦ ૭ દિને શ્રી વીજાત દેવિપાકૃતા ૨૭-૭ થી ૧૭ સં. કૉ. કૅટ. વૉ. ૧૦ નં. ૧૨૬ પૃ. ૨૫૮-૨૬૧. (૨) સં. સિદ્ધિન્દુ સંયમ (૧૭૧૮) આશ્વિન સુ. ૩ ભૃગુવારે લિ. વા. જીવકીર્ત્તિગણિભિઃ પત્ર ૩૭ નં. ૨૩૬ અભય.

(૧૬૩૯) સાગર શ્રેષ્ઠિકથા સં. ૧૬૭૫ વિક્રમપુર (વીકાનેર)માં.

આદિ— શ્રી ગણેશાય નમઃ ધુરિ સોરઠઉ.

પ્રણમું ફલવધિ પાસ, સકલ સદા જસુ સાનિધઇં,
લહીયઇ લીલવિલાસ, ધન ધન સિરિ **ધરણિંદ** જિમ. ૧
ભલઉ નમાવી ભાલ, ભાવઇ પ્રણમું **ભારતી,**
વિબુધ કરઇ જે બાલ, હંસગમણિ આરતિ હરઇ. ૨
પ્રણમું નિજ ગુરૂપાય, ભલીપરઇં જિણિ મુઝ ભણી,
સફલઉ કરી સુપસાય, કીડીથી કુંજર કીયઉ. ૩

દુખ લખ ભંજઇ દાન, કમલાસુખ સંપતિ કરઈ,
વાધઇ બુધિ વિનાણુ, કહઇ ઇસઉ શ્રુતકેવલી. ૪
પેટ ભરઇ કરિ પાપ, કેઇક કમ સકતિ કરી,
સહિ બહુલઉ સંતાપ, ભરઇ પેટ કે ભાવતી. ૫
કેઇ કરઇ કલોલ, લખમી લહિ લીલાવતી,
પહિજ દાન અમોલ, જાણીજઇ ફલ જગતમઇ. ૬
શ્રી પામી સુવિસાલ, ખરચઇ જે નહી ખંતિસું,
માખી જિમ મહુઆલ, ઘસિસ્યઇ હાથ ગએ ઘણું. ૭
સાયર સેઠિ સુજાણિ, વડદાતા પામિઉ બિરૂદ,
કૃપણ તણી તજિ કાનિ, ચતુર સુણઉ તિહનઉ ચરિત. ૮
નિસુણયઉ જિમ નિસદીસ, નિજ ગુરૂ પાસઇં તિમ નમી,
બોલિસિ વિસવાવીસ, કલપિત કાઇ નવિ કહું. ૯
આખર સગવટિ આણિ, પદ પદ માંહે પરગડી,
ગરૂઆના ગુણગાન, કરિસિ સુણઉ થિર ચિત કરી. ૧૦
કવિનઉ મૂરખ કામ, કવહિં ન જાણઇ કેલવી,
વ્યાવર તણઉ વિરામ, વાંઝિણિ કિમ જાણઇ વિદુર. ૧૧

અંતે—

ઇમ ફલ જાણી આગમઇએ, દાંન દીયઉ દાતાર,
દીયઉ દુરમતિ દલઇએ, સહુ જાણઇ સંસાર. ૨૪ મ૦
મૂલનાયક મહિમા ધણીએ, આદીસર અરિહંત,
પ્રકટ **વિક્રમપુરઈ** એ, દિનદિન સુખ દીપંત. ૨૫ મ૦
શ્રી **ખરતર** ગચ્છમઇ ધણી એ, શ્રી **જિનરાજ** સુરિંદ,
વિજયરાજઇ વધઇએ, અધિક સકલ આણંદ. ૨૬ મ૦
શ્રી ગુરૂ ગુણનિધિ સુખકરૂ એ, **રતનસાર** ગુરૂ રંગ,
નમીજઇ નિતપ્રતઇએ, સુથિર સુબુધિ સુચંગ. ૨૭ મ૦
સીસ તાસ ગુણનિદ્ધિ સહીએ, **હેમનંદન** સુખહેત,
કહઈ સીસ તસુ કવીએ, ચરિત એહ થિર ચિત. ૨૮ મ૦

સમતિ જલધિ રસ સસિ સમયઇ સાયરનઉ સંબંધ,
રસિક રલીયામણુઉએ, સુકૃત સુફૂલ સુગંધ. ૨૯ મ૦
અણહૂંતઉ આગમ પખઇએ, આણ્યઉ જેહ અસુદ્ધ,
તુરત કરૂં તેહનઉ એ, મિચ્છામ દુક્કડ સુદ્ધ. ૩૦ મ૦
તુમ્હનઇં ઢાલ એ તેરમીએ, રંગ ધન્યાસિરી રાગ,
કહી સંપતિ કરઇએ, સુણતાં સુખ સોભાગ. ૩૧ મ૦

—સુપાત્ર દાન વિષયે, (૧) ગા. ૨૩૨ ગ્રં. ૩૧૨ પૂજ્ય ભં. દેવરત્નસૂરિ શિ૦ મુનિ ઉદયવિજય લ૦ ૧૦-૧૪ દે. લા. ૧૪૧૦/૫૦૦ (૨) સં. ૧૭૬૯ આ૦ સુ. ૧૩ મુલતાણમધ્યે સુખહેમ લિ૦ પત્ર ૧૩ જિનહર્ષકૃત શ્રીપાલ ચોપઇસહિત પો. ૮૩ નં. ૨૦૯૬ જિ. ચા. (૩) સં. ૧૭૪૩ શ્રા. શુ. ૧૨ ગુરૂ સાંગાનેર મધ્યે પત્ર ૧૦ નં. ૨૮૮૨ અભય. (૪) પત્ર ૧૦ પો. ૫૫ પં. જૈ. શ્વે. ભં. જયપુર.

(૧૬૩૯ક)+ જિનરાજસૂરિ ગીત.

—વ્યલેખિ કૃતં ચ પં. **સહજકીર્ત્તિ** ગણિના પત્ર ૨ નં. ૩૪૮૩ અભય. પ્ર. ઐ. જૈ. રાસસંગ્રહ પૃ. ૧૭૪ થી ૧૭૬.

(૧૬૪૦) જેસલમેર ચૈત્ય પ્રવાડી ૭ ગીત સં. ૧૬૭૯.

આદિ—

તમકઉ પ્યારઉ મનકઉ પ્યારઉ એહની જાતિ.

સાધુ સાધવી શ્રાવક શ્રાવી, શ્રી સંઘનઇ પરિવારરે માઇ,
શ્રી **જિનરાજ** સૂરીસર હરષઇં, **જેસલમેરૂ મઝારિ** રે માઇ. ૧
ચૈત્ર પ્રવાડિ કરઇ વિધિ સેતી, વાજઇ વાજિત્ર સારરે,
ગાવઇ ગીત મધુરસર ગોરી, **ખરતર** ગચ્છ જયકાર રે માઇ. ચૈત્ર૦ ૨

અંતે—

ઇમ કરી **ચૈત્રપ્રવાડિ** સુંદર, મુનિ રાજશ્રી **જિનરાજ,**
આવીયા પૂજ ઉપાસરઇ, **ખરતર** ગચ્છ સિરતાજ. ચૈ. ૬

દિન દિન ઉદય આનંદ અધિકઉ, દિન દિન વધઉ બહુ તેજ,
આસીસ **સહજકીરતિ** કહઇ, આણિ હીયઇ ઘણઉ હેજ. ૭

—ઇતિ શ્રી જેસલમેર ચૈત્યાવલી નમસ્કરણ વિધિ ગીતાનિ સપ્ત ॥ લિખિતાનિ વા૦ **સહજકીર્ત્તિ** ગણિના ॥ શ્રાવિકા **માનાદે** પઠનાય । સંવત ૧૬૭૯.

(૧૬૪૧) શીલરાસ સં. ૧૬૮૬ શ્રા. શુ. ૧૫ કૃષ્ણકોટમાં.
—ગા. ૮૧ ગ્રંથાગ્રંથ ૨૫૦ પત્ર ૭ **નાહટા.**

(૧૬૪૨) હરિશ્ચંદ્ર ચોપઇ સં. ૧૬૯૭

પ્રણમું ફુલવાધ **પાસ** જિન, પ્રણમું જિણવરિ વાણિ,
પ્રણમું સદ્દગુરૂ આપણો, નિરમલ ભાવ પ્રમાણ. ૧
દાન વખાણ્યો બહુ પરઇ, **સાયર**નઇ અધિકાર,
વચ્છરાજ નર દેવ તિમ, ચરિત આધક વિસ્તાર. ૨
સેઠ **સુદરસણ** ચરિત કહિ, અધિક વખાણ્યો સીલ,
કલાવતી અધિક તિમ, લાધી સિવપુર લીલ. ૩
જિણવર પૂજા ફલ કહ્યા, રાઇપસેણિ ઉધાર,
મહાતમ સેત્રુંજ તણો ભાખ્યો વિવિધ પ્રકાર. ૪
ઉત્તમ નરના ચરિત કહિ, સફલ કીધ અવતાર,
સફલી કીધી જીભ એ, સફલ કીધ આધાર. ૫
સત સાહસ જગમઇ સુથિર, ધરમ તણા બે અંગ,
ઉત્તમ નર તેહિજ ખરા, કરઇ તિહુંસું સંગ. ૬
માનવ સત સાહસ સહિત, ધરમ કરણનઈ જોગ,
નર સત સાહસ વાહિરો, બારસમો કહઇ લોગ. ૭
લખમી સત્ત સાહસ ધરાં, ઘર નિત કરઇ કલ્લોલ,
ઘોડા રથ પાઇક ઘણા, હાથી વચન અમોલ. ૮
ગુહિર સરસ રઇ ઘણુ મેહ જિમ, નાટકના દેંકાર,
સુખસાતા બહુ ભોગવઇ, એ સતનાં ફલ સાર. ૯
માન મહાતમ નીગમઇ, સત સાહસ કરિ હીન,

કા જન સાધઇ છક રતી, સહૂ કહઇ મસકીન. ૧૦
એહ મરમ જાંણી હીયઇ, ગત સત છંડો કોઈ,
હરિચંદ રાજાની પરઇ, સુખ સંપતિ થિર હોઇ. ૧૧
હરિચંદ રાજા જિહાં હૂઉ, સત દઢ રાખ્યા જેમ,
સાંભલિજ્યો સંબંધ સહુ, અતિ રસાલ બહુ પ્રેમ. ૧૨

અંતે— ઢાલ ૧૭ મી.

દેખી ઊંચઉ દેહરઇ, જૂનો અતિ સુવિસાલ રાજા,
હરખિત ચિત દેખઇ સહૂ, નમઈ નમાવી ભાલ રાજા દેખી. ૧××
ગુણ ગાયા **હરિચંદ**ના, પવિત્ર થઇ એ જીહ રાજા,
સફલ માસ એ મુઝ હૂઉ, સફલ ઘડી વલિ દીહ રાજા. ૧૩
સંવત **સોલ સત્તાણુયઈ**, પરિઘલ જિહાં હૂઆ ધાન રાજા,
સગલઇ દેસ વિદેસમઈ, ઉચ્છવ રંગ પ્રધાન રાજા. ૧૪
વાચક શ્રી **રત્નસારજી**, **હેમનંદન** મુનિરાય રાજા,
સહજકીરતિ એ ગુણ કહ્યા, સદગુરૂનઇ સુપસાય રાજા. ૧૫
મહાપુરૂષ ગુણ ગાવતાં, દિન દિન મંગલમાલ રાજા,
જસ ઇંદ્રા જિમ સાસતી, જાણઇ બાલ ગોપાલ રાજા. ૧૬
પારસનાથ ચરિતમઈ, જિન દીઠઉ અધિકાર રાજા,
જોડ બંધ કરિ મતિ કહ્યો, અવિચલ મંગલકાર રાજા. ૧૭

—પ્રતિ ૧૮મી સદીની જવહર મધ્યે લિ. પત્ર ૧૨ પો. ૯ અબીર.

[આ કવિની સંસ્કૃત કૃતિઓ માટે જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ)

---

૮૦૦ રાજહંસ [ખ. જિનચંદ્ર સૂરિ—સમયરાજ—અભય- સુંદર—કમલલાભ શિ.]

(૧૬૪૩) વિજય શેઠ ચોપઇ સં. ૧૬૮૨ માહ શુ. ૫ મુલતાનમાં

આદિ—

પ્રણમી **પાસ** જિણિંદ પહુ, વિધિરયું વર દાતાર,
મૂલતાણિ મહિમા પ્રગટ, જગજીવન જયકાર. ૧
શ્રી **વર્દ્ધમાન** જિન વંદીયઇ, સાસનનાયક સાર,
ગોતમ સુધર્મ પ્રમુખ ગુરૂ, **સુયદેવી** શ્રુતધાર. ૨
સીલવંત સિરિ સેહરા, સકલ સાધુ સિરદાર,
કિસણુ સુકિલ પક્ષ દંપતી, ગુણુ ગાઇસુ વિસ્તાર. ૩

અંતે— ઢાલ ગુંહલીની ધન્યાસરી રાગે.

સીલ પ્રભાવ સુણી કરીરે લા૦ સુકિલીણા નરનારિ,
પાલઉ સીલ ભલી પરઇરે, સુજસ હુવઇ સંસારિ. ૧
સોભાગી સીલ વખાણિયઇરે, સકલ વંછિત દાતાર–સોભાગી.
સોહમાદિ પરંપરારે, ચંદ કુલંબરચંદ,
શ્રી **જિનસિંઘ** પાટોધરૂરે, શ્રી **જિનરાજ** સુરિંદ. સો૦
વિજયરાજ જગિ જેહનઉરે, દસ દિસ આધક પડૂર,
તાસ આદેશઇ એ રચ્યઉરે, સીલ પ્રબંધ સનૂર. સો૦ ૨
જિણિ **અકબર** પ્રતિબૂઝવીરે, વરતાવી અમ્મારિ,
પંચ પીર જિસિ વસિ કીયારે, જિનસાસન આધારિ. સો૦ ૩
જુગપ્રધાન **જિણચંદજી**રે, પરતખિ જસ પરભાવ,
તાસુ સીસ ગુણુ આગરૂરે, દીપઇ જગિ બહુ દાવ. સો૦ ૪
સમયરાજ પાઠકવરૂરે, સૂત્ર અરથ ભંડાર,
વાચક **અભયસુંદર** ભલારે, **બોહિથ** વંસ સિણુગાર. સો૦ ૫
તાસુ સીસ વિદ્યાનિલઉરે, **પારિખ** વંસ પ્રસિદ્ધ,
લઘુ વય સંજમ આદર્યઉરે, સાધુ ક્રિયા ગુણુ સુદ્ધ. સો૦ ૬
જાંણી સબ આગમ ધરૂરે, ચઊદ વિદ્યા ગુણુ જાંણુ,
શ્રી **જિનરાજસુરીસ**રઇરે, પાઠક કીધ પ્રમાણુ. સો૦ ૭
દેસ વિદેસઇ વિચરતારે, આયા શ્રી **મુલતાણુ**,
કમલલાભ પાઠક જયારે, સુલલિત કરઇ વખાણુ. સો૦ ૮

લબધિકીરતિ ગણિ તેહનારે, સીસ સિરોમણિ જાણિ,
રાજહંસ ગણિ ઇમ ભણઇરે, સીસ સંબંધ સુવાણિ. સો૦ ૯
સંવત **સોલણ બ્યાસીયઇરે**, માહ સુદિ પંચમિ જોગિ,
સુમતિનાથ સુપસાઉલઇરે, સફલ ફલ્યઉ ઉપયોગિ. સો૦ ૧૦
યુગ પ્રધાન **જિનદત્તજીરે.** શ્રી **જિનકુશલ** મુણિંદ,
તાસુ પ્રસાદઇ સંઘનઇરે, દિન દિન અધિક આણંદ. સો૦ ૧૧

—પત્ર ૫ નં. ૨૬૨૫ અભય.

---

૮૦૧ વિદ્યાવિજય (કલ્યાણસાગર શિ.)

(૧૬૪૪) નેમી રાજુલ લેખ ચોપઇ સં. ૧૬૮૪ શ્રા. વ. ૧૩ સોમે

—સં. ૧૬૯૬ વૈ. શુ. **આગરા** સાધ્વી વાહલાં પઠનાર્થં પત્ર ૪ પો. ૮૩ નં. ૨૧૬૨ જિ. ચા.

૮૦૧ક સાધુરંગ (ખ. જિનચંદ્ર સૂરિ—પુણ્યપ્રધાન—સુમતિ સાગર શિ૦)

(૧૬૪૪ક) દયા છત્રીસી સં. ૧૬૮૫ અમદાવાદમાં

દયા ધરમ મોટઉ જિન શાસણ, ભાખ્યઉ શ્રી ભગવંતજી,
ઇહ ભવ પરભવ સુખીયા થાયઈ, પાળઈ જે પુણ્યવંતજી. ૧ × ×
દયા છત્રીસી ઇણી પરિ દાખી, સાખી રાખી ગ્રંથજી,
સદ્દવહજ્યો ભવિયણ ! મનમાંહે, સાચુ એ શિવ પંથજી. દયા. ૩૪
શ્રી **જિનચંદ સુરિ** સીસ ગરૂઆ, **પુણ્યપ્રધાન** ઉવઝાયજી,
સુમતિસાગર તસુ સીસ શિરોમણિ, પામી તાસુ પસાયજી. દયા. ૩૫
સાધુરંગ મનરંગઇ બોલઇ, આતમ પર ઉપગારજી,
સંવત **સોલ પંચ્યાસી** વરસઈ, **અમદાવાદ** મઝારજી. દયા ૩૬

---

૨૫૧ ને ૨૬૯ કલ્યાણ બંને એકજ છે.(૧-૫૨૬,૧-૫૭૫)

(૪૮૮) ધન્યવિલાસ રાસ સં. ૧૬૮૫ (૧-૫૨૬)

અંતે ઉમેરો

(પા૦ સોલબ્યાસી સંવચ્છરે જેષ્ટ સુદિ પંચમી પુણ્યખાણ,
ધન્યવિલાસ કર્યું સંપૂરણ, હોય દિન દિન કલ્યાણ.
જીવરાજ તેજપાલ રત્નપાલે, સાહા જિણુ જિણુદાસ,
વ્રતધારી વર્ત્તતા આદમઇ પાટે, ઉદ્યોતકર સકલ આગમ તણા
અછઇ જાણ.
તેહ સાહ તેજપાલ જગ કીરતિ જેહની, તાસ શિષ્ય સેવક
કહી કલ્યાણ.

—(૧) પત્ર ૨૯ આ૦ ક. (૨) કટુકગછે સાહા શ્રી તેજપાલ પ્રસાદેન સાહા કલ્યાણેન કૃત પં. કૂયરજી લ૦ ૩૩-૧૬ દા. ૭૦ નં. ૩૧ ડે. (૩) સં. ૧૭૦૭ ભા. વ. ૧૧ પુષ્યનક્ષત્રે પં. લક્ષ્મીસોમ શિ. ઋ. વાવસેણ લ૦ ૨૮-૧૬ ખેડા ભં. ૩ (૪) અંચલ ગછે સાધ્વી રહી શિ૦ અદૂ શિ૦ માનાં તત્ સિષ્યણી સાધવી વિદ્યાલક્ષ્મી કૃતે વાચનાય લિ. સં. ૧૭૧૨ જે. કૃ. ૫ ૫૫-૧૩ પો. ૧૨૨ મો. સુરત.

---

૨૫૩ પુણ્યસાગર (૨) પીંપલ ગચ્છીય) (૧-૫૩૦)

(૪૯૧) અંજનાસુંદરી ચોપઇ સં. ૧૬૮૯ આ. શુ. ૫ (૧-૫૩૦)

—(૧) સં. ૧૭૦૮ પ્રથમ વૈ. વ. ૬ સોમે પત્તન મધ્યે જોસી દેવજી સુત હરજી લિ૦ ૨૫-૧૫ પો. ૧૨૪ મો. સુરત (૨) સં. ૧૭૧૬ કા. શુ. સીરોહી મધ્યે મુનિ અમૃતસાગર લિ. ૯-૨૮ નં. ૪૩૭ મ. જૈ. વિ. (૩) ગ્રં. ૯૦૫ સં. ૧૭૨૭ કા. શુ. ૧૪ સોમે ૧૮-૧૬ પો. ૧૦ નં. ૯ જિનદત્ત. મુંબઇ (૪) ગા૦ ૬૩૨ ગ્રં. ૯૫૦ સં. ૧૭૩૩ કા. શુ. ૨ રવિ વાલોડ ગ્રામતઃ પં. કલ્યાણ-

સાગર શિ. મુ૦ નિત્યસાગર લિ૦ ૨૪-૧૬ પો. ૧૨૪ મો૦ સુરત (૫) સં. ૧૭૩૭ મા. વ. ૬ નવ્યનગરે ચોમાસી જિનચંદ્ર સૂરિ રાજ્યે કીર્તિરત્ન શાખા હીરરાજ-ઉદયહર્ષ-ભક્તિવિશાલ લિ૦ પત્ર ૧૫ પો. ૬૬ જય. (૭) ગા. ૬૩૩ સં. ૧૭૭૬ આસો વ. ૧૪ બુધે મુ૦ વિજેસાગર લિ૦ શાભરાઇ ગ્રામે મુ૦ કનકહર્ષ ગણિ શિ. દેવચંદ પઠનાર્થે ૨૭-૧૩ નં. ૪૯૦ મ. જૈ. વિ. (૬) સં. ૧૭૬૬ ચૈ. વ. ૫ વાણારસ માલ્હાજી શિ. માનસિંહ શિ૦ જીવણુ લિ. પત્ર ૨૦ પો. ૬૭ જય૦ (૮) સં. ૧૭૯૩ માગશર શુ. ૩ બુધે પાડલપુરે ચતુર્માસીકૃતા ૨૨-૧૭ પ્રથમનાં ૧૦ પત્ર નથી. અનંત. નં. ૨ (૯) સં. ૧૭૯૩ વૈ. વ. ૯ બૃહસ્પતિવાસરે પં. ગંગવિજય ગ૦ શિ. પં. માણિક્યવિજય ગ૦ લ૦ મણોદ ગ્રામે ૨૭-૧૫ જશ૦ (૧૦) સં. ૧૭૯૪ કા૦ શુ. ૧૫ મેડતા નગરે ૩૬-૧૩ મો. સેં. લા. (૧૧) ૨૪-૧૩ નં. ૨૪૫૦ મુક્તિ૦ (૧૨) સીયાણા ગ્રામે સુવિધિ પ્રસાદાત લબ્ધિસાગર લિ૦ પત્ર ૨૨ પો. ૧૩ નં. ૧૩૪ અભય૦ (૧૩-૧૪) ૨૦-૧૬ નં. ૧૫ જૂની સુવાચ્ય પ્રત, ૧૭-૧૬ નં. ૧૬ પાદરા. (૧૫) ૩૧-૧૪ ખેડા ભં. ૩ (૧૬) ૨૬-૧૫ બી. ડી. ૧૯૧ રો. એ. (૧૭) સં. ૧૭૩૬ કા. વ. ૧ શનિ પં. રૂપવિજય શિ૦ કૃષ્ણવિજય લ૦ ૧૭-૧૭ નં. ૪૫૫૨ વિ. ને. (૧૮) સં. ૧૭૪૫ કા. શુ. ૭ લ૦ ગણિ મહિમાવિજય વાચનાર્થે ધનેરા મધ્યે કા. વ. ૭ શુક્રે ૨૫-૧૫ પો. ૧૫ વડા ચૌટા ઉ૦ (૧૯) બાહડમેરૂ મધ્યે પં. સમયનંદનેન લિ. સં. ૧૭૩૬ આસૂ શુ. ૧૩ ભોમે પત્ર ૧૩ નં. ૩૭૧૦ અભય.

૨૫૩૬ લાભોદય (ભુવનકીર્ત્તિ શિ.) (૧-૫૩૪)

(૧૬૪૪ખ) શંખેશ્વરપાર્શ્વ સ્ત. ૧૭ કડી સં. ૧૬૭૫ માગશાર

૨૫૪ શ્રીસાર (ખ૦ રત્નહર્ષ તથા હેમનંદન શિ.) (૧-૫૩૪)

(૧૬૪૫)+ જિનરાજસૂરિ રાસ (ઐ) સં. ૧૬૮૧ આષાઢ વ. ૧૩ ગુરૂ સેત્રાવઉમાં.

સોહઇ શહર સદા **સેત્રાવઉ**, મરૂધર માંહિ મહ્હાયઉ,
સંવત **સોલ ઈકયાસી** વરસઇ, એહ પ્રબંધ બણાયઉ રી. ૭
આસાઢા વદિ તેરસિ દિવસઈ, સુરગુરૂ વાર કહાયઉ,
શ્રી ગચ્છનાયક ગુણુ ગાવતાં, મેહ પિણુ સબલઉ આયઉ રી. ૮
રત્નહર્ષ વાચક મન મોહઇ, **એમ** વંશ દીપાયઉ,
હેમકીર્ત્તિ મુનિવર મન હરષઇ, એહ પ્રબંધ કહાયઉ રી. ૯
શ્રી **જિનરાજસૂરિ** ગુરૂ સુરતરૂ, મઇ નિજ ચિત્તિ બસાયઉ,
મુનિ **શ્રીસાર** સાહિબ સુખદાઇ, મનવાંછિત ફલ પાયઉ રી. ૧૦

—લિ. કાલૂ ગ્રામે શ્રાવિકા **ધારાં** પઠનાર્થે પત્ર ૨ થી ૯ પ્રત ૧૭ મી સદીની સારા અક્ષરમાં પો. ૧૩ દાન૦—તે પરથી પ્ર૦ ઐ૦ જૈ૦ કાવ્ય સંગ્રહ પૃ. ૧૫૦ થી ૧૭૧.

(૪૯૨) આણંદ શ્રાવક સંધિ સં. ૧૬૮૪(૮) (૧-૫૩૪)

—(૧) ૪૧ પત્રની પ્રતિમાં પત્ર ૯ થી ૧૯ માં, પ્રથમના ૯ પત્રમાં સમયસુંદર કૃત પ્રિયમેલક તીર્થ પ્રબંધે સિંહલસિંહ પ્રબંધ છે અને છેલ્લા ૧૯ થી ૪૧ માં ધર્મવર્ધન કૃત સુરસુંદરી ચોપઇ છે) અનંત. નં. ૨ (૨-૫) પ્રત ૧૭ મી સદીની પત્ર ૯ પો. ૮૧ નં. ૨૦૨૨, સં. ૧૭૧૬ કા. શુ. ૧૩ કુશલસોમ લિ. પત્ર ૭ પો. ૭૯ નં. ૧૯૫૯, સં. ૧૮૫૦ ફા. શુ. ૭ પત્ર ૧૦ પો. ૮૦ નં. ૧૯૯૭ અને પ્રત ૧૭ મી સદીની પત્ર ૧૩ પો. ૮૦ નં. ૧૯૯૮ જિ. ચા. (૬) સં. ૧૭૧૯ પો. વ. ૨ **વીકાનેરે સમયનિધાનેન** લિ. પત્ર ૧૦ પો. ૮ ચતુ૦ (૭) પત્ર ૧૪ પો. ૬૬ જય. (૮) પત્ર ૨૧ પો. ૪૪ નં. ૭૭૭ કૃપા૦ (૯) **લોબડી** મધ્યે લિ૦ ૧૧-૧૫ નં. ૪૮૯ મ૦ જૈ. વિ. (૧૦) સં. ૧૮૫૦ ફા. શુ. ૩ ભોમે લિ. પં. **ક્ષાંતરંગ** પં. **મુક્તજયજી** ચતુર્માસક **પાલીનગરે** કૃત્વા **આનંદસંધિ** પઠન **હેતવે**.

૧૧-૧૩ અનંત. નં. ૨ (૧૧) નં. ૬૨૪ સન ૧૮૯૨-૫ ભાં. ઈ. (૧૨) લ૦ રતનવિમલેન ૨૫-૯ પો. ૧૨૬ મો૦ સુરત (૧૩) ૭-૧૭ વ. રા. (૧૪) ૧૪-૧૩ બી. ડી. નં. ૧૦૭ રો. એ. નં. ૧૮૬૯ (૧૫) પત્ર ૧૫૫ થી ૧૬૯ ચોપડો નં. ૨૪૭૨ મુક્તિ૦ (૧૬) સં. ૧૮૩૫ શાકે ૧૬૯૭, ૧૪-૧૧ ગુ૦ (૧૭) લિ. ખેમવિજયેન મેદ-(નિ)પુર મધ્યે સં. ૧૮૪૦ ભા. વ. ૫ દીતવારે પત્ર પત્ર ૧૪ અમર૦ સીનોર. (૧૮) વા. ધરમકીર્ત્તિ શિ. પં. મહિમાસારેણ લિ. પત્ર ૯ નં. ૨૬૯ અભય. (૧૯-૨૧) સં. ૧૭૫૬ ફા. શુ. ૧ શુક્રે વિક્રમપુરે કીર્ત્તિરત્નસૂરિ શાખાયાં વા. ચંદ્રકીર્ત્તિ શિ. સુમતિરંગ શિ. વા. સુખલાભ શિ. પં. જિનહંસ લિ. પત્ર ૧૩ નં. ૨૮૭૮, પત્ર ૧૫ નં. ૨૨૫૮, સં. ૧૭૫૭ પો. વ. ૭ કનકનિધાન શિ. ક્ષમાસુંદર શિ. નેતસી લિ. મરોટ મધ્યે ચાતુર્માસ પત્ર ૧૧ ૩૩૦૫ અભય.

(૪૯૩) મોતી કપાસીઆ સંવાદ સં. ૧૬૮૯ (૧-૫૩૬)

—(૧) ૪-૧૩ નં. ૨૩૪૮ મુક્તિ૦ (૨) સં. ૧૭૧૬ પો. શુ. ૧૩ પો. ૮૩ નં. ૨૨૧૫ જિ. ચા. (૩) સં. ૧૯૧૨ પત્ર ૮ નં. ૨૯૪ ક્ષમા૦ (૪) નં. ૪૦ સન ૧૮૭૭-૮ ભાં. ઇ. (૫) પત્ર ૨ નં. ૨૭૦ અભય.

(૪૯૪) સારબાવની સં. ૧૬૮૯ (૧-૫૩૭).

—(૧) પત્ર ૮ પો. ૪૮ નં. ૮૮૫ કૃપા૦ (૨) પં. મેઘા લિ. ૪-૧૭ પો. ૧૯ વડાચૌટા ઉ૦

(૧૬૪૫ક) આદિનાથ સ્ત૦ ઢાલ ૩૧ ગા. ૫૧ સેત્રાવઉમાં.

પ્રભુ પ્રણમૂં રે પ્રહસમે પ્રથમ જિણેસર,
આદીસર રે આદિકરણ અલવેસર.
તુઝ દરસણ રે પુણ્ય જોગિ પામ્યઉ સહી,
તિણું આયઉ રે તુઝ સરણઇ હૂં ગહગહી.

ગહગહી આયો સરણુ તોરઈ ચિત્ત મોરઇ તૂં વસ્યો,
પેખતાં મૂરતિ સકલ સૂરતિ હીયઉ હરખઈ ઉલ્લસ્યો.
તૂં જગજીવન જગત્રપીહર જગત્રગુરૂ મોટો ધણી,
તિણુ અમિ વદીતી આપવીતી વાત ભાખૂં તુમ્હ ભણી. ૧

અંતે— વસ્તુ.

આ.જ વૂડઉ આજ વૂડઉ અમિયમઇ મેહ,
ચિંતામણિ કરિયલ ચઢયઉ કલ્પવૃક્ષ ઘરમાંહિ ફલિયઉ,
મુહ માંગ્યા પાસા ઢલ્યા **આદિનાથ** મુઝ આપ મિલિયઉ,
રોગ શોગ સંકટ ટલ્યા, દિન દિન અધિક આણુંદ,
ફલ્યા મનોરથ મનતણા, તૂઠા **આદિ** જિણુંદ. ૫૦
ઇમ **આદિ** જિણુવર અધિક દીપઇ, સહર **સેત્રાવઇ** સદા,
શ્રી રત્નસાર પસાય થાયઇ, ખેમસાખઇ સંપદા,
શ્રી રતનહરષ મુણિંદ વાચક, સીસ ઉલટ આદરી,
શ્રીસાર પભણુઇ સ્વામિ આપઉ, બોધિબીજ કૃપા કરી. ૫૧

—લ. સં. ૧૭૩૬ જુઓ ઉદયરાજકૃત ગુણુબાવની (પૃ. ૯૭૭ ચોપડો પત્ર ૧૭ થી ૨૬ જશા૦

(૧૬૪૫ખ) ફલવર્ધિ પારસનાથ છંદ ૨૧ કડી.

દૂહા.

પરતા પૂરણુ પ્રણુમીઇ અરિ ગંજન અરિહંત,
સાચો સાહિબ તૂ સહી, ભયભંજન ભગવંત. ૧

પછી બે દુહા ને પછી ભુજંગી છંદમાં છે. × ×

કલશ (છપ્પય)

ઇચ્છા પૂરો આજ સુપરાં સેવક સંભારો,
જિનવર **પાસ** જિણુંદ, સદા હૂં સેવક ધારો,
કલ્પવૃક્ષથી અધિક, કૃપા મોં ઉપરિ કીજે,
શ્રી **અશ્વસેન** સુતંન, ધણી મુઝ દોલત દીજે,
શ્રી જિનવર સુપસાઉલે, **શ્રીસાર** કવિ ઉચ્ચરે,

કુલવિધરાઉ મોટાં ધણી, સો સેવક સાનિધિ કરઈ. ૨૧

—લ. સં. ૧૭૮૭ આ૦ વ૦ ૧૦ ભોમે ૨-૧૦ ના. ભં.

---

૮૦૨ કરમચંદ (ખ૦ સોમપ્રભ-કમલોદય-ગુણરાજ શિ૦)

(૧૬૪૬) ચંદ રાજાનો રાસ સં. ૧૬૮૭ આસો વદ ૯ સોમ. કાલધરીમાં.

અંતે—

સંવત **સોલસત્યાસીયેં**, ભલો જોગ અપાર,
પુનર્વસ નક્ષત્ર સોહામણો, કીઓ કવિત ઉદાર. ૬૬૦
કૃષ્ણપક્ષ અતિ દીપતો, આસૂ મામ તે વાર,
તિથ નવમી તે પરગડી, સોહે ભલો સોમવાર. ૬૧
ખરતરગચ્છ રલીયામણો, દિન પ્રતિ વાધે વાંનિ,
જોતિ કલા દીપે ભલો, મહિમા મેરૂ સમાંન. ૬૨
જિનસંઘ પાટે પરગડો, ભલો સોહે **જિનરાજ**,
કલા બહુતર ગુણનિલો, ભલી વધારી લાજ. ૬૩
હિવ કહું તે હરષસું, **સાગરસૂરિ** સુજાંણ,
દીપે રૂપ સોહામણો, સોહે જ્યું જગભાણ. ૬૪
સોન(મ) પ્રભુ ગુરૂ રાજીયો, ભલો સાધ મહંત,
તાસ સકલ કલા ગુણ આગલો, સદા હો જયવંત. ૬૫
કમલોદય જગ ચિરજયો, વડભાગી સવિ જાંણ,
દેશપ્રદેશે પરગડો, માંને રાણા રાંણ. ૬૬
તસુ પાટે તે દીપતો, પ્રતપે તેજ વિરાજ,
ગુણવંત ગરૂયો ગાજતો, ભલો સોહે **ગુણરાજ**. ૬૭
ઇણપરિ **કરમચંદ** વીનવે, સુણો સહુકો તેહ,
ધર્મ કરો તુમ્હ પ્રાણીયા, આણંદ હુસઈ એહ. ૬૮
કાલધરી નગર અતિ ભલો, દીઠઈ આવે દાય,
ઇસો બીજો કો નહિ, દીસે જોતિ સવાઈ. ૬૯

માંડણી ભલી સુહામણી ચઉહટો ભલો સુવાસ,
પ્રજા સહૂ એ સુખ વસે, આણુંદ લીલ વિલાસ. ૬૭૦
ભલો વિરાજે દેહરો, પ્રતિમા ભલી **માહાવીર,**
મહિમા મોટી અતિ ઘણી, સોહે ગુણે ગંભીર. ૭૧

આવે સહકો અતિ ઘણા, નરનારી બહુ વૃંદ,
હરષ જુહારે ભાવસું, સદા હુયે આણુંદ, ૭૨
હિવ હું ભાખું ઇણપરેં, **દેવડા** વંસ વખાણુ,
જસવંત સોહે જસ ઘણો, અવચલ રાજ પ્રમાણુ. ૭૩

આવાસ વિરાજે અતિ ભલો, મંદિર ભલા પ્રકાર,
દિન પ્રતિ પન્થુમ ભાવઇ, સદા હુયે જયકાર. ૭૪
ભલા તુરંગ સુહામણા, ભલો સોહે પરિવાર,
તે જસવાયો દીપતો, લખમી અંત ન પાર. ૭૫

ઇસો જગમેં કો નહી, વડભાગી **જસરાજ,**
રાય રાણા માને ઘણું, ભલા કરે સવિ કાજ. ૭૬
વલી હરખઇ વીનવુ, એહને બેટા ચ્યાર,
સકજ સોભાગી દીપતા, દૂસરા દેવ કુમાર. ૭૭

કર્ણ કાન્હ તે અતિ ભલા, **દલપત** માહા સુજાંણુ,
રાયસંઘ રૂપે ભલો, સકલ કલા ગુણ જાંણુ. ૭૮
વાધયો છે હિવ તેહનો, **કર્ણ** તણો પરિવાર,
કુંયર ભલો એક તેહને, અદભૂત રૂપ અપાર. ૭૯
ચ્યારે ભાઇ પ્રેમસું, આણુંદ કરે સુખકાર,
પુણ્યવંત પરગડા, જાણે સહુ સંસાર. ૮૦
ડોડૂયા સાહ તે વસે, ભલી વધારી મામ,
જસ પ્રસાદે સુખ કરે, પસાર્યો ચિહું દિસ નામ. ૮૧

ચંદન રાજાની ચોપઈ, સુણો જો હરષે મન ગહગહી,
મતસારઇ મઇ કીઉ પ્રબંધ, જિમ હુતો તિમ કહ્યો સમંધ. ૮૨××

આપઢ મૂરખ હું એહ, જોડિ ન જાણું કાંઇ તેહ,
માતા તણા મેં લીયો નામ, કરે ભલો તું માહારાં કાંમ. ૬૯૧
કીધી હુંતી વીનતી એહ, સિરાડે ચાડે માતા એહ,
મયા કરી મુઝ માતા હેવ, તૂઠી **સારદ** સામણિ દેવ. ૯૨
કરી ચોપઇ અધિક ઉલ્હાસ, માતા પૂરી હરષઇ આસ,
ભલી ખાંતસું કહી મેં વાત, ભલા હુયા મુઝ નિરમલ ગાત. ૯૩
એ ચોપઇ સુણસે જેહ, પાતક દૂરે જાએ તેહ,
સદા હુયે અધિક આણંદ, બે કરજોડી કહે **કરમચંદ**. ૯૪
નામ જપું દિન પ્રતિ **ગુણરાજ**, સંઘ ચતુર્વિધ કરજો રાજ,
ભલો કરી જો ઉતમ દરસણ, દીઠે હુએ આણંદ. ૯૫
ઇણ પાર કહે ગુણ કરે વખાણ...**કરમચંદ**. ૬૯૬

—૨૦-૧૫ પ્રથમનાં બે પાનાં નથી દા. ૪૩. નં. ૫૯ ડે૦

---

૨૫૭ રાજસિંહ (ખ૦ વિમલવિનય શિ.) (૧-૫૪૬).

(૪૯૮) વિદ્યાવિલાસ રાસ-વિનયચટ રાસ સં. ૧૬૭૯ વૈશાખ ચંપાવતીમાં.

આદિ—

શ્રી જિનવર મુખવાસિની, પ્રણમું **સરસતિ** માય,
કવિયણ વયણ સમુચ્ચરઇ, તે **સારદ** સુપસાઇ. ૧
પ્રણમું **ગૌતમ** પ્રમુખ વલિ, ગણધર ગુણહ નિવાસ,
સમરંતાં ગુણ જેહના, પૂગે સગલી આસ. ૨
વલિ પ્રણમું સહગુરૂ ચરણ, ન્યાંન દીપ જિણ દીધ,
અન્યાન તિમિર દૂરેં ગયા, સકલ મનોરથ સીધ. ૩
દાન પુણ્ય ફલ ગાઇયઇ, દાને સિવ સુખ જોઇ,
દાનેં માનેં મહિપતી, દાન દેવ વસિ હોઇ. ૪
વિદ્યાવિલાસ નૃપ પામીયા, દાનેં સુખ સનમાંન,
ચરિત કહું હિવ તેહનો, સુણિજ્યો ભવિક સુજાન. ૫

અંતે　　　　ઢાલ

દાન ધરમ ગુણ દાખીયેરે, **વિદ્યાવિલાસ** નરિંદ, ધરમગુણ ગાઈયેરે,
ઈણ પરિ જે જિન ધર્મ ધરે એ, તે લહે સુખ આણંદ. ધ૦　૧
શ્રી **ખરતર** ગચ્છે દિનમણી એ, વિજયમાન ગછરાય, ધ૦
શ્રી **જિનરાજસૂરિ** રાજીયો એ, દરસણ દુરિત પલાય ધ૦　૨
સંવત **સોલ ગુણ્યાસીયઈ**, માસ વૈશાખ સુહાઈ, ધ૦
નયરિ **ચંપાવતિ** જાણીયેરે, **સંતીસર** સુપસાય, ધ૦　૩
વાચનાચારિજ જગિ જયોરે, શ્રી **નયરંગ** જતીસ, ધ૦
વાચક વર ગુણ આગલો એ, શ્રી **વિમલવિનય** તસુ સીસ, ધ૦ ૪
તાસ સીસ રંગે કહી એ, **રાજસિંહ** આણંદ, ધ૦
વિદ્યાવિલાસ નૃપ ગાઈયો એ, દાન અધિક સુખકંદ, ધ૦　૫
એ સંઘ સુહામણો એ, સુણુત ભણુત દુખ દૂરિ, ધ૦
મનવંછિત સોહિલા ફલે એ, લહીયૈ સુખ ભરપૂર, ધ૦　૬

—(૧–૨) મહો૦ **પુણ્યકલસ** ગણિ શિ૦ઉ૦**જયરંગ**ગણિ શિ૦ વાચનાચાર્ય **તિલકચંદ્ર**ગણિ શિ૦ **જ્ઞાનરાજેન** લિ૦ ઝુંઝૂ નગરે ૭–૧૭ નં. ૪૬૦૪, વા૦ **ચારિત્રચંદ્રજી** ગણિ શિ૦ **સુમતિશીલ** લિ૦ ઇશાલીમધ્યે. ૧૬–૧૪ નં. ૪૬૦૫ વિ. ને. (૩) સં. ૧૭૩૫ અ. શુ. ૩ **જેસલમેર** મધ્યે રઘુનાથ લિ. પત્ર ૮ પો. ૧૩ નં. ૨૩૬ દાન૦

(૧૬૪૬ક) આરામશોભા ચોપઈ સં. ૧૬૮૭ જે. શુ. ૯ બાહડમેર.

---

૨૫૯ ચંદ્રકીર્ત્તિ (ખ. હર્ષકલ્લોલ શિ.) (૧–૫૪૭).

(૧૬૪૭) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચો૦ સં. ૧૬૮૨ ભા. શુ. ૯ મંગલ ધડસીસરમાં.

આદિ—　　શ્રી કીર્ત્તિરત્ન સૂરિ સદ્ગુરૂભ્યો નમઃ

આદિનાથ જગિ આદિકર, **શાંતિનાથ** પ્રમુખકાર,
બ્રહ્મચારિશ્રી **નેમિ** જિણ, પરતખિ **પાસ** કુમાર.　૧
સાસણનાયક **વીર** જિન, પ્રણમું પાંચ જિણંદ,

ગૌતમાદિ ગણધર સહૂ, પ્રણમું મનિ આણંદ. ૨
નમસકાર સમરૂં સદા, સમરૂં **સારદ** માય,
જીઉ મુઝ વચન વિલાસ રસ, ગાવું ધરમ પસાય. ૩
ધન્ય તિકે નર જાણીયઇ, ધરમ કરઇ નિસદીસ,
નવરસ સહિત કથા કહૂં, મનમાહિ ધરીય જગીસ. ૪
ધરમઇ ઘરિં રિધિ સંપજઇ, ધરમઇ પૂત્ર કલત્ર,
ધરમઇ પ્રભુતા પદ લહઇ, ધરમઈ સુખ પરત્ર. ૫
ધરમ કરઉ ઇમ જાણીનઇ, જિમ પામઉ ભવપાર,
પાપબુદ્ધિ ધર્મબુદ્ધિનઉ, કહું સુણિજ્યો અધિકાર. ૬××

પ્રથમ ખંડ-ઢાલ ૧૪ નમિરાજા સંયમ લીયઉ એહની.

મતિસાગર મંત્રીસરઇ, મં૦ પ્રતિબોધ્યઉ રાજાન
ધર્મ મનિ આણિયઇ × × ×
કીરતિરતન સૂરિ પરગડઉ, સૂ૦ આચારિજ પદધાર,
લાવણ્યશીલ પુણ્યધીર એ, પુ૦ **નાંનકીરતિ** ગુણસાર. ૭
ગુણપ્રમોદ ગુણ આગલા, ગુ૦ **સમયકીરતિ** સુધ સાધ,
વિનયકલ્લોલ મુનિવર ભલઉ, મુ૦ **હરષકલ્લોલ** પદ લાધ. ૮
ચંદ્રકીરતિ બહુ સાધસું, બ૦ વાંચઇ ધરમ વખાંણ,
ખરતરગચ્છ નાયક ભલઉ, ના૦ **જિનરાજસૂરિ** સુજાંણ. ૯
તાસુ રાજિ ધર્મ ઉપદિસ્યઉ, ધ૦ શ્રી **ઘડસીસર** માંહિ,
ઘરિ ઘરિ ઋદ્ધિ વધાંમણા, વ૦ આજ અધિક ઉચ્છાહ. ૧૦
પાપબુદ્ધિ ધર્મબુદ્ધિનઉ, ધ૦ કહ્યઉ એતઉ અધિકાર,
ધરમ થકી જિમ સુખ લહ્યઉ, તેહ કહ્યઉ સુવિચાર. ૧૧
પ્રથમ ખંડ પૂરો થયઉ, પૂ૦ ચવદ ઢાલ સુસવાદ,
ચંદ્રકીરતિ કહઈ સુખ લહ્યા, સુ૦ રિધિ વૃધિ ધરમપ્રસાદ. ૧૨

અંત— ખંડ ૨ ઢાલ ૩૨ ધન્યાસી, કુમર ભલઇ આવીયઉ એ, એહની.
મુનીસર વંદિયઇ એ, બેઉ સાધ નિગ્રંથ, મુ૦
ધરમબોધ ઇમ દીજીયઈ એ, ધરમબુધી દીયઉ જેમ, મુ.
ધરમપ્રભાવ આછઇ સદા એ, ધરમ કરઉ સહુ તેમ. મુ. ૧

ખરતર ગચ્છિ ગુરૂ રાજીયા એ, **કીરતિરતન** સૂરિંદ, મુ.
લાવણ્યસીલ પાઠક હૂઆ એ, વા. **પુણ્યધીર** મુનિંદ. મુ. ૨
જ્ઞાનકીરતિ વાચક થયા એ, **ગુણપ્રમોદ** ગણિ તેમ, મુ.
સમયકીરતિ વાચક મુણી એ, **વિનયકલ્લોલ** સપ્રેમ, મુ. ૩
હરષકલ્લોલ ગુરૂ પરગડા એ, **ચંદ્રકીરતિ** કહઇ એમ, મુ.
બહુ શિષ્ય સાખા જેહનઇ એ, સહુનઇ કુશલ છઇ ખેમ. મુ. ૪
'યુગપ્રધાન' પદ થાપીયઉ એ, સાહિ **અકબર** સુલતાણ, મુ.
રાખી સમુદ્રની માછિલી એ, સાંભલિ ગુરૂની વાંણિ, મુ. ૫
સાહિ **સલેમ** સમઝાવિયઉ એ, દે ઉપદેસ અનેક, મુ.
જિનશાસન રાખ્યઉ ડોલતઉ એ, **જિનચંદ્ર**સૂરિ સુવિવેક, મુ ૬
જિનસિંહસૂરિ પાટિ તેહનઇ એ, તસુ પટધાર પડૂર, મુ.
પાઠક વાચક શિષ્ય ઘણા એ, થાપ્યા **જિનરાજ** સૂર, મુ. ૭
ખરતર ગચ્છનાયક ભલઉ એ, શ્રી **જિનરાજ** સૂરિંદ, મુ.
પાઇ લગાવ્યા પિસુનડા એ, તેજિ તપઇ જાણે ઈંદ, મુ. ૮
પારસનાથ સુપસાઉલઇ એ, શ્રી **ઘઠસીસર** માંહિ, મુ.
એહ ગ્રંથ પૂરઉ કીયઉ એ, ચતુર્વિધ સંઘ ઉછાંહ, મુ. ૯
આજ સફલ દિન માહરઉ એ, આજ ફલી મુઝ આસ, મુ.
વચનવિલાસ સફલ થયઉ એ, સફલ થયઉ પરયાસ, મુ. ૧૦
બ્યાસીમઇ સંવચ્છરઇ એ, **ભાદ્રવ** સુદિ દિન નઉમિ. મુ.
એહ ગ્રંથ પૂરઉ થયઉ એ, વાર ભલઉ છઇ ભૂમ, મુ. ૧૧
ઇણ ગ્રંથઇ એ માન છઇ એ, છસઇ પચીસે ગાહ, મુ.
ભણત ગુણત સુખ પાંમીયઇ એ, આણંદ હરષ અગાહ, મુ. ૧૨
વિનયકલ્લોલ સુપસાઉલઇ એ, શિષ્ય **ચંદ્રકીરતિ** ગાવંત, મુ.
નરનારી જે સંભલઇ એ, તીયાં ઘરિ સુખ આવંત, મુ. ૧૩
બીજઉ ખંડ પૂરઉ થયઉ એ, ઢાલ બત્રીસે માંહિ, મુ.
ચંદ્રકીરતિ કહઇ મઇં કહી એ, ચ્યારિસઇ ચ્યાલીસે ગાહ, મુ. ૧૪

—સર્વ ગાથા પ્રથમ ખંડિ ૧૮૮ દ્વિતીય ખંડિ ૪૪૦; સં૦ ૧૭૦૨ વૈ. કૃષ્ણપક્ષે નવમી તિથૌ, બાહલા ગ્રામ મધ્યે. ૨૦-૧૫ અનંત. નં. ૨.

---

૮૦૩ અજ્ઞાત

(૧૬૪૮) મનોહર માધવવિલાસ-માધવાનલ લ. સં. ૧૬૮૯ પહેલાં.

આદિ— શ્રી વિદ્યાવિમલ ગણિ ગુરૂભ્યો નમઃ
શ્રી મકરધ્વજ રાજેંદ્રાય નમઃ
સરસતિ સાંમણિ વીનવું, લાગૂં તુહ્ય તણે પાઇ,
માધવ ગુણ અહ્મેં જંપિસ્યું, મુઝ મતિ વર દિઉ માઇ. ૧
નયરી **પુષ્પાવતી** રૂયડી, રૂયડા ગઢ પ્રાકાર,
રૂયડા મંદિર માલીયાં રૂયડાં તોરણ સાર. ૨

અંતે—
ન્યાઇ ભોગ સંભોગવી, નિશ્ચઇ નારી રંગ,
રતિપતિ ઇણિ પણિ પૂજીઇ, ચઉવિહ માહત્ર અંગ. ૧૯૯

—ઇતિ શ્રી મનોહર માધવવિલાસ કામકંદલા વર્ણને દુગ્ધ ઘટા સમાપ્તઃ ॥૭॥ ઇતિશ્રી માધવાનલ સમાપ્તઃ સં. ૧૬૮૯ કાર્ત્તિક શુદિ ૧૫ દિને લષિંત । પં. વિનયવિમલ ગણિ શિષ્યેણ લષિતં. ૯-૧૩ દા. ૩૬ ડા. પાલણપુર.

---

૨૬૦ દર્શનવિજય (ત૦ મુનિવિજય શિ.) (૧-૫૪૯)

(૫૦૧)+ ચંદ્રમુનિ-પ્રેમલા સતી રાસ સં. ૧૬૮૯ (૧-૫૪૯)

—(૧) સં. ૧૭૬૦ માગશર શુ ૧૩ રવિ ઉર્ણાક ગ્રામે ભ૦ રાજવિજયસૂરિ પટ્ટે ભ. રત્નવિજય સૂરિ પટ્ટે ભ૦ હીરરત્નસૂરિ પટ્ટે ભ૦ જયરત્નસૂરિ પટ્ટે ભાવરત્ન સૂરિભિઃ લ. મુનિ નયરત્નેન

૬૪-૧૩ ઇડર ભં. (૨) ૨૪-૧૬ નં. ૪૬૯ મ૦ જૈ. વિ. (૩) અમર૦ સીનોર ભં. (૪) સં. ૧૬૯૩ માગશિર વ. ૧૪ શુક્રે ભ. હીરરત્ન સૂરિ-જસવિમલ-માનવિમલેન નિ. વિ. ચાણુરમા.

---

૮૦૪ હર્ષકુશલ

(૧૬૪૯) વીશી લ૦ સં. ૧૬૯૦ પહેલાં.

સીમંધર જિન સ્ત૦ ઢાલ પંથીડારી.

ચંદલિયા જિણુજીસું કહે મોરી વંદણારે જિણુવર, જંગમ **સીમંધર** સામીરે.

ચિતથી તઉ એક ઘડી નવિ વીસરે રે, મુઝ રાતિ દિવસિ જસુ નામરે.

ચંદલિયા જિણુજી સું......

અંતે— ૨૦ મા દેવર્દ્ધિ જિન સ્ત૦

કુમર ભલઈ આવીયઉ એ ઢાલ

વિહરમાણુ જિણુ વીસમઉએ, શ્રી **દેવરિધિ** ઇણુ નામિં

તૂં જય જય જિણુવરૂએ × ×

હરષકુસલગણુ વીનવઇએ તૂંહિજ દેવ પ્રમાણુ. તું ૪

—સં. ૧૬૯૦ આ૦ શુ. ૪ ભોમે જોસી ગંગદાસ લિ૦ ૪-૧૫ પો.૯૮ નં. ૨૨૦ જશ૦ વડવા ભાવનગર.

---

૮૦૫ લબ્ધિવિજય (ત૦ વિજયદાન સૂરિ-અમીપાલ-ગુણુહર્ષ શિ.)

(૧૬૫૦) દાન શીલ તપ ભાવનાએ દરેક અધિકાર પર દૃષ્ટાંત કથા રાસ. સં. ૧૬૯૧ ભાદ્ર. શુ. ૬

આદિ— દુહા

શ્રી **સરસતિ** તું સારદા, ભગતિ મુગતિ દાતાર,

જૈની જગદંબા જગે, તુઝથી મતિ વિસ્તાર. ૧

તું ત્રિપુરા તું તો તિલા, તું શ્રુતદેવી માત,

પદમિણિ પંકજવાસિની, ષટ્ દરશન વિખ્યાત. ૨
આદિ પુરૂષની પુત્રિકા, પ્રજ્ઞા પંડિત માય,
ભારતિ ભગવતિ ભુવનમાં, તુઝથી શિવ સુખ થાઇ. ૩
બ્રહ્માણી વાણી વિમલ, વાણી દ્યો મુઝ માય,
ગીત કવિત જે કરે, તે સવિ તુઝ પસાય. ૪
કોઇ નવિ જાણે ડોસલા, વૃદ્ધ પણે વઇરાગ,
આણી સંયમ આદર્યું, પણ ભણવા ઉપરે રાગ. ૫

અંતે—

શ્રી **વિજયદાન** સૂરીશ **તપ** ગછ ધણી, તપ તણેં તેજે આદિત નિરખો,
સૂરિ શ્રી **હીરવિજયા**ભિધો હીરલો, તાસ પાટે **સોહમ** સામિ સરિખો. ભજો. ૫
તાસ પાટેં **વિજયસેન** સૂરીસરૂ, પ્રબલ વિદ્યા પ્રકટ પુણ્ય દરિઓ,
શ્રી **વિજયદેવ** સૂરીસરૂ સુંદરૂ, પ્રતપયો તસ પટેં સુગુણ ભરિયો. ૬
શ્રી **વિજયદાન** સૂરીશના સીસવર, શ્રી **અમીપાલ** પંડિત વિરાજે.
શ્રી **ગુણહર્ષ** પંડિત પ્રવર તેહનો, સીસ ગુણ જલધિ ગંભીર ગાજે.
તેહનો સીસ સવિ કવિ મુકુટ કવિ ચરણ, શરણ અનુકરણ મતિ મન્નિ આણી,
લબ્ધિવિજયાભિધો પરસુગુણવણમધો કહતિ સુણિ માત શિશુ વચન વાણી. ૮
ચ્યાર ખંડે અખંડે અલિય વચન મેં ભાખિઉ રાસ લવલેશ કરતાં,
સાધયો કવિ વડા સયલ ગુણના ઘડા, કહું બહુ પ્રવચન થકીઅ ડરતી.
સોલશત બાણુંઇં વરસ વિક્રમ થકી, ભાદ્રવેં માસિ શુચિ છઠિ દિવસે,
રાસ લિખિઓ રસેં સુણુત સુખ હોઇસિ, જેહ જણ જોઇસિં મન્ન હરસિં. ૧૦
સહસ ઉપરિ શતક દોઈ ચમ્મોત્યરે; અધિક દોધક પ્રમુખ સયલ કહીએ,

દાન વર સીલ તપ ભાવના રાસ કે ઢાલ નવ અધિક ચ્યાલીસ લહીએ.
જાં લગઇ જૈનનો ધર્મ થિર થઈ રહે, સયલ જગ જીવ સુરતરૂ સમાનો,
તાં લગેં રાસ એ થિર થઇનેં રહો, સવિ સધર્મીજને વાચ્યમાનો.
ભ૦ ૧૨

—(૧) ઇતિશ્રી દાન શીલ તપ ભાવનાધિકાર ચતુષ્ટયાંતર્ગત નર-નારી કિંચિદ્ દષ્ટાંત કથા સંબંધ પ્રાકૃત રાસકે ભાવના માહાત્મ્ય વર્ણનોધિકારશ્ચતુર્થ સંપૂર્ણઃ—પં. રત્નવિજયગણિ શિ૦ ગણિ **ભીમ**-વિજયની પરતિ સં૦ ૧૭૨૫ કા૦ સુ૦ ૧૩ લ૦ આતમાર્થે. ૪૨–૧૫ દા. ૪૫ નં. ૪૮ **ब** ડે૦ (૨) સંવત્ ચંદ્રમિતોશ્વેન અબ્દઃશ્રીકવસુવરઃ, શાકઃ પટૂચંદ્રવિજ્ઞેયઃ ન્યૂન પંચાસ યુક્તિમત્ દિને પરિપૂર્ણ. ૫૧–૧૩ નં. ૪૯ **ब** ડે.

---

૮૦૬ રામદાસ (ગૂજરાતી લોંકાગચ્છ રૂપજી–જીવજી–વરસિંહ–લઘુ વરસિંહ–જસવંત–રૂપસિંહ–કુંરપાલ–હાપા–ઉત્તમ શિ.)

(૧૬૫૧) પુણ્યપાલનો રાસ સં. ૧૬૯૩ જેઠ વદિ ૧૩ ગુરૂ સારંગપુર (માલવામાં)

આદિ— કેદાર રાગે દુહા.

શ્રી **શાંતિસર** સોલમા, સમરૂ **સરસતિ** માય,
મુરખને પંડિત કરેં, પ્રણમું શ્રી ગુરૂ પાય. ૧
દાન શીલ તપ ભાવના, ભવોદધિ તારણ પોત,
અનંત સુખનેં અનુભવે, શિવપુર હોય ઉદ્યોત. ૨
દાને સંપતિ સંપજે, કીરતિ કરે કલ્લોલ,
અલિય વિઘન દુરે પુલે, પગિ પગિ છાકમ છોલ. ૩
જિનપતિ પદવી પામીયા, ચક્રવર્તિ ઇંદ્રિ વિમાન,
સુખીયા જે જગ જાણીઈ, સઘલે દાન પ્રધાન. ૪
દાને સંપતિ પામીગો, **પુન્યપાલ** ભૂપાલ,
સાવધાન સહુ સાંભલો, જિમ જાયે દુઃખ જંજાલ. ૫

અંતે—

ગચ્છ ગુજરાતી નિર્મલો, **મહાવીરકી** લાર,
ગચ્છનાયક ચડતી કલા, મહા **મંડણ** રે મુનિ શણગારકિ. ૯
ઋષિ શ્રી **ભુંણા ભીદા** ભલા, **નાનુ** ઋષિ **ભીમ** મહંત,
શ્રી **જગમાલ** નિતિ જયકરૂ, મુનિ **સરવા** રે મહા ગુણવંત. ૧૦
શ્રી **રૂપ જીવજી** મુનીસરા, વડ લઘુ **વર-હરી** દોઇ,
શ્રી **જસવંત** જગિ જાણીઇ, તસુ સમવડિરે નહિ બીજો કોઇ. ૧૧
તસુ પાટિ દિનકર ઉદયો, વદન પુનિમચંદ,
છત્રીસ ગુણ સવિ સંપદ દાપેં, શ્રી **રૂપસીહ**રે સહુ સાધુ મુનિંદ ૧૨
તાસ સાસણિ અધિક ઉદયો, શ્રી **કુંરપાલ** સુનુર,
તસુ સીસ ઋષિ **હાપા** સુંદર, જ્ઞાન ક્રિયારે સોભિત સુર. કિ. ૧૩
તસ સીસ વર્ત્તમાન વિચરે, સકલ વિદ્યા ભરતાર,
ધન જેમ ગર્જે અતિહિ જ્ઞાની, શ્રી **ઉત્તમજી**રે ઉત્તમ આચાર. ૧૪
જેહનો જગ જસ નિર્મલો, દિન દિન દીપે તેજ,
તસુ સીસ આદેસ ગુરૂને, ઋષિ **રામદાસ** રે પભણે સુહેજ. કિ. ૧૫
પંડિત માંહિ સરોમણી, વિચરે જિમ ગજેંદ્ર,
શ્રી **ઉત્તમભાઇ** ભલા, થિવર ગુણિયણુરે **જસવંત** મુણિંદ કિ. ૧૬
કથા ગુરૂ મુખિ જિમ સાંભલી, તિમ એ કીધી જોડિ,
વિતથ જે કાઇ લખાતાં, મિચ્છાદુક્કડ દેતા રે નહિ કાઇ ખોડિ. ૧૭
સંવત **સોલ ત્ર્યાણુવા વર્ષે, માલવ** દેસ મઝારિ,
સારંગપુર સુંદર નગરે, જેઠ વદિ તેરસરે બ્રૃહસ્પતિવાર કિ ધન. ૧૮
પુન્યપાલ ચરિત સોહામણો, સાંભલે જે નર સુજાણ,
ઋદ્ધિ સમૃદ્ધ સુખ સંપદા, તે પગિ પગિ પામેરે કોડિ કલ્યાણ. ૧૯

—સર્વ ગાથા ૧૮૧. ચતુર્થ ખંડ. પ્ર૦ ૧૫૮ દ્વિ. ૨૪૪ તૃ. ૨૪૦ ચ. ૧૮૧ સર્વ સંખ્યા ૮૨૩. લ૦ ઋ. શ્રી ૫ **કાકાજી** તત્ શિ૦ મુની **માંડણ** વઢવાણ મધ્યે આતના અર્થે સં. ૧૭૦૭ આસુ સુદિ ૧૪ શનૌ. ૩૬-૧૪ દા. ૪૩ નં. ૧ ■. ડે.

૮૦૭ જ્ઞાનમૂર્ત્તિ (અંચલગચ્છ ધર્મમૂર્ત્તિસૂરિ-વિમલમૂર્ત્તિ-ગુણમૂર્ત્તિ શિ.)

(૧૬૫૨) રૂપસેન રાજર્ષિ ચરિત્ર ચોપઇ—છ ખંડમાં સં. ૧૬૯૪ આશો શુદિ ૫.

આદિ— દૂહા

તીર્થંકર ત્રેવીસમો, પુરિસાદાણી **પાસ**,
કામ કુંભ ચિંતામણી, વંછિત પૂરઈ આસ. ૧
મંગલકરણ મનોહરૂ, **પ્રભાવતી** ભરતાર,
ચરણ નમું હું તેહના, વિઘ્ન નિવારણહાર. ૨
કાશમેરુ મુખમંડણી, રૂપઈ ઝાકઝમાલ,
સુરનર પન્નગ રંજવઈ, વાહતી વેણિ રસાલ. ૩
હંસાસણિ સા **સરસતી**, પંડિત કહઈ તતકાલ,
પાય નમું હું તેહના, આપઈ વાણિ વિસાલ. ૪
મૂરખનઈ પંડિત કરઈ, જગિ જીતાવઈ વાદિ,
રચું રાસ રલીયામણો, સા **સરસતિ** પરસાદિ. ૫
ગુરુ દીવો ગુરૂ દેવતા, જ્ઞાન દૃષ્ટિ દાતાર,
મુઝ મનિ ઇચ્છા તેહનો, સિદ્ધિ ચઢાવણહાર. ૬
રૂપસેન કુમારનો, સુણજ્યો સાર અધિકાર,
સાંભલસ્યેં તે આવસ્યૈ, જિમ માલતિ મધુકાર. ૭
સરસ સુધારસ સારિખા, ભાવ ભેદ ભંડાર,
ષટ્ ખંડજ છ એ સોહામણા, રસ કેરા અંબાર. ૮
શ્રોતાનઈ સંભલાવતાં. કવિતા સરસ સવાદ,
મૂરખ આગલિ માંડતાં, મહિષી આગલિ નાદ. ૯
પુણ્ય પ્રસાદઈ પામસ્યઈ, પગિ પગિ પૂજા જાણિ,
રાજઋદ્ધિ લહસ્યૈ ઘણી, પુણ્ય તણઈ પરમાણિ. ૧૦
અંત્યઈ ચારિત આદરી, લહસ્યૈ અમર વિમાન,
સુગતિપંથિં પણિ પહોચસ્યઇ, પાંમી પંચમ નાણ. ૧૧

કુણ દેસઇ તે ભૂપનો, કુણ કુણ કરણી કીધ,
વિસ્તર પણઇ તે હું કહું, જિમ હૂઉ પરસિદ્ધ. ૧૨
પ્રથમ ઢાલ ચઊપઈ તણી, ભાવભેદ ગુણગેહ,
ખંડ પ્રત્યેકઇ જાંણજ્યો, તિણિ કારણ કહું તેહ. ૧૩ xx

પાલઇ રાજ પ્રચંડૂ એ, સમાપ્ત પ્રથમ ખંડૂ એ,
શ્રી **અંચલ**ગચ્છ રાજીઉ એ, ગુણમહિમા કરિ ગાજીઉ એ.
શ્રી **ધર્મમૂરતિ** સૂરીસરૂ એ, તાસ ગુણમણિ–આગર શીસૂ એ,
ઉવઝાય **વિમલમૂરતી** એ, તાસ સીસ વિદ્યાગલિ સરસતિ એ.
ગુણમૂરતિ વાચકવરુ એ, તાસ સીસ **જ્ઞાન** મુનીસરુ એ,
ઢાલ ભણી ઇગ્યારમી એ, મીઠી છઇ સાકર રસસમી એ. x x
ખંડ બીજો પૂરો થયો, પામ્યો ઋદ્ધિ અપારોરે,
શ્રી **અંચલ**ગચ્છ રાજીઓ, ગુણમણીરયણ ભંડારોરે.
શ્રી **ધર્મમૂરતિ** સૂરીસરૂ, **વિમલમૂરતિ** તસ શીસોરે,
ઉપાધ્યાય પદવી ધરુ, મહિમાવંત મુનીશોરે.
તાસ તણઇ પટિ સુંદરુ, **ગુણમૂરતિ** વાચક સારોરે,
તાસ શિષ્ય મુનિ **જ્ઞાન** પયંપઈ, દશમી ઢાલ ઉદારોરે.

છએ ખંડમાં જૂદી જૂદી દેશીઓ છે.

અંતે— છઠો ખંડ, ઢાલ ૮મી.

ઢાલ ભણીરે સુંદરુ આઠમીરે, મીઠી છઇ અપાર,
જ્ઞાનમૂરતિ તે ઇમ ઉચ્ચરઇરે, સાંભલતાં સંસાર. ૧૧
સર્વ ગાથા ૧૮૪.

દૂહા

રૂપસેન રલીયામણો, મુનિવર સુગુણ સુજાંણ,
છ ખંડઇ કરિ ગાઇઓ, પ્રતપો જાં લગિ ભાણ. ૧
પુણ્ય તણા પરતાપથી, પગિ પગિ પામી ઋદ્ધિ,
અંતઇ ચારિત્ર આદરી, એકાંતરિ ભવિ સિદ્ધિ, ૨ x x

રાગ ધન્યાસી, ફાગનો ભેદ. સયલ સુરાસુર સેવ
કરઈરે ઈંદ્રાણી ગુણ ગાઈ—એ દેશી.

પુણ્ય ઊપરિ મઈં એ કહિ રે, રૂપસેન ચરિત,
પુણ્ય કરો સંસારમાંરે, પુણ્યઇ જીવ પવિત્ત, ૧
મુનીસર રૂપસેન ગાઇઓ હો,
માતપિતાથી એકલોરે, પરદર્શિ પામ્યો સુખ;
કનકવતી કામિની લહીરે, પુણ્યઇ જાઇ દુખ, મુનિ. ૨
ગાતાં મંગલ નીપજઇરે, સંપદની હોઇ શ્રેણિ,
આધિ વ્યાધિ દૂરઇ ટલઈરે, લહીઈ વંછિત એણિ, મુ, ૩
સંવત સોલ ચઉરાણુ રે, આસો સુદિ ઊદાર,
પાંચમિ દિનિં પૂરો થયોરે, છટ્ઠો ખંડ શ્રીકાર. મુ, ૪
ઇગ્યાર ઢાલ પ્રથમ ભણીરે, બીજઈ દશ દશ પન્ન,
શેષ નવ નવ જાણીઇરે, સર્વ થઈ અઠાવન્ન. મુ. ૫
સાંભલતાં સુખ સંપજઈ રે, દિન દિન લીલ વિલાસ,
ભણઇ ગણઇ જે ભાવસિઉંરે, તસ ઘરિ કમલાવાસ. મુ. ૬

—સર્વ ગાથા ૨૦૧. શ્લોક સંખ્યા ૨૦૪ ષટ્ ખંડ ગાથા સંખ્યા ૧૨૯૬ ષટ્ખંડ સર્વ ગ્રંથાગ્ર શ્લોક સંખ્યા ૧૮૫૬ ગ૦ નિત્યરુચિ વાચનાયેતિ શ્રેયઃ ૩૫-૧૬ પ્રત નં. ૨૩૭૫ મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનભંડાર વડોદરા.

(૧૬૫૩) પ્રિયંકર ચોપઈ

પહેલા ખંડને અંતે—

તાસ સીસ રતનાગરરોહણ, મોહનવેલિ કંદોરે,
મુનિવર ગણમાં મણિ તણી પરિ, ગુણમુરતિ વાચક સારોરે.
તાસ સીસ મુનિ જ્ઞાનપયંપઇ, આઠમી ઢાલ ઊદારોરે,
રાગ ધન્યાસી સુંદરૂ, શ્રોતાનઇ સુખકારોરે.
૧૭ સર્વગાથા-૨૭૫ ને સર્વ શ્લોક સંખ્યા ૨૬૦.

બીજો ખંડ—

પક્ષ જયવાદ તણી એ જાંણુ, સાતમી ઢાલ સોભાગજી,
જ્ઞાનમુરતિ મુનિસર બોલઇ, સુંદર ગુડી રાગજી. ૧૦

બીજા ખંડને અંતે-૮ મી ઢાલ.-સર્વ ગાથા ૧૫૦.

ખંડ બીજુ પુરૂ થયુજી, પાટઈ **પૂનિમચંદ** હોજી,
તસુ સીસ કહિ ઢાલ આઠમીજી, નામ **જ્ઞાન**મુણિંદ હોજી. ૧૦

—સવ ગાથા ૧૭૩ સર્વ શ્લોક સંખ્યા ૨૧૪.

ત્રીજા ખંડની આદિમાં— દૂહા.

અહનિસિ પ્રણમું અધિકતર, ગિરૂઓ ગુણભંડાર,
યાદવવંસિ વખાણીઇ, **ગિરનારિં** સિણગાર. ૧
નારી નવલ યૌવના, જીવદયા મનિ આણી,
પારહરિનઇ પાછુ વલિઉ, તૃણતણી પરિ જાણિ. ૨
ભાષા લિખિ સકલા કલા, સરસતિ સુદ્ધ પ્રવીણ,
છ રાગ છત્રીસઇ રાગિણી, તે શું રહઇ નિતિ લીન. ૩
ચરણિ મોતીવણુ જેહનઇ, પ્રણમ્યું સાહું દેવિ,
વિદ્યા લહઇ રિ બ્રહ્મા તણી, વરદાતા સુર સેવિ. ૪
મહિધરમાં જિમ મેરૂગિરિ, સાયર ખીર સમુદ્ર,
ઇંદ્ર વડુ જિમ સુર સવે, અન્નમાં સાલિ કમુદ. ૫
પ્રણમું ગ્રહમાં ગુરૂ વડુ જ્યોતિષીમાં જિમ ચંદ,
તિમ ગિરૂઉ ગચ્છનાયકઈ, શ્રી **કલ્યાણસાગર** સુરિંદ. ૬
પ્રવર પંડિત પંગતઈ, કોઈ ન જાણઇ જીપી,
પ્રણમું ગુરૂ **ગુણમૂરતિ**, એરાવણ જિમ દીપિ. ૭

× × × ×

અધુરી પ્રત ૧૪ પાનાં. લીટી ૧૫ પ્રથમ પત્ર નથી. વિ. ને. નં. ૪૪૮૧.

૨૬૧ અને ૨૩૯ જિનરાજસુરિ (ખ૦) (૧-૫૦૧ તથા ૧-૫૫૩) વળી જુઓ પૃ. ૯૮૫

(૫૦૩) **ગજસુકુમાર રાસ** સં. ૧૬૯૯ વૈ. શુ. ૫ (૧-૫૫૩)

—(૧-૨) સં. ૧૭૧૦ માગ. વ. ૩ રવિ **રાજનગરે** લિ. પત્ર ૩૬ પો. ૮૬ નં. ૨૦૮૦, સં. ૧૭૨૪ **સત્યપુરે** કનકવિમલ લિ. પત્ર ૧૦ પો. ૮૦ નં. ૧૯૮૧ જિ. ચા. (૩) સં. ૧૭૨૨ જ્યે. શુ. ૨ લિ. પં. **સમયનિધાનેન સરસ્વતીપત્તને** ૧૪-૧૭ ગુ. (૪) સં. ૧૭૧૧ ફા. શુ. ૧૩ શુક્ર **પત્તનનગરે** પં. ઉત્તમચંદ્રગણિ શિ. **વિજયોદયચંદ્ર** લિ. ૧૭-૧૫ નં. ૪૨૯ મ. જૈ. વિ. (૫-૭) સં. ૧૭૩૨ માગ. વ. ૮ ભોમ લ. **રાજનગર** મધ્યે બાઇ **રહીઆબાઇ સહિજબાઇ** લખાવીતં ૪૨-૧૧ નં. ૬૦, સં. ૧૭૮૩ આશો શુદિ ૬ સોમે ૩૨-૧૩ નં. ૬૧, ૨૪-૧૫ નં. ૬૨,-એ ત્રણે દા. ૭૦ ડે૦ (૮) ૧૬-૧૭ નં. ૪૨૮, મ. જૈ. વિ. (૯-૧૦) ૨૧-૧૫ દા. ૪૫ નં. ૭, સં. ૧૭૭૮ આસો વ. ૯ ભોમે લ. **રાજનગરે પ્રતાપવિજય** વાચનાય ૧૮-૧૩ દા. ૪૫ સંઘ ભં. પાલણપુર. (૧૧) સં. ૧૭૮૭ શ્રા. શુ. ૧૩ **મુલતાણમધ્યે હર્ષવલભ** લિ૦ પત્ર ૨૪ પો. ૧૦ નં. ૬૩ વર્ધ૦ (૧૨) ૨૭ પત્રની પ્રતિમાં ૧ થી ૧૩ માં આ કવિની શાલિભદ્ર ચો. છે ને ૧૩ થી ૨૭માં આ કૃતિ છે. સં. ૧૭૯૦ પો. શુ. ૬ ચંદ્રે **જેસલમેર** દુર્ગે પં. **મોટા** લિ. સ્વહેતવે અનંત. નં. ૨ (૧૩) લિ. પં. **પુંજરાજ પત્તનનગરે** પરોપકૃતયે સં. ૧૭૭૪ પો. શુ. ૨ દિને ૪૧-૯ દા. ૭૯ નં. ૧૪ હા. (૧૪) ૧૩-૧૭ ઘણી જૂની પ્રત વ. રા. (૧૫) પ્રત ૧૮મી સદીની પત્ર ૧૨ પો. ૭૯ નં. ૧૯૬૧ જિ. ચા. (૧૬-૧૭) સં. ૧૮૬૦ કા. શુ. ૮ **સુહાઇ** મધ્યે પત્ર ૨૨ પો. ૬૬, પત્ર ૧૦ પો. ૬૮ જય.

(૫૦૪)+ **ચોવીશી** લ. સં. ૧૬૯૪ પહેલાં (૧-૫૫૭)

—(૧) પત્ર ૧૩ કમલમુનિ (૨) લિ. ગણ **રત્નવિજયેન** ૭-૧૭ દા. ૮૨ નં. ૧૯૪ હા. (૩) સં. ૧૬૯૪ ચૈ. વ. ૧ **મેડતામધ્યે**

પત્ર ૭ નાહટા (૪) સં. ૧૮૭૧ ફા. વ. ૨ **વીકાનેર** મધ્યે **સુમતિ-વિશાલ** લિ. પત્ર ૧૧ સૂચીસહિત પો. ૫૧ નં. ૯૭૩ કૃપા. (૫–૧૦) સં. ૧૬૯૬ માહ શુ. ૧૦ બૃહસ્પતિવારે **લાભપુરનગરે** વા૦ **વિજય-મંદિર** શિ૦ પં. **સૌભાગ્યમેરૂ** શિ. કલ્યાણહર્ષ મુનિના લિ. **પારખ** ગોત્રીય સા. રૂપા પુત્ર સા. **ધર્મચંદ્ર** પઠનાર્થં પત્ર ૧૭ પો. ૧૪ નં. ૧૪૪૩, સં. ૧૭૩૫ માહ શુ. ૧ **વીકાનેર** પં. **રામચંદ્ર** લિ. પત્ર ૬ નં. ૨૧૯૩, સં. ૧૭૪૯ વૈ. વ. ૯ ગુરૂ **રિણીમધ્યે** પં. **વિજય-શેખર** લિ૦ **વીરાંબાઇ** પઠનાર્થં પત્ર ૬ નં. ૨૨૪૪, સં. ૧૮૪૮ કા. શુ. ૫ સોમે લિ. પં. **ચતુરનિધાન વન્નુદેશે સક્ષીનગરે** ચાતુર્માસ પત્ર ૮ નં. ૨૪૫૦, સં. ૧૭૧૮ **લોદ્રીપુરે** સા૦ **હાથી** પઠનાય પં. **ધર્મમંદિરગણિના** લિ૦ પત્ર ૧૩ નં. ૨૮૯૧, પં. હર્ષનિધાન લિ. વીકાનેરમધ્યે પત્ર ૪ નં. ૩૧૬૬ અભય.

(૫૦૫)+ વીશી લ. સં. ૧૬૮૫ પહેલાં (૧–૫૫૮)

—(૧–૩) સં. ૧૬૮૫ પો. શુ. ૯ **જિનરાજસૂરિ** શિ. **ભાવ-વિજય** લિ. **સિતપત્તને** ગોલછા **રંભા** પઠનાર્થં પત્ર ૬ પો. ૮૩ નં. ૨૧૧૪, ૧૭૨૬ ચૈ. વ. ૩ **જેસલમેર** મધ્યે **સોમનંદન** લિ. પત્ર ૩ નં. ૨૧૩૩, અને સં. ૧૭૧૭ માગ. શુ. ૧ **મેડતા** મધ્યે **વિદ્યાલાભેન** લિ. નં. ૨૧૩૬ જિ. ચા. (૪) પત્ર ૪ પો. ૬૩ મહિમા. (૫) સં. ૧૭૨૬ આસો વ. ૨ બુધે **જાવાલપુરે પાર્શ્વનાથ** પ્રસાદાત્ પત્ર ૬ નાહટા. (૬–૭) સા૦ **ભગતલિખમી** પઠનાર્થં પત્ર ૪ નં. ૨૮૦૧, સં. ૧૭૪૬ જ્યે૦ વ. ૭ બુધે બાઈ **વીરાં** પઠનાર્થં પત્ર ૭ નં. ૩૪૮૮ અભય.

(૧૬૫૪) સ્તવનાવલિ—કર્ત્તાનાં રચેલ સ્તવનો પત્ર ૩૪ નં. ૧૧૦૬ જય૦

૧૪ ગુણસ્થાન બંધ વિજ્ઞપ્તિ સ્ત. ૧૯ કડી. સં. ૧૬૬૫ સહ વદ ૮

નમિય સિરિ **પાસ** જિન સુજન પડિબોહગં
કુણયગિરિ અચલ **જેસલ** નયર સોહગં.
ચૌદ ગુણઠાણ ઉત્તર પડિ બંધ એ,
હેતુ કરિ સહિત હું કહિસુ સુહ સંધ એ. ૧

(કલશ)

ઇય **આણરસ સસિકલા** વચ્છરિ સહ કસિણ દશમી દિને,
ગુણ ઠાણ ચવદે કમ્મ પયડી બંધ વિવર્યો સુભ મને,
જિનચંદ જિનસિંહ સૂરિ સીસૈ **રાજસમુદ્રૈ** સંથુઓ
સિરિ **પાસ** જિણવર ભુવણ દિણયર સયલ અતિસય સંયુઓ. ૧૯

બાલા૦—શ્રી **જિન**રાજ ગણાધિપ વિહિત સ્તવ પર **હર્ષ**સાર શિ. ઉ. **શિવનિધાને સંગ્રામપુરના** શ્રાવકની વિનતિથી **જીવ**રાજની પત્નિ **જીવા**દેના સુબોધાર્થે ગૂ.માં કરેલા વિવરણની પ્રથમાદર્શ પ્રતિ સં. ૧૬૯૨ આષાઢ શુદ ૩ પુષ્યે કનકોદયે લખી સં. ૭૦૧૬ (? ૧૭૦૬) વર્ષે **રાજ**નગરે યુગપ્રધાન **જિનચંદ્ર**સૂરિ શિ૦ વા. **ભુવનમેર** ગણિ લઘુભ્રાતા પં. **સુમતિરંગેણ** લિ૦ શિ૦ જયકુશલ વાચનાર્થે કા. શુ. ૧૩ ભૌમે ભ૦ **જિનસાગર** સૂરિ રાજ્યે નં. ૧૯૬૨ વેબર. (કર્ત્તાનું નામ આચાર્ય થયા પૂર્વે રાજસમુદ્ર હતું.)

પાર્શ્વનાથ ગુણવેલી ૪૪ કડી સં. ૧૬૮૯ પો૦ વ૦ ૮ (જુદા જુદા પાર્શ્વનાથ ક્યાં આવ્યા તેનું વર્ણન છે)

આદિ— ઢાલ ધમાલની

શ્રી **સરસતિ** સુપ્રસન સદા, શ્રુતદેવી વરદાઇ રે,
પાસ તણા ગુણ વરણવું, વાણિ દીઉ મેરી માઇ રે. ૧

અંતે— કલસ

નમો ત્રિજગજયકર અષ્ટભયહર વંછિતકર શ્રી **પાસ** એ,
શશિકલા સંવત **સિદ્ધિ નિધિ** યુત વરસ વદિ પોસ માસએ,
નિશિરાજનંદન વાર શુભ સંખ્યા દિશિ તિથિ ઉલ્લસી,
જિનરાજ ગરીબનિવાજ સ્તવતાં સંઘ મન હુઇ અતિ ખુસી. ૪૪

—સં૦ ૧૬૭૦ (?) વર્ષે જ્યે. શુ. ૮ રવૌ લિ૦ પં. **દેવવિ**જય ગણિ શિ. મુનિ **વિદ્યાવિજય** પઠનાર્થં **સી**રોહી નગરે લિ૦ ૩–૧૨ દા. ૮૨ નં. ૧૪૭ હા૦

૨૬૨ ભુવનકીર્ત્તિ (૨) (ખ જ્ઞાનનંદિ શિ) (૧-૫૬૧)

(૧૬૫૫) અઘટિત રાજર્ષિ ચોપઇ સં. ૧૬૬૭ કાર્ત્તિક શુદ ૫ ગુરૂ. લવેરામાં.

અંતે—

સોલસઇ સતસઠ્ઠઇ સંવતે **કાતી સુદિ** વર માસિ,
પંચમિ ગુરૂવારે સિધિ જોગજી, **સંતિ** પસાય ઉલાસિ. જી. ૯૬
પુરિ **લવેરે** મનિ આણંદ ઘણે, શ્રી **એમ** સાખિ ઉદાર,
પાઠક શ્રી **સિવસુંદર** સદગુરૂ, ભવિયણ જણ હિતકાર. જી. ૯૭
તાસુ સીસ નામે વર જાણીયે, વાચક **પદમનિધાન,**
તાસુ સીસ ગણીસ સિરોમણી, **હેમસોમ** ગુરૂ જાણ. જી. ૯૮
શિષ્ય મુખ્ય તસુ કવિયણ મણુહર, **જ્ઞાનનંદિ** ગુરૂરાય,
સીસ **ભુવનકીરતિ** ગણિ ભણે, પામી સુગુરૂ પસાય. જી. ૯૯
ખરતર ગણપતિ શુભમતિ દાયગૂ, જુગવર શ્રી **જિણચંદ,**
વિજયમાન શ્રી **જિનસિંહ** સૂરિને, આણી મનિ આણંદ. જી. ૧૦૦
ઇણિ પરિ જીવદયા જે પાલિસ્યે, લહિસ્યે તે ભવપાર,
ભણે ગુણે જે સુણિસી દિન પ્રતિ, તાં ઘરિ મંગલ ચ્યાર. ૧૦૧

—ઇતિ શ્રી જીવદયા ધર્મ્મ વિષયે અઘટિત રાજર્ષિ ચરિત્રં પરિત્રં. શ્રી **બીલપુર** મધ્યે. પોથી ૫૫-પં. જૈન શ્વે. ભં. જયપુર.

(૧૬૫૬) ભરત બાહુબલી ચરિત્ર સં. ૧૬૭૧ શ્રાવણ શુ. ૫ ગુરૂ જેસલમેરમાં.

આદિ—

શ્રી **આદીસર** સામિનઇ, કરિ પ્રણામ મન સુદ્ધિ,
વીનતિ એતી વીનવું, આપઉ નિરમલ બુદ્ધિ. ૧
જેસલમેરઇ જગત ગુરૂ, જીવન રૂપ જિણંદ,
પ્રભુતા ગુણ કરિ પરગડો, પરતખિ પરમાણંદ. ૨
એહ નવઉ ઓપઇ અધિક, પરમ સુખાકર **પાસ,**
લીણા જન જિહાંકિણ રહઇ, વંછિત થાનકિ વાસ. ૩

ઇષ્ટ મંત્ર પરિ એહનઉ, નવમંગલ કરિ નામ,
ચીતારૂં નિત ચીતમઇ, અહનિસિ ગુણ અભિરામ. ૪
સંભારૂં **સરસતિ** સહી, સુપ્રસન સામિણિ સાચ,
તુરત દીયઇ તૂઠી થકી, બાલ ભણી વર વાચ. ૫
અચરિજ ઇકિ અધિકઉ કરૈ, દીઠો જસ દીદાર,
જગિ ઉનમૂલઇ જડપણઉ, સુખફલ દ્યઇ સંસાર. ૬
સગતિ તુહારી **સારદા**, સાચી સુખ સહિનાણ,
સમરણ તોરઇ મંદ પિણ, હુવઇ બુધ ગુરૂ કવિ માણ. ૭
દત્ત કુસલ ગુરૂ દઉલતી, સાચા સાનિધિકાર,
મહત વિહિત હિત મો ભણી, દ્યઉ ગુરૂઆ દાતાર. ૮
તિમ પય પણમું સુગુરૂના, જેહ તણૈ સુપ્રસાદ,
મૂઢમતી પિણ જન લહઇ, જગિ નિરમલ જસવાદ. ૯
સુણતાં ગુણ મોટા તણા, આતમ હુવઇ પરવીત,
સોવન વાણી જલ હુવઇ, સોવન સંગિ વદીત. ૧૦
મોટા જનના ચરિત્ર મુખિ, ભણતાં હુવઇ ભવ અંત,
કચપચ વાત તજી કરી, સુણિજ્યો તિણ હિવ સંત. ૧૧
શ્રી **આદીસર–ચરિતવર**, **શેત્રુંજય મહાત્મ્ય**,
તિમ **યુગાદિ દેસન** વલી, શાસ્ત્ર શાખિ એ રમ્ય. ૧૨
ભરત બાહુબલિ તણઉ, **ચરિત** કહું ચિત લાઇ,
જનમ કરૂં સફલઉ જગઇ, પાતક જેમ પુલાઇ. ૧૩
વીરા રસ ઇહાં અધિક છઇ, ચરિત્ર શાસ્ત્ર સભાવિ,
દામિ દામિ રસ ઓર પિણ, સુણિજ્યો ભવિયણ ભાવિ. ૧૪

અંતે—

સંવત સોલ રસા ઋસિ માસઇ **શ્રાવણ**ઇરે,
સુદિ પંચમ ગુરૂવારરે (૨) સિદ્ધિ યોગ ક્રમ ભાવનઇરે. ૭
જનમ કલ્યાણિક જગ ગુરૂ સામી **ને**મિનઇરે.
કીધઉ સુપ્રમાણ છહિ ખંડરે (૨) વિસ્તરિજ્યો પંડિત જનઇરે. ૮

નગર નગીનઉ સોહઇ **જેસલગિરિ** વરૂરે,
દેવ લોક અવતાર જિહાં કિણુ રે (૨) જિણધર આઠ મનોહરૂરે. ૯
મૂલ સાસિ જયવંતઉ પરતિખ **પાસ**જીરે,
સાચઉ સુરતરૂ કંઇ પૂરઇરે (૨) સેવકની સવિ આસજીરે. ૧૦
જિહાં શ્રી **ખરતર** સંઘ સદા ગુણ મણિ નિલોરે,
દીપક દર દીવાણ સોહઇરે, (૨) સાસ્ત્ર વિચાર કરી ભલઉરે. ૧૧
ગચ્છ ચઉરાસી માહે જિણ સોભા લહીરે,
બિરૂદ વડા દેખાઇ જુગવરરે (૨) **જિનચંદ** સૂરિવરૂ સહીરે. ૧૨
તાસુ પાટિ ઉદયાચલિ રવિ પરિ દીપતારે,
જુગવર **જિનસિંહ** સૂરિ પ્રતપઇરે (૨) વાદ છતીસે જીપતારે. ૧૩
ખેમ સાખિ સુપ્રસિદ્ધિ ગુણે કરિ આગલારે,
સિવસુંદર ગુરૂરાય પાઠકરે સર્વ્વ ગુણે કરિ નિર્મ્મલારે. ૧૪
તાસુ સીસ **જસસુંદર** વાચક પદ ધરૂરે,
પદ્મનિધાન મુણિંદ તેહનઇરે (૨) સીસ ચરણ ગુણ આગરૂરે. ૧૫
હેમસોમ ગુરૂ શિષ્ય કવીસર તેહનઇરે,
જ્ઞાનનંદિ ગુરૂરાજ વિનવઇરે (૨) ભુવનકીરતિ ગણિ એ ભણઇરે. ૧૬
સાહજ્યઇ કવિ **લાવણ્યકીરતિ** ગણિ તણઇરે,
ભણીયઉ એ સંબંધ સુંદરરે (૨) ઢાલ ત્રિયાસી ઇહાંકિણઇરે. ૧૭
ગુજરાતી તિમ **સિંધૂ મારૂ પૂરવીરે,**
ભાષાયઇ સુપ્રસિદ્ધ સુણતાં રે (૨) પ્રકટઇ મતિ અતિ નવીરે. ૧૮
એહ ચરિત જિકે નર વાચઇ સુભ પરઇરે,
નિસુણઇ જે વલિ પ્રેમ, તે નરરે (૨) દુસ્તર ભવસાગર તરઇરે. ૧૯
શ્રી **જિનકુસલ** સૂરીસરૂ ગુરૂ પસાઉલઇરે,
ભણીયઉ છઠઉ ખંડ, અદ્દભુતરે (૨) બાવીસ ઢાલે ભલઉરે. ૨૧
ભુવનકીરતિ ગણિ પભણઇ ચરિત ભલી પરઇરે,
વાચંતાં સુખ કોડિ, દિનપ્રતિરે (૨) નવનવઉચ્છવ ઘરિ ઘર ઘરેરે. ૨૨

—(૧) ઇતિશ્રી બાહુબલિચરિત્રે શ્રી જેસલમેરૂ સંઘાભ્યર્થનયા કૃતે શ્રી પુંડરીક શિવગમન પૌત્રાષ્ટક નવનવતિ સુતસહિત શ્રી ઋષભ-નિર્વાણ મહોત્સવ શ્રીમદ્ ભાવનાપૂર્વક શ્રી ભરતચક્રવર્ત્તિ કેવલ સંપત્ શિવ સૌધ પ્રાપણાદિ વાચક ૫ષ્ટઃ ખંડઃ સમાપ્તઃ—જૂની પ્રત. કવિની સ્વહસ્તલિખિત લાગે છે ૩૩–૧૭ દે. લા. પુ. લા. નં. ૯૨૭–૪૫૩. (૨) રાજનગરમધ્યે સં. ૧૭૦૨ પો૦ વ. ૧૪ સોમે. ૪૨–૧૫ દા. ૬ નં. ૨૦ ખેડા ભં. (૩) સં. ૧૬૯૦ વૈ. શુ. ૯ શનિ સ્તંભ-તીર્થે ક્ષેમશાખા શિવસુંદર શિ. પદ્મનિધાન શિ. હેમસોમ શિ. જ્ઞાન-નંદિ (કવિના ગુરૂ) લિ. પત્ર ૬૯ પો. ૬૮ ૭૪૫૦

(૫૦૬) જંબૂસ્વામી ચોપઇ સં. ૧૬૯૧ શ્રા. શુ. ૧૧ (૧–૫૬૧)

અંતેમાં બીજી કડીમાં 'જિનરાજ સૂરિસર'ને બદલે જિનરંગ સૂરિસર સુધારો.

—(૧) સં. ૧૭૨૯ શ્રા. શુ. ૫ શુક્રે લ૦ વૃદ્ધ તપાગચ્છે વૃદ્ધશાખાયાં ભ૦ રત્નકીર્ત્તિસૂરિ સ્વશિ૦ સુમતિકીર્ત્તિ લ૦ પત્તનનગરે ૪૭–૧૩ દા. ૧૩ નં. ૫ પદ્મસાગર ભં. જૈ. શા. અમદાવાદ (૨) પત્ર ૪૪ છેલ્લું ૪૫ મું નથી પો. ૮ જિનદત્ત મું. (૩) પ્રત ૧૯ મી સદીની પત્ર ૫૦ પો. ૧૪ નં. ૨૫૯ દાન૦

(૫૦૭) ગજસુકુમાલ ચોપાઇ સં. ૧૭૦૩ (૫) માહા વદ ૧૧ ગુરૂ ખંભાતમાં.

આદિ—

ત્રિભુવનપતિ પુણ્યાતમા, વીતરાગ જસુ નામ,
ઇણ પદિ ગર્ભિત ઇષ્ટને કરૂં ત્રિકાલ પ્રણામ. ૧
ઇષ્ટ એવં કિમ મિષ્ટ મુખે, આપે વચન વિલાસ,
વિગરિ મિઠાઇ મુખ ધર્યાં, કિમ લહીઇ મીઠાસ. ૨
તિમ **નેમીસર** સામિના, પ્રણમું ચરણસરોજ,
હેલાઇં જીતી જિણઇ, મોહ નૃપતિની ફોજ. ૩

તેહ તણા ગુણ ગાયસ્યૂં, તાસ તણો ગુરૂ એહ,
સદા સુપૂત પિતા ભણી, ગવરાવે ધરિ નેહ. ૪
પોતાના ગુરૂને નમું, વારવાર ધરિ પ્રીતિ,
કીડીથી કુંજર કિયો, તે ગુણ આવે ચિંતિ. ૫
બાંધ્યા કર્મ ખપે તપે, આગમ વચન પ્રમાણ,
નવાં ન બાંધે સંજમી, તિણ બિહુંથી નિરવાણ. ૬
ઉપશમ શોભા તપતણી, જતી ધરમ ધુરિ તંત,
શ્રમણપણાનો સાર તિમ, સાખિ દિએ સિદ્ધંત. ૭

અંતે—

શિષ્ય સુશિષ્ય વિનિત ગુણઇ સોહામણઉરે, **રાજ**રંગ ગણિ રંગિ,
પરતિ લિખિ લીખિ આપી પરનઇ વાંચવારે **જ્ઞાન**રંગ મુનિ સંગિ. ૧૦
અષ્ટમ અંગિ પુરાતન ચરિત વિલોકીનઇરે, તિમ નિજ મતિ વિન્યાસ,
કહતાં અધિકો ઓછઉ જે કહ્યઉ હૂઇરે, મિચ્છાદુક્કડ તાસ. ૧૧
સંતિ કરી સંવેગ ભરી મંગલ કરીરે, મોહ હાર જિણ વાંણિ વાણિ,
ચિત ધરી ચિર સંચિત પાપ પણાસતીરે, ભવ લખ દલણી
જાણી. ૧૨
લાભ એમ જાણી કરી કીધી ચઉપઇરે, રહિયો જાં રવિચંદ,
ભણતાં ગુણતાં સુણતાં ચઉવહ સંઘનઇરે, થાવઉ અતિ આણંદ. ૧૩

પછી કલશ છે.

—(૧) સં. ૧૭૧૮ વર્ષે આસૂ વદિ ૫ લિ૦ વાર બુ. ૨૪–૧૩ દા. ૪૩ નં. ૪ [illegible] ડે. (૨) સં. ૧૭૩૩ આ. શુ. ૧૩ ગુરૂ **બી**નાતટ મધ્યે લિ. **શાં**તિકુશલ મુનિના ૩૭–૧૭ અનંત. નં. ૨ આમાં રચ્યા સં. ૧૭૦૫ આપેલ છે. (૩) લિ૦ સં. ૧૭૭૯ પ્રથમ શ્રાવણ શુ૦ ૧૦ ગુરા પં. **પ્રી**તિવિજય ગણિ શિ૦ પં. **ભી**મવિજય ગણિ શિ૦ પં. પુણ્યવિજય ગણિનાલેખિ શ્રી **સોલં**કી કંબોઈ નગરે શ્રી **પંચાસર પાર્શ્વ** જિન પ્રસત્તેઃ ૨૧–૨૩ દા. ૭૦ નં. ૬૪ ડે. (૪) પત્ર ૧૩ પ્ર. કા. વડો. નં. ૨૭૬.

(૫૦૮) અંજનાસુંદરી રાસ સં. ૧૭૦૬ માહ શુ. ૩ (૧-૫૬૪).

—(૧) સં. ૧૭૭૦ વર્ષે પ્રથમ આષાઢ સુ૦ ૧૨ રવિ શ્રી પોસાલ વડી ભટ્ટારક શ્રી લક્ષ્મીસાગર સૂરીશ્વરાણાં શિ૦ તેજસાગર શિ૦ રંગસાગર શિ૦ ગણિ રામસાગર લિ૦ સરસ્વતી પ્રસાદાત્ સૂરત બિંદરે લિપીકૃતઃ ॥શ્રી॥ ૨૩-૧૫ ગુ૦ (૨) પ્રત ૧૮મી સદીની પત્ર ૧૯ પો. ૧૩ નં. ૨૩૮ દાન૦ (૩) પત્ર ૨૧ પો. ૧૧ નં. ૧૦૧૮ અભય. (૪) સં. ૧૭૨૫ ભા૦ વ૦૮ બુધ ખેમશાખાયાં ઉ૦ સુમતિ-સિંધુર ગણિ શિ૦ લબ્ધિવિલાસેનાલેખિ ૨૬-૧૬ નં. ૪૫૫૩ વિ. ને૦ (૫) ચુનીજી ભં. નયા ઘાટ કાશી (નં. ૬ વે૦) (૬) સં. ૧૭૩૪ આ. વ. ૫ નાગપુર મધ્યે મહો. કુશલધીર શિ. વા. કુશલલાભ લિ. પત્ર ૨ થી ૧૯ નં. ૨૪૪૫ અભય.

---

૨૬૩ પ્રેમ (લોં૦) (૧-૫૬૭)

(૧૬૫૭) દ્રૌપદી રાસ કડી ૬૫ સં. ૧૬૯૧

દૂહા

વિમલમતિ **સરસતિ** મુદા, સમરી મનિ આણંદ,
ગાસ્યું સાધ સિરોમણી, **પાંડવ** પાંચ મુણિંદ. ૧

× × ×

સંવત **સોલ એકાણુએ**, શ્રાવણ શુદિરે બીજિ ગુરૂવાર,
રાસ રચ્યો મઇ રંગિસ્યઉં, **પ્રેમ**ઇ ગાયઇરે ભણઇ નરનારિ. ૬૫

—૪-૧૧ પોથી નં. ૧૨૪ મો. સુરત.

(૫૦૯) મંગલકલશ રાસ સં. ૧૬૯૨ (૧-૫૬૭)

—ગ્રં. ૩૦૧ પત્ર ૧૭ દા. ૩૯ નં. ૫૮ લીં.

---

૨૬૪ કમલવિજય (૨) (ત૦ શીલવિજય શિ.) (૧-૫૬૭)

(૫૧૦) જંબૂ ચોપઇ સં. ૧૬૯૨ સિવાણામાં (૧-૫૬૭)

આદિ— દૂહા.

વીર જિનેસર પદકમલ, પ્રણમી બહુરાગેણ,
જંબૂ ચરિત સોહામણું, બોલિસ સરસ રસેવ. ૧
સુણતાં હોઇ સુખ સંપદા, જપતાં દુરિત પલાય,
જંબૂ નાંમ સોહામણઉં, નમેં સુરાસુર પાય. ૨
જસ કીરતિ મહિઅલ ઘણી, રૂપઇ **રતિ**નો કંત,
પ્રાકૃત ભાષા વીનવું, સુણજ્યો તુમ્યો એકાંત.

—સં. ૧૭૩૬ના વર્ષના ચોપડામાં નં. ૪૯૮ લા.

---

૨૬૫ કનકકીર્ત્તિ (ખ૦) જયમંદિર શિ૦ (૧–૫૬૮)

(૫૧૧) નેમનાથ રાસ સં. ૧૬૯૨ માહ શુ. ૫ વીકાનેર (૧–૫૬૮)

—(૧) સં. ૧૭૧૮ સં. લા. વડોદરા (૨) સં. ૧૭૯૦ પો. શુ. ૫ શનિ **વાકરોડ મેવાડમધ્યે** પં. **દુર્ગદાસ** શિ. **જગરૂપ** લિ. શિષ્ય પં. **થાનચંદ્ર** પઠનાર્થે પત્ર ૧૩ પો. ૩૭ મહિમા.

(૫૧૨) દ્રૌપદી રાસ સં. ૧૬૯૨ વૈ. શુ. ૧૩ જેસલમેર (૧–૫૬૯)

આદિ— દૂહા.

પુરિસાદાણી **પાસ**જિન, ચરણકમલ ચિત લાય,
પ્રણમું ત્રિકરણ ભાવસું, પાતક દૂરિ પુલાય. ૧
શ્રુતદેવી સાંનિધિ કરે, કવિજન કેરી માત,
વચનવિલાસ સરસ દીયે, જસુ પ્રગટ અવદાત. ૨
યુગપ્રધાન **જિનદત્ત** ગુરૂ, શ્રી **જિનકુશલ** સૂરીંદ,
શ્રી **જિનચંદ** સદગુરૂ નમું, પામું પરમાણંદ. ૩
શીલસુરંગી **દ્રૂપદી**, નિરમલ પાલ્યઉ સીલ,
તાસુ ચરિત વખાણતાં, લહિયઇ અવિચલ લીલ. ૪
મૂલ થકી ઉતપતિ કહું, સુણિજ્યો બાલગુપાલ,
ચમતકારણી ચઉપઇ, નવનવ ઢાલ રસાલ. ૫

છઠઉ **જ્ઞાતા** અંગ છે, તે માહે અધિકાર,
મહાવીર જિન ભાષીયો, ગણધર સભા મઝારિ. ૬
જિમ તિમ કરમ ન કીજીયઈ, કીજઇ હિયે વિચાર,
ધરમ કરો નિજ હિત ભણી, જિમ પામો ભવ પાર. ૭

—(૧) સં. ૧૬૯૮ વા. શ્રી **કનકકીર્ત્તિ** ગણીનાં પં. કલ્યાણકીર્ત્તિ પં. **લક્ષ્મીચંદ્રેણ** લેખિ શ્રા૦ **જાદી** ઉછરંગદે ગૂજરદે પઠનાર્થં ૪૩–૧૪ પો. ૧૨૭ મો. સુરત (૨) સં. ૧૭૧૧ ભા. શુ. ૧૦ **જાલુર** મધ્યે મુ૦ **મેરૂ**વિજય લિ. ૫૦–૧૫ ના. ભં. (૩) ૧૭૦૩ માઘ વલક્ષ દ્વિતીયસ્યાં કુંજવારે કલ્યાણકીર્ત્તિના. ગ્રંથમાન ૧૫૦૫ ૪૬–૧૩ દા. ૪૨ નં. ૩૧ **વ** ડે. (૪) સં. ૧૭૦૭ ફા. સુ. ૪ મુ. **ભી**મદે લષતું. લ૦ ઋ૦ **કાકાજી** શિ. મુનિ **માંડણ** પઠનાર્થં. ૩૧–૧૭ દા. ૪૨ નં. ૩૨ **વ** ડે. (૫) સં. ૧૭૦૭ આ. શુ. ૮ ભોમે પત્ર ૨૩ નાહટા. (૬) સં. ૧૭૨૪ ખંભનયર મધ્યે ભા૦ વદિ ૧૧ સોમે ઋષિ **ન્યાંન**કીર્ત્તિ લ૦ **સુધર્મ** ગચ્છે **બ્રહ્મ**પક્ષે ૩૨–૧૫ (પ્રથમ બે પત્ર નથી) નં. ૨૦૫ જશ૦ (૭) સં. ૧૮૦૨ આશ્વિન શુ. ૧૩ તૃતીય પ્રહરે જ્ઞાનવૃદ્ધ્યર્થં લિ૦ પં. **સુમતિવિજય** ગણિ શિષ્ય **ગૌત**મવિજય. ૪૧–૧૭ નં. ૧૫૧ ઇડર ભં. (૮) સં. ૧૭૧૩ આ. વ. ૯ **કનક**નિધાન લિ. **પુન**પાલસર મધ્યે શિ. **હીરા**નંદયુતેન પત્ર ૩૯ પો. ૮૧ નં. ૨૦૩૦ જિ. ચા. (૯) સં. ૧૭૨૭ આસો શુદિ ૧૫ વાર શસી લ૦ **સુમતિવિજય રાજ**નગર મધ્યે ૪૭–૧૩ એડા ભં. ૩ (૧૦) ૪૬–૧૪ પો. ૪૦ નં. ૨૦૨ ઝીં. (બે પ્રત ભેગી) (૧૧) પત્ર ૪૦ પો. ૪૬ નં. ૮૬૦ કૃપા૦ (૧૨–૧૪) સં. ૧૭૨૮ કા. શુ. ૬ મંદવાસરે દયાસાગર ગ૦ શિ૦ મુનિ **ને**મસાગરેણ **રો**લદા ગ્રામે ૪૯–૧૪ નં. ૪૫૩૪, ૫૨–૧૩ નં. ૪૫૩૨, ૨૫–૧૯ નં. ૪૫૩૩ વિ. ને. (૧૫) સં. ૧૮૦૦ આશ્વિન વદ ૩ તૃતીય પ્રહરે જ્ઞાનવૃધ્ધ્યર્થં પં. **જિન**વિજય ગણિ શિ. પં. **પ્ર**મોદવિજય ગણિ શિ. પં. ઉદ્દેવિજય લ૦ ભાઇ કલ્યાણવિજય પઠનાર્થં **વાતમ** ગ્રામે પત્ર ૨૮ નં. ૧૬૫ પ્ર.

કા. વડોદરા. (૧૬) સં. ૧૮૩૯ કા૦ કૃષ્ણ ૧૦ ગુરૂ શ્રી **ભરુ** ગ્રામ મધ્યે લિ૰ ઉ. **જયસૌભાગ્ય** શિ૰ મુખ્ય પં. **ચારિત્રોદય** મુનિ લઘુ ભ્રાતૃ પં. **માંણક્યોદય** મુનિ લિ૰ શ્રી **કીર્ત્તિરત્નસૂરિ** સાખાયં ૨૩–૨૧ અનંત. નં. ૨. (૧૭) સં. ૧૮૩૯ ફા. શુ. ૫ શનિ **અવરંગાબાદ** મધ્યે લ૰ ઋ૰ કમલાજી ૫૬–૧૯ અશુદ્ધ પ્રત ના. ભં.

---

૨૬૬ લક્ષ્મીકુશલ (ત. વિમલસોમસૂરિ પરિવારે જયકુલ શિ.) (૧–૫૭૨).

(૫૧૩) વૈદ્યકસાર રત્નપ્રકાશ ચોપઈ (વૈદ્યક) સં. ૧૬૯૪ ફા. શુ. ૧૩ શુક્ર, ગામ ઉડા (ઇડર પાસે)માં (૧–૫૭૨).

સરસતિ સરસ વાંણી મુઝ આપિ, પાપ પંક ટલિ તુઝ જાપિ,
તુઝ નામઈ સંકટ ઉપસમઇ, મનવંછિત તુઝ નામઇ જપઈ. ૧

—(૧) સં૰ ૧૭૨૧ આસો વદ ૩ ભામે ૫૮–૧૫ વિમલગચ્છનો ભં. ઇડર દાખડો ૩. (૨) પત્ર ૪૨ નં. ૭૮૨ જય.

---

૮૦૮ જ્ઞાનસુંદર [ખ. અભયવર્ધન શિ.]

(૧૬૫૮) સૂયગડાંગ સૂત્ર અધ્યયન ૧૬માની સઝાય. કડી ૪૧ સં. ૧૬૯૫ જેઠ વદિ ૨.

સિદ્ધ સવેનઈ કરૂં પ્રણામ, ધરમાચારિજ લેઈ નામ,
ગુણ ગાઇસિ મુનિવર તણા, જેહના ગુણ આગામ છઇ ઘણા. ૧
ભગવંત કેવલિનઇ પરિણામ, **વર્દ્ધમાન** જિન ભાસઇ આમ,
હિવ પનરમ અધ્યયનાંતરઇ, સોલમા અધ્યયન કહઇ ઇણિ પરઇ. ૨
ઐંદ્રી નિધિ રસિ સસિહર વરસઇ, જેઠ માસિ વદિ બીજનઇ દિવસઇ
અભયવ્રધન સદગુરૂ પસાયઇ, સુણતાં **જ્ઞાનસુંદર** સુખ થાયઇ. ૪૧

(૧) ૨–૧૩ જશ૦ (૨) જંબૂ પૃચ્છા સઝાય ભ. **જિનસિંહ** સૂરિ શિ. પં. **પદ્મકીર્ત્તિ પદ્મરંગ** મુનિ લિ. સા. **ભાગલક્ષ્મી** પઠનાર્થં પત્ર ૨ નં. ૨૭૧૮ અભય.

---

૮૦૯ ઉત્તમચંદ [આં. દેવસાગર શિ૦]

(૧૬૫૯) સુનંદ રાસ સં. ૧૬૯૫ આષાઢ શુ.

આદિ— દૂહા

શક્તિદાતા સમરૂં સદા, પર ઉપગારી પ્રધાન,
ધ્યાંન બલિ ધ્યાઉં વલી, નિરૂપમ લબ્ધિનિધાંન. ૧
સરસ સંબંધ સાંભલી, કવિ વાણી કલ્લોલ,
ઇચ્છા મુઝ પણિ ઉપની, અવસરિ બોલણ બોલ. ૨
સંબંધ સઘલા સરસ અછિ, જુ શ્રોતા સુજાંણ,
ગહૂં કેરી કેલવણ..., જાણે ચતુર સુવિનાણ. ૩
કવિ ઘણા કલજુગમિં, શ્રોતા અલપ સુજાણ,
સાંભલીનિ સમઝિ જિકે, તાસ જણમ પ્રમાણ. ૪
રસ તેહનઇ લાગસ્યઇ, જે સાંભલસ્યઇ ચિત્ત લાઇ,
વાતુ નિદ્રા આલસુ, તસ ચિત્ત કિમ રંજાઈ. ૫
ચિત્ત લાઇ સુણિ નહી, ઉંઘિ કિ ઊઠી જાઇ,
દુષ્ટ કદાગ્રહી નેહ વિણ, ગ્રંથરૂચિ કિહિ ન થાઇ. ૬
ચિત્ત દેઈ સુણયો સહુ, સંવેગીનુ ચરિત્ત,
જીવ દયા પાલી જિણિ, આતમ કીઉ પવિત્ત. ૭
બાલક કેરાં વયણલાં, મીઠાં માતા ચિત્ત,
સજન સુણીનિ હર્ખસ્યઇ, જુ પણિ સામાન્ય કવિત્ત. ૮
સુનંદા હ કેરી વારતા, સાંભલી સાસ્ત્ર મઝારિ,
તે ભાષાબંધિ ભણિસિ હું, સુણયો ચિત્ત વિચારી. ૯
કરજોડીનિ વીનવું, કોઇ મ ધરયો ખેદ,
સવિ સુકવિનુ દાસ હું, પણી વાતિઇ નહિ ભેદ. ૧૦

અંતે— રાગ ધન્યાસી

ઇણિપરિ સાધુ તણા ગુણ ગાવિ, સુમતિ સફલ કહાવિ જી,
સાધુ **સુનંદ**સું સુહાવિ, નામિ નવનિધિ પાવિઇ જી. ૩૫૫ ઇણિ.

અજર અમર હુયા અવિણાસી, મુગતિપુરિ જિણ વાસીજી,
ગુણ ગાઇ જે ઉલાસી, વયણરસ પ્રકાસીજી. ૩૫૬ ઇણિ.
સંવત **સોલ પંચાણુંઆ** વરસિ, આષાઢ સુદિ હરસિજી,
શ્રી **અંચલ**ગછિ વિરાજિ, શ્રી **કલ્યા(ણ)સાગર**સૂરિ રાજિજી. ૩૫૭
વાચકવંસવિભૂષણ વારૂ, શ્રી **દેવસાગર** ભવતારૂજી,
તાસ સીસ મનિ ભાવિ, **ઉત્તમચંદ** ગુણ ગાવિજી. ૩૫૮ ઇણિ.
એ ચરિત જે ભણસઇ ગુણસઇ, મનવંછિત સુખ લહિસ્યઇજી,
રિધિ વૃધિસ્યું આણંદ કરસ્યઇ, જે ગુણ હીયડિ ધરસ્યઇ જી. ૩૫૯

—સંવચ્છસિ ગ્રહ ભૂતે શ્રાવણ મા. શુકલપક્ષ તિથૌ ચ ત્રિદશ ચૈવ લષિચ્છાસ્ત્રસ્ય મુત્તમ્ ૧ ॥ મુનિ **લાલચંદ્ર** લષિમિદં સુભવાસરે ॥ ૧૧-૧૫ નં. ૪૭૨ મ. જૈ. વિ.

---

૮૧૦ નેમવિજય (ત. વિદ્યાવિજય શિ.)

(૧૬૬૦) અમરદત્ત મિત્રાનંદ ચોપઇ સં. ૧૬૯૫ આશો શુ. ૩ રવિ.

અંતે

રાગ રામગિરિ કહીજઇ, ત્રેવીસમી એ ઢાલરે,
નેમવિજય કહઇ કંઠિ કહતાં, રંજઇ નર ભૂપાલરે. ૨૧

રાગ બંગાલો, ઢાલ ૨૪.

રાય રાણી કેવલ પામી, વિચરઇ ગુરૂ સાથઇ ધામી,
ઘાતિ કર્મ તણો ખય કીધો, હેલાં મુગતિ તણો રાજિ લીધો. ૧
ધન ધન જે સદગુરૂ કેરી, સુણી સીખ ટાલઇ ભવફેરી,
છાંડઈ ક્રોધ કષાય જે ભુંડા, તે જગમઈ દીસઈ રૂડા. ૨
થોડોઇ ક્રોધ ન કીજઇ, જિમ ધરમતણાં ફલ લીજઈ,
સુણી **મિત્રાનંદ** અધિકાર, સહુ છાંડો ક્રોધ સંસારિ. ૩
એ ચઉપઇ સરસ અપાર, **શાંતિચરિત્ર**થી કીઉ ઉદ્ધાર,
લહી સદગુરૂનો આદેસ, જોડી મહઈ સરસ વિસેષ. ૪

સહગુરૂ **તપ** ગચ્છકો રાજા, ગુરૂ મલપતો જિઉં ગજરાજા,
વીરશાસન સોભ ચઢાવઇ, રાઇ રાંણા વંદણ આવઇ. ૫
કુમતી નાઠા જાઇ દૂરઈ, અંધકાર જિઉં ગલઇ સૂરઈ,
ગુરૂ **ગોયમ સોહમ** તોલઇ, મુખિ ધરમ કથા નિતુ બોલઇ. ૬
શ્રી **વિજયદેવ** સૂરીસ, ગુરૂ પ્રતપો કોડિ વરીસ,
જસુ પટ ઉદયાચલ ભાણ, કરિ અંગ ઉપાંગ વખાણ. ૭
ગુરૂ ગુણ છત્રીસઇ ધારી, ગુરૂ મોટો પર ઉપગારી,
શ્રી **વિજયસિંહ** સૂરિ રાજઇ, જસુ આચારિય પદ છાજઇ. ૮
તસુ ગછિ પંડિત પરધાન, જેહનઇ શ્રીપૂજ્ય દ્યઈ બહુ માન,
અંગિ સાધતણા ગુણ સોહઇ, વાણી ભવિજન મન મોહઇ. ૯
મુઝ ઉપગાર મોટો કીદ્ધ, દિક્ષા દે(ઇ) વિદ્યા દીદ્ધ,
પંડિત **વિદ્યાવિજય** ગુરૂ મિલિયા, ગુરૂદરિસણિ સુરતરૂ ફલિયા. ૧૦
એ સદગુરૂ આણા પામી, ભગતઈ ચલણે શિરનામી,
મઈ તો એ ચઉપઈ જોડી, આવઇ ચતુર સુણેવા દોડી. ૧૧
સોલઇ પંચાણૂઇ વરપઈ, આસો જઇ ત્રીજ રવિ હરષઇ,
સહુ શ્રાવક ચતુર સુજાણ,...........

—પત્ર ૧૨ અપૂર્ણ ને ત્રુટક યતિ મુકનજી વીકા૦

૨૬૭ દયારત્ન (ખ. જિનહર્ષસૂરિ શિ.) (૧-૫૭૩).

[જિનહર્ષસૂરિ શિ. દયારત્ને સં. ૧૬૨૬માં આચારાંગની પ્રત લખી છે (વિવેકવિજય ભં. ઉદયપુર નં. ૪૧૫ વે.) ને ન્યાયરત્નાવલી રચી (નં. ૩૩૧ વે.) અને હર્ષકુશલના શિષ્ય ને ગુણરત્નના ગુરૂભાઈ દયારત્ને એક પ્રત સં. ૧૬૯૨માં લખી (ગોડીજી ભં. ઉદેપુર) આ બંને દયારત્ન એક લાગે છે.]

૨૬૮ રાજરત્ન (ત. લક્ષ્મીસાગરસૂરિ-ચંદ્રરત્ન-ઉભયભૂષણ તથા ઉભયલાવણ્ય-હર્ષકનક અને હર્ષલાવણ્ય-વિવેકરત્ન-શ્રીરત્ન-જયરત્ન શિ.) (૧-૫૭૪).

(૧૬૬૧) **વિજયશેઠ વિજયા શેઠાણીનો રાસ-કૃષ્ણપક્ષીય શુકલપક્ષીય રાસ.** સં. ૧૬૯૬ ઇડરમાં (આમાં ચંદન મલયાગિરિનો પણ સંબંધ છે).

આદિ—

શ્રી **વિમલાચલ** મંડણો, **આદિનાથ** જિનચંદ,
નામઇ નવનિધિ સંપજઈ, પૂજ્યઇ પરમાનંદ. ૧
યશોમતી રાણી રમણ, **અચિરા** કૂખિ રતન્ન,
શાંતિનાથ જિન સોલમો, પ્રણમું સોવનવન્ન. ૨
સમુદ્રવિજય સુત **નેમિ**જિન, શંખલંછન જયકાર,
યદુકુલકમલ-દિવાકરૂ, સુખ સંપતિ દાતાર. ૩
ઇંદ ચંદ નાગેંદ નર, સેવા સારઇ જાસ,
સેવકનઇ સુરતરૂ સમો, શ્રી **શંખેશ્વર પાસ.** ૪
વર્દ્ધમાન જિન જગિ જયો, કુશલલતા જલપૂર,
દુર્મતિ-તિમિર-ભર વારવા, અભિનવ ઉદયો સૂર. ૫
પ્રથમ નમું એ પંચ જિન, આણી અંગ ઉમાહ,
કવિજન મનવંછિત લહઇ, સફલ ફલઇ મન ચાહ. ૬
શ્રી નવકાર મંત્રનું, ધ્યાન ધરૂં નિશદીશ,
જે સમરઇ દુર્ગતિ ટલઇ, પુહુચઇ સકલ જગીશ. ૭

ઢાલ ૧ ઇણિં અવસરિ નગરી કાબેરી એ દેશી.

શ્રી જિનવદન નલિન સ્થિતકારી, **શ્રુતદેવી** ગુણ ગાઉ સવારી,
સિદ્ધિ બુદ્ધિ લહું સારી. ૮
કલહંસ ઉપરિ આસન ધારી, જસ ગતિ ત્રિભુવનમાહિ સંચારી,
પહિર્યાં વેષ વિસ્તારી. ૯

પય સોવન ઘૂઘર ઘમકારી, ઉરિ નવસર વર મોતિન હારી,
કરિં ચૂડી ખલકારી. ૧૦
જડિત મનોહર ભૂષણ ભારી, અમૃતભીની લોચન તારી,
સારદ નામ ઉચારી.
તુઝનઈ જે ધ્યાઈ નરનારી, એકમનાં સવિ આલસ વારી.
તે થાઈ કવિ સુવિચારી. ૧૨
આગઈ જે મોટા અણગારી, તુઝ નામઈ સુખ લહ્યાં વિસ્તારી,
કુમતિ તણા પરિહારી. ૧૩
તું કવિજનનઇ સુમતિ દાતારી, તુઝ વિણ કોઈન પામ્યા પારી,
સુગતિ મુગતિની બારી. ૧૪
તું સમરઈ સવિ દુર્ગતિ હારી, તુઝ સાનિધ્યિં દુખ હુઈ નિસ્તારી.
સેવક જન જયકારી. ૧૫

દૂહા

શ્રુતદેવી પ્રણમી કરી, સમરી સદ્ગુરૂરાય,
શીલ તણા ગુણ વર્ણવું, સીઝઇ વંછિત કાજ. ૧૬
એકમનાં સહુ સાંભલો, મુંકી વિકથા ચ્યાર,
ક્રોધાદિક સવિ પરીહરી, શીલવંતનો અધિકાર. ૧૭

અંતે— દુહા.

કૃષ્ણપક્ષી શુકલપક્ષીના, ગુણ ગાયા મનોહાર,
જેહવા ગુરૂમુખિં સાંભલ્યા, તેહવો રચ્યો અધિકાર. ૪૫૦
ન્યૂનાધિક હુઇ જે કહ્યું, તે ખમયો ગુણજાણ,
મઇ સાધુતણા ગુણ ગાઇયા, મત કો કરયો માંણ. ૪૫૧

ઢાલ ૩૧ રાગ ધન્યાસી.

ભાવઇરે **તપ**ગચ્છપતિ ગુરૂ ગાઇઇરે, આણી હર્ષ અપાર,
શ્રી **લક્ષ્મીસાગર** સૂરીસરૂરે, શ્રી **સુમતિસાધુ** ગણધાર. ભા૦ ૪૫૨
તસ પાટિંરે શ્રી **હેમવિમલ** સૂરીસરૂરે, શ્રી **સૌભાગ્યહર્ષ** સૂરિરાય,
તસ પાટિંરે શ્રી **સોમવિમલ** સૂરીસરૂરે, શ્રી **હેમસોમ**
સૂરિરાય. ભ.૦ ૪૫૩

ગચ્છનાયકરે શ્રી **વિમલસોમ** સૂરીસરૂરે, વિજયમાન તસ સીસ,
સદ્ગુરૂરે શ્રી **વિસાલસોમ** સૂરીસરૂરે, પ્રતપો કોડિ વરીસ,
ભા૦ ૪૫૪

હવઈ મુનિગણુરે શ્રી **લક્ષ્મીસાગર** સૂરિનોરે, શ્રી **ચંદ્રરત્ન** ઉવજ્ઝાય,
તસ શિષ્યરે પંડિત **ઉભયભૂષણ** ભણ્રારે, **ઉભયલાવણ્ય**
ગણિરાય. ભા૦ ૪૫૫

પંડિતરે શ્રી **હર્ષકનક**ગણિ રાજીયોરે, **હર્ષલાવણ્ય** ગુરૂભ્રાત,
તસ શિષ્યરે **વિવેકરત્ન** ગણિ પંડિતારે, સેવઇ મુનિજન વ્રાત.
ભા૦ ૪૫૬

તસ શિષ્યરે પંડિત **શ્રીરત્ન** સોભતારે, પંડિત શ્રી **જયરત્ન**,
તસ સીસરે ઉવજ્ઝાય પદવીઇં દીપતારે, પાઠક શ્રી **રાજરત્ન.**
ભા૦ ૪૫૭

તેણઇ સાધુઇરે કૃષ્ણપક્ષી શુકલપક્ષીનારે, ગુણ ગાયા અભિરામ,
ભાવઈરે જે નરનારી સાંભલઇરે, તિહાં ફલઇ વાંછિત કામ.
ભા૦ ૪૫૮

એહનારે ગુણ ગાતા ઋદ્ધિ વૃદ્ધિ હુઇરે, શીલવંત શૃંગાર,
એહનો એ રાસ સંબંધ જે સાંભલિ રે, તિહાં ઘરિ જય જયકાર.
ભા૦ ૪૫૯

રસ નિધિ રે **દરશાન શશી** સંવચ્છરઈ રે, ૧૬૯૬ **ઇડર** નગર મઝારિ,
શ્રી **પોસીના પાર્શ્વનાથ** સુપસાઉલઇરે, કહિં **રાજરતન**
ઉવજ્ઝાય. ભાવઇ. ૪૬૦

—(૧) ઇતિશ્રી શીલ વિષયે કૃષ્ણપક્ષ શુકલપક્ષ શીલપાલિત તદુપરિ **વિજયશ્રેષ્ટ વિજયાપ્રીયા** કથાનક મધ્યે શીલવિષયે **ચંદન-મલયાગરી** સંબંધ રાસ સંપૂર્ણ ॥ પં. **ચતુરસૌભાગ્યગણિ** શિ૦ ગણિ **દીપસૌભાગ્યેન** લિ૦ સં૦ ૧૭૩૯ કા૦ વદ ૧૩ કર્મવાટ્યાં ભૃગુવારે **નદીપદ્રદ્રંગે** સ્વવાચનકૃતે । ૧૨-૧૮ વીજાપુર જૈન જ્ઞાનભંડાર પ્રત નં. ૬૧૩. (૨) લિ. વૈદ્યાઃ **સાણુંદ**ના જાંનિ અવટંક **અમૃતલાલ**

વિશ્વનાથ પઠનાર્થં શ્રાવિક ધર્મતત્પર ગયાણીજી યોગશ્રીજી વા પ્રસન્નભા । નવી પ્રત. ૨૯-૧૩ વીજાપુર જૈનજ્ઞાનભંડાર પ્રત નં. ૬૦૮ (૩) શ્રી પારીનગરે ગોડી પાર્શ્વનાથ પ્રસાદાત્ ભ૦ વિજયરત્નસૂરિ શિ૦ પં. લબ્ધિવિજય ગણિ શિ. પં. દીપવિજયગણિ શિ૦ મુનિ માંનવિજય લિ. સં. ૧૭૯૬ વૈ. વ. ૧૪ બુધ ૨૨-૧૪ તિલકવિજય. ભં. મહુવા.

---

૮૧૧ હર્ષરત્ન [રાજવિજયસૂરિ-હીરરત્નસૂરિ-લબ્ધિરત્ન-સિદ્ધિરત્ન શિ.]

(૧૬૬૨) નેમિજિનરાસ-વસંતવિલાસ સં. ૧૬૯૬ વિજયદશમી ગુરૂ.

આદિ— રાગ સામેરી.

સકલ જિન મનમાંહાં ધરું, કરું સદ્ગુરૂનઈ હું પ્રણામરે,
ઋષભાજિત સંભવાભિનંદન, સુમતિ **પદ્મપ્રભ** ગુણધામરે. ૧
નેમજીજિન ગુણ ગાઇઇ પાઇઇ પરમાનંદ હો,
નેમજી વસંતવિલાસ રચ્યું, જિમ હોઈ હર્ષ આણંદ.
હો **ને**મજી જિન ગુણ ગાઇઇ-આંકણી.

અંતે— રાગ ધન્યાસી મેવાડુ.

હો **ને**મીજિન તારીઈ હો રે તારીઈ ભવપાર,
તું સેવકનિં સુખકાર, મુઝનિ દેયો શરણાધાર—
નેમિ જિન તારીઈ હોરે. ૧૮૦
સંવત **સોલકલા** જસા નિર્મલા તમ્હ ગુણસાર,
અહ આગલિ વલી **રસ** જાંણીઇ, વિજયાદશમી ગુરૂવાર.
નેમિ૦ ૧૮૧
એ સંવત્સર રાસ રચ્યુ, હદિ ધરી હર્ષ અપાર,
શ્રી **રાજવિજય** સૂરીશ્વરુ, કરુ સંઘનિ જયકાર. ૧૮૨

કલસ.

શ્રી **નેમિ**જિનવર સકલ સુખકર ! ભય ભાવહિ દૂરિ કરો,
શ્રી **રત્નવિજય** સૂરિંદ પાટિ, શ્રી **હીરરત્ન** સૂરીશ્વરો.
તાસ શિષ્ય શિરોમણી **લબ્ધિરત્ન સિદ્ધિરતન** હરષકરો,
તાસ શિષ્ય **હર્ષરતન** ઇમ કહિ **નેમિ** જિન મંગલકરો. ૧૮૩

—ઇતિશ્રી નેમિરાસ પંચમખંડ સમાપ્તઃ **સિં**ધરત્ન પઠનાર્થે.
૧૦-૧૮ પ્રત નં. ૨૩૬૨ મુક્તિ૦

---

૨૬૯ કલ્યાણ અને ૨૫૧ કલ્યાણ બંને એકજ છે.

(૧-૫૭૫ ને ૫૨૬)

(૫૧૬) વાસુપૂજ્ય ફાગ સં. ૧૬૯૬ માહ શુ. ૮ થરાદ (૧-૫૭૫)

—(૧) ૧૭-૧૩ ખેડા નં. ૩ (૨) જૈ. શા. ભં. ખંભાત.

(૫૧૭) અમરગુપ્તતરંગ-અમરતરંગ સં. ૧૬૯૭ (૧-૫૭૬)

અંતે—પહેલાં મૂકો.

સમરાદિત્ય ચરિતમાં, એહ અછઈ સંબંધ,
અલ્પ બુદ્ધિઈં થકાં, કીઉ સંખેપઈ પ્રબંધ.

—(૧) ૨૧-૧૧ યતિ નેમચંદ-નેમવિજય જાઉરા (૨) ૩ ઉલ્હાસ **વી**રવાડા ગ્રામે ગ. રૂપવિજય પત્ર ૧૭ થી ૨૯ ત્રૂટક અનંત.

---

૨૭૦ વિવેકચંદ્ર (આં. કલ્યાણસાગરસૂરિ-ગુણચંદ્ર શિ.)

(૧-૧૭૭)

(૫૧૮) સુરપાલનો રાસ સં. ૧૬૯૭ પોષ શુ. ૧૫ રાધનપુરમાં.
(૧-૫૭૭)

આદિ— પ્રથમ દુહા.

સરસતિ સુમતિ સદા દીઓ, મન આણી અતિ કોડ,
ગુણ ગાઉં ગિરૂયા તણા, પાતિક નાંખઈ મોડિ. ૧

જોડિ માંહિં તું માતજી, ખોડિ મ આણો કાંય,
વચન સુધારસ આપજે, મુઝનેં કરી પસાય, ૨
અલ્પ મતિ વાણી કહું, પણિ તુઝ નામ અવધારિ,
અક્ષર અર્થ ભૂલું જિહાં, તિહાં તૂં કરજે સાર. ૩
અતિથી સંવિભાગ ઉપરિ કહું, **સૂરપાલ** ચરિત્ર,
દાંન દીઓ જિણિં સાધુનેં, કરવા જનમ પવિત્ર. ૪
મીઠાં ભોજન અતિ ભલાં, પારણ તણે પ્રસ્તાવિ,
તેડી મુનિવર નિજ ઘરેં, આવ્યાં ઉલટ ભાવિ. ૫
તેહ તણાં ફલ પાંમીઓ લક્ષ્મી રાજ અપાર,
કવિ અધિકાર ભાખઈ તે કે, સુણયો સહુ નરનારિ. ૬

અંતે—

સંવત **સોલ સતાંણુઈ**, પોસ પુંનિમ દિન સારરે,
ચરિત્ર એહ રચિઉં મનરંગે, **રાયધનપુર** મઝારિરે. પ્ર. ૪
શ્રી **અંચલ** ગચ્છનો રાજીઓ, શ્રી **કલ્યાણસાગર** સૂરીંદરે,
ચિરં પ્રતપો પાટિ ઘણું, જાં લગિ સૂરજ ચંદરે. પ્ર. ૫
તાસ પદીક જગિ પરવડા, વિચરંતા જગમાંહિરે,
પંડિત **ગુણચંદ્ર** વંદતાં, પાંમીજે ઉછાહરે. પ્ર. ૬
સગુરૂ એહતણે સુપસાયે, ભાખ્યો એ અધિકારરે,
વિવેકચંદ્ર કહે ભાવેં સુણતાં, લહઇ લાભ અપારરે. પ્ર. ૭
સુણી ચરિત્ર દીજે દાન, કીજે અતિ(થિ) સંવિભાગરે,
સૂરપાલ નરપતિપરેં, જાગે જિમ નિજ ભાગ રે. પ્ર. ૮
શાંતિચરિત્ર જોઈ રચીઓ, સુંદર એહ ચરિત્ર રે,
સાધુ તણા ગુણ ગાઇયા, કીધી કાય પવિત્ર રે. પ્ર. ૯
વાંચક કેરો બહુ જસ વ્યાપો, પૂગો શ્રોતા આશરે,
વિવેકચંદ્ર કહે સંઘને હો, નતિ લીલ વિલાસરે. પ્ર. ૧૦
પ્રણમું એ ભવતારણ મુનિવર.

—**અંચલગચ્છે** પં. શ્રી ગુણચંદ્રગણિ શિષ્યમુાન વવેકચંદ્ર ગણિ

લિ. (કવિના ગુરૂભાઈ લિખિત) ગ્રંથાગ્ર ગાથા ૪૩૬ શ્લોક ૬૦૦ સર્વઢાલ ૧૯ વડનગર મધ્યે લિ. મુ૦ શ્રી **વીર**જીકેન. ૧૪-૧૭ દા. ૪૩ **વ** ડે.

---

૨૭૧ મતિકીર્ત્તિ [ખ૦ ગુણવિનય (નં. ૧૯૫) શિષ્ય]

(૧-૫૭૭)

(૧૬૬૩) અઘટકુમાર ચોપઈ સં. ૧૬૭૪ આગરામાં.

આદિ— ઐં નમઃ । દૂહા.

આસાપૂરણ **પાસ** પ્રભુ, પુહવિ પ્રસિદ્ધ ઉજાસુ,
સુજસ સુરાસુરનર મિલી, ગાવઈ ધરિય ઉલાસ. ૧
વાણી યોજનગામિની, જસુ નિસુણી સુરસાલ,
સુર નર કિન્નર અસુર વર, લહઇ પ્રમોદ વિસાલ. ૨
તાસુ ચરણ સવિ ભયહરણુ, સુમતિકરણ પ્રણમેવિ,
તસુ મુખકમલિ નિવાસિની, તિમ સુખકરિ **શ્રુતદેવિ.** ૩
ધરમ કલપતરૂ સેવીયઉ, સાચઇ મનિ સંસાર,
સંપદ સુખ પગિ પગિ દીયઈ, સંકટ કોડિ વિડારિ. ૪
સત સાખાયઈ વિસ્તર્યઉ, બહુવિધ ફલ સંપુન્ન,
ભવ અરન્ન ભય ના લહઈ, કોઈ ઇક નર ધન્ન. ૫
ચતુર ચિત્ત ચમકારકર, અમૃતોપમ ફલ જાસુ,
આરાધઉ આદર કરી, જિમ હુઇ દુખનઉ નાસ. ૬
ધરમ મરમ અતિ દોહિલઉ, લહતાં વિણુ ગુરૂ વાણિ,
ભવિષ્યત પુણ્યનઇ ઉદયવસિ, લહીય તે ગુણખાણિ. ૭
વન રન શત્રુ જલન જલઈ, ધરમ હવઇ રખપાલ,
ઇહ ઉપનય વર વિબુધનર, **અઘટકુમર** સંભાલ. ૮

અંતે—

ક્રમિ દીક્ષા લે સિવપુર ગયઉ, નિરાબાધ સુખભાજન ભયઉ,
ઈણુપરિ **અઘટ** નરેસ તણઉ, એ સંબંધ સરસ ગુણ ઘણઉ. ૨૬૬

જિણથી હુઈ ધ્રમ પ્રતિ તે સુણઉ, ધરમાધરમ તણઉ ફલ મુણઉ,
જાણી ઉદ્યમ ધરમઈ ધરઉ, જિમ સુખ સંપદ લીલા વરઉ. ૨૬૭

અંબુધિ મુનિ રસ સસિધર વરસઇ, એ સંબંધ ભણ્યઉ મન હરસઈ.
જેહનઇ સંભલિવા બુધ તરસઈ, જાણુ ધાવઈ સહૂઆં મન સરસઇ.
યુગપ્રધાન શ્રી **જિનસિંહ** સૂરિ, રાજઇ રાજઈ જે ગુણ ભૂરિ,
જિહાં **જહાંગીર** સાહિ સવરાજ,નય મહિ પ્રજા પાલઇ જિમ **ભોજ**.૨૬૯

આગરા નયર **ખેમ** વર શાખઇ, જેહની સુંદરતા સવિ આખઇ,
ઉવઝાય **ખેમરાય** મહંત, હૂઆ **ખરતર** ગછિ ગુણવંત. ૨૭૦

તસુ પટિ પટુમતિ વાચકરાય, શ્રી **પ્રમોદમાણિક** નિરમાય,
તસુ પટિ પરગટ મહા ઉવઝાય, શ્રી **જયસોમ** સુગુરૂ સુભ છાય.
વિજયમાન તસુ સીસ સિરોમણિ, શ્રી **ગુણવિનઈ** અછઈ જિમ
દિનમણિ

તસુ સીસઇ **મતિકીરતિ** એહ, નિજ મતિસારઈ કીરતિ ગેહ. ૨૭૨

—**જાલોર** નગર મધ્યે લિ૦ ૧૯–૨૦ (પ્રથમનાં ૭ પત્ર, પછી આ કવિ કૃત સુબુદ્ધિ ચોપઇ તથા ગુણવિનયકૃત કલાવતી ચોપઇ છે) પાદરા નં. ૬૨.

(૫૧૯) ધર્મબુદ્ધિ–સુબુદ્ધિ ચોપઈ સં. ૧૬૯૭ (૧–૫૭૭)

—પત્ર ૧૯માં પત્ર ૭ થી ૧૪ પં. ૨૦ (પ્રથમનાં ૭ પત્ર પર ઉપરની અઘટકુમાર ચો. છે, પછી આ કૃતિ છે ને છેવટે ગુણવિનયકૃત કલાવતી ચો. છે. પાદરા નં. ૬૨.

(૧૬૬૩ક) લુંપક મતોત્થાપક ગીત ગા. ૬૧

એહ ભાવ આગમિ ભણ્યઉ, શ્રી **ગુણવિનય** પસાઇ,
મતકીરતિ વાચક ભણઈ, નિજ મન કેરઈ ભાઈ. ૬૧

—છેલ્લું એક પત્ર. પ્રથમનું નથી. નાહટા પાસે.

---

૨૭૨ દેવચંદ્ર (૧) (બીજા નહિ) (ત૦ ભાનુચંદ્ર શિ. (૧-૫૭૯)

(અહિમ્મનગરના ઓસવાલ, અંબાઈયા ગોત્રજ, પિતા રિંડા-શાહ, માતા વર બાઈ, જન્મ નામ ગોપાલ. ૯ વર્ષની વયે પિતા સ્વર્ગસ્થ. શ્રી વિજયસેન સૂરિનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય, પોતાના ભાઈ તથા માતા સાથે પં. રંગચંદ્ર પાસે દીક્ષા, સ્વનામ દેવચંદ્ર અને ભાઇનું નામ વિવેકચંદ્ર. ભાનુચંદ્ર ઉપાધ્યાય પાસે વિદ્યાધ્યયન (અને તેમના શિષ્ય તરીકે પ્રસિદ્ધ થયા). સં. ૧૬૬૫માં દેવલવાડામાં શ્રી વિજયસેનસૂરિ પાસેથી પંડિતપદની પ્રાપ્તિ. પછી યાવજજીવ એકાશન અને ગંઠસી પ્રત્યાખ્યાનનો નિયમ લીધો. મારવાડ, માલવા, મેવાડ, સોરઠ, સવાલક્ષ, કુંકણુ, લાટ, કાન્હડ, વાગડ, ગૂજરાતાદિ દેશોમાં વિહાર કર્યો. સાત દ્રવ્યોનો પરિહાર કર્યો. મહિનામાં ૭ ઉપવાસ. સં. ૧૬૯૭નાં સરોતરામાં ચોમાસું. ત્યાં ૫૩ વર્ષની વયે વૈ. શુ. ૩ને દિને અનશન કરી ૮ દિને પ્રભાતે સ્વર્ગવાસ.—તેમના બંધુ વિવેકચંદ્રકૃત દેવચંદ્ર રાસ. નાહટાજીનો ભંડાર નં. ૨૫૭૨ તેનો સાર જૈન સત્યપ્રકાશ પુ. ૨ અં. ૧૧ પૃ. ૧૨૭)

(૫૨૦) +નવતત્ત્વ ચોપઇ લ. સં. ૧૬૯૨ પહેલાં (૧-૫૭૯)

—(૧) સં. ૧૬૯૨ ચૈ. શુ. ૭ શનિ પત્ર ૧૨ પો. ૬૯ જય૦ (૨) પત્ર ૬ પો. ૬૯ જય. (૩) પત્ર ૪૬ની સર્વ કૃતિની પ્રતમાં ૧૩ નં. ૧૦૭૮ જય. (૪) ભાવ. ૨ (નં. ૩૨ વે.) (૫) ૯-૧૭ પો. ૪૧ નં. ૨૧૭ ઝીં. (૬) સં. ૧૭૪૦ વૈ. શુ. ૮ **જીર્ણદુર્ગે** પં. **વિવેકકુશલ** ગણિ શિ. **આણંદકુશલ** લિ. ૭-૧૫ નં. ૩૩૮ જશ. (૭) સંવત નૃપ જાયા પૂજા (૧૭૫૬) શાકે કલત્રનેત્ર કલા (૧૬૨૧) માહ સિત પક્ષે અનુત્તર સંખ્યા તિથૌ ચંદ્રેજયવારે **સ્થંભતીર્થે** પં. કલ્યાણવર્દ્ધન ગણિ શિ. પં. **રંગવર્દ્ધનગણિ** ભ્રાતૃ પં. **મેઘવર્દ્ધન** ગણિ સેવક ગ૦ **જીતવર્દ્ધન** ગ૦ **રત્નશેખર**, ગ. **શુભસાગરેણ** લિ. બાઈ **વાલ્હબાઈ** પઠનાર્થં **ધીપટી** મધ્યે ૧૩-૧૧ પો. ૧૫ વડા ચૌટા ઉ. (૭) સં. ૧૮૪૮ માગસર વ. ૧૩ ચેલા **મયાચંદ** લિ૦

આત્માર્થે ગાંદલી નગરે શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ પ્રસાદાત્ ૧૪-૧૧ ખેડા નં. ૩ (૮) સં. ૧૯૧૬ ભા. સુ. ૮ આદિતવાર લ. નાયક લખમીચંદ તલસી પાલણપુર ૧૩-૧૩ દા. ૪૬ નં, ૩૨ સંઘ ભં. પાલણપુર.

(૫૨૧) પૃથ્વીચંદ્ર કુમાર રાસ (સુધારો:—સં. ૧૬૯૬ ફા. ૧૧ સાવલીમાં (૧-૫૭૯)

આદિ— સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રીય શ્રી જિનચંદ્ર ગણિ ગુરૂભ્યો નમઃ

પ્રણમું ભગતિં ભગવતિ ભારતી, જે તૂઠી આપઈ શુભમતી,
જસ સેવઈ સુરનર ભૂપતી, જેહનિં નામઈ સુખ સંપતી. ૧
સારદ શુભમતિ પૂરો આસ, આપો મુઝનિં વચન વિલાસ,
તું **સરસતિ** કવિજનની થાય, સેવક ઉપરિ કરો પસાય. ૨
વલી સમરૂં મનિં મંત્ર નવકાર, ચઉદે પૂરવનુ જે સાર,
શ્રી ગુરૂ કેરૂ પામી માંન, બોલિસુ **પૃથ્વીચંદ્ર આખ્યાન.** ૩
સીલવંત માંહિં અતિ ભલો, ચંદ્ર તણી પરિ જસ નિરમલો.
તાસ રાસ જન સાંભલો, સીલવંત કહીય ગુણનિલો. ૪

અંતે—

સીલવંત માંહિં જસ લીહ, સીલ પાલવા હૂયા સીહ,
તે તો **પૃથિવીચંદ્ર** કુમાર, **ગુણસાગર** પણિ બીજો સાર. ૧૭૦
સાવલી નગરિ રહી ચોમાસિ, સંવત **સોલ છન્નુંઇં** ઉલાસિ,
ફાગુણ સુદિ એકાદશી ધારિ, વાર કહુ તે હવઇ વિચારી. ૧૭૧
સાગરસુત ભગનીપતિ પુત્ર, વયરી સુત વાહન ભખ્ય શત્રુ,
તેહની ગતિ જિહાં તેહનું રત્ન, તેહ વાર જાણો કવિ રત્ન. ૧૭૨
પુષ્ય નક્ષત્રિં કીધો રાસ, શીલવંતનો હું છું દાસ,
તપગચ્છપતિ ગુરૂ **ગોયમ** સમાન, **વિજયદેવ** સૂરિ યુગહ પ્રધાન,
તાસ પાટિ પ્રગટયો જિમ ભાણુ, **વિજયસિંહ** સૂરિ ગુણનો જાણુ,
વાચક **ભાનુચંદ**નો સીસ, **દેવચંદ** પ્રણમે નિસદીસ. ૧૭૪

—(૧) સં. ૧૭૫૬ ચૈ૦ શુ૦ ૧૦ ભોમવારે લિ૦ પં. **જિનચંદ્ર** ગણિ પં. **તેજચંદ્ર** ગણિ શિષ્ય ગ. **જીવનચંદ્રેણ** લિ. **પત્તન** નગરે સુશ્રાવક વ. શા. **સામલદાસ** સુત વ. શા. **વેલજી** પઠનાર્થં. ૧૯–૧૨ દા. ૮ નં. ૩૬ મો. મો. સાગરઉ પાટણ (૨) ગ્રં. ૨૪૦ સં. ૧૭૮૭ શ્રા. કૃષ્ણ ૧૩ શુક્રે લિ. **પટણ** મધ્યે ૯–૧૩ નં. ૧૭૫ ઈડર બાઈઓનો ભં. (૩)

(૧૬૬૪) અન્ય કૃતિઓ— મહાવીર ૨૭ ભવ સ્ત૦ ગા. ૮૯, પોસીનાપુર મંડન એકસુમલ (?) પાર્શ્વ સ્ત. ગા. ૬૧, શંખેશ્વર સ્ત. ગા. ૧૪, પોસીના પાર્શ્વ સ્ત. ગા. ૧૧, નેમિ સ્ત. ગા. ૯ અને ગા. ૨૩, પાર્શ્વ સ્ત. ગા. ૯, આદિનાથ સ્ત. ગા. ૫ અને ઉલ્લેખેલ (નં. ૫૨૦) નવતત્ત્વ ચો. ૭ (નં. ૫૨૧) પૃથ્વીચંદ્ર રાસ, (નં. ૫૨૨) શત્રુંજય તીર્થ પરિપાટી એ કર્ત્તાની સવ કૃતિઓની એક પ્રત પત્ર ૪૬ નં. ૧૦૧૮ જયં૦;

સુકોશલ સઝાય ગા. ૫૧ સં. ૧૬૯૦–પત્ર ૧ પો. ૬૬ દાન.

---

૨૭૩ ભાવવિજય (ત. વિજયદાન સૂરિ–વિમલહર્ષ–મુનિવિમલ શિષ્ય) (૧–૫૮૧)

(૫૨૩) ધ્યાન સ્વરૂપ (નિરૂપણ) ચો. સં. ૧૬૯૬ ચૈ. વ. ૧૦ ખંભાત (૧–૫૮૧)

—(૧) સં. ૧૭૨૭ **પ્રથમ** વૈ. શુ. ૧૫ ગુરૂ લ૦ મુનિ **રામવિમલ** લખાવિતં ગ્રં. ૨૮૦, ૧૭–૯ દા. ૭૦ નં. ૧૦૩ ડે. (૨) સં. ૧૭૨૮ પો. વ. ૭ ગુરૂ પં. **માન**વિજય ગણિ શિ. **દીપ્તિ**વિજય ગણિ શિ. મુનિ **વીર**વિજય લિ. **ખયરાલુ** ગ્રામે ૧૮–૯ દા. ૮૩ નં. ૧૪૩ હા. (૩) સં. ૧૭૩૧ આષાઢ શુ. ૩ શુક્રે લ. **રાજનગરે** સાહા **નાથા** સુત સાહા **હીરજી** લખાવિતં ૧૮–૯ દા. ૭૦ નં. ૧૦૭ ડે૦ (૪) સં. ૧૭૧૭ ભા. શુ. ૧૪ બુધે લિ. બાઈ **રહીઆ** પઠનાર્થં ૧૭–૯ દા. ૪૮ નં. ૧૦૧ હા૦ (૫) મુનિ ઉદયવિજય **સિદ્ધપુર** મધ્યે લ૦

૬-૧૪ દા. ૮૧ નં. ૬૨ હા. (૬) સં. ૧૭૪૫ શ્રા. શુ, ૩ ભોમે લ૦ **ગાંધી મનજી** લખાપીત **રાજનગર** મધ્યે ૧૬-૯ પો. ૪૧ નં. ૨૧૩ ઝા. (૭) ગ્રં. ૨૬૫ સં. ૧૭૬૪ ફા. વ. ૪ શનિ લ૦ **પંડા ગણેશ** સુત **મંગલેન પત્તનનગરે** ૮-૧૩ દા. ૩૧ નં. ૪૯ ડા૦ પાલણપુર (૮) સં. ૧૭૦૮ લિ. પત્ર ૯ નં. ૧૮૨ ક્ષમા. (૯) ૯-૧૫ દા. ૪૬ નં. ૩૧ સંઘ ભં. પાલણપુર (૯) સં. ૧૮૭૮ ભા. વ. ૭ **પાદરા** ગ્રામે **શાંતિ**નાથ પ્રસાદાત્ લ. પં. સુગ્યાનવિજયેન ૧૧-૧૪ ખેડા. ભં. ૩ (૧૦) ગ્રં. ૩૦૫ સં. ૧૮૭૪ કા. વ. ૫ શનિ લિ. **પાદરા** નગરે શ્રી **શાંતિ**. ૧૧-૧૨ જશ. (૧૧) ૧૩-૧૦ સારી પ્રત જશ. (૧૨) ગ્રં. ૨૬૫ મુનિ **લાલ**ચંદ્ર ગણિ લિ. ૪-૧૭ દા. ૨૦ નં. ૫૬ સીમંધર૦

(૧૬૬૫) શ્રાવકવિધિ રાસ-શુકરાજ રાસ સં. ૧૭૩૫ દીવાલી.

આદિ— દૂહા.

સકલ **જિણેસર** પ્રણમીઈ, સકલસિદ્ધિ દાતાર,
ત્રૈલોક્યપૂજિત સંપદા, સંતતતિ સુખ વિસ્તાર, ૧

દુરિત ટલેં વંછિત ફલેં, જાસ નામ સમરંત,
શ્રી **શંખેસર પાસ** જિન, તે પ્રણમું એકાંત. ૨

કવિજન-જનની સરસવચન, બહુલી બુદ્ધિ પ્રકાસ,
આપો **સરસતિ** કરિ મયા, કવિ કહેં સવિ સાબાસ. ૩

× × × ×

ભાવિવાચક ભણેં **ભાણુ** જ્યું જાગે પૂરવ તેજાલરે.

અંતે— ઢાલ શાંતિજિન ભાંમણે જાઉં દેશી.

ભાવ ધરી ભવિ સાંભલયો મિલયો ધર્મને રંગે એ,
ફલયો સમકિત સુરતરૂ સાચો, ટલયો દુર્જન સંગે એ. ૧

ભાવે રાસ સુણંતા ભવિયણ, યાત્રાનાં ફલ પાવે એ,
મંદિરથી જૂં જીરણ સેવે, વીર દાનફલ લહ્યાં ભાવે એ. ૨

શત્રુંજય તીરથ પામીને, દ્રવ્યભાવ અરિ સાધ્યા,
તિણિ પરિ ભવિ તુહ્મો, સકલ મહોદય સાધો. ૩
શ્રી **તપગછ** ગગનાંગણ, ભાસન ભાનુ સમાન,
શ્રી **આણંદવિમલ** સૂરીસર, જિનશાસન સુલતાન. ૪
તસ પટ ધોરી કીરતિ અતિ ગોરી, મિલી મિલી ગાવે ગોરી,
શ્રી **વિજયદાન** અભિધાને સૂરી, જેણે પ્રભુતા બહુજોરી. ૫
હીરવિજયસૂરિ તસ પટિ રાજે, 'જગગુરૂ' બિરૂદે છાજે,
સાહિ **અકબર**ને પ્રતિબોધી, દીપે અધિક દિવાજે. ૬
શ્રી **વિજયસેન** સૂરીસર તસ પટિં, ગ્યાન ક્રિયા ગુણિ બલીઆ,
શ્રી **વિજયતિલક** સૂરીસર તસ પટિં, દેખી કુમતી ગલીઆ. ૭
શ્રી **વિજયાનંદ** સૂરિ સબલ જગીસે, તેહને પાટે સોહે,
શ્રી **વિજયદાન** સૂરાજ સૂરીસર તસપટિ, જયવંતા જગ મોહે. ૮
શ્રી **વિજયદાન સૂરીસર** સીસા, શ્રી **વિમલહર્ષ** ઉવઝાયા,
વડવખતા વિદ્યા ચારિતધર, ધોરી બિરૂદ ધરાયા. ૯
તાસ સીસ ગુરૂ ગુણ રયણાયર, **ભાવવિજય** ઉવઝાયા બે,
ઉત્તરાધ્યયની વૃત્તિ કરીને, જગમાં નામ રખાયા. ૧૦
નિજ કરદીક્ષિત શિક્ષિત વાચક, **ભાણવિજય** શિષ્ય સૂરો,
તેહની પ્રારથનાથી કીધો, રચીઓ પણિ તેણઈ પૂરો. ૧૧
તિણઈ અધિકાર એ પ્રાકૃતબંધે, બાંધ્યો ભવિને ભણવા,
શ્રી **શત્રુંજય શુકરાજાનો**, પાતક વૈરી હણવા. ૧૨
ભૂત ભુવન રયણાયર ધરણી ૧૭૩૫ એ સંવત સૂધો જાણો,
દિન **દીવાલઈ** રાસની રચના, સિદ્ધિ ચઢે હરખાણો. ૧૩
શ્રી **શંખેસર પાર્શ્વ**પ્રભાવે, હોવઇ હર્ષ વધાઇ,
સંતાન કમલા તેજ ત્રિલોકે, ઋદ્ધિ સિદ્ધિ સકલ સવાઇ. ૧૪

—ગાથા ૧૦૦૧. સકલ સકલવાચક મહોપાધ્યાય શ્રી ૫ શ્રી **ભાવવિજયગણિ** શિષ્યોપાધ્યાય શ્રી લી. **ભાણવિજયગણ** શિષ્ય પંડિતશ્રી **રત્નવિજયગણિ** લિખિતં. ૪૭–૧૪ નં. ૪૧૮ લા.

(૧૬૬૬) ૨૪ જિનગીત

આદિ— ઋષભગીત રાગ અસાઉરી-અવસર આજુહઇરે એ દેસી..

સકલ સમીહિત પૂરણસુરતરૂ, ઇંદ્રાણી ગાયુરે,
નાભિ નરેસર નંદન સુંદર, **મરૂદેવીઇં** જાયુ, ત્રિભુવન રાજિઉરે.

અંતે— મહાવીર ગીત.

માતંગ યક્ષ **સિદ્ધાયિકા**, નિતુ સેવઇ જસ પાય ભવિજન,
ભવિજન **મહાવીર** જિનરાયના, **ભાવવિજય** ગુણગાય. ભ૦
ઇમિ થુણ્યા જિનવર નામ ૧ લંછણ ૨ વર્ણ ૩ શાસન ૪
સુર ૫ સુરી ૬,
તનુમાન ૭ માતા ૮ પિતા ૯ જીવત ૧૦ વંશ ૧૧
નયરી ૧૨ ઉચ્ચરી,
તપગચ્છ પ્રભુ શ્રી **વિજયાણંદસૂરિ**, શ્રી **વિમલહર્ષ** વાચકવરૂ,
ઉવઝાય શ્રી **મુનિવિમલ** સેવક **ભાવ** સુખસંતતિકરૂ.

—(૧) સં. ૧૭૧૦ ફા. વ. ૧૩ સોમ લિ૦ મહોપાધ્યાય શ્રી ૨૧ **ભાવવિજયગણિ** શિષ્ય મુનિ **સૂરવિજયેન** વાચનાર્થં ૧૧-૧૧ દા. ૮૩ નં. ૧૭૪ હા૦ (૨) લિખિતાનિ ચામૂનિ **ઉપાધ્યાય શ્રી ભાવવિજયગણિભિ:** શ્રેયોર્થં. કલ્યાણમસ્તુ શ્રી સંઘાય શ્રી **સ્તંભ**-તીર્થ બંદિર વાસ્તવ્ય દો૦ **વાછડાસુત** દો૦ **કાહ્નજી** પુત્રી સુશ્રાવિકા શ્રા૦ **સહજબાઇ** પઠનાર્થં સંવત્ ૧૭૦૯ વર્ષે ૭-૧૩ દા. ૮૩ નં. ૫૨ હા. (કવિની સ્વહસ્તલિખિત).

(૧૬૬૭) ચોવીસી

(આદિશ્વર સ્ત૦)

શ્રી **વિમલાચલ** મંડણઉ રે શ્રી **આદીસર** જગદીસ રે,
ભગતવછલ પ્રભુ માહરઉ રે તેહનૂં ધ્યાન ધરતુ જગદીસ રે. ૧ શ્રી. xx
નેહ તિસ્યો પ્રભુ ઉપરિં, મુઝ હોયો શ્રી જિનભાણુ રે,
ભાવઇં કીધી વીનતી રે, કરયો પ્રભુ સફલ સુજાણ રે. ૭ શ્રી.

ધર્મનાથ સ્ત૦

ઇમ દિસિકુમરી રે સૂતિ કરમ કરે, જેહનાં ધરીઅ આણંદોજી,
ભાવવિજય મુનિ હરષ ધરઇ ઘણુઉ, નમી તે ધરમ જિણંદોજી.
૧૨ રયણુ.

—કુંથુનાથ સુધી; અપૂર્ણ પછી પાનાં નથી કુલ પાનાં ૬–૧૫ બેડા નં. ૩.

(૧૬૬૮) સ્તવનાવલી (અધૂરી પ્રત ૭થી ૩૦ પાનાંની બેડા ભં.)

અરનાથ સ્ત૦ શ્રી અરજિન જગનાથ, મલ્લિનાથ સ્ત૦ પ્રભુ મલ્લિ નમઉ પ્રભુ મલ્લિ નમઉ. મુનિસુવ્રત સ્ત૦ મિથિલાનયરી મહી-ધવો, નમિનાથ સ્ત૦ મિથલા નયરીનઉ રાજીઓ, નેમિનાથ સ્ત૦ રાજીમતિ કહઇ સૂડા સાંભલિ મોરી વાતોરે. પાર્શ્વનાથ સ્ત૦ કાશી દેશઈ એ વાણારસી પુરી છાજે, વર્ધમાન સ્ત૦ **સિદ્ધારથ** નૃપ એ ત્રિસલાનંદન દીપઈ, શત્રુંજય સ્તોત્ર ૫૫ કડી. સં. ૧૬૭૩ ભા. શુ. ૧૩ ગુરૂ, સરસતિ અમૃત વરસતી, સરસ વચન દ્યઉ માય, શાંતિનાથ સ્તોત્ર ૨૧ કડી. સારદ ચરણ કમલ નમી, કુંથુનાથ સ્તોત્ર ૪૪ કડી. જાઝરાલિપુર મંડણ. સકલ સિદ્ધિનો દાયક, ભીડભંજન પાસ સ્તોત્ર ૩૧ કડી. બુદ્ધિ વધારતી ભારતીરે, ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર ૨૯ કડી શ્રીજિન વદન કમલિ નિતિ વસતી, પાર્શ્વનાથ સ્તોત્ર ૨૧ કડી સરસતિ સામિણિ કરઉ પસાય (સમી નયરીના), શંખેશ્વર પાર્શ્વનાથ સ્ત. ૩૭ કડી કરકમલ કલિત વીણા, ચિંતામણિ પાર્શ્વનાથ સ્ત, ૧૫ કડી સયલ મનોરથ પૂરવઇ, નારિંગપુરાઈપાર્શ્વ સ્ત૦ ૨૩ કડી (ઐ.) વાણી વાણી વરદિઉ.

(ખંભાતમાં નારંગપુરમાં સાહ જીવરાજ સુત નેમિદાસ, નારિંગદે તેની સ્ત્રી તેણીએ પ્રભુ પાર્શ્વની પ્રતિમા સ્થપાવી.

સંવત્ સત્તર છઁડોતરા વરષિં જેઠ વદિ ત્રીજઇ બહુ હરષઇ,
બહુ પ્રતિમા વૃંદ સંવ્રાતિં, પ્રભુ થાપ્યા ઉછવ થાતિ.
શ્રી **વિજયાણંદસૂરી** સીસ, શ્રી **વિજયરાજ** સૂરીસ,
તેણઈ પામિ નિજ ગુરૂની આણ, એહ થાપ્યા શ્રી જિનભાણ.

ઢાલ

ખંભનયરમાંહિ હુઆજી, શ્રી **શ્રીમાલિ** ઉદાર,
માતુલ સાહ **નેમિદાસ**નાજી, પારિખ **વજીઆ** સાર. ૧૩
ચતુર નર સેવઉ શ્રી ભગવંત,
સેવા કરતાં જેહનીરે, લહીએ સુખ અનંત, ચતુર૦
તેણઇ કરાવ્યું દીપતૂં રે, જિનમંદિર સુપ્રકાસ,
મૂલનાયક સોહે તિહાંજી, શ્રી **ચિંતામણિ પાસ.** ૧૪
જિમણઇ પાસ તેહ તણઈજી, શ્રી **નારિંગપુર પાસ**,
માંડયા **સતર સતેરોત્તરઇજી**, સુદિ છટ્ઠિ શ્રાવણ માસિ. ૧૫
બિંબ પ્રવેશ મહોત્સવઈજી, વલિ વિલસઇ બહુ વિત્ત,
નારી સાહ **નેમિદાસ**નીજી, **નારિંગદે** વડ ચિત્ત. ૧૬

× × × ×

કરઇ **ભાવ** મુનિ તે દિઉ સાહિબ સકલ મંગલ સંપદા ૨૩.

ખંભણવાડા મહાવીર સ્તોત્ર–૩૭ કડી સકલ સુરાસુર માનવ સેવી, અંતરીક્ષ પાસ સ્ત. ૩૩ કડી સાર દયા કરિ સારદા, આદિ જિણંદ સ્ત. ૭ કડી સરસ વચન રસ વરસતી, અજિત જિણંદ સ્ત. ૬ કડી પ્રણમી ભગવતિ ભારતી. નેમિ જિણંદ સ્ત. ૧૧ કડી સરસતિ માત પસાઉલઇરે, સુપાર્શ્વ સ્ત. ૯ કડી સારદ સાર વચન દિઉરે, શાંતિનાથ સ્ત. ૯ કડી પ્રણમી સરસતિ પાય, નેમિ સ્ત. ૭ કડી સારદ માય નેમીસર ગાઉં, સુપાર્શ્વ સ્ત. ૭ કડી સમરી ભાવિં ભારતી લાલા. પાર્શ્વ સ્ત. ૭ કડી સરસતિ સવિ કવિઅણની જણણી, વાસુપૂજ્ય સ્ત. ૭ કડી સરસતિ માત મયા કરી.—(ઇતિ **નારદપુર્યાં** નિવ પ્રાસાદ જિનાનાં નવ સ્તોત્રાણિ) વરકાણા પાર્શ્વ સ્ત. ૫ કડી સુઝનઈ રાખિરે તૂં સરણ તોરઈ, તથા ૫ કડી જયો પાસ જિનરાજ, નેમનાથ સ્ત. ૭ કડી રથ ઉવાલીનઈ વાલિંભ કાંઇ વલ્યોરે, નેમિગીત ૫ કડી મેરે સાંઇ એતઈ અજબ કિઉ, સુપાસ ગીત. ૪ કડી મેરે મન ધરિ આવો, પાર્શ્વ સ્તુતિ ૪ કડી સિરિ પાસ ચિંતામણિ,

પંચતીર્થી સ્તુતિ ૪ કડી આદિ આદિ જિણેસર સુંદર, પંચતીર્થી ગીત. સકલ કલ્યાણ નિવાસ આસ પૂરણ.

—ઇતિશ્રી નમસ્કારાઃ સ્તોત્રં ચ ઋષભસ્યં શંખેશ્વર પાર્શ્વ જિન સ્તોત્ર ૭ કડી. સકલ મંગલ (૨) કેલિ આવાસ, નમસ્કારા વા, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્ય લિખિતા ચ સકલવાદીવૃંદગજઘટોન્મૂલને હરિસદશ, સકલવાચકચક્રચક્રવર્ત્તિ મહોપાધ્યાય શ્રી ૫ શ્રી **ભાવવિજય**-ગણિ શિષ્યેણ પં. શ્રી **માન**વિજયેન શ્રી **સ્તં**ભતીર્થે. ૩૦ પત્ર પંક્તિ ૧૬ ખેડા ભં. ૩.

અંતરીક્ષ પાર્શ્વનાથ છંદ કડી ૫૧.

આદિ— દૂહા

સરસતિ માત મયા કરી, આપૌ અવિચલ વાણિ,
પુરિસાદાણી **પાસ** જિણ, ગાઉં ગુણ મણિ ખાણિ. ૧××
કિયો કવિત્ત ચિત્તને ઉલ્લાસઇ, સાંભલતાં સવિ આપદ નાશઇ,
સંપતિ સઘલી આવૈ પાસઇ, **ભાવવિજય** ભગતૈં ઇમ ભાસઇ. ૫૦

કલશ છંદ

કીયો છંદ આનંદ વૃંદ મનમાહિ આણી,
સાંભલતાં સુખકંદ ચંદ જિમ શીતલ વાણિ;
શ્રી **વિજયદેવ** ગુરુરાજ આજ તસ ગણધર ગાજિં,
શ્રી **વિજયપ્રભ** સૂરિ નામ કામ સમ રૂપ વિરાજૈં;
ગણધર દોય પ્રણમી કરી થુણ્યો **પાસ** અસરણસરણ,
શ્રી **ભાવવિજય** વાચક ભણઇ જયો દેવ જય જયકરણ. ૫૧

—(૧) ૩–૧૫ પોથી ૧૦ પ્રત નં. ૪ જિનદત્ત૦ મુંબઇ (૨) ૨–૧૬ પ્રત નં. ૨૩૦૦ મુક્તિ૦ (આદિમાં 'સકલ પંડિત શીરોમણિ પંડિત શ્રી ૫ શ્રી **ભાણ**વિજયગણિ ગુરુભ્યો નમઃ' એમ છે. લેખક તેનો શિષ્ય લાગે છે ને ભાણવિજય કર્તાનો શિષ્ય લાગે છે). (૩) સં. ૧૭૮૩ પો. વ. ૩ લ૦ પં. **મેઘ**વિજય ગણિ શિ. પં. **વિનય**વિજયેન ઝવેરી નવલચંદ કપૂરચંદ વાચનાર્થે ૫–૧૧ દા. ૮૩ નં. ૧૪૬ હા.

(૪) સં. ૧૭૬૭ માહા વ. ૧૩ રવિ ખંભાયત બંદિરે લિ. ૫-૧૨ દા. ૮૩ નં. ૧૩૯ હા. (૫) પો. ૨૬ પં. જૈ. શ્વે. ભં. જયપુર.

(તેમણે સંસ્કૃતમાં રચેલા ગ્રંથો વિષે જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા ૮૮૭).

૮૧૨ ક્ષમાહંસ.

(૧૬૬૯) ક્ષેમબાવની લ. સં. ૧૬૯૭ પહેલાં.

—સં. ૧૬૯૭ માઘ વ. ૧ પં. **નયમંદિર** શિ. કનકરંગ લિ. પત્ર ૨ થી ૧૦ ત્રૂ. નં. ૫૮૮ અભય.

૨૭૪ કનકસુંદર (ભાવડ ગ. મહેશ શિ.) (૧-૫૮૩)

(૫૨૪) હરિશ્ચંદ્ર (તારાલોચની) રાસ સં. ૧૬૯૭ (૧-૫૮૩)

—(૧) સં. ૧૮૮૧ ચ. શુ. ૧૫ રવિ લ. પંન્યાસ **મોહનવિમલ** પંન્યાસ ધર્મવિમલ પંન્યાસ **વિવેકવિમલ** શિષ્ય મૂની બુધીવિમલ લ૦ **લવણપુર** મધ્યે **અજિતનાથ** ચૈત્યાલયે માહારાંણા શ્રી ફતેહસંગજી રાજ્યે ૩૩-૧૨ દા. ૬ નં. ૪૩ ખેડા ભં. (૨) પત્ર ૧૨ પો. ૯ ચતુ. (૩) સં. ૧૭૬૬ વૈ. વ. ૧૦ લિ. પં. ગુણવિજયગણિના ૨૦-૧૮ પો. ૧૮ વડા ચૌટા ઉ. (૪) સં. ૧૮૦૨ ફા. શુ. ૭ રવિ લિ. પં. **નેમહર્ષ બોરૂંદા** નગરે ૩૧-૧૫ નં. ૧૩-૨ ગુ૦ (૫) સં. ૧૮૪૮ ભા. વ, ૩ ભોમે **મકસૂદાવાદ** મધ્યે **ગંગા** નિકટે **લોંકા** ગચ્છકી પોસાલ મધ્યે લિ. ૧૬-૧૩ નં. ૧૨-૧ ગુ. (૬) ૧૨-૧૪ મોટા સંઘનો ભં. રાજકોટ

૮૧૩ વિવેકચંદ્ર (નં. ૨૭૨ના દેવચંદ્રના ગુરૂભાઇ)

(૧૬૭૦) દેવચંદ રાસ (ઐ.) સં. ૧૬૯૬ વૈ. શુ. ૮ પછી.

સરસ વચન રસ વરસતી, **સરસતિ** કવિયણ માય
સમરિય શ્રીગુરૂ ગાયસ્યું, નિજ ગુરૂ પણામય પાય. ૧

શ્રી **દેવચંદ** પંડિતતિલક, સુવિહિત સાધુ સિંગાર
તાસ રાસ રલિઆમણો, ભણતાં જયજયકાર. ૨××
ગુરૂજી ગુણ સંભારતો, સંઘ આવઇ નિજ ઠામિ
આપાંણાં મુકયાં ઘણા, કીધો દેવ પ્રણામો. ૧૦૨
સરોતરા નગરિં ઘણું, તૂઠઈ શ્રી જિન **વીર**
દેવચંદ વર બંધુનો, **વિવેક** કહઇ ઇમ રાસો રે. ૧૦૩

—પત્ર ૫ વીકાનેરમાં અગરચંદ નાહટાજી સંગ્રહ નં. ૨૫૭૨)
(આના સાર માટે જુઓ દેવચંદ્ર નં. ૨૭૨ પૃ.)

---

૨૭૫ દેવરત્ન (૧) (ખ. દેવકીર્ત્તિ .) (૧–૫૮૫)

(૫૨૫) શીલવતી ચોપઈ સં. ૧૬૯૮ (૧–૫૮૫)

—સં. ૧૭૬૪ મા. શુ. ૩ સોમે **અ**મરમૂર્ત્તિ લિ. પત્ર ૧૪ પો. ૮૧ નં. ૨૦૩૨ જિ. ચા.

---

૨૭૬ ધર્મસિંહ (૧) (લુંકા ગ. ઋષિ નાકર–દેવજી શિ.) (૧–૫૮૫)

(૫૨૬) શિવજી આચાર્ય રાસ (ઐ.) (સુધારો:—સં. ૧૬૯૨ શ્રા. શુ. ૧૫ ઉદયપુર. (૧–૫૮૫)

આદિમાં પ્રથમ ઉમેરો. રાગ કેદારો એકતાલી, આખ્યાનની દેશી.

આદિ પુરૂષ **આદિસરૂ**, મનવંછિત વર સુખકરૂ,
જિનવર ચરણકમલ નમો સદાએ. ૧
સદા નમો સહિ ગુરૂપદપંકજ, પ્રણમી પુરૂષ પ્રધાન,
શ્રી **શિવજી** ગચ્છપતિ ગુણ ગાઉં, સાંભલજ્યો સાવધાન. ૨
વર્દ્ધમાંન વરનિ પાટિ, **સુધમ** સ્વામિ ગણધાર,
પાટ સતાવીસ તાસ પરંપર, પલુ સુદ્ધ આચાર. ૩

અંતે ઢાલ ૨૫ રાગ ધન્યાસી જગત્ર ગુરૂ૦ એ દેશી

મહા મુનિશ્રી **શિવજી** ગણિધાર વંસ વિભુષણ મહિમા સાગર
સંઘ સુવિહિતકાર. મહા મુનિશ્રી **શિવજી** ગણિધારએ આંકણી. ૧૮૩
દેશ **મેવડા** માહિ અતિ સોભિ, **ઉદિપુર** સણગાર,
સંઘ વીનતડી સહિગુરૂ આવ્યા, દિન દિન હરષ અપાર. મ૦ ૧૮૪
સેવા ભક્તિ કરિ સહુ રંગિ, વંછિત પૂજિ આસ,
વીનતી સંઘ તણી મનિ જાંણી, રચિઉ સૂંદર રાસ. મ૦ ૧૮૫
ઋષિ **નાકર** શિષ્ય **દેવજી** મુનિવર, તસ શિષ્ય કહિ સુવિચાર,
નયન નંદ રસ ચંદ સંવછર, શ્રાવણ પૂન્ય શશિધાર. મ૦ ૧૮૬
ગછ નાયકનો રાસ રસીકએ, ભણિ જેહ નરનારિ,
સાંભલિ તિ સંપતિ સવ પામિ, સફલ તસ અવતાર. મ૦ ૧૮૭
પાર્શ્વદેવ સદા પ્રભુ મુઝનિ, વંછિત ફલ દાતાર,
સુખકરણ પ્રભુ નમો નિરંતર, સદા જગ આધાર. મ૦ ૧૮૮
ધર્મસંઘ મુનિ મનરંગિ, શ્રી ગુરૂ ગણ વિસ્તાર,
પંચ વીસ ઢાલ એ રાગ ધન્યાસી, પ્રેમ વચન શ્રીકાર. મ૦ ૧૮૯
એ આંકણી.

શ્રી સંઘ નાયક વંછિત દાયક, શ્રી **શવજી** ગણિધાર એ,
ઉપમ **જંબૂ**કુમાર રાજિ, પૂરણ ગુણ ભંડાર એ. ૧૯૦
જિન સાસન પ્રતપો **શિવ** આચારજ, રવિ શશિ મહિધાર એ,
દિન દિન અધિક આનંદ આપિ, સેવાઈ સુખકાર એ. ૧૯૧
સુરતરૂ સરખા સવિ ગુરૂ જાણી, આણી પ્રેમ અપાર એ,
રાસ સુંદર રૂચિર રાગિ, **ઉદિપુર** મઝાર એ. ૧૯૨
દેવ મુનિ શિષ્ય **ધર્મ્મસંઘ** મુનિ, વદિ ગુણ વિસ્તારએ,
વલ્લભ શ્રી જિનરાજ જિનવર, સેવક જન સુખકારએ. ૧૯૩

—(૧) ૯-૧૨ જશા૦ (૨) આચાર્યશ્રી ૬. **શિવજી** શિષ્ય લ. ઋષિ **ત્રિકમજી** સ્વયં વાંચનાર્થે ૪-૨૩ મુનિ સુખસાગર.

૮૧૨ક આણુ

(૧૬૬૯ક) શિવજી આચાર્યનો સલોકો (ઐ.) ૧૪ કડી સં. ૧૬૯૨ પછી

શ્રી જિન ચોવીસે નિતિ ધ્યાઉ, શ્રી **શિવજી** ગછનાયક ગાઉં,
દેશ સવે સિર **સોરઠ** દેશ, નગર નગીનો **જામ** નરેશ. ૧
સંવત **સોલ સેય અઠયાસી, કેશવ** પાટિ પામ્યા ઉલ્હાસી,
ગણી છતીસ ગુણ ભંડાર, માહા મુનીવર ચારિત્ર ધાર. ૧૨×
જ્યું તારા માહે ચંદ વને જિમ નંદન વન જાણુ,
મુનિવર માંહિ મહંત જિસુ **મહાવીર** વખાણુ.
મંત્રા જિમ નવકાર, સારા કોકિલ સલહી જઈ
ત્યું રૂપ તેજ પરતાપ કરિ, પ્રતપો શ્રી **શિવજી** ગણિ,
આણંદ કહત ગણી ગાવતાં, ઋદ્ધિ વૃદ્ધિ કીરતિ ગણી. ૧૪
—૪ પત્રની પ્રતમાં છેવટે મુનિ સુખસાગર.

---

૨૭૭ કીર્ત્તિવર્દ્ધન (ખ. જિનહર્ષ સૂરિ–દયારત્ન શિ.) (૧–૫૮૬)

૨૭૭ કેશવ મુનિ (ખ. જિનહર્ષ સૂરિ–દયારત્ન નં. ૨૬૭–કીર્ત્તિ-વર્દ્ધન શિ.)

૨૭૭ કેશવવિજય (ત. વિજયદેવ સૂરિ શિ.)

(૫૨૭) સુદયવચ્છ સાવલિંગા ચોપઇ સં. ૧૬૯૭ વિજયદશમી રવિવાર

આદિ— ૯૦, શ્રી અંબાઈ નમઃ ।। શ્રી ઐં દૂહા
સ્વસ્તિ શ્રી સોહગ સુજસ, વંછીત લીલ વિલાસ,
દાયક જિનનાયક નમું, પૂરણ આસ ઉલ્લાસ. ૧
સરસ વચન કવિજન સુમતિ, સકલ કલા દાતાર,
સુપ્રસન પ્રણમું **સારદા,** વરદાઈ સુવિચ્યાર. ૨

જે કાંઈ જગ દીસેં અછેં, આસતિ મતિ ગુણ ગ્યાંન,
સો પ્રસાદ સદ્દગુરૂ તણો, ધુરા ધદૃે તસુ ધ્યાંન. ૩
રસન વહિ આત સરસ હેં, અપણી અપણી ઠાંમ,
ઉતપતિ સહૂ શૃંગારકી, સહૂ જનનેં અભિરાંમ. ૪
રસીઓ વિણુ શૃંગાર રસ, સોભ ન પાવેં શુદ્ધ,
કાંમિણુ વીણુ કાંમી પુરૂષ, દીસેં શુદ્ધ વિશુદ્ધ. ૫
તિણ રસ કો કારણ ત્રિયા, વલિ નાયક સુપ્રધાંન,
કવિયણુ તિણ કારણ કહેં, રસિક હેંયૂ ધરિ ગ્યાંન. ૬
રસ વંછેં જો કો રસિક, સજ્જન સુગુણ સુહાઉ,
સુદયવછકી વ;રતા, સુણો રસિક સિરદાઉ. ૭

(આમાં દૂહા અને ચોપાઈ આવે છે. કોઈ વખત ચંદ્રાયણા મૂકેલ છે. વળી શ્લોક ને ગાથા કયાંક આવે છે)

અંતે—

સુદેવચ્છ રાજા સુપરિ ભામણ એ બિહૂં ભાવ,
પ્રતપેં ચ્યારેં પૂત્રસ્યું, દિન દિન દોઢેં દાવ. ૩૮૪

ચોપૈ

શ્રી **ખરતર** ગચ્છ ગગન દિણંદ, પ્રતપે શ્રી **જિનહરષ** સૂરીંદ,
શિષ્ય તાસ બહુ વિદ વિચાર, દીપતા દયારત્ન દિનકાર. ૩૮૫
મુની **કીરતિવરધન** સિષ્ય તાસ, બંધવ જિન રાખણ રંગ રાસ.
ગુરૂ અનુમતિ નિજ મન ઉલાસ, એહ કીયો મેં પ્રથમ અભ્યાસ.
પામેં નર પદમણિ સુવિલાસ, પદમણિ પાંમે નર સુખવાસ,
ભણતાં પાંમે વંછીત ભોગ, સુણતાં પ્રીતમ તણો સંગોગ. ૩૮૭
વાલિંભ પ્રેમતણું વિરહણી, જેહના વલી પરદેસેં ધણી,
રતિ વંછિત જે સુણસી સદા, તે પાંમેં પગ પગ સંપદા. ૮૮

દૂહા.

[સંવત **મુનિ નિધિ રસ શશિ,** વિજયદશમી રવિવાર,
ચતુર ચાહી રચી ચોપઇ, મુનિ કેશવ હિતકાર.]

વેધક જો વાંચે સુણે, હૂઇ તસ વંછિત હાંમ,
જ્યું **સાવલિંગા** સુખ લહ્યો, **સુદેવછ** શુભ ધાંમ. ૩૮૯
મેં તો એ રચના રચી, કવિજન પ્રેમકૃપાલ,
સુંણકે હે રસિક નર!, કરજ્યો દયા દયાલ. ૩૯૦

—(૧) લિ. સં. ૧૭૬૯ કા૦ વ૦ ૧૩ શનિ પંડિત **વીરચંદ્ર** ગણિ-શીષ્ય ગણિ **વાહાલ્લચંદ્રેણ મહિસાણા** નગરે. ૧૦–૧૫ દા. ૪૬ સંઘ ભં. પાલણપુર.

આ અંત પ્રશસ્તિ પરથી જણાય કે કર્ત્તા ખ૦ કીર્ત્તિવર્દ્ધન છે, કે જેને સં. ૧૬૯૭ વિજયાદશમીમાં કર્ત્તા તરીકે નાહટાજીએ ઐ. જૈનકાવ્ય સંગ્રહ પૃ. ૧૦૨ પર પણ ગણેલ છે. અને તેમાં રચ્યા સાલ આપી નથી. મ. જૈ. વિ.ની સં. ૧૮૧૫ની પ્રતમાં ત. કેશવ-વિજય તે અંતની પ્રશસ્તિમાં જણાવેલ છે, અને રચ્યા સં. ૧૬૭૯ આપેલ છે. તે નીચે પ્રમાણે છે:—

અંતે—

કવી ચતુરાઈ કેલવી, રસિક હેતેં ધરી હેત,
સદેવછકી વારતા, બાંધી રસીઆ હેત. ૩૭૯
સેહેર **જાલોર** રહીઆ ચોમાસ, રસીક કથા કહી ઘણું ઉલાસ,
દુદા પુત્ર સુતો **વિજપાલ,** તસ આગ્રહથી પ્રબંધ રસાલ. ૩૮૦
સુદા કથાની તેહને ચાહજ ઘણી, મનરંજણ તસ કવીયણ ભણી,
ગાહા દુહા ને ગુઢા જેહ, ચોપઈ બંધ તે કીધા એહ. ૩૮૧
નંદ મુની ષોડસ સંવછરે ૧૬૭૯, માહા વદિ દશમી સસી વરે,
તપગછ ગિરૂઆ ગુણ ભંડાર, નાંમે **વિજેદેવ** સુરી નિરધાર. ૩૮૨
તાસ સેવક મુની પયંપે એમ, **કેશવવિજે** તે ભાખે એમ,
ત્રિયા સંગ જે વાછે સુજાંણ, **સુદા** કથા તે ભણજો હિત આણ. ૩૮૩
ભણતાં ગુણતાં સુણતાં એહ, ચાતુર ચિત્ત હરખસે તેહ,
રસીક નર નીરંગ સિધાત, મુનિ **કેસવ** કહિ જગત્ વિખ્યાત. ૩૮૪

—(૨) સર્વ સંખ્યા ૫૦૦ છે સહી । સં૦ ૧૮૧૫ શ્રાવણ સુદ ૨ **મુનરા** (મુંદ્રા) મધ્યે મુ. **ભાણચંદ્રેણ** આત્મા અર્થે લષી છે સહીઃ ॥ શ્રી. ૧૭ પત્ર એના હસ્તાક્ષરમાં છે. પ્રથમના ૧૩ પત્રમાં પંક્તિ ૧૨ છે, ત્યાર પછીનામાં પં. ૨૧ ઝીણા અક્ષરમાં ખીચોખીચ છે. નં. ૩૯૮ મ. જૈ. વિ.

ઉપરની બંનેમાં આદિ એકજ છે. આ બંને પ્રત કરતાં ઘણી જૂની પ્રત સં. ૧૭૦૬ ની છે તેમાં કર્ત્તા કેશવમુનિ અને રચ્યા સં. ૧૬૯૭ એમ નોંધાયું છે (ભાં. ઈ. ની પ્રતમાં)

(૩) ૨ સં. ૧૭૦૬ જે. વ. ૧૨ આચાર્ય **યશોદેવસૂરિ** લિખાપિતં. પત્ર ૧૬ પો. ૬૯ જય૦ (૪) રચ્યા સંવત્ 'મુનિ નિધિ રસ સસિ' (૧૬૯૭) નં. ૮૬૧ સન ૧૮૯૨-૯૫ ભાં. ઇ.

આ સવ વિચારતાં મને એમ લાગે છે કે જૂનામાં જૂની મળતી સં. ૧૭૦૬ની પ્રતમાં છે તે સત્ય તરીકે સ્વીકારવું:-તેમાં કર્ત્તા કીર્તિવર્દ્ધન હોવા ઘટે અને તેના શિષ્ય કેશવ માટે તે રચેલ અને રચ્યા સં. ૧૬૯૭ વિજયદશમી, એટલે ઉપરની પ્રથમની પ્રતમાં જણાવેલ છે એમ હોવું ઘટે. છતાં સર્વે પ્રત મેળવી વિચારી પાકો અફર નિર્ણય કરવો યોગ્ય છે.

---

૨૭૮ જ્ઞાનચંદ (૨) (ખ૦ જિનચંદ્રસૂરિ – પુણ્યપ્રધાન–સુમતિસાગર શિ. (૧–૫૮૭)

(૫૨૮) પ્રદેશી રાજાનો રાસ. સં. ૧૬૯૮ પહેલાં (૧–૫૮૭)

—(૧) સં. ૧૭૦૯ જે. શુ. ૮ **આસનીકોટ** મધે પુન્ય ઋ૦ **ખેમાજી લાલચંદ** ઋ૦ **પતા** લિ૦ ઋ૦ **નરસિંગ** ૨૦–૧૬ નં. ૨૩૪૧ મુક્તિ૦ (૨) સં. ૧૭૩૯ ચૈ. શુ. ૧૩ પૂજ્ય **જિનસાગરસૂરિ** શિ. ઉ૦ ઉદયરત્ન શિ૦ ઉ૦ **શ્રી**વિશાલ શિ. ગોઈદદાસ લિ. **વિકાનેર** મધ્યે ચિ૦ **જગરૂપ** પઠનાર્થે પત્ર ૩૨ પો. ૩૬ મહિમા૦ (૩) સં. ૧૭૭૫ આ. વ. ૨ નં. ૬૬–૧૭ ગુ. (૪) સં. ૧૭૮૬ ફા. શુ.

૯ જેસાણુ મધ્યે વિદ્યારત્ન વા૦ લિ. પત્ર ૧૧ પો. ૯ અબીર. (૫) સં. ૧૭૯૫ પ્ર. આ. શુ. ૭ રવિ વા. ડુંગરસી શિ. લાલજી લિ. પત્ર ૧૯ પો. ૬૯ જય૦ (૬) સં. ૧૮૦૮ મા. વ. ૧૪ શનિ વા. દેવધીર શિ. દેવવલભ શિ. ગોવર્દ્ધન લિ૦ લૂણકરણસર મધ્યે પત્ર ૨૩ પો. ૩૭ મહિમા૦ (૭) પત્ર ૨૦ પો. ૬૮ જય૦ (૮) પત્ર ૨૩ પો. ૬૮ જય. (૯) ગા. ૫૯૫ સં. ૧૭૧૪ પો. શુ. ૫, ૨૫-૧૪ બી. ડી. ૩૦૩ રો. એ. નં. ૧૮૮૦ (૧૦) ૧૪-૨૦ દા. ૧૩ નં. ૪૫ ડે. (૧૧) ગ્રં. ૭૦૦ સં. ૧૮૪૨ ફા૦ વ૦ ૯ બુધ ઉ૦ જય-સૌભાગ્ય-પં. ચારિત્રોદય લઘુભ્રાતૃ પં. માણિક્યોદય લિ૦ પંચપદરા મધ્યે દિવસ ૪ મધ્યે ૧૭-૧૮ અનંત નં. ૨.

(૧૬૭૧) ઋષિદત્તા ચોપઇ. મુલતાન, જિનસાગરસૂરિ રાજ્યે.

—સં. ૧૭૯૭ ભા૦ વ૦ ૧૩ ગારવદેસર મધ્યે ચતુરહર્ષ લિ. પત્ર ૧૭ થી ૨૩ પો. ૩૬ મહિમા૦ (કર્તા ગુણસાગર શિ. જ્ઞાનચંદ સૂરતમાં છે)

વીકાનેરની સૂચીઓમાં જ્ઞાનચંદ એ પર અન્ય કૃતિ-ચિત્ર સંભૂતિ રાસ આપી છેઃ—

(૧૬૭૨) ચિત્રસંભૂતિ રાસ

—સં. ૧૭૯૪ પત્ર ૪ નં. ૨૭૯ ક્ષમા.

(૧૬૭૩) જિનપાલિત જિનરક્ષિત રાસ (ક્ષમા૦)

---

૨૮૧ શુભવિજય (૧) (ત. કલ્યાણવિજય શિ.) (૧-૫૯૩)

(૫૩૫) મહાવીર ૨૭ ભવ સ્ત. (સુધારોઃ—સં. ૧૬૬૨ વિજયદ-શમી આદ્રિઆણામાં.

અંતે પહેલાં ઉમેરો.

સંવત સોલહ બાસઠ્ઠતુભ, વિજયદશમિ ઉદાર તુ,
લાલવિજય ભગતિ કરતુ વીર, જિન ભવજલ તારિ તુ. ૭

(પા.) **લાલવિજય** ઇણિ પરિ કહેતો, **વીર** જિન ભવજલ તારિતો,

× × × ×

આદ્રિયાણા પુર મંડણો, ખંડણો પાપનાં પુર જો,
જે ભવિયણ સેવા કરે, સુખ પામે ભરપુર જો.

—(૧) પોસ સુદિ ૬ દિને. ૪–૧૨ દા. ૮૩ નં. ૧૦૬ હા. (૨) મહો૦ **તેજસાગરગણિ** શિ૦ પં. **રંગસાગર** લિ૦ **સોની કુઅરજી** તત્ ભાર્યા શ્રાવિકા **ચાંપા** તત પુત્રી શ્રાવિકા **વીરબાઇ** પઠનાર્થં સં. ૧૭૬૧ માહા સુ૦ ૧૦ ભોમે લિ૦ ૫–૧૧ અનંત. નં. ૨ (૩) સં. ૧૯૦૦ જે. વ. ૧૦ લ. મુ. **લાવન્યકુશલ પાલીતાણા** મધ્યે **આદિનાથ** પ્રાસાદે ૪–૧૪ વીરમ. લાય.

(૧૬૭૩ ક) શંખેશ્વર પાર્શ્વનાથ સ્ત૦ ૬૪ કડી. સં. ૧૬૮૭

॥ શ્રી હીરવિજય ગુરૂભ્યો નમઃ ॥

સરસતિ સામિણી માય, આપુ મુઝનિં પસાય,
પાસ જિણંદ તણા એ કે દસભવ ગાયવા એ. ૧ × × ×
સુંદર સંથુણ્યો હો લાલ, પુણ્યિ **પાસ** જિણંદ,
સંખેસર પુર રાજીઉ રે, **અશ્વસેન** કુલચંદ;
દસમિં ભવિ શિવવધૂ વરી રે મોહનવલ્લી કંદ. ૬૦ સું૦
અકબર સાહ પ્રતિબોધીઉ રે, **તપ**ગચ્છ પૂનિમ ચંદ,
શ્રી **હીર**વિજય સૂરીસરૂ રે, સેવઇ સુરનર ઇંદ. ૬૧ સું૦
તસ પદપંકજ મધુકરૂ રે, **શુભવિજય** સુખકંદ,
સંકટ વિકટ નિવારતો રે, કરતો ભવિકાનંદ. ૬૨ સું૦
શ્રી **વિજયસેન** સૂરિ પટધણી રે, શ્રી **વિજયદેવ** સૂરિંદ,
તસ રાજ્યે સ્તવનં કરૂં રે, પ્રતિપો જિહાં રવિ ચંદ. ૬૩ સું૦

ઇમ **પાસ** જિણવર ભવિક સુખકર **યાદવ** જરા નિવારણો,
અંભોધિ ગજ રસ શશી વરષિં **અભયદેવ**–રોગવારણો,
ધરણેંદ્ર પદ્માવતી પૂજિત ભવમહોદધિ તારણો;
શ્રી **હીરવિજય** સૂરીંદ સીસિં થુણ્યો વંછિત પૂરણો. ૬૪

—મુનિ ગુણવિજયેના લેખિ સં. ૧૭(૦)૧ શુચિ શુકલ ચતુર્થી ભાર્ગવ નવાનગરે લિખિતં ૩-૧૧ જશ૦

---

૨૮૨ ગુણહર્ષ (ત. વિજયદેવસૂરિ શિ.) (૧-૫૯૫)

(૫૩૬) મહાવીર નિર્વાણ સ્ત.

—(૧) પં. મોહનવિજય શિ. ઉદયવિજય લિ૦ સં. ૧૮૨૮ પો. શુ. ૩ કુંજવારે ૬-૧૬ દા. ૮૩ નં. ૧૫૫ હા૦ (૨) સં. ૧૮૮૯ જ્યે(વે)રાટનયરે શાંતિનાથ પ્રસાદાત્ ભ૦ આણંદસોમ સૂરિરાજ્યે તત્ શિ. સૌભાગ્યસોમ લ. ૧૧-૧૨ દા. ૨ નં. ૧૧૬ ખેડા નં. ૨.

---

૮૧૨ ખ ગુણહર્ષ શિ૦

(૧૬૭૩ખ) ગુરૂગુણ છત્રીશી સ૦

શ્રી ગુરૂ ગુરૂ ગિરૂઆ નમુંજી, સદગુરૂ સમકીત-મૂલ,
ત્રણ્ય તત્ત્વમાં મૂલગુંજી, સહગુરૂ તત્ત્વ અમૂલ રે,
આતમ તે સેવઉ ગુરૂરાય. ૧ × × ×
ગુરૂ ગુણ છત્રીસઈ છત્રીસી, જોયો આગમ-અબધિ,
શ્રી ગુણહરષ વિબુધ વર સીસઈ, લહીઈ લીલ લબધિ. ૪૩

—લિ૦ મુનિ વૃદ્ધિવિજય ૨-૧૩ દા. ૮૨ નં. ૪૯ હા૦

---

૨૮૪ લક્ષ્મીવિમલ (કીર્ત્તિવિમલ શિ.) (૧-૫૯૬)

(૫૩૮) ચોવીસી

—લ. સં. ૧૭૮૬ માગશર વદ ૧૩, ૯-૧૩ ગો. ના.

---

૨૮૫ ભદ્રસેન (૧-૫૯૬)

(૫૩૯) ચંદન મલયાગિરિ ચો. વીકાનેર.

—(૧) સં. ૧૭૦૯ આશ્વિન માસે અસિત પક્ષે ૧૨ તિથૌ

લિ....શ્રી કચ્છ દેશે શ્રી નરીયા ગ્રામે ૬-૧૩ (વ. રા.?) (૨) સં. ૧૭૧૩ આસો શુ. ૨ નવાનગર મધ્યે સંપ્રતિ કાશિકા કલિકા ષષ્ઠિ વાચનાચાર્યવર્ય પુણ્યતિલકગણુ ઋ. તત્ શિષ્ય મુખ્ય પં. શ્રી જયરંગ શિ. પં. કીર્ત્તિચંદ્ર મુનિ લિ. ૭-૧૫ પો. ૧૨૭ મો૦ સુરત (૩) ચંદનમલયાગિરી વાર્ત્તાયાં સંપૂર્ણું ઉદાર નિર્વિકાર સાર પરિવાર સંયોગ સૂચિકા પંચમી સમામા સં. ૧૭૯૫ મિગસિ ૧૦ પત્ર ૨૩૯ થી ૨૪૬ ગુટકો અનંત. નં. ૨ (૪) કુશલલાભકૃત અગડદત્ત રાસ સાથે પત્ર ૧૧ દા. ૪૩ નં. ૯૪ વડે (૫) બરઢીયા અમરસી પુત્ર નેતસી પઠનાર્થં પં. રત્નધીર લિ. પત્ર ૧૮ પો. ૧૩ જય. (૬) પત્ર ૧૦ અપૂર્ણ પો, ૩૬ મહિમા. (૭) સં. ૧૮૦૯ માસોત્તમ માસે શુકલપક્ષે રૌદ્ર તિથ‍ૌ ભાર્ગવ વારે પં. ગંગવિજય શિ. પ્રીતવિજય વાચનાર્થં પં. કસ્તૂરવિજય શિ. પ્રશૌતમવિજય લ૦ સાથીયા ગ્રામે ચતુર્માસ ૬-૧૫ ખેડા ન. ૩ (૮) સં. ૧૮૧૯ જે.વ. ઉદેપુર પત્ર ૪ પો. ૧૦ ચતુ૦ (૯) લિ. ઋ. ભાણજી ઋ. મોહનજી ઋ. સદાનંદ ત. વૈ. ભા. લાધાને કાજે વાંચવા લિખ્યો છે સં. ૧૮૩૦ દ્વિ. વૈ. શુ, ૧૩ સોમે સુદામાપૂર્યાં લિ૦ ૭-૧૩ મોટા સંઘ ભં. રાજકોટ (૧૦) ગા. ૧૮૪ સં. ૧૯૩૩ સુણામમધ્યે ઋ. હીરાલાલ પ્રસાદેન પત્ર ૭ પો. ૮૨ નં. ૨૦૫૯ જિ. ચા. (૧૧) ૧૧-૧૫ દા. ૬ નં. ૩૧ ખેડા ભં. (૧૨) સં. ૧૮૭૨ ચૈ. વ. ૯ મહાજન મધ્યે લિ. લક્ષ્મીવિલાસ પત્ર ૭ નં. ૩૭૦૬ અભય.

---

૮૧૩ જિનચંદ્ર સૂરિ (વેગડ ખર. ગુણપ્રભસૂરિ શિ.) (આ નં. ૧૫૩ થી ભિન્ન છે.

(૧૬૭૪) **રાજસિંહ ચોપાઈ** સં. ૧૬૮૭ આસો સુદ ૩.

—નં. ૧૫૧૦ જેસલ. ભ. ભં.

(૨૬૪) **દ્રુપદી ચરિત્ર ચોપાઈ** સં. ૧૬૯૮ આસો વ. ૧૨ જેસલમેર.

અંતે—

પાંડવ ને **દ્રુપદી** તણો ઇ, ચરિય રચ્યો સુખકારીરે,
શ્રી **પાર્શ્વનાથ** સુપસાઉલે, શ્રી **જેસલમેર** મઝારેરે. ૪
સંવત **સોલ અઠાણુએ**, આસુ વદિ બારસ દિવસેરે,
છઠો ખંડ પૂરન થયો, અતિ હર્ષ ધાર સુજગીસેરે. ૫
શશિ ગચ્છ **ખરતર**ની સાખેં, તિહાં ગચ્છ **વેગડ** રાજેરે,
શ્રી **જિનગુણપ્રભ** સૂરિજી, સવિ સૂરિ નમે સિરતાજેરે. ૬
તાસ પાટ ગુરૂઓ ગુણે, શ્રી **ગૌતમ**નો અવતારોરે,
કલિજુગ સુરતરૂ સારિખો, **ઓસ** વંશ તણો સિણગારોરે. ૮
લુણિયા ગોત્રે દીપતો, સકલપિ **જિણેસર** સૂરેરે,
ચારિત્રપાત્ર ચૂડામણિ, પ્રતપ્યો જે પુણ્યપંડૂરેરે. ૯
તાસ સીસ ઇણિ પરે કહે, **જિણચંદ** વચન પરિમાણેરે,
અંગ છતાલે સીસમેં, અધ્યયને તાસ વખાણેરે. ૧૦

—(૧) ગ્રં. ૭૭૧ ગાથા ગ્રં. ૧૩૦૦ ઢાલ ૫૧. સં. ૧૭૦૯ વૈશાખ વદી ૧૦ કુંજે શ્રી **ભેહરા** નયરે **શાંતિજિન** પ્રાસાદે બૃ. ખ. વે. ભ. **જિનચંદ્રસૂરિ** વિદ્યમાને તત્ શિષ્ય **રત્નસોમ**ભિ લિં. પત્ર ૩૫ જેસલ. ભદ્રસૂરિ જ્ઞાનભં. નં. ૧૩૭. (૨) ગ્રં. ૧૪૦૦ **સં.** ૧૮૬૦ કા. શુ. ૧૩ ભૃગુવાસરે **મુલતાણ** પત્ર ૩૦ નં. ૨૪૩૮ અભય. (ટીપમાં રચના સં. ૧૬૬૯ મૂકેલ છે)

૮૧૩ક દલભદ્ર (પાર્શ્વચંદ્રગચ્છ હીરરાજ શિ.)

(૧૬૭૪ક)+ પુંજા મુનિનો રાસ. કડી ૨૧ (ઐ.) સં. ૧૬૯૯ ફાગણ શુ.

સરસતિ સામિણી વિનવું, પ્રણમી સહગુરૂ પાય લાલરે.
ક્ષમાસમણ ગુણ આગલો, એ ગિરૂઓ ઋષિરાય લાલરે. ૧
પુંજરાજ ગુણ ગાઇએ, × ×

સંવત **નવાણુંઆ** ફાગુણ સુદિરે, મોટો માન જગીશ,
નવહજાર બાણું આગલારે, વધે નરનારી આસીશ. ૨૦ ધન.
ઋષિ હિરરાજ સુપસાવલેરે, ઋષિ શ્રી **પુંજરાજ** ગુણ સારરે,
દલભદ્ર સુખ સંપત્તિ લહેરે, ભણજો સહૂ નરનારરે. ૨૧ ધન.

—પ્ર. પૃ. ૧૬૧ થી ૧૬૩ જૈનરાસ સંગ્રહ પ્રથમ ભાગ (ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાલા પુ. ૩૨ થી ૩૯.)

---

૨૮૬ તેજચંદ (ત૦ સકલચંદ પરંપરા માનચંદ શિ.)

(૧–૫૯૮)

(૫૪૦) પુણ્યસાર રાસ. સં. ૧૭૦૦? માગશર વ. ૫ સોમ.

(૧–૫૯૮)

આદિ— દૂહા.

સકલ સીદ્ધ ચલણે નમુ, નમુ તે શ્રી જીનરાય,
સમરૂ **સરસતી** સ્વામિની, વર દ્યો કરીય પસાય. ૧
પીંગલ ભેદ ન ઓલખુ, વગતી નહી વ્યાકર્ણ,
મુરખમંડણ માનવી, હું સેવું તુઝ ચરણ. ૨
તું સરસ્વતી તુ ભગવતી, આગમ તુઝ બંધાણ,
મુઝ મુખિ આવી તુ રમે, રમતી મ કરેસિ કાંણ. ૩
સારદ વલતુ ઈમ ભણિ, પુત્ર મ આણેસ ભ્રંતી,
પુન્યસાર ગુણ ગાયતાં, હું આવેસ એકાંત. ૪
આગિ કવી જે વડ હુયા, તસ માગુ અનુમત્ય,
સદગુરૂ તણિ ચલણે નમી, હઈયિ ધરી બહુ ભત્તિ. ૫
સાલભદ્ર કઈવિન્નો વલી, **પુન્યસાર** જગી સાર,
દાન પસાયે પામીયા, અક્ષય રીધી ભંડાર. ૬
તે માહિં **પુન્યસારનુ,** કહિસુ ચરિત્ર ઉદાર,
કહિ કવિતા સહુ સાંભલો, મન ધરી નિશ્ચલ ભાવ. ૭

અંતે—

એણિપરિ જે ધર્મ આદરે, તે ભવસાયર વહીલો તરિ,
ધર્મે તો સવે સીઝિ કાજ, ધર્મે લહીય શિવપુર રાજ. ૫૩૯
ધર્મિ તો મનવંછિત હોય, ધર્મ રિદ્ધિ અનંતી જોય,
પુન્યસારની પરિ વલી, આપદ ઠામિ સંપતી ઘણી. ૪૦
દાન ઉપરિ એ અધિકાર, સુણી દેજ્યો સહૂ નરનાર,
સંવત **સતરમાહિ** ભણો, એ અધિકાર **પુન્યસાર**હ ભણો. ૪૧
માગસર વદી પંચમી સોમવાર, કીધા રાસ શ્રી ગુરૂ આધારિ,
તપગછ નાયક ઉદઉ ભાણુ, શ્રી **વિજયદેવ**સૂરિ જુગપ્રધાન. ૪૨
વાણી અમૃત કરિ વખાણુ, બૂઝવિ ભવિયણુ જાણુ સુજાણુ,
દિનદિન મહિમા અતિ દીપતો, તેજિ કરી રવિને જીપતો. ૪૩
ચંદશાખા ચંદ પરિ નિરમલી, **સકલચંદ** ઉવઝાય વલી,
લક્ષણુ ગુણે કરિ અતિ અભિરામ, જસ વદનિ સારદનો ઠામ. ૪૪
તાસ સીસ અતિ ગુણવંત, પંડિત સિરોમણિ **લક્ષમીચંદ**,
તાસ શિષ્ય બહુ વિદ્યા ભરીઉ, શ્રી **પુન્યચંદ** પંડિત ગુણનિલો.
તાસ સીસ સકલગુણઠામ, **વૃધિચંદ** પંડિત પરધાન,
તાસ સીસ ગુણિ આગલો, શ્રી **માનચંદ** ગણિ ચિરજીઓ. ૪૬
તાસ પદ પંકજ જસ સીસ પલા,
તેજચંદ કહો રાસ ધરી, મન્ય ઠારી અમથા આગ્ર કરી,
પરઉપગારીહ કારણી કહો, **પુન્યસાર ચરિત્ર**થી લહો.
નરનારી ભાવિ સાંભલિ, તસ મંદિર અફલા મનોરથ ફલિ,
વલી ધન સંપતી હોય કોડ, પુત્ર કલત્ર બંધવની જોડ. ૪૯
તેજચંદ મુનિ એમ ભણંતિ, ભણિ ગુણે તિહાં કાજ સરંતિ,
તે સવિ પામઇ વંછિત સિધિ, ધન આરોગ ઘરિ અવિચલ ઋધિ.

—૨૫-૧૫ વિ. ને. નં. ૩૩૦૮ અને ૩૩૦૯ બંને મળીને.